પૂર્વાચાર્ય વિરચિત

પ્રકરણ રત્નાવલિ

અર્થ-ભાવાર્થ-ચિત્રો-યંત્રો સહિત

:સંપાદક:

પૂજ્ય પંન્યાસશ્રી પદ્મસેનવિજયજી ગણિવર્ય



: પ્રકાશક :

શેઠશ્રી ભૈરૂલાલ કનૈયાલાલ કોઠારી રીલિજીયસ ટ્રસ્ટ

"ચંદનબાળા," વાલકેશ્વર,

મુંબઈ- ૪૦૦ ૦૦૬

શ્રી પરમાત્માને નમઃ

શ્રી જ્ઞાન-પ્રેમ-રામચંદ્ર-ભદ્રંકર-પ્રદ્યોતન-કુંદકુંદ સદ્ગુરુભ્યો નમઃ

શિવમસ્તુ સર્વ જગતઃ

પ્રકરણ રત્નાવલી

(વિવિધ પ્રકરણોના અર્થ ભાવાર્થ ચિત્ર યંત્રો સાથે)



: સંપાદક : સંશોધક :

પરમ પૂજ્ય પંન્યાસપ્રવર શ્રી વજ્રસેનવિજયજી ગણિવર્ય.



: પ્રકાશક :

શ્રી ભેરૂલાલ કનૈયાલાલ કોઠારી રીલીજિયસ ટ્રસ્ટ.

મુંબઇ-૪૦૦૦૦૬

પ્રકાશક :
શ્રી ભેરૂલાલ કનૈયાલાલ કોઠારી
રીલીજિયસ ટ્રસ્ટ.
ચંદનબાળા, વાલકેશ્વર,
મુંબઈ-૪૦૦૦૦૬.



કિંમત રૂા. ૪૮-૦૦

સંપાદક :
પ. પૂજ્ય, કલિકાલકલ્પતરુ, કરુણાસાગર, ગચ્છાધિપતિ
આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી
મહારાજાનાં શિષ્યરત્ન પ. પૂજ્ય અધ્યાત્મયોગી
પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યશ્રીનાં
શિષ્યરત્ન પરમ પૂજ્ય પ્રશાન્તમૂર્તિ આચાર્યદેવ
શ્રીમદ્ વિજયકુંદકુંદસૂરીશ્વરજી મહારાજનાં
શિષ્યરત્ન પરમ પૂજ્ય પંન્યાસ પ્રવર
શ્રી વજ્રસેનવિજયજી ગણિવર્ય.

-: પ્રાપ્તિસ્થાન :-
સરસ્વતી પુસ્તક ભંડાર
રતનપોળ, હાથીખાના,
અમદાવાદ-૧.



મુદ્રક:
કાંતિલાલ ડી. શાહ
"ભરત પ્રિન્ટરી"
ન્યુ માર્કેટ, પાંજરાપોળ,
રીલીફરોડ, અમદાવાદ-૧.
ફોન : ૩૮૭૬૬૪.

પ્રકાશકીય

પરમ પૂજ્ય, કરુણાસાગર, દેવાધિદેવ તીર્થંકર પરમાત્માની અસીમકૃપા દૃષ્ટિથી પરમ પૂજ્ય, પરમશાસનપ્રભાવક, કરૂણાનિધિ ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ **વિજય-રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના અસીમ આશીર્વાદોથી અમારા સંઘમાં અનેરી આરાધના થઈ રહી છે.

તે પૂજ્યપાદશ્રીજીની કૃપાદૃષ્ટિથી દર વર્ષે મહાત્માઓનાં ચાતુર્માસ થવાથી સુંદર જાગૃતિ રહે છે. દર વર્ષે થતી જ્ઞાનખાતાની ઉપજમાંથી નવા નવા ઉપયોગી ગ્રંથોનું પ્રકાશન અમારા ટ્રસ્ટ તરફથી થઈ રહ્યું છે.

પરમપૂજ્ય ગચ્છાધિપતિશ્રીનાં શિષ્યરત્ન પરમ પૂજ્ય પંન્યાસપ્રવર **શ્રીભદ્રંકર-વિજયજી** ગણિવર્યના અનન્ય, કૃપાપાત્ર તથા તેમના શિષ્યરત્ન પરમ પૂજ્ય પ્રશાંતમૂર્તિ આચાર્યદેવ શ્રીમદ્ **વિજયકુંદકુંદસૂરીશ્વરજી** મહારાજના શિષ્યરત્ન પરમ પૂજ્ય સરળસ્વભાવી પંન્યાસપ્રવર **શ્રીવજ્રસેનવિજયજી** મહારાજ સાધુ-સાધ્વીજી ભગવંતો મુમુક્ષુઓને ઉપયોગી પ્રાચીન પ્રકરણ ગ્રંથો, વ્યાકરણ આદિ ગ્રંથોનું સુંદર સંપાદન કરી રહ્યા છે. તેમાં અમારા ટ્રસ્ટ તરફથી તેઓશ્રી દ્વારા સંપાદિત ગ્રંથોમાં–

૧. વિશેષાવશ્યક ભાષાંતર (મલધારી ટીકાનું) ભાગ–૨.

૨. સિદ્ધહેમશબ્દાનુશાસન.
બૃહદ્વૃત્તિ લઘુ ન્યાસ સહિત ભાગ–૧.

૩. બૃહદ્વૃત્તિ લઘુ ન્યાસ સહિત ભાગ–૨.

૪. બૃહદ્વૃત્તિ લઘુ ન્યાસ સહિત ભાગ–૩.

૫, લોકપ્રકાશ પૂજ્ય વિનયવિજયજી મહારાજા રચિત ભાગ–૧.

૬. લોકપ્રકાશ ભાગ–૨.

૭. લોકપ્રકાશ ભાગ–૪.

૮. લોકપ્રકાશ ભાગ–૫. થયા છે.

અને હવે આ નવું પ્રકાશન છે ' **પ્રકરણ રત્નાવલી** ' જેમાં નાના–મોટા ૧૪ પ્રકરણો છે. તેના અર્થ–ભાવાર્થ–યંત્ર–ચિત્રો સાથે આ ગ્રંથ પ્રકાશિત થઈ રહ્યો છે

તેનો અમને આનંદ છે. અમારું ટ્રસ્ટ ઉપકારી પૂજ્યોની જ્ઞાનપિપાસાને જાગૃત રાખવા અને આવા ઉપયોગી પ્રકાશનમાં સહાયક થવા હરહંમેશ તૈયાર રહે છે.

તેથી પૂજ્ય ગુરુદેવોને ફરી ફરી વિનંતી કરીએ છીએ કે આવા ઉપકારક ગ્રંથો જે જીર્ણ થયેલ હોય કે અપ્રાપ્ય હોય તેવા ભાષાંતર ગ્રંથ કે નવા સંશોધન કરેલા ગ્રંથો આદિનું સંપાદન કરી જ્ઞાન ભક્તિ કરે.

આ ગ્રંથનું ટુંક સમયમાં પ્રકાશન કરી આપવા બદલ ભરત પ્રિન્ટરીનાં માલિક કાંતિલાલ ડી. શાહનો અમે આ તકે આભાર માનીએ છીએ.

આ ગ્રંથના અધ્યયન દ્વારા આપણે સહુ શાશ્વત સુખના ભોક્તા બનીએ એજ એકની એક શુભાભિલાષા સાથે.

શ્રી ભેરૂલાલ કનૈયાલાલ કોઠારી
રીલીજિયસ ટ્રસ્ટ.
ચંદનબાલા, વાલકેશ્વર,
મુંબઇ–૪૦૦૦૦૬.



સંપાદકની કલમે

પરમ પૂજ્ય ચિરંતનાચાર્ય ભગવંત પંચસૂત્રમાં પરમાત્માના ઉપકારોને યાદ કરતા કહી રહ્યા છે કે, હે ત્રણલોકના નાથ, ક્ષમા-નમ્રતા-સંતોષ-તપ-સત્ય વિગેરે ગુણોના ભંડાર, ઉત્કૃષ્ટ પુણ્યસંપદાને પામેલા, અચિંત્યચિંતામણિ, સંસારસમુદ્રને તરવામાં નાવ સમાન, દેવાધિદેવ તીર્થંકર પરમાત્મા! તમારા ઉપકારોનો કોઈ પાર નથી. આપના ઉપકારોની તુલના થઈ શકે એમ નથી. સમવસરણમાં બેસીને સતત બે પ્રહર ૬-૬-કલાક સુધી દેશના આપીને દ્રવ્ય-ગુણ પર્યાયના ભેદ બતાવતા જગતના સર્વ પદાર્થોને જણાવી જ્ઞાનદીપક પ્રગટાવીને અનેકોના માર્ગદર્શક બન્યા છો એ માર્ગને પામીને અનેક પરોપકારી મહાપુરુષો, ગણધર ભગવંતોએ એ જ પદાર્થોને સૂત્રરૂપે ગૂંથીને આગમ રચ્યા છે.

કાળક્રમે કાળના પ્રભાવે ક્ષયોપશમની મંદતા આવતા એ ગહન પદાર્થો વિસ્મરાતા ગયા ત્યારે જાગૃત એવા યુગપ્રધાન સમાન આચાર્ય ભગવંતોએ એ આગમોને ગ્રંથસ્થ કર્યા અને બાળજીવો સમજી શકે માટે પ્રકરણ ગ્રંથો બનાવ્યા.

જુદા જુદા વિષયોના નાના નાના પ્રકરણો બનાવીને સમજી શકાય તે રીતે પ્રકરણ ગ્રંથો રચતા ગયા. આવા ૧૪ પ્રકરણોના સમૂહરૂપ આ પ્રકરણ રત્નાવલી તૈયાર થઈ છે.

સં. ૨૦૪૧માં હસ્તગિરિ તીર્થમાં પરમ પૂજ્ય પરમારાધ્યપાદ, કરૂણાનિધિ, ગચ્છાધિપતિ **આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજાની** પાવન નિશ્રામાં હાલાર-પડાણા-હાલ કેન્યા (નાઇરોબી)માં વસતા સુશ્રાવક દેવશી ભીમજી ગોસરાણી તથા પાટણના હાલ વાલકેશ્વર મુંબઈમાં વસતા સુશ્રાવક રસિકલાલ બાપુલાલ ઝવેરી તરફથી ઉપધાન તપ ચાલુ હતા. અમે પણ તે સમયે ત્યાં જ હતા. એટલે પરમ પૂજ્ય આગમજ્ઞ સમતામૂર્તિ આચાર્યદેવ **શ્રીમદ્વિજયમાનતુંગસૂરીશ્વરજી મહારાજા** પાસે **મુનિ હેમપ્રભવિજયજી** તથા **મુનિ પુન્યપ્રભવિજયજી** પ્રકરણ રત્ન સંગ્રહની વાચના લેતા હતા.

ત્રણ ભાગમાં જુદા જુદા ૨૭ પ્રકરણો છે શક્ય એટલો સુંદર અભ્યાસ કરી નોટો પણ બનાવી. એ વખતે પૂજ્ય આચાર્ય ભગવંતે કહ્યું કે લોકપ્રકાશની જેમ આ ગ્રંથોને પણ ભાષાશુદ્ધિ કરીને પુનઃ મુદ્રિત કરાવવા જેવા છે. બંને મહાત્માઓ અભ્યાસ કરીને છૂટા પડ્યા.

પૂજ્ય આચાર્ય ભગવંતના આશીર્વાદ અને પ્રેરણાથી લોકપ્રકાશનું કાર્ય ચાર વર્ષે સંપૂર્ણ પ્રકાશિત થઈ જતા પૂજ્ય આચાર્ય ભગવંતની અંતિમભાવના રૂપ આ

ગ્રંથને વ્યવસ્થિત કરવાનું શરૂ કર્યું. ૨૭ પ્રકરણોમાંથી અભ્યાસના પ્રકરણોનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવ રૂપ ભેદ પાડીને ૧૪ પ્રકરણો તૈયાર કર્યા. જૂની ભાષા સુધારી સાથે સાથે સીધા શ્લોક તથા તેના અર્થ-ભાવાર્થ એ પ્રમાણે ગોઠવ્યા, જેથી સળંગ વાંચનારને પણ સુગમતા રહે. આ રીતે સંપૂર્ણ પ્રેસ કોપી તૈયાર થઈ.

પ્રસ્તુત પ્રકાશન પુનઃ અસ્તિત્વમાં :-

પરમ પૂજ્ય કરૂણાનિધિ ગચ્છાધિપતિ આચાર્યદેવ **શ્રીમદ્ વિજયરામચંદ્ર-સૂરીશ્વરજી મહારાજા**ની અસીમ કૃપાથી આજ્ઞાથી આ વર્ષનું ૨૦૪૭નું ચાતુર્માસ ગીરધરનગર નક્કી થયેલ. તેથી પાટણથી વિહાર કરીને અમદાવાદ આવ્યા. પૂજ્યપાદશ્રીને શ્રીદાનસૂરિ જ્ઞાનમંદિર મળ્યા.

એક દિવસ પરમ પૂજ્ય પરમ ગુરુભક્ત આજીવન અંતેવાસી આચાર્યદેવ **શ્રીમદ્ વિજયમહોદયસૂરીશ્વરજી મહારાજા**ને વંદન કરતો હતો, ત્યાં તેમણે પૂછ્યું કે હમણાં શું ચાલે છે ? ત્યારે મેં 'પ્રકરણ રત્નાવલી' ની વાત કરી અને સાથે વાત થઈ કે **શ્રી લેરૂલાલ કનૈયાલાલ કોઠારી રીલીજિયસ ટ્રસ્ટ ચંદનબાળા** દ્વારા લોકપ્રકાશ વિગેરે છપાયા. તેમના તરફથી આ કાર્ય થાય તો તુરત પ્રકાશિત કરી શકાય.

પૂજ્યશ્રીએ આ વાત પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રીજીને કરી અને પૂજ્યપાદશ્રીજીએ સુશ્રાવક સુરચંદભાઇને ભલામણ કરી એટલે આ કાર્યનો પ્રારંભ થયો. ફક્ત ૫ મહિનાના ટૂંકા સમયમાં આ વિશાળ ગ્રંથ તૈયાર થઇ ગયો.

આવા ગ્રંથોના સંપાદનમાં અનેક મહાત્માઓનો સંયોગ મળતો હોવાથી જ કાર્ય ઝડપી અને સુંદર રીતે થઈ શકે છે.

કયા પ્રકરણમાં શું વિષય આવે છે. તે દરેક પ્રકરણની પહેલા અવતરણિકામાં જણાવ્યું છે. જ્યાં જ્યાં ચિત્રો-યંત્રોની જરૂરત પડી છે તે ઉમેરવામાં આવ્યા છે.

આ પ્રકરણોનાં અર્થ-ભાવાર્થ-**સુશ્રાવક કુંવરજીભાઈ આણંદજીભાઇ શાહે** કરેલા અને તે પ્રકરણ રત્ન સંગ્રહ તરીકે શ્રીજૈન ધર્મ પ્રચારક સભા તરફથી ૧૯૯૩માં પ્રથમ ભાગ, ૧૯૯૭માં બીજો ભાગ અને ૧૯૯૮માં ત્રીજા ભાગ રૂપે પ્રકાશિત થયેલ. તેના આધારે આ ગ્રંથ સંપાદન કરેલ છે.

આ કાર્યોમાં મુખ્યત્વે સહાય મુનિશ્રી હેમપ્રભવિજયજી તથા "શીતલ"ની છે.

આ ગ્રંથના પદાર્થોના અધ્યયન દ્વારા કર્મનિર્જરા કરી દર્શન જ્ઞાન-ચારિત્ર રૂપ આત્મગુણને પ્રકટ કરીને આપણે સૌ જલ્દી મુક્તિગામી બનીએ-એ જ એક શુભાભિલાષા.

સં. ૨૦૪૭, આસો સુદ ૮
ગીરધરનગર, શાહીબાગ

પં. વજ્રસેનવિજય

પુણ્ય સ્મૃતિ :

* પરમ કૃપાળુ, તરણતારણહાર, કરૂણાસાગર, દયાનિધિ

તીર્થંકર પરમાત્માની અસીમ અમીદૃષ્ટિથી....

તથા

* પ્રસ્તુત ગ્રંથના પ્રકરણોની રચના કરનાર પરમોપકારી **પરમ પૂજ્યો...**

* બાલ્યકાળથી જ અવિરત વાત્સલ્ય આપીને સ્વાધ્યાયનો રંગ લગાડનાર પુન્ય નામધેય, સિદ્ધાંતમહોદધિ, પૂજ્યપાદ, આચાર્યદેવ શ્રીમદ્ વિજય**પ્રેમસૂરીશ્વરજી મહારાજા...**

* યોગક્ષેત્ર દ્વારા વૈરાગ્યમાં મગ્ન રખાવનાર, પરમ પૂજ્ય, કલિકાલકલ્પતરુ, ગચ્છાધિપતિ, આચાર્યદેવ શ્રીમદ્ વિજય**રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા.**

* ભવ અટવીમાં રઝડતા જીવને બચાવીને સંયમનું દાન કરનાર, પરમ પૂજ્ય કરૂણાસિંધુ, અધ્યાત્મયોગી, પરમગુરુદેવ, **પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી** ગણિવર્ય.

* પરમ પૂજ્ય આગમપ્રજ્ઞ, પ્રતિભાશાળી, આ ગ્રંથ માટે સંપાદનની પ્રેરણા કરનાર, સમતામૂર્તિ, આચાર્યદેવ શ્રીમદ્ વિજય**માનતુંગસૂરીશ્વરજી** મહારાજા.

* પરમ પૂજ્ય, પંદર પંદર વર્ષ સુધી સંયમની તાલિમ આપવા સાથે દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરાવનાર, દ્રવ્યાનુયોગના સમર્થ જ્ઞાતા, પૂજ્ય મુનિરાજ **શ્રી મહાભદ્ર-વિજયજી** મહારાજ...

* પરમ પૂજ્ય પરમોપકારી મારા સંયમનાં રખવૈયા, ગુરુવર આચાર્યદેવ શ્રીમદ્ વિજય**કુંદકુંદસૂરીશ્વરજી** મહારાજ...

આદિના દિવ્ય આશિષથી તથા

પરમ પૂજ્ય સદા કરૂણા વરસાવનાર અમારા આત્માની પૂરી ચિંતા કરીને સંયમમાં આગળ વધારનાર, પૂજ્યવર, નિઃસ્પૃહી આચાર્યદેવ **શ્રીમદ્ વિજયપ્રદ્યોતનસૂરીશ્વરજી મહારાજ** સાહેબ તથા સાથેના સર્વ મહાત્માઓનાં સદ્ભાવથી આ ગ્રંથોનાં પ્રકાશનનું કાર્ય કરી શકું છું તે સર્વે મહાત્માઓને કોટી કોટી વંદના...વંદના...વંદના.

સેવક **વજ્રસેનવિજય.**

પ્રકરણ રત્નાવલી.

પ્રકરણ.	કર્તા.	ગાથા.
શ્રી જીવાભિગમ.	પૂર્વાચાર્ય પ્રણિત.	૨૨૨
શ્રી નિગોદ ષટ્ત્રિંશિકા.	પૂર્વાચાર્ય પ્રણિત.	૩૬
શ્રી સમ્યક્ત્વ સ્તવ.	શ્રી જ્ઞાનસાગર ગુરુશિષ્ય	૨૫
શ્રી કાયસ્થિતિ.	શ્રી કુલમંડનસૂરિ.	૨૪
શ્રી વિચાર પંચાશિકા.	શ્રી વિજયવિમલસૂરિ.	૫૧
શ્રી સિદ્ધ પંચાશિકા.	શ્રી દેવેન્દ્રસૂરિ.	૫૦
શ્રી સિદ્ધ દંડિકા સ્તવ.	શ્રી દેવેન્દ્રસૂરિ.	૧૩
શ્રી વિચાર સપ્તતિકા	શ્રી મહેન્દ્રસૂરિ	૮૧
શ્રી લોકનાલિકા.	શ્રી પૂર્વાચાર્ય પ્રણિત.	૩૨
શ્રી પુદ્ગલ પરાવર્ત	શ્રી પૂર્વાચાર્ય પ્રણિત	૧૧
શ્રી કાલ સપ્તતિકા	શ્રી ધર્મઘોષસૂરિ.	૭૪
શ્રી ભાવ પ્રકરણ.	શ્રી વિજયવિમલ ગણિ.	૩૦
શ્રી લઘુપ્રવચનસારોદ્ધાર	શ્રી ચન્દ્રમુનિ.	૧૧૭
શ્રી સમયસાર.	શ્રી દેવાનંદસૂરિ.	૧૦ અધ્યાય.

—: પ્રકરણ રત્નાવલી અનુક્રમણિકા :—

—: જીવાભિગમ સંગ્રહણી :—

નંબર	વિષય	શ્લોકનં.	પેજનં.
૧	જિનેશ્વર ભગવંતની સ્તુતિ.	૧	૧
૨	જીવના પ્રકાર.	૩	૧
૩	જીવભેદોના ૨૩ દ્વારોના નામો.	૬	૨
	સ્થાવરકાય....		
૪	સૂક્ષ્મપૃથ્વીકાય જીવભેદ વિષે ૨૩ દ્વારો.	૮	૨
૫	બાદરપૃથ્વીકાયના પ્રકાર.	૧૬	૩
૬	બાદરપૃથ્વીકાય વિષે ૨૩ દ્વારોમાં વિશેષતા.	૨૨	૪
૭	સૂક્ષ્મઅપ્કાય વિષે વિશેષતા.	૨૫	૫
૮	બાદરઅપ્કાયના ભેદો.	૨૬	૫
૯	બાદરઅપ્કાયનું આયુષ્ય.	૨૯	૫
૧૦	સૂક્ષ્મવનસ્પતિકાય વિષે	૩૦	૬
૧૧	બાદરવનસ્પતિકાયના ભેદ-પ્રભેદ.	૩૧	૬
૧૨	સાધારણવનસ્પતિકાયના ભેદ.	૩૬	૭
૧૩	પ્રત્યેક સાધારણવનસ્પતિકાયના દેહાદિ દ્વારો.	૪૦	૭
	ત્રસકાય...		
૧૪	ત્રસકાયના પ્રકાર.	૪૪	૮
૧૫	સૂક્ષ્મતેઉકાય વિષે.	૪૫	૮
૧૬	બાદરતેઉકાયના પ્રકાર તથા દ્વારો.	૪૭	૮
૧૭	સૂક્ષ્મવાયુકાય વિષે.	૫૧	૯
૧૮	બાદરવાયુકાયના પ્રકાર તથા દ્વારો.	૫૨	૯
૧૯	ઉદારત્રસના પ્રકાર.	૫૬	૧૦
૨૦	બેઇન્દ્રિયના નામો.	૫૭	૧૦
૨૧	બેઇન્દ્રિય વિષે ૨૩ દ્વારો.	૫૯	૧૦
૨૨	તેઇન્દ્રિયના પ્રકારો.	૬૬	૧૧
૨૩	તેઇન્દ્રિય વિષે વિશેષતા.	૬૮	૧૨
૨૪	ચઉરિન્દ્રિયના પ્રકારો.	૭૦	૧૨
૨૫	૨૩ દ્વારોમાં વિશેષતા.	૭૨	૧૨
	પંચેન્દ્રિય...		
૨૬	પંચેન્દ્રયના પ્રકારો.	૭૪	૧૨
૨૭	નારકી વિષે ૨૩ દ્વારો.	૭૫	૧૩
	તિર્યંચ પંચેન્દ્રિય		
૨૮	સંમૂર્ચ્છિમજલચરના પ્રકારો.	૯૩	૧૫
૨૯	સંમૂર્ચ્છિમજલચર વિષે દ્વારો.	૯૮	૧૬
૩૦	સંમૂર્ચ્છિમ સ્થલચરમાં વિશેષતા.	૧૦૨	૧૭
૩૧	સ્થલચરચતુષ્પદના ભેદ.	૧૦૩	૧૭
૩૨	સ્થલચરચતુષ્પદ વિષે દ્વારો	૧૦૮	૧૭
૩૩	સ્થલચરપરિસર્પના પ્રકાર.	૧૧૧	૧૮
૩૪	સંમૂર્ચ્છિમઉરપરિસર્પના ભેદ.	૧૧૨	૧૮
૩૫	સંમૂર્ચ્છિમઉરપરિસર્પ વિષે દ્વારો.	૧૧૮	૧૯
૩૬	સંમૂર્ચ્છિમભુજપરિસર્પના ભેદ.	૧૨૭	૨૦
૩૭	સંમૂર્ચ્છિમભુજપરિસર્પ વિષે દ્વારો.	૧૨૮	૨૧
૩૮	સંમૂર્ચ્છિમખેચરના પ્રકારો.	૧૩૦	૨૧
૩૯	સંમૂર્ચ્છિમ ખેચર વિષે દ્વારો.	૧૩૪	૨૧
૪૦	ગર્ભજ તિર્યંચપંચેન્દ્રિયનાપ્રકાર.	૧૩૮	૨૨
૪૧	ગર્ભજજલચર વિષે દ્વારો.	૧૪૦	૨૨

નંબર	વિષય	શ્લોકનં.	પેજનં.
૪૨	ગર્ભજસ્થલચર ચતુષ્પદ વિષેદ્વારો.	૧૪૯	૨૪
૪૩	ગર્ભજખેચર વિષે દ્વારો.	૧૫૩	૨૫
	મનુષ્ય :-		
૪૪	તેનું સ્વરૂપ.	૧૫૮	૨૬
૪૫	સંમૂર્ચ્છિમમનુષ્યની ઉત્પત્તિ.	૧૫૯	૨૬
૪૬	સંમૂર્ચ્છિમ વિષે દ્વારો.	૧૬૩	૨૭
૪૭	ગર્ભજમનુષ્યના પ્રકાર.	૧૬૯	૨૭
૪૮	ગર્ભજમનુષ્ય વિષે દ્વાર.	૧૭૦	૨૭
	દેવ :-		
૪૯	તેનું સ્વરૂપ.	૧૮૮	૩૦
૫૦	તેને વિષે દ્વારો.	૧૯૦	૩૦
૫૧	ભવસ્થિતિ-કાયસ્થિતિ.	૨૦૩	૩૨
૫૨	અલ્પબહુત્વ.	૨૨૧	૩૫

-: નિગોદ ષટ્ત્રિંશિકા :-

નિગોદનું સ્વરૂપ.

૧	ત્રણરાશિમાં અલ્પબહુત્વનો પ્રશ્ન.	૧	૬
૨	તેનો ઉત્તર.	૨	૩૭
૩	જઘન્ય-ઉત્કૃષ્ટ પદનું સ્થાન.	૩	૩૭
૪	પ્રતિવાદીની શંકા-સમાધાન.	૪	૩૮
૫	ગોળાની પ્રરૂપણા વિષે.	૬	૩૯
૬	ઉત્કૃષ્ટ પદ-નિશ્ચયથી.	૧૦	૪૨
૭	ગોળાદિની સંખ્યા.	૧૨	૪૩
૮	જીવના પ્રદેશની સંખ્યા, નિગોદમાં રહેલા જીવની અને ગોળાની અવગાહના	૧૩	૪૩
૯	નિગોદ વિગેરેની સમ-અવગાહનાનું સમર્થન	૧૪	૪૪
૧૦	પ્રશ્નરૂપે ત્રણ અભિધેય અને ઉત્તર.	૧૫	૪૪
૧૧	સર્વ જીવથી ઉત્કૃષ્ટપદે રહેલા જીવો વિશેષાધિક કેવી રીતે ?	૨૫	૪૮
૧૨	અસત્કલ્પનાએ ગોળા વિગેરેનું પ્રમાણ.	૩૦	૫૦
૧૩	નિગોદ ઘટના.	-	૫૨

-: સમ્યક્ત્વ સ્તવ :-

૧	મંગલાચરણ.		૫૩
૨	સૂત્રકારનું મંગલાચરણ.	૧	૫૩
૩	સમ્યક્ત્વ પ્રાપ્તિ પૂર્વે જીવની અવસ્થાનું વર્ણન.	૨	૫૪
૪	સમ્યક્ત્વ પામવાનો ઉપાય.	૩	૫૪
૫	યથાપ્રવૃત્તિકરણ અંગે આવશ્યકસૂત્રની ગાથા.	-	૫૬
૬	યથાપ્રવૃત્તિ-અપૂર્વ-અનિવૃત્તિકરણો વિષે.	-	૫૫
૭	કલ્પભાષ્યની સાક્ષી.	-	૫૬
૮	ગ્રંથિનું સ્વરૂપ.	-	૫૬
૯	ગ્રંથિભેદની પ્રક્રિયા.	૫	૫૬
૧૦	તે અંગે ભાષ્યની ગાથા, દૃષ્ટાંતો અને ઉપનય.	-	૫૭
૧૧	અનિવૃત્તિકરણ પામેલો જીવ શું કરે?	-	૫૯
૧૨	અંતરકરણ કરતાં જે થાય તે.	-	૬૦
૧૩	મિથ્યાત્વના ત્રણ ભાંગા.	-	૬૧
૧૪	સમ્યક્ત્વના પ્રકાર અને એક પ્રકારે સમ્યક્ત્વ.	૮	૬૧
૧૫	દ્વિવિધ સમ્યક્ત્વ ત્રણ પ્રકારે.	૯	૬૨
૧૬	ત્રણ પ્રકારે સમ્યક્ત્વ.	૧૩	૬૪

નંબર	વિષય	શ્લોકનં.	પેજનં.
૧૭	સમ્યક્ત્વની પ્રાપ્તિ અંગે સિદ્ધાંતકારનો મત.	૧૬	૬૫
૧૮	ત્રણ પુંજનું દૃષ્ટાન્ત.	–	૬૬
૧૯	કર્મગ્રંથના મતે ઉપશમસમ્યક્ત્વની પ્રાપ્તિ.	૧૭	૬૭
૨૦	ઉપશમશ્રેણિની વિધિ.	–	૬૮
૨૧	શ્રેણિ વિષે.	–	૭૧
૨૨	ક્ષાયિકસમ્યક્ત્વનું સ્વરૂપ.	૧૮	૭૧
૨૩	ચાર પ્રકારે સમ્યક્ત્વ.	૧૯	૭૧
૨૪	પાંચ પ્રકારે સમ્યક્ત્વ.	૨૦	૭૨
૨૫	ભવચક્રમાં પાંચ સમ્યક્ત્વમાંથી કયું કેટલીવાર પામે.	૨૨	૭૨
૨૬	કયા ગુણસ્થાનકે કયું સમ્યક્ત્વ.	૨૩	૭૨
૨૭	તીર્થંકરાદિની આશાતનાનું ફળ.	–	૭૩
૨૮	સમ્યક્ત્વના દશ પ્રકાર અને તેનું સ્વરૂપ.	–	૭૪
૨૯	ગ્રંથ સમાપ્તિનું અંતિમ મંગલ.	૨૫	૭૬

કાયસ્થિતિ

૧.	મંગલાચરણરૂપ વિનંતી.	૧	૭૮
૨.	સાંવ્યવહારિક અને અસાંવ્યવહારિક વિષે.	૨	૭૮
૩	વ્યવહારરાશિ ભ્રમણ કાળ.	૩	૭૯
૪	ભવસંવેધ.	૧૨	૮૧
૫	અંતિમ પ્રાર્થના.	૨૪	૮૭

વિચાર પંચાશિકા

૧	મંગલાચરણ અને નવ પદાર્થનો વિચાર.	૧	૮૮
(૧A)	શરીર સંબંધિ વિચાર.		
૨	શરીરનું સ્વરૂપ અને પાંચ શરીરને વિષે નવ ભેદો.	૨	૮૮
૩ (૧)	શરીરનું કારણ.	૩	૮૯
૪ (૨)	પાંચે શરીરના પ્રદેશની સંખ્યા.	૪	૮૯
૫ (૩)	પાંચે શરીરના સ્વામી.	૫	૯૦
૬ (૪)	પાંચે શરીરનો વિષય.	૭	૯૦
૭ (૫)	પાંચે શરીરનું પ્રયોજન.	૧૦	૯૧
૮ (૬)	પાંચે શરીરનું પ્રમાણ.	૧૨	૯૧
૯ (૭)	પાંચે શરીરની અવગાહના.	૧૪	૯૨
૧૦ (૮)	પાંચે શરીરની સ્થિતિભેદ.	૧૬	૯૨
૧૧ (૯)	પાંચે શરીરનું અલ્પબહુત્વ	૨૨	૯૩
૧૨ (૨)	ગર્ભજ મનુષ્યની ગતિ. આગતિ વિચાર.	૨૪	૯૪
૧૩ (૩)	પુદ્ગલી અને અપુદ્ગલી વિચાર.	૨૮	૯૬
૧૪ (૪)	સંમૂર્ચ્છિમમનુષ્યની ગતિ-આગતિ વિચાર.	૩૧	૯૭
૧૫ (૫)	પર્યાપ્તિના સ્વરૂપનો વિચાર.	૩૩	૯૭
૧૬ (૬)	અલ્પબહુત્વ વિચાર.	૪૦	૯૯
૧૭ (૭)	અપ્રદેશી અને સપ્રદેશી પુદ્ગલ સ્વરૂપનો વિચાર.	૪૫	૧૦૧
૧૮ (૮)	કડજુમ્માદિનો વિચાર.	૪૯	૧૦૨
૧૯ (૯)	પૃથ્વી આદિ પરિમાણનો વિચાર.	૫૦	૧૦૪

નંબર.	વિષય.	શ્લોકનં.	પેજનં.
સિદ્ધ પંચાશિકા			
૧	મંગલાચરણ.	૧	૧૦૫
૨	સત્પદાદિ આઠ દ્વારો	૨	૧૦૫
૩	પંદર દ્વારના નામ.	૪	૧૦૬
૪	પંદર દ્વારનું વર્ણન- સત્પદ પ્રરૂપણા વિષે.	૫	૧૦૭
૫	પંદર દ્વારનું વર્ણન- દ્રવ્ય પ્રમાણ દ્વાર વિષે.	૯	૧૧૨
૬	પંદર દ્વારનું વર્ણન- ક્ષેત્ર અને સ્પર્શના દ્વાર વિષે.	૧૮	૧૧૪
૭	પંદર દ્વારનું વર્ણન-કાળદ્વાર વિષે	૧૯	૧૧૫
૮	પંદર દ્વારનું વર્ણન- અંતર દ્વાર વિષે.	૨૦	૧૧૭
૯	પંદર દ્વારનું વર્ણન - ભાવ અને અલ્પબહુત્વ દ્વાર વિષે.	૨૯	૧૨૦
૧૦	પરમ્પરસિદ્ધમાં સત્પદાદિ દ્વારો.	૩૦	૧૨૦
૧૧	પરંપરસિદ્ધમાં અલ્પબહુત્વ. (૧) ક્ષેત્ર દ્વાર વિષે.	૩૧	૧૨૦
૧૨	સર્વક્ષેત્ર અને પર્વતોનું સાથે અલ્પબહુત્વ.	૩૬	૧૨૨
૧૩	(૨) કાળદ્વારમાં અલ્પબહુત્વ.	૩૮	૧૨૪
૧૪	(૩) ગતિદ્વાર વિષે અલ્પબહુત્વ.	૪૦	૧૨૫
૧૫	(૪-૫-૬) વેદ-લિંગ અને તીર્થ-દ્વારને વિષે અલ્પબહુત્વ.	૪૨	૧૨૬
૧૬	(૭-૮-૯) ચારિત્ર-બુદ્ધ અને જ્ઞાન દ્વારને વિષે અલ્પબહુત્વ	૪૩	૧૨૭
૧૭	(૧૦-૧૧-૧૨-૧૩) અનુસમય-ઉત્કૃષ્ટ-અંતર અને અવગાહના દ્વાર વિષે અલ્પબહુત્વ.	૪૫	૧૨૮
૧૮	(૧૪-૧૫) ગણના-અલ્પબહુત્વ દ્વાર વિષે અલ્પબહુત્વ.	૪૭	૧૨૮
૧૯	આસનો વિષે.	૪૮	૧૨૯
૨૦	નવમું સન્નિકર્ષદ્વાર.	૪૯	૧૨૯
સિદ્ધદંડિકા સ્તવ			
૧	સિદ્ધોની સ્તુતિ.	૨	૧૩૧
૨	અનુલોમ સિદ્ધદંડિકા.	૩	૧૩૧
૩	પ્રતિલોમ સિદ્ધદંડિકા વિષે.	૪	૧૩૨
૪	સમસંખ્ય સિદ્ધદંડિકા વિષે,	૫	૧૩૩
૫	એકોત્તરા સિદ્ધદંડિકા વિષે.	૬	૧૩૩
૬	દ્વિકોત્તરા સિદ્ધદંડિકા વિષે	૭	૧૩૪
૭	ત્રિકોત્તરા સિદ્ધદંડિકા વિષે.	૮	૧૩૪
૮	વિષમોત્તરા સિદ્ધદંડિકા વિષે.	૯	૧૩૫
વિચાર સપ્તતિકા			
૧	બાર વિચારોના નામ.	૧	૧૩૭
૨	(૧) પ્રતિમા દ્વાર.	૨	૧૩૮
૩	શાશ્વતી પ્રતિમાઓ.	૩	૧૩૮
૪	અશાશ્વતીપ્રતિમાઓનું વર્ણન.	૫	૧૪૦
૫	(૨) ઈર્યાપથિકી મિથ્યાદુષ્કૃત દ્વાર.	૮	૧૪૧
૬	જીવલેહોની સમજુતી.	૯	૧૪૧
૭	ઈર્યાપથિકીના મિથ્યાદુષ્કૃતનું પ્રમાણ.	૧૪	૧૪૨
૮	(૩) કોટિશિલા દ્વાર.	૧૮	૧૪૪
૯	(૪) શાશ્વત ચૈત્યદ્વાર.	૨૩	૧૪૫
૧૦	(૫) પ્રાસાદદ્વાર.	૨૮	૧૪૮
૧૧	મૂળપ્રાસાદાવર્તસકનું સ્થાન.	૩૦	૧૪૯
૧૨	પ્રાસાદોની સંખ્યા.	૩૧	૧૫૦

નંબર	વિષય	શ્લોકનં.	પેજનં.
૧૩	(૬) કિરણપ્રસર.	૩૫	૧૫૧
૧૪	કર્કસંક્રાંતિમાં કિરણપ્રસર	૩૬	૧૫૨
૧૫	મકરસંક્રાંતિમાં કિરણપ્રસર	૩૮	૧૫૩
૧૬	ઉર્ધ્વ તથા અધોદિશામાં કિરણપ્રસર.	૪૦	૧૫૩
૧૭	જંબૂદ્વીપમાં જ કિરણપ્રસર.	૪૧	૧૫૪
૧૮	(૭) પર્યાપ્તિદ્વાર.	૪૨	૧૫૪
૧૯	પહેલા ત્રણ શરીરમાં સર્વ-પર્યાપ્તિઓનું કાળ પ્રમાણ.	૪૪	૧૫૫
૨૦	(૮) કૃષ્ણરાજીનું સ્વરૂપ.	૪૭	૧૫૬
૨૧	લંબાઈનું પ્રમાણ.	૪૮	૧૫૭
૨૨	લોકાંતિકદેવોનો પરિવાર તથા નામ.	૫૦	૧૫૮
૨૩	કૃષ્ણરાજીની વિશેષતા.	૫૨	૧૫૮
૨૪	(૯) વલયદ્વાર.	૫૪	૧૬૦
૨૫	પર્વતોની ઊંચાઈ.	૫૫	૧૬૦
૨૬	માનુષોત્તર અને કુંડલ પર્વતનો વિસ્તાર.	૫૬	૧૬૨
૨૭	રૂચક પર્વતનો વિસ્તાર અને વિશેષતા.	૫૭	૧૬૨
૨૮	(૧૦) નંદીશ્વરદ્વીપ દ્વાર.	૬૦	૧૬૪
૨૯	અંજનગિરિનું સ્વરૂપ.	૬૧	૧૬૫
૩૦	દધિમુખપર્વતનું વર્ણન.	૬૩	૧૬૬
૩૧	અંજનગિરિ તથા દધિમુખ પર્વતો પર જિનચૈત્યોનું વર્ણન.	૬૪	૧૬૬
૩૨	રતિકરપર્વતોનું વર્ણન.	૬૫	૧૬૭
૩૩	ઉર્ધ્વ તથા અધોલોકના સિદ્ધાયતનોનું પ્રમાણ.	૬૬	૧૬૯
૩૪	(૧૧) ગૃહક્રિયાદ્વાર.	૬૭	૧૬૯
૩૫	(૧૨) ચૌદગુણસ્થાનકદ્વાર.	૭૨	૧૭૦
૩૬	(i) મિથ્યાત્વની સ્થિતિનો કાળભેદ.	૭૩	૧૭૦
૩૭	સાદિસાંત ભાંગાનો કાળપ્રમાણ	૭૪	૧૭૨
૩૮	(ii) (iii) ગુણસ્થાનકે આયુક્ષય તથા પરભવમાં કયુ ગુણસ્થાનક સાથે જાય તે વિષે.	૭૮	૧૭૩
૩૯	(iv) ગુણસ્થાનકમાં અલ્પબહુત્વ.	૭૯	૧૭૩

લોકનાલિકા દ્વાત્રિંશિકા

૧	બાલાવબોધ કર્તાનું મંગલાચરણ		૧૭૪
૨	લોક આકારનું સામાન્ય વર્ણન	૨	૧૭૪
૩	પહોળાઈનું સ્થાન પ્રમાણ	૫	૧૮૦
૪	ત્રસનાડીનો વિચાર	૬	૧૮૦
૫	ઉર્ધ્વલોકમાં ખંડુક	૭	૧૮૦
૬	અધોલોકમાં ખંડુક	૯	૧૮૨
૭	ત્રણલોક સંબંધી વિશેષતા	૧૧	૧૮૪
૮	ઊર્ધ્વલોકમાં દેવલોકની સ્થિતિ અંગે આગમની સાક્ષી	૧૫	૧૮૫
૯	સૂચિ-પ્રતર-ઘન રજ્જુનું પ્રમાણ	૧૭	૧૮૬
૧૦	સૂચિ-પ્રતર-ઘન રજ્જુઓની સંખ્યા	૧૮	૧૮૭
૧૧	સૂચિરજ્જુ કેમ થાય ?	૨૧	૧૯૦
૧૨	ખંડુકની સંખ્યા	૨૩	૧૯૧
૧૩	ખંડુકોની સંખ્યાની ઉત્પત્તિ વિષે	૨૪	૧૯૨
૧૪	વર્ગ કરવાની રીત	૨૫	૧૯૨
૧૫	વૃત્તાકાર લોકને ઘન કરવાનો વિધિ	૨૬	૧૯૪
૧૬	સાતરાજ લોકમાં રજ્જુ અને ખંડુકોની સંખ્યા	૨૯	૧૯૫
૧૭	સૂચિ આદિ રજ્જુ અને ખંડુક લાવવાની રીત	૩૦	૧૯૬
૧૮	ભવ્ય જીવને ઉપદેશ	૩૨	૧૯૯

શ્રી પુદ્ગલપરાવર્ત્ત સ્તવ.

નંબર	વિષય	શ્લોકનં.	પેજનં.
૧	અનંત પુદ્ગલ પરાવર્ત્ત પરિભ્રમણનું કારણ	૧	૨૦૦
૨	દ્રવ્યપુદ્ગલપરાવર્ત્તનું સ્વરૂપ	૩	૨૦૧
૩	ક્ષેત્રપુદ્ગલ પરાવર્ત્તનું સ્વરૂપ	૫	૨૦૧
૪	કાળપુદ્ગલ પરાવર્ત્તનું સ્વરૂપ	૭	૨૦૨
૫	ભાવ પુદ્ગલ પરાવર્ત્તનું સ્વરૂપ	૯	૨૦૩
૬	ઉપસંહાર	૧૧	૨૦૩

શ્રી કાળસપ્તતિકા.

૧	૧૨ આરામય કાળચક્ર	૧	૨૦૫
૨	પલ્યોપમનું સ્વરૂપ	૩	૨૦૫
૩	૭ પ્રકારના પલ્યોપમનું સ્વરૂપ	૪	૨૦૮
૪	૭ આરાના નામ	૭	૨૦૯
૫	આરાનું કાળમાન	૮	૨૧૧
૬	ત્રણ આરામાં યુગલિકોના શરીર-આહાર પ્રમાણ	૯	૨૧૧
૭	સ્થલચર જીવોનું આયુષ્ય	૧૨	૨૧૩
૮	ખેચરાદિજીવોનુંઆયુષ્ય તથા શરીર	૧૩	૨૧૩
૯	દશ પ્રકારના કલ્પવૃક્ષો	૧૫	૨૧૪
૧૦	સાત કુલકરો વિષે	૧૭	૨૧૫
૧૧	બાર ચક્રવર્તીઓ વિષે	૨૨	૨૧૬
૧૨	બળદેવ, વાસુદેવ, પ્રતિવાસુદેવોના નામ	૨૩	૨૧૬
૧૩	શલાકાપુરુષ વિષે	૨૬	૨૧૭
૧૪	કુલકરની નીતિ.	૨૯	૨૧૮
૧૫	પ્રથમ-ચરમ જિનેશ્વરના જન્મ તથા સિદ્ધ વિષે	૩૦	૨૧૮
૧૬	યુગપ્રધાન વિષે	૩૩	૨૧૯
૧૭	પ્રભાવકના આઠ પ્રકાર	–	૨૨૦
૧૮	જંબૂસ્વામી પછી દશ સ્થાનકો વિચ્છેદ	૩૬	૨૨૦
૧૯	પુલાકલબ્ધિની શક્તિ	–	૨૨૦
૨૦	વીર પ્રભુના નિર્વાણ પછી પૂર્વો વિચ્છેદ પામ્યા	૩૮	૨૨૦
૨૧	દિગમ્બર મતની ઉત્પત્તિ	૪૦	૨૨૧
૨૨	વિક્રમ સંવત્સર ક્યારે પ્રવર્ત્યો ?	૪૨	૨૨૧
૨૩	કલંકી સાધુ વિષે	૪૪	૨૨૨
૨૪	છેલ્લો ચતુર્વિધ સંઘ	૫૦	૨૨૩
૨૫	દુપ્પસહસૂરિ વિષે	૫૩	૨૨૩
૨૬	પાંચ પ્રકારની વૃષ્ટિ	૫૫	૨૨૪
૨૭	છઠ્ઠા આરાના મનુષ્ય વિષે	૫૭	૨૨૪
૨૮	ઉત્સર્પિણી-અવસર્પિણીની વ્યુત્ક્રમથી સમાનતા	૬૦	૨૨૫
૨૯	પાંચ પ્રકારની મેઘવૃષ્ટિ વિષે	૬૧	૨૨૫
૩૦	સાત કુલકરો	૬૨	૨૨૫
૩૧	આવતી ઉત્સર્પિણીના ૨૪ તીર્થંકરો વિષે	૬૪	૨૨૬
૩૨	તીર્થંકરના આંતરા	૬૬	૨૨૯
૩૩	આવતી ચોવીસીના નવ બળદેવોના અને બાર ચક્રીઓના નામ	૬૯	૨૩૦
૩૪	આવતી ચોવીસીના નવ વાસુદેવ પ્રતિવાસુદેવના નામ	૭૧	૨૩૩
૩૫	પુદ્ગલ પરાવર્ત્તના કાળ વિષે	૭૩	૨૩૩

શ્રી ભાવ પ્રકરણ

નંબર	વિષય	શ્લોકનં.	પેજનં.
૧	દ્વાર ગાથા	૨	૨૩૪
૨	ચૌદ ગુણસ્થાનકોનાં નામ	૩	૨૩૬
૩	છ ભાવના નામો	૪	૨૩૭
૪	ભાવના ઉત્તર ભેદ	૫	૨૩૯
૫	ધર્માસ્તિકાયાદિમાં ઔપશમિકાદિ આઠ ભાવો.	૮	૨૪૨
૬	શેષ ૭ કર્મોમાં ભાવ	૯	૨૪૩
૭	ગતિદ્વાર વિષે	૧૦	૨૪૪
૮	ગુણસ્થાને વર્તતા જીવોમાં ભાવો	૧૧	૨૪૪
૯	ગુણસ્થાનકમાં ઉત્તરભેદ	૧૩	૨૪૫
૧૦	ગુણસ્થાનકમાં ઔદયિક ભાવ	૧૭	૨૪૭
૧૧	ગુણસ્થાનકમાં ઔપશમિક ભાવના ભેદ	૨૨	૨૪૯
૧૨	ગુણસ્થાનકમાં ક્ષાયિક ભાવના ભેદ	૨૪	૨૪૯
૧૩	ગુણસ્થાનકમાં પારિણામિક ભાવના ભેદ	૨૬	૨૪૯
૧૪	ચૌદ ગુણસ્થાનકમાં પાંચે ભાવના ઉત્તર ભેદો.	૨૮	૨૫૦

લઘુપ્રવચન સારોદ્ધાર

૧	પચ્ચક્ખાણ સંબંધી કલ્પ્યાકલ્પ્ય વિચાર	૧	૨૫૩
૨	પચ્ચક્ખાણના પ્રકાર	૨	૨૫૩
૩	દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અભિગ્રહ પચ્ચક્ખાણ	૩	૨૫૪
૪	સંકેત પચ્ચક્ખાણના આઠ પ્રકાર	૭	૨૫૫
૫	દશ પ્રકારના પચ્ચક્ખાણનું વિવરણ	૮	૨૫૫
૬	આગારોની સંખ્યા	૨૭	૨૬૦
૭	ચાર પ્રકારના આહારનું સ્વરૂપ	૩૯	૨૬૩
૮	કાળ પ્રમાણ (આહાર સંબંધી)	૬૨	૨૬૮
૯	ધાન્યોમાં યોનિ સજીવ કયાં સુધી	૭૧	૨૭૦
૧૦	જળનો કાળ	૮૬	૨૭૪
૧૧	ઉપવાસના ત્રણ પ્રકાર	૧૦૦	૨૭૭
૧૨	આયંબિલના ત્રણ પ્રકાર.	૧૦૨	૨૭૭
૧૩	ચાર આહાર વિષે અણાહારી દવાઓ		૨૮૧ ૨૮૩

સમયસાર

વિષય	પેજનં.
ધર્મ-અર્થ-કામ-મોક્ષનું સામાન્ય સ્વરૂપ	૨૮૫
જીવનિરૂપણ પ્રથમ અધ્યાય	૨૮૬
૧૫ ભેદે સિદ્ધનું સ્વરૂપ	૨૮૭
બે આદિ પ્રકારે જીવોનું નિરૂપણ	૨૮૮
એકેન્દ્રિય જીવોની ભવસ્થિતિ (આયુ.)	૨૯૦
બેઇન્દ્રિયાદિ જીવોની ભવસ્થિતિ (આયુ.)	૨૯૦
અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય જીવોની ઉત્કૃષ્ટ ભવસ્થિતિ	૨૯૧
સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય જીવોની ઉત્કૃષ્ટ ભવસ્થિતિ	૨૯૧
,, ,, જઘન્ય ભવસ્થિતિ	૨૯૧
સર્વ જીવોની અવગાહના	૨૯૧
ગુણસ્થાનોની સ્થિતિ	૨૯૨
બીજો અધ્યાય અજીવ નિરૂપણ	૨૯૩
ત્રીજો અધ્યાય આશ્રવ નિરૂપણ	૨૯૫
પચ્ચીસ ક્રિયાઓનું વિવરણ	૨૯૬

વિષય	પેજનં.
જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય-	
વેદનીયનાં આશ્રવ	૨૯૭
મોહનીય આદિ કર્મોનો આશ્રવ	૨૯૮
ચોથો અધ્યાય બંધ નિરૂપણ	૨૯૯
ચાર પ્રકારે-આઠ કર્મોનો બંધ	૨૯૯
સ્થિતિબંધ	૩૦૦
પ્રકૃતિ બંધ	૩૦૦
બેંતાલીસ પૂન્ય પ્રકૃતિના નામો	૩૦૦
બ્યાસી પાપ પ્રકૃતિના નામો	૩૦૧
રસબંધ	૩૦૧
ચાર ઠાણીયાનું સ્વરૂપ	૩૦૨
પ્રદેશ બંધ	૩૦૩
બીજા ચાર પ્રકારે કર્મબંધ	૩૦૩
પાંચમો અધ્યાય સંવરતત્ત્વ નિરૂપણ	૩૦૪
સંવરનાં સત્તાવન ભેદનું વિવરણ	૩૦૪
છટ્ઠો અધ્યાય નિર્જરાતત્ત્વ નિરૂપણ	૩૦૫
અકામ નિર્જરા	૩૦૫

વિષય	પેજનં.
સકામ નિર્જરા	૩૦૫
બાર પ્રકારનાં તપનું વિવરણ	૩૦૫
સાતમો અધ્યાય મોક્ષતત્ત્વ નિરૂપણ	૩૦૬
એક સમયે ઉત્કૃષ્ટ કેટલા સિદ્ધ થાય તેની સંખ્યા	૩૦૭
આઠમો અધ્યાય સમ્યગ્જ્ઞાન દર્શનની પ્રરૂપણા સમ્યગ્જ્ઞાન અંગે	૩૦૮
સમ્યગ્દર્શનના ભેદ	૩૦૯
સમ્યક્ત્વ પ્રાપ્તિનો ક્રમ	૩૧૦
દર્શન સપ્તકની ક્ષપના	૩૧૦
અધ્યાય નવમો સમ્યક્ચારિત્ર નિરૂપણ	૩૧૧
કોના સમયમાં કેટલા વ્રત	૩૧૧
કયા ક્ષેત્રમાં કેટલા વ્રત	૩૧૧
ગૃહસ્થના બાર વ્રતનાં ભાંગા	૩૧૨
દશમો અધ્યાય આરાધના વિરાધના ફળ નિરૂપણ	૩૧૪
ગ્રંથ સમાપ્ત	૩૧૬

૦ ગ્રંથ સમાપ્ત ૦

ચિત્રો–યંત્રોની અનુક્રમણિકા

નંબર	પ્રકરણ પ્રમાણે વિષય	પાના નં.
	નિગોદ ષટ્ત્રિંશિકા	
૧	નિગોદના ગોળાનું	૪૧
	સમ્યક્ત્વ સ્તવ	
૧	ગ્રંથિ ભેદની પ્રક્રિયા	૫૭
	વિચાર સપ્તતિકા	
૧	અષ્ટકૃષ્ણરાજી	૧૫૯
૨	માનુષોત્તર પર્વત	૧૬૧
૩	રુચક દ્વીપમાં ચાર જિનચૈત્ય અને ૪૦ દિક્કુમારી કૂટ	૧૬૩
૪	નંદીશ્વર દ્વીપમાં ચાર અંજનગિરિ	૧૬૫
૫	નંદીશ્વર દ્વીપમાં બાવન શાશ્વત જિન ચૈત્યો	૧૬૮
૬	ચૌદ ગુણસ્થાનક	૧૭૧
૭	ચૌદ ગુણસ્થાનક	૧૭૫
	લોકનાલિકા સ્તવ	
૧	ચૌદ રાજલોક	૧૭૯
૨	લોકનાલિકા	૧૮૧
૩	ચૌદ રાજલોકમાં ખંડુકો	૧૯૮
	શ્રી કાળસપ્તતિકા	
૧	બાર આરાનું કાળચક્ર	૨૦૬
૨	ઘનવૃત્ત પ્યાલો	૨૦૭

નંબર	પ્રકરણ પ્રમાણે વિષય	પાના નંબર
	યંત્રોની અનુક્રમણિકા	
	શ્રી જીવાભિગમસંગ્રહણી	
૧	જીવોની અવગાહનાદિ દ્વારો	૩૨ પછી
	સમ્યક્ત્વ સ્તવ	
૧	સમ્યક્ત્વના પ્રકારો	૬૨
૨	ઉપશમ શ્રેણીનું સ્વરૂપ દર્શાવતું	૬૮
૩	ક્ષપક શ્રેણિની સ્થાપના	૭૦
૪	સમ્યક્ત્વના ૬૭ ભેદ	૭૭
	વિચાર પંચાશિકા	
૧	પાંચ શરીર આશ્રયી નવ ભેદોનું યંત્ર	૯૪
	સિદ્ધ પંચાશિકા	
૧	અઢીદ્વીપમાં પરંપર સિદ્ધનું અલ્પ બહુત્વ	૧૨૩
	વિચાર સપ્તતિકા	
૧	શાશ્વતા ચૈત્યો અને પ્રતિમાઓની સંખ્યાનું	૧૩૯
૨	તિર્ચ્છાલોકના શાશ્વત ચૈત્યોના સ્થાન તથા ચૈત્યોના પ્રમાણનું યંત્ર	૧૪૭
	શ્રી લોકનાલિકા દ્વાત્રિંશિકા	
૧	લોકનાલિકાંતર્ગત ખંડુ સૂચિરજ્જુ–પ્રતરરજ્જુ–ઘનરજ્જુ સંખ્યા યંત્ર (ઉર્ધ્વલોકે)	૧૯૩

નંબર	પ્રકરણ પ્રમાણે વિષય	પાના નં
૨	લોકનાલિકાંતર્ગત ખંડુ-સૂચિરજ્જુ--પ્રતરરજ્જુ ઘનરજ્જુ સંખ્યા યંત્ર (અધોલોક)	૧૯૪
	શ્રી કાળસપ્તતિકા	
૧	૭ પ્રકારના પલ્યોપમનું સ્વરૂપ	૨૧૦
૨	૭ આરાનું સ્વરૂપ	૨૧૨
૩	ચક્રવર્તીનું યંત્ર	૨૧૬
૪	બળદેવ-વાસુદેવ-પ્રતિવાસુદેવનું યંત્ર	૨૧૭
૫	ઉત્સર્પિણી કાળની અનાગત ચોવીશીનું યંત્ર	૨૩૧
	સમયસાર	
	અજીવના ચૌદ ભેદનું યંત્ર	૨૯૫
	વ્રતના દ્વિક સંયોગી ભાંગાનો યંત્ર	૩૩૧

: શુદ્ધિ પત્રક :

પેજ નં.	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૧૭	૯	**चलयर**	**थलयर**
૧૯	૨૬	**सर्पनियम**	**सर्प नियमा**
૨૬	૨૬	**वोधव्वं**	**बोधव्वं**
૩૨	૧૯	ભાદર	ખાદર
૭૪	૨૦	**सद्धहइ**	**सद्दहइ**
૯૧	૧૪	**सुरु समख्खवायं**	**सुए-सम क्खायं**
૯૨	૧૧	**अप्पंमी**	**अप्पंमि**
૯૭	૪	**खंधा**	**खंधो**
૯૯	૧૩	**नेइइया**	**नेरइया**
૧૦૪	૧૧	**પરિણામ**	**પરિમાણ**
૧૦૪	૧૬	**પસ્તિ**	**પરિત**
૧૧૧	૨૬	**(૧)**	**(૧૩)**
૧૬૬	૬-૭	**लरकं**	**लक्खं**
૨૫૩	૨૯	**द्रित्रि**	**द्वित्रि**
૨૫૩	૩૦	**भवेनिन्त्यं**	**भवेन्नित्यं**
૨૫૪	૧૩	**यद्यद्रव्यं**	**यद्यद् द्रव्यं**
૨૫૪	૨૧	**अद्धा**	**मद्धा**
૨૬૯	૨૯	**वच्यासे**	**वच्चासे**

પ્રકરણ રત્નાવલી



શ્રી જીવાભિગમ સંગ્રહણી

પરમ કરૂણાસાગર, સર્વ જીવોને સંસારનાં દુઃખથી મુક્ત કરાવી અને પરમોચ્ચપદ અપાવવાની ભાવનાવાળા તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીરસ્વામી ભગવાને ગણધર ભગવંતોને ગણધર પદ પર સ્થાપીને ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્યરૂપ ત્રણ પદનો ઉપદેશ આપ્યો અને શ્રી ચતુર્વિધ સંઘની સ્થાપના કરી, તે ત્રણ પદમાંથી બીજબુદ્ધિનાં સ્વામી ગણધર ભગવંતોએ ટુંક સમયમાં જ ૪૫ આગમની રચના કરી જેમાં દૃષ્ટિવાદ અંગમાં ૧૪ પૂર્વ પણ આવી જાય.

તે ૪૫ આગમમાં ૧૧ અંગ. ૧૨ ઉપાંગ, ૧૦ પયન્ના, ૪ મૂળ ૬ છેદ, નંદિ, અનુયોગ છે. તેમાં જીવાભિગમ નામના ઉપાંગનાં સારભૂત આ પ્રકરણમાં જીવોનાં સામાન્યથી (એકેન્દ્રિય-બેઇન્દ્રિય-તેઇન્દ્રિય-ચઉરિન્દ્રિય-પંચેન્દ્રિય-નરક-તિર્યંચ-મનુષ્ય અને દેવનાં) ભેદ બતાવીને તેની ઓળખાણ કરાવી છે. તે બધા જીવોની સામાન્યથી પણ સંપૂર્ણ જાણકારી થાય તે માટે શરીર-અવગાહના-સંઘયણ વિગેરે ૨૩ દ્વારોનું વર્ણન કર્યું છે. અંતે સર્વ જીવોનું અલ્પ બહુત્વ બતાવેલ છે.

આ રીતે ૨૨૨ ગાથામાં સરળતાથી સમજી શકાય તે રીતે પદાર્થોનું નિરૂપણ કરેલ છે.

लद्धजयलच्छिसारो, विसमत्थनिवारणो महासत्तो ।
समइक्कसुसंतोसो, जयइ जिणिंदो महावीरो ॥ १ ॥

અર્થ—જયલક્ષ્મી (મોક્ષલક્ષ્મી)ના સારને પામેલા, વિષમાર્થને નિવારવામાં મહાસત્ત્વવાળા અને પ્રત્યેક સમયે ત્રણે કાળના સર્વ ભાવને જાણીને પરમ સંતોષી બનેલા એવા શ્રી **મહાવીર જિનેન્દ્ર** જયવંતા વર્તે છે. ૧.

जीवाभिगमोवंगे, नव पडिवत्तीउ हुंति जीवाणं ।
तासिं किंपि सरूवं, निअबोहत्थं परूवेमि ॥ २ ॥

અર્થ-જીવાભિગમ ઉપાંગમાં જીવ અંગે નવ પ્રતિપત્તિઓ કહેલી છે. તેનું કાંઈક સ્વરૂપ મારા પોતાના બોધને માટે કહું છું. ૨.

आइमपडिवत्तीए, दुविहा जीवा समासओ भणिआ ।
पढमा थावररूवा, तसा य इयरे विणिद्दिट्ठा ॥ ३ ॥

પહેલી પ્રતિપત્તિમાં સંક્ષેપથી જીવના બે પ્રકાર કહ્યા છે (૧) સ્થાવરરૂપ અને (૨) ત્રસરૂપ. ૩.

पुढवीआउवणस्सइ–काया थावरजिआ तिहा हुंति ।
अन्ने वि तिहा नेआ तेउ वाऊ उरालतसा ॥ ४ ॥

અર્થ—પૃથ્વી, પાણી અને વનસ્પતિકાય–એમ સ્થાવર જીવો ત્રણ પ્રકારના છે અને તેઉ, વાયુ અને ઉદારત્રસ–એમ ત્રસ પણ ત્રણ પ્રકારના કહ્યા છે. ૪.

जीवाण सुहुमबायरप–मुहपयाराणमेसि छण्हं पि ।
तेवीसदारगाहा–दुगेण तत्तं विचिंतेमि ॥ ५ ॥

અર્થ—એ છએ પ્રકારના જીવોના સૂક્ષ્મ અને બાદર વિગેરે પ્રકારો છે. તે ત્રેવીશ દ્વારોવડે કહેવાના છે. તે દ્વારોનાં નામ બે ગાથાવડે કહું છું. ૫.

सरीरोगाहण संघयणं संठाणकसाय हुंति तहय सन्नाओ ।
लेसिंदियसंघाए, सण्णी वेए अ पज्जत्ती ॥ ६ ॥
दिट्ठी दंसणनाणे, जोगुवओगे तहा किमाहारे ।
उववाय ठिई समुग्घाय–चवण गइरागई चेव ॥ ७ ॥

અર્થ—શરીર ૧, અવગાહના ૨, સંઘયણ ૩, સંસ્થાન ૪, કષાય ૫, સંજ્ઞા ૬, લેશ્યા ૭, ઇંદ્રિય ૮, સંઘાત (સમુદ્‌ઘાત) ૯, સંજ્ઞી ૧૦, વેદ ૧૧, પર્યાપ્તિ ૧૨, દૃષ્ટિ ૧૩, દર્શન ૧૪, જ્ઞાન ૧૫, યોગ ૧૬, ઉપયોગ ૧૭, કિમાહાર ૧૮, ઉપપાત ૧૯, સ્થિતિ (આયુ) ૨૦, સમુદ્‌ઘાતવડે ચ્યવન ૨૧, ગતિ ૨૨ અને આગતિ ૨૩. ૬–૭.

સ્થાવરકાય

સૂક્ષ્મ પૃથ્વીકાય :–

उरालतेयकम्मण–कायतिगं सुहुमपुढविजीवाणं ।
ओगाहणा जहन्नु–क्कोसा अंगुलअसंखंसो ॥ ८ ॥

અર્થ—સૂક્ષ્મ પૃથ્વીકાય જીવોને ઔદારિક, તૈજસ અને કાર્મણ–એ ત્રણ શરીર અને જઘન્ય ઉત્કૃષ્ટ અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગની હોય છે. ૮.

संघयणं छेवट्ठं, संठाणमसूरचंदयं हुंडं ।
कोहमयमायलोहा, हवंति सन्नाचउक्कं च ॥ ९ ॥

અર્થ—છેવટ્ટુ સંઘયણ અને મસૂરદાળ અને ચંદ્રના આકારવાળુ હુંડક નામનું સંસ્થાન. ક્રોધ, માન, માયા અને લોભ–એ ચાર કષાય અને આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ–એ ચાર સંજ્ઞાઓ હોય છે. ૯.

काउ नीला किण्हा, लेसा एगमिंदियं फासो ।
वेअणकसायमरणंतिओ य तिन्नि अ समुग्घाया ॥ १० ॥

---

૧. તેઉ ને વાયુ ગતિત્રસ છે અને બીજા બેઇંદ્રિયાદિ ત્રસો ઉદારત્રસ એટલે ત્રસભાવની પૂર્ણતાવાળા છે.

અર્થ—કૃષ્ણ, નીલ અને કાપોત-એ ત્રણ લેશ્યાઓ. એક સ્પર્શેન્દ્રિય તથા વેદના, કષાય અને મરણ એ ત્રણ સમુદ્ઘાત હોય છે. ૧૦.

असन्निणो नपुंसग, अपजत्ता तह य हुंति पज्जत्ता ।
आहारसरीरिंदिय–आणापाणूहिं मिच्छत्ती ॥ ११ ॥

અર્થ—તે અસંજ્ઞી, નપુંસકવેદી અપર્યાપ્ત અને પર્યાપ્ત હોય છે. આહાર, શરીર, ઇન્દ્રિય અને શ્વાસોશ્વાસ એ ચાર પર્યાપ્તિવાળા હોય છે. તેમ જ મિથ્યાત્વી હોય છે. ૧૧.

दंसणमचक्खुमेसिं, मइसुअअन्नाणसंजुआ हुंति ।
तणुजोगो उवओगो, सागारो तह अणागारो ॥ १२ ॥

અર્થ—અચક્ષુદર્શન, મતિ શ્રુત અજ્ઞાન કાયયોગ અને સાકાર તેમ જ નિરાકાર ઉપયોગવાળા હોય છે. ૧૨.

दव्वं खित्तं कालं, भावं च पडुच्च एसिमाहारो ।
उववाओ तिरिमणुआ, अपजत्तपजत्तसंखाउ ॥ १३ ॥

અર્થ—દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને આશ્રયિને તેમને દ્વિગુઆહાર હોય છે અને તેનો ઉપપાત (ઉપજવું) પર્યાપ્તા તથા અપર્યાપ્તા સંખ્યાતા આયુષ્યવાળા મનુષ્ય અને તિર્યંચમાં હોય છે. ૧૩.

उक्कोस जहन्नेणं, अंतमुहोत्तं च आउअं होइ ।
मरणसमुग्घाएणं मरंति ते अन्नहा वावि ॥ १४ ॥

અર્થ—ઉત્કૃષ્ટ અને જઘન્ય આયુષ્ય અંતર્મુહૂર્ત્તનું હોય છે અને મરણ–સમુદ્ઘાતથી તેમ જ અન્યથા પણ મરે છે. ૧૪.

उवट्टिऊण गच्छंति, तिरिअमणुएसु चेव दोगइआ ।
दोआगइ अ परित्ता, लोगागासप्पएससमा ॥ १५ ॥

અર્થ—તેમાંથી નીકળેલા મનુષ્ય અને તિર્યંચ–બે ગતિમાં જ જાય છે. આગતિ પણ તે બેમાંથી જ છે, પ્રત્યેક શરીરી છે, અને સંખ્યાથી લોકાકાશના પ્રદેશ જેટલા છે. ૧૫.

બાદર પૃથ્વીકાય :–

दुविहा बायरपुढवी, सण्हा य खरा य सत्तहा सण्हा ।
पंडुमिदपणगमट्टिअ–संजुअ सेआई पणवन्ना ॥ १६ ॥

અર્થ—બાદર પૃથ્વી શ્લક્ષ્ણ (મૃદુ) અને ખર (કઠિન)–એમ બે પ્રકારની છે. મૃદુ પૃથ્વી સાત પ્રકારની છે. પાંડુર (ઉજ્જવળ) મૃત્તિકા, પણગ મૃત્તિકા અને શ્વેતાદિ પાંચ વર્ણની (શ્વેત, કૃષ્ણ, નીલ, લોહિત અને પીત) ૧૬.

पुढवी अ सक्करा वालुआ य, उवले सिला य लोणूसे ।
अयतंबतउअसीसग-रुप्पसुवण्णे अ वइरे अ ॥ १७ ॥

हरिआले हिंगुलए, मणोसिला सासगंजणपवाले ।
अब्भपडलब्भवालुअ, बायरकाए मणिविहाणा ॥ १८ ॥

અર્થ—ખર પૃથ્વી આ પ્રમાણે–પૃથ્વી (શુદ્ધ પૃથ્વી), શર્કરા (કાંકરા), વાળુકા (રેતી), ઉપલ (પથ્થર), શિલાગો, લૂણ, ઓસ (ખારો), લોઢું, તાંબુ, કલઈ, સીસું, રૂપું, સુવર્ણ, વજ્ર, હડતાળ, હિંગોળ, મણશીલ, પારો, અંજન (સુરમા આદિ), પરવાળા, અભરખના પટલ, અભ્રવાલુકા (અભ્રપટલથી મિશ્ર વાલુકા) અને અનેક પ્રકારના મણિ–બાદર પૃથ્વીકાયરૂપ છે. ૧૭–૧૮.

गोमेज्झए अ रूअय, अंके फलिहे अ लोहिअक्खे अ ।
मरगयमसारगल्ले, भुअमोअग इंदनीले अ ॥ १९ ॥

चंदणगेरुअहंसे, पुलए सोगंधिए अ बोधव्वे ।
चंदप्पभवेरुलिए, जलकंते सूरकंते अ ॥ २० ॥

અર્થ—મણિના નામો કહે છે–ગોમેદક, રુચક, અંક, સ્ફટિક, લોહિતાક્ષ, મરકત, મસારગલ્લ, ભુજમોચક, ઇંદ્રનીલ, ચંદન, ગેરુક, હંસ (હંસગર્ભ), પુલક, સૌગંધિક, ચંદ્રપ્રભ (ચંદ્રકાંત), વૈડુર્ય, જળકાંત અને સૂર્યકાંત. ૧૯–૨૦.

एवं चत्तालीसं, खरभूमेआ पवन्निआ सुत्ते ।
अन्ने वि तप्पयारा, बोधव्वा पउमरागाई ॥ २१ ॥

અર્થ—એ પ્રમાણે ચાળીશ ભેદ ખર પૃથ્વીના સૂત્રમાં કહ્યા છે. બીજા પણ તે પ્રકારના પદ્મરાગ આદિ ભેદો જાણવા. ૨૧.

देहाइदारचिंता, सण्हखरासुं तहेव कायव्वा ।
नवरं तेऊलेसा-सहिआ अपजत्तवत्थाए ॥ २२ ॥

અર્થ—મૃદુ અને ખર પૃથ્વીનો દેહાદિ દ્વારનો વિચાર સૂક્ષ્મ પૃથ્વીકાય પ્રમાણે જ કરવો (સમજવો). એમાં એટલું વિશેષ કે–બાદર પૃથ્વીને અપર્યાપ્તાવસ્થામાં તેજોલેશ્યા પણ હોય છે. (કારણ કે દેવો પણ તેજો લેશ્યા સાથે તેમાં ઉત્પન્ન થાય છે.) ૨૨.

लोगस्स मज्झइ चिअ, हवंति ते तेण छद्दिसाहारो ।
ईसाणंतसुराणं, उववाओ होइ एएसु ॥ २३ ॥

અર્થ—બાદર પૃથ્વી લોકના મધ્યમાં હોવાથી તેને છએ દિશાનો આહાર હોય છે, અને ઇશાનદેવલોક પર્યંતના દેવો પણ તેમાં ઉત્પન્ન થાય છે. ૨૩.

अंतमुहुत्त जहन्नं, परमाउ वाससहस्स बावीसा ।
तीगइआ दोगइआ, परित्तजीवा असंखा य ॥ २४ ॥

અર્થ—તેનું આયુષ્ય જઘન્ય અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ બાવીશ હજાર વર્ષનું છે. તેની ત્રણમાંથી આગતિ[1] અને બેમાં ગતિ છે. તે પ્રત્યેક શરીરી અને અસંખ્યાત છે. ૨૪.

સૂક્ષ્મ અપ્કાય :–

सुहूमाउक्कायजिआ, देहाईहिं तु सुहुमपुढविसमा ।
नवरं थिबुगागारा, परित्तरूवा असंखिज्जा ॥ २५ ॥

અર્થ—આ જીવોના દેહાદિ દ્વારો સૂક્ષ્મ પૃથ્વીકાય જેવા જ છે. વિશેષ એ કે તેનું સંસ્થાન સ્તિબુકાકાર અને પ્રત્યેક શરીરી છે તેમજ અસંખ્યાતા છે. ૨૫.

બાદર અપ્કાય :–

ओसा हिमए महिआ, करगे हरतणु तहेव सुद्धदए ।
सीओदए अ खारो–दए अघट्टोदए चेव ॥ २६ ॥
अंबिलुदए अ वारु–णुदए अ लवणोदए अ खीरूदए ।
खोतोदए च एवं, बायरआऊ बहु विहाणा ॥ २७ ॥

અર્થ—ઝાકળ, બરફ, કરા, ધુમ્મસનું પાણી, વનસ્પતિની અણી ઉપરનું પાણી, શુદ્ધોદક, શીતોદક, ક્ષારોદક, ઘનોદધિ, અંબીલોદક (ઘણું ખાટું પાણી), વારુણી (મદિરા) ઉદક, લવણોદક, ક્ષીરોદક અને ક્ષોદોદક (શેરડીના રસ જેવું પાણી) વિગેરે બાદર અપ્કાયના ભેદો જાણવા. ૨૬–૨૭.

अपजत्ता पजत्ता, अपजत्ता वन्निआ असंपत्ता ।
ए वक्कमंति असंखा, पजत्तगनिस्सिआ बहुसो ॥ २८ ॥

અર્થ—તે પર્યાપ્તા અને અપર્યાપ્તા બે પ્રકારના છે. તેમાં અપર્યાપ્તા પર્યાપ્તિ પૂરી કર્યા પહેલાં જ ચ્યવી જાય છે અને તે પર્યાપ્તાની નિશ્રાએ અસંખ્યાતગુણા ઉત્પન્ન થાય છે. ૨૮.

वाससहस्सा सत्त य, उक्कोसाउं जहन्नमंतमुहू ।
थिबुगागिइणो सेसं, बायरपुढवि व्व बोधव्वं ॥ २९ ॥

અર્થ—તેનું આયુષ્ય ઉત્કૃષ્ટ સાત હજાર વર્ષનું અને જઘન્ય અંતર્મુહૂર્ત્તનું સંસ્થાન સ્તિબુક આકારે છે. બીજું બધું બાદર પૃથ્વીકાય પ્રમાણે જાણવું. ૨૯.

---

૧. મનુષ્ય તિર્યંચ અને દેવગતિ–એ ત્રણ ગતિમાંથી આવે અને મનુષ્ય તેમજ તિર્યંચ બે ગતિમાં જાય.

સૂક્ષ્મ વનસ્પતિકાય :-

સુહુમસ્સ વણસ્સઇણો, જિઆ અણિત્થત્થસંઠિઆ હુંતિ ।
દેહાઇણા સુહુમભૂ–સરિસા અપરિત્તિયાઽણંતા ॥ ૩૦ ॥

અર્થ—સૂક્ષ્મ વનસ્પતિકાયના જીવો અનિયત સંસ્થાનવાળા છે તથા દેહાદિવડે સૂક્ષ્મ પૃથ્વીકાય તુલ્ય છે, પરંતુ અપરિત્તા પ્રત્યેક શરીર વિનાના[1] અને અનંતા છે. ૩૦.

બાદર વનસ્પતિકાય –

પત્તેઆ તહ સાહારણા ય, બાયરવણસ્સઈ દુવિહા ।
પઢમા દુવાલસવિહા, નેઆ એએહિં નામેહિં ॥ ૩૧ ॥

અર્થ—બાદર વનસ્પતિકાય પ્રત્યેક અને સાધારણ–એમ બે પ્રકારના છે, તેમાં પ્રત્યેક બાર પ્રકારના છે. ૩૧.

(૧) પ્રત્યેક વનસ્પતિકાય :-

રુક્ખા ગુચ્છા ગુમ્મા, લયા ય વલ્લી અ પવ્વગા ચેવ ।
તણવલયહરિતઓસહિ–જલરુહકુહણા ય બોધવ્વા ॥ ૩૨ ॥

અર્થ—૧. વૃક્ષ, ૨. ગુચ્છ, ૩. ગુલ્મ, ૪. લતા, ૫. વલ્લી, ૬. પર્વગા, (વચ્ચે ગાંઠવાળા), ૭. તૃણ, ૮. વલય, ૯. હરિત, ૧૦. ઔષધિ (ધાન્યાદિ), ૧૧. જળરૂહ અને ૧૨. કુહણા–એમ બાર નામ જાણવા. ૩૨.

એગટ્ઠિઅ અણેગટ્ઠિઆ ય, દુવિહા હવંતિ કિર રુક્ખા ।
પન્નવણોવંગાઓ, સેસવિઆરો અ બોધવ્વો ॥ ૩૩ ॥

અર્થ—તેમાં વૃક્ષ એકઅસ્થિ (બીજ)વાળા અને અનેકઅસ્થિ અનેક (બીજો)વાળા એમ બે પ્રકારના છે. પ્રજ્ઞાપના ઉપાંગથી તે સંબંધી વિશેષ વિચાર જાણવો. ૩૩.

જહ વા તિલસક્કુલિઆ, બહુએહિં તિલેહિં સંગયા સંતી ।
પત્તેઅસરીરાણં, તહ હુંતિ સરીરસંઘાયા ॥ ૩૪ ॥

અર્થ—જેમ તલસાંકળી બહુ તલવાળી હોય છે, તેમ પ્રત્યેક વનસ્પતિ પણ જુદા જુદા શરીરવાળા–જુદા જુદા જીવોના સમૂહરૂપ જાણવી. ૩૪.

જહ સગલ સરિસવાણં, સિલેસમિસ્સાણ વટ્ટિઆવટ્ટી ।
પત્તેકસરીરાણં, તહ હુંતિ સરીરસંઘાયા ॥ ૩૫ ॥

અર્થ—જેમ અનેક સરસવોની કોઇ ચીકણા પદાર્થવડે એક વાટ બનાવી હોય, તેમાં દરેક સરસવ જુદા જુદા હોય છે, તેમ પ્રત્યેક વનસ્પતિકાય જીવો જુદા જુદા શરીરના સમૂહવાળા જાણવા. ૩૫.

---

૧. એક શરીરમાં અનંતા જીવો છે તેથી.

(૨) સાધારણ વનસ્પતિકાય :-

આલુએ મૂલએ સિંગ-બેરે સિસ્સિરિલા તહા ।
કિટ્ટિઆ છીરિલિઆ હિરિલિ સિરલિ છીરબિરાલિઆ ॥ ૩૬ ॥

સૂરણકંદો ગ્વલ્લૂડ, કણ્હકંદો અ વયરકંદો અ ।
લોહીઅ ભદ્દ મુત્થા-પિંડ હરિદ્દા ણુહીથિભુઓ ॥ ૩૭ ॥

હયકણ્ણી હરિકણ્ણી, અવગો પણગો સિઉંઢિ ઉ મુસંઢી ।
સેવાલો વિ અ એવં, બાયરસાહારણા બહૂહા ॥ ૩૮ ॥

અર્થ—સાધારણ વનસ્પતિકાયના ભેદ-આલુકંદ, મૂળાના કાંદા, શૃંગવેર (આદુ), સીસ્સીરીલી; કીટ્ટીકા, ક્ષીરિકા, હિરિલિ, સિરલી અને ક્ષીરવિરાલિકા, સૂરણકંદ, ગલ્લુડ (ગીલોડા) કૃષ્ણકંદ, વજ્રકંદ, લોહિતકંદ, ભદ્રકંદ, મુસ્તાપિંડ (મોથ), હરિદ્રા (હળદર) સ્નુહી (થોર), સ્તિભુકા, હયકર્ણી (અશ્વકર્ણી), હરિકર્ણી (સિંહકર્ણી), અવક, પનક (પાંચ વર્ણની લીલફૂલ), સીકુંઢી, મુસંઢી, સેવાલ-આ પ્રમાણે અનેક પ્રકાર છે. ૩૬-૩૮.

ઉભએ વિ હુંતિ દુવિહા, અપજત્તા તહ ય ચેવ પજ્જત્તા ।
પજ્જત્તનિસ્સિઆ સિઅ, સંખઅસંખા અણંતા ય ॥ ૩૯ ॥

અર્થ—પ્રત્યેક અને સાધારણ વનસ્પતિ જીવો અપર્યાપ્ત અને પર્યાપ્ત-એમ બે પ્રકારના છે. તેમાં પર્યાપ્તાની નિશ્રાએ અપર્યાપ્તા કેટલાક સંખ્યાતા, કેટલાક અસંખ્યાતા ને કેટલાક અનંતા હોય છે. ૩૯.

બાયરપુઢવિસમાણં, દેહાઇદુવારચિંત્તણ નેઅં ।
નવરં નાણાસંઠાણ-સંઠિઆ હુંતિ દુવિહા વિ ॥ ૪૦ ॥

અર્થ—દેહાદિ દ્વારો બાદર પૃથ્વીકાય પ્રમાણે જાણવા. તેમાં વિશેષ એ કે બન્ને પ્રકારના વનસ્પતિકાયના સંસ્થાન અનેક પ્રકારના હોય છે. ૪૦.

પત્તેઅવણસરીરં, સમહિઅજોઅણસહસ્સપરિમાણં ।
ગોતિત્થાઇસુ નેઅં, પઉમાઈ પુઢવિપરિમાણં ॥ ૪૧ ॥

અર્થ—પ્રત્યેક વનસ્પતિકાયનું શરીર ઉત્કૃષ્ટ એક હજાર યોજનથી અધિક છે. તે સમુદ્રમાં રહેલા ગોતીર્થાદિમાં (ઊગેલા પદ્માદિકનું) જાણવું, કે જ્યાં જળથી પૃથ્વીનું પરિમાણ ઉત્સેધાંગુલથી એક હજાર યોજન ઊંડું હોય. ૪૧.

દસવાસસહસ્સાણિ અ, ઠિઈઓ ઉક્કોસઓ પવત્તવ્વા ।
અંતમુહુત્ત જહન્ના, દોગઈઆ તહ તિઆગઇઆ ॥ ૪૨ ॥

અર્થ—તેની ઉત્કૃષ્ટ સ્થિતિ દશ હજાર વર્ષની, જઘન્ય અંતર્મુહૂર્ત્તની. બેમાં ગતિ અને ત્રણમાંથી આગતિ એટલે તે મનુષ્ય અને તિર્યંચ ગતિમાં જાય છે અને દેવ, મનુષ્ય અને તિર્યંચ ગતિમાંથી તેમાં આવે છે. ૪૨.

પત્તેઆ અસ્સંખા, જીવા સાહારણા અણંતા ય ।
વણસ્સઇકાઓ ભણિઓ, થાવરકાયા ગયા એવં ॥ ૪૩ ॥

અર્થ—પ્રત્યેક વનસ્પતિકાય જીવો અસંખ્યાતા છે અને સાધારણ વનસ્પતિકાય જીવો અનંતા છે. આ પ્રમાણે વનસ્પતિકાય જીવોનું સ્વરૂપ કહ્યું.

તેમ જ ત્રણ પ્રકારના સ્થાવર જીવોનું વર્ણન પૂર્ણ થયું. ૪૩.

ત્રસકાય :–

તહ તસ જીવા તિવિહા, તેઊ વાઊ તહા ઉરાલતસા ।
તેઉકાયા સુહુમા, બાયરરૂવા દુહા હુંતિ ॥ ૪૪ ॥

અર્થ—ત્રસજીવો ત્રણ પ્રકારના છે. તેઉ, વાઉ અને ઉદારત્રસ, તેમાં તેઉકાય જીવો સૂક્ષ્મ અને બાદર એમ બે પ્રકારના છે. ૪૪.

સૂક્ષ્મ તેઉકાય :–

જહ સુહુમપુઢવિજીવા, તહ નેઆ સુહુમતેઉકાયજિઆ ।
સૂઈકલાવસંઠાણ–સંઠિઆ હુંતિ તે નવરં ॥ ૪૫ ॥

અર્થ—જેવા સૂક્ષ્મ પૃથ્વીકાય જીવો છે તેવા જ સૂક્ષ્મ તેઉકાય જીવો સમજવા. તેમાં એટલું વિશેષ કે તેઉકાય જીવો સોયના સમૂહના સંસ્થાનવાળા છે. ૪૫.

તિરિએસુ ણંતરુવ્વટ્ટિઊણ ગચ્છંતિ તેણિગગઈઆ ।
માણુસતિરિઅગઈઓ, ઉવિંતિ તેઉ અ દુઆગઈઆ ॥ ૪૬ ॥

અર્થ—તેઉકાયમાંથી નીકળીને તે જીવો અનંતર તિર્યંચ ગતિમાં જ ઉત્પન્ન થાય છે, તેથી તે એક ગતિવાળા છે અને તેમાં તિર્યંચ અને મનુષ્ય આવે છે તેથી બે આગતિવાળા છે. આ જીવો પ્રત્યેક છે અને અસંખ્યાતા છે. ૪૬.

બાદર તેઉકાય :–

પત્તે અ અસંખિજ્જા, પન્નતા સુહુમતેઉકાયજીઆ ।
બાયરતેઉકાયા, જિણપન્નત્તા અણેગવિહા ॥ ૪૭ ॥

ઇંગાલ અલાએ મુમ્મુર ચ્ચિ–જાલુકવિજ્જુસુદ્ધગણી ।
અસણી તહ નિગ્ઘાએ, સંઘરિસસમુટ્ઠિએ ચેવ ॥ ૪૮ ॥

रविकंतरयणनिस्सिअ पमुहा पज्जत्त तह अपज्जत्ता ।
पज्जत्तगनिस्साए वक्कमंति असंख अपज्जत्ता ॥ ४९ ॥

અર્થ—બાદર તેઉકાય જીવો જિનેશ્વરે અનેક પ્રકારના કહ્યા છે. અંગારા, અલાત, (ઉભાડીયાનુ) મુર્મુર, અર્ચિજ્વાલા, ઉલ્કા, વિદ્યુત, શુદ્ધ અગ્નિ, વજ્રનો અગ્નિ, નિર્ઘાત (પ્રહાર)થી અને સંઘર્ષણથી (કાષ્ઠાદિ ઘસાવાથી) ઉઠેલો અગ્નિ અને સૂર્યકાંત રત્નથી ઉપજેલા એવા અગ્નિના અનેક ભેદો છે.

તે પર્યાપ્તા અને અપર્યાપ્તા બે પ્રકારના છે. અને પર્યાપ્તાની નિશ્રાએ અસંખ્યાતા અપર્યાપ્તા ઉત્પન્ન થાય છે. ૪૭-૪૮-૪૯.

सुहुमग्गि समा णवरं, अंतमुहुत्तं ठिई जहण्णेणं ।
उक्कोसं तिण्णि दिणा, बायरपुढविव्व आहारो ॥ ५० ॥

અર્થ—બીજા દ્વારો સૂક્ષ્મ અગ્નિકાય પ્રમાણે છે, એટલું વિશેષ કે તેની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત્તની અને ઉત્કૃષ્ટ ત્રણ દિવસની છે. બાદર પૃથ્વીકાય પ્રમાણે આહાર છ દિશાનો હોય છે. ૫૦.

સૂક્ષ્મ વાયુકાય :–

वाउक्काइअ सुहुमा, जह तेउ नवरि तेसिं संठाणं ।
होइ पडागागारं, अह बायरवाउक्कायजिआ ॥ ५१ ॥

અર્થ—સૂક્ષ્મ વાયુકાય પણ તેઉકાય પ્રમાણે જ છે, પરંતુ તેનું સંસ્થાન પતાકાને આકારે છે. હવે બાદર વાયુકાય સંબંધી કહે છે. ૫૧.

બાદર વાયુકાય :–

पाईणाई दस दिसि, वायां उब्भामगा उ उक्कलिआ ।
मंडलिअगुंजवाए, संवट्टे झंझवाए अ ॥ ५२ ॥
घणतणुवाए सुद्धे, पज्जत्ताई अ होइ पुव्वं व ।
ओरालिअ वेउव्विअ–तेजसकम्मणतणू चउरो ॥ ५३ ॥

અર્થ—પૂર્વાદિ દસ દિશાના, ઉદ્ભ્રામક, ઉત્કલિક, મંડળીક, ગુંજાવાત, સંવર્ત-વાયુ, ઝંઝાવાત, ઘનવાત, તનુવાત તેમ જ શુદ્ધવાત આદિ વાયુકાયના ભેદો છે. તે પર્યાપ્તા વિગેરે પૂર્વે કહ્યા પ્રમાણે છે. તેને શરીર ઔદારિક, વૈક્રિય, તૈજસ અને કાર્મણ એ ચાર હોય છે. ૫૨–૫૩.

चउ वेउव्विअ वेअण, कसाय मरणंतिया समुग्घाया ।
वाससहस्सा तिन्नि अ, ठिई जहन्ना य अंतमुहू ॥ ५४ ॥

અર્થ—તેને વૈક્રિય, વેદના, કષાય અને મારણાંતિક એમ ચાર સમુદ્ઘાત હોય છે. તેની સ્થિતિ ઉત્કૃષ્ટ ત્રણ હજાર વર્ષની અને જઘન્ય અંતર્મુહૂર્ત્તની છે. ૫૪.

निव्वाघायाहारो, छद्दिसि वाघाइ तिचउपंचदिसिं ।
सेसद्दारा सव्वे, विन्नेआ सुहुमबाउव्व ॥ ५५ ॥

અર્થ—નિર્વ્યાઘાત સ્થાને રહેલા વાયુને છ દિશાનો આહાર હોય છે અને વ્યાઘાતવાળા સ્થાને ત્રણ, ચાર અને પાંચ દિશાનો હોય છે. (અહીં વ્યાઘાત અલોકનો સમજવો) ૫૫.

ઉદારત્રસ બેઇન્દ્રિય :-

ओरालतसा चउहा, बितिचउपंचिंदिआ य बोधव्वा ।
बेइंदिया य भणिआ, अणेगहा एहिं नामेहिं ॥ ५६ ॥

અર્થ—હવે ઉદારત્રસનું-સ્વરૂપ કહે છે-બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, અને પંચેન્દ્રિય એમ ચાર પ્રકારના જાણવા. તેમાં બેઇન્દ્રિયના નામ નીચે પ્રમાણે. ૫૬.

गंडोल पुलाकिमिआ, कुच्छिकिमिआ तहेव गोलोमा ।
सोमंगलगा नेउर-वंसीमुह चेव सुइमुहा ॥ ५७ ॥
घुल्ला खुल्ला संखा, संखणगा सुत्तिआ वराडा य ।
माइवह सुत्तिसंपुट-चंदणग समुद्दलिक्खा य ॥ ५८ ॥

અર્થ—ગંડોલા, પુલા (ગુદા)ના કરમીયા, કુક્ષિ (ઉદર)માં ઉત્પન્ન થતા કરમીયા, ગોલોમ, નેઉર, સોમંગલક, વંશીમુખ, શુચિમુખ, ઘુલ્લા (ઘુલિકા) ખુલ્લા (લઘુ), શંખ શંખનકા, શુક્તિકા (છીપ) અને વરાટકા (કોડા), માતૃવાહ (ચુડેલ), શુક્તિસંપુટ, (છીપ) ચંદનક (અક્ષ) અને સમુદ્રલિક્ષા વિગેરે બેઇન્દ્રિયના અનેક પ્રકારો જાણવા. ૫૭-૫૮.

पज्जत्ता अपजत्ता, ओरालिअतेअकम्मणकाया ।
ओगाहणा य बारस, जोअण अंगुल असंखसो ॥ ५९ ॥

અર્થ—તે પર્યાપ્તા અને અપર્યાપ્તા એમ બે પ્રકારના હોય તેને ઔદારિક, તૈજસ અને કાર્મણ એ ત્રણ શરીર તથા ઉત્કૃષ્ટ અવગાહના બાર યોજનની અને જઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગની હોય છે. ૫૯.

छेवट्ठं संघयणं, तेहट्ठिनिचया उ हुंड संठाणा ।
चउर कसाया सन्ना, तिन्नि अ तह पढमलेसा य ॥ ६० ॥

અર્થ—તેને છેવટ્ટું સંઘયણ અસ્થિના સમુહરૂપ અને હુંડકસંસ્થાન હોય છે. તે ચાર કષાયવાળા, ચાર સંજ્ઞાવાળા અને પ્રથમની ત્રણ લેશ્યાવાળા હોય છે. ૬૦

फासरसणे दुइंदिअ, वेयणमारणकसाय समुग्घाया ।
असन्निणो नपुंसग, पंच य पज्जत्ति अपज्जत्ती ॥ ६१ ॥

અર્થ—એમને સ્પર્શેંદ્રિય અને રસેંદ્રિય—એ બે ઇન્દ્રિયો છે. વેદના કષાય, અને મરણ—એ ત્રણ સમુદ્‌ઘાત હોય છે, તે અસંજ્ઞી અને નપુંસકવેદી, પાંચ પર્યાપ્તિએ પર્યાપ્તા અને અપર્યાપ્તા પણ હોય છે. ૬૧

सम्मदिट्ठी मिच्छा-दिट्ठी उ अचक्खुदंसणो हुंति ।
नाणी तह अन्नाणी-तणुजोगी वयणजोगी अ ॥ ६२ ॥

અર્થ—તેઓને સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ એમ બે દૃષ્ટિ, અચક્ષુદર્શન, (બે) જ્ઞાન અને બે અજ્ઞાન અને કાયયોગ તથા વચનયોગ —એમ બે યોગ હોય છે. ૬૨[1]

सागार अणागारो, उवओगो छद्दिसिं तु आहारो ।
नारयदेवाऽसंखाउ-वज्ज तिरिमणुअ उववाओ ॥ ६३ ॥

અર્થ—સાકાર અને અનાકાર—બે ઉપયોગ અને છએ દિશાનો આહાર હોય છે. દેવ, નરક અને અસંખ્યાત આયુવાળાને (યુગલિકને) વર્જીને બાકીના તિર્યંચ તથા મનુષ્યમાં ઉત્પન્ન થાય છે. (૬૩)

अंतमुहुत्त जहन्ना, ठिई उ वासाणि बारसुक्कोसा ।
समवहयासमवहया, मरंति संखाउ नरतिरिसु जंति ॥ ६४ ॥

અર્થ—જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ બાર વરસની હોય છે અને તે સમુદ્‌ઘાત કરીને અથવા સમુદ્‌ઘાત કર્યા વિના મરણ પામીને સંખ્યાતા આયુવાળા તિર્યંચ અને મનુષ્યમાં જાય છે. (૬૪)

दोआगइ अ दुगइआ, पत्तेअसरीरिणो असंखिज्जा ।
हुंति घणीकयलोग-स्सेगपएसिकसेढिसमा ॥ ६५ ॥

અર્થ—બે ગતિ અને બે આગતિ છે. પ્રત્યેક શરીરી છે, ઘનીકૃતલોકની એક પ્રદેશની એક શ્રેણીમાં રહેલા આકાશ—પ્રદેશ પ્રમાણ અસંખ્યાતા છે. ૬૫

તેઇન્દ્રિય :-

तेइंदिआ य कुंथू, पिपीलि उदेहिआ य रोहणिआ ।
तणहार पत्तहारा, कट्ठहारा य उक्कलिआ ॥ ६६ ॥
तणबिंटग फलबिंटग, मालुअ या पत्तबिंटग गोमहीया ।
तह इंदगोवया इंद-काइआ हत्थिसोंडा य ॥ ६७ ॥

અર્થ—કુંથુ, કીડી, ઉધઇ, રોહણીયા, તૃણાહારા, પત્રાહારા, કાષ્ઠાહારા, ઉત્કલિકા, તૃણબિંટકા, ફલબિંટકા, માલુકા, પત્રબિંટકા, ગોમહીકા (કાનખજુરા), ઇંદ્રગોપ, ઇંદ્રકાઇકા અને હસ્તીશુંડા. આદિ તેઇન્દ્રિયનાં પ્રકારો છે. ૬૬-૬૭

---

૧. આ ગાથામાં સમ્યગ્દૃષ્ટિ કહ્યા છે તે ભવાંતરથી આવતા સાસ્વાદન સમકિતી જીવોને અપર્યાપ્તાવસ્થામાં તે દૃષ્ટિ હોવાથી કહેલ છે, બે જ્ઞાન પણ તેની અપેક્ષાએ કહ્યા છે.

बेइंदिअव्व सव्वं, भावेअव्वं सरीरदाराई ।
ओगाहणा य गाउअ, तिण्णि अ तह इंदिअतिगं च ॥ ६८ ॥

અર્થ—શરીરાદિક સર્વદ્વારો બેઇન્દ્રિયની જેમ સમજવા વિશેષમાં અવગાહના ઉત્કૃષ્ટી ત્રણ ગાઉ તથા ઇન્દ્રિય ત્રણ હોય છે. ૬૮

अउणापन्नदिणाइं, उक्कोसठिई अ होइ बोधव्वा ।
अंतमुहुत्त जहन्ना, तहेव परिमाणदारं च ॥ ६९ ॥

અર્થ—ઉત્કૃષ્ટ સ્થિતિ ઓગણપચાસ દિવસની અને જઘન્ય અંતર્મુહૂર્ત્તની હોય છે અને પરિમાણ (સંખ્યા) બેઇંદ્રિય પ્રમાણે જાણવું. ૬૯

ચઉરિન્દ્રિયઃ—

चउरिंदिआ य भमरा, विचित्तपक्खा य मच्छिआ भिरली ।
जरुला नंदावत्ता, झिंगिरिडा कन्हपत्ता य ॥ ७० ॥
गंभीर अच्छिरोडा य, अच्छिवेहा तहेव सारंगा ।
इच्चेवमाइया पुण, विन्नेआ हुंति लोआओ ॥ ७१ ॥

ભમરા, વિચિત્ર પાંખવાળી માખી, ભીરલી, જરૂલા, નંદાવર્તા, ઝીંગિરિડા કૃષ્ણપત્રા, ગંભીર, અચ્છિરોડા, અક્ષિવેધા, સારંગ ઇત્યાદિ ચઉરિન્દ્રિયનાં પ્રકારો લોકથી (અન્ય શાસ્ત્રથી) જાણી લેવા. ૭૦-૭૧

दुविहा समासओ ति, नेअं बेइंदिअव्व देहाई ।
ओगाहणा य गाउअ, चत्तारि अ होइ उक्कोसा ॥ ७२ ॥

અર્થ—સંક્ષેપથી એ ચૌરિન્દ્રિય જીવો બે પ્રકારના (પર્યાપ્તા ને અપર્યાપ્તા) છે. તેના દેહાદિ દ્વાર બેઇન્દ્રિય પ્રમાણે જાણવા અને વિશેષમાં અવગાહનાં ઉત્કૃષ્ટથી ચાર ગાઉની જાણવી.

फास रसणा य नासा, चक्खू चत्तारि इंदिआइं च ।
छम्मासुक्कोसठिई, सेसं तु तहेव बोधव्वं ॥ ७३ ॥

અર્થ—તેને સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેંદ્રિય અને ચક્ષુ ઇન્દ્રિય એ ચાર ઇન્દ્રિયો હોય છે. ઉત્કૃષ્ટાયુ છ માસનું હોય છે. બાકીનું બેઇંદ્રિય પ્રમાણે જાણવું. ૭૩

પંચેન્દ્રિય-નારકી

पंचिंदिआ य चउहा, नेरईअ तिरिक्ख मणुअ देवा य ।
सत्तविहा नेरईआ, पुढवीभेएण पन्नत्ता ॥ ७४ ॥

અર્થ—પંચેન્દ્રિય જીવો ચાર પ્રકારના છે. નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવ. તેમાં નારકીનાં સાત પ્રકાર સાત પૃથ્વીના ભેદથી કહ્યા છે. ૭૪

पज्जत्तापज्जत्ता, वेउव्विअतेअकम्मणा काया ।
ओगाहणा य भवधारणिज्ज उत्तरवेउव्विआ चेव ॥ ७५ ॥

અર્થ—તે પર્યાપ્તા અને અપર્યાપ્તા બે પ્રકારના હોય છે. તેને વૈક્રિય, તૈજસ અને કાર્મણ એ ત્રણ શરીર તથા અવગાહના, ભવધારણીયની અને ઉત્તરવૈક્રિયની એમ બે પ્રકારની છે. ૭૫

अंगुलअसंखभागो, जहन्न ओगाहणा य मूलिल्ला ।
पंच य धणुस्सयाइं, पमाण उक्कोसओ होइ ॥ ७६ ॥

અર્થ—ભવધારણીય શરીરની જઘન્ય અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગની અને ઉત્કૃષ્ટી પાંચસો ધનુષ્ય પ્રમાણ હોય છે. ૭૬

सत्तममहीइ एअं, नेरईअतणूण होइ परिमाणं ।
संगहणीवित्तीओ, भावेअव्वं तु पइपुढविं ॥ ७७ ॥

અર્થ—આ ઉત્કૃષ્ટ શરીર સાતમી નરક પૃથ્વીમાં હોય છે [1]બાકીની પૃથ્વી માટે સંગ્રહણીની વૃત્તિમાંથી જાણી લેવું. ૭૭

संखिज्जो भागो अंगुलस्स बीआ जहन्नओ होइ ।
उक्कोस धणुसहस्सं, पइपुढवि तहेव बोधव्वं ॥ ७८ ॥

અર્થ—ઉત્તરવૈક્રિય શરીરની અવગાહના જઘન્ય અંગુલના સંખ્યાતમા ભાગની અને ઉત્કૃષ્ટ એક હજાર ધનુષ્યની સાતમી નરકની છે. ત્યારપછીની નરકમાં પૂર્વ પ્રમાણે અર્ધ અર્ધ સમજી લેવી. ૭૮

छण्हं संघयणाणं, अभावओ नारया असंघयणी ।
अट्ठिअभावे तेसिं, पुग्गलखंधुव्व तणुबंधो ॥ ७९ ॥

અર્થ—છ સંઘયણ નહીં હોવાથી નારકીને અસંઘયણી કહ્યા છે. કારણ કે તેમને અસ્થિનિચયનજ નથી અન્ય (મજબૂત) પુદ્ગલસ્કંધની જેવો તેના શરીરનો બાંધો છે. ૭૯

जे पुग्गला अणिट्ठा, अमणुन्ना ते अ परिणया हुंति ।
दुविहाणि सरीराणि अ, हुंडे नेआणि संठाणे ॥ ८० ॥

અર્થ—જે પુદ્ગલો અનિષ્ટ અને અમનોજ્ઞ હોય છે, તે તેને આહારપણે પરિણમે છે. તેના બન્ને પ્રકારના શરીરનું સંસ્થાન હુંડક હોય છે. ૮૦

---

૧ સાતમી પછી અર્ધ-અર્ધ પ્રમાણ હોય છે.

છઠ્ઠીમાં-૨૫૦ ધનુષ્ય પાંચમીમાં-૧૨૫ ધનુષ્ય ચોથીમાં ૬૨॥ ધનુષ્ય ત્રીજીમાં-૩૧। ધનુષ્ય બીજીમાં -૧૫॥ ધનુષ્ય અને ૧૨ અંગુલ પહેલીમાં ૭॥ ધનુષ્ય અને ૬ અંગુલ.

कोहो माणो माया, लोहो नेआ कसाय चउ सन्ना ।
लेसा तिन्नि अ एवं, पइ पुढवि हवंति नेअव्वा ॥ ८१ ॥

અર્થ—ક્રોધ, માન, માયા, અને લોભ એ ચાર કષાય, આહરાદિ ચાર સંજ્ઞા, ત્રણ લેશ્યા હોય છે. તે દરેક નરક પૃથ્વીમાં નીચે પ્રમાણે જાણવી. ૮૧

काऊ अ दोसु तइआइ, मीसिआ नीलिआ चउत्थीए ।
पंचमिआए मीसा, कण्हा तत्तो परमकण्हा ॥ ८२ ॥

અર્થ—પહેલી બે નરકમાં કાપોત, ત્રીજી નરકમાં કાપોત અને નીલ મિશ્ર, ચોથીમાં એકલી નીલ, પાંચમીમાં નીલ અને કૃષ્ણ મિશ્ર, છઠ્ઠીમાં કૃષ્ણ અને સાતમીમાં પરમ કૃષ્ણ લેશ્યા હોય છે. ૮૨

नेरइआ ते सन्नी, गब्भवक्कंतिएहिं जे जाया ।
संमुच्छिमा असन्नी, आइमपुढवीइ बोधव्वा ॥ ८३ ॥

અર્થ— સાતે પ્રકારની નારકીમાં સંજ્ઞી, ગર્ભજ પંચેંદ્રિય જીવો ઉત્પન્ન થાય છે અને અસંજ્ઞી સંમૂર્છિમ પંચેંદ્રિય તિર્યંચ પહેલી નરકપૃથ્વીમાં જ ઉત્પન્ન થાય છે. ૮૩

किं च-असन्नी खलु पढमं, दुच्चिं च सरीसवा तईअ पक्खी ।
सीहा जंति चउत्थिं, उरगा पुण पंचमिं पुढविं ॥ ८४ ॥
छट्ठिं च इत्थिआओ, मच्छा मणुआ य सत्तमिं पुढविं ।
एसो परमुववाओ, बोधव्वो नरयपुढवीसु ॥ ८५ ॥

અર્થ— અસંજ્ઞી તિર્યંચ જીવો પહેલી નરકમાં જ ઉત્પન્ન થાય છે. ભુજપરિસર્પ બીજી નરક સુધી, પક્ષી ત્રીજી નરક સુધી, સિંહાદિ ચતુષ્પાદ ચોથી નરક સુધી, ઉરપરિસર્પ પાંચમી નરક સુધી, સ્ત્રી છઠ્ઠી નરક સુધી ઉત્પન્ન થાય અને મત્સ્ય અને મનુષ્યો સાતમી નરક સુધી ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે નરકપૃથ્વીમાં ઉત્કૃષ્ટ ઉપપાત (ઉપજવાપણું) જાણવો. ૮૪-૮૫

वेए नपुंसए छय, पज्जत्तीओ अ छच्च अपज्जत्ता ।
सम्मा य सम्ममिच्छा, मिच्छादिट्ठी तहा तेसिं ॥ ८६ ॥

અર્થ—તેમને વેદ નપુંસક, છ પર્યાપ્તિ, તથા અપર્યાપ્તાવસ્થા પણ હોય છે, (પરંતુ અપર્યાપ્તાવસ્થામાં તે મરણ પામતા નથી.) તેને સમ્યગ્દૃષ્ટિ, મિશ્રદૃષ્ટિ ને મિથ્યાદૃષ્ટિ –એમ ત્રણે દૃષ્ટિઓ હોય છે. ૮૬

चक्खू अचक्खु ओही, नारयजीवाण दंसणं तिविहं ।
आभिणिबोहिअ सुअ ओहि, नाणिणो एवमन्नाणी ॥ ८७ ॥

અર્થ :—એમને ચક્ષુ, અચક્ષુ અને અવધિદર્શન એ ત્રણ દર્શન, આભિનિબોધિક (મતિ), શ્રુત અને અવધિજ્ઞાન–એ ત્રણ જ્ઞાન અને મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન એ ત્રણ અજ્ઞાન હોય છે.[1] ૮૭

मणवयणकायजोगी, सागारागारसहिअ उवओगो ।
कालाणि जाणि दव्वाणि, छद्दिसिं तेसिमाहारो ॥ ८८ ॥

અર્થ :—તેમને મન, વચન, અને કાયયોગ, સાકાર અને અનાકાર ઉપયોગ હોય છે અને જે (અશુભ) કાળા દ્રવ્યો તેનો છએ દિશાનો આહાર હોય છે. ૮૮

उववाओ असंखाऊ, वज्जिअ पज्जत्ततिरिअमणुआओ ।
तित्तीस य उक्कोसा. ठिई उ दसवाससहसिअरा ॥ ८९ ॥

અર્થ :—તેઓ અસંખ્યાયુ સિવાયના પર્યાપ્તા તિર્યંચ અને મનુષ્યમાંથી ઉત્પન્ન થાય છે અને તેઓની ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીશ સાગરોપમની અને જઘન્ય દશ હજાર વર્ષની છે. ૮૯

मरणसमुग्घाएणं, मरंति तह अन्नहा वि नेरईआ ।
उव्वट्टिऊण गच्छंति, सन्निसंखाउ नरतिरिसु ॥ ९० ॥

અર્થ :—તે મરણ સમુદ્‌ઘાતથી અને અન્યથા પણ મરે છે તેમાંથી નીકળીને તે સંજ્ઞી સંખ્યાતા આયુવાળા મનુષ્ય અને તિર્યંચમાં ઉત્પન્ન થાય છે. ૯૦

नेरइआ दोगइआ, दोआगईआ य हुंति पत्तेआ ।
असंखिज्जा एवं, नेआ नेरइअ तेवीसी ॥ ९१ ॥

અર્થ—નારકીના જીવો બે ગતિ, અને બે આગતિવાળા હોય છે. પ્રત્યેક શરીરી છે. સંખ્યાથી અસંખ્યાતા છે. આ પ્રમાણે નારકીના ત્રેવીશ દ્વાર જાણવા. ૯૧

૨. તિર્યંચ પંચેન્દ્રિય :–

संमुच्छिमा य गब्भय, पंचिंदिअतिरिअजोणिआ दुविहा ।
जलयर थलयर खयरा. तिविहा संमुच्छिमा तिरिआ ॥ ९२ ॥

અર્થ—પંચેંદ્રિય તિર્યંચયોનિવાળા જીવો સંમૂર્છિમ અને ગર્ભજ–એમ બે પ્રકારના હોય છે. સંમૂર્છિમ તિર્યંચ જળચર, થળચર અને ખેચર એમ ત્રણ પ્રકારના છે. ૯૨.

સંમૂર્ચ્છિમ જલચર :–

पंचविहा जलचारी, मच्छा तह कच्छभा य मगरा य ।
गाहा य सुंसमारा, तत्थ य मच्छा अणेगविहा ॥ ९३ ॥

અર્થ—જળચર જીવો પાંચ પ્રકારના છે. મચ્છ, કાચબા, મગર, ગાહા (જળ-તંતુ) અને સુસુમાર (પાડા જેવા), તેમાં મચ્છો અનેક પ્રકારના હોય છે. ૯૩.

---

૧. આમાં પણ જે અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય પહેલી નરકમાં આવે છે તેને બે અજ્ઞાનવાળા જાણવા.

जुंगमच्छ सण्हमच्छा, खवल्लमच्छा य लिहिअमच्छा य ।
तह चिब्भडिआ मच्छा, रोहिअमच्छा य गग्गरिआ ॥ ९४ ॥
नक्का तंदुलमच्छा, तिमिंगिला वडगरा वडातिमिआ ।
कणिगा लंभणमच्छा, तह य पडागा अइपडागा ॥ ९५ ॥

અર્થ—જુંગમત્સ્ય, સન્હમત્સ્ય, ખવલ્લમત્સ્ય, લિહિઅમત્સ્ય, ચિર્ભટીયમત્સ્ય, રોહિતમત્સ્ય, ગર્ગરીકમત્સ્ય, નક્રમત્સ્ય, તંદુલમત્સ્ય, તિમિંગિલમત્સ્ય, વડગરમત્સ્ય, વડાતિમિઅમત્સ્ય, કણિક્કમત્સ્ય, લંભણમત્સ્ય, પતાકામત્સ્ય, અતિપતાકામત્સ્ય. ૯૪–૯૫.

मंसट्ठिमया दुविहा, कच्छभ जलचारिणो तहा गाहा ।
मुदुगा य दिली वेढग, सीमागारा पुलागक्खा ॥ ९६ ॥

અર્થ—કાચબા બે પ્રકારના છે. માંસમય અને અસ્થિમય તથા ગાહા પાંચ પ્રકારના છે, મુદુકા, દ્વિલી, વેઢક, સીમાકારા અને પુલાક નામના છે. ૯૬.

दुविहा मगरा नेआ, सोंडयमगरा य मट्ठमगरा य ।
भणिआ य सुंसमारा, एगागारा जिणिंदेहिं ॥ ९७ ॥

અર્થ—મગર જાતિના જળચર બે પ્રકારના છે. સુંઢવાળા અને મૃષ્ટમગર (સુંઢ વિનાના) સુસમાર એક જ પ્રકારના જિનેશ્વરોએ કહ્યા છે. ૯૭.

સંમૂર્ચ્છિમજલચર :—

पज्जत्तापज्जत्ताण-मेसि पंचविहनीरचारीणं ।
देहाइदारविंदं, नेअं चउरिंदियसमाणं ॥ ९८ ॥

અર્થ—પાંચે પ્રકારના (સંમૂર્ચ્છિમ) જળચર પર્યાપ્તા અને અપર્યાપ્તા એમ બે પ્રકારના હોય છે. દેહાદિ દ્વાર ચઉરિન્દ્રિય પ્રમાણે જાણવો. ૯૮.

ओगाहणा य नवरं, जहन्न अंगुलअसंखभागो अ ।
जोअणसहस्समिअरा, इंदिअपणगं तह असन्नी ॥ ९९ ॥

અર્થ—એટલું વિશેષ કે સંમૂર્છિમ જળચરની અવગાહના જઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગની અને ઉત્કૃષ્ટ એક હજાર યોજનની છે. તેને ઇંદ્રિયો પાંચ હોય છે અને અસંજ્ઞી હોય છે. ૯૯.

संखाउअ तिरिमणुआ, उववाओ ठिइ जहन्नमंतमुहू ।
उक्कोस पुव्वकोडी, उवजंति अ गइचउक्के ॥ १०० ॥

અર્થ—સંખ્યાતા આયુષ્યવાળા તિર્યંચ અને મનુષ્ય તેમાં ઉત્પન્ન થાય છે. તેની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ ક્રોડ પૂર્વ વર્ષની હોય છે. તે મરણ પામીને ચારે ગતિમાં ઉત્પન્ન થાય છે. ૧૦૦.

नरएसु पढमपुढवी, तीरिआ सव्वे वि कम्मभूमणूआ
भवणवइ वाणमंतर–सुरा य अन्नेसु पडिसेहो ॥ १०१ ॥

અર્થ—નારકીમાં જાય તો પહેલી નરકમાં જ જાય તથા મનુષ્ય અને તિર્યંચમાં જાય, તો કર્મભૂમિમાં જ જાય, દેવગતિમાં જાય તો ભવનપતિ અને વાણવ્યંતરમાં જાય છે. અન્યત્ર જવાનો નિષેધ છે. ૧૦૧.

સંમૂર્ચ્છિમ સ્થલચર :—

चउगइअ दुआगइआ, पत्तेअसरीरिणो असंखिज्जा ।
चलयर तिरिआ दुविहा, चउप्पया तह य परिसप्पा ॥ १०२ ॥

અર્થ—તેઓની ચારમાંથી ગતિ અને બેમાંથી આગતિ છે. પ્રત્યેક શરીરી છે. સંખ્યાથી અસંખ્યાતા છે. સ્થલચર તિર્યંચ બે પ્રકારના હોય છે. ચતુષ્પદ અને પરિસર્પ. ૧૦૨.

સ્થલચર ચતુષ્પદ :–

एगखुरा तह दुखुरा, गंडीपया सण(ख)प्पया चउहा ।
चउपय तिरिआ एवं, एगखुरा तत्थिमे नेआ ॥ १०३ ॥

અર્થ—તેમાં ચતુષ્પદના ભેદો આ પ્રમાણે છે–એક ખરીવાળા, બે ખરીવાળા, ગંડીપદા અને સનખપદા–એમ ચાર પ્રકારના છે. તેમાં એકખુરા આ પ્રમાણે જાણવા. ૧૦૩.

अस्सा अस्सतरा घोडगा य, जह गद्दभा य गोरखुरा ।
आवत्ता कंदलगा, सिरिकंदलगाइ एगखुरा ॥ १०४ ॥

અર્થ—અશ્વ, અશ્વતર (ખચ્ચર), ઘોટક, ગર્દભ (ગધેડા), ગોરખુરા, આવર્ત, કંદલક અને શ્રીકંદલક વિગેરે એકખુરા છે. ૧૦૪.

उट्टा गोणा गवया, महिस वराहा य एलगा य अजा ।
गोकन्ना य कुरंगी, चमरी सरभाइआ दुखुरा ॥ १०५ ॥

અર્થ—[1]ઊટ્ટ, ગોણ (બળદ), ગવય (રોઝ), મહિષ (ભેંશ), વરાહ (ભુંડ), એલગા (બોકડા), અજા (બકરી), ગોકર્ણ, કુરંગી (હરિણી), ચમરી અને શરભ (અષ્ટાપદ) વિગેરે બે ખુરાવાળા જાણવાં. ૧૦૫.

हत्थी अ हत्थपुअण, मंकुणहत्थी अ खग्गगेंडा य
गंडीपयनामाणो, इच्चाईआ अणेगविहा ॥ १०६ ॥

અર્થ—હાથી, હસ્તિપુતન, મંકુણહસ્તી, ખગા (ખડગા) અને ગેંડા વિગેરે અનેક પ્રકારના ગંડીપદ હોય છે. ૧૦૬.

---

૧. આ ઊટ્ટ કોઈ બીજી જાતિ લાગે છે. બાકી જે ઊંટ છે તે તો ગંડીપદમાં ગણાય.

सीहा वग्घा दीविअ, अच्छतरच्छा य चित्तगा सुणगा ।
सीआला चित्तलगा, ससगाइ सणखप्पया नेआ ॥ १०७ ॥

અર્થ—સિંહ, વાઘ, દ્વીપડા, અચ્છ (રીંછ), તરચ્છ, ચિત્રા, કુતરા, શિયાળ, ચિત્તલગા (ચિત્તા) અને સસલા વિગેરે સનખપદવાળા જાણવા. ૧૦૭.

एएसिं पज्जत्ता-पज्जत्ताणं च जलयरसमाणा ।
देहादिदारचिंता, कायव्वा तह विसेसोयं ॥ १०८ ॥

અર્થ—આ ચારે પ્રકારના ચતુષ્પદ પર્યાપ્તા અને અપર્યાપ્તા છે. તેમનો જળચર સમાન દેહાદિ દ્વારનો વિચાર કરવો. તેમાં વિશેષ આ પ્રમાણે છે.–૧૦૮.

ओगाहणा य अंगुल-असंखभागो जहन्निआ होइ ।
गाउअपुहत्तमेसिं, उक्किट्ठं देहपरिमाणं ॥ १०९ ॥

અર્થ—જઘન્ય અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગની અને ઉત્કૃષ્ટ ગાઉ-પૃથક્ત્વ હોય છે. ૧૦૯.

अंतमुहुत्त जहन्ना, ठिई अ उक्कोसओ पवत्तव्वा ।
चुलसीइ सहस्साणि अ, वरिसाणि तहेव सेसं तु ॥ ११० ॥

અર્થ—જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત્તની અને ઉત્કૃષ્ટ સ્થિતિ ચોરાશી હજાર વર્ષની છે, બાકીનું તે જ પ્રમાણે (જળચર પ્રમાણે) જાણવું. ૧૧૦.

સ્થલચર પરિસર્પ :–

अह य परिसप्प थलयर, उरभुअपरिसप्पभेअओ दुविहा ।
उरपरिसप्पा सप्पा, तत्थ य दुविहा अही नेआ ॥ १११ ॥

અર્થ—હવે થળચર પરિસર્પ બે પ્રકારના છે–ઉરપરિસર્પ અને ભુજપરિસર્પ. તેમાં ઉરપરિસર્પ તે બે પ્રકારના સર્પ જાણવા. ૧૧૧.

સંમૂર્ચ્છિમ ઉરપરિસર્પ :-

दव्वीकरा य तह मउलिणो अ दव्वीकरा अणेगविहा ।
आसीविस दिट्ठीविस, उग्गविसा चेव भोगविसा ॥ ११२ ॥
तहय तयाविस लालाविसा य निस्सासविसा य किण्हाही ।
सेआहि दब्भपुप्फा, काकोदर सेलिमिंढा य ॥ ११३ ॥

અર્થ—દર્વીકર (ફણાવાળા) અને મુકુલિ (ફણા વિનાના). તેમાં દર્વીકર અનેક પ્રકારના જાણવા. તે આ પ્રમાણે–આશીવિષ દૃષ્ટિવિષ, ઉગ્રવિષ, ભોગવિષ, ત્વચાવિષ, લાલાવિષ, નિઃશ્વાસવિષ, કૃષ્ણસર્પ, શ્વેતસર્પ, દર્ભ, પુષ્પ, કાકોદર અને સેલિમિંઢ. ૧૧૨–૧૧૩.

मउलि अ सप्पा भणिआ, अणेगहा नाणदंसणधरेहिं ।
दिव्वा गोणसरूवा, एगागारा अयगरा य ॥ ११४ ॥

અર્થ—જ્ઞાનદર્શનને ધારણ કરનારા પરમાત્માએ મુકુલિ જાતિના સર્પ અનેક પ્રકારના કહ્યા છે. દીવ્ય, ગોણસ, એકાકાર અને અજગર વિગેરે. ૧૧૪

पन्नवणाए भणिअं, आसालिअ मणुअखित्तमज्झम्मि ।
अड्ढाइअ दीवेसुं, पन्नरससु कम्मभूमीसु ॥ ११५ ॥

અર્થ—પ્રજ્ઞાપનાસૂત્રમાં કહ્યું છે કે-આસાલિક જાતિના સર્પ મનુષ્યક્ષેત્રમાં એટલે અઢી દ્વીપમાં પંદર કર્મભૂમિમાં જ હોય છે. ૧૧૫.

मुच्छइ निव्वाघायं, वाघाए पुण महाविदेहेसु ।
नासे उवट्टिअंमि अ, नगरनिवेसाइ ठाणेसु ॥ ११६ ॥

અર્થ—દશ ક્ષેત્રમાં નિર્વ્યાઘાત સ્થાનમાં અને પાંચ મહાવિદેહમાં વ્યાઘાત સ્થાનમાં ઉત્પન્ન થાય છે. તથા અંત સમયે નગર અને નિવેશ વિગેરે સ્થાનમાં (અધોભાગે) આવે છે. ૧૧૬.

तह चक्किरामकेसव-मंडलिआणं च खंधवारेसु ।
एसिं हिट्ठा भूमिं, दलइत्तासालिआ होइ ॥ ११७ ॥

અર્થ—તેમજ ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ અને મંડલિક રાજાના સ્કંધાવાર (સૈન્યની છાવણી) નીચેની ભૂમિમાં પોલાણ કરીને આસાલિકા સર્પ આવે. ૧૧૭.

अंगुल असंखभागो, जहन्न जोअणदुवालसुक्कोसो ।
देहो विक्खंभो तह, बाहल्लं तदणुमाणेणं ॥ ११८ ॥

અર્થ—આ ઉરપરિસર્પનું જઘન્ય શરીર અંગુલના અસંખ્યાતમા ભાગનું અને ઉત્કૃષ્ટ બાર યોજનનું હોય છે. આ દેહની લંબાઇ જાણવી અને જાડાઈ તેના અનુસારે જાણવી. ૧૧૮.

मिच्छादिट्ठी निअमा, अन्नाणजुआ असन्निणी अ तहा ।
आसालिग संमुच्छिम, अंतमुहुत्ताउआ होइ ॥ ११९ ॥

અર્થ—તે આસાલિક સર્પનિયમ મિથ્યાદૃષ્ટિ એ અજ્ઞાનવાળા તથા અસંજ્ઞી છે. અને તે સંમૂર્છિમ અને અંતર્મુહૂર્ત્તના આયુષ્યવાળા હોય છે. ૧૧૯.

एगे महोरगा इह, अंगुलमित्ता य अंगुलपुहत्तं ।
रयणी रयणिपुहत्तं, कुच्छी कुच्छीपुहत्ता वि ॥ १२० ॥

धणुहं धणुहपुहत्तं, गाउअ गाउअपुहत्तमित्ता वि ।
तह जोअणं च जोअण-पुहत्तिआ जोअणसयं च ॥ १२१ ॥
जोअणसयप्पुहत्तं, उक्कोसेणं महोरगा हुंति ।
उववज्जंति थलिच्चिअ, विचरंति थले अ सलिले अ ॥ १२२ ॥

અર્થ—કેટલાક મહાસર્પો અંગુલ માત્ર, અંગુલપૃથક્ત્વ, હસ્ત, હસ્તપૃથક્ત્વ, કુક્ષિ (બે હાથ) અને કુક્ષિપૃથક્ત્વ, ધનુષ, ધનુષપૃથક્ત્વ, ગાઉ, ગાઉપૃથક્ત્વ, યોજન, યોજનપૃથક્ત્વ, સો યોજન તથા યોજનશતપૃથક્ત્વ, ઉત્કૃષ્ટ શરીરવાળા હોય છે. તેઓ નિશ્ચે સ્થળમાં ઉત્પન્ન થાય છે અને સ્થળ તથા જળમાં વિચરે છે. ૧૨૦-૧૨૧-૧૨૨.

अंतो मणुस्सखित्ते, न हवंति अ तेण ते न दीसंति ।
तत्थ ह गिरिसुरनगरी-ठाणेसु थले अ जायंति ॥ १२३ ॥

અર્થ—આ મહોરગો મનુષ્યક્ષેત્રમાં હોતા નથી, તેથી તેઓ દેખાતા નથી. તે અઢી દ્વીપની બહાર પર્વત અને દેવનગરીઓના સ્થાનમાં અને અન્ય સ્થળમાં ઉત્પન્ન થાય છે. ૧૨૩.

उरपरिसप्पा नेआ, जे अन्ने हुंति सप्परूवा य ।
पज्जत्तापज्जत्ता, जलयरतुल्लं सरीराइं ॥ १२४ ॥

અર્થ—જે બીજા સર્પરૂપ હોય તેને પણ ઉરપરિસર્પ જાણવા. તેઓ પર્યાપ્તા અને અપર્યાપ્તા હોય છે. તેના શરીરાદિ દ્વાર જળચર સમાન જાણવા. ૧૨૪.

ओगाहणा जहन्ना, नवरं अंगुलअसंखभागो अ ।
उक्कोसओ अ जोअण सयपुहत्तं विणिद्दिट्ठं ॥ १२५ ॥

અર્થ—વિશેષમાં તેમની જઘન્ય અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગની હોય છે અને ઉત્કૃષ્ટ યોજનશતપૃથક્ત્વ કહેલ છે. ૧૨૫.

तेवन्नवाससहसा, ठिई अ उक्कोसओ हवइ एसिं ।
अंतमुहुत्त जहन्ना, सेसं तु तहेव बोधव्वं ॥ १२६ ॥

અર્થ—તેની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત્તની અને ઉત્કૃષ્ટ ૫૩ હજાર વર્ષની જાણવી. બાકીના દ્વાર પૂર્વ પ્રમાણે જાણવા. ૧૨૬.

સંમૂર્છિમ ભુજપરિસર્પ :

भुअपरिसप्पा गोहा, नउला सरडा घरोइला सारा ।
खारा च्छीरविरालिअ, देसविसेसा बहू एए ॥ १२७ ॥

અર્થ—હવે ભુજપરિસર્પનું સ્વરૂપ કહે છે. તે ગોધા (ઘો), નોળીઆ, સરડા (કાકીડા), ગરોળી, સારા, ખારા, ક્ષીરવિરાળી (ખીસકોલી) વિગેરે દેશ વિશેષે અનેક પ્રકારના જાણવા. ૧૨૭.

पज्जत्तापज्जत्ताण–मेसि देहाइ पुव्वमिव नवरं ।
अंगुलअसंखभागो–वगाहणा धणुपुहत्तं च ॥ १२८ ॥

અર્થ—તે પર્યાપ્તા અને અપર્યાપ્તા એમ બે પ્રકારના છે. એના દેહાદિ દ્વાર પૂર્વની જેમ જાણવા. તેમાં એટલું વિશેષ કે તેની જઘન્ય અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગની અને ઉત્કૃષ્ટ ધનુષ્યપૃથક્ત્વની જાણવી. ૧૨૮.

बायालीस सहस्सा, वासाणि अ एसिमाउमुक्किट्ठं ।
अंतमुहुत्त जहन्नं, थलयरजीवाण विन्नेअं ॥ १२९ ॥

અર્થ—એનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૪૨,૦૦૦ વર્ષનું અને જઘન્ય અંતર્મુહૂર્ત્તનું જાણવું. આ પ્રમાણે થલચરનું સ્વરૂપ કહ્યું. ૧૨૯.

સંમૂર્છિમ ખેચર :

खयरा चउहा भणिआ, चम्मपक्खी अ लोमपक्खी अ ।
तईआ समुग्गपक्खी, तह य चउत्था वियपक्खी ॥ १३० ॥

અર્થ—હવે ખેચરનું સ્વરૂપ કહે છે–ખેચરો (પક્ષી) ચાર પ્રકારનાં છે. ચામડાંની પાંખવાળાં, રૂવાંડાની પાંખવાળા, સમુદ્ગપક્ષી અને વિતતપક્ષી. ૧૩૦.

(સમુદ્ગપક્ષી જેની પાંખો ભેળી થયેલી જ રહે એવા અને વિતતપક્ષી જેની પાંખ વિસ્તરેલી જ રહે એવા જાણવાં.)

वग्गुलि अडिल जलोआ, जीवंजीवा समुद्दकागा य ।
मारंडपक्खिपमुहा, अणेगहा चम्मपक्खी अ ॥ १३१ ॥

અર્થ—વાગોળ, અડીલ, જલૌકા (ચામચીડીયા), જીવંજીવ, સમુદ્રકાક અને ભારંડપક્ષી વિગેરે ચામડાની પાંખવાળા જાણવાં. ૧૩૧.

ढंका कंका कुरला, चक्खागा वायसा तहा हंसा ।
कलहंसरायहंसा, सुगपमुहा लोमपक्खी अ ॥ १३२ ॥

અર્થ—ઢંક, કંક, કુરલ (તેતર), ચક્ખાકા (ચકલા), વાયસ (કાગડા), હંસ, કલહંસ, રાજહંસ અને શુક (પોપટ) વિગેરે લોમપક્ષીઓ જાણવાં. ૧૩૨.

एगागारा हुंति अ, समुग्गपक्खी अ विअयपक्खी अ ।
माणुसनगाओ बाहिं, हवंति तेणं न दीसंति ॥ १३३ ॥

અર્થ—સમુદ્ગપક્ષી અને વિતતપક્ષી એક આકારવાળા હોય છે અને તે માનુષોત્તર પર્વતની બહાર હોય છે તેથી તે અહીં દેખાતાં નથી. ૧૩૩.

पज्जत्तापज्जत्ता, जलयरतुल्लं तु होइ देहाई ।
अंगुलअसंखभागो, उक्किट्ठं धणुपुहत्तं च ॥ १३४ ॥

અર્થ—તે પર્યાપ્તા અને અપર્યાપ્તા બે પ્રકારના હોય છે. તેના દેહાદિ દ્વાર જળચર પ્રમાણે જાણવા. એટલું વિશેષ કે તેની જઘન્ય અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગની અને ઉત્કૃષ્ટ ધનુષ્યપૃથક્ત્વની હોય છે. ૧૩૪.

बावत्तरि संवच्छर–सहसाणि अ एसिमाउ उक्किट्ठं ।
अंतमुहुत्त जहन्नं, संगहणीगाहदुगमेअं ॥ १३५ ॥

અર્થ—એનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૭૨ હજાર વર્ષનું અને જઘન્ય અંતર્મુહૂર્તનું હોય છે. આ વિષયને જણાવનારી સંગ્રહણી પ્રકરણની બે ગાથા નીચે પ્રમાણે છે. ૧૩૫.

जोअणसहस्स गाउअ–पहुत्त जोयणसयप्पहुत्तं च ।
धणुहपहुत्तं मुच्छिम जलथलुरगभुअगपक्खीणं ॥ १३६ ॥

અર્થ—હજાર યોજન, ગાઉપૃથક્ત્વ, યોજનશતપૃથક્ત્વ, અને ધનુષ્યપૃથક્ત્વ સંમૂચ્છિમ જળચર, થળચર (ચતુષ્પદ), ઉરપરિસર્પ, ભુજપરિસર્પ ને પક્ષીનું શરીર અનુક્રમે જાણવું. (આમાં ભુજપરિસર્પનું ને પક્ષીનું–બન્નેનું ધનુષ્યપૃથક્ત્વ જાણવું. ૧૩૬.

संमुच्छ पुव्वकोडी, चउरासीई भवे सहस्साइं ।
तेवन्ना बायाला, बावत्तरिमेव पक्खीणं ॥ १३७ ॥

અર્થ—ક્રોડપૂર્વ, ૮૪૦૦૦ વર્ષ, ૫૩૦૦૦ વર્ષ, ૪૨૦૦૦ વર્ષ અને ૭૨૦૦૦ વર્ષનું આયુષ્ય સંમૂર્ચ્છિમ જળચર, ચતુષ્પદ, ઉરપરિસર્પ, ભુજપરિસર્પ અને પક્ષીનું અનુક્રમે જાણવું. ૧૩૭.

ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય :

गब्भयतिरिआ जलयर थलयर खयरा तिहा विणिद्दिट्ठा ।
मच्छाइ पंचरूवा, तहेव जलचारिणो नेआ ॥ १३८ ॥

અર્થ—હવે ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિયનું સ્વરૂપ કહે છે. તે જળચર, સ્થળચર અને ખેચર એમ ત્રણ પ્રકારના કહ્યા છે. તેમાં જળચર પ્રથમ કહ્યા પ્રમાણે મત્સ્યાદિ પાંચે જાતિના જાણવા. ૧૩૮.

ગર્ભજ જલચર :

संमुच्छिम व्व देहाइ–दारचिंता तहा विसेसो अ ।
चत्तारि सरीराणि अ, विउव्विअस्सादिभावाओ ॥ १३९ ॥

અર્થ—સંમૂર્ચ્છિમ પ્રમાણે દેહાદિ દ્વારનો વિચાર જાણવો. તેમાં એટલું વિશેષ કે–શરીર વૈક્રિય સહિત ચાર જાણવા. તેમાં વૈક્રિય નવું કરવાનું હોવાથી સાદિસાંત જાણવું. ૧૩૯.

ओगाहणापमाणं, उक्किट्ठं होइ जोअणसहस्सं ।
संघयणा संठाणा, सव्वे वि हवंति एएसिं ॥ १४० ॥

અર્થ—અવગાહના ઉત્કૃષ્ટ એક હજાર,[1] યોજનની, સંઘયણ અને સંસ્થાન છએ જાણવા. ૧૪૦.

छच्च वि लेसा तेसिं, सुक्कलेसा वि होइ केसिं पि ।
वेउव्वितेएण सहिआ, पंच य तेसिं समुग्घाया ॥ १४१ ॥

અર્થ—તેને છએ લેશ્યા હોય છે, કારણ કે કોઇક જીવને શુકલ લેશ્યા પણ હોય છે. વૈક્રિય અને તૈજસ સહિત તેને સમુદ્ઘાત પાંચ હોય છે. ૧૪૧.

सन्नी वेआ तिन्नि वि, पंच य पज्जत्ति पंच अपज्जत्ती ।
भासामणपज्जत्ती, एगत्तं तेण नो छक्कं ॥ १४२ ॥

અર્થ—તે સંજ્ઞી (મનવાળા) હોય છે. તેને ત્રણ વેદ, અને પાંચ પર્યાપ્તિ, તેમ જ અપર્યાપ્તાને પણ પાંચ પર્યાપ્તિ હોય છે. ભાષા અને મનપર્યાપ્તિ એક સાથે થતી હોવાથી પર્યાપ્તાને પણ છ પર્યાપ્તિ કહી નથી. (પાંચ કહી છે.) ૧૪૨.

सम्मा सम्मामिच्छा, मिच्छादिट्ठी अ दंसणतिगं च ।
चक्खु अचक्खू ओही, मइ सुअ ओही अ नाणतिगं ॥ १४३ ॥

અર્થ—સમ્યગ્, મિશ્ર અને મિથ્યા એ ત્રણ દૃષ્ટિ હોય છે. ચક્ષુ; અચક્ષુ અને અવધિ એ ત્રણ દર્શન અને મતિ, શ્રુત અને અવધિ—એ ત્રણ જ્ઞાન હોય છે. ૧૪૩.

एवं अन्नाणतिअं, मिच्छादिट्ठीण जलयरजीआणं ।
जोगुवओगो नारय व्व; संखाउअ सयलतिरियाणं ॥ १४४ ॥

અર્થ—એ પ્રમાણે મિથ્યાત્વી જળચર જીવોને ત્રણ અજ્ઞાન, નારકીની જેમ ત્રણે યોગ તથા બંને પ્રકારના ઉપયોગ અને સંખ્યાતા આયુવાળા સર્વ (જળચર) તિર્યંચો હોય છે. ૧૪૪.

संखाउअमणुएहिं, चउहिं वि देवेहिं जा सहस्सारो ।
उववाओ जलयराणं, परओ जीवाण पडिसेहो ॥ १४५ ॥

અર્થ—જળચર તિર્યંચ સંખ્યાતા આયુવાળા મનુષ્ય, તિર્યંચ, દેવ તથા નારક એમ ચારે ગતિમાં ઉત્પન્ન થાય છે પરન્તુ દેવોમાં આઠમા સહસ્રાર દેવલોક સુધી ઉત્પન્ન થાય છે. તેથી આગળ ઉત્પન્ન થતા નથી. (નીચે સાતમી નરક સુધી ઉત્પન્ન થાય છે.) ૧૪૫.

अंतमुहुत्त जहन्ना, ठिईअ उक्कोस पुव्वकोडी अ ।
आणयसुरा य वज्जिअ, चविऊणं जंति सव्वेसु ॥ १४६ ॥

અર્થ—તેની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત્તની અને ઉત્કૃષ્ટ ક્રોડ પૂર્વની છે. આનતાદિ દેવલોકના દેવોને વર્જીને બીજા દેવો ચ્યવીને સર્વ જળચરોમાં ઉત્પન્ન થાય છે. ૧૪૬.

---

૧. ઉત્કૃષ્ટ વૈક્રિય નવસો જોજનનું હોય છે.

ગર્ભજ સ્થલચર :-

चउगइ चउआगइआ, पत्तेअसरीरिणो असंखिज्जा ।
संमुच्छिम आसालिअ-वज्जिअ पुव्वं व थलचारी ॥ १४७ ॥

અર્થ—ચાર ગતિવાળા અને ચાર આગતિવાળા છે. પ્રત્યેકશરીરી છે અને સંખ્યાથી અસંખ્યાતા છે.

સંમૂર્ચ્છિમ આસાલિકને વર્જીને પૂર્વની જેવા સર્વે થળચર જીવો જાણવા. ૧૪૭.

गब्भयजलयरतुल्लं, दारकदंबयमिमेसिमुन्नेअं ।
नाणत्तं ओगाहण-ठिइउवट्टणकयं नवरं ॥ १४८ ॥

અર્થ—ગર્ભજ જળચર પ્રમાણે એના બીજા દ્વાર પણ જાણવા. બાકી અવગાહના, સ્થિતિ અને ઉદ્વર્તન (ઉત્પાત) અંગે જુદાપણું જાણવું. ૧૪૮.

ગર્ભજ સ્થલચર ચતુષ્પદ :-

ओगाहणा य गाउअ-छक्कं गब्भयचउप्पयाणं च ।
पलिओवमाणि तिन्नि अ, ठिई अ उक्कोसओ होइ ॥ १४९ ॥

અર્થ—ચતુષ્પદ ગર્ભજ તિર્યંચ પંચેંદ્રિયની અવગાહના છ ગાઉની અને ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ પલ્યોપમની જાણવી. (આ અવગાહના અને આયુ યુગલિકમાં સમજવું.) ૧૪૯.

आरब्भ तुरिअपुढवी, सव्वेसु जिएसु जा सहस्सारं ।
उववज्जंति अ गब्भय-चउप्पया काउ ठिइ चवणं ॥ १५० ॥

અર્થ—ગર્ભજ ચતુષ્પદ ચોથી નરક પૃથ્વીથી આરંભીને સહસ્સાર સુધી સર્વ જીવોમાં એટલે ચારે ગતિમાં ઉત્પન્ન થાય છે. (પહેલી પૃથ્વીથી ચોથી પૃથ્વી (નરક) સુધી, ગર્ભજ તિર્યંચ અને મનુષ્યમાં અને દેવગતિમાં આઠમા સહસ્સાર દેવલોક સુધી ઉપજે છે.)

આ પ્રમાણે ગર્ભજ ચતુષ્પદનું સ્થિતિ અને ચ્યવન (ઉપજવું) જાણવું. ૧૫૦.

जोअणसहस्समुरगा, उक्किट्ठं आउ पुव्वकोडी अ ।
उव्वट्टणा य पंचम-पुढवीओ जा सहस्सारो ॥ १५१ ॥

અર્થ—ગર્ભજ ઉરપરિસર્પનું શરીર હજાર યોજનનું અને આયુ ક્રોડ પૂર્વનું હોય છે. તેનું ઉદ્વર્તન (ઉપજવું) પાંચમી નરક સુધી અને આઠમા સહસ્સાર દેવલોક સુધી છે (પાંચમીથી પહેલી નરક સુધી, મનુષ્ય અને તિર્યંચમાં અને સહસ્સાર દેવલોક સુધી છે.) ૧૫૧.

गाउअपुहत्त भुअगा, पुव्वाणं कोडि आउमुक्कोसं ।
सहस्सार बीयमहिअं-तरंमि सव्वत्थ गच्छंति ॥ १५२ ॥

અર્થ—ભુજપરિસર્પનું શરીર ઉત્કૃષ્ટ ગાઉ પૃથક્ત્વ અને આયુષ્ય ક્રોડ પૂર્વનું હોય છે અને બીજી નરક પૃથ્વીથી સહસ્રાર દેવલોક સુધી (બીજી અને પહેલી નરકમાં, મનુષ્ય અને તિર્યંચમાં તથા સહસ્રાર સુધી દેવોમાં ઉત્પન્ન થાય છે.) ૧૫૨.

ગર્ભજ ખેચર:-

जह संमुच्छिम खयरा, चउव्विहा गब्भया वि तह चउरा ।
गब्भयजलयरतुल्ला, देहाइद्दारचिंतणया ॥ १५३ ॥

અર્થ—જેમ સંમૂર્છિમ ખેચર ચાર પ્રકારના છે તેમ ગર્ભજ ખેચર પણ ચાર પ્રકારના છે, તેમાં દેહાદિ દ્વાર ગર્ભજ જળચર પ્રમાણે જાણવા. ૧૫૩.

ओगाहणठिइउव्वट्टणासु परमेसि होइ नाणत्तं ।
उक्कोस धणुपुहत्तं, अंगुलअसंखंस लहुअतणू ॥ १५४ ॥

અર્થ—અવગાહના, સ્થિતિ અને ઉદ્વર્તન તેનું અલગ અલગ છે, અવગાહના ઉત્કૃષ્ટ ધનુષ્ય પૃથક્ત્વ અને જઘન્ય અંગુલના અસંખ્યાતમાં ભાગની છે. ૧૫૪.

अंतोमुहुत्त लहुअं, पलिआसंखंस आउमुक्कोसं ।
सहसार तइअमहिअं-तरंमि उव्वट्टणा होइ ॥ १५५ ॥

અર્થ—આયુષ્ય જઘન્ય અંતર્મુહૂર્ત્તનું અને ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યાતમા ભાગનું (અસંખ્યાતા વર્ષનું) છે. તેનો ઉપપાત ત્રીજી નરકથી સહસ્રાર દેવલોક સુધી છે. (પહેલી, બીજી, ત્રીજી નરક, મનુષ્ય તિર્યંચ, તથા સહસ્રાર દેવલોક સુધી છે.) ૧૫૫.

गब्भम्मि पुव्वकोडी, तिन्नि अ पलिओवमाइं परमाउं ।
उरभुअग पुव्वकोडी, पलिअअसंखिज्ज भागो अ ॥ १५६ ॥

અર્થ—ગર્ભજ જલચરનું ક્રોડ પૂર્વ, ચતુષ્પદનું ત્રણ પલ્યોપમ, ઉરપરિસર્પ અને ભુજપરિસર્પનું ક્રોડ પૂર્વ અને ખેચરનું પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ—એમ પાંચેનું અનુક્રમે ઉત્કૃષ્ટ આયુ જાણવું. ૧૫૬.

जोअणसहस्स छगाउआउ तत्तो अ जोअणसहस्सं ।
गाऊ अ पुहत्त भुअगे, धणुहपुहत्तं च पक्खीसु ॥ १५७ ॥

અર્થ—જલચરનું શરીર હજાર જોજન, ચતુષ્પદનું છ ગાઉ, ઉરપરિસર્પનું હજાર યોજન, ભુજપરિસર્પનું ગાઉપૃથક્ત્વ અને પક્ષીનું ધનુષ્ય પૃથક્ત્વ જાણવું. ૧૫૭.

૩ મનુષ્ય :-

अह मणुआण सरूवं, जिणगणहरभासिअं परूविज्जा ।
संमुच्छिमा य गब्भय-मणुआ दुविहा जिणमयम्मि ॥ १५८ ॥

અર્થ—હવે જિન અને ગણધરોએ કહેલું મનુષ્યનું સ્વરૂપ કહેવાય છે. જિનેશ્વરના મતમાં સંમૂર્છિમ અને ગર્ભજ એમ બે પ્રકારના મનુષ્યો કહ્યા છે. ૧૫૮.

સંમૂર્ચ્છિમ મનુષ્ય :-

अंतोमणुस्सखित्ते, अड्ढाईदीववारिनिहिमज्झे ।
पन्नरसकम्मभूमीसु, तीसाइ अकम्मभूमीसु ॥ १५९ ॥
छप्पन्नाए अंतर-दीवेसुं गब्भया य जे मणुआ ।
तेसिं उच्चारेसुं, पासवणेसुं च खेलेसुं ॥ १६० ॥
सिंघाणएसु वंतिसु, पित्तेसु च सोणिएसु सुक्केसु ।
तह चेव सुक्कपुग्गल-परिसाडेसु व मयगेसु ॥ १६१ ॥
थीनरसंजोगेसु व, पुरनिद्धमणेसु जल्ल तह चेव ।
सव्वासुइठाणेसु वि, संमुच्छिममाणुसा हुंति ॥ १६२ ॥

અર્થ—મનુષ્યક્ષેત્રમાં એટલે અઢીદ્વીપ અને બે સમુદ્ર મધ્યે પંદર કર્મભૂમિમાં, ત્રીસ અકર્મભૂમિમાં અને છપ્પન અંતરદ્વીપમાં જે ગર્ભજ મનુષ્યો છે, તેમના ઉચ્ચારમાં (વડીનીતિમાં), પ્રસ્રવણમાં (લઘુનીતિમાં) અને બળમાં, નાકનો મેલ, વમન, પિત્ત, રુધિર, વીર્ય, શુક્રપુદ્ગલનો પરિષાટ, મૃતક, સ્ત્રી-પુરુષનો સંયોગ, નગરની ખાળ, કાનનો મેલ તથા સર્વ અશુચિસ્થાન-આ ચૌદસ્થાનકમાં સંમૂર્છિમ મનુષ્ય ઉત્પન્ન થાય છે. ૧૫૯-૧૬૨.

ओरालिअ तेजस कम्मणाणि देहाणि हुंति एएसिं ।
अंगुलअसंखभागो, जहन्नमुक्कोसतणुमाणं ॥ १६३ ॥

અર્થ—તેમને ઔદારિક, તૈજસ અને કાર્મણ-એ ત્રણ શરીર હોય છે. જઘન્ય અને ઉત્કૃષ્ટ શરીર અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલું જ હોય છે. ૧૬૩.

पंच य अपज्जत्तीओ, दिट्ठी दंसण तहा अनाणं च ।
जोगो उवओगो वि अ, पुढवीकायव्व बोधव्वं ॥ १६४ ॥

અર્થ—તેમને પાંચ પર્યાપ્તિઓ હોય છે અને તે અપર્યાપ્તા જ હોય છે. દૃષ્ટિ, દર્શન, અજ્ઞાન, યોગ અને ઉપયોગ એ સર્વ પૃથ્વીકાય પ્રમાણે જાણવા. ૧૬૪.

आहारो जह बेइंदिआण, नेरइअदेववायगणी ।
वज्जिअ असंखआऊ, उववाओ सेसजीवेहिं ॥ १६५ ॥

અર્થ—તેમનો આહાર બેઇન્દ્રિય પ્રમાણે હોય છે અને નારકી, દેવતા, વાયુકાય, અગ્નિકાય અને અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા યુગલિકો સિવાય બીજા જીવો તેમાં ઉપજે છે. ૧૬૫.

ठिइ उक्कोस जहन्ना, अंतमुहुत्तं पमाणओ होइ ।
मरणसमुग्घाएणं, मरंति ते अन्नहा वावि ॥ १६६ ॥

અર્થ—તેમની સ્થિતિ (આયુષ્ય) જઘન્ય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત્તની જ હોય છે, અને મરણસમુદ્ઘાતથી તેઓ મરે છે અથવા અન્યથા પણ મરે છે. ૧૬૬.

उव्वट्टिऊणणंतर–मुववज्जंते अ जीवठाणेसु ।
नेरइअदेववज्जिअ, तहा असंखाउ सेसेसु ॥ १६७ ॥

અર્થ—અને તેમાંથી ચ્યવીને નારકી, દેવતા અને અસંખ્યાતા આયુવાળા યુગલિકો સિવાય બીજા જીવસ્થાનકોમાં તે ઉત્પન્ન થાય છે. ૧૬૭.

दोआगइअ दुगइआ, माणुसतिरिगाई अ विक्खाए ।
पत्तेआ य असंखा, संमुच्छिममाणुसा हुंति ॥ १६८ ॥

અર્થ—તેમની બે ગતિ અને બે આગતિ છે, તે (સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા) મનુષ્ય અને તિર્યંચમાં ઉત્પન્ન થાય છે. તે પ્રત્યેક શરીરી છે અને સંમૂર્છિમ મનુષ્યો અસંખ્યાતા છે. ૧૬૮.

ગર્ભજ મનુષ્ય :–

गब्भयमणुआ तिविहा, कम्मगभूमा अकम्मभूमा य ।
तइआ अंतरदीवय, अपजत्ता हुंति पजत्ता ॥ १६९ ॥

અર્થ—તે ગર્ભજ મનુષ્યો ત્રણ પ્રકારના છે. કર્મભૂમિના, અકર્મભૂમિના અને ત્રીજા અંતરદ્વીપના, તે પર્યાપ્તા અને અપર્યાપ્તા એમ બન્ને પ્રકારના હોય છે. ૧૬૯.

ओरालिअवेउव्विअ–आहारगतेअकम्मणनिहाणा ।
एए पंच सरीरा, हवंति गब्भयमणुस्साणं ॥ १७० ॥

અર્થ—તે ગર્ભજ મનુષ્યોને ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ એ પાંચે શરીર હોય છે. ૧૭૦.

उक्कोसओ अ तिन्नि अ, गाउअ ओगाहणा जहन्नेणं ।
अंगुलअसंखभागो, संघयणाइं तु छच्चेव ॥ १७१ ॥

અર્થ—ઉત્કૃષ્ટ અવગાહના ત્રણ ગાઉની અને જઘન્ય અંગુલના અસંખ્યાતમાં ભાગની છે. અને છ સંઘયણ હોય છે. ૧૭૧.

संठाणाणि अ छच्चवि, कोहकसाई वि मयकसाई वि ।
माई लोहकसाई, हवंति अकसाइणो तिविहा ॥ १७२ ॥

અર્થ—તેને છ સંસ્થાન હોય છે. ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાય હોય છે. અકષાયી ત્રણ પ્રકારના-(બારમે, તેરમે અને ચૌદમે ગુણઠાણે) હોય છે. ૧૭૨.

आहारभयमेहुण–परिग्गहसन्नोवउत्तया मणुआ ।
नोसन्ना उवउत्ता, चारित्ती वीअरागा य ॥ १७३ ॥

અર્થ—આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ એ ચારે સંજ્ઞાવાળા મનુષ્યો હોય છે, અને નોસંજ્ઞાવાળા એટલે ઉપયુક્ત (ઉપયોગવાળા) (માત્ર) વીતરાગ ચારિત્રી હોય છે. ૧૭૩.

किण्हा नीला काऊ, तेऊ पम्हा यसु क्कलेसा य ।
सत्तमिआ अलेसा, इंदिअनोइंदिउवउत्ता ॥ १७४ ॥

અર્થ—કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ અને શુક્લ એ છ લેશ્યા હોય છે. સાતમા અલેશી (ચૌદમા ગુણસ્થાનકે) હોય છે અને ઇંદ્રિય તથા નોઇંદ્રિયવાળા હોય છે. ૧૭૪.

सत्त वि अ समुग्घाया, कसाय मरणे अ वेअणतेए अ ।
वेउव्विअ आहारे, केवलि सत्त य समुग्घाया ॥ १७५ ॥

અર્થ—તેને કષાય, મરણ, વેદના, વૈક્રિય, તેજસ, આહારક અને કેવળી એ નામના સાત[1] સમુદ્‌ઘાત હોય છે. ૧૭૫.

सन्नी तहा असन्नी, केवली असन्निणो अ बोधव्वा ।
पुरिसित्थी अ नपुंसा, सुहुमकसाई अ अवेआ ॥ १७६ ॥

અર્થ—તેઓ સંજ્ઞી અને અસંજ્ઞી બન્ને પ્રકારના હોય છે તેમાં કેવળીને[1] અસંજ્ઞી સમજવા, પુરુષ, સ્ત્રી અને નપુંસક એ ત્રણે વેદવાળા હોય છે અને સૂક્ષ્મ-કષાયી તથા અવેદી પણ હોય છે. ૧૭૬.

भासामणसो एगत्तणेण, पज्जत्ति पंच अपज्जत्ती ।
मिच्छादिट्ठी सम्म–दिट्ठी तह उभयदिट्ठी अ ॥ १७७ ॥

અર્થ—ભાષા અને મનપર્યાપ્તિ એક સાથે થતી હોવાથી પર્યાપ્તા અને અપર્યાપ્તા એ બન્ને પાંચ પર્યાપ્તિવાળા હોય છે. સમ્યગ્‌દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ અને મિશ્રદૃષ્ટિ એમ ત્રણે દૃષ્ટિવાળા હોય છે. ૧૭૭.

---

૧. કેવળી મનના વ્યાપાર વિનાના હોવાથી અસંજ્ઞી સમજવા

चक्खुअचक्खुओही–केवलदंसणजुआ य नाणी अ ।
अन्नाणी मिच्छत्ती, सम्मद्दिट्ठी तहा नाणी ॥ १७८ ॥

અર્થ—ચક્ષુ, અચક્ષુ, અવધિ અને કેવળ –એ ચાર દર્શનવાળા હોય છે. તેમજ જ્ઞાનદ્વારમાં સમકિતી જ્ઞાનવાળા અને મિથ્યાત્વી અજ્ઞાનવાળા હોય છે. ૧૭૮.

नाणाणि पंच अन्नाण–तिन्नि अ भयणाइ हुंति जीवाणं ।
भयणा एवं केइ अ, दुनाणी मइसुअभिलावा ॥ १७९ ॥

ओहिमणपज्जवेहिं, सहिआ तिन्नाणिणो नरा हुंति ।
मइसुअओहिमणपज्जवेहिं चउनाणिणो मणुआ ॥ १८० ॥

केवलनाणुवओगो, केवलिणो एगनाणिणो हुंति ।
छाउम्मित्थिअनाणे, नट्ठम्मि अ केवलं एगं ॥ १८१ ॥

અર્થ—ગર્ભજ મનુષ્ય જીવોને પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન ભજનાએ હોય છે. જ્ઞાન માટે ભજના આ રીતે છે–કોઇ મતિજ્ઞાની ને શ્રુતજ્ઞાની એમ બે જ્ઞાનવાળા હોય છે. (મતિશ્રુત સાથે) અવધિ જ્ઞાનવાળા અથવા મનઃપર્યવ જ્ઞાનવાળા એમ ત્રણ જ્ઞાનવાળા હોય છે અને મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યવ એમ ચાર જ્ઞાનવાળા હોય છે; કેવળજ્ઞાનના જ ઉપયોગથી કેવળીઓ એક જ્ઞાનવાળા હોય છે. કેમકે છાદ્મસ્થિક (ચાર) જ્ઞાન નાશ પામવાથી એક કેવળજ્ઞાન જ હોય છે. (૧૭૯–૧૮૦–૧૮૧).

मइसुअ अन्नाण विभंग–जोगओ दुतिअनाणिणो नेआ ।
मणवयणकायजोगी, तहा अजोगी सिलेसिं च ॥ १८२ ॥

અર્થ—મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાનના યોગથી, બે અને ત્રણ અજ્ઞાની જાણવા. મન, વચન તથા કાયા એ ત્રણ યોગવાળા અને શૈલેશી અવસ્થામાં અયોગી હોય છે. ૧૮૨.

उवओगो आहारो, नेओ बेइंदिअ व्व मणुआणं ।
उववाओ सत्तममहि–नेरइआदी उ वज्जित्ता ॥ १८३ ॥

અર્થ—મનુષ્યોને (સાકાર, નિરાકાર) ઉપયોગ હોય છે અને દ્વિ આહાર બેઇન્દ્રિયની જેમ હોય છે. તથા સાતમી પૃથ્વીના નારકી વિગેરેને છોડીને (મનુષ્યમાં) ઉપપાત (ઉપજવું) હોય છે. તે વિષે કહ્યું છે કે–૧૮૩.

सत्तममहिनेरइआ, तेऊ वाऊ अणंतरुव्वट्टा ।
न वि पावे माणुस्सं, तहा असंखाउआ सव्वे ॥ १८४ ॥

અર્થ—સાતમી નરકના નારકી અને તેઉ વાયુ ત્યાંથી નીકળીને અનંતર મનુષ્યપણું પામતા નથી, તથા સર્વે અસંખ્યાત વર્ષના આયુવાળા યુગલિકો પણ મનુષ્યપણું પામતા નથી. ૧૮૪.

पलिओवमाणि तिन्नि अ, ठिई अ उक्कोसओ अ मणुआणं ।
अंतमुहुत्त जहन्नं, मरणं दुविहं च मणुआणं ॥ १८५ ॥

અર્થ—મનુષ્યોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ પલ્યોપમનું અને જઘન્ય અંતર્મુહૂર્ત્તનું હોય છે તથા મનુષ્યોનું મરણ સમુદ્‌ઘાતવડે અને સમુદ્‌ઘાત વિના એમ બે પ્રકારે હોય છે. ૧૮૫.

उव्वट्टिऊण गच्छंति, सव्वनेरइअतिरिअमणुएसु ।
सव्वेसु सुरेसुं तह, केइअ पावंति निव्वाणं ॥ १८६ ॥

અર્થ—મનુષ્યમાંથી નીકળીને સાતે નરકમાં, તિર્યંચમાં, મનુષ્યમાં અને સર્વ જાતિના દેવોમાં ઉત્પન્ન થાય છે તથા કેટલાક નિર્વાણને પણ પામે છે. ૧૮૬.

चउरागईआ मणुआ, पंचगइआ य सिद्धिगइसहिआ ।
संखिज्ज कोडिकोडी–परिमाणा हुंति पत्तेआ ॥ १८७ ॥

અર્થ—મનુષ્યો ચાર આગતિવાળા અને સિદ્ધિગતિ સહિત પાંચ ગતિવાળા હોય છે, સંખ્યાથી સંખ્યાતા કોટાકોટિ પ્રમાણવાળા અને પ્રત્યેક શરીરવાળા હોય છે. ૧૮૭

૪ દેવ :–

भवणवइवाणमंतर–जोइसवेमाणिआ सुरा चउहा ।
दस सोले पंच दुन्नि अ, भेआ देवाण य हुंवंति ॥ १८८ ॥

અર્થ—હવે દેવોનું સ્વરૂપ કહે છે–ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક એમ ચાર પ્રકારના દેવો હોય છે. તેના અનુક્રમે દસ, સોળ, પાંચ અને બે ભેદ છે. ૧૮૮.

अपजत्ता पज्जत्ता, दुविहा देवा हुंवंति अपजत्ता ।
उप्पत्तिकालि अ पजत्ति नामकम्मोदया नेआ ॥ १८९ ॥

અર્થ—તે દેવો અપર્યાપ્તા અને પર્યાપ્તા એમ બે પ્રકારના હોય છે. તેમાં અપર્યાપ્તા ઉત્પત્તિકાળે હોય છે, પણ તેને પર્યાપ્ત નામકર્મના ઉદયવાળા જાણવા. ૧૮૯.

नारयदेवा तिरिमणुअ गब्भजा जे असंखवासाऊ ।
एए उ अपज्जत्ता, उववाए चेव बोधव्वा ॥ १९० ॥

અર્થ—નારકી, દેવ અને અસંખ્યાતા વર્ષના આયુષ્યવાળા ગર્ભજ તિર્યંચ અને મનુષ્ય આ સર્વને ઉત્પત્તિ સમયે જ અપર્યાપ્તા જાણવા. ૧૯૦.

वेउव्विअतेअकम्माणं च काया हवंति तिन्नेव ।
भवधारणिज्ज उत्तर विउव्वि ओगाहणा दुविहा ॥ १९१ ॥

અર્થ—વૈક્રિય, તૈજસ અને કાર્મણ–એ ત્રણ જ શરીર હોય છે, તેની અવગાહના ભવધારણીય અને ઉત્તરવૈક્રિય એમ બે પ્રકારની હોય છે. ૧૯૧.

अंगुल असंखभागो, पढमा उक्कोसओ अ सत्तकरा ।
अंगुलसंखिज्जंसो, जोअणसयसहसमिअरा य ॥ १९२ ॥

અર્થ——તેમાં પહેલી એટલે ભવધારણીય શરીરની અવગાહના જઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગની અને ઉત્કૃષ્ટ સાત હાથની અને ઉત્તરવૈક્રિયની જઘન્ય અંગુલાના સંખ્યાતમા ભાગની અને ઉત્કૃષ્ટ એક લાખ યોજનની હોય છે. ૧૯૨.

छण्हं संघयणाणं, संघयणेणावि अन्नतरगेण ।
रहिआ हवंति देवा, नेवट्ठिसिराइ तद्देहे ॥ १९३ ॥

અર્થ—દેવોને છમાંથી કોઇ પણ સંઘયણ હોતું નથી કારણ કે તેમના શરીરમાં અસ્થિ અને શીરા વિગેરે હોતાં નથી. ૧૯૩.

जे पुग्गला य इट्ठा, कंता य पिआ तहा मणुन्ना य ।
सुहरसगंधप्फासा, तद्देहे ते परिणमंति ॥ १९४ ॥

અર્થ—જે પુદ્ગલો ઇષ્ટ, કાંત, પ્રિય અને મનોજ્ઞ છે અને જે શુભ (વર્ણ), રસ, ગંધ અને સ્પર્શવાળા છે તે તેના શરીરમાં આહારરૂપે પરિણમે છે. ૧૯૪.

भवधारणिज्जदेहो, सव्वेसि सुराण पढमसंठाणे ।
इअरो नाणासंठाण संठिओ इच्छया भावा ॥ १९५ ॥

અર્થ—સર્વ દેવોનું ભવધારણીય શરીર પ્રથમ સંસ્થાન (સમચતુરસ્ર)વાળું હોય છે અને ઉત્તરવૈક્રિય શરીર નાના પ્રકારના સંસ્થાનવાળું અને ઇચ્છિત ભાવવાળું હોય છે. ૧૯૫.

चउरो कसायसन्ना, लेसाछक्कं च इंदिआ पंच ।
वेअणकसायमारण वेउव्विअतेअसंघाया ॥ १९६ ॥

અર્થ—ચાર કષાય, ચાર સંજ્ઞા, છ લેશ્યા, પાંચ ઇન્દ્રિય તથા વેદના, કષાય, મરણ, વૈક્રિય અને તેજસ એ પાંચ સમુદ્ઘાત હોય છે. ૧૯૬.

सन्नी तहा असन्नी, नेरइआ इव असन्निणो अमरा ।
थीपुरिसा पज्जत्ती, दिट्ठी दंसण जहा निरया ॥ १९७ ॥

અર્થ—તથા તે દેવો સંજ્ઞી અને અસંજ્ઞી હોય છે. તેમાં અસંજ્ઞી નારકીની જેમ હોય છે. તથા સ્ત્રી અને પુરુષ બે વેદવાળા હોય છે અને પર્યાપ્તિ, દૃષ્ટિ અને દર્શન નારકીની જેમ હોય છે. ૧૯૭.

मइ सुअ ओही तिन्नाण–संजुआ सम्मदिट्ठी देवा य ।
अन्नाणदुगतिएणं, संजुत्ता मिच्छदिट्ठि सुरा ॥ १९८ ॥

અર્થ—સમ્યગ્દૃષ્ટિ દેવો મતિ, શ્રુત અને અવધિ એ ત્રણ જ્ઞાન સહિત હોય છે. અને મિથ્યાદૃષ્ટિ દેવો બે અથવા ત્રણ અજ્ઞાનથી યુક્ત હોય છે.[૧] ૧૯૮.

जोगुवओगाहारा, नेरइआणं व होइ देवाणं ।
सन्नि असन्नि पणिंदिअ, तिरि सन्निनराउ उववाओ ॥ १९९ ॥

અર્થ—દેવોને યોગ, ઉપયોગ અને આહાર નારકીની જેમ હોય છે. સંજ્ઞી અને અસંજ્ઞી પંચેંદ્રિય તિર્યંચો અને સંજ્ઞી મનુષ્યો તેમાં (દેવોમાં) ઉત્પન્ન થાય છે. ૧૯૯.

दसवाससहस्साणि अ, ठिई जहन्ना य होइ देवाणं ।
तित्तीससागरोवम परिमाणा होइ उक्किट्ठा ॥ २०० ॥

અર્થ—દેવોની સ્થિતિ જઘન્ય દશ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટ તેત્રીશ સાગરોપમ પ્રમાણ હોય છે. ૨૦૦.

दुविहं मरणं तेसिं, गच्छंति अ ते अणंतरुव्वट्टा ।
भूदगवण संखाउअ गब्भयतिरिमणुअजीवेसु ॥ २०१ ॥

અર્થ—તેનું મરણ બે પ્રકારે હોય છે અને તે ત્યાંથી ચ્યવીને અનંતર ભાદર પૃથ્વીકાય, અપ્કાય, વનસ્પતિકાય અને સંખ્યાતા આયુવાળા ગર્ભજ તિર્યંચ અને મનુષ્યમાં ઉત્પન્ન થાય છે. ૨૦૧.

दो आगइ अ दुगइआ, माणुसतिरिअग्गइअ विक्खाए ।
पत्तेअ असंखिज्जा, एसा य सुराण तेवीसी ॥ २०२ ॥

અર્થ—તે બે ગતિવાળા અને બે આગતિવાળા એટલે મનુષ્ય, તિર્યંચ બે ગતિ અને તેજ બે આગતિવાળા વિખ્યાત છે. પ્રત્યેક શરીરી છે અને સંખ્યાથી અસંખ્યાતા છે. આ પ્રમાણે દેવોના ત્રેવીશ દ્વાર જાણવા. ૨૦૨.

ભવસ્થિતિ–કાયસ્થિતિ :

तसभावे अ जिआणं, अंतमुहुत्त भवट्ठिइ जहन्ना ।
तित्तीसयरपमाणा, नारयदेवेसु उक्कोसा ॥ २०३ ॥

---

૧ જે જીવો અસંજ્ઞી તિર્યંચ પંચેંદ્રિયમાંથી આવેલ હોય તેને બે અજ્ઞાન હોય છે.

અર્થ—હવે સર્વ જીવોની ભવસ્થિતિ અને કાયસ્થિતિ કહે છે. ત્રસ જીવોની જઘન્ય ભવસ્થિતિ અંતર્મુહૂર્ત્તની અને ઉત્કૃષ્ટ તેત્રીશ સાગરોપમની નારકી અને દેવોમાં છે. ૨૦૩.

થાવરભાવ ભવો ખલુ, અંતમુહુત્તં જહન્નઓ હોઇ ।
ઉક્કિટ્ઠ સહસ બાવીસ-વાસમાણો અ પુઢવીએ ॥ ૨૦૪ ॥

અર્થ—સ્થાવર ભાવ પામેલા જીવોની જઘન્ય ભવસ્થિતિ અંતર્મુહૂર્ત્તની અને ઉત્કૃષ્ટ બાવીશ હજાર વર્ષની પૃથ્વીકાયને આશ્રયિને છે. ૨૦૪.

અંતોમુહુત્તમિત્તા, તસેસુ કાયઠિઈ જહન્નેણં ।
ભણિયા ય જિણવરેહિં, કાલમસંખિજ્જમુક્કિટ્ઠા ॥ ૨૦૫ ॥

અર્થ—ત્રસ જીવોની કાયસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત્તની અને ઉત્કૃષ્ટ અસંખ્ય-કાળની કહી છે. ૨૦૫.

ઉસપ્પિણી અ ઉસ્સપ્પિણી ઉ અસ્સંખકાલઓ હુંતિ ।
લોગા ઉ અસંખિજ્જા, કાલે એઅમ્મિ ખિત્તઓ હુંતિ ॥ ૨૦૬ ॥

અર્થ—એટલે કાળથી અસંખ્યાતી ઉત્સર્પિણી સમજવી અને ક્ષેત્રથી અસંખ્યાતા લોકાકાશના પ્રદેશપ્રમાણ ઉત્સર્પિણીની સમજવી. ૨૦૬.

અહ થાવરત્તકાલો, થાવરજીવાણ કિચ્ચિરં હોઇ ।
અંતમુહુત્ત જહન્નો, અણંતકાલં ચ ઉક્કિટ્ઠો ॥ ૨૦૭ ॥

અર્થ—હવે સ્થાવરપણાને પામેલા સ્થાવર જીવોની કેટલી કાયસ્થિતિ હોય? તે કહે છે. જઘન્ય અંતર્મુહૂર્ત્તની અને ઉત્કૃષ્ટ અનંતકાળની છે. ૨૦૭.

ઓસપ્પિણી અણંતા, લોઆ કાલા ઉ ખિત્તઓ હુંતિ ।
પુગ્ગલપરિઅટ્ટા પુણ, આવલિઆસંખભાગસમા ॥ ૨૦૮ ॥

અર્થ—કાળથી અનંત ઉત્સર્પિણીની અને ક્ષેત્રથી અનંતા લોકાકાશના પ્રદેશ પ્રમાણ ઉત્સર્પિણીની જાણવી અને પુદ્ગલપરાવર્ત આવલીકાના અસંખ્યાત ભાગના સમય પ્રમાણ અસંખ્યાત જાણવા. ૨૦૮.

તસભાવસ્સ વણસ્સઇ-કાલો ઉક્કિટ્ઠમંતરં હોઇ ।
તસ સંચિટ્ઠણયા યા જા, થાવરભાવસ્સ અંતરયં ॥ ૨૦૯ ॥

અર્થ—ત્રસભાવ ફરીને પામવાનું અંતર વનસ્પતિના કાળ પ્રમાણ જાણવું અને ત્રસપણામાં રહેવા જેટલા કાળનું સ્થાવરપણું ફરીને પામવાનું અંતર સમજવું. ૨૦૯.

પુઢવીકાઓ પુઢવી-કાઉ ત્તિ અ કિચ્ચિરં હવઇ જીવો ।
અંતમુહુત્ત જહન્નં, કાલમસંખિજ્જમુક્કોસો ॥ ૨૧૦ ॥

અર્થ—પૃથ્વીકાય જીવોની પૃથ્વીરૂપેની કાયસ્થિતિ કેટલી હોય? જઘન્ય અંતર્મુહૂર્ત્તની અને ઉત્કૃષ્ટ અસંખ્ય કાળની હોય છે. ૨૧૦.

ઓસપ્પિણી અસંખા, કાલાઓ ખિત્તઓ તહા લોઆ ।
એવં દગગ્ગિવાઉસુ, કાયઠિઇકાલપરિમાણં ॥ ૨૧૧ ॥

અર્થ—અપ્કાય, તેજસ્કાય અને વાયુકાયની કાયસ્થિતિ કાળથી અસંખ્ય ઉત્સર્પિણી અને ક્ષેત્રથી અસંખ્યાતા લોકાકાશના પ્રદેશપ્રમાણ ઉત્સર્પિણીની સમજવી. ૨૧૧.

કાલોઽણંતો ભણિઓ. વણસઇ જીવાણ કાયઠિઇ ભાવે ।
તમ્મિઅ ઉસ્સપ્પિણીઓ, કાલઓ હુંતિ અ અણંતા ॥ ૨૧૨ ॥

અર્થ—વનસ્પતિકાયની કાયસ્થિતિ અનંતા કાળની કહી છે એટલે કાળથી અનંત ઉત્સર્પિણી પ્રમાણ હોય છે. ૨૧૨.

તહ ય અણંતા લોઆ, હુંતિ અસંખિજ્જ પુગ્ગલા તે અ ।
આવલિઅ અસંખંસે, જે સમયા તપ્પમાણા ય ॥ ૨૧૩ ॥

અર્થ—તથા ક્ષેત્રથી અનંતા લોકાકાશના પ્રદેશ પ્રમાણ ઉત્સર્પિણીની સમજવી અને આવલિકાના અસંખ્યાતમા ભાગમાં જેટલા સમય તેટલા અસંખ્યાતા પુદ્ગલપરાવર્તની સમજવી. (૨૧૩)

કઇવયવાસબ્ભહિઅં ચ, સાગરાણં સહસ્સજુઅલં તુ ।
લદ્ધિતસાણં નેઅં, કાયઠ્ઠિઇકાલપરિમાણં ॥ ૨૧૪ ॥

અર્થ—લબ્ધિત્રસની કાયસ્થિતિના કાળનું પરિમાણ કેટલાક વર્ષ અધિક બે હજાર સાગરોપમનું સમજવું. (૨૧૪)

સંવવહારિઅ જીવે, અહિગિચ્ચ પવન્નિઓ ઇમો કાલો ।
ઇઅરાણં કાયઠિઈ, અણાઇ ભણિઆ જિણમયમ્મિ ॥ ૨૧૫ ॥

અર્થ—સાંવ્યવહારિક જીવોને આશ્રયિને આ ઉપર પ્રમાણે કાળ કહ્યો છે અને બીજાની (અસાંવ્યવહારિકની) કાયસ્થિતિ જિનેશ્વરના મતમાં અનાદિ કહી છે. ૨૧૫.

અત્થિ અણંતા જીવા, જેહિં ન પત્તો તસાઇપરિણામો ।
તેઽવિ અણંતાણંતા, નિગોઅવાસં અણુહવંતિ ॥ ૨૧૬ ॥

અર્થ—એવા અનંતા જીવો છે કે જેઓ ત્રસાદિ પરિણામને પામ્યા નથી. તેઓ સંખ્યાથી અનંતાનંત છે અને નિગોદવાસને અનુભવે છે. ૨૧૬.

केसिंचि जिआणं किर, अणायणंता तणुठिई जे अ ।
अववहारिअमज्झा, न जाउ समुविंति ववहारं ॥ २१७ ॥

અર્થ—કેટલાક જીવોની કાયસ્થિતિ અનાદિઅનંત છે કે જેઓ અવ્યવહારરાશિમાંથી નીકળીને વ્યવહારરાશિને કદાપિ પામવાના નથી. ૨૧૭. આ જીવો **જાતિભવ્ય** કહેવાય છે.

केसिंचि अ कायठिई, अणाइ संता य भासिआ सुत्तं ।
जे अ असंववहारिअ-रासीओ जंति ववहारं ॥ २१८ ॥

અર્થ—તથા કેટલાક જીવોની કાયસ્થિતિ સૂત્રમાં અનાદિસાંત કહી છે કે જેઓ અવ્યવહારરાશિમાંથી નીકળીને વ્યવહારરાશિમાં જાય છે. (જવાના છે.) ૨૧૮

जिणभद्दखमासमणा, संवायं बिंति इत्थ य विआरे ।
पुव्वायरिअपवुत्तं, सत्थे अ विसेसणवईए ॥ २१९ ॥

અર્થ—વિશેષણવતી નામના શાસ્ત્રમાં પૂર્વાચાર્યે જે કહ્યું છે તેના સંવાદને આ વિચારમાં જિનભદ્રક્ષમાશ્રમણ કહે છે કે—૨૧૯.

सिज्झंति जत्तिआ किर, इह संववहारजीवरासीओ ।
इंति अणाइवणस्सइ-रासीओ तत्तिआ तम्मि ॥ २२० ॥

અર્થ—સંવ્યવહાર જીવરાશિમાંથી જેટલા જીવો અહીં સિદ્ધિપદને પામે છે તેટલા જીવો અનાદિ વનસ્પતિ જીવરાશિમાંથી અહીં વ્યવહારરાશિમાં આવે છે. ૨૨૦.

અલ્પ બહુત્વ :

अप्पबहुत्तविओरे, सव्वत्थोवा तसा असंखाया ।
तत्तो अ अणंतगुणा, थावरकाया समक्खाया ॥ २२१ ॥

અર્થ—અલ્પબહુત્વના વિચારમાં સર્વથી થોડા ત્રસ જીવો છે અને તે અસંખ્યાતા છે. તેનાથી અનંતગુણા સ્થાવરકાય કહ્યા છે. ૨૨૧.

ते अ जहन्नुक्किट्ठा, णंताणंता पमाणओ नेआ ।
संसारसमावन्ना, सेत्तं जीवा दुहा वुत्ता ॥ २२२ ॥

॥ इति संग्रहणीसूत्रं संपूर्णम् ॥

અર્થ—અને તે (સ્થાવરકાય) જઘન્ય અને ઉત્કૃષ્ટથી અનંતાનંત પ્રમાણવાળા જાણવા. આ પ્રમાણે સંસારને પ્રાપ્ત થયેલા જીવો બે પ્રકારના ત્રસ અને સ્થાવર કહ્યા. ૧૨૨.

इति जीवाभिगमोपांग संग्रहणीप्रकरण समाप्त.

નિગોદ ષટ્ત્રિંશિકા

ચૌદ રાજ પ્રમાણ લાંબો યથાસ્થાને ઓછો વધતો પહોળો (પણ ઘનાકારે કલ્પીએ તો ૭ રાજ લાંબો ૭ રાજ પહોળો) આ લોક છે.

એ લોકમાં અસંખ્ય નિગોદનાં ગોળા છે. એક એક ગોળામાં અસંખ્ય નિગોદો છે. અને એક એક નિગોદમાં અનંત નિગોદના જીવો છે.

આ સર્વ સામાન્ય નિગોદની સ્થિતિ છે. પણ એનાથી વિશેષ વર્ણન કર્તા મહાત્માએ એકદમ સૂક્ષ્મ તત્ત્વ લઈ છત્રીસ શ્લોકમાં જે નિગોદનું વર્ણન કર્યું છે તેની સ્થિતિ આદિ જણાવી છે, તે ખૂબ જ ગંભીર છે, ગહન છે. ગુરુગમથી જો એને સમજવામાં આવે તો જીવ-સૃષ્ટિનું મૂળસ્થાન બરાબર સમજાય જાય તેમ છે. આવા ગહન વિષયને શકય પ્રયત્નોએ સમજવાથી આત્મવિકાસ થશે તે નિઃશંક છે.

लोगस्सेगपएसे जहन्नपयम्मि जियपएसाणं ।
उक्कोसपए य तहा, सव्वजियाणं च के बहुया ? ॥ १ ॥

અર્થ—લોકના એક પ્રદેશમાં જઘન્યપદે જીવના પ્રદેશો તથા ઉત્કૃષ્ટપદે જીવના પ્રદેશો અને સર્વ જીવો, તેમાં કોણ ઘણા છે ?

ભાવાર્થ:—આ ગાથામાં ત્રણ રાશિના અલ્પબહુત્વનો પ્રશ્ન પૂછે છેઃ—

૧ જઘન્યપદે (જે આકાશપ્રદેશમાં સર્વથી થોડા જીવના પ્રદેશ હોય તે) એક આકાશ-પ્રદેશમાં જીવોના પ્રદેશ કેટલા ?

૨ ઉત્કૃષ્ટપદે (જે આકાશપ્રદેશે વધારેમાં વધારે જીવ પ્રદેશો હોય તે, એક આકાશપ્રદેશમાં જીવોના પ્રદેશ કેટલા ?

૩ સર્વ જીવોની સંખ્યા.

ચૌદ રાજપ્રમાણ લોક છે.

જ્યાં છએ દ્રવ્ય હોય છે તેને **લોકાકાશ** કહે છે. તે ચૌદ રાજલોકના પ્રદેશ અસંખ્યાતા છે.

પ્રદેશ:—જે આકાશક્ષેત્રના કેવળીની બુદ્ધિએ પણ એકના બે વિભાગ ન કલ્પી શકાય તેને પ્રદેશ કહે છે.

આ ચૌદ રાજલોક નિગોદથી ભરેલો છે.

નિગોદના બે પ્રકાર છે.

(૧) **સૂક્ષ્મનિગોદ** (૨) **બાદરનિગોદ**

તેમાં સૂક્ષ્મનિગોદ ચૌદરાજ લોકમાં સર્વત્ર છે. બાદરનિગોદ નિયતસ્થાનવર્તી હોય છે.

નિગોદ:—અનંતજીવોનું સાધારણ શરીર તેને નિગોદ કહે છે,

એટલે એક એક નિગોદમાં અનંતા અનંતા જીવો છે. એક એક જીવના અસંખ્યાત પ્રદેશો છે. તે અસંખ્યાત, લોકાકાશના પ્રદેશ પ્રમાણ જાણવા.

આ જીવની ઉત્કૃષ્ટ અવગાહના ચૌદ રાજપ્રમાણ છે. કારણ કે જ્યારે જીવ કેવળી સમુદ્ઘાત કરે છે, ત્યારે ચોથે સમયે તેનો એકેએક પ્રદેશ લોકાકાશના એક એક પ્રદેશ ઉપર આવી જાય છે, તેથી તે ચૌદ રાજલોક વ્યાપ્ત થાય છે.

જીવની જઘન્ય અવગાહના અંગુલના અસંખ્યાતમાં ભાગપ્રમાણ હોય છે. જીવ જ્યારે ઘણો સંકુચિત થાય છે ત્યારે તે અંગુલના અસંખ્યાતમાં ભાગપ્રમાણ અવગાહનાવાળો થાય છે. આવી સંકુચિત અવગાહના નિગોદમાં હોવાથી એક નિગોદની અવગાહના પણ અંગુલના અસંખ્યાતમા ભાગપ્રમાણ છે. નિગોદના અનંતા જીવોનું એક સાધારણ શરીર હોવાથી સઘળા જીવો સરખી અવગાહનાવાળા હોય છે. તેથી એક આકાશપ્રદેશમાં અનંતાજીવોના અસંખ્યાત અસંખ્યાત આત્મપ્રદેશો હોય છે.

પ્રથમ ગાથામાં ત્રણ રાશિના પરસ્પર અલ્પબહુત્વનો પ્રશ્ન છે તેનો ઉત્તર એક જ ગાથાથી કહે છે:—

थोवा जहन्नयपए, जियप्पएसा जिया असंखगुणा ।
उक्कोसपयपएसा, तओ विसेसाहिया भणिया ॥ २ ॥

અર્થ—જઘન્યપદે જીવપ્રદેશો થોડા છે, તેથી જીવો અસંખ્યાતગુણા છે, તેથી ઉત્કૃષ્ટપદે જીવપ્રદેશો વિશેષાધિક કહ્યા છે.

ભાવાર્થ:—પ્રથમ ગાથામાં કહેલા ત્રણ રાશિમાંથી જઘન્યપદે (એટલે જે આકાશપ્રદેશમાં સર્વથી થોડા જીવપ્રદેશો હોય તે સ્થાને, જીવપ્રદેશો થોડા છે,

તે જઘન્યપદે રહેલા જીવપ્રદેશોથી સર્વજીવોની સંખ્યા અસંખ્યાતગુણી છે.

સર્વજીવોની સંખ્યાથી ઉત્કૃષ્ટપદે (જે આકાશપ્રદેશમાં વધારેમાં વધારે જીવપ્રદેશો રહેલા હોય તે સ્થાને) જીવપ્રદેશો વિશેષાધિક છે. સારાંશ આ મુજબ

૧ જઘન્યપદે જીવપ્રદેશો થોડા છે. તેનાથી

૨ સર્વજીવોની સંખ્યા અસંખ્યાત ગુણી છે. તેનાથી

૩ ઉત્કૃષ્ટ પદે જીવપ્રદેશો વિશેષાધિક છે.

જઘન્યપદ અને ઉત્કૃષ્ટપદનું સ્થાન:—

तत्थ पुण जहन्नपयं, लोयंते जत्थ फासणा तिदिसिं ।
छद्दिसिमुक्कोसपयं, समत्थगोलंमि नन्नत्थ ॥ ३ ॥

અર્થ:–તેમાં પણ જઘન્યપદ લોકને અંતે જ્યાં ત્રણ દિશાની સ્પર્શના હોય ત્યાં હોય. ઉત્કૃષ્ટ છ દિશાની સ્પર્શનાવાળા સંપૂર્ણ ગોળામાં હોય છે. બીજે હોતું નથી.

ભાવાર્થ:–**જઘન્યપદ** લોકને અંતે જ્યાં નિષ્કુટ–ખૂણા હોય ત્યાં હોય છે, કારણકે ત્યાં આવેલ ગોળાઓમાં (અસંખ્યાતા નિગોદનો એક ગોળો થાય છે, તે આગળ કહેશે) કેટલાકને ત્રણ દિશાની, કેટલાકને ચાર દિશાની અને કેટલાકને પાંચ દિશાની સ્પર્શના હોય છે.

તેમાંથી જઘન્યપદ ત્રણ દિશાની સ્પર્શનાવાળા ગોળામાં હોય છે. તેને બાકીની ત્રણ દિશાઓની સ્પર્શના અલોકથી આચ્છાદિત થયેલી હોય છે. અલોકમાં જીવની ગતિ નહીં હોવાથી ત્યાં જીવો હોતા નથી. આવા ઓછી સ્પર્શનાવાળા ખંડગોળા કહેવાય છે, માટે જઘન્યપદ ત્રણ દિશાની સ્પર્શનાવાળા ખંડગોળામાં હોય છે.

જે ગોળામાં છ દિશામાં સંપૂર્ણ ગોળાને ઉત્પન્ન કરનાર નિગોદરાશિની સ્પર્શના હોય છે, તે ઉત્કૃષ્ટપદ કહેવાય છે. આ ઉત્કૃષ્ટપદ સંપૂર્ણ ગોળામાં જ હોય છે, પણ ખંડગોળામાં હોતું નથી. સંપૂર્ણ ગોળા તો લોકના મધ્યમાં જ હોય છે, લોકને છેડે હોતા નથી.

પ્રતિવાદીની શંકા:–

उक्कोसमसंखगुणं, जहन्नयाओ पयं हवइ किं नु ।
नणु तिदिसिफुसणाओ, छद्दिसिफुसणा भवे दुगुणा ॥ ४ ॥

અર્થ:–જઘન્યપદથી ઉત્કૃષ્ટપદ અસંખ્યગુણ કેવી રીતે હોય ? કારણ કે ત્રણ દિશાની સ્પર્શના કરતાં છ દિશાની સ્પર્શના સામાન્ય રીતે બમણી થવી જોઇએ.

ભાવાર્થ:–ખંડગોળામાં જઘન્ય પદ કહ્યું તે ખંડગોળાની સ્પર્શના ત્રણ દિશાની છે અને સંપૂર્ણ ગોળામાં ઉત્કૃષ્ટપદ કહ્યું તેની સ્પર્શના છ દિશાની છે, માટે બમણી થાય પણ અસંખ્યાતગુણી કેવી રીતે થાય ?

વળી જઘન્યપદે એક આકાશપ્રદેશમાં રહેલ જીવપ્રદેશરાશિની અપેક્ષાએ સર્વ જીવોની સંખ્યા અસંખ્યાતગુણી કહી અને તેથી ઉત્કૃષ્ટપદે જીવપ્રદેશ વિશેષાધિક કહ્યા; માટે તે પણ (ઉત્કૃષ્ટપદ સ્થિત જીવપ્રદેશ) તમારા કથન પ્રમાણે જઘન્ય પદથી અસંખ્યાતગુણા થાય તે કેવી રીતે ઘટે ?

સમાધાન :

थोवा जहन्नयपए, निगोयमित्तावगाहणा फुसणा ।
फुसणा ऽसंखगुणत्ता, उक्कोसपए असंखगुणा ॥ ५ ॥

અર્થ—જઘન્યપદે જીવપ્રદેશો થોડા હોય છે. ત્યાં નિગોદ માત્ર અવગાહનાની સ્પર્શના હોવાથી અને ઉત્કૃષ્ટપદે સ્પર્શના જ અસંખ્યાતગુણી હોવાથી જીવપ્રદેશો અસંખ્યગુણા હોય છે.

ભાવાર્થ:-જઘન્યપદે એક આકાશપ્રદેશમાં જીવપ્રદેશની સંખ્યા થોડી છે, કારણ કે જઘન્યપદની નિગોદ જેટલી અવગાહનાની જ સ્પર્શના છે.

એક નિગોદની અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી છે. તે નિગોદ, જેટલા આકાશપ્રદેશમાં રહેલી હોય છે ત્યાં જ બીજા આકાશપ્રદેશની સ્પર્શનાના પરિહારથી જે બીજી અસંખ્યાત નિગોદો રહેલી છે, તે એકાવગાહના નિગોદ કહેવાય છે. તે એકાવગાહનાવાળી નિગોદોએ જે આકાશપ્રદેશ અવગાહ્યા છે, તેની જઘન્યપદમાં સ્પર્શના પણ તેટલી જ છે; ખંડગોળા ઉત્પન્ન કરનારી બીજી નિગોદોનો તેને સ્પર્શ નહીં હોવાથી. ભૂમિના નજીકના વચલા ભાગનો જે ખૂણો તે ખૂણાના છેલ્લા પ્રદેશરૂપ જઘન્ય પદ છે, તેને અલોકનો સંબંધ હોવાથી એકાવગાહનાવાળી નિગોદો જ સ્પર્શે છે, પણ ખંડગોળાને ઉત્પન્ન કરનારી બીજી નિગોદોનો તેને સ્પર્શ નથી. પ્રદેશની વૃદ્ધિ અને હાનિવાળી અને તુલ્ય અવગાહનાવાળી બીજી નિગોદોની સ્પર્શના ત્યાં હોતી નથી.

ઉત્કૃષ્ટપદમાં સ્પર્શના આ પ્રમાણે હોય છે:-એકાવગાહનાવાળી સંપૂર્ણ ગોળાની નિષ્પાદક અસંખ્યાતી નિગોદો છે તે ઉત્કૃષ્ટપદને (જે અવગાહનામાં ઉત્કૃષ્ટપદ રૂપ જે આકાશપ્રદેશ રહેલ હોય તેને, નહીં છોડનારી પ્રથમ નિગોદની અવગાહનાની અપેક્ષાએ એક એક પ્રદેશની શ્રેણિની હાનિવાળી પ્રત્યેક અસંખ્યાતી નિગોદોથી સ્પર્શાયેલી છે, માટે તેમાં જઘન્ય પદ કરતાં અસંખ્યાતગુણા વધારે જીવપ્રદેશની સ્પર્શના છે. તે સ્પર્શના અસંખ્યાતગુણી હોવા છતાં અસત્કલ્પનાએ કોટિસહસ્ર ગણતાં અને દરેક જીવના લાખ પ્રદેશો ગણતાં ત્યાં દશ કોટાકોટિ જીવપ્રદેશો થાય. તે જઘન્યપદના એક ક્રોડ જીવપ્રદેશો કરતાં અસંખ્યાતગુણા થાય, કારણ કે અસંખ્યાતને લાખ કલ્પ્યા છે, તેને ક્રોડ ગુણ કરતાં લાખ ક્રોડ થાય તે કરતાં પણ દશ કોટાકોટિ વધારે છે.

ગોળાની પ્રરૂપણા:-

उक्कोसपयमुत्तं, निगोयओगाहणाइ सव्वत्तो ।
निप्फाइज्जइ गोलो, पएसपरिवुड्ढिहाणीहिं ॥ ६ ॥

અર્થ—ઉત્કૃષ્ટપદને છોડ્યા વિના સર્વ બાજુએ નિગોદની અવગાહનાવાળી એક એક પ્રદેશની વૃદ્ધિ અને હાનિએ કરીને ગોળા બનાવાય છે.

ભાવાર્થ:-લોકની મધ્યમાં આવેલા ગોળાની અંદર રહેલ ઘણા જીવપ્રદેશથી સ્પર્શાએલ આકાશપ્રદેશ રૂપ ઉત્કૃષ્ટ પદ છે. એક અવગાહનાવાળી નિગોદના વિવક્ષિત પ્રદેશને છોડ્યા વિના સર્વ દિશામાં એક એક પ્રદેશની વૃદ્ધિ અને હાનિથી વિવક્ષિત

અવગાહનાના કેટલાક પ્રદેશને મૂકતી એવી અન્ય અન્ય નિગોદોની સ્થાપનાથી અસંખ્ય ગોળાઓ ઉત્પન્ન થાય છે.

સારાંશ :–જે વિવક્ષિત અંગુલના અસંખ્યાતમા ભાગરૂપ આકાશપ્રદેશમાં એક નિગોદ અવગાહેલ છે, તેટલી જ અવગાહનામાં બીજી અસંખ્યાતી નિગોદો અવગાહેલી છે, તેમજ વિવક્ષિત નિગોદની અવગાહનાની અપેક્ષાએ તેના કેટલાક પ્રદેશોને મૂકીને બાકીના કેટલાક પ્રદેશોમાં વ્યાપીને રહેલી એવી સર્વ દિશાઓમાં અસંખ્યાતી નિગોદો છે, તેનાથી ગોળાઓ ઉત્પન્ન થાય છે.

બીજા ગોળાઓની રચના :–

तत्तो च्चिय गोलाओ, उक्कोसपयं मुइत्तु जो अन्नो ।
होइ निगोओ तंमि वि, अन्नो निप्फज्जई गोलो ।। ७ ।।

અર્થ—ત્યારપછી તે ગોળાના ઉત્કૃષ્ટ પદને છોડીને જે બીજી નિગોદો રહેલી છે. તેમાં પણ ઉત્કૃષ્ટપદથી બીજા ગોળાઓ નીપજે છે.

ભાવાર્થ :–ઉપર કહેલા ગોળાને આશ્રયિને બીજા ગોળા બને છે તે જણાવે છે :–


પ્રથમના ગોળાનું વિવક્ષિત ઉત્કૃષ્ટ પદ છોડીને જે બીજી નિગોદો રહી છે, તેમાં અન્ય ઉત્કૃષ્ટ પદની કલ્પનાથી બીજા ગોળા બને છે તેનો ભાવ આ પ્રમાણે–

પ્રથમના ઉત્કૃષ્ટ પદને આશ્રીને વિવક્ષિત નિગોદની અવગાહનામાં એક એક પ્રદેશની વૃદ્ધિ અને હાનિથી જે અન્ય નિગોદો સ્થાપી છે, તેમાંની કોઇ એક પણ નિગોદને આશ્રીને બીજી નિગોદો સ્થાપવાથી બીજા ગોળા બને છે, એટલે એક એક આકાશપ્રદેશની વૃદ્ધિ–હાનિથી જે નિગોદો રહી છે, તે નિગોદમાં અન્ય ઉત્કૃષ્ટપદ સ્થાપવાથી બીજા ગોળા બને છે. (એ પ્રમાણે અસંખ્યાતા ગોળા બને છે.)

एवं निगोयमित्ते, खित्ते गोलस्स होइ निप्फत्ती ।
एवं निप्फज्जंते, लोगे गोला असंखिज्जा ।। ८ ।।

અર્થ—આ પ્રમાણે નિગોદ માત્ર ક્ષેત્રમાં ગોળાની નિષ્પત્તિ થાય છે, અને એ પ્રમાણે લોકાકાશમાં અસંખ્યાતા ગોળાઓ હોય છે.

ભાવાર્થ :–ઉપરની ગાથામાં કહેલા ક્રમ મુજબ અમુક વિવક્ષિત નિગોદમાં અન્ય નિગોદ સ્થાપવાથી નિગોદ માત્ર ક્ષેત્રમાં એટલે ઇચ્છિત જુદી જુદી એક એક નિગોદની અવગાહનાવાળા આકાશપ્રદેશથી અન્ય ગોળાની ઉત્પત્તિ થાય છે. વિવક્ષિત નિગોદની અવગાહનાથી ભિન્ન એટલે એક એક પ્રદેશની વૃદ્ધિ તથા હાનિવાળી અન્ય નિગોદના દેશોની અવગાહનાનો પ્રવેશ બીજા ગોળામાં થાય છે, અથવા સ્પર્શ થાય છે. આ પ્રમાણે લોકમાં અસંખ્યાતા ગોળાઓ બને છે, કારણ કે લોકાકાશના તમામ પ્રદેશો નિગોદના સમૂહથી અવગાહેલા છે. દરેક નિગોદની અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી છે અને દરેક નિગોદે ગોળાની ઉત્પત્તિ થાય છે, માટે ગોળા પણ અસંખ્યાતા છે.


: ચિત્ર પરિચય :
ચૌદ રાજલોક નિગોદના
અસંખ્ય ગોળાઓથી
વ્યાપ્ત છે. એક એક
ગોળામાં અસંખ્ય
નિગોદો છે.
શ્રી સર્વજ્ઞ
પરમાત્માઓએ
જ્ઞાનદૃષ્ટિથી એકજ
નિગોદમાં અનંતા
જીવો કહેલા છે.

ववहारनएण इमं, उक्कोसपयावि इतिया चेव ।
जं पुण उक्कोसपयं, निच्छइयं होइ तं वुच्छं ॥ ९ ॥

અર્થ—વ્યવહારનયથી આ ઉત્કૃષ્ટ જાણવા. એટલે ઉત્કૃષ્ટ પદ પણ ગોળા જેટલા જ જાણવા. પરંતુ નિશ્ચયનયથી જે ઉત્કૃષ્ટપદ થાય છે, તે હવે કહું છું.

ભાવાર્થ :–વ્યવહારનયથી સામાન્યપણે ઉપર બતાવ્યું તે ઉત્કૃષ્ટ પદ જાણવું, એટલે ખંડગોળા સિવાયના દરેક ગોળામાં ઉત્કૃષ્ટપદ હોવાથી ઉત્કૃષ્ટ પદની સંખ્યા પણ ગોળા જેટલી જ અસંખ્યાતી છે. હવે નિશ્ચયથી ઉત્કૃષ્ટપદ કયું ? તે આથી સમજાયું નહીં, કારણ કે–છ દિશાના સ્પર્શવાળા સર્વે ગોળામાં ઉત્કૃષ્ટ પદ છે, માટે નિશ્ચયથી કયું ઉત્કૃષ્ટપદ લેવું ? તે આગલી ગાથામાં કહે છે.

ઉત્કૃષ્ટપદ નિશ્ચયથી :–

बायरनिगोयविग्गह गइयाई जत्थ समहिया अन्ने ।
गोला हुज्ज सुबहुया, निच्छइपयं तदुक्कोसं ॥ १० ॥

અર્થ—જ્યાં બાદર નિગોદ તથા અન્ય વિગ્રહગતિ આદિના જીવો અધિક હોય, તેવા ઘણા ગોળાઓ હોય છે, તેમાં નિશ્ચયથી ઉત્કૃષ્ટપદ જાણવું.

ભાવાર્થ :–નિગોદ બે પ્રકારની છે :–

નિગોદ એટલે સાધારણ વનસ્પતિકાયનું શરીર તે સાધારણ વનસ્પતિકાય બે પ્રકારે છે–(૧) સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાય અને (૨) બાદર સાધારણ–વનસ્પતિકાય. સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાયના જે શરીર–સૂક્ષ્મ નિગોદ તે ચૌદ રાજલોક વ્યાપી છે. બાદર સાધારણ વનસ્પતિકાયના જે શરીર તે બાદર નિગોદ છે. તે કંદમૂળાદિ જાણવા.

તે બાદર નિગોદ નિયત સ્થાનવર્તી છે. તે નિરાધારપણે રહી શકતી નથી, પણ પ્રત્યેક બાદર પૃથ્વી આદિ જીવના શરીરને આધારે રહે છે.

બાદર નિગોદો પૃથ્વી આદિ સ્વસ્થાને ઉપજી શકે છે તેમ જ રહી શકે છે, પણ સૂક્ષ્મ નિગોદની જેમ સર્વત્ર નથી.

હવે નિશ્ચયથી ઉત્કૃષ્ટપદ કેવી રીતે થાય ? તે કહે છે–જ્યાં સૂક્ષ્મનિગોદના સમૂહથી ઉત્પન્ન થયેલ ગોળા હોય, ત્યાં જે બાદર નિગોદો અવગાહેલા હોય, વળી ત્યાં સૂક્ષ્મ નિગોદના જીવો સજાતીય અથવા વિજાતીય નિગોદમાં ઉત્પન્ન થતા હોય એટલે સૂક્ષ્મ નિગોદના જીવો સૂક્ષ્મ નિગોદમાં અથવા બાદર નિગોદમાં તેમજ બાદર નિગોદના જીવો સૂક્ષ્મ નિગોદમાં અથવા બાદર નિગોદમાં ઉત્પન્ન થતા હોય કે વાટે વહેતા હોય, વળી બીજા પણ પૃથ્વીકાયાદિ જીવો ભવાંતરમાં વિગ્રહગતિ અથવા ઋજુગતિએ ગમન કરતા હોય, વળી ત્યાં સૂક્ષ્મ પૃથ્વીકાયાદિ તો રહેલા જ હોય આ સર્વ સંયોગો જે સ્થાને એકઠા થાય ત્યાં નિશ્ચયનયથી ઉત્કૃષ્ટપદ જાણવું.

તે જ વાત દર્શાવે છે :-

इहरा पडुच्च सुहुमे, बहुतुल्ला पायसो सगलगोला ।
तो बायराइगहणं, कीरइ उक्कोसयपयम्मि ॥ ११ ॥

અર્થ—અન્યથા બાદર નિગોદના આશ્રય વિના સૂક્ષ્મ નિગોદને આશ્રીને પ્રાયે કરીને બધા ગોળા નિગોદની સંખ્યાથી લગભગ સરખા છે, પરંતુ ઉત્કૃષ્ટપદ નિશ્ચયથી લાવવા માટે તો સકલ ગોળા એટલે લોકના મધ્યવર્તી સંપૂર્ણ ગોળા, પણ લોકના અંતવર્તી ખંડગોળા નહીં તે ઉત્કૃષ્ટ પદમાં બાદર નિગોદ વિગેરેનું પણ ગ્રહણ કરવું.

ભાવાર્થ :-એક સૂક્ષ્મ નિગોદ અસંખ્યાત આકાશપ્રદેશરૂપ અંગુલના અસંખ્યાતમા ભાગને સ્પર્શીને રહેલી છે. તેટલા જ ક્ષેત્રમાં એટલે તેટલી જ અવગાહનાવાળી ત્યાં બીજી અસંખ્યાતી સૂક્ષ્મનિગોદો રહેલી છે. તે જ ક્ષેત્રમાં એક એક પ્રદેશની વૃદ્ધિ-હાનિથી બીજી અસંખ્યાતી નિગોદરૂપ અસંખ્યાત ગોળાઓ છએ દિશામાં વિવક્ષિત સૂક્ષ્મ નિગોદને અવગાહે છે. વળી તે જ ક્ષેત્રમાં બાદર નિગોદ રહેલ હોય તે તથા બાદર નિગોદમાંથી નીકળી બાદર નિગોદમાં અથવા સૂક્ષ્મ નિગોદમાં ઉત્પન્ન થનાર જીવોના, તેમ જ સૂક્ષ્મ પૃથ્વીકાયાદિ ત્યાં રહેલા અને ભવાંતરને વિષે વિગ્રહ ગતિથી અગર ઋજુગતિથી જતા જીવોના આત્મપ્રદેશો વિવક્ષિત ક્ષેત્રને અવગાહે, તેને તાત્ત્વિક ઉત્કૃષ્ટ પદ જાણવું.

ગોળાદિની સંખ્યા :-

गोला य असंखिज्जा, हुंति निगोया असंखया गोले ।
इक्किको य निगोओ, अणंतजीवो मुणेयव्वो ॥ १२ ॥

અર્થ—ગોળા અસંખ્યાતા છે. એક એક ગોળામાં અસંખ્યાતી નિગોદો છે; તથા એક એક નિગોદમાં અનંતા જીવો છે એમ જાણવું.

ભાવાર્થ :-ચૌદ રાજલોકમાં ગોળાઓ અસંખ્યાતા છે. એક એક ગોળામાં અસંખ્યાતી નિગોદો એટલે શરીરો છે, કારણ કે સરખી અવગાહનાવાળી અસંખ્યાતી નિગોદોનો એક ગોળો બને છે. વળી એક એક નિગોદમાં અનંતા જીવો છે. આ અનંતુ સિદ્ધના જીવોના અનંતાથી અનંતગુણું છે, કારણ કે એક નિગોદનો અનંતમો ભાગ મોક્ષે ગયેલ છે, એવું શાસ્ત્રનું વચન છે.

જીવના પ્રદેશની સંખ્યા નિગોદમાં રહેલા જીવની અને ગોળાની અવગાહના :-

लोगस्स य जीवस्स य, हुंति पएसा असंखया तुल्ला ।
अंगुलअसंखभागो, निगोयजियगोलगोगाहो ॥ १३ ॥

અર્થ—લોકાકાશના અને એક જીવના પ્રદેશો અસંખ્યાતા છે અને તુલ્ય છે. નિગોદના જીવની અને ગોળાની અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગની છે.

ભાવાર્થ:–લોકાકાશના એટલે ચૌદ રાજલોકના પ્રદેશો અસંખ્યાતા છે અને તેટલા જ પ્રદેશો એક જીવના પણ છે, એટલે કે તે બન્નેના પ્રદેશોની સંખ્યા સરખી છે પણ ન્યૂનાધિક નથી; કારણ કે કેવળી સમુદ્‌ઘાતમાં કેવળી પોતાના પ્રદેશોથી સમસ્ત લોકાકાશને પૂરે છે. તે જ જીવ જ્યારે અત્યંત સંકોચને પામે છે ત્યારે તેની અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી થાય છે. એવી અવગાહનાવાળું જે શરીર તે નિગોદ છે. તેમ જ એક ગોળાની અવગાહના પણ તેટલી જ છે, કારણ કે સરખી અવગાહનાવાળી અસંખ્યાતી નિગોદનો જે સમૂહ તે ગોળો છે; માટે એ ત્રણેની અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે.

નિગોદ વિગેરેની સમ અવગાહનાનું સમર્થન:–

जंमि जिओ तमेव निगोओ तो तंमि चेव गोलोऽवि ।
निप्फज्जइ जं खित्ते, तो ते तुल्लावगाहणया ॥ १४ ॥

અર્થ—જે ક્ષેત્રમાં જ્યાં **જીવ** છે ત્યાં જ **નિગોદ** છે અને તે જ ક્ષેત્રમાં **ગોળો** પણ હોય છે; તેથી તે ત્રણે સરખી અવગાહનાવાળા છે.

ભાવાર્થ:–જે ક્ષેત્રમાં એક નિગોદ રહેલી છે, તેની અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગરૂપ જાણવી, એટલે કે અસંખ્યાતા આકાશપ્રદેશરૂપ અંગુલનો અસંખ્યાતમો ભાગ જાણવો.

તે નિગોદમાં રહેલ દરેક જીવની અવગાહના પણ તેટલી જ છે, કારણ કે તે નિગોદરૂપ તેનું શરીર છે.

તેમ જ ગોળાની અવગાહના પણ તેટલી જ છે, કારણ કે તે વિવક્ષિત નિગોદની અવગાહના સરખી એકાવગાહનાવાળી બીજી અસંખ્યાતી નિગોદો જે ત્યાં જ રહેલી છે તેનો બને છે.

હવે તે ગોળો જેટલા પ્રદેશમાં રહ્યો છે, તેની એક પ્રદેશની શ્રેણિને છોડતી અને બીજી બાજુએ વ્યાપતી છએ દિશામાં બીજી અસંખ્યાતી નિગોદો છે, તેનો જેટલો ભાગ વિવક્ષિત ગોળામાં આવે તે તે વિવક્ષિત ગોળામાં ગણવો અને બાકી રહેલ અવગાહનાનો ભાગ બીજા ગોળામાં ગણવો. આમ હોવાથી જીવ, નિગોદ અને ગોળાની અવગાહના સરખી જાણવી.

પ્રશ્નરૂપે ત્રણ અભિધેય:–

उक्कोसपयपएसे, किमेगजीवप्पएसरासिस्स ।
हुज्जेगनिगोयस्स व, गोलस्स व किं समोगाढं ? ॥ १५ ॥

અર્થ—ઉત્કૃષ્ટ પદવાળા આકાશપ્રદેશમાં એક જીવની પ્રદેશરાશિ, એક નિગોદની પ્રદેશરાશિ અને એક ગોળાની પ્રદેશરાશિ શું શું અવગાહેલ હોય?

ભાવાર્થ:-જ્યારે એક જીવ કે જેનો પ્રદેશરાશિ લોકાકાશ તુલ્ય છે, તે સંકોચ પામીને પોતાના આત્મપ્રદેશને નિગોદ માત્ર ક્ષેત્રમાં અવગાહે ત્યારે તેના કેટલા પ્રદેશો તે ઉત્કૃષ્ટ પદરૂપ આકાશપ્રદેશમાં હોય? તેમ જ એક નિગોદના અને એક ગોળાના કેટલા કેટલા પ્રદેશ તેણે અવગાહેલ હોય?

પ્રથમ જીવ સંબંધી ઉત્તર:-

जीवस्स लोगमित्तस्स, सुहुमओगाहणावगाढस्स ।
इक्किक्कंमि पएसे, हुंति पएसा असंखिज्जा ॥ १६ ॥

અર્થ—લોકાકાશના પ્રદેશપ્રમાણવાળા જીવના સૂક્ષ્મ અવગાહનામાં રહેલા આકાશના એક એક પ્રદેશમાં અસંખ્યાતા પ્રદેશો હોય છે.

ભાવાર્થ:-એક જીવના પ્રદેશો ચૌદ રાજલોકના પ્રદેશ તુલ્ય છે. તે અસંખ્યાતા છે. તે જીવ જ્યારે સૂક્ષ્મ નામકર્મના ઉદયથી સૂક્ષ્મ અવગાહનામાં રહે છે ત્યારે અંગુલના અસંખ્યાતમા ભાગમાં પણ રહી શકે છે.

અસંખ્યાતાના અસંખ્યાત ભેદ હોવાથી લોકાકાશના અસંખ્યાત પ્રદેશોને અંગુલના અસંખ્યાતમા ભાગના અસંખ્યાત પ્રદેશે ભાંગતાં અસંખ્યાત આવે, એટલે તે એકેક આકાશપ્રદેશમાં દરેક જીવના અસંખ્યાત અસંખ્યાત પ્રદેશો અવગાહેલ હોય છે.

નિગોદ સંબંધી ઉત્તર:-

लोगस्स हिए भागे, निगोयओगाहणाइ जं लद्धं ।
उक्कोसपएऽतिगयं, इत्तियमिक्किकजीवाओ ॥ १७ ॥

અર્થ—લોકાકાશના પ્રદેશને નિગોદની અવગાહનાના પ્રદેશોથી ભાગવાથી જે આવે, એટલા પ્રદેશો ઉત્કૃષ્ટપદે એકેક જીવના અવગાહેલ હોય છે.

ભાવાર્થ:-લોકાકાશના પ્રદેશને નિગોદની અવગાહનારૂપ અંગુલના અસંખ્યાતમા ભાગના અસંખ્યાત આકાશપ્રદેશથી જે આવે તેટલા ઉત્કૃષ્ટ પદે એક એક આકાશપ્રદેશ ઉપર એક જીવના (અસંખ્યાત) પ્રદેશો રહેલા છે. વળી તે જ આકાશપ્રદેશે તે જ નિગોદ વ્યાપી બીજા અનંતજીવો રહેલા છે, તે દરેકના ઉપરના ભાગાકારથી આવેલ અસંખ્યાત જેટલા અસંખ્ય અસંખ્ય આત્મપ્રદેશો રહેલા છે. એટલે એક નિગોદગત જીવોના એકંદર અસંખ્યાત અનંત પ્રદેશો એકેક આકાશપ્રદેશે રહેલા છે. અસત્કલ્પનાએ એક પ્રદેશે જીવના લાખ પ્રદેશ રહેલા હોવાથી અનંતજીવના અનંત લાખ પ્રદેશો રહેલા છે એમ સમજવું.

ગોળા સંબંધી ઉત્તર :-

एवं दव्वट्ठाए, सव्वेसिं इक्कगोलजीवाणं ।
उक्कोसपयमइगया, होंति पएसा असंखगुणा ॥ १८ ॥

અર્થ—એ પ્રમાણે દ્રવ્યાર્થપણે (પ્રદેશાર્થપણે નહીં) કારણ કે એક ગોળાના સર્વ જીવો કરતાં ઉત્કૃષ્ટ પદમાં રહેલા જીવપ્રદેશો અસંખ્યાતગુણા હોય છે.

ભાવાર્થ :-એક નિગોદમાં જેટલા જીવો છે, તેથી અસંખ્યાતગુણા તેમના પ્રદેશો ઉત્કૃષ્ટ પદમાં રહેલા છે, કારણ કે એક નિગોદમાં જીવો અનંતા છે અને ઉત્કૃષ્ટ પદમાં-વિવક્ષિત આકાશપ્રદેશમાં તેમાંના એક એક જીવના અસંખ્યાત પ્રદેશ રહેલા છે; તેથી તે ઉત્કૃષ્ટ પદમાં તે નિગોદગત સર્વ જીવોના મળી અનંત અસંખ્યાત પ્રદેશો છે, માટે અનંત જીવો કરતાં તે પ્રદેશોની સંખ્યા અસંખ્યાતગુણી જાણવી.

તેમજ એક ગોળામાં રહેલા જીવો કરતાં તેના ઉત્કૃષ્ટ પદમાં રહેલા જીવપ્રદેશો અસંખ્યાતગુણા જાણવા, કારણ કે એક ગોળામાં અસંખ્યાતી નિગોદ અને એક નિગોદમાં અનંતા જીવ છે, તેથી એક ગોળામાં અનંત અસંખ્યાતા જીવ થયા, અને તે ગોળાના વિવક્ષિત ઉત્કૃષ્ટ પદમાં સર્વ નિગોદના જીવપ્રદેશો અસંખ્યાત અનંત અસંખ્યાત છે, ઉપર એક નિગોદની અપેક્ષાએ એક પ્રદેશમાં અનંત અસંખ્યાત પ્રદેશ કહ્યા, તેવી અસંખ્યાત નિગોદો તે ગોળામાં હોવાથી અસંખ્યાત અનંત અસંખ્યાત જીવપ્રદેશો તે આકાશપ્રદેશરૂપ તે ઉત્કૃષ્ટ પદમાં રહેલા છે, માટે અસંખ્યાતગુણ કહ્યા છે.

ઉપર કહેલ અસંખ્યગુણ શબ્દથી અસંખ્યગુણ પ્રમાણ કેટલું :-

तं पुण केवइएणं, गुणियमसंखिज्जयं भविज्जाहि ? ।
भण्णइ दव्वट्ठाए, जावइया सव्वगोलत्ति ॥ १९ ॥

અર્થ—**પ્રશ્ન** :-તે રાશિ કેટલા પ્રમાણથી ગુણીએ કે જેથી અસંખ્યાતગુણ થાય ?

ઉત્તર :-દ્રવ્યાર્થની અપેક્ષાએ જેટલા સર્વ ગોળા છે તેટલી સંખ્યાએ તેને ગુણતાં ઇષ્ટ અસંખ્યાત રાશિ આવે.

ભાવાર્થ :-એટલે એક આકાશપ્રદેશ ઉપર જેટલા જીવના પ્રદેશો છે તેટલા ગોળા છે, કારણ કે બધા ગોળાઓની સંખ્યા પણ તેટલી જ છે.

સારાંશ:-એક ગોળામાં જે સમગ્ર જીવો છે, તેને સમગ્ર ગોળાનીરાશિથી ગુણો, અથવા એક આકાશપ્રદેશ ઉપર રહેલ એક જીવના પ્રદેશરાશિથી ગુણવાથી જે રાશિ આવે, તેટલા ઉત્કૃષ્ટપદમાં જીવપ્રદેશરાશિ જાણવા.

किं कारण मोगाहण-तुल्लता जियनिगोयगोलाणं ।
गोला उक्कोसपएक्क-जियपएसेहिं तो तुल्ला ॥ २० ॥

અર્થ—પ્રશ્ન :–ઉત્કૃષ્ટ પદે એક જીવના પ્રદેશરાશિ સમાન ગોળા છે. તેનું શું?

ઉત્તર :–જીવ, નિગોદ અને ગોળાની અવગાહના સરખી છે માટે.

ભાવાર્થ :–એક ગોળાની અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી છે, અને સકળ લોક ગોળાઓથી ભરેલો છે, માટે લોકના પ્રદેશની રાશિને અંગુલના અસંખ્યાતમા ભાગના પ્રદેશરાશિથી ભાગવાથી, જે સંખ્યા આવે તેટલી જ સંખ્યા એક જીવના ઉત્કૃષ્ટ પદે રહેલા પ્રદેશોની પણ છે, કારણ કે જીવની પ્રદેશરાશિ લોકાકાશના પ્રદેશરાશિ તુલ્ય છે અને અહીં જીવની અવગાહના અંગુલના અસંખ્યાત ભાગ પ્રમાણ છે, માટે બન્નેમાં ભાજ્ય ભાજક સંખ્યા સરખી હોવાથી ભાગાકાર સરખો જ આવે, માટે સમગ્ર ગોળાઓ અને ઉત્કૃષ્ટ પદે એક જીવપ્રદેશોની સંખ્યા સરખી જાણવી.

એ જ વાતની વિશેષ સમજણ :–

गोलेहिं हिए लोगे, आगच्छइ जं तमेग जीवस्स ।
उक्कोसपयगयपएसरासितुल्लं हवइ जम्हा ॥ २१ ॥

અર્થ—કારણ કે લોકાકાશના પ્રદેશોને ગોળાની અવગાહનાવડે ભાગવાથી જે રાશિ આવે, તે રાશિ તુલ્ય એક જીવના ઉત્કૃષ્ટપદે રહેલા પ્રદેશો હોય છે.

ભાવાર્થ :–લોકાકાશના પ્રદેશરાશિને એક ગોળાની અવગાહના જે અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી છે, તેના વડે ભાગવાથી જે રાશિ આવે તેટલા ઉત્કૃષ્ટપદે એક જીવના પ્રદેશો હોય છે.

अहवा लोगपएसे, इक्किक्के ठवय गोलमिक्किकं ।
एवं उक्कोसपएकजियपएसेसुं मायंति ॥ २२ ॥

અર્થ—અથવા લોકાકાશના એક એક પ્રદેશે એક એક ગોળાને સ્થાપન કરો. એ પ્રમાણે ઉત્કૃષ્ટપદે રહેલા એક જીવ પ્રદેશ તુલ્ય પ્રદેશમાં તે ગોળા સમાય છે.

ભાવાર્થ :–અથવા લોકના એક એક પ્રદેશમાં એક એક ગોળો સ્થાપન કરવો, અને તે પ્રમાણે સ્થાપન કરતાં તે ગોળાઓ જેટલા આકાશપ્રદેશને રોકે તેટલા જ એક જીવના ઉત્કૃષ્ટ પદે જીવપ્રદેશો જાણવા; માટે ગોળાઓ તેમજ ઉત્કૃષ્ટ પદે જીવ પ્રદેશો સરખા જાણવા.

गोलो जीवो य समा, पएसओ जं च सव्वजीवाऽवि ।
हुंति समोगाहणया, मज्झिमओगाहणं पप्प ॥ २३ ॥

અર્થ—ગોળો તથા જીવ એ બન્ને અવગાહનાના પ્રદેશ આશ્રયિને તુલ્ય છે. જેથી સર્વ જીવો પણ મધ્યમ અવગાહનાને પામીને સરખી અવગાહનાવાળા હોય છે.

ભાવાર્થ :–ગોળો તથા જીવ એ બંને અવગાહનાના પ્રદેશોને, આશ્રયિને તુલ્ય છે. બન્નેની અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી હોવાથી તુલ્ય છે.

કારણ કે સૂક્ષ્મ સર્વ જીવો પણ મધ્યમ અવગાહનાને આશ્રયિને સરખી અવગાહનાવાળા છે.

અસત્ કલ્પનાએ જઘન્ય અવગાહના પાંચ હજાર પ્રદેશની ઉત્કૃષ્ટ અવગાહના પંદર હજાર પ્રદેશની કલ્પો એટલે બન્ને અવગાહના સાથે કરી અર્ધી કરવાથી મધ્યમ અવગાહના દશ હજાર પ્રદેશની થાય છે.

तेण फुडं चिय सिद्धं, एगपएसम्मि जे जियपएसा ।
ते सव्वजीवतुल्ला, सुणसु पुणो जह विसेसहिया ॥ २४ ॥

અર્થ—તેથી સ્પષ્ટપણે સિદ્ધ થયું કે–ઉત્કૃષ્ટ પદવાળા એક આકાશપ્રદેશમાં જેટલા જીવપ્રદેશો છે, તે સર્વ જીવ તુલ્ય છે. હવે જે રીતે જીવપ્રદેશો વિશેષાધિક થાય છે તે કહે છે.

ભાવાર્થ :–ઉત્કૃષ્ટપદે વર્તતા જીવોના જેટલા પ્રદેશો છે, તે સર્વ જીવ તુલ્ય છે. તે અસત્કલ્પનાએ જણાવે છે.

પૂર્વે કલ્પ્યા પ્રમાણે એક જીવના સોકોટિ પ્રદેશો છે. તેને દશ હજાર પ્રદેશની નિગોદની અવગાહના હોવાથી તેના વડે ભાગતાં એક આકાશપ્રદેશે એક એક લાખ પ્રદેશ આવે છે. હવે એક નિગોદમાં અનંતા જીવને અસત્કલ્પનાએ લાખ ગણવા. લાખને લાખે ગુણવાથી હજાર કોટિ જીવપ્રદેશો થાય.

હવે નિગોદો અસંખ્યાતીને અસત્કલ્પનાએ લાખ ગણવાથી પૂર્વની રાશિને લાખે ગુણવાથી દશ કોટાકોટિ જીવપ્રદેશો ઉત્કૃષ્ટપદે થયા. અને ગોળામાં જીવદ્રવ્યો એટલે એક ગોળાવર્તી સર્વ જીવો પણ તેટલા જ અસત્કલ્પનાએ દશ કોટાકોટી છે. એ રીતે બંને સરખા થયા.

સર્વ જીવથી ઉત્કૃષ્ટપદે રહેલા જીવપ્રદેશો વિશેષાધિક કેવી રીતે ?

जं संति केइ खंडा गोला लोगंतवत्तिणो अन्ने ।
बायरविग्गहिएहि य, उक्कोसपयं जमब्भहियं ॥ २५ ॥

અર્થ—કારણ કે લોકને અંતે કેટલાક ખંડગોળાઓ છે. જે પૂર્ણ ગોળાથી જુદા છે તેથી તે રાશિ કાંઈક ઘટે છે પરંતુ જે ઉત્કૃષ્ટપદમાં બાદર નિગોદના અને વિગ્રહ-ગતિના જીવોના પ્રદેશો અધિક હોવાથી અધિકપણું થાય છે.

ભાવાર્થ :–બાદરનિગોદોના તથા વિગ્રહગતિના જીવોના પ્રદેશો ઉત્કૃષ્ટપદમાં રહેલા હોવાથી, ઉત્કૃષ્ટપદે જીવપ્રદેશો સર્વ જીવરાશિથી વિશેષાધિક છે–

બાદરનિગોદ સર્વ જીવોના અસંખ્યાતમા ભાગ જેટલી છે. કલ્પનાથી એક કોટિ પ્રમાણ છે, તેને પ્રથમની જીવરાશિ કરતા ખંડગોળાને કારણે ઉત્કૃષ્ટપદથી એક કોટિ ઓછી ગણી છે તેમાં નાંખવાથી જીવરાશિ તથા ઉત્કૃષ્ટપદ સરખું થાય.

હવે તે બાદરનિગોદરાશિ જે અસત્કલ્પનાએ એક ક્રોડ છે તેમાંથી કલ્પનાથી સો જીવો ઇચ્છિત સૂક્ષ્મ નિગોદના ગોળા ઉપરાંત અવગાહેલ છે. તે જીવો આકાશના એક એક પ્રદેશ ઉપર પોતાના એક લાખ પ્રદેશથી વ્યાપેલા છે. આવા સો જીવો સૂક્ષ્મ નિગોદના ગોળા ઉપર અવગાહેલ હોવાથી એક લાખને સોએ ગુણવાથી એક કોટિ થાય, તે સંખ્યા ઉત્કૃષ્ટપદની સંખ્યામાં નાંખવાથી તેની સંખ્યા એક કોટિ પ્રદેશ (સર્વ સૂક્ષ્મ નિગોદજીવરાશિ કરતાં) અધિક થાય છે.

તાત્પર્ય :–

तम्हा सव्वेहिंतो, जीवेहिंतो फुडं गहेयव्वं ।
उक्कोसपयपएसा, हुंति विसेसाहिया नियमा ॥ २६ ॥

અર્થ—તે કારણે સર્વજીવોથી ઉત્કૃષ્ટપદે જીવપ્રદેશો નક્કી વિશેષાધિક છે એમ સ્પષ્ટ જાણવું.

अहवा जेण बहुसमा, सुहुमा लोएऽवगाहणाए य ।
तेणिक्किकं जीवं, बुद्धीए विरल्लए लोए ॥ २७ ॥

અર્થ—અથવા જે કારણથી લોકમાં સૂક્ષ્મનિગોદના ગોળાઓ અવગાહનાંને આશ્રયિને ઘણે ભાગે સરખા છે તે કારણથી એક એક જીવને બુદ્ધિથી લોકમાં સ્થાપવા.

ભાવાર્થ :–સૂક્ષ્મનિગોદના ગોળાઓ જીવની સંખ્યાથી ઘણે ભાગે સરખા છે. ખંડગોળા સાથે વ્યભિચાર દૂર કરવા માટે ગાથામાં બહુસમા શબ્દ મૂકયો છે.

કલ્પનાથી એક ગોળાની અવગાહનામાં એક હજાર કોટી જીવો રહ્યા છે. આવા ગોળાઓ કલ્પનાથી લોકમાં એક લાખ છે. અવગાહનાથી બધા ગોળાઓ સરખા છે. કલ્પનાથી દરેક ગોળાઓ આકાશના દશ હજાર પ્રદેશમાં વ્યાપીને રહ્યા છે.

હવે આકાશના એક પ્રદેશમાં રહેલા જીવપ્રદેશો તથા સમગ્ર જીવો આ બંન્નેનું સરખાપણું જાણવા એક એક જીવને બુદ્ધિથી કેવલી સમુદ્દઘાતગતિથી વિસ્તારવા.

એટલે એક ગોળા સંબંધી જીવના જેટલા પ્રદેશો છે–કલ્પનાથી દશ કોટાકોટિ છે, તેટલા જ પ્રદેશો લોકાકાશના એકેક પ્રદેશ ઉપર આવે છે.

કેવલી સમુદ્‌ઘાતની માફક જીવપ્રદેશોના વિસ્તાર કરવાથી જીવો પણ તેટલા જ છે. આથી જીવપ્રદેશો તથા સમગ્ર જીવો બન્ને તુલ્ય થાય છે.

'બહુસમા' શબ્દમાં બહુ એટલે વિશેષ કરીને અથવા પ્રાયઃ શબ્દ કહ્યો છે તે ખંડગોળાઓ સંબંધી દોષના પરિહાર માટે કહ્યો છે અર્થાત્ સર્વે સૂક્ષ્મનિગોદના ગોળા સરખા નથી પરંતુ ઘણી સંખ્યાવાળા અખંડગોળા જીવસંખ્યાની અપેક્ષાએ પરસ્પર તુલ્ય છે અને અતિ અલ્પસંખ્યાવાળા ખંડગોળા જીવસંખ્યાની અપેક્ષાએ સરખા નથી એટલે અખંડગોળા જેવા નથી.

આ અર્થ સૂચવવા માટે પ્રાયઃ સરખા કહ્યા છે પણ એકાંતે સરખા જ છે એમ જાણવું નહિ.

एवं पि समा जीवा, एगपएसगयजियपएसेहिं ।
बायर बाहुल्ला पुण, हुंति पएसा विसेसहिया ॥ २८ ॥

અર્થ—એ પ્રમાણે જીવો એક આકાશપ્રદેશ ઉપર રહેલા જીવપ્રદેશોની તુલ્ય છે, પરંતુ બાદર નિગોદ જીવોના પ્રદેશોના બાહુલ્યપણાથી ઉત્કૃષ્ટપદ ઉપર તે પ્રદેશો વધારે હોવાથી ઉત્કૃષ્ટપદે જીવપ્રદેશો સર્વજીવ કરતાં વિશેષાધિક થાય છે.

तेसिं पुण रासीणं, निदरिसणमिणं भणामि पच्चक्खं ।
सुहगहणगाहणत्थं, ठवणारासिप्पमाणेहिं ॥ २९ ॥

અર્થ—તે રાશિઓને (ઉત્કૃષ્ટપદે રહેલા જીવપ્રદેશ રાશિને તથા એક નિગોદમાં રહેલ જીવરાશિને સુખપૂર્વક જાણવા માટે કલ્પનાથી સ્થાપન કરેલ જીવ તથા પ્રદેશોની રાશિના પ્રમાણથી આ દૃષ્ટાંત પ્રત્યક્ષ કહું છું.

गोलाण लक्खमिक्कं, गोले गोले निगोयलक्खं तु ।
इक्किक्के य निगोए, जीवाणं लक्खमिक्किक्कं ॥ ३० ॥

અર્થ—કલ્પનાથી ગોળાઓ એક લાખ છે. વળી દરેક ગોળામાં લાખ લાખ નિગોદ છે અને એક એક નિગોદમાં જીવો એક એક લાખ છે. (આનો ખુલાસો છેલ્લી ગાથાનાં ભાવાર્થમાં છે.)

कोडिसयमेगजीव–प्पएससमाणं तमेव लोगस्स ।
गोलनिगोयजियाणं, दस उ सहस्सा समोगाहो ॥ ३१ ॥

અર્થ—એક જીવના પ્રદેશનું પ્રમાણ એક સો કોડ છે. તેટલું જ લોકાકાશના પ્રદેશનું પ્રમાણ છે. ગોળા, નિગોદ અને જીવોની અવગાહના સરખી છે અને તે દશ હજાર પ્રદેશ પ્રમાણ છે.

जीवस्सिक्किक्कस्स य, दससाहस्सावगाहिणो लोए ।
इक्किक्कम्मि पएसे, पएसलक्खं समोगाढं ॥ ३२ ॥

અર્થ—લોકાકાશમાં દશ હજાર આકાશપ્રદેશની અવગાહનાવાળા એક એક જીવના લાખ લાખ જીવપ્રદેશો એક એક આકાશપ્રદેશને અવગાહીને રહેલા છે.

जीवसयस्स जहण्णे पयम्मि कोडीजियप्पएसाणं ।
ओगाढा उक्कोसे, पयम्मि वुच्छं पएसग्गं ॥ ३३ ॥

ભાવાર્થ :–જઘન્યપદમાં સો જીવ હોય છે અને તે સો જીવના એક કરોડ આત્મપ્રદેશો જઘન્યપદરૂપ એક આકાશ પ્રદેશમાં ખંડગોળામાં અવગાહીને રહેલા છે.

હવે ઉત્કૃષ્ટપદરૂપ એક આકાશપ્રદેશમાં અખંડગોળામાં કેટલા આત્મપ્રદેશો છે તે કહું છું.

कोडिसहस्स जियाणं, कोडाकोडीदसप्पएसाणं ।
उक्कोसे ओगाढा, सव्वजिया वि तत्तिया चेव ॥ ३४ ॥

અર્થ—ઉત્કૃષ્ટપદમાં હજાર કોડ જીવો છે, તે દરેક જીવોના લાખ લાખ આત્મપ્રદેશો હોવાથી દશ કોટાકોટિ આત્મપ્રદેશો અવગાહીને રહેલા છે અને સર્વ સૂક્ષ્મનિગોદના જીવો પણ તેટલા જ (દશ કોટાકોટિ) છે.

कोडी उक्कोसपयम्मि, बायरजियप्पएसपक्खेवो ।
सोहणयमित्तियं चिय, कायव्वं खंडगोलाणं ॥ ३५ ॥

અર્થ :–ઉત્કૃષ્ટપદમાં બાદરનિગોદ જીવોના એક ક્રોડ આત્મપ્રદેશો પ્રક્ષેપવા અને ખંડગોળામાં જીવપ્રદેશોની સંખ્યા એટલી જ છે તે નિશ્ચે ઓછી કરવી એટલે બંને સરખા થશે.

ભાવાર્થ :–ઉત્કૃષ્ટપદમાં પૂર્વે કહેલ સૂક્ષ્મજીવપ્રદેશરાશિરૂપ હજાર ક્રોડમાં જે બાદર જીવો ત્યાં અવગાહીને રહેલા છે, તેના ક્રોડ પ્રદેશ અધિક જાણવા. કારણ કે વિવક્ષિત સૂક્ષ્મનિગોદના ગોળા ઉપર બાદર જીવો સો અવગાહેલ હોવાથી અને દરેક જીવના લાખ લાખ પ્રદેશ એકેક આકાશપ્રદેશ ઉપર રહેલ હોવાથી ક્રોડ થાય. તેમજ સર્વજીવરાશિમાંથી એક ક્રોડ ઓછા કરવા. કારણ કે ખંડગોળામાં તેટલી સંખ્યા ઓછી છે.

અથવા ખંડગોળામાં બાદરનિગોદ તેમજ વિગ્રહગતિના જીવોના પ્રદેશો નાંખવાથી બધા ગોળા એક સરખા થાય છે, તો પણ ઉત્કૃષ્ટપદમાં બાદર સો જીવોના એક કોટિ જીવપ્રદેશો વિશેષ હોવાથી સમગ્ર જીવો કરતાં ઉત્કૃષ્ટપદ વિશેષાધિક જાણવું.

एएसि जहासंभव–मत्थोवणयं करिज्ज रासीणं ।
सब्भावओ अ जाणिज्ज ते अणंता असंखा वा ॥ ३६ ॥

અર્થ :–એ પૂર્વે કહેલા જીવરાશિનો ઉપનય–સમન્વય જેમ સંભવે તેમ કરી લેવો. યથાર્થપણાથી તો જીવો અનંતા અને નિગોદો તથા ગોળાઓ અસંખ્યાતા જાણવા.

ભાવાર્થ :–અહીં અર્થનો ઉપનય (સમન્વય) તેના યોગ્ય સ્થાનકે કરવાનો પૂર્વે દર્શાવ્યો છે તેમાં એક નિગોદમાં જીવો એક લાખ કલ્પ્યા છે પણ નિશ્ચયથી અનંતા છે, તેમજ સર્વજીવો પણ અનંતા છે.

નિગોદો કલ્પનાથી લાખગણી છે પણ નિશ્ચયથી તે અસંખ્યાતી છે, ગોળાઓ લાખ કલ્પ્યા છે તે પણ નિશ્ચયથી અસંખ્યાતા છે.

આ પ્રમાણે સૂક્ષ્મનિગોદ, બાદરનિગોદ તેમજ ગોળાની અવગાહના સંબંધી વિચાર જાણવો.


ઇતિ શ્રી ભગવતીસૂત્રના ૧૧ મા શતકના
૧૦ મા ઉદ્દેશામાંથી ઉદ્ધરેલ શ્રી નિગોદ
ષટ્ત્રિંશિકાપ્રકરણ સમાપ્ત

નિગોદ ઘટના

ચૌદરાજ લોકમાં નિગોદના ગોળા અસંખ્ય છે. તે એક-એક ગોળામાં અસંખ્ય–અસંખ્ય નિગોદો છે. તે એક-એક નિગોદમાં નિગોદનાં અનંત–અનંત જીવો છે એ અનંત એટલે...!

જ્યારે-જ્યારે પણ જિનેશ્વરભગવંતોને પૂછવામાં આવે કે, હે ભગવાન્...! અનંતકાળથી અનંત જીવો મોક્ષમાં ગયા છે, તો નિગોદમાં કેટલા જીવો છે? ત્યારે એ ભગવંતોનો જવાબ મળે છે કે, એક નિગોદનો અનંતમા ભાગમાં રહેલા જીવો જ મુક્તિમાં ગયેલ છે.

સમ્યક્ત્વ સ્તવ.



અનાદિકાળથી અવ્યવહારરાશિમાં રખડતો જીવ 'નદીપાષાણ ગોળન્યાયે' વ્યવહારરાશિમાં આવ્યો. ત્યાં પણ અનંતકાળ રખડતા રખડતા ચારે ગતિઓમાં ભવભ્રમણ કરતાં પ્રબળ પુન્યોદયે કર્મની લઘુતા થતાં ભવિજીવને કયા ક્રમથી આત્મવિકાસ થાય છે તે જણાવવું આ પ્રકરણ છે. તેમાં શ્લોક સ્તવનારૂપ હોવાથી તેને સમ્યક્ત્વસ્તવ કહે છે.

જીવ નિગોદથી યથાપ્રવૃત્તિકરણ સુધી અને ત્યાંથી અપૂર્વકરણ દ્વારા આગળ વધીને સમ્યક્ત્વને પામે છે તે સમ્યક્ત્વનાં જુદી જુદી રીતે કેટલા પ્રકારો છે તે સમ્યક્ત્વ કેટલા ગુણસ્થાનક સુધી સાથે રહે છે તે સર્વ હકીકત જણાવતા મૂળ ૨૫ શ્લોક તથા અન્ય મહાપુરુષોનાં સાક્ષીપાઠોપૂર્વક આ પ્રકરણ એવું રચાયું છે કે આપણે આપણા માટે સજાગ બનીએ તો આ ક્રમ મુજબ આપણે પણ આત્મવિકાસ કરીને સર્વકલ્યાણનાં ભોક્તા બની જઈએ.

श्रीमद्वीरजिनं नत्वा, गुरुश्रीज्ञानसागरम् ।
श्री सम्यक्त्वस्तवस्यार्थो, लिखामि लोकभाषया ॥
गुरुपदेशतः सम्यक्, किञ्चिच्छास्त्रानुसारतः ।
वृद्धपरंपराज्ज्ञात्वा, क्रियते बोधिसंग्रहः ॥

અર્થ:–શ્રી વીરજિનેશ્વરને તથા શ્રી જ્ઞાનસાગરગુરુને નમસ્કાર કરીને, સમ્યક્ પ્રકારે ગુરુના ઉપદેશથી, શાસ્ત્રના અનુસારે અને વૃદ્ધપરંપરાથી કાંઇક જાણીને હું બોધિના સંગ્રહરૂપ આ સમ્યક્ત્વસ્તવનો અર્થ ગુજરાતીમાં લખુ છું.

ભાવાર્થ:–આ સમ્યક્ત્વસ્તવ પ્રકરણમાં સમકિતની પ્રાપ્તિ કેમ થાય, તેનું વિશદ વિવરણ કરવામાં આવેલ છે.

પ્રથમ સૂત્રકારની ગાથા :–

जह सम्मत्तसरूवं, परूवियं वीरजिणवरिंदेण ।
तह कित्तणेण तमहं, पुणामि सम्मत्तसुद्धिका ॥ १ ॥

અર્થ:–જેમ સમ્યક્ત્વનું સ્વરૂપ શ્રીવીરજિનેશ્વરે કહ્યું છે તેજ રીતે વર્ણન કરવા દ્વારા સમ્યક્ત્વની શુદ્ધિ માટે વીર પરમાત્માની હું સ્તુતિ કરું છું.

ભાવાર્થ:–સમ્યક્ત્વના ઉપશમ, ક્ષાયિક, ક્ષયોપશમાદિ પ્રકારો છે, તે સમ્યક્ત્વની પ્રાપ્તિ થવાના ઉપાયો વીરપરમાત્માએ અનેક દર્શાવેલ છે. તે ઉપાયોના સેવનથી ક્ષાયિક સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય તે માટે પરમાત્માની સ્તવના કરી ગ્રંથકાર મંગલાચરણ કરે છે.

આગમ પાઠ :

"थयथुइमंगलेणं भंते ! किं जणइ ?
गोयमा ! नाणदंसणचारित्तबोहिलाभं जणइ ।"

પ્રશ્ન–હે ભગવન્ ! સ્તવના અને સ્તુતિરૂપ મંગળ કરવાથી જીવ શું પામે છે ?
ઉત્તર–હે ગૌતમ ! જ્ઞાન,–દર્શન,–ચારિત્ર અને સમ્યક્ત્વનો લાભ પામે છે.

સમ્યક્ત્વપ્રાપ્તિ પૂર્વે જીવની અવસ્થાનું વર્ણન :–

सामि ! अणाइअणंते, चउगइसंसारघोरकांतारे ।
मोहाइ कम्मगुरुठिइ, विवागवसओ भमइ जीवो ॥ २ ॥

અર્થ :–હે સ્વામી ! અનાદિઅનંત ચારગતિથી યુક્ત, સંસારરૂપી ભયંકર અટવીમાં મોહનીય આદિ કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિનાં વિપાકને કારણે જીવ ભમે છે.

ભાવાર્થ :–સંસાર આદિ અને અંત વગરનો છે તે સંસારરૂપ અરણ્યમાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય એ આઠ કર્મના પરાધીનપણાથી જીવ સંસારમાં ભમે છે.

આઠે કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ :–

"मोहे कोडाकोडी सत्तरि वीसं च नामगोयाणं ।
तीसायराणि चउण्हं, तित्तीसयराइ आउस्स ॥"

અર્થ :–"મોહનીયકર્મની સીત્તેર કોડાકોડી સાગરોપમ, નામકર્મ અને ગોત્રકર્મની વીશ કોડાકોડી સાગરોપમ, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય અને અંતરાય એ ચાર કર્મની ત્રીશ કોડાકોડી સાગરોપમ અને આયુષ્યકર્મની તેત્રીશ સાગરોપમની સ્થિતિ છે."

ભાવાર્થ :–આઠે કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિનું પ્રમાણ આ ગાથામાં દર્શાવેલ છે. કષાયને વશ સંક્લેશદ્વારા કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ જીવ બાંધે છે.

સમ્યક્ત્વ પામવાનો ઉપાય :–

पल्लोवमाइ अहा–पवित्तिकरणेण को वि जइ कुणइ ।
पलियअसंखभागूण–कोडिकोडि अयरठिइ सेसं ॥ ३ ॥

અર્થ :–ગ્યાલા વિગેરેના દૃષ્ટાંતથી કોઈ જીવ યથાપ્રવૃત્તિકરણદ્વારા આયુષ્યકર્મને છોડીને બાકીના સાતે કર્મની પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન એક એક કોડાકોડી સાગરોપમની શેષ સ્થિતિને કરે છે.

ભાવાર્થ :–સમ્યક્ત્વ પામવાના ત્રણ કરણ છે.
(૧) યથાપ્રવૃત્તિકરણ (૨) અપૂર્વકરણ (૩) અનિવૃત્તિકરણ.

યથાપ્રવૃત્તિકરણ :–સાત કર્મની જેટલી ઉત્કૃષ્ટ સ્થિતિ છે તેમાંથી ઘટાડીને દરેક કર્મની ઉપર પ્રમાણે રાખે ત્યાં સુધી યથાપ્રવૃત્તિકરણ કહેવાય.

યથાપ્રવૃત્તિકરણ અંગેનાં દૃષ્ટાંતની આવશ્યકમાં કહેલી ગાથા

" पल्लयगिरिसरिउवला पिविलियापुरिसपहनरगहिया ।
कोद्दवनलवत्थाणि य, सामाइयलाभदिट्ठंता ।।"

અર્થ :–ધાન્યના પ્યાલાનું, પર્વતથી પડતી નદીમાં રહેલા પાષાણનું, કીડીનું, ત્રણ પથિક પુરુષનું, જ્વરગૃહીતનું, મદનકોદ્રવાનું, મલીન જલનું તથા મલીન વસ્ત્રનું દૃષ્ટાંત. આ આઠ દૃષ્ટાંતથી સમ્યક્ત્વસામાયિક પ્રાપ્ત થાય છે.

ભાવાર્થ :–ઉપરોક્ત આઠ દૃષ્ટાંતમાંથી યથાપ્રવૃત્તિકરણમાં પહેલા બે દૃષ્ટાંત પ્રાપ્ત થાય છે તે કહે છેઃ–

(૧) યથાપ્રવૃત્તિકરણ–

સહજપણે જીવપરિણામની પ્રવૃત્તિ દ્વારા ગ્રન્થિ પ્રદેશની નજીક જે અધ્યવસાય દ્વારા અવાય તે.

(૧) પ્યાલાનું દૃષ્ટાંત– જેમ પૂર્વે ભરેલો ધાન્યનો પ્યાલો હોય અને તેમાં થોડું ધાન્ય નાંખીએ અને ઘણું ધાન્ય કાઢીએ ત્યારે તે પ્યાલો કાલાંતરે ખાલી થાય, તેમ કર્મરૂપ ધાન્યથી ભરેલો આત્મપ્રદેશરૂપ પ્યાલો તે જીવની ઇચ્છા વિના સહજ અકામનિર્જરાથી, છેદન–ભેદનાદિથી અશુભકર્મ ભોગવવાના અવસરે કર્મનિર્જરા ઘણી થાય અને કર્મબંધ ઓછો થાય તેમ.

(૨) નદીના પાષાણનું દૃષ્ટાંત– જેમ પર્વત ઉપરથી નદીની ધારા પડે ત્યાં નીચે રહેલો પાષાણ નદીની ધારા પડવાથી અથડાઇ કુટાઇને પાણીના પ્રવાહ સાથે ઘસડાઇને ગોળ અને સુંવાળો થાય, તેમ પાષાણરૂપ જીવ અને નદીના પાણીના પ્રવાહ રૂપ કર્મનો ઉદય તે કર્મ ઉદયના પ્રવાહમાં અકામનિર્જરા કરી કાંઇક જીવ ધર્મપ્રવૃત્તિ યોગ્ય ઘાટમાં આવી જાય.

આ રીતે યથાપ્રવૃત્તિકરણ દ્વારા જીવ ગ્રંથિદેશે આવી જાય પણ એ કરણરૂપ યોગ પરિણામે આગળ ન જવાય. તેના માટે બીજા બે કરણની આવશ્યકતા છે.

(૨) અપૂર્વકરણ– સંસારમાં પરિભ્રમણ કરતા જીવના પરિણામ વિશેષ, જેવા પૂર્વે થયા નથી એવા અપૂર્વપરિણામ વડે નિબિડ રાગદ્વેષના પરિણામસ્વરૂપ ગ્રંથિ ભેદવા સમર્થ થાય તે અધ્યવસાયને અપૂર્વકરણ કહેવાય.

(૩) અનિવૃત્તિકરણ– પૂર્વે જે અપૂર્વ અધ્યવસાય થયા તેથી ગ્રંથિભેદ કર્યો એટલે હવે સમકિત પામ્યા વિના જીવ પાછો જાય નહીં, તે અનિવૃત્તિકરણ કહેવાય.

કલ્પભાષ્યમાં પણ કહ્યું છે કે,

"अंतिमकोडाकोडि सव्वकम्माण आउवज्जाणं ।
पलियाअसंखिज्जइ भागे खीणे हवइ गंठी ॥"

આયુષ્યકર્મ વર્જીને સાતે કર્મની જુદી જુદી પલ્યોપમના અસંખ્યાતમે ભાગે ન્યૂન છેલ્લી કોડાકોડીની સ્થિતિ જે અધ્યવસાયદ્વારા રહે, તે યથાપ્રવૃત્તિકરણ.

ગ્રંથિનું સ્વરૂપ :-

"गंठि त्ति सुदुब्भेओ, कक्खडघणगूढमूढगंठि व्व ।
जीवस्स कम्मजणिओ, घणरागदोसपरिणामो ॥"

અર્થ :-"અત્યંત કષ્ટથી ભેદાય તેવી કર્કશ, અત્યંત કઠણ, ગુપ્ત અને વક્ર વાંસની ગાંઠ જેવી, અનાદિથી જીવને કર્મજનિત નિબિડ રાગદ્વેષની પરિણતિરૂપ જે અધ્યવસાય તે ગ્રંથિ.

ભાવાર્થ :- જેમ કઠણ વાંસની ગાંઠ દુર્ભેદ્ય છે તેમ રાગદ્વેષની પરિણતિ છૂટવી પણ અત્યંત દુર્ભેદ્ય છે.

"जा गंठी ता पढमं, गंठिसमइत्थउ भवे बीयं ।
अनियट्टीकरणं पुण, सम्मत्तपुरक्खवडे जीवे ॥"

અર્થ :- જ્યાં ગાંઠ છે ત્યાં સુધી આવે તે પહેલું યથાપ્રવૃત્તિકરણ, સામર્થ્યવાળો થઈ ગ્રંથિ ભેદતાં બીજું અપૂર્વકરણ અને સમ્યક્ત્વ પામવાની સન્મુખ રહેલા જીવને ત્રીજું અનિવૃત્તિકરણ હોય"

तत्थ वि गंठी घणराग दोसपरिणइमयं अभिदंतो ।
गंठिए जीवो वि हहा, न लहइ तुह दंसणं नाह ! ॥ ४ ॥


અર્થ :-ગ્રંથિદેશને પામેલો જીવ પણ, નિબિડ રાગદ્વેષના પરિણામરૂપ ગાંઠને ન ભેદવાથી હે નાથ ! તારું દર્શન-સમ્યક્ત્વને પામી શકે નહીં.

ભાવાર્થ :-આવશ્યકવૃત્તિમાં કહ્યું છે કે અભવ્ય જીવ અનેક વખત અકામનિર્જરા કરતો ગ્રંથિદેશ સુધી આવે છે પરંતુ ગાંઠને ભેદી શકતો નથી. એટલે રાગદ્વેષની પરિણતિ તોડવી અત્યંત કઠિન છે.

ગ્રંથિભેદની પ્રક્રિયા-

पहिलिय पिविलय नाएण, को वि पज्जत्तसंनपंचिदि ।
भव्वो अवड्ढपुग्गल परिअत्तावसेससंसारो ॥ ५ ॥

અર્થ :-જેનો અર્ધપુદ્ગલપરાવર્ત સંસાર બાકી છે એવો પર્યાપ્ત સંજ્ઞીપંચેંદ્રિય ભવ્ય જીવ તે. પથિક અને કીડીનાં દૃષ્ટાંતથી ગ્રંથિભેદ કરે છે.



તે અંગે ભાષ્યની ગાથા દ્વારા દૃષ્ટાંત :-

જહ ઇહ તિન્નિ મણુસ્સા, જંતિ પહં સદ્ધાવગમણેણં ।
કાલાઇક્કમભીયા, તુરંતિ પત્તા ય દો ચોરા ॥
દટ્ઠું મગ્ગતડત્થે, એગો મગ્ગાઉ પડિનિઅત્તો ।
બીઓ ગહિઓ તઇઓ, સમઇક્કંતો પુરં પત્તો ॥

અર્થ :–જેમ કોઇ ત્રણ મનુષ્ય સ્વાભાવિક ગતિથી અટવી માર્ગે જાય છે. તેમાં ઘણી અટવી ઓળંગી ગયા પછી સંધ્યા વખતે ભય પામ્યા. એટલામાં તો તુરત જ બે ચોર મળ્યા.

માર્ગ સન્મુખ નજીક બે ચોર જોઈને તે ત્રણમાંથી એક તો માર્ગથી પાછો જ વળી ગયો.

બીજાને ચોરોએ પકડી લીધો. ત્રીજો મનુષ્ય સમ્યક્ પ્રકારે બળ–વીર્ય ફોરવી ચોરને હત પ્રહત કરી ઇચ્છિત સ્થાનકે પહોંચ્યો."

દૃષ્ટાંતનો ઉપનય :–

अडवि भवो मणुस्सा, जीवा कम्मट्ठिई पहो दीहो ।
गंठी य भयठाणं, राग–दोसा य दो चोरा ॥
भग्गो ठिइपरिवुड्ढि, गहिओ पुणो गंठिओ गओ तइओ ।
सम्मत्तपुरं एवं, जोइज्जा तिन्नि करणाइं ॥

ભવભ્રમણરૂપ અટવી છે. તેમાં મનુષ્ય એ ત્રણ જાતિના સંસારી જીવો છે, કર્મની સ્થિતિ મોટો માર્ગ છે, ગ્રંથિદેશ ભયનું સ્થાન છે અને રાગ–દ્વેષ રૂપ બે ચોર છે.

જે રાગદ્વેષરૂપી ચોરને જોઇને ભાગી ગયો, તે જીવ ફરીને મોહનીય વિગેરે કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે. બીજો જે રાગદ્વેષરૂપી ચોરથી પકડાઇને ત્યાં ઊભો રહ્યો, તે કેટલાક કાળ સુધી એવા જ અધ્યવસાયમાં ગ્રંથિદેશમાં રહે અને ત્રીજો અપૂર્વકરણરૂપ તીક્ષ્ણ કુહાડાથી રાગદ્વેષરૂપ ચોરને હતપ્રહત કરી; સમકિતરૂપી નગરને પ્રાપ્ત કરે, આ રીતે ત્રણે કરણનો ઉપનય જાણવો."

કીડીઓનું દૃષ્ટાંત:–

" खिइ सहाविय गमणं, ठाणु सरणं तओ–समुप्पयणं ।
ठाणं ठाणुसिरे वा, उहरणं जाण मुअंगीणं ॥ "

"જેમ કોઈ કીડી પૃથ્વી પર સહજ ગમન કરે છે. એ કીડી તો ફરતી ફરતી ખીલા પાસે અથવા ભીંત પાસે આવીને પાછી ફરી જાય. કોઇક કીડી તો ખીલા ઉપર કે ભીંત ઉપર ચડીને બેસી રહે. કોઇક કીડી સ્થાન ઉપર ચડીને તે સ્થાનકથી ઊડી જાય, આ પ્રમાણે કીડીઓનું દૃષ્ટાંત જાણવું.

દૃષ્ટાંતનો ઉપનય :–

" खिइगमणं पिव पढमं, ठाणु सरणं च करणमपुव्वं ।
उप्पयणं पिव तत्तो, जीवाणं करणमनियट्टि ॥ "

"કીડીનું પૃથ્વી ઉપર ફરતા ફરતા ખીલાના મૂળ સુધી આવવું તે પ્રવૃત્તિકરણ છે. કોઈ કીડી ખીલા ઉપર ચડીને બેસી રહી તે બીજું અપૂર્વકરણ છે, તથા કીડી ખીલા ઉપર ચડીને ખીલા ઉપરથી ઊડી ગઈ તે અનિવૃત્તિકરણ જાણવું."

આગમમાં પણ કહ્યું છે, કે

'ઠાણુ વ્વ ગંઠિદેસો ગંઠિયપત્તસ્સ તત્થેવ ઠાણં ।
ઓસરણં પિવ તત્તો, પુણો વિ કમ્મઠ્ઠિવિવુડ્ઢિ ॥"

"જે ખીલો છે તે ગ્રંથિદેશ છે. ગ્રંથિને પામેલો જીવ કેટલોક કાળ ત્યાં રહ્યા બાદ ગ્રંથિદેશથી પાછો ફરે, તે જીવ ફરીથી ઉત્કૃષ્ટ કર્મસ્થિતિ બાંધે છે."

અહીં **કર્મગ્રંથના અભિપ્રાય પ્રમાણે** સમ્યક્ત્વ પામેલો જીવ સમ્યક્ત્વનો ત્યાગ કરીને મિથ્યાત્વે જાય ત્યારે ફરીથી દરેક કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે છે પણ ઉગ્ર રસ નથી બાંધતો. **સિદ્ધાંતના અભિપ્રાય મુજબ** જેણે ગ્રંથિભેદ કર્યો છે તેવો સમકિતી જીવ મિથ્યાત્વે ગયેલો ફરીથી ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરતો નથી.

અપુવ્વકરણમુગ્ગર-ઘાયલિહિયદુટ્ઠગંઠિમેઓ સો ।
અંતમુહુત્તેણ ગઓ, નિયટ્ટિકરણે વિસુજ્ઝંતો ॥

અર્થ:-અપૂર્વકરણરૂપ મુદ્ગરઘાતથી ગ્રંથિભેદ કરેલો જીવ, વિશુદ્ધ પરિણામથી નિર્મળ થતો, અંતર્મુહૂર્તમાં અનિવૃત્તિકરણ પ્રાપ્ત કરે છે.

ભાવાર્થ:-ગ્રંથિદેશે આવેલો જીવ પૂર્વે કોઇવાર પરિણામ પામ્યો નથી, એવા અપૂર્વપરિણામ રૂપ વજ્ર દ્વારા રાગદ્વેષરૂપ ગાંઠને ભેદીને પરિણામની વિશુદ્ધતા દ્વારા અનિવૃત્તિકરણ પામે છે.

અનિવૃત્તિકરણને પામેલો જીવ શું કરે ?

સો તત્થ રણે સુહડો વ, વયરિજયજણિયપરમઆણંદં ।
સમ્મત્તં લહઇ જીવો, સામન્નેણ તુહ પસાયા ॥

અર્થ:-જેમ સુભટને સંગ્રામમાં વૈરીને જીતવાથી પરમ આનંદ થાય તેમ અનિવૃત્તિકરણમાં રહેલો જીવ અંતરકરણની ક્રિયા શરૂ કરે અને અંતરકરણના પ્રથમ સમયે હે નાથ ! તારી કૃપાથી જીવને ઉપશમ સમકિતની પ્રાપ્તિ થવાથી પરમ આનંદ થાય.

ભાવાર્થ:-અનિવૃત્તિકરણમાં રહેલો જીવ વિશુદ્ધપરિણામથી મિથ્યાત્વના પુંજની બે સ્થિતિ કરે. પ્રથમ સ્થિતિ અંતર્મુહૂર્તમાં વેદાય તે લઘુસ્થિતિ. પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન કોડાકોડિ સાગરોપમની મોટી સ્થિતિમાંથી અંતર્મુહૂર્ત પ્રમાણ વેદવા યોગ્ય સ્થિતિના દલિકો ખેંચીને તેને ઉદયાવલિકામાં નાખીને વેદી લે એટલે જે

દલિકો વેદાઈ ગયા તેટલી સ્થિતિની જગ્યા ખાલી રહે તેને અંતરકરણ કહેવાય અને તે અંતરકરણના પ્રથમ સમયે જીવને ઉપશમસમ્યક્ત્વની પ્રાપ્તિ થાય; અર્થાત્ અંતર્મુહૂર્ત સુધી મિથ્યાત્વના દલિકો ઉદયમાં ન આવે, ઉપશાંત રહે. સૌ પ્રથમ આવું સમકિત પામવાથી જીવને અત્યંત આનંદ થાય.

તે જ વાતનું બે ગાથા દ્વારા સમર્થન કરે છે.

" पावंति खवेऊणं, कम्माइ अहापवित्तीकरणेणं ।
उवलनाएण कहमवि, अभिन्नपुव्विं तओ गंठिं ॥ "

" तं गिरिवरं च भेत्तुं, अपुव्वकरणुग्ग वज्जधाराए ।
अंतोमुहुत्तकालं, गंतुनियट्टिकरणम्मि ॥ "

અર્થ :–જીવ, "યથાપ્રવૃત્તિકરણ દ્વારા મિથ્યાત્વાદિ કર્મોને ખપાવીને નદીના પાષાણના દૃષ્ટાંતે કોઈ પ્રકારે ગ્રંથિ પાસે આવે. પછી પૂર્વે નહીં તોડેલી રાગદ્વેષ પરિણતિમય મિથ્યાત્વની તે ગ્રંથિરૂપ પર્વતને અપૂર્વકરણરૂપ ઉગ્ર વજ્રની ધારાથી ભેદતો અંતર્મુહૂર્ત્તકાળમાં અનિવૃત્તિકરણ પામે."

ત્યાં શું કરે?

" पइसमयं सुज्झतो, खविउ कम्माइं तत्थ बहुआइं ।
मिच्छत्तम्मि उइन्ने, खीणे अणुदियम्मि उवसंतं ॥"

અર્થ :–"સમય સમયે વિશુદ્ધમાન પરિણામી જીવ ત્યાં ઘણા કર્મોને ખપાવે તે વખતે જે મિથ્યાત્વના દલિકો ઉદયમાં આવ્યા હોય તેનો ક્ષય કરે અને જે ઉદયમાં ન આવ્યા હોય તેને ઉપશમાવે."

અંતરકરણ કરતા જે થાય તે દર્શાવે છે.

" संसारगिम्मतविओ, तत्तो गोसीसचंदणरसोव्व ।
अइपरमनिव्वुइकरं, तस्संते लहइ सम्मत्तं ॥"

અર્થ :–સંસારરૂપ ગ્રીષ્મના તાપથી તપ્ત જીવ અનિવૃત્તિકરણરૂપ શુદ્ધ સરલ માર્ગ પામી અતિ ઉત્કૃષ્ટ અનિવૃત્તિકરણના અંતે અંતરકરણના પ્રથમ સમયે ગોશીર્ષચંદનના રસ જેવું શીતળ સમ્યક્ત્વ પામે.

ભાવાર્થ :–જેમ કોઈક પથિક ઉનાળામાં મધ્યાહ્ન સમયે નિર્જન વનમાં સૂર્યનો તાપ પડવાથી આકુળ વ્યાકુળ થયો હોય, તેને શીતળ સ્થાન મળે અથવા ભાવના ચંદનનો રસ છાંટે ત્યારે તે પથિક સાતા પામે, તેમ ભવ્યજીવરૂપ પથિક અનાદિ સંસારરૂપ ઉગ્ર ગ્રીષ્મકાળમાં, જન્મમરણાદિરૂપ નિર્જન વનમાં, કષાયરૂપ ઉગ્ર તાપથી

પીડાયેલો, રોગશોકાદિરૂપ લૂથી બળેલો, તૃષ્ણારૂપ પિપાસાથી પરાભવ પામેલો, અનિવૃત્તિકરણરૂપી માર્ગ પામી, દૂરથી અંતરકરણરૂપ શીતળ સ્થાન જોઈ હર્ષ પામેલો ઉતાવળો ત્યાં પહોંચે અને ગોશીર્ષચંદનના રસ જેવું સમ્યક્ત્વ પામે.

મિથ્યાત્વના ત્રણ ભાંગા :-

અભવ્યને અનાદિ અનંતરૂપ પહેલો ભાંગો,
ભવ્ય જીવને અનાદિસાંત બીજો ભાંગો,

જે જીવ સમ્યક્ત્વ પામી, પાછો વમન કરી મિથ્યાત્વે જાય, વળી શુભ સામગ્રીના યોગે સમ્યક્ત્વ પામે તેને ત્રીજો સાદિસાંત ભાંગો જાણવો.

ચોથો સાદિ અનંત ભાંગો મિથ્યાત્વને માટે ન હોય, જેને ક્ષાયિક સમકિત ગુણ પ્રગટ થાય તે સમકિતને અંગે હોય.

તે જ વાતનું સમર્થન :-

" मिच्छत्तमभव्वाणं, तमणाइमणंतयं मुणेयव्वं ।
भव्वाणं तमणाइ-सपज्जवसियं तु सम्मत्ते ॥ "

અર્થ—" અભવ્યને મિથ્યાત્વ અનાદિ અનંત ભાંગે જાણવું. ભવ્યને તે મિથ્યાત્વ અનાદિસાંત ભાંગે જાણવું એટલે મિથ્યાત્વનો અંત થાય અને સમ્યક્ત્વ પામે ત્યારે સમજવું. "

હવે સમ્યક્ત્વના પ્રકાર-એક પ્રકારે સમ્યક્ત્વ:-

तं चेगविहं दुविहं, तिविहं तह चउविहं च पंचविहं ।
तत्थेगविहं जं तुह-पणीयभावेसु तत्तरूइ ॥ ८ ॥

અર્થ—તે સમ્યક્ત્વ એક પ્રકારે, બે પ્રકારે, ત્રણ પ્રકારે, ચાર પ્રકારે અને પાંચ પ્રકારે પણ આગમમાં કહ્યું છે. તેમાં વીતરાગ પ્રણીત જે જીવાદિક ભાવ પદાર્થ તેને વિષે તત્ત્વની રૂચિ હોય તે એક પ્રકારનું સમ્યક્ત્વ જાણવું.


ભાવાર્થ :-જીવાદિ પદાર્થમાં પરમાર્થ બુદ્ધિ-અરિહંતદેવે જે તત્ત્વ ભાખ્યું તે જ સત્ય છે એવી શ્રદ્ધા તે એક પ્રકારે સમ્યક્ત્વ જાણવું.

તે વિષે યોગશાસ્ત્રમાં કહ્યું છે કે :-

" रूचिर्जिनोक्ततत्त्वेषु, सम्यक् श्रद्धानमुच्यते ।
जायते तन्निसर्गेण, गुरोरधिगमेन वा ॥ "

જિનેશ્વર ભગવંતે કહેલા તત્ત્વને વિષે જે રુચિ તે સમ્યક્ શ્રદ્ધાન કહેવાય છે. તે શ્રદ્ધાન પોતાની મેળે અને ગુરુના ઉપદેશથી એમ બે પ્રકારે થાય છે.

સમ્યક્ત્વના પ્રકારો



દ્વિવિધ સમ્યક્ત્વ ત્રણ પ્રકારે :–

दुविहं तु दव्वभावा, निच्छं ववहारओ वि अहवा वि ।
निस्सग्गुवएसाओ, तुहवयणं विऊहिं निद्दिट्ठं ॥ ९ ॥

બે પ્રકારનું સમ્યક્ત્વ તે દ્રવ્યથી અને ભાવથી તથા નિશ્ચય અને વ્યવહારથી તથા સ્વભાવથી અને બીજાના ઉપદેશથી પણ હોય છે. એમ હે પરમાત્મા ! તમારા વચનને જાણનાર પુરુષોએ કહ્યું છે.

દ્વિવિધ સમ્યક્ત્વના ત્રણ પ્રકારનું લક્ષણ :-

तुह वयणे तत्तरुई, परमट्ठमजाणओ वि दव्वगयं ।
सम्मं भावगयं पुण, परमट्ठवियाणओ होइ ॥ १० ॥

અર્થ—હે પ્રભુ! પરમાર્થને નહીં જાણવા છતાં પણ તમારા વચનને વિષે જે તત્ત્વરૂચિ છે, તે દ્રવ્યગત સમ્યક્ત્વ કહેવાય છે તથા પરમાર્થ જાણનારા પુરુષને ભાવગત સમ્યક્ત્વ હોય છે.

આ વિષે શાસ્ત્રમાં કહ્યું છે કે :-

" जीवाइ नव पयत्थे, जो जाणइ तस्स होइ सम्मत्तं ।
भावेण सद्दहंतो, अयाणमाणे वि सम्मत्तं ॥ "

" જીવ, અજીવ વગેરે નવ તત્ત્વોને જે જીવ જાણે છે, તેને ભાવસમ્યક્ત્વ હોય છે. તથા ભાવથી શ્રદ્ધા કરનારને નહીં જાણવા છતાં પણ દ્રવ્યસમ્યક્ત્વ હોય છે. "

નિશ્ચય અને વ્યવહારરૂપ બે પ્રકારના સમ્યક્ત્વનું લક્ષણ :-

निच्छयओ सम्मत्तं, नाणाइमयप्पसुहपरिणामो ।
इयरं पुण तुह समये, भणियं सम्मत्तहेऊहिं ॥ ११ ॥

અર્થ—જ્ઞાન, દર્શન, ચારિત્રમય આત્માનો જે શુભપરિણામ તે નિશ્ચયથી સમ્યક્ત્વ કહેવાય છે અને હે પ્રભુ! તમારા સિદ્ધાંતમાં સમ્યક્ત્વના હેતુઓને વ્યવહારસમ્યક્ત્વ કહેવાય છે.

ભાવાર્થ :-મિથ્યાત્વીના પરિચય વિગેરે અતિચારાદિ દોષનો ત્યાગ અને દેવગુરુની ભક્તિ બહુમાન દ્વારા શાસનની ઉન્નતિ કરવી વિગેરે સમ્યક્ત્વના હેતુઓ છે.

નિશ્ચયસમ્યક્ત્વ વિષે યોગશાસ્ત્રમાં કહ્યું છે કે :-

" आत्मैव दर्शनज्ञान-चारित्राण्यथवा यतेः ।
यस्तदात्मैव स्वगुणैः, शरीरमधितिष्ठति ॥"

" સાધુનો આત્મા જ દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ છે તે અથવા તો જે તેનો આત્મા છે તે જ પોતાના જ્ઞાન, દર્શન અને ચારિત્રના ગુણથી શરીરમાં રહેલો છે.

ભાવાર્થ :-રત્નત્રયીના શુદ્ધ ઉપયોગમાં વર્તતા જીવને જ નિશ્ચય સમ્યક્ત્વ કહેવાય.

વ્યવહારસમ્યક્ત્વ વિષે ગુણસ્થાનક વિચારમાં કહ્યું છે કે :-

" देवे गुरौ च सङ्घे च, सद्भक्तिशासनोन्नतिम् ।
अव्रतोऽपि करोत्येव, स्थितिं तूर्ये गुणालये ॥"

દેવ, ગુરુ અને સંઘની બહુમાન સહિત ભક્તિ કરે, શાસનની ઉન્નતિ કરે, તો તે જીવ વ્રત રહિત પણ ચોથા ગુણસ્થાનકને વિષે સ્થિતિ કરે છે અર્થાત્ સમકિત પામે છે.

નિસર્ગ સમ્યક્ત્વ અને ઉપદેશજન્ય સમ્યક્ત્વ :–

जल वत्थ मग्ग कुद्दव जराइ नाएण जेण पन्नत्तं ।
निसग्गुवएसभवं, सम्मत्तं तस्स तुज्झ नमो ॥ १२ ॥

અર્થ—(૧) જળ (૨) વસ્ત્ર (૩) માર્ગ (૪) કોદ્રવ અને (૫) જ્વર–તાવ વિગેરે. આ પાંચ દૃષ્ટાંત દ્વારા હે પ્રભુ! જે તમે નિસર્ગ અને ઉપદેશથી ઉત્પન્ન થયેલું સમ્યક્ત્વ કહ્યું છે, તેવા તમને નમસ્કાર થાઓ.

ભાવાર્થ:–આ ગાથામાં પાંચ દૃષ્ટાંતો કહ્યા છે. તેમાં જળ, વસ્ત્ર અને કોદ્રવ એ ત્રણ દૃષ્ટાંતો આગળ પુંજત્રયની ભાવના અવસરે કહેવાશે, બાકીના માર્ગ અને જ્વર એ બે દૃષ્ટાંત આ પ્રમાણે :–

માર્ગનું દૃષ્ટાંત :–

જેમ કોઇક પથિક માર્ગમાં ભૂલો પડ્યો, તે બીજા કોઇના ઉપદેશ વિના જ ભમતો ભમતો પોતાની મેળે માર્ગે ચડી જાય અને કોઇક પથિક તથાવિધ પાપના ઉદયથી સજ્જનનો યોગ ન પામવાથી માર્ગ પામે જ નહીં અને કોઇક પથિક બીજાને પૂછી તેના કહેવાથી માર્ગને પામે.

જ્વરનું દૃષ્ટાંત :–

કોઇને જ્વર આવ્યો હોય તે ઔષધ કર્યા વિના જ સાજો થાય, કોઈનો જ્વર ઔષધાદિ કરવાથી જાય અને કોઇનો જ્વર ઔષધાદિ કરવાથી પણ ન જાય. આ પ્રમાણે આદિ શબ્દથી બીજા વ્યાધિઓ માટે પણ સમજવું.

એ જ રીતે કોઇક શુક્લપાક્ષિક ભવ્ય જીવ કાળાદિ કારણોને પામીને પોતાની મેળે સમ્યક્ત્વ પામે, તે નિસર્ગસમ્યક્ત્વ કહેવાય તથા કોઇક ભવ્ય જીવ પૂર્વોક્ત કાળાદિ કારણ હોય પણ સદ્ગુરુના યોગે ઉપદેશ સાંભળી, મિથ્યાત્વનો ત્યાગ કરી દેવ, ગુરુ અને ધર્મની શ્રદ્ધારૂપ સમ્યક્ત્વને પામે તેને ઉપદેશસમ્યક્ત્વ કહેવાય અને સામગ્રીનો યોગ થવા છતાં પણ જે સમ્યક્ત્વ ન પામે તે અભવ્ય જાણવા.

ત્રણ પ્રકારે સમ્યક્ત્વ :–

तिविहं कारग–रोअग दीवगभेएहिं तुहमयविऊहिं ।
खाओवसमो–वसमिय–खाइयभेएहिं वा कहियं ॥ १३ ॥

અર્થ—હે નાથ! તમારા મતને જાણનારાઓએ કારક, રોચક અને દીપક એમ ત્રણ પ્રકારનું સમ્યક્ત્વ કહ્યું છે અથવા તો ક્ષાયોપશમિક, ઔપશમિક અને ક્ષાયિક એમ ત્રણ પ્રકારનું પણ સમ્યક્ત્વ કહ્યું છે.

કારકાદિ સમ્યક્ત્વનાં લક્ષણો :–

जं जह भणियं तुमए, तं तह करणम्मि कारगो होइ ।
रोअगसम्मत्तं पुण, रुहमित्तकरं तु तुह धम्मे ॥ १४ ॥

અર્થ—હે નાથ! તમે જે ક્રિયાનુષ્ઠાનાદિ જે પ્રકારે કરવાનું કહ્યું છે, તે ક્રિયાનુષ્ઠાનાદિ તે જ પ્રકારે કરે તેને કારકસમ્યક્ત્વ હોય છે. અને તમારા ધર્મને વિષે રુચિમાત્ર કરે તેને રોચકસમ્યક્ત્વ કહે છે.

ભાવાર્થ:–કારક સમકિતમાં ચારિત્રનો પણ સમાવેશ થાય છે. રોચકસમ્યક્ત્વ:– જિનોક્ત ધર્મ કરવાની ઇચ્છા કરે, શુદ્ધ શ્રદ્ધા રાખે, કોઇને ધર્મક્રિયા કરતા જોઈને સારું માને, પરંતુ પોતે ભારે કર્મી હોવાથી ક્રિયાનુષ્ઠાનાદિ કરી શકે નહીં, તેને રોચકસમ્યક્ત્વ કહેવાય.

દીપક સમ્યક્ત્વ:–

सयमिह मिच्छदिट्ठी, धम्मकहाईहिं दीवइ परस्स ।
दीवगसम्मत्तमिणं, भणंति तुह समयमईणो ॥ १५ ॥

અર્થ—સ્વયં મિથ્યાદૃષ્ટિ હોય પણ ધર્મકથાદિ દ્વારા બીજા ભવ્ય જીવને ધર્મવડે દીપાવે–ધર્મ પમાડે, તેને તમારા સિદ્ધાંતને જાણનારાઓ દીપક સમ્યક્ત્વ કહે છે.

ભાવાર્થ:–સ્વયં અભવ્ય કે દૂરભવ્ય હોય, પણ અંગારમર્દકાદિ અભવ્યની જેમ બીજાને વિશિષ્ટ દેશના વિગેરેથી ધર્મ પમાડે તેને દીપકસમ્યક્ત્વ કહેવાય.

સિદ્ધાંત પાઠ:–

विहियाणुट्ठाणं पुण, कारगमिह रोयगं तु सद्दहणं ।
मिच्छादिट्ठी दीवइ, जं तत्ते दीवगं तं तु ॥

આગમાનુસાર અનુષ્ઠાન કરનારને કારકસમ્યક્ત્વ કહેવાય, જિનભાષિત તત્ત્વને વિષે શ્રદ્ધા રાખનારને રોચકસમકિત કહેવાય, પોતે મિથ્યાદૃષ્ટિ હોય છતાં બીજાને જે તત્ત્વ ઓળખાવે તેને દીપકસમકિત કહેવાય.

બીજી રીતે સમ્યક્ત્વના ત્રણ ભેદ:–

अपुव्वकयति पुंजो, मिच्छमुइन्नं खवित्तु अणुइन्नं ।
उवसामिय अनियट्टि-करणाउओ परं खओवसमी ॥ १६ ॥

અર્થ—અપૂર્વકરણના બળથી ત્રણ પુંજ કરીને જીવ ઉદયમાં આવેલા મિથ્યાત્વને ખપાવીને તથા ઉદયમાં નહીં આવેલા મિથ્યાત્વને ઉપશમાવીને અનિવૃત્તિકરણથી શ્રેષ્ઠ એવા ક્ષયોપશમ સમ્યક્ત્વને પામે છે.

ભાવાર્થ:–આ સિદ્ધાંતકારનો મત છે. સિદ્ધાંતકારના મતે અનિવૃત્તિકરણ પછી જીવ સૌ પ્રથમ ક્ષાયોપશમિક સમકિતની પ્રાપ્તિ કરે છે.

સિદ્ધાંતકારનો મત આ પ્રમાણે છે કે:

અનાદિ મિથ્યાત્વી જીવ ગ્રંથીભેદ કરીને અપૂર્વકરણમાં ત્રણ પુંજ કરે છે અને ત્યાર પછી અનિવૃત્તિકરણના સામર્થ્યથી શુદ્ધ પુંજને વેદતો પ્રથમથી જ ક્ષાયોપશમિક-સમ્યક્ત્વ પામે છે. (ઉપશમ સમકિત પામ્યા વિના જ ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પામે છે.)

કલ્પભાષ્યમાં કહ્યું છે કે :-

" आलंबणमलहंती, जह सट्ठाणं न मुंचए इलिया ।
एवं अकयतिपुंजो, मिच्छं चिय उवसमी एइ ॥"

આલંબનને નહીં પામેલી ઇયળ જેમ પોતાના સ્થાનને છોડતી નથી. એ જ પ્રમાણે ત્રણ પુંજ કર્યા વગરનો ઉપશમસમકિતી જીવ સાસ્વાદની થઇને મિથ્યાત્વે જ જાય છે.

વિશેષાર્થ :-યથાપ્રવૃત્યાદિ ત્રણ કરણ ક્રમ મુજબ કરીને અંતઃકરણના પ્રથમ સમયે જીવ ઉપશમસમકિત પામે છે પરંતુ ત્રણ પુંજ કર્યા વગરનો ઔપશમિક સમ્યક્ત્વવાળો જીવ અવશ્ય મિથ્યાત્વે પાછો જાય છે.

ત્રણ પુંજનું દૃષ્ટાંત :

જેમ મીણ સહિત કોદ્રવ ધાન્યને ઉષ્ણ જળાદિ ઔષધથી એક ભાગ મીણ રહિત કર્યો તે શુદ્ધ, બીજો ભાગ અરધો શુદ્ધ કર્યો તે અર્ધશુદ્ધ અને ત્રીજો ભાગ જેવો હતો તેવોને તેવો રહ્યો તે અશુદ્ધ જાણવો.

તથા જેમ કોઇક વસ્ત્ર મલિન હતું, તે ખારો આદિથી અતિ સ્વચ્છ-નિર્મળ થાય, બીજું ખારાનો થોડો પ્રયત્ન હોવાથી થોડું નિર્મળ થાય અને ત્રીજું મલિન જ રહે.

તથા મલિન જળ જેમ નિર્મળ ફળાદિના યોગે અતિ સ્વચ્છ થાય, બીજું થોડું નિર્મળ થાય અને ત્રીજું મલિન જ રહે.

આ ત્રણ દૃષ્ટાંતે અંતરકરણગત ઉપશમ સમ્યક્ત્વરૂપ ઔષધના યોગે મિથ્યાત્વમોહનીયનાં દળીયાં તેનો એક ભાગ શુદ્ધ કર્યો, બીજો ભાગ અર્ધ શુદ્ધ થયો એટલામાં અંતર્મુહૂર્ત્ત કાળની સમાપ્તિ થઈ તેથી ત્રીજો ભાગ શુદ્ધ થયો નહીં તે ત્રીજો ભાગ તો સંપૂર્ણ મિથ્યાત્વરૂપ વિષથી ભરેલો જ રહી ગયો.

તે ત્રણ પુંજના ત્રણ નામ છે. તેમાં પહેલો શુદ્ધપુંજ તે દર્શન (સમકિત) મોહનીય, અર્ધશુદ્ધ તે મિશ્રમોહનીય અને ત્રીજો સર્વથા અશુદ્ધ તે મિથ્યાત્વમોહનીય કહેવાય છે.

શ્રી વિશેષાવિશ્યકની વૃત્તિમાં કહ્યું છે કે :-

" तद्यथेह प्रदीपस्य स्वच्छाभ्रपटलैर्गृहम् ।
न करोत्यावृतिं कांचि-देवमेतद्रवेरपि ॥

"एकपुञ्जी द्विपुञ्जी च, त्रिपुञ्जी वा ननु क्रमात् ।
दर्शन्युभयवांश्चैव, मिथ्यादृष्टिश्च कीर्तितः ॥"

"આ લોકમાં જેમ સ્વચ્છ અભ્રકના અંતરે રહેલો દીવો ઘરમાં સર્વસ્થાને ઉદ્યોત કરે છે અને કાંઇપણ આવરણને કરતો નથી. તે જ પ્રમાણે ઉજ્જ્વળ વાદળા વડે સૂર્યનો પ્રકાશ પણ આવરણ કરતો નથી. તેવી રીતે શુદ્ધ કરેલા મિથ્યાત્વના દળીયાં પણ ન્યૂન શ્રદ્ધા કરે નહીં એ સમકિતમોહનીય માટે સમજવું. જેણે ત્રણ પુંજ કર્યા છે તે સમ્યગ્દર્શની, બે પુંજ કર્યા છે તે મિશ્રદર્શની અને એક પુંજ કરેલ છે તે મિથ્યાદૃષ્ટિ છે.

કર્મગ્રંથનો અભિપ્રાય કહે છે :-

कम्मग्गंथेसु धुवं, पढमोवसमी करेइ पुंजतियं ।
तव्वडिओ पुण गच्छइ, सम्मे मीसाइ मिच्छे वा ।

"કર્મગ્રંથમાં નિશ્ચે પ્રથમ ઉપશમસમકિત પામનાર જીવ અંતરકરણમાં ત્રણ પુંજ કરે છે. વળી તે ઉપશમસમ્યક્ત્વથી પતિત જીવ ક્ષયોપશમસમ્યક્ત્વને વિષે અથવા મિશ્રને વિષે અથવા મિથ્યાત્વે જાય છે."

પાઠ :-" उवसम सम्मद्दिट्ठी अंतरकरणट्ठिओ कोइ देसविरइं पि लहइ, कोइ पमत्त भावं पि सासाइयणो पुण न किं पि लहेइ ति ।

વિશેષાર્થ :-પ્રથમ સમ્યક્ત્વ પામતો જીવ સમ્યક્ત્વની સાથે કોઈ દેશવિરતિપણાને, કોઇ સર્વવિરતિપણાને પણ પામે છે. આ પ્રમાણે શતકબૃહદ્ચૂર્ણિમાં કહ્યું છે.

કર્મગ્રંથના મતે ઉપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિ :-

अकयतिपुंजो ऊसर, दवईलिय दड्ढरुक्खनाएण ।
अंतरकरणुवसमिओ, उवसमिओ वा ससेणिगओ ॥ १७ ॥

અર્થ—જેણે પૂર્વે ત્રણ પુંજ કર્યા ન હોય એવો જીવ, ઉખર ક્ષેત્ર પાસે આવતા તેમજ દાવાનળના અગ્નિથી બળેલી અને બળેલા વૃક્ષોવાળી ભૂમિ પાસે આવતા જેમ નવો દાવાનલ શાંત થાય છે, તેમ અંતરકરણ કરીને ઉપશમસમ્યક્ત્વ પામે છે અથવા પોતાની શ્રેણિમાં ઉપશમસમ્યક્ત્વને પામે છે. તે વિષે કહ્યું છે કે :-

"उवसमसेढिगयस्स य, होइ उवसामिओ उ सम्मत्तं ।
जो वा अकयतिपुंजो, अखवियमिच्छो लहइ सम्मं ॥"

"ઉપશમ શ્રેણિ માંડનારને ઉપશમસમ્યક્ત્વ હોય છે અથવા જેણે ત્રણ પુંજ કર્યા નથી અને મિથ્યાત્વ ખપાવ્યું નથી એવો જીવ જે નવું સમ્યક્ત્વને પામે છે તે ઉપશમસમકિત જાણવું"

ઉપશમ શ્રેણિનું સ્વરૂપ દર્શાવતું કોષ્ટક

ઉપશાન્ત મોહ.

સંજ્વલન લોભ

અપ્રત્યા. લોભ	પ્રત્યા. લોભ.

સંજ્વલન માયા

અપ્રત્યા. માયા	પ્રત્યા. માયા

સંજ્વલન માન

અપ્રત્યા. માન	પ્રત્યા. માન

સંજ્વલન ક્રોધ.

અપ્રત્યા. ક્રોધ	પ્રત્યા. ક્રોધ.

પુરુષવેદ–૧

હાસ્યાદિવેદ–૬

સ્ત્રી વેદ–૧

નપુંસક વેદ–૧

૩ મિથ્યાત્વ–મિશ્ર–સમ્યક્ત્વ મોહનીય

૪ અન્તાનુબન્ધિ.

[આ પ્રરૂપણા ઉર્ધ્વમુખી જાણવી. જેમકે પ્રથમ ચાર અનન્તા. ઉપશમાવે પછી ત્રણ દર્શન મોહનીય સમકાળે ઉપશમાવે.]

[અહીં એકેક ખાનામાં સમકાળે ઉપશમતી પ્રકૃતિઓ લખેલી છે.]

ઉપશમ શ્રેણિની વિધિ :–

પ્રથમ ઉપશમશ્રેણિ ચડવા યોગ્ય જીવના લક્ષણ અંગે ગુણસ્થાનક ક્રમારોહ. :–

" पूर्वज्ञः शुद्धिमान् युक्तो, ह्याद्यैः संहननैस्त्रिभिः ।
संध्यायन्नाद्यशुक्लांशं, स्वश्रेणिं श्रयते क्रमात् ॥ "

" પૂર્વગત શ્રુતને જાણનાર, નિત્ય અપ્રમત્ત–નિરતિચાર ચારિત્રવાન્, પહેલા ત્રણ સંઘયણ સહિત અને શુક્લધ્યાનના પહેલા પાયાનું ધ્યાન કરતો હોય, તે અનુક્રમે પોતાની ઉપશમ શ્રેણિનો પ્રારંભ કરે છે. "

अपूर्वादि द्वयेकैक—गुणेषु शमकः क्रमात् ।
करोति विंशतेः शान्तिं, लोभाणुत्वं च तच्छमम् ॥

" અપૂર્વકરણ અને અનિવૃત્તિબાદર એ બે ગુણઠાણે અનુક્રમે સંજ્વલન લોભ સિવાય બાકીની ચારિત્રમોહનીયની વીશ પ્રકૃતિને ઉપશમાવે છે પછી સૂક્ષ્મસંપરાય

ગુણસ્થાનકે સંજ્વલન લોભ મોહનીયને અણુ કરે છે અને ઉપશાંતમોહ ગુણસ્થાનકે તે જ અણુરૂપ લોભપ્રકૃતિને ઉપશમાવે છે. આ પ્રમાણે સર્વોપશમ કરે છે.
કહ્યું છે કે–

"श्रेण्यारूढकृते काले–ऽहमिन्द्रेष्वेव गच्छति ।
पुष्टायुस्तूपशान्तान्तं, नयेच्चारित्रमोहनीम् ॥"

"ઉપશમશ્રેણિ ઉપર આરૂઢ થયેલો કાળ કરે તો અહમિંદ્રપણું પામે છે, પુનઃ વળી મોટા આયુષ્યવાળો જીવ ઉપશાંત ગુણસ્થાનકનો અંત કરે છે અને ઉપશમાવેલા ચારિત્રમોહનીયને પાછા ઉદયમાં લાવે છે.

"ઉપશાંતમોહ ગુણસ્થાનકે ચડેલો જીવ અવશ્ય પડે છે."
તે વિષે કહ્યું છે કેઃ–

"व्रतमोहोदयं प्राप्यो-पशमी च्यवते ततः ।
अधः कृतमलं तोयं, पुनर्मालिन्यमश्नुते ॥"

ઉપશમ શ્રેણિવાળો જીવ ચારિત્રમોહનીયનો ઉદય પામીને ત્યાંથી પાછો પડે જ છે, નીચે મલ જામી ગયો હોય તેવું જળ ફરીથી મલિનતાને પામે છે. કોઈ ઔષધાદિ પ્રયોગથી જળનો મલ નીચે બેસી જાય તો પણ પાછું વાયુ વિગેરેના પ્રયોગથી તે જલ મલિન થાય છે તેમ પ્રમાદના યોગથી ઉપશમ સમકિતી જીવ પડે છે."
કહ્યું છે કેઃ–

"सुअकेवली आहारग, उजुमइ उवसंतगावि उपमाया ।
हिंडंति भवमणंतं, तयणंतरमेव चउगइया ॥"

"શ્રુતકેવળી–ચૌદપૂર્વી, આહારક શરીરની લબ્ધિવાળા, ઋજુમતિ મનઃપર્યવજ્ઞાની તથા અગ્યારમા ઉપશાંતમોહ ગુણસ્થાનકવાળા પણ પ્રમાદના યોગથી તે જ ભવની પછી અનંતર ચારે ગતિવાળા થઈને અનંતભવ ભ્રમણ કરે છે."
ઉપશમશ્રેણિ વિષે સિદ્ધાંતમાં કહ્યું છે કેઃ–

"जीवो हु इक्कजम्मंमि, इक्कसेढी करेइ उवसमगो ।
खयं पि कुज्जा नो कुज्जा, दो वारे उवसामगो ॥"

જે જીવ એક જન્મમાં એક વાર ઉપશમશ્રેણિ કરે, તે જીવ ક્ષપકશ્રેણિને પણ કરે; પરંતુ બે વાર ઉપશમશ્રેણિ કરે તે, તે જ ભવમાં ક્ષપકશ્રેણિ ન કરે."

સિદ્ધાંતનો મત :

એક જન્મમાં 'ક્ષપકશ્રેણિ કે ઉપશમ શ્રેણિ' એ બેમાંથી એક જ શ્રેણિ થાય. પણ કર્મગ્રંથની લઘુવૃત્તિમાં તો એમ કહ્યું છે કે–એક વાર ઉપશમશ્રેણિ જેણે કરેલી

હોય તે ક્ષપકશ્રેણિ પણ કરે પરંતુ એ ભવમાં બે વાર ઉપશમશ્રેણિએ ગયેા હોય તે ક્ષપકશ્રેણિ કરે નહિ.

ઉપશમશ્રેણિથી પડેલેા અચરમશરીરી પ્રથમ ગુણસ્થાનકે પણ જાય છે. તે વિષે ગુણસ્થાનકમારોહમાં કહ્યું છે કે :-

"अपूर्वाद्यास्त्रयोऽप्यूर्ध्वं–मेकं यान्ति शमोद्यताः ।
चत्वारोऽपि च्युतावाद्यं, सप्तमं चान्त्यदेहिनः ॥

"ઉપશમશ્રેણિ ચડતાં અપૂર્વકરણ, અનિવૃત્તિબાદર અને સૂક્ષ્મસંપરાય–એ ત્રણે ગુણસ્થાનકવાળા ઉંચે ચડતાં ઉપશમના ઉદ્યમવાળા એક એક ગુણસ્થાનકે ચડે છે અને પડતી વખતે અપૂર્વાદિ ચારે ગુણસ્થાનકેાથી અનુક્રમે પડતા પડતા પહેલા ગુણસ્થાનક સુધી જાય છે. તથા જે ચરમશરીરી હોય તે પડતાં પડતાં સાતમે ગુણસ્થાનકે આવીને અટકે છે અને તે સાતમા ગુણસ્થાનકથી ક્ષપકશ્રેણિ માંડી તે જ ભવે કેવળજ્ઞાન પામી મેાક્ષે જાય છે.

ક્ષપકશ્રેણિ સ્થાપના :

સિદ્ધિ	
૧૩ પ્રકૃતિ ક્ષય	૧૪ મે ક્ષય (અન્તે)
૭૨ પ્રકૃતિ ક્ષય	૧૪ મે ક્ષય (ઉપાન્ત્યે)
જ્ઞાનાવ. ૫, દર્શના. ૪, અન્તરાય ૫	૧૨ મે ક્ષય (ઉપાન્ત્યે)
૨ નિદ્રાદ્વિક	૧૨ મે ક્ષય (ઉપાન્ત્યે)
૧ સંજ્વલન લેાભ	૧૦ મે ક્ષય.
૧ સંજ્વલન માયા	૯ માના ૯ મા ભાગે
૧ સંજ્વલન માન	૯ માના ૮ મા ભાગે
૧ સંજ્વલન ક્રોધ	૯ માના ૭ મા ભાગે
૧ પુરૂષવેદ	૯ માના ૬ ઠ્ઠા ભાગે
૬ હાસ્યાદિ	૯ માના ૫ મા ભાગે
૧ સ્ત્રીવેદ	૯ માના ૪ થા ભાગે
૧ નપું. વેદ	૯ માના ૩ જા ભાગે
૮ મધ્યમ કષાય	૯ માના ૨ જા ભાગે
૧૬ એકેન્દ્રિયાદિ	૯ માના ૧ લા ભાગે
૧ દેવાયુ ૧ નરકાયુ ૧ તિર્યંગાયુ	૭–૪–૫ ગુણસ્થાને
૧ સમ્યક્ત્વ મેાહનીય	૪–૫–૬–૭ માના કોઈપણ ગુણસ્થાને
૧ મિશ્ર મેાહનીય	
૧ મિથ્યાત્વ મેાહનીય	
૪ અનન્તાનુબન્ધિ.	

શ્રેણિ વિષે :–

" उवसमसेणि चउक्कं, जाइ जीवस्स आभवं नूणं ।
ता पुण दो एगभवे, खवगसेणी पुणो एगा ॥ "

" જીવને આખા સંસારમાં મોક્ષ પામે ત્યાં સુધીમાં ચાર વખત ઉપશમશ્રેણિ હોય છે. વળી તે ઉપશમશ્રેણિ એક ભવમાં બે વાર હોઈ શકે છે, પરંતુ ક્ષપકશ્રેણિ તો આખા સંસારચક્રમાં એક જ વખત પ્રાપ્ત થાય છે.

ક્ષાયિકસમકિતનું સ્વરૂપ :–

मिच्छाइखए खइओ, सो सत्तगखीणि ठाइ बद्धाऊ ।
चउतिभवभाविमुक्खो, तब्भवसिद्धी वि इयरो वा ॥ १८ ॥

અર્થ—મિથ્યાત્વાદિ સાત પ્રકૃતિનો ક્ષય કરેલ જીવ ક્ષાયિકસમકિતવાળો થાય છે. તે જીવ બદ્ધાયુ હોય તો સાત પ્રકૃતિનો ક્ષય કરી ત્યાં જ રહે અર્થાત્ ક્ષપકશ્રેણિ માંડે નહિ અને તે જીવ ચાર કે ત્રણ ભવમાં મોક્ષે જાય અને અબદ્ધાયુ જીવ હોય તો તેજ ભવે સિદ્ધિને પામે."

ચાર પ્રકારે સમ્યક્ત્વ :–

चउहाओ सासाणं गुडाइवमणु व्व मालपडणु व्व ।
उवसमिओ उ पडंतो, सासाणो मिच्छमपत्तो ॥ १९ ॥

અર્થ—ચાર પ્રકારે સમ્યક્ત્વ હોય, તેમાં પ્રથમ કહ્યા પ્રમાણે ત્રણ પ્રકાર તથા ચોથો પ્રકાર સાસ્વાદન છે. તે ગોળ આદિના વમન જેવું છે. તથા માળથી પડવા જેવું છે. ઉપશમ સમકિતથી પડેલો જીવ મિથ્યાત્વને પામ્યો નથી તે સાસ્વાદન કહેવાય છે.

ભાવાર્થ—પ્રથમ ખાધેલા ગોળનું વમન કરતી વખતે તેનો મીઠો સ્વાદ આવે છે. તેમ સમકિતનું વમન કરી મિથ્યાત્વે જતાં વચ્ચે છ આવલિકા સુધી સમકિતનો સ્વાદ આવે છે. તથા માળથી પડતા વચ્ચેના ભાગને સ્પર્શતો બેશુદ્ધિથી અવશ્ય ભૂમિને સ્પર્શે છે તેમ સમકિતી જીવ પણ અનંતાનુબંધી કષાયનો ઉદય થતાં અવશ્ય પડે છે.

વિશેષાવશ્યકમાં કહ્યું છે કે :–

" उवसमसम्मत्ताओ, चइऊ मिच्छं अपावमाणस्स ।
सासायणसम्मत्तं, तयंतरालंमि छावलियं ॥ "

ઉપશમ સમકિતથી પડતી વખતે મિથ્યાત્વને ન પામે તે સમયે વચ્ચે છ આવલિકા સુધી સાસ્વાદનસમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે.

પાંચ પ્રકારે સમ્યક્ત્વ :–

वेयगजुअ पंचविहं, तं च तु दुपुंजखयंमितइयस्स ।
खयकालचरमसमए, सुद्धाणुवेयगो होइ ॥ २० ॥

અર્થ—પૂર્વે જે ચાર કહ્યાં તેમાં વેદકસમ્યક્ત્વ ગણતાં પાંચ પ્રકારે સમ્યક્ત્વ કહેવાય છે. તે વેદક સમ્યક્ત્વ મિથ્યાત્વ અને મિશ્ર એ બે પુંજનો ક્ષય કર્યા બાદ ત્રીજા સમ્યક્ત્વ પુંજના ક્ષયકાળના છેલ્લા સમયે છેલ્લા શુદ્ધ પરમાણુનાં વેદન વખતે હોય છે.

પાંચે સમ્યક્ત્વનો કાળ :

अंतमुहुत्तोवसमो, छावलिय सासाण वेयगो समओ ।
साहिय तित्तीसायर, खइओ दुगुणो खओवसमो ॥ २१ ॥

અર્થ—ઉપશમસમ્યક્ત્વનો ઉત્કૃષ્ટ કાળ એક અંતર્મુહૂર્તનો છે, સાસ્વાદનનો છ આવલિકાનો, વેદકનો એક સમય, ક્ષાયિકનો મનુષ્યભવની સાથે કાંઇક અધિક તેત્રીશ સાગરોપમ અને ક્ષયોપશમનો કાળ સાધિક છાસઠ સાગરોપમ છે.

ક્ષયોપશમનો તેટલો કાળ કેવી રીતે ?

"दो वारे विजयाइसु, गयस्स तिन्नीअ अच्चुए अहवा ।
तह अइरेग नरभविय, नाणाजीवाण सव्वद्धा ॥"

બે વાર વિજયાદિમાં અથવા ત્રણ વાર અચ્યુત દેવલોકમાં ગયેલાને છાસઠ સાગરોપમ થાય છે. તથા મનુષ્યભવનું આયુષ્ય જેટલું હોય તે અધિક થાય છે. તથા નાના પ્રકારના જીવોને આશ્રયિને સર્વકાળ ક્ષયોપશમસમકિત હોય છે.

સંસારમાં ભ્રમણ કરતા જીવ આ પાંચ સમ્યક્ત્વમાં કયું કયું સમ્યક્ત્વ કેટલી વાર પામે ?

उक्कोसं सासायण, उवसमिया हुंति पंच वाराओ ।
वेयग खयग इक्कंसी, असंखवारा खओवसमो ॥ २२ ॥

અર્થ—આખા સંસાર પરિભ્રમણમાં એક જીવને ઉત્કૃષ્ટથી સાસ્વાદનસમ્યક્ત્વ અને ઉપશમસમ્યક્ત્વ પાંચ વાર હોઇ શકે છે તથા વેદકસમ્યક્ત્વ અને ક્ષાયિકસમ્યક્ત્વ એક જ વાર પ્રાપ્ત થાય છે. તથા ક્ષયોપશમ સમ્યક્ત્વ અસંખ્ય વાર પ્રાપ્ત થાય છે.

કયા ગુણસ્થાનકે કયું સમ્યક્ત્વ હોય ?

बीयगुणे सासाणो, तुरियाइसु अट्ठिगार चउ चउसु ।
उवसमग खइग वेयगं, खाओवसमा कमा हुंति ॥ २३ ॥

અર્થ—સાસ્વાદનસમ્યક્ત્વ બીજા સાસ્વાદનગુણસ્થાને, ઉપશમસમ્યક્ત્વ ચારથી અગ્યારમા ઉપશાંતમોહગુણસ્થાન સુધી, ક્ષાયિકસમ્યક્ત્વ ચોથાથી ચૌદમાં અયોગી કેવળી ગુણસ્થાન સુધી, વેદકસમ્યક્ત્વ અને ક્ષયોપશમસમ્યક્ત્વ એ બે ચોથા ગુણસ્થાનથી સાતમા અપ્રમત્તગુણસ્થાન સુધી હોય છે.

ભાવાર્થ:–સાસ્વાદનસમ્યક્ત્વ ૨ જે ગુણસ્થાને–

ઉપશમસમ્યક્ત્વ	૪ થી ૧૧ ગુણસ્થાને (કુલ ૮)
ક્ષાયિકસમ્યક્ત્વ	૪ થી ૧૪ ગુણસ્થાને (કુલ ૧૧)
વેદકસમ્યક્ત્વ	૪ થી ૭ ગુણસ્થાને (કુલ ૪)
ક્ષયોપશમસમ્યક્ત્વ	૪ થી ૭ ગુણસ્થાને (કુલ ૪)

સમ્યક્ત્વ પામ્યા પછી દેશવિરતિ, સર્વવિરતિ અને ઉપશમશ્રેણિ તથા ક્ષપકશ્રેણિ કયારે પ્રાપ્ત થાય ?

" सम्मत्तम्मि उ लद्धे, पलियपुहत्तेण सावओ हुज्जा ।
चरणोवसमखयाणं, सायरसंखंतरा हुंति ॥"

સમ્યક્ત્વ પામ્યા પછી અંતઃકોડાકોડી સાગરોપમની સ્થિતિમાંથી બેથી નવ પલ્યોપમ સુધીની સ્થિતિ ઓછી થાય ત્યારે દેશવિરતિ પ્રાપ્ત થાય છે વળી તેટલી સ્થિતિમાંથી પણ સંખ્યાતા સાગરોપમની સ્થિતિ ઓછી થાય ત્યારે સર્વવિરતિ પ્રાપ્ત થાય છે અને તેમાંથી પણ સંખ્યાતા સાગરોપમની સ્થિતિ ઓછી થાય ત્યારે જીવ ક્ષપકશ્રેણિ પ્રાપ્ત કરે છે.

ભાવાર્થ:–આવી રીતે દેવ અને મનુષ્ય ભવોમાં સમ્યક્ત્વથી જીવ ભ્રષ્ટ ન થયો હોય તો, બેમાંથી એક શ્રેણિ વિના એક ભવમાં સર્વ પામે છે: કારણ કે સિદ્ધાંતકારના મતે એક ભવમાં બે શ્રેણિ થાય નહિ.

તીર્થંકરાદિની આશાતનાનું ફળ :–

" तित्थयर पवयण सुअ, आयरियं गणहरं महिड्ढीयं ।
आसायंतो बहुसो, आणंतसंसारिओ होइ ॥

" તીર્થંકર, પ્રવચન, શ્રુત, આચાર્ય, ગણધર અને મહર્દ્ધિક એટલે તપ, સંયમ અને શ્રુત સંબંધી સમૃદ્ધિવાળાની ઘણાં પ્રકારે આશાતના કરનાર જીવ અનંતસંસારી થાય છે. "

આગમમાં કહેલા સમ્યક્ત્વના પ્રકારો :–

" एगविह दुविह तिविहं, चउहा पंचविह दसविहं सम्मं ।
दव्वाई कारयाई, उवसमभेएहिं वा सम्मं ॥"

જિનધર્મની શ્રદ્ધા, તે એક પ્રકારે, નિશ્ચયથી અને વ્યવહારથી બે પ્રકારે, કારક, રોચક ને દીપક અથવા ઉપશમ, ક્ષાયિક ને ક્ષયોપશમસમકિત ત્રણ પ્રકારે, ઉપશમ, ક્ષાયિક, ક્ષયોપશમ અને સાસ્વાદન ચાર પ્રકારે. ઉપશમ, ક્ષાયિક, ક્ષયોપશમ, સાસ્વાદન અને વેદક તે પાંચ પ્રકારે તથા દશ પ્રકારે પણ સમ્યક્ત્વ હોય છે,

સમ્યક્ત્વના દશ પ્રકાર :–

" निसग्गुवएसरूई, आणरुई सुत्तबीयरुइमेव ।
अभिगमवित्थाररुई, किरियासंखेवधम्मरूई ॥ "

(૧) નિસર્ગરૂચિ, (૨) ઉપદેશરૂચિ, (૩) આજ્ઞારૂચિ, (૪) સૂત્રરૂચિ, (૫) બીજરૂચિ, (૬) અભિગમરૂચિ, (૭) વિસ્તારરૂચિ, (૮) ક્રિયારૂચિ, (૯) સંક્ષેપરૂચિ, (૧૦) ધર્મરૂચિ.

દશ રૂચિનું સ્વરૂપ :-

" भूअत्थेणाहिगया, जीवाजीवा य पुन्नपावं च ।
सहसम्मइइ आसव, संवरो य रोएइ निसग्गो ॥
जो जिणदिट्ठे भावे, चउव्विहे सद्दहाइ सयमेव ।
एमेव य नन्नहत्ति य, स निसग्गरुइ त्ति नायव्वो ॥ "

" સત્ય અર્થથી જાણેલા જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર આદિ પદાર્થો પોતાની સન્મતિથી રૂચે તે નિસર્ગરૂચિ, જે જીવ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ અથવા નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ–એમ ચાર પ્રકારના જિનનિર્દિષ્ટ ભાવોને પોતાની મેળે શ્રદ્ધા કરે–આ એમ જ છે, અન્યથા નથી એમ સદ્દહે તે નિસર્ગરૂચિ સમકિત જાણવું.

" एएं चेव उवइट्ठे, जो परेण केण सद्धहइ ।
छउमत्थेण जिणेण वा, उवएसरुइ त्ति नायव्वो ॥ "

"જે જીવ આ જ જિનોક્ત સિદ્ધાંત પદાર્થોને બીજા કોઈ છદ્મસ્થ અથવા સામાન્ય કેવળી વિગેરેનાં ઉપદેશથી શ્રદ્ધા કરે તે જીવ ઉપદેશરૂચિ છે.

" राग–दोसो मोहो, अन्नाणं जस्स वावगयं होइ ।
आणाए रोयंतो, सो खलु आणारूई नाम ॥ "

જેના રાગ, દ્વેષ, મોહ અને અજ્ઞાન એ સર્વ નાશ પામેલા છે. તે સત્ય જ બોલે–એમ જાણી જેને જિનેશ્વરની આજ્ઞા રૂચે તે, આજ્ઞારૂચિ.

" जो सुत्तमहिज्जंतो, सुएण ओगाहई सम्मत्तं ।
अंगेण बाहिरेण व, सो सुत्तरुइ त्ति नायव्वो ॥ "

જે જીવ સૂત્રને ભણતો અગ્યાર અંગ અથવા અંગબાહ્ય એટલે બાર ઉપાંગ વિગેરે શાસ્ત્રથી સમ્યક્ત્વને પામે, તે જીવ સૂત્રરૂચિ.

"एगेण अणेगाई, पयाइं जो सरइ उ सम्मत्तं ।
उदए व तेलबिंदु, सो बीयरुइत्ति नायव्वो ॥

જે જીવ, ગુરુ આદિથી એકજીવાદિ પદ અથવા તેના અર્થ વિગેરે જાણીને અનેક પદોને જાણે અને તેથી સમ્યક્ત્વને પામે. જેમ જળમાં તેલનું બિંદુ પ્રસરે તેમ જેની બુદ્ધિ એક પદાર્થને જાણી ઘણા પદાર્થોમાં પ્રસરે, તે જીવ બીજરૂચિ.

"सो होइ अभिगमरूई, सुअनाणं जेण अत्थओ दिट्ठं ।
इक्कारसमंगाइं, पइन्नगं दिट्ठीवाओ अ ॥"

"અગ્યાર અંગ, પ્રકીર્ણક પયન્ના અને દૃષ્ટિવાદ એ સર્વ શ્રુતજ્ઞાન જેણે અર્થથી જાણ્યું હોય, તે અભિગમરૂચિ.

"दव्वाण सव्वभावा, सव्वपमाणेहिं जस्स उवलद्धा ।
सव्वाहिं नयविहीहिं य, वित्थाररुइ त्ति नायव्वो ॥"

જે જીવે ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોના દ્રવ્ય, ગુણ, પર્યાય વિગેરે સર્વ ભાવો પ્રત્યક્ષાદિ સર્વ પ્રમાણો દ્વારા અને સાત નય અને સપ્તભંગી દ્વારા જાણ્યા હોય, તે જીવ વિસ્તારરૂચિ.

"दंसण नाण चरित्ते, तव विणए सच्च समिइ गुत्तीसु ।
जो किरिया भावरुई, सो खलु किरियारुई नाम ॥"

જે જીવ, દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ, વિનય, સત્ય, સમિતિ અને ગુપ્તિ એ સર્વને વિષે ક્રિયા કરવાની રૂચિવાળો હોય, તે જીવ ક્રિયારૂચિ.

अणभिगहियकुदिट्ठी, संखेवरुइ त्ति होइ नायव्वो ।
अविसारओ पवयणे, अणभिगहिओ अ सेसेसु ॥"

જે અનભિગ્રહીત મિથ્યાદૃષ્ટિ હોય, પ્રવચન સિદ્ધાંતને વિષે અકુશળ હોય અને બીજા શાસ્ત્રોને વિષે આગ્રહ રહિત હોય, તે સંક્ષેપરૂચિ.

"जो अत्थिकायधम्मं, सुअधम्मं खलु चरित्तधम्मं च ।
सद्दहइ जिणाभिहियं, सो धम्मरूइ त्ति नायव्वो ॥"

જે જીવ જિનેશ્વરે કહેલા ધર્માસ્તિકાય વિગેરે પદાર્થોને, શ્રુતધર્મને અને ચારિત્ર ધર્મની શ્રદ્ધા કરે, તે ધર્મરૂચિ.

વિશુદ્ધ વ્યવહારથી સમ્યક્ત્વના સડસઠ ભેદ.

तिसुद्धि लिंग लक्खण, दूसण भूसण पभावगागारा ।
सद्दहण जयण भावण, ठाण विणय गुरुगुणाईयं ॥ २४ ॥

અર્થ:-ત્રણ શુદ્ધિ, ત્રણ લિંગ, પાંચ લક્ષણ, પાંચ દૂષણ, પાંચ ભૂષણ, આઠ પ્રભાવક, છ આગાર, ચાર સદ્દહણા, છ જયણા, છ ભાવના, છ સ્થાન, દશ વિનય.

ભાવાર્થ–

ત્રણ શુદ્ધિ–(૧) મનશુદ્ધિ, (૨) વચનશુદ્ધિ અને (૩) કાયશુદ્ધિ.

ત્રણ લિંગ–(૧) ધર્મશ્રવણની ઈચ્છા, (૨) ધર્મરાગ, (૩) દેવ–ગુરુની વૈયાવચ્ચ.

પાંચ લક્ષણ–(૧) ઉપશમ, (૨) સંવેગ, (૩) નિર્વેદ, (૪) અનુકંપા, (૫) આસ્તિક્ય.

પાંચ દૂષણ–(૧) શંકા, (૨) કાંક્ષા, (૩) વિચિકિત્સા, (૪) મિથ્યાત્વીની પ્રશંસા, (૫) મિથ્યાત્વીનો પરિચય.

પાંચ ભૂષણ–(૧) જિનશાસનમાં કુશળતા, (૨) શાસનની પ્રભાવના, (૩) તીર્થસેવા, (૪) ધર્મમાં નિશ્ચળતા, (૫) શુદ્ધ દેવ–ગુરુની ભક્તિ.

આઠ પ્રભાવક–(૧) શાસ્ત્રપારગામી, (૨) અપૂર્વ ધર્મોપદેશક, (૩) પરવાદીને નિરૂત્તર કરનાર, (૪) નૈમિત્તિક, (૫) તપસ્વી, (૬) મંત્ર અને વિદ્યામાં પ્રવીણ, (૭) સિદ્ધિ સંપન્ન, (૮) શ્રેષ્ઠ કાવ્ય રચનાર.

છ આગાર–(૧) રાજાભિયોગ, (૨) ગણાભિયોગ, (૩) બલાભિયોગ, (૪) દેવાભિયોગ, (૫) કાંતારવૃત્તિ, (૬) ગુરુનિગ્રહ.

ચાર સદ્દહણા–(૧) પરમાર્થસંસ્તવ, (૨) પરમાર્થ જ્ઞાનીની સેવા, (૩) કુગુરુનો ત્યાગ, (૪) કુદર્શનનો ત્યાગ.

છ જયણા–(૧) પરતીર્થિકાદિને વંદન કરવું, (૨) તેમને નમસ્કાર કરવા, (૩) તેમને પાત્ર બુદ્ધિએ એક વાર દાન આપવું, (૪) વારંવાર દાન આપવું, (૫) તેમની સાથે આલાપ–એક વાર બોલવું, (૬) સંલાપ–વારંવાર બોલવું એનું વર્જન.

છ ભાવના–(૧) સમકિત ધર્મવૃક્ષનું મૂળ છે, (૨) ધર્મરૂપ નગરનું દ્વાર છે. (૩) ધર્મરૂપ મહેલનો પાયો છે. (૪) ધર્મનો આધાર છે. (૫) ધર્મનું ભાજન છે (૬) ધર્મનું નિધાન છે. આ પ્રમાણે ભાવવું તે ભાવના.

છ સ્થાન–(૧) જીવ છે, (૨) જીવ નિત્ય છે, (૩) જીવ કર્મનો કર્તા છે, (૪) જીવ પોતાના કરેલ કર્મનો ભોક્તા છે, (૫) જીવ મોક્ષ પામે છે, (૬) જીવને મોક્ષ પામવાના ઉપાયો પણ છે. આ પ્રમાણે નિરધાર કરવો તે છ સ્થાન જાણવા.

દશ પ્રકારનો વિનય–(૧) અરિહંત, (૨) સિદ્ધ, (૩) જિનચૈત્ય, (૪) સિદ્ધાંત, (૫) યતિધર્મ, (૬) સાધુ, (૭) આચાર્ય, (૮) ઉપાધ્યાય, (૯) પ્રવચન–સંઘ (૧૦) સમ્યક્ત્વ. આ દશ વિનયના સ્વરૂપ જાણવા.

ગ્રંથ સમાપ્તિનું અંતિમ મંગળ–

वित्थारं तुह समया, सया सरंताण भव्वजीवाणं ।
सामिय तुह्प्पसाया, हवेउ संमतसंपत्ति ॥ २५ ॥

હે સ્વામી! તમારા સિદ્ધાંતના સર્વદા વિસ્તારનું સ્મરણ કરતા એવા ભવ્ય જીવોને તમારા પ્રસાદથી સમ્યક્ત્વની પ્રાપ્તિ થાઓ.

સમ્યક્ત્વના ૬૭ ભેદ

ત્રણ શુદ્ધિ	૧ મનશુદ્ધિ			૨ વચનશુદ્ધિ			૩ કાયશુદ્ધિ		
ત્રણ લિંગ	૧ ધર્મશ્રવણની ઈચ્છા			૨ ધર્મરાગ			૩ દેવગુરુની વૈયાવચ્ચ		
પાંચ લક્ષણ	૧ ઉપશમ	૨ સંવેગ		૩ નિર્વેદ	૪ અનુકંપા		૫ આસ્તિક્ય		
પાંચ દૂષણ	૧ શંકા	૨ કાંક્ષા		૩ વિચિકિત્સા	૪ મિથ્યાત્વીની પ્રશંસા		૫ મિથ્યાત્વીનો પરિચય		
પાંચ ભૂષણ	૧ જિનશાસનમાં કુશળતા	૨ શાસનની પ્રભાવના		૩ તીર્થસેવા	૪ ધર્મમાં-નિશ્ચળતા		૫ શુદ્ધ દેવગુરુની ભક્તિ		
આઠ પ્રભાવક	૧ શાસ્ત્ર-પારગામી	૨ અપૂર્વ-ધર્મોપદેશક	૩ પરવાદીને નિરુત્તર કરનાર	૪ નૈમિત્તિક	૫ તપસ્વી	૬ મંત્ર-વિદ્યામાં પ્રવીણ	૭ સિદ્ધિ સંપન્ન	૮ શ્રેષ્ઠકાવ્ય રચનાર	
છ આગાર	૧ રાજાભિયોગ	૨ ગણાભિયોગ	૩ બલાભિયોગ	૪ દેવાભિયોગ	૫ કાંતારવૃત્તિ	૬ ગુરુનિગ્રહ			
ચાર સદ્દહણા	૧ પરમાર્થ સંસ્તવ	૨ પરમાર્થ જ્ઞાનીની સેવા		૩ કુગુરુનો ત્યાગ			૪ કુદર્શનનો ત્યાગ		
છ જયણા	૧ પરતીર્થિકાદિકને વંદન કરવું	૨ તેમને નમસ્કાર કરવા	૩ પાત્રબુદ્ધિએ એક વાર દાન આપવું	૪ વારંવાર દાન આપવું	૫ તેમની સાથે આલાપ	૬ સંલાપ			
છ ભાવના	૧ સમકિત ધર્મવૃક્ષનું મૂળ છે.	૨ ધર્મરૂપ નગરનું દ્વાર	૩ ધર્મરૂપ મહેલનો પાયો	૪ ધર્મનો-આધાર	૫ ધર્મનું ભાજન	૬ ધર્મનું નિધાન			
છ સ્થાન	૧ જીવ છે.	૨ જીવ નિત્ય છે.	૩ જીવ કર્મનો કર્તા છે.	૪ જીવ કર્મનો ભોક્તા છે	૫ મોક્ષ છે.	૬ મોક્ષનો ઉપાય છે.			
દશ વિનય	૧ અરિહંત	૨ સિદ્ધ	૩ જિનચૈત્ય	૪ સિદ્ધાંત	૫ યતિધર્મ	૬ સાધુ	૭ આચાર્ય	૮ ઉપાધ્યાય	૯ પ્રવચન	૧૦ સમ્યક્ત્વ

કાયસ્થિતિ

આ પ્રકરણ એક સ્તોત્રરૂપ છે. આ સ્તોત્રના કર્તા પૂજ્ય કુલમંડનસૂરિ મહારાજે પરમાત્માની સ્તવના દ્વારા જ એક જીવ કેવી રીતે અવ્યવહાર રાશિમાંથી વ્યવહારરાશિમાં આવે છે, ત્યાંથી એકેન્દ્રિય આદિમાં કેટલી વાર કેટલા સમય માટે રહે છે, ફરી કેવી રીતે વિકાસ કરીને વિકલેન્દ્રિય આદિમાં જાય અને ત્યાં કેટલો કાળ ભમે, તે સર્વ જણાવીને આગળ પંચેન્દ્રિયમાં કઈ કઈ ગતિમાં કેટલો સમય રહે છે તે જણાવેલ છે.

પછી ભવસંવેદ એટલે જે ભવમાં છે તે ભવમાંથી બીજા ભવમાં જઈને અથવા તે જ ભવમાં રહીને ફરી અન્યત્ર ભમીને ફરી યથાસંભવ તે જ ભવમાં કયારે આવે તે વિજ્ઞપ્તિપૂર્વક જણાવેલ છે.

આ રીતે દરેક ગતિમાંથી વિકાસ પામતા પામતા ભવથી ઉદ્વિગ્ન બનેલા એવા મને આપનું દર્શન આપો. દર્શનની માંગણીપૂર્વક ભવભ્રમણનું સ્વરૂપ ૨૪ શ્લોકમાં ખૂબ જ સુંદર રીતે સમજાવેલ છે.

वर्धमान जिनं नत्वा, यथाभूतार्थदेशकम् ।
कुर्वे कायस्थितिस्तोत्रे, कियदर्थप्रकाशकम् ॥

અર્થ—યથાર્થ તત્ત્વના ઉપદેશ કરનાર શ્રી વર્ધમાનસ્વામીને નમસ્કાર કરીને આ કાયસ્થિતિ નામના સ્તોત્રમાં કેટલાક અર્થનો પ્રકાશ કરું છું.

जह तुह दंसणरहिओ, कायठिई भीसणे भवारण्णे ।
भमिओ भवभयभंजण, जिणिंद ! तह विन्नविस्सामि ॥ १ ॥

અર્થ—હે જિનેંદ્ર ! સંસારના ભયનો નાશ કરનાર તમારા દર્શન રહિત એવો હું આ કાયસ્થિતિ દ્વારા જે પ્રમાણે ભયંકર સંસારરૂપ અટવીમાં ભટકયો છું, તે પ્રમાણે તમને વિનંતી કરું છું.

अव्वहारियमज्झे, भमिऊण अणंतपुग्गलपरट्टे ।
कह वि ववहाररासिं, संपत्तो नाह ! तत्थविय ॥ २ ॥

અર્થ—હે નાથ ! હું અવ્યવહારરાશિમાં અનંતપુદ્ગલપરાવર્ત સુધી ભ્રમણ કરીને ભવિતવ્યતાના યોગે વ્યવહારરાશિમાં આવ્યો. ત્યાં પણ ચિરકાળ ભ્રમણ કર્યું.

ભાવાર્થ:—સંસારમાં જીવો બે પ્રકારના છે.

(૧) સાંવ્યવહારિક, (૨) અસાંવ્યવહારિક.

સાંવ્યવહારિક :–જેઓ અનાદિ નિગોદની અવસ્થામાંથી બહાર નીકળીને પૃથ્વી-કાયાદિમાં આવેલા છે. તેઓ દુનિયામાં દૃષ્ટિમાર્ગમાં આવતા હોવાથી પૃથ્વી આદિ વ્યવહારને પામ્યા, માટે તેઓ સાંવ્યવહારિક કહેવાય છે. જો કે તેઓ ફરીથી પણ નિગોદમાં જાય છે, તો પણ તેઓ વ્યવહારરાશિમાં આવેલા હોવાથી સાંવ્યવહારિક જ કહેવાય છે.

અસાંવ્યવહારિક :–જેઓ અનાદિ કાળથી નિગોદાવસ્થામાં જ રહેલા છે તે કોઈ વાર પણ વ્યવહારમાર્ગમાં આવેલા નહીં હોવાથી અસાંવ્યવહારિક કહેવાય છે.

અસાંવ્યવહારિક અનાદિ નિગોદ જીવરાશિમાં જીવ અનાદિકાળ રહ્યો, તેથી અનંતા પુદ્ગલ પરાવર્ત્ત સુધી ત્યાં રહીને જેમ પર્વતની નદીમાં રહેલો પાષાણ કેટલાક કાળે ગોળ અને લીસો થાય છે તેમ તેવા પ્રકારની ભવિતવ્યતાના યોગે, પૃથ્વી આદિ વ્યવહારરાશિમાં જીવ આવ્યો.

વ્યવહારરાશિ ભ્રમણ કાળ :–

उक्कोसं तिरियगई, असंनि एगिंदि वण नपुंसेसु ।
भमिओ आवलिय असंखभागसम–पुग्गलपरट्टा ॥ ३ ॥

અર્થ—તિર્યંચગતિમાં, અસંજ્ઞીમાં, એકેંદ્રિયમાં, સૂક્ષ્મ બાદર નિગોદ અને પ્રત્યેક એ ત્રણ જાતિની વનસ્પતિકાયમાં તથા નપુંસકપણામાં ઉત્કૃષ્ટથી આવલિકાના અસંખ્યાતમા ભાગના સમય જેટલા થાય, તેટલા પુદ્ગલપરાવર્ત્ત સુધી હું ભમ્યો.

सामन्न सुहुमत्ते, ओसप्पिणिओ असंखलोगसमा ।
भमिओ तह पिहु सुहुमे, पुढवीजल जलण पवण वणे ॥ ४ ॥

અર્થ :– સૂક્ષ્મપણામાં ઓઘથી અસંખ્ય લોકાકાશના પ્રદેશ જેટલી અવસર્પિણી સુધી હું ભમ્યો. તે જ પ્રકારે–તેટલો જ કાળ સૂક્ષ્મ પૃથ્વીકાય, અપ્કાય, અગ્નિકાય, વાયુકાય અને વનસ્પતિકાયમાં પ્રત્યેકમાં પણ ભમ્યો.

ભાવાર્થ :– અસંખ્યાત લોકાકાશના જેટલા પ્રદેશો થાય તેટલી અવસર્પિણી સુધી જીવ સૂક્ષ્મ પૃથ્વ્યાદિમાં ભમ્યો છે.

ओहेण बायरत्ते, तह बायरवणस्सईसु ताउ पुणो ।
अंगुलअसंखभागे, दोसड्ढ परट्टय निगोए ॥ ५ ॥

અર્થ :— ઓઘથી બાદરપણામાં તથા બાદરવનસ્પતિકાયમાં અંગુલના અસંખ્ય ભાગમાં રહેલા આકાશપ્રદેશ પ્રમાણ અવસર્પિણી સુધી હું ભમ્યો તથા નિગોદમાં અઢી પુદ્ગલપરાવર્તન સુધી હું ભમ્યો.

ભાવાર્થ :- વ્યવહારરાશિમાં આવ્યા પછી ફરી જો નિગોદમાં જીવ જાય, તો સામાન્યથી સૂક્ષ્મ અને બાદરનિગોદમાં અઢી પુદ્ગલપરાવર્તકાળ ભમે છે.

बायर पुढवी जल जलण, पवण पत्तेयवण निगोएसु ।
सत्तरि कोडाकोडी, अयराणं नाह ! भमिओ हं ॥ ६ ॥

અર્થ :— વળી હે નાથ ! બાદર પૃથ્વીકાય, અપ્કાય, અગ્નિકાય, વાયુકાય, પ્રત્યેક વનસ્પતિકાય અને સાધારણ વનસ્પતિ કાયરૂપ, બાદરનિગોદમાં હું સીત્તેર કોડાકોડિ સાગરોપમ સુધી ભમ્યો.

ભાવાર્થ :- આ પ્રત્યેકમાં જીવો ફરી ફરીને ઉત્કૃષ્ટથી સીત્તેર–કોડાકોડી સાગરોપમ કાળ સુધી ઉત્પન્ન થઈ શકે છે.

संखिज्जवाससहसे, बितिचउरिंदीसु ओहओ अ तहा ।
पज्जत्तबायरेगिं-दिभूजलानिलपरित्तेसु ॥ ७ ॥

અર્થ :- ઓઘથી બેઈંદ્રિય, તેઈંદ્રિય અને ચઉરિંદ્રિયપણામાં હું સંખ્યાતા હજાર-વર્ષો સુધી ભમ્યો તથા પર્યાપ્ત બાદર એકેંદ્રિય પૃથ્વીકાય, અપ્કાય, વાયુકાય અને પ્રત્યેકવનસ્પતિકાયમાં પણ સંખ્યાતા હજાર વર્ષો સુધી હું ભમ્યો.

बायरपजग्गि बितिचउरिंदिसु संखदिणवासदिणमासा ।
संखिज्जवासअहिआ, तसेसु दो सागरसहस्सा ॥ ८ ॥

અર્થ :— બાદર પર્યાપ્ત અગ્નિકાય તથા પર્યાપ્ત બેઈંદ્રિય, તેઇંદ્રિય, ચઉરિંદ્રિયમાં અનુક્રમે સંખ્યાતા દિવસ, સંખ્યાતા વર્ષ, સંખ્યાતા દિવસ અને સંખ્યાતા માસ ભમ્યો. ત્રસકાયમાં ઉત્કૃષ્ટથી સંખ્યાતાવર્ષ અધિક બે હજાર સાગરોપમ ભમ્યો.

ભાવાર્થ :- બાદર પર્યાપ્ત અગ્નિકાયમાં સંખ્યાતા અહોરાત્ર, બેઈંદ્રિયમાં સંખ્યાતા વર્ષ, તેઇંદ્રિયમાં સંખ્યાતા દિવસ, ચઉરિંદ્રિયમાં સંખ્યાતા માસ ઉત્કૃષ્ટથી જીવ ભમ્યો છે.

अयर सहस्सं अहियं, पणिंदिसु ति तीस अयर सुरनरए ।
संनिसु तह पुरिसेसुं अयरसयपुहुत्तमब्भहियं ॥ ९ ॥

અર્થ :— પંચેંદ્રિયમાં સંખ્યાતાવર્ષ અધિક એક હજાર સાગરોપમ તથા દેવગતિ અને નરકગતિમાં તેત્રીશ સાગરોપમ, સંજ્ઞીપંચેંદ્રિયમાં અને પુરૂષવેદમાં બસોથી નવસો સાગરોપમથી કાંઇક અધિક ભમ્યો.

गब्भयतिरियनरेसु य, पल्लतिगं सत्तपुव्वकोडीओ ।
दसहिय पलियसयं, थीसु पुव्वकोडिपुहुत्तजुअं ॥ १० ॥

અર્થ :— ગર્ભજતિર્યંચ અને મનુષ્યમાં ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ અને સાત કરોંડ પૂર્વ ભમ્યો. તથા સ્ત્રીવેદમાં એકસો ને દશ પલ્યોપમ, તથા બેથી નવ કરોડ પૂર્વ ભમ્યો.

ભાવાર્થ :- ગર્ભજ તિર્યંચ અને મનુષ્યમાં ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ અને સાત ક્રોડ પૂર્વની કાયસ્થિતિ જાણવી. તે આ રીતે : ક્રોડ પૂર્વ વર્ષના આયુષ્યવાળા પંચેંદ્રિય તિર્યંચ ક્રોડ પૂર્વ વર્ષના આયુષ્યવાળા પંચેંદ્રિય તિર્યંચમાં ફરી ફરીને ઉત્પન્ન થાય, તો ઉત્કૃષ્ટથી સાત વાર ઉત્પન્ન થાય અને જો આઠમી વાર પણ તેમાં જ ઉત્પન્ન થાય, તો અવશ્ય અસંખ્યાતા વર્ષના આયુષ્યવાળા યુગલિક તિર્યંચને વિષે ઉત્પન્ન થાય. તે અસંખ્યાતા વર્ષના આયુષ્યવાળામાં ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમનું આયુષ્ય છે. તેથી ઉપર કહેલું કાયસ્થિતિનું પ્રમાણ યોગ્ય જ છે. એ જ પ્રમાણે મનુષ્યમાં પણ જાણવું.

તથા સ્ત્રીવેદમાં ઉત્કૃષ્ટથી એકસો દશ પલ્યોપમ અને બેથી નવક્રોડ પૂર્વની કાયસ્થિતિ કહી છે તે આ પ્રમાણે :- કોઈ જીવ ક્રોડ પૂર્વના આયુષ્યવાળા સ્ત્રીપણામાં ઉપરા-ઉપર પાંચ કે છ ભવ કરીને ઈશાન દેવલોકમાં પંચાવન પલ્યોપમની ઉત્કૃષ્ટ આયુષ્યવાળી અપરિગૃહીતા દેવીમાં ઉત્પન્ન થાય, પછી ત્યાંથી ચ્યવીને ફરીથી ક્રોડ પૂર્વ વર્ષના આયુષ્યવાળી મનુષ્યની સ્ત્રીમાં અથવા તિર્યંચની સ્ત્રીમાં સ્ત્રીપણે ઉત્પન્ન થાય. ત્યાંથી પાછા ઈશાન દેવલોકમાં પ્રથમની જેમ પંચાવન પલ્યોપમના આયુષ્યમાં ઉત્પન્ન થાય. તે ત્યાંથી ચ્યવીને પછી અવશ્ય બીજા વેદમાં જાય છે, તેથી પૂર્વે કહેલું પ્રમાણ બરાબર છે.

इत्थिनपुंसे समओ, जहन्नु अंतोमुहुत्त सेसेसु ।
अपजे उक्कोसं पि य, पजसुहुमे थूलणंतेऽवि ॥ ११ ॥

અર્થ :— સ્ત્રીવેદ તથા નપુંસકવેદમાં જઘન્ય કાયસ્થિતિ એક સમયની છે. તે સિવાયના દેવ અને નારકીને વર્જીને શેષ મનુષ્ય તથા તિર્યંચની જઘન્ય કાયસ્થિતિ અન્તર્મુહૂર્ત્તની છે તથા પર્યાપ્ત સૂક્ષ્મમાં અને બાદર નિગોદમાં પણ અંતર્મુહૂર્ત્તની જઘન્ય કાયસ્થિતિ જાણવી.

ભવસંવેધ :—

विन्नता कायठिई, कालओ नाह ! जह भमिय पुव्वा ।
भवसंवेहेणिन्हिं तु, विन्नविस्सामि सामिपुरो ॥ १२ ॥

અર્થ :— હે નાથ ! જે રીતે પૂર્વે ભમ્યો તે રીતે કાળને આશ્રયીને મેં કાયસ્થિતિની વિજ્ઞપ્તિ કરી હવે સ્વામીની પાસે ભવસંવેધ એટલે વિવક્ષિત ભવથી બીજા ભવમાં જઈને અથવા તુલ્ય ભવમાં રહીને ફરીથી પણ યથાસંભવ તે જ ભવમાં ઉત્પન્ન થવું તે ભવસંવેધ કહેવાય તે હું આપની પાસે વિજ્ઞપ્તિ કરીશ.

परभवतब्भवआउं, लहुगुरुचउभंगि सन्निनरतिरिओ ।
नरयछगे उक्कोसं, इगंतरं भमइ अट्ठभवे ॥ १३ ॥

અર્થ—પરભવ અને વિવક્ષિતભવના જઘન્ય અને ઉત્કૃષ્ટથી ચાર ભાંગા થાય છે. તે ચારે ભાંગે વિચારતાં સંજ્ઞી મનુષ્ય અને તિર્યંચ પહેલી છ નરકમાં ઉત્કૃષ્ટથી એકાંતર આઠ ભવ ભ્રમણ કરે છે.

ભાવાર્થ:–ચતુર્ભંગી આ પ્રમાણે:–

૧ આ ભવમાં ઉત્કૃષ્ટ આયુષ્ય અને પરભવમાં પણ ઉત્કૃષ્ટ આયુષ્ય.

૨ આ ભવનું ઉત્કૃષ્ટ અને પરભવનું જઘન્ય.

૩ આ ભવનું જઘન્ય અને પરભવનું ઉત્કૃષ્ટ.

૪ આ ભવનું જઘન્ય અને પરભવનું પણ જઘન્ય.

સંજ્ઞી મનુષ્ય તથા તિર્યંચ પહેલી છ નરકમાં ઉત્કૃષ્ટથી એકાંતર આઠ ભવો સુધી ભ્રમણ કરે છે, તે આ પ્રમાણે–કોઇ સંજ્ઞીપંચેન્દ્રિય મનુષ્ય કે તિર્યંચ સાતમી નરક સિવાય પ્રથમની છ માં કોઈ એક નરકમાં ઉત્પન્ન થાય અને ત્યાંથી નીકળીને પાછો મનુષ્યમાં ઉત્પન્ન થાય, ત્યાંથી ફરીને નરકમાં જાય. એ પ્રમાણે એકાંતર આઠ ભવ કરે છે. પછી નવમે ભવે તે અવશ્ય બીજા ભવમાં ઉત્પન્ન થાય છે. (જઘન્યથી તો બે જ ભવ કરે છે.)

भवणवणजोइकप्प दुजे वि इअ अडभवाउ दु जहन्ना ।
सग सत्तमीइ तिरिओ, पण पुन्नाउसु य ति जहन्ना ॥ १४ ॥

અર્થ—ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક તથા સૌધર્માદિક આઠ દેવલોકમાં એકાંતર ભવભ્રમણ કરતા મનુષ્યો અને તિર્યંચો ઉત્કૃષ્ટથી આઠ ભવ કરે છે અને જઘન્ય બે ભવ કરે છે. સાતમી નરકમાં એકાંતરે ભવભ્રમણ કરતા તિર્યંચો ઉત્કૃષ્ટથી સાત ભવ કરે છે. પૂર્ણ આયુષ્યે પાંચ ભવ કરે છે અને જઘન્ય ત્રણ ભવ કરે છે. મનુષ્યને સાતમી નરકમાં બે જ ભવ થાય છે.

ભાવાર્થ:–સાતમી નરકમાં ઉત્કૃષ્ટ સાત ભવ આ પ્રમાણે:–

(૧) જેમ કોઈ ક્રોડપૂર્વના આયુષ્યવાળો સંજ્ઞીપંચેન્દ્રિય તિર્યંચ.
(૨) સાતમી નરકમાં જઘન્ય આયુષ્યપણે ઉત્પન્ન થાય,
(૩) ત્યાંથી નીકળીને તિર્યંચમાં આવે,
(૪) ત્યાંથી ફરીને સાતમી નરકમાં જાય,
(૫) ત્યાંથી ફરી તિર્યંચમાં આવે,
(૬) ત્યાંથી ફરીને સાતમીમાં જાય,
(૭) ત્યાંથી પાછો તિર્યંચમાં ઉત્પન્ન થાય,

ત્યાંથી મરીને તેને સાતમી પૃથ્વીમાં જવાનો અસંભવ છે તેથી સાત જ ભવો થાય છે. સાતમી નરકમાં એકાંતર ઉત્પન્ન થતા તિર્યંચને સમગ્રકાળ છાસઠ સાગરોપમ અને ચાર કરોડ પૂર્વ જેટલો છે.

પૂર્ણ આયુષ્યે પાંચ ભવ :-

તિર્યંચ જીવ તેત્રીશ સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિવાળા સાતમી પૃથ્વીના નારકીઓમાં પૂર્ણ આયુષ્યે ઉત્પન્ન થાય તો તે ઉત્કૃષ્ટથી બે વાર નારકીમાં અને ત્રણ વાર તિર્યંચમાં ઉત્પન્ન થાય એમ પાંચ ભવ કરે છે.

જઘન્ય ત્રણ ભવ :-

એક ભવ નરકમાં અને બે ભવ તિર્યંચમાં એમ ત્રણ ભવ જ થાય છે.

મનુષ્યને જઘન્ય અને ઉત્કૃષ્ટથી બે જ ભવ :-

મનુષ્યને સાતમી નરકમાં જઘન્યથી અને ઉત્કૃષ્ટથી પણ બે જ ભવ થાય છે, કેમકે સાતમી પૃથ્વીમાંથી નીકળીને તે અવશ્ય તિર્યંચમાં જ ઉત્પન્ન થાય છે; મનુષ્ય થતો નથી.

गेविज्जाण य चउगे, सग पणणूत्तरचउक्कि ति जहन्नं ।
पज्जनरो ति सवट्ठे, दुहा दुभव तमतमाइ पुणो ॥ १५ ॥

અર્થ—પર્યાપ્ત સંજ્ઞી મનુષ્ય ગ્રૈવેયકમાં અને આનતાદિ ચાર દેવલોકમાં એકાંતર ગમન કરે તો ઉત્કૃષ્ટથી સાત ભવ કરે છે. તથા ચાર અનુત્તર વિમાનમાં એકાંતર ગમન કરે તો ઉત્કૃષ્ટથી પાંચ ભવ કરે છે. જઘન્યથી ત્રણ ભવ કરે છે તથા સર્વાર્થસિદ્ધમાં મનુષ્ય જઘન્ય અને ઉત્કૃષ્ટથી ત્રણ ભવ જ કરે છે તથા તમસ્તમા નામની સાતમી નરકપૃથ્વીમાં જઘન્ય અને ઉત્કૃષ્ટથી પણ મનુષ્ય બે ભવ જ કરે છે.

ભાવાર્થ :-મનુષ્યના ગ્રૈવેયકમાં અને આનતાદિમાં સાત ભવ આ પ્રમાણે :-

જેમ કોઇ મનુષ્ય આનતાદિમાં ઉત્પન્ન થયો, ત્યાંથી ચ્યવીને મનુષ્ય થયો, ફરી આનતાદિમાં ગયો, એ રીતે ત્રણવાર દેવલોકમાં અને ચાર વાર મનુષ્યમાં ઉત્પન્ન થાય છે.

ચાર અનુત્તર વિમાનમાં પાંચ ભવ આ પ્રમાણે :-

તેમાં પહેલો, મધ્યનો અને છેલ્લો એમ ત્રણ ભવ મનુષ્યના, વચ્ચે બે ભવ વિજયાદિના એમ પાંચ ભવ કરે છે.

જઘન્યથી ત્રણ ભવ આ પ્રમાણે :-

નવ ગ્રૈવેયક, ચાર કલ્પ અને ચાર અનુત્તરમાં મનુષ્ય જઘન્યથી ત્રણ ભવ કરે છે. (ચાર કલ્પ :-૮-૯-૧૦-૧૧ મા દેવલોકમાં)

સર્વાર્થસિદ્ધમાં જઘન્ય અને ઉત્કૃષ્ટ પણ ત્રણ ભવ :-

કેમકે સર્વાર્થસિદ્ધમાંથી આવેલો મનુષ્ય અવશ્ય સિદ્ધિમાં જ જાય છે.

સાતમી નરક પૃથ્વીમાં જઘન્ય અને ઉત્કૃષ્ટ બે ભવ :–

તમસ્તમા નામની સાતમી નરક પૃથ્વીમાં જઘન્યથી અને ઉત્કૃષ્ટથી પણ મનુષ્ય બે ભવ જ કરે છે.

दुह जुगलितिरिमणुआ, दुभवा भवणवणजोइकप्पदुगे ।
रयणप्पहभवणवणे, दुह दुभव असन्नि पज्जतिरिओ ॥ १६ ॥

અર્થ—યુગલિક તિર્યંચ અને મનુષ્યો, ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને પહેલા બે કલ્પોમાં ઉત્કૃષ્ટથી અને જઘન્યથી બે જ ભવ કરે છે. રત્નપ્રભાનરકમાં અને ભવનપતિ તથા વ્યંતરમાં પર્યાપ્ત અસંજ્ઞી તિર્યંચ ઉત્પન્ન થાય, તો પણ જઘન્ય અને ઉત્કૃષ્ટથી બે ભવ જ કરે છે; કેમકે ત્યાંથી નીકળેલા અસંજ્ઞી તિર્યંચ થતા નથી.

ભાવાર્થ :–યુગલિકો ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને પહેલા બે કલ્પોમાં ઉત્પન્ન થાય છે અને ઉત્કૃષ્ટથી તથા જઘન્યથી બે જ ભવ કરે છે.

પર્યાપ્ત અસંજ્ઞી તિર્યંચ, રત્નપ્રભા નરકમાં, ભવનપતિ તથા વ્યંતરમાં ઉત્પન્ન થાય છે તે પણ જઘન્ય અને ઉત્કૃષ્ટથી બે ભવ જ કરે છે.

पज्जसन्नितिरिनरेसु य, सहसारंता सुरा य छन्निरया ।
अड भव सत्तमनिरया, तिरिए छ भव चंउ पुन्नाऊ ॥ १७ ॥

અર્થ :–પર્યાપ્તસંજ્ઞી તિર્યંચ અને મનુષ્યમાં એકાંતરે ઉત્પન્ન થતા ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક તથા પ્રથમના આઠ કલ્પના દેવો અને છ પૃથ્વીના નારકીઓ ઉત્કૃષ્ટા આઠ ભવ કરે છે તથા જઘન્ય આયુષ્યવાળા સાતમી પૃથ્વીના નારકીઓ પર્યાપ્તસંજ્ઞી તિર્યંચમાં એકાંતરે છ ભવ કરે છે અને ઉત્કૃષ્ટ આયુષ્યવાળા સાતમી પૃથ્વીના નારકો પોતાના ભવથી આરંભીને ચાર ભવ જ પર્યાપ્ત સંજ્ઞીતિર્યંચમાં એકાંતરે કરે છે, તેથી અધિક ભવ કરે નહીં.

ભાવાર્થ :–પર્યાપ્ત સંજ્ઞીતિર્યંચ અને મનુષ્યમાં ઉત્કૃષ્ટા આઠ ભવ આ પ્રમાણે:–

જેમ કોઇ ઉપરોક્ત ભવનપત્યાદિમાંથી ચ્યવીને એકાંતરે ચાર વાર પર્યાપ્તસંજ્ઞી મનુષ્ય થાય છે. એ રીતે આઠ ભવ કર્યા પછી તે ભવનપત્યાદિમાં ઉત્પન્ન થતા નથી. એ જ પ્રમાણે તિર્યંચમાં પણ સમજવું.

પર્યાપ્તસંજ્ઞી તિર્યંચમાં સાતમી નરકનાં જઘન્ય આયુષ્યવાળા જીવો, એકાંતરે છ ભવ, આ પ્રમાણે :–

એકાંતરે પર્યાપ્ત સંજ્ઞી તિર્યંચમાં ઉત્પન્ન થતા સાતમી પૃથ્વીના નારકીને ચોથી વાર સાતમી પૃથ્વીમાં ઉત્પન્ન થવાનો અસંભવ છે.

પૂર્ણ આયુષ્યવાળા સાતમી નારકના જીવોના ૩ ભવ આ પ્રમાણે :-

૩૩ સાગરોપમ આયુષ્યવાળા સાતમી પૃથ્વીના નારકી પોતાના નારકીના ભવથી આરંભીને ચાર ભવ સુધી જ પર્યાપ્તસંજ્ઞી તિર્યંચમાં એકાંતરે ભ્રમણ કરે છે.

(૧) ૩૩ સાગરોપમનો નારકીનો ભવ,
(૨) પર્યાપ્તસંજ્ઞી તિર્યંચનો ભવ,
(૩) ૩૩ સાગરોપમનો નારકીનો ભવ,
(૪) પર્યાપ્તસંજ્ઞી તિર્યંચનો ભવ.

पज्जसन्निनरे छ भवा, गेविज्जाण य चउक्कदेवा य ।
चउणुत्तरा चउभवा, दुजहन्न दुहावि दु सवट्ठा ॥ १८ ॥

અર્થ—ગ્રૈવેયક અને આનતાદિ ચાર દેવલોકના દેવો પોતાના ભવથી આરંભીને પર્યાપ્તસંજ્ઞી મનુષ્યમાં એકાંતરે ઉત્કૃષ્ટા છ ભવ કરે છે. તથા ચાર અનુત્તર વિમાનવાસી દેવો પોતાના ભવથી આરંભીને પર્યાપ્તસંજ્ઞી મનુષ્યમાં એકાંતરે ઉત્કૃષ્ટા ચાર ભવ કરે છે, જઘન્યથી બે ભવ કરે છે તથા સર્વાર્થસિદ્ધના દેવતાઓ પર્યાપ્તસંજ્ઞી મનુષ્યમાં ઉત્પત્તિને આશ્રયીને જઘન્યથી તથા ઉત્કૃષ્ટથી પણ બે ભવ જ કરે છે.

ભાવાર્થ :-ગ્રૈવેયક અને આનત, પ્રાણત, આરણ, અચ્યુતના દેવો મનુષ્યમાં જ ઉત્પન્ન થાય છે અને એક દેવનો ભવ એક મનુષ્યનો ભવ એમ એકાંતરે ઉત્કૃષ્ટા છ ભવ કરે.

ચાર અનુત્તર વિમાનવાસી દેવોના ઉત્કૃષ્ટા ૪ ભવ :-

એક દેવનો ભવ, એક મનુષ્યનો ભવ, એક દેવનો ભવ અને એક મનુષ્યનો ભવ પછી મોક્ષમાં જાય.

જઘન્યથી બે ભવ :-

નવ ગ્રૈવેયક, ચાર આનતાદિ અને ચાર અનુત્તરવાસી દેવો પર્યાપ્તસંજ્ઞી મનુષ્યમાં જઘન્ય બે ભવ જ કરે છે.

સર્વાર્થસિદ્ધના દેવતાઓ જઘન્ય ઉત્કૃષ્ટથી બે જ ભવ :-

સર્વાર્થસિદ્ધના દેવો એકાવતારી હોવાથી એક દેવનો ભવ અને એક મનુષ્યનો ભવ કરી મોક્ષમાં જાય છે.

भूजलवणेसु दुभवा, दुहा वि भवणवणजोइस दुकप्पा ।
असिआउतिरिनरे तह, मिह सन्नियरतिरिसन्निनरा ॥ १९ ॥

અર્થ :-ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને સૌધર્મ તથા ઇશાન દેવલોકના દેવો પૃથ્વી, જલ અને પ્રત્યેક વનસ્પતિકાયમાં ઉત્પન્ન થાય તો જઘન્ય તથા ઉત્કૃષ્ટથી બે ભવ જ કરે છે, તથા સંજ્ઞી અને અસંજ્ઞી તિર્યંચો તથા સંજ્ઞીમનુષ્યો અસિત એટલે પલ્યોપમના આયુષ્યવાળા યુગલિક તિર્યંચો તથા યુગલિક મનુષ્યોમાં ઉત્પન્ન થાય તો બે ભવ જ કરે છે.

ભાવાર્થ :–ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને સૌધર્મ તથા ઇશાન દેવલોકના દેવો પૃથ્વી, જલ અને પ્રત્યેક વનસ્પતિકાયમાં જઘન્ય ઉત્કૃષ્ટ બે ભવ કરે તેનું કારણઃ–

પૃથિવ્યાદિમાંથી નીકળીને તેઓને ભવનપત્યાદિમાં ઉત્પત્તિનો અભાવ છે.

સંજ્ઞી, અસંજ્ઞી તિર્યંચો તથા સંજ્ઞી મનુષ્યો યુગલિક તિર્યંચ અને મનુષ્યમાં બે ભવ કરે તેનું કારણઃ–

સંજ્ઞી અને અસંજ્ઞી તિર્યંચ યુગલિક મનુષ્યમાં તથા યુગલિક તિર્યંચમાં તેમજ સંજ્ઞી મનુષ્ય યુગલિક તિર્યંચ અને યુગલિક મનુષ્યમાં ઉત્પત્તિને આશ્રયીને બે ભવ જ કરે છે, કેમકે યુગલિકનો ભવ કર્યા પછી તે અવશ્ય દેવપણે જ ઉત્પન્ન થાય છે.

भूजलपवणग्गी मिह, वणा भुवाइसु वणेसु अ भुवाई ।
पूरंति असंखभवे, वणा वणेसु अ अणंतभवे ॥ २० ॥

અર્થ :–પૃથ્વીકાય, અપ્કાય, વાયુકાય અને તેઉકાય અન્યાન્યમાં ઉત્કૃષ્ટથી અસંખ્યાતા ભવ કરે છે. વનસ્પતિકાય પૃથિવ્યાદિ ચાર કાયમાં ઉત્કૃષ્ટથી અસંખ્યાતા ભવ કરે છે અને પૃથિવ્યાદિ ચાર કાયવાળા વનસ્પતિકાયમાં ઉત્કૃષ્ટથી અસંખ્યાતા ભવ કરે છે અને વનસ્પતિકાય વનસ્પતિકાયમાં ઉત્કૃષ્ટથી અનંતાભવ કરે છે.

पण पुढवाइसु विगला, विगलेसु भुवाइ विगलसंखभवे ।
गुरु आउ तिभंगे पुण, भवट्ठ सव्वत्थ दुजहन्ना ॥ २१ ॥

અર્થ :–વિકલેંદ્રિયો પૃથિવ્યાદિ પાંચમા સંખ્યાતા ભવ કરે છે. પૃથિવ્યાદિ પાંચે અને વિકલેંદ્રિયો વિકલેંદ્રિયોમાં સંખ્યાતા ભવ કરે છે. તથા ગાથા નંબર તેરમા કહેલા ચાર ભાંગામાં ઉત્કૃષ્ટ–આયુષ્યવાળા પહેલા ત્રણ ભાંગામાં એટલે ત્રણ ભાંગાની અપેક્ષાએ યથાસંભવ ઉત્પન્ન થતા ઉપરની દોઢ ગાથામાં કહેલા પૃથિવ્યાદિ સર્વે જીવો ઉત્કૃષ્ટથી આઠ ભવ કરે છે અને ઉપરોક્ત સર્વે પૃથ્વીકાયાદિ જીવો ઉત્કૃષ્ટ આયુષ્યવાળા ત્રણ ભાંગે જઘન્યથી બે ભવ કરે છે.

ભાવાર્થ :–જેમકે કોઈ ઉત્કૃષ્ટ આયુષ્યવાળો પૃથ્વીકાયિક જીવ, ઉત્કૃષ્ટ આયુષ્યવાળા અપ્કાય વિગેરેમાં ઉત્પન્ન થાય, ત્યાંથી પાછો ઉત્કૃષ્ટ આયુષ્યવાળા પૃથ્વીકાયમાં ઉત્પન્ન થાય, ત્યાંથી ફરીને પાછો ઉત્કૃષ્ટ આયુષ્યવાળા અપ્કાયમાં ઉત્પન્ન થાય, એ રીતે એકાંતર ભવ કરતાં ચાર જ વાર ઉત્પન્ન થાય છે. એટલે બંને મળી આઠ ભવ કરે છે. તથા ઉત્કૃષ્ટ આયુષ્યવાળો પૃથ્વીકાયિક જઘન્ય આયુષ્યવાળા અપ્કાયમાં એ જ પ્રમાણે ચાર વાર ઉત્પન્ન થાય છે. તથા જઘન્ય આયુષ્યવાળો પૃથ્વીકાયિક ઉત્કૃષ્ટ આયુષ્યવાળા અપ્કાયમાં એ જ પ્રમાણે આઠ ભવ કરે છે. એ જ પ્રમાણે સર્વે તેઉકાયાદિને માટે પણ જાણવું.

વળી આ દ્વોઢ ગાથામાં કહેલ સર્વે પૃથ્વીકાયાદિ ઉત્કૃષ્ટ આયુષ્યવાળા જીવો ત્રણ ભાંગે જઘન્યથી બે જ ભવ કરે છે.

મિહ સન્નિયરતિરિનરા, વિગલમુવાઇસુ અ નરતિરિસુ એए ।
અટ્ઠ ભવા ચઉભંગે, દુહ પવણગ્ગિસુ નરી દુભવા ॥ ૨૨ ॥

અર્થ :–યુગલિકને વર્જીને સંજ્ઞી, અસંજ્ઞી તિર્યંચો તથા મનુષ્યો ચારે ભાંગે અંદર–અંદર ઉત્પન્ન થાય તો ઉત્કૃષ્ટા આઠ ભવ કરે છે. તથા તે જ જીવો વિકલેંદ્રિય અને પૃથ્વીકાયાદિમાં એકાંતર ઉત્પન્ન થાય તો ચારે ભાંગે ઉત્કૃષ્ટા આઠ ભવ કરે છે તથા વિકલેંદ્રિય અને પૃથિવ્યાદિ સંજ્ઞી અસંજ્ઞી મનુષ્ય અને તિર્યંચમાં ઉત્પન્ન થાય તો ચારે ભાંગે ઉત્કૃષ્ટા આઠ ભવ કરે છે. તથા મનુષ્યો વાયુકાય અને તેઉકાયમાં જઘન્યથી અને ઉત્કૃષ્ટથી બે ભવ જ કરે છે; કેમકે વાયુકાય અને તેઉકાયમાંથી આવેલો જીવ મનુષ્ય થતો જ નથી.

પરતબ્ભવાઉ માણા, ઇહ પહુ! સંવેહઓ ઽણુબંધઠિઈ ।
કિત્તિઉ વિન્નવિઉમલં, ચઉભંગિ જહન્નુક્કોસ કમા ॥ ૨૩ ॥

અર્થ :–હે પ્રભુ! પરભવ અને તે ભવના આયુષ્યકાળમાનને આશ્રયીને આ સંસારમાં આ પ્રમાણે સંવેધથી થતા અનુબંધની સ્થિતિ છે. તે સર્વને જઘન્ય અને ઉત્કૃષ્ટના ક્રમથી ચારે ભાંગે જણાવવા માટે હું કેવી રીતે શક્તિમાન બનું? અર્થાત્ ન બનું.

ભાવાર્થ :–સંવેધ :–વિવક્ષિત ભવથી બીજા વિવક્ષિત ભવમાં વારંવાર પરાવર્તે કરીને સંભવ પ્રમાણે ઉત્પન્ન થવું તે સંવેધથી જે અનુબંધ અને તે અનુબંધની સ્થિતિ આ પ્રમાણે :–

જેમ કોઇ પૂર્વના આયુષ્યવાળો કોઈ મનુષ્ય રત્નપ્રભા પૃથ્વીમાં ઉત્કૃષ્ટ સ્થિતિવાળો નારકી થાય તો તેના આયુષ્યકાળની અનુબંધસ્થિતિ ઉત્કૃષ્ટથી ચાર સાગરોપમ અને ચાર કોઇ પૂર્વની હોય છે. જઘન્યથી એક કોઇ પૂર્વ અને દશ હજાર વર્ષની હોય છે.

ઇય કાયઠિઈ ભમિઓ, સામિ, તુહ દંસણં વિણા બહુસો ।
દિટ્ઠોસિ સંપયં તા, અકાયપયસંપયં દેસુ ॥ ૨૪ ॥

અર્થ :–હે સ્વામી! આ પ્રમાણે હું તમારા દર્શન વિના ઘણી વાર કાયસ્થિતિમાં ભમ્યો છું. હમણાં મને તમારું દર્શન થયું છે. તેથી કાય રહિત એટલે સિદ્ધના પદની સંપદા મને આપો.

ભાવાર્થ :–આ રીતે ભવભ્રમણથી ઉદ્વિગ્ન જીવને પ્રભુનું દર્શન પ્રાપ્ત થાય. અહીં દર્શન એટલે ભગવદ્બિંબ વિગેરેનું દર્શન અને સમ્યગ્દર્શન બંને અર્થ કરી શકાય તેના દ્વારા જીવ ભવભ્રમણથી અટકી મુક્તિ સુખને પામે છે.

વિચારપંચાશિકા

જીવ અનાદિકાળથી ભવભ્રમણ કરે છે તે ભવભ્રમણ કેવી રીતે થાય છે અને કેવા થાય છે તે બતાવવાપૂર્વક મહાપુરુષો આપણને હવે આવા ભવ-ભ્રમણોથી બચવા મુકઉપદેશ આપે છે. આ વિચાર પંચાશિકાનાં ૫૦ શ્લોકોમાં નવ પદાર્થોને ઔદારિક આદિ પાંચ શરીરમાં સમજાવ્યા છે. ત્યારપછી ગર્ભજ મનુષ્યની ગતિ-આગતિ, પુદ્ગલી અને અપુદ્ગલી સંમૂર્ચ્છિમ મનુષ્યની ગતિ-આગતિ, પર્યાપ્તિ, અલ્પબહુત્વ, અપ્રદેશી અને સપ્રદેશી પુદ્ગલના સ્વરૂપનો કડજુમ્મા વિગેરેનું સ્વરૂપ સાથે સાથે પૃથ્વી આદિના પરિણામનો વિચાર જણાવવાપૂર્વક દ્રવ્યાનુયોગના વિષયમાં આગમોનો સાર જણાવીને મહાન ઉપકાર કરેલ છે.

वीरपयकयं नमिउं, देवासुरनरबिरेफसेविअयं ।
जिणसमयसमुद्दाओ, विचारपंचासियं वुच्छं ॥ १ ॥

અર્થ—સુર, અસુર અને મનુષ્યોરૂપી ભ્રમરોએ સેવન કરેલા શ્રી મહાવીરસ્વામીના ચરણકમળને નમસ્કાર કરીને જિનેશ્વરે કહેલા સિદ્ધાન્તરૂપી સમુદ્રમાંથી ઉદ્ધરીને વિચાર-પંચાશિકાને હું કહું છું.

ભાવાર્થ—આ વિચારપંચાશિકા નામના પ્રકરણમાં નવ પદાર્થોનો વિચાર કહેવામાં આવશે.

(૧) શરીર સંબંધી વિચાર.
(૨) ગર્ભજ મનુષ્યની ગતિ–આગતિ વિચાર.
(૩) અપુદ્ગલી તથા પુદ્ગલીનો વિચાર.
(૪) સંમૂર્ચ્છિમ મનુષ્યની ગતિ તથા આગતિનો વિચાર.
(૫) પર્યાપ્તિનો વિચાર.
(૬) જીવાદિનું અલ્પબહુત્વ.
(૭) પ્રદેશપુદ્ગલ તથા અપ્રદેશપુદ્ગલનો વિચાર.
(૮) કડજુમ્મા વિગેરેનો વિચાર.
(૯) પૃથ્વી આદિનું પરિમાણ.

શરીરનું સ્વરૂપ :–

ओरालिय वेउव्विय, आहारग तेअ कम्मुणं भणियं ।
एयाण सरीराणं, नवहा भेयं भणिस्सामि ॥ २ ॥

અર્થ :–ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ એ પાંચ શરીરો કહ્યાં છે. એ પાંચ શરીરના નવ ભેદો હું કહીશ.

ભાવાર્થ :-નવ ભેદો આ પ્રમાણે-

(૧) કારણ	(૨) પ્રદેશસંખ્યા	(૩) સ્વામી
(૪) વિષય	(૫) પ્રયોજન	(૬) પ્રમાણ
(૭) અવગાહના	(૮) સ્થિતિ	(૯) અલ્પબહુત્વ

(૧) શરીરનું કારણ :

बायरपुग्गलबद्धं, ओरालिय उथारमागमे भणियं ।
सुहुमसुहुमेण तत्तो, पुग्गलबंधेण भणियाणि ॥ ३ ॥

અર્થ—ઔદારિક શરીર બાદર સ્થૂલ પુદ્ગલોથી બનેલું છે તે ઉદાર એટલે પ્રધાન છે. આગમમાં ઔદારિક શબ્દનો અર્થ ઉદાર કહેલ છે. તે ઔદારિકથી ઉત્તરોત્તર સૂક્ષ્મ સૂક્ષ્મ પુદ્ગલના સ્કંધ દ્વારા બનેલા બીજા શરીરો કહેલા છે.

ભાવાર્થ—બાદર પુદ્ગલો એટલે સ્થૂલ પુદ્ગલોની ઉપચય પામેલ ઔદારિક શરીર છે. તે ઉદાર-પ્રધાન છે. તેની પ્રધાનતા સંબંધી આવશ્યકસૂત્રમાં કહ્યું છે કે :

જિનેશ્વરના રૂપથી ગણધરનું રૂપ અનંતગુણહીન હોય છે, ગણધરના રૂપથી આહારક શરીર અનંતગુણહીન, તેનાથી અનંતગુણહીન અનુત્તરવિમાનવાસી દેવતાનું રૂપ છે, તેનાથી ગ્રૈવેયકવાસી, અચ્યુત, આનત, સહસ્રાર, શુક્ર, લાંતક, બ્રહ્મ, માહેંદ્ર, સનત્કુમાર, ઇશાન, સૌધર્મ, ભવનપતિ, જ્યોતિષી અને વ્યંતરદેવનું રૂપ અનુક્રમે અનંતગુણહીન છે. તેનાથી ચક્રવર્તી, વાસુદેવ, બલરામ, મંડલિકરાજાનું રૂપ અનંતગુણહીન છે, ત્યારપછીના બીજા રાજાઓ અને સર્વે મનુષ્યોનું રૂપ છ સ્થાનગત હોય છે.

તે છ સ્થાન આ પ્રમાણે :–

(૧) અનંતભાગહીન, (૨) અસંખ્યાતભાગહીન, (૩) સંખ્યાતભાગહીન, (૪) સંખ્યાતગુણહીન, (૫) અસંખ્યાતગુણહીન, (૬) અનંતગુણહીન. ઔદારિક શરીરથી વૈક્રિય શરીર સૂક્ષ્મ પુદ્ગલોનું બનેલું છે. તેનાથી આહારક શરીર સૂક્ષ્મ પુદ્ગલોનું બનેલું છે, તેનાથી તૈજસ અને તૈજસથી સૂક્ષ્મ પુદ્ગલોનું કાર્મણશરીર બનેલું છે.

(૨) પાંચે શરીરના પ્રદેશની સંખ્યા :–

ओरालिए अनंता, तत्तो दोसुं असंखगुणियाओ ।
तत्तो दोसु अणंता, पएससंखा सुए भणिया ॥ ४ ॥

અર્થ :–ઔદારિક શરીરમાં અનંતા પ્રદેશો છેઃ તેનાથી બીજા બે શરીરમાં અસંખ્યાતગુણા છે; તેનાથી છેલ્લા બે શરીરમાં અનંતગુણા પ્રદેશો છે. એ પ્રમાણે પાંચ શરીરના પ્રદેશની સંખ્યા સિદ્ધાંતમાં કહી છે.

ભાવાર્થ :–પાંચે શરીરની અપેક્ષાએ ઔદારિકશરીરમાં સર્વથી થોડા પ્રદેશો છે. તેનાથી વૈક્રિય શરીરમાં અસંખ્યાતગુણ અધિક છે. તેનાથી આહારક શરીરમાં અસંખ્યાતગુણ અધિક છે. તેનાથી તૈજસ શરીરમાં અનંતગુણ અધિક છે અને તેનાથી કાર્મણ શરીરમાં અનંતગુણ અધિક પ્રદેશો રહેલા છે.

(૩) શરીરનાં સ્વામી :–

तिरिअनराणमुरालं, वेउव्वं देवनारगाणं च ।
तिरियनराणं पि तहा, तल्लद्धिजुयाए तं भणियं ॥ ५ ॥

અર્થ :–તિર્યંચ અને મનુષ્યને ઔદારિક શરીર હોય છે, દેવતાઓ અને નારકીઓને વૈક્રિયશરીર, તેમજ વૈક્રિયલબ્ધિવાળા કેટલાક તિર્યંચ તથા મનુષ્યોને પણ વૈક્રિય શરીર હોય છે.

चउदसपुव्विजईणं, होइ आहारगं न अन्नेसिं ।
तेअं कम्मण भणियं, संसारत्थाण जीवाणं ॥ ६ ॥

અર્થ :–ચૌદપૂર્વી મુનિઓને આહારકશરીર હોઈ શકે છે, તે સિવાય બીજાને આહારકશરીર હોતું નથી તથા તૈજસ અને કાર્મણ એ બે શરીર સર્વે ચાર ગતિવાળા સંસારી જીવોને હોય છે એમ કહ્યું છે.

(૪) પાંચે શરીરનો વિષય :–

ओरालियस्स विसओ, तिरियं विज्जाहराणमासज्ज ।
आनंदीसर गुरुओ, जंघाचरणाण आरुयगो ॥ ७ ॥

અર્થ :–ઔદારિકશરીરનો વિષય વિદ્યાધરોને આશ્રયીને તીર્છો ઉત્કૃષ્ટથી નંદીશ્વરદ્વીપ સુધી છે, તથા જંઘાચારણ મુનિને આશ્રયીને ઉત્કૃષ્ટથી રૂચકપર્વત સુધી છે.

उड्ढं उभयाणं पिय, आपंडगवणं सुए सया भणिओ ।
वेउव्वियस्स विसओ, असंखदीवा जलहिणो य ॥ ८ ॥

અર્થ :–ઉંચે ગતિ કરવામાં તે વિદ્યાધર અને જંઘાચારણ મુનિનો વિષય મેરૂપર્વત ઉપરના પંડકવન સુધી કહેલ છે, વૈક્રિયશરીરનો વિષય અસંખ્યદ્વીપ અને સમુદ્રો સુધી છે.

आहारगस्स विदेहा, तेयाकम्माण सव्वलोगो य ।
ओरालियस्स कज्जं, केवलधम्माइयं भणियं ॥ ९ ॥

અર્થ :–આહારકશરીરનો વિષય મહાવિદેહક્ષેત્ર સુધી છે. તથા તૈજસ અને કાર્મણ શરીરનો વિષય સમગ્ર લોક છે.

ભાવાર્થ :–જીવ કેવલીસમુદ્‌ઘાત કરે છે ત્યારે તે સર્વલોકમાં વ્યાપી જતો હોવાથી તૈજસ કાર્મણ શરીરનો વિષય સમગ્ર લોક બને છે.

(૫) પાંચે શરીરનું પ્રયોજન :–

ઔદારિકશરીરનું પ્રયોજન કેવળજ્ઞાન, ધર્મ તથા સુખદુઃખાદિની પ્રાપ્તિ એટલે અનુભવ કરવો તે કહેલ છે.

थुलसुहुमं च रूवं एगअणेगाइ कज्जयं कहियं ।
वेउव्वियस्स आहारगस्स संदेहविच्छेयं ॥ १० ॥

અર્થ :–વૈક્રિયશરીરનું પ્રયોજન સ્થૂલ અને સૂક્ષ્મ, એક અથવા અનેકરૂપ કરવાં એ છે, તથા સૂક્ષ્મ પદાર્થના સંબંધમાં થયેલા સંશયના નિરાકરણ માટે આહારકશરીરથી કેવળી ભગવંત પાસે જઈ, પૂછી સંશયછેદ કરવા વિગેરે આહારકશરીરનું પ્રયોજન છે.

तेजसशरीकज्जं, आहारपायं सुरु समख्खवायं ।
सावाणुग्गहणं पुण कम्मणस्स भवंतरे गइयं ॥ ११ ॥

અર્થ :–ખાધેલા આહારનો પરિપાક કરવો તથા શાપ દેવો અથવા અનુગ્રહ કરવો એ તૈજસશરીરનું પ્રયોજન છે, તથા એકભવમાંથી બીજા ભવમાં ગતિ કરવી તે કાર્મણશરીરનું પ્રયોજન છે.

(૬) પાંચે શરીરનું પ્રમાણ :–

ओरालियं शरीरं जोयणदससयपमाणओ अहियं ।
वेउव्वियं च गुरुअं जोअणलख्खं समहियं वा ॥ १२ ॥

અર્થ :–ઔદારિકશરીરનું ઉત્કૃષ્ટ પ્રમાણ એક હજાર યોજનથી કાંઈક અધિક છે, વૈક્રિય શરીરનું ઉત્કૃષ્ટ માન લાખ યોજન અથવા તેથી કાંઈક અધિક છે.

ભાવાર્થ :–આ વિષય પર પ્રજ્ઞાપનાસૂત્રના એકવીશમા પદમાં કહ્યું છે કે–

તિર્યંચ જાતિમાં બાદર પર્યાપ્ત વાયુકાળ, જળચર, ચતુષ્પદ, ઉરપરિસર્પ, ભુજપરિસર્પ અને ખેચરોને તથા સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા ગર્ભજ મનુષ્યોને વૈક્રિય શરીર હોય છે, તે સિવાય બીજાને વૈક્રિયશરીરનો નિષેધ છે; કેમકે તેઓને ભવસ્વભાવથી જ વૈક્રિયલબ્ધિનો અસંભવ છે.

ઔદારિકશરીરનું ઉત્કૃષ્ટ પ્રમાણ બાદરવનસ્પતિકાય (કમળાદિ) ને આશ્રયીને કહેલ છે અને વૈક્રિય શરીરનું ઉત્કૃષ્ટ પ્રમાણ ઉત્તરવૈક્રિય દેવના શરીરને આશ્રયીને કહેલ છે.

आहारगं सरीरं, हत्थपमाणं सुए समक्खायं ।
तेयसकम्मणमाणं, लोयपमाणं सया भणियं ॥ १३ ॥

અર્થ :–આહારક શરીરનું પ્રમાણ એક હાથનું તૈજસ અને કાર્મણ શરીરનું પ્રમાણ ઉત્કૃષ્ટથી લોકપ્રમાણ કહ્યું છે. (લોકપ્રમાણ કેવળીસમુદ્ઘાત આશ્રયીને જાણવું.)

(૭) પાંચે શરીરની અવગાહના :–

अस्संखपएसठियं, ओरालियं जिणेण वज्जरियं ।
इत्तो य बहुयरेसुं, चवियं वेउव्वियसरीरं ॥ १४ ॥

અર્થ :–ઔદારિક શરીર અસંખ્યાતા આકાશપ્રદેશમાં સ્થિતિ છે, વૈક્રિય શરીર તે કરતાં વધારે આકાશપ્રદેશમાં રહેલું છે એમ જિનેશ્વર કહ્યું છે.

एहिंतो अप्पंमी, पएसवग्गे तईय वज्जरियं ।
सव्वे लोगागासे, तेयसकम्माण गाहणयं ॥ १५ ॥

અર્થ :–ઉપર કહેલા બે શરીર કરતાં અલ્પ પ્રદેશવર્ગમાં ત્રીજા આહારકશરીરની અવગાહના કહેલી છે. તથા તૈજસ અને કાર્મણ શરીરની ઉત્કૃષ્ટ અવગાહના સર્વ લોકાકાશપ્રદેશમાં કહેલી છે.

(૮) પાંચ શરીરની સ્થિતિ ભેદ :–

अंतोमुहुत्त लहुयं, ओरालियआउमाण संगहियं ।
गुरुयं तिपल्लमुत्तं, वेउव्वे अह भणिस्सामि ॥ १६ ॥

અર્થ :–ઔદારિક શરીરનું આયુષ્ય જઘન્ય અંતર્મુહૂર્ત્તનું કહેલું છે અને ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ કહ્યું છે.

दसवरिससहस्साइं, उक्कोसं सागराणि तित्तीसं ।
उत्तरवेउव्वियंमि, लहुय मुहुत्तं गुरुयमेवं ॥ १७ ॥

અર્થ :–વૈક્રિયશરીરનું આયુષ્ય જઘન્ય દશહજાર વર્ષનું અને ઉત્કૃષ્ટ તેત્રીશ સાગરોપમનું. ઉત્તરવૈક્રિયનું આયુષ્ય જઘન્ય અંતમુહૂર્ત્તનું છે.

अंतोमुहूत्त निरएसु, होइ (मुहुत्त) चतारि तिरियमणुएसु ।
देवेसु अद्धमासो, उक्कोस विउव्वणे कालो ॥ १८ ॥

અર્થ :–નરકમાં ઉત્તરવૈક્રિયનું ઉત્કૃષ્ટ કાળપ્રમાણ અંતમુહૂર્ત્તનું છે, તિર્યંચ અને મનુષ્યનું ચાર મુહૂર્ત્તનું છે, દેવતામાં અર્ધમાસનું છે આ પ્રમાણે ઉત્કૃષ્ટથી વૈક્રિય શરીરનું સ્થિતિપ્રમાણ જાણવું.

ભાવાર્થ :-શ્રી ભગવતીસૂત્રમાં વાયુકાયને તથા પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યોને ઉત્કૃષ્ટથી પણ ઉત્તરવૈક્રિય શરીરનું સ્થિતિમાન અંતર્મુહૂર્ત્તનું કહ્યું છે. તેનું રહસ્ય જ્ઞાનીગમ્ય છે.

आहारगस्स कालो, अंतमुहुत्तं जहन्नमुक्किट्ठो ।
तेयसकम्मणरूवे, सव्वेसिमणाइए भणिए ॥ १९ ॥

અર્થ :-આહારકશરીરનું કાળમાન જઘન્ય તથા ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત્તનું છે, તથા તૈજસ અને કાર્મણશરીર સર્વ (ભવ્ય અને અભવ્ય) જીવોને અનાદિ કહેલું છે.

ભાવાર્થ :-તૈજસ અને કાર્મણ શરીર અનાદિ કાળથી જીવને વળગેલ છે.

भव्वे सपज्जवसिए, अपज्जवसिए अभव्वजीवेसु ।
अप्पबहुत्तं भणिमो, एगं दो वा जहन्नेणं ॥ २० ॥
उक्कोसं नवसहस्सा, आहारसरीरगा हवंति सुए ।
अंतरमस्स जहन्नं, समयं छम्मास गुरु भणियं ॥ २१ ॥

અર્થ :-તૈજસ-કાર્મણશરીર ભવ્ય પ્રાણીને આશ્રયીને સપર્યવસિત એટલે સાંત અને અભવ્યજીવોને આશ્રયીને અપર્યવસિત એટલે અનંત કહેલ છે.

(૯) પાંચે શરીરનું અલ્પબહુત્વ :-

સર્વ કરતાં આહારક શરીર થોડા છે કેમ કે તે કદાચિત્ સંભવે છે. જ્યારે તેનો સંભવ હોય છે ત્યારે પણ જઘન્યથી એક કે બે હોય છે અને ઉત્કૃષ્ટથી નવહજાર આહારક શરીરી હોય છે. સિદ્ધાંતમાં આહારકશરીરનું જઘન્યથી એક સમયનું અને ઉત્કૃષ્ટથી છ માસનું અંતર કહેલું છે.

इत्तो असंख वेउव्विआणि हुंति (य) सरीरगाणिजए ।
तत्तो असंखगुणिआ, ओरालिअदेहसंघाया ॥ २२ ॥

અર્થ—એ આહારક શરીરથી જગતમાં વૈક્રિય શરીરો અસંખ્યગુણા છે. તે વૈક્રિય શરીરોથી ઔદારિક શરીરના સમૂહો અસંખ્યગુણા છે.

ભાવાર્થ :-અનંતા નિગોદ જીવોનું શરીર ઔદારિક એક જ હોવાથી ઔદારિક શરીર અસંખ્યાતા જ છે.

(નિગોદના જીવો અનંતા છે છતાં ઔદારિકશરીર અસંખ્યાતા જ છે.)

तत्तो तेअसकम्मण, हुंति सरीराणिणंतगुणिआणि ।
वित्थर भेयविआरो, णेअव्वो सुअसमुद्दाओ ॥ २३ ॥

અર્થ—તે ઔદારિક શરીરોથી તૈજસ અને કાર્મણ શરીરો પ્રત્યેક જીવને એકેક જુદા જુદા હોવાથી અનંતગુણા છે. આ નવે ભેદોનો વિસ્તારથી વિચાર શ્રુતરૂપી સમુદ્રથી જાણી લેવો.

(૨) ગર્ભ જ મનુષ્યની ગતિ–આગતિ વિચાર :–

नरसंखाउयगमणं, रयणाए भवण जाव ईसाणे ।
ताण तणु जहन्नेणं, परिमाणं अंगुलपहुत्तं ॥ २४ ॥

ताणठिइ जहन्नेणं, मासपहुत्तंति होइ नायव्वा ।
उक्कोस पुव्वकोडी, जेट्ठतणु पंचधणुहसयं ॥ २५ ॥

પાંચ શરીર આશ્રયી નવભેદોનું યંત્ર

શરીર	૧ કારણ	૨ પ્રદેશસંખ્યા	૩ સ્વામી	૪ વિષય	૫ પ્રયોજન
૧ ઔદારિક	સ્થૂલપુદ્ગલો ઉદાર	અનંતા (સર્વથી થોડા)	તિર્યંચ મનુષ્ય	તિર્યક્ નંદીશ્વર દ્વીપ વિદ્યાધરઆશ્રયી ઇચકપર્વત-જંઘા ઉર્ધ્વ-પંડકવન વિદ્યા-જંઘ	કેવલજ્ઞાન, ધર્મ, સુખ-દુઃખનો અનુભવ
૨ વૈક્રિય	સૂક્ષ્મ પુદ્ગલસ્કંધ	અસંખ્યાતગુણ	દેવતા-નારકી વૈક્રિયલબ્ધિયુક્ત તિર્યંચ-મનુષ્ય	અસંખ્ય દ્વીપ-સમુદ્ર	સ્થૂલ-સૂક્ષ્મરૂપ એક–અનેક
૩ આહારક	,,	,,	ચૌદપૂર્વી	મહાવિદેહ ક્ષેત્ર પર્યંત	સૂક્ષ્મ પદાર્થ સંબંધીસંશયને કેવલી ભગવંતને પૂછવા
૪ તૈજસ	,,	અનંતગુણ	૪ ગતિના સંસારીજીવો	સમગ્રલોક	આહારનો પરિપાક શાપ અનુગ્રહ
૫ કાર્મણ	,,	,,	,,	સમગ્રલોક	એક ભવમાંથી અન્ય ભવમાં ગમન

શરીર	૬ પ્રમાણ	૭ અવગાહના	૮ સ્થિતિ	૯ અલ્પબહુત્વ
૧ ઔદારિક	ઉ. ૧૦૦૦ યો. અ.	અસંખ્યાત પ્રદેશ સ્થિત	જ. અંતર્મુહૂર્ત્ત ઉ. ૩ પલ્યોપમ	૩. વૈક્રિયથી ઔદારિકશરીર અસંખ્યાતગુણ
૨ વૈક્રિય	ઉ.૧ લાખયો. તેથી અધિક	તેથી અધિક પ્રદેશ	ભવધારણીય જ. ૧૦ હજારવર્ષ ઉ. ૩૩ સાગરોપમ ઉત્તરવૈક્રિય જ. અંત. ઉ. નરક-અંત. તિર્યં મનુ- ૪ મુહૂર્ત્ત દેવ. અર્ધમાસ	૨. આહારકથી વૈક્રિયશરીર અસંખ્યાતગુણા
૩ આહારક	૧ હાથ	ઔ. વૈક્રિયથી અલ્પ પ્રદેશ	જઘન્ય- અંત ઉત્કૃષ્ટ-અંત	૧. સર્વથી થોડા જઘન્યથી ૧-૨ ઉત્કૃષ્ટથી ૯ હજા
૪ તૈજસ	લોક પ્રમાણ	સર્વલોકાકાશ પ્રદેશ	ભવ્ય-અનાદિ સાંત અભવ્ય-અનાદિ અનંત	૪. ઔદારિકથી અનંગુણા
૫ કાર્મણ	લોકપ્રમાણ	સર્વલોકાકાશ પ્રદેશ	ભવ્ય અનાદિ સાંત અભવ્ય-અનાદિ અનંત	૫. ઔદારિકથી અનંતગુણા

અર્થ—સંખ્યાતવર્ષના આયુષ્યવાળા ગર્ભજ મનુષ્યો રત્નપ્રભા નામની પહેલી નરકમાં અને ભવનપતિ, વ્યંતર જ્યોતિષી, સૌધર્મ તથા ઇશાન દેવલોક સુધી જાય છે. તે મનુષ્યના શરીરનું પ્રમાણ જઘન્યથી અંગુલ પૃથક્ત્વ (બે થી નવ આંગળનું) અને ઉત્કૃષ્ટ પાંચસો ધનુષનું હોય છે તેનું આયુષ્ય જઘન્યથી માસ પૃથક્ત્વ (બે થી નવ માસ) ઉત્કૃષ્ટ ક્રોડ પૂર્વનું હોય છે.

सक्करसणाइएसुं, मणुयाणं तणु जहन्नओ होइ ।
रयणिपहुत्तं णेअं, उक्कोसं पुव्वभणिअं तु ।। २६ ।।

અર્થ—જે મનુષ્યોનું ગમન શર્કરાપ્રભા નરકપૃથ્વીથી આરંભીને છઠ્ઠે નરકમાં તથા સનત્કુમાર દેવલોકથી આરંભીને અનુત્તર વિમાન પર્યંત હોય છે, તે મનુષ્યોના શરીરનું પ્રમાણ પૃથક્ત્વ (બે થી નવ હાથ) નું હોય છે અને ઉત્કૃષ્ટથી પાંચસો ધનુષનું જાણવું.

ताणठिइ जहन्नेणं, वासपहुत्तं तु होइ णायव्वा ।
उक्कोसा पुव्वं पिव, आगममाणस्स एमेव ।। २७ ।।

અર્થ—બીજી નરકથી સાતમી નરક, તથા સનત્કુમાર દેવલોકથી અનુત્તર વિમાન જનાર તથા આવનાર મનુષ્યની જઘન્ય સ્થિતિ બે થી સુધી વર્ષની અને ઉત્કૃષ્ટ ક્રોડ પૂર્વની હોય છે.

ભાવાર્થ:–રત્નપ્રભા પૃથ્વીથી નીકળીને જેઓ ગર્ભજ મનુષ્યમાં ઉત્પન્ન થાય છે તેમની સ્થિતિ જઘન્યથી બે થી નવ માસની હોય છે. અર્થાત્ તેટલા કાળની અંદર તેઓ કાળધર્મ પામતા નથી અને તેઓના શરીરનું જઘન્ય પ્રમાણ બે થી નવ અંગુલનું હોય છે. તેમની ઉત્કૃષ્ટથી સ્થિતિ ક્રોડ પૂર્વ વર્ષની છે અને તેમના શરીરનું માન ઉત્કૃષ્ટ પાંચસો ધનુષનું હોય છે.

જેઓ શર્કરાપ્રભાદિ પાંચ નરકભૂમિમાંથી આવીને ગર્ભજ મનુષ્યપણે ઉત્પન્ન થાય છે તેમની

જઘન્યસ્થિતિ:–બે થી નવ વર્ષ.

ઉત્કૃષ્ટ સ્થિતિ:–૧ ક્રોડ પૂર્વ વર્ષ.

જઘન્ય શરીર પ્રમાણ:–બે થી નવ હાથ.

ઉત્કૃષ્ટ શરીર પ્રમાણ:-પાંચસો ધનુષ.

જેઓ ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક, સૌધર્મ અને ઇશાન દેવલોકથી આવીને ગર્ભજ મનુષ્યમાં ઉત્પન્ન થાય છે તેમની

જઘન્યસ્થિતિ:–બે થી નવ માસ.

ઉત્કૃષ્ટ સ્થિતિ:–૧ ક્રોડ પૂર્વ વર્ષ.

જઘન્ય શરીર પ્રમાણ:–બે થી નવ અંગુલ.

ઉત્કૃષ્ટ શરીર પ્રમાણ:–પાંચસો ધનુષ.

જેઓ સનત્કુમારથી આરંભીને અનુત્તર વિમાન સુધીના દેવલોકથી ચ્યવીને ગર્ભજ મનુષ્યમાં ઉત્પન્ન થાય છે તેમની

જઘન્યસ્થિતિ:–બે થી નવ વર્ષ.

ઉત્કૃષ્ટસ્થિતિ:–૧ ક્રોડ પૂર્વ વર્ષ.

જઘન્ય શરીર પ્રમાણ:–બે થી નવ હાથ.

ઉત્કૃષ્ટ શરીર પ્રમાણ:–પાંચસો ધનુષ.

(૩) પુદ્ગલી અને અપુદ્ગલી વિચાર:–

धम्माधम्मागासा, जीवा कालो य खायगं चेव ।
सासायण उवसमियं, अपुग्गलाइं तु एआइं ॥ २८ ॥

અર્થ—ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવ, કાળ, ક્ષાયિકભાવ, સાસ્વાદનભાવ અને ઔપશમિકભાવ એ આઠ અપૌદ્ગલિક છે.

ओरालिय वेउव्विअ, आहारग तेयसं भूणी (य) मणो ।
उस्सासं निस्सासं, कम्मण कम्माणि छाय तमो ॥ २९ ॥
वग्गणअणंत आयव. मिस्सक्खंधो अचित्तमहखंधा ।
वेअग खाओवसमं उज्जोय पुग्गल सुए भणिअं ॥ ३० ॥

ભાવાર્થ :–ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ, ધ્વનિ (ભાષા), મન, ઉચ્છ્વાસ, નિઃશ્વાસ, કાર્મણશરીર, કર્મ, છાયા, અંધકાર, અનંતીવર્ગણા, આતપ, મિશ્રસ્કંધ, અચિત્તમહાસ્કંધ, વેદકસમકિત, ક્ષયોપશમસમકિત અને ઉદ્યોત એ અઢાર પુદ્ગલિક છે.

(૪) સંમૂર્છિમ મનુષ્યની ગતિ અને આગતિનો વિચાર :

नेरइअदेवअगणी–वाउ य वज्जिय असंखजीवाओ ।
सेसा सव्वे वि जिया, समुच्छिममणुएसु गच्छंति ॥ ३१ ॥

અર્થ :–નારકી, દેવતા, તેઉકાય, વાયુકાય, અસંખ્યાતા વર્ષના આયુષ્યવાળા તિર્યંચ અને મનુષ્યો–એટલા સિવાયના બાકીના સર્વે સંસારી જીવો સંમૂર્છિમ મનુષ્યમાં જાય છે.

नेरइअ देवजुयला, वज्जिअ सेसेसु जीवठाणेसु ।
मुच्छिमनराण गमणं, सव्वे वि अ पढमगुणठाणी ॥ ३२ ॥

અર્થ:—સંમૂર્છિમ મનુષ્યોનું ગતિ નારકી, દેવ અને યુગલિકો સિવાય બાકીના જીવસ્થાનકોમાં હોય છે અને તેઓ સર્વે મિથ્યાદૃષ્ટિ, અન્તર્મુહૂર્ત્તની ભવસ્થિતિ અને બેથી નવમુહૂર્ત્તની કાયસ્થિતિવાળા હોય છે.

પર્યાપ્તિના સ્વરૂપનો વિચાર :–

आहार सरीरिंदिय, ऊसासे वय मणे छ पज्जत्ती ।
चउ पंच पंच छप्पिय, इगविगलामणसमण तिरिए ॥ ३३ ॥
गब्भय नर निरएसुं, छप्पिय पज्जत्ति पंच देवाणं ।
जं तेसि वयमणाणं, दोण्ह वि पज्जत्ति समकालं ॥ ३४ ॥

અર્થ :—આહારપર્યાપ્તિ, શરીરપર્યાપ્તિ, ઇન્દ્રિયપર્યાપ્તિ, ઉચ્છ્વાસપર્યાપ્તિ, વચનપર્યાપ્તિ અને મનપર્યાપ્તિ એ છ પર્યાપ્તિ છે.

તેમાં એકેંદ્રિયોને પહેલી ચાર પર્યાપ્તિઓ હોય છે. વિકલેંદ્રિયને તથા અસંજ્ઞી મનુષ્ય અને તિર્યંચને (સંમૂર્છિમ પંચેન્દ્રિય મનુષ્ય અને તિર્યંચ) પહેલી પાંચ પર્યાપ્તિઓ, તથા સંજ્ઞી ગર્ભજ તિર્યંચો ગર્ભજ મનુષ્ય અને નારકીઓને છ એ

પર્યાપ્તિઓ. તથા દેવતાઓને પાંચ પર્યાપ્તિઓ હોય છે. કારણ કે દેવતાઓને વચન અને મન સંબંધી બે પર્યાપ્તિઓ સમકાળે–એકી વખતે જ પૂર્ણ થાય છે.

ભાવાર્થ:-શ્રી રાજપ્રશ્નીય ઉપાંગમાં કહ્યું છે કે-'ત્યારપછી તે સૂર્યાભ દેવતા પાંચ પ્રકારના પર્યાપ્તિભાવને પામ્યો. તે આ પ્રમાણે:-આહારપર્યાપ્તિ, શરીરપર્યાપ્તિ, ઇન્દ્રિયપર્યાપ્તિ, ઉચ્છ્વાસપર્યાપ્તિ તથા વચન, મન પર્યાપ્તિ.

उरलविउव्वाहारे, छण्ह वि पज्जत्ति जुगवमारंभो ।
तिण्हं पढमिगसमए, बीआ अंतोमुहुत्तिआ हवइ ॥ ३५ ॥
पिहु पिहु असंखसमइय, अंतमुहुत्ता उरालि चउरोऽवि ।
पिहु पिहु समया चउरो, हुंति (तह) विउव्वियाहारे ॥ ३६ ॥

અર્થ:—ઔદારિક, વૈક્રિય અને આહારકશરીરની છએ પર્યાપ્તિનો આરંભ સમકાળે જ થાય છે. તે ત્રણે શરીરની પહેલી આહારપર્યાપ્તિ એક સમયમાં થાય છે અને બીજી શરીરપર્યાપ્તિ અંતર્મુહૂર્ત્તે થાય છે. ઔદારિકશરીરની છેલ્લી ચારે પર્યાપ્તિઓ જુદા જુદા અસંખ્ય અસંખ્ય સમયના અંતર્મુહૂર્ત્તે પૂર્ણ થાય છે, તથા વૈક્રિય અને આહારક શરીરની ચારે પર્યાપ્તિઓ ભિન્ન ભિન્ન સમયે થાય છે.

ભાવાર્થ:-વૈક્રિય અને આહારક શરીરની ભિન્ન ભિન્ન સમયે પૂર્ણ થાય તે આ પ્રમાણે:-

પહેલે સમયે ઇન્દ્રિયપર્યાપ્તિ, બીજે સમયે ઉચ્છ્વાસ પર્યાપ્તિ. ત્રીજે સમયે વચન-પર્યાપ્તિ અને ચોથે સમયે મનપર્યાપ્તિ એ પ્રમાણે પૂર્ણ થાય છે.

छण्हवि सममारंभो, पढमा समएण अंतमुहु बीया ।
तितुरिअ समए समए, सुरेसु पण छट्ठ इगसमए ॥ ३७ ॥

અર્થ:-દેવતાઓને છએ પર્યાપ્તિનો આરંભ સમકાળે થાય છે. પછી તેમાંની પહેલી આહારપર્યાપ્તિ એક સમયે, બીજી શરીર પર્યાપ્તિ અંતર્મુહૂર્ત્તે, ત્રીજી ઇન્દ્રિય પર્યાપ્તિ એક સમયે, ચોથી ઉચ્છ્વાસ પર્યાપ્તિ ત્યારપછીના બીજે સમયે, પાંચમી વચન પર્યાપ્તિ અને છઠ્ઠી મનપર્યાપ્તિ એક જ સમયે પૂર્ણ થાય છે.

ભાવાર્થ:-જે જીવો પોતપોતાની પર્યાપ્તિઓવડે અપર્યાપ્તા છતાં જ મરણ પામે છે તેઓ પણ પહેલી ત્રણ પર્યાપ્તિઓને પૂર્ણ કરીને પછી એક અંતર્મુહૂર્ત્તમાં આયુષ્ય બાંધીને અને ત્યારપછી અબાધાકાળરૂપ અંતર્મુહૂર્ત્ત સુધી જીવીને પછી જ મરે છે, પણ તે પહેલાં મરતા નથી; કારણ કે આવતા ભવનું આયુષ્ય આહાર, શરીર અને ઇન્દ્રિય એ ત્રણ પર્યાપ્તિવડે પર્યાપ્ત થયેલા જીવો જ બાંધે છે. (અને આગામી ભવનું આયુષ્ય બાંધ્યા વિના જીવ મરણ પામતો નથી, તેમ જ જઘન્ય અંતર્મુહૂર્ત્ત જેટલો પણ અબાધાકાળ વિના તે આયુષ્ય ઉદયમાં આવતું નથી.

सो लद्धिए पज्जत्तो, जो य मरइ पूरिउं सपज्जत्ति ।
लद्धिअपज्जत्तो पुण, जो मरई ता अपूरित्ता ॥ ३८ ॥

અર્થ :-જે જીવ પોતાની પર્યાપ્તિઓ પૂર્ણ કરીને મરે તે લબ્ધિપર્યાપ્તો કહેવાય છે. અને જે જીવ પોતાની પર્યાપ્તિઓ પૂર્ણ કર્યા પહેલાં મરી જાય છે તે લબ્ધિઅપર્યાપ્તો કહેવાય છે.

नज्जवि पूरेइ परं, पुरिस्सइ स इह करणअपज्जत्तो ।
सो पुण करणपज्जत्तो, जेणं ता पूरिया हुंति ॥ ३९ ॥

અર્થ—જેણે પોતાની પર્યાપ્તિઓ હજુ સુધી પૂર્ણ કરી નથી, પરંતુ આગળ પૂર્ણ કરવાનો છે; તે કરણઅપર્યાપ્તો કહેવાય છે અને જેણે પોતાની પર્યાપ્તિઓ પૂર્ણ કરી હોય છે તે કરણપર્યાપ્તો કહેવાય છે.

૬ અલ્પબહુત્વ વિચાર :-

नर नेइइया देवा, सिद्धा तिरिया कमेण इह होंति ।
थोव असंख .असंखा, अणंतगुणिया अणंतगुणा ॥ ४० ॥

અર્થ—અહીં મનુષ્યો સૌથી થોડા છે, તેનાથી નારકી અસંખ્યગુણા, તેનાથી દેવ અસંખ્યગુણા, તેનાથી સિદ્ધો અનંતગુણા અને તેનાથી તિર્યંચો અનંતગુણા છે, એમ અનુક્રમે જાણવું.

ભાવાર્થ—આ અલ્પબહુત્વ પાંચ ગતિની અપેક્ષાએ કહેલું છે.

नारी नर नेरइया, तिरित्थि सुर देवि सिद्ध तिरिया य ।
थोव असंखगुणा चउ, संखगुणाऽनंतगुण दुन्नि ॥ ४१ ॥

અર્થ—મનુષ્યમાં ગર્ભજ સંમુર્ચ્છિમની અપેક્ષાએ સ્ત્રીઓ સૌથી થોડી છે, મનુષ્ય સ્ત્રીઓથી મનુષ્યો અસંખ્યગુણા, (અહીં સંમૂર્ચ્છિમ મનુષ્યો પણ ગણેલ છે, કેમકે અહીં વેદની વિવક્ષા નથી, તેનાથી નારકીઓ અસંખ્યગુણા, તેનાથી તિર્યંચની સ્ત્રીઓ, દેવતાઓ અનુક્રમે અસંખ્યગુણા, દેવતાઓથી દેવીઓ સંખ્યાતગુણી, દેવીઓથી સિદ્ધ અનંતગુણા અને તેનાથી તિર્યંચો અનંતગુણા છે. (સૂક્ષ્મ બાદર નિગોદના જીવો અંદર ગણવાથી) આ અલ્પબહુત્વ આઠ ગતિને આશ્રયીને કહેલું છે.

હવે એકેંદ્રિયાદિનું અલ્પબહુત્વ :-

पण चउ ति दुय अणिंदिअ, एगेंदिय सेंदिया कमा हुंति ।
थोवा तिअति अहिया, दोऽणंतगुणा विसेसहिआ ॥ ४२ ॥

અર્થ :–પંચેંદ્રિય સૌથી થોડા છે, તેનાથી ચઉરિંદ્રિય, તેઇંદ્રિય અને બેઇંદ્રિય વિશેષાધિક તેનાથી સિદ્ધો અને એકેંદ્રિય (વનસ્પતિ નિગોદ વિગેરે) અનંતગુણા છે અને અનુક્રમે સેંદ્રિય એટલે એકેંદ્રિય-બેઇંદ્રિય વિગેરે વિશેષાધિક છે.

ભાવાર્થ :–આમાં પહેલા પછી ત્રણ સાધિક છે ને પછી બે અનંતગુણા છે.

છ કાયનું અલ્પબહુત્વ :–

तस तेउ पुढवि जल, वाउकाय अकाय वणस्सइ सकाया ।
थोव असंखगुणाहिय, तिन्निओ दोऽणंतगुण अहिआ ॥ ४३ ॥

અર્થ :–સૌથી થોડા ત્રસ જીવો છે, તેનાથી તેઉકાય અસંખ્યગુણા, તેનાથી પૃથ્વીકાય, અપ્કાય અને વાયુકાય અનુક્રમે વિશેષાધિક તેનાથી વનસ્પતિકાય અનંતગુણા અને તેનાથી સકાય અધિક છે.

ભાવાર્થ :–અહીં અકાય શબ્દે સિદ્ધો જાણવા અને સકાય શબ્દે સર્વ સંસારી જીવો જાણવા.

જીવાજીવાદિનું અલ્પબહુત્વ :–

जीवा पुग्गल समया, दव्व पएसा य पज्जवा चेव ।
थोवाणंताणंता, विसेसमहिआ दुवेऽणंता ॥ ४४ ॥

અર્થ :–જીવ, પુદ્ગલ, સમય, દ્રવ્ય, પ્રદેશ અને પર્યાયો એ અનુક્રમે થોડા, અનંતગુણા, અનંતગુણા, વિશેષાધિક અને છેલ્લા બે અનંતગુણા છે.

ભાવાર્થ :–પ્રત્યેક જીવો અનંતાનંત પુદ્ગલોથી બંધાયેલા હોય છે અને પુદ્ગલો જીવ સાથે સંબદ્ધ અને અસંબદ્ધ એમ બન્ને પ્રકારના હોય છે તેથી જીવ પુદ્ગલો કરતાં અલ્પ છે જીવથી પુદ્ગલો અનંતગુણા છે.

તૈજસાદિ શરીર જીવે ગ્રહણ કરેલા છે, તેના પુદ્ગલો પરિણામને આશ્રયીને જીવ કરતાં અનંતગુણા છે.

તથા ઔદારિકાદિ પંદર પ્રકારના પ્રયોગથી પરિણત એવા પ્રયોગસા પુદ્ગલો થોડા છે.

તેનાથી મિશ્રપરિણત મિશ્રસા પુદ્ગલો અનંતગુણા છે.

તેનાથી પ્રયોગકૃત આકારને જેણે સર્વથા તજ્યો નથી અને જે સ્વભાવે (વિશ્રસા પરિણામે) પરિણામાંતરને પામેલા છે, એવા મૃત કલેવરાદિક વિશ્રસા પરિણત પુદ્ગલો અનંતગુણા છે.

આ પ્રમાણે ત્રણે પ્રકારના સર્વ પુદ્ગલો જીવ કરતાં અનંતગુણા છે.

પુદ્ગલો કરતાં સમયો અનંતગુણા છે.

શી રીતે ? અઢીદ્વીપમાં જે દ્રવ્યોના પર્યાયો છે, તે એક એક પર્યાયોમાં વર્તમાન સમય વર્તે છે. એ રીતે વર્તમાન સમય સમયક્ષેત્રમાં રહેલા દ્રવ્યપર્યાય જેટલો છે, પરંતુ સર્વલોકમાં રહેલા દ્રવ્યોના પર્યાયોમાં પણ તે સમય વર્તતો હોવાથી તેના કરતાં પણ તે સમય અનંતગુણા છે.

સમય કરતાં દ્રવ્યો વિશેષાધિક છે.

કેવી રીતે ?

સર્વ સમયો ઉપરાંત બાકીના પ્રત્યેક દ્રવ્યો, જીવ, પુદ્ગલ, ધર્માસ્તિકાય વિગેરેને તે સમયમાં ભેળવીએ, તો તે કેવળ સમય કરતાં સમસ્ત દ્રવ્યો વિશેષાધિકજ થાય છે.

દ્રવ્ય કરતાં પ્રદેશો અનંતગુણ છે.

શી રીતે ?

અદ્ધા–સમય, દ્રવ્ય કરતાં આકાશપ્રદેશો લોકાલોકના મળીને અનંતગુણા છે. તેથી પ્રદેશો અનંતગુણા છે.

પ્રદેશો કરતાં પર્યાયો અનંતગુણા છે.

કારણ કે એક એક આકાશપ્રદેશમાં અનંતા અગુરુલઘુ પર્યાયો રહેલા છે.

(આ છઠ્ઠો વિચાર બહુ વિસ્તારથી સમજવા જેવો છે.)

અપ્રદેશી અને સપ્રદેશી પુદ્ગલના સ્વરૂપનો વિચાર :–

दव्वे खित्ते काले, भावे अपएसपुग्गला चउहा ।
सपएसा वि य चउहा, अप्पबहुत्तं च एएसिं ॥ ४५ ॥

અર્થ :–અપ્રદેશી પુદ્ગલો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી એમ ચાર પ્રકારે છે. સપ્રદેશી પુદ્ગલો પણ એ જ પ્રમાણે ચાર પ્રકારના છે. તેઓનું અલ્પબહુત્વ હવે કહે છે.

(૧) અપ્રદેશીનું સ્વરૂપ :–

दव्वेणं परमाणू, खित्तेणेगप्पएससमोगाढा ।
कालेणेगसमइया, भावेणेगगुणवण्णाई ॥ ४६ ॥

અર્થ :–દ્રવ્યથી પરમાણુ, ક્ષેત્રથી એક આકાશપ્રદેશને અવગાહીને રહેલા, કાળથી એક સમય સ્થિર રહેનાર અને ભાવથી એક ગુણવર્ણાદિવાળા અપ્રદેશી પુદ્ગલો જાણવા.

ભાવાર્થ :–(૧) જે પરમાણુઓ પરસ્પર મળેલા ન હોય, તે દ્રવ્યથી અપ્રદેશી પુદ્ગલો જાણવા.

(૨) જે પરમાણુઓ એક એક આકાશપ્રદેશને અવગાહીને રહેલા પોતપોતાના ક્ષેત્રને છોડે નહીં, તે ક્ષેત્રથી અપ્રદેશી પુદ્ગલો જાણવા.

(૩) જ્યારે જ્યારે પોતપોતાના ક્ષેત્રને છોડીને પરમાણુઓ બીજા બીજા ક્ષેત્રમાં ગતિ કરે છે તેમાંના જે જે સ્થાને એક એક સમય સુધી સ્થિર રહે ત્યારે કાળથી અપ્રદેશી પુદ્ગલો જાણવા.

(૪) જે પરમાણુઓ વર્ણથી એકગુણ કાળા અથવા એકગુણ પીતાદિ વર્ણવાળા હોય. ગંધથી એકગુણ સુરભિ આદિ ગંધવાળા હોય,

સ્પર્શથી એક ગુણ રૂક્ષ ને એક ગુણશીત સ્પર્શવાળા, અથવા, એક ગુણ રૂક્ષ ને એક ગુણ ઉષ્ણસ્પર્શવાળા, અથવા એક ગુણ સ્નિગ્ધ ને એક ગુણ શીત સ્પર્શવાળા, અથવા એક ગુણ સ્નિગ્ધ ને એક ગુણ ઉષ્ણ સ્પર્શવાળા હોય તે પરમાણુઓ ભાવથી અપ્રદેશી પુદ્ગલો જાણવા.

अपएसगाओ एए, विवरिय सपएसगा सया भणिया ।
भा–का–द–खि अपएसा, थोवा तिन्नि य असंखगुणा ॥ ४७ ॥

અર્થ:–એ પૂર્વ ગાથામાં કહેલ અપ્રદેશી પુદ્ગલોથી જે વિપરીત હોય તેને સપ્રદેશી પુદ્ગલો કહ્યા છે. હવે તેઓનું અલ્પબહુત્વ કહે છે:–

ભાવથી અપ્રદેશી પુદ્ગલો સૌથી થોડા છે તેનાથી બાકીના ત્રણ અસંખ્યગુણા છે.

ભાવાર્થ:–(૧) જે પરમાણુઓ બે કે તેથી અધિક પરસ્પર મળેલા હોય, તે દ્રવ્યથી સપ્રદેશીપુદ્ગલો જાણવા.

(૨) જે બે આદિ પરમાણુઓના સ્કંધ બે આદિ આકાશપ્રદેશને અવગાહન કરીને રહેલ હોય તે ક્ષેત્રથી સપ્રદેશી પુદ્ગલો જાણવા.

(૩) જે પરમાણુસ્કંધો બે સમયથી આરંભીને અસંખ્યાતા સમય સુધીની ભિન્ન ભિન્ન આકાશ પ્રદેશમાં સ્થિતિવાળા હોય તે સર્વે કાળથી સપ્રદેશીપુદ્ગલો જાણવા.

(૪) તથા જે પરમાણુસ્કંધ બે ગુણ વર્ણાદિથી આરંભીને અનંતગુણ વર્ણાદિ વાળા હોય, તે સર્વે ભાવથી સપ્રદેશીપુદ્ગલો જાણવા.

અલ્પબહુત્વ આ પ્રમાણે:–

ભાવથી અપ્રદેશીપુદ્ગલો સૌથી થોડા છે,
ભાવથી કાળઅપ્રદેશીપુદ્ગલો અસંખ્યગુણા છે,
તેથી દ્રવ્યઅપ્રદેશીપુદ્ગલો અસંખ્યગુણા છે,
તેથી ક્ષેત્રઅપ્રદેશીપુદ્ગલો અસંખ્યગુણા છે.

खित्त अपएसगाओ, खित्ते सपएसऽसंखगुणियाओ ।
दव्व का–भा सपएसा, विसेससहिआ सुए भणिआ ॥ ४८ ॥

અર્થ:–ક્ષેત્રઅપ્રદેશીપુદ્ગલોથી ક્ષેત્રસપ્રદેશીપુદ્ગલો અસંખ્યગુણા છે, તેથી દ્રવ્ય-સપ્રદેશી પુદ્ગલો વિશેષાધિક છે, તેથી કાળસપ્રદેશી પુદ્ગલો વિશેષાધિક છે અને તેથી ભાવસપ્રદેશી પુદ્ગલો વિશેષાધિક છે.

કડજુમ્માદિના સ્વરૂપનો વિચાર:–

कड तेउए य दावर, कलिउ य तह संहवंति जुम्माओ ।
अवहीरमाणा चउ चउ, चउ ति दुगेगाओ चिट्ठंति ॥ ४९ ॥

અર્થ :–કડજુમ્મા, ત્રેતાજુમ્મા, દ્વાવરજુમ્મા, કલિયુગજુમ્મા એ ચાર જુમ્મા છે. તે આ રીતે : જે સંખ્યામાંથી ચાર ચાર કાઢતાં બાકી ચાર રહે, તે કડજુમ્મા, ત્રણ રહે તે ત્રેતાજુમ્મા, બે રહે તે દ્વાવરજુમ્મા અને એક રહે તે કલિયુગજુમ્મા જાણવા.

ભાવાર્થ :–જુમ્મા એટલે રાશિ (સમુદાય) કહેવાય છે. કડ વિગેરે શબ્દો સાથે જુમ્મા શબ્દ જોડવાથી કડજુમ્મા વિગેરે ચારે જુમ્મા થાય છે.

કોઈપણ રાશિમાંથી ચાર ચાર કાઢી લેતાં (ચારે ભાંગતાં) ચાર, ત્રણ, બે અથવા એક બાકી રહે, તે ચારેનું સ્વરૂપ આ પ્રમાણે–

૧. એક જીવ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય તથા લોકાકાશ તે દરેકના પ્રદેશો અસંખ્યાતા છે અને પરસ્પર તુલ્ય છે. તેની અસત્ કલ્પનાએ વીશની સંખ્યા સ્થાપીએ, તેમાંથી ચાર ચાર કાઢતા બાકી જે ચાર રહે છે તેને આગમભાષાથી કડજુમ્મા કહેવાય છે.

૨. તથા અસંખ્યાતી ઉત્સર્પિણી અને અવસર્પિણીના જેટલા સમયો છે, તેટલાં સૌધર્મ તથા ઇશાનકલ્પના દેવતાઓ છે તેની અસત્કલ્પનાએ ત્રેવીશની સંખ્યા સ્થાપીએ, તેમાંથી ચાર ચાર કાઢતાં જે બાકી ત્રણ રહે છે તે ત્રેતાજુમ્મા કહેવાય છે.

૩. એક એક આકાશપ્રદેશને અવગાહીને અનંતા પરમાણુ સુધીના સ્કંધો રહેલા છે, તેની અસત્કલ્પનાથી બાવીશની સંખ્યા સ્થાપીએ, તેમાંથી ચાર ચાર કાઢતાં બાકી બે જ રહે છે તે દ્વાવરજુમ્મા કહેવાય છે.

૪. તથા ૧ પર્યાપ્તબાદર વનસ્પતિ, ૨ બાદર પર્યાપ્ત, ૩ અપર્યાપ્ત બાદર વનસ્પતિ, ૪ બાદર અપર્યાપ્ત, ૫ બાદર, ૬ સૂક્ષ્મ અપર્યાપ્ત વનસ્પતિ, ૭ સૂક્ષ્મ અપર્યાપ્ત, ૮ સૂક્ષ્મ પર્યાપ્ત વનસ્પતિ, ૯ સૂક્ષ્મ પર્યાપ્ત, ૧૦ સૂક્ષ્મ, ૧૧ ભવ્ય, ૧૨ નિગોદના જીવો, ૧૩ વનસ્પતિના જીવો, ૧૪ એકેંદ્રિય, ૧૫ તિર્યંચ, ૧૬ મિથ્યાદૃષ્ટિ, ૧૭ અવિરતિ, ૧૮ સકષાયી, ૧૯ છદ્મસ્થ, ૨૦ સયોગી, ૨૧ સંસારી જીવો, તથા ૨૨ સર્વ જીવો, એ બાવીશ જીવરાશિઓ આઠમા મધ્યમ અનંતાઅનંતે છે; તો પણ અસત્કલ્પનાથી તેની પચીશની સંખ્યા સ્થાપીએ, તેમાંથી ચાર ચાર લેતાં બાકી એક રહે છે, તે કલિયુગ જુમ્મા કહેવાય છે. આ જુમ્માઓનું કાર્ય–પ્રયોજન સૂત્રથી જાણી લેવું, અહીં તો તેનું સ્વરૂપમાત્ર જ દેખાડયું છે.

વિશેષ સમજૂતી માટે–

આના સંબંધમાં ભગવતીસૂત્રના અઢારમા શતકના ચોથા ઉદ્દેશમાં કહ્યું છે કે–

'કૃત' એટલે સિદ્ધ અથવા પૂર્ણ પરન્તુ 'ઓજ' આદિની જેમ અપૂર્ણ નહિ એવું જે 'યુગ્મ' તે કૃતયુગ્મ.

કોઇપણ રકમને ચારે ભાગતાં ચાર વધે તે રકમ ભાગશેષના અભાવથી 'કૃતયુગ્મ' કહેવાય. (દૃષ્ટાન્ત–૧૬)

જો ચારે ભાગતાં ત્રણ શેષ રહે તો તે 'ત્રયોજ' કહેવાય. (જેમકે–૧૫)

વળી ચારે ભાગતાં બે શેષ રહે તો તે 'દ્વાપરયુગ્મ' કહેવાય. (જેમકે–૧૪)

અને જો ચારે ભાગતાં એક શેષ રહે તો તે 'કલ્પોજ (કલ્યોજ) કહેવાય. (જેમકે–૧૩)

ભગવતીસૂત્રમાં પણ શ્રી ગૌતમના પ્રશ્નના ઉત્તરમાં પ્રભુએ એમ જ કહ્યું છે.

જે રકમ મૂળથી જ ચાર, ત્રણ, બે કે એક હોય તે પણ અનુક્રમે 'કૃતયુગ્મ', 'ત્રયોજ', 'દ્વાપરયુગ્મ', કે કલ્યોજ કહેવાય છે.

પૃથ્વી આદિના પરિણામનો વિચાર :–


ધ જ વ સ પરિ વ બિ તિ ચ સમુન
પણ થ જ ખ ના ભ વ ર વિ ન સુ સ પમુતિ અ।
જગનભપ ધ અ ઇગજિય
દ્વિઅ નિ સિ નિ વજી સ પુ અ ભ અ પર વણકા ॥ ૫૦ ॥

અર્થ–૧ ધરા–પૃથ્વી, ૨ જળ, ૩ વહ્નિ, ૪ સમીરણ–વાયુ, ૫ પસ્તિ–પ્રત્યેક વનસ્પતિ, ૬ બેઇંદ્રિય, ૭ તેઇંદ્રિય, ૮ ચઉરિંદ્રિય, ૯ સંમૂર્ચ્છિમ નર–મનુષ્ય, ૧૦ પંચેંદ્રિય સ્થળચર, ૧૧ જળચર, ૧૨ ખેચર, ૧૩ નારકી, ૧૪ ભવનપતિ, ૧૫ વ્યંતર, ૧૬ રવિ–સૂર્ય, ૧૭ વિધુ–ચંદ્ર, ૧૮ નક્ષત્ર, ૧૯ સુર–વૈમાનિક દેવો, ૨૦ સમુદ્ર, ૨૧ પંચેંદ્રિય સંમૂર્ચ્છિમ તિર્યંચ, એ એકવીશ પ્રકારના જીવો અસંખ્યાતા જાણવા. તથા જગતના–લોકના ૧ નભ–આકાશપ્રદેશ, ૨ ધર્માસ્તિકાયના પ્રદેશ, ૩ અધર્માસ્તિકાયના પ્રદેશ, ૪ એક જીવના પ્રદેશ, ૫ સ્થિતિબંધના અધ્યવસાયસ્થાન, તથા ૬ નિગોદ શરીર, એ છ પણ અસંખ્યાતા જાણવા. તથા ૧ સિદ્ધ, ૨ નિગોદના જીવ, ૩ વનસ્પતિના જીવ, ૪ સમય, ૫ પુદ્ગલ, ૬ અભવ્ય જીવો, ૭ ભવ્ય જીવો, ૮ અલોક, ૯ પ્રતિપતિત–પડિવાઈ જીવો, અને ૧૦ વનસ્પતિકાયની સ્થિતિ, એ દશ અનંતા જાણવા.

ઇય સુત્તાઓ ભણિયા, વિયારપંચાસિયા ય સપરકએ ।
મુનિસિરિઆનંદવિમલસૂરિવરાણં વિણેએણ ॥ ૫૧ ॥

અર્થ–આ પ્રમાણે મુનિશ્રી આનંદવિમલસૂરિવરના વાનર નામના શિષ્યે પોતાને તથા અન્ય જીવોને માટે સૂત્રમાંથી ઉદ્ધરીને આ વિચારપંચાશિકા કહી છે.

શ્રી સિદ્ધપંચાશિકા.



આત્મા જ્યારે ભવભ્રમણ પૂર્ણ કરીને સિદ્ધ થાય છે ત્યારે સિદ્ધશિલા ઉપર પહોંચે છે. ત્યાં અનંત જીવો છે પણ જીવ કયાંથી કેવી રીતે જાય? જ્યાં રહે છે ત્યાં કેટલી સંખ્યા છે? કેટલા જીવો સાથે સ્પર્શીને રહે છે? કેટલા કાળ સુધી રહે છે? એક પછી બીજા જીવની વચ્ચે કેટલું અંતર છે? એ જીવોને કયા ભાવો હોય છે અને પરસ્પર કેટલા છે. તે સર્વ હકીકત સત્પદની પ્રરૂપણા આદિ ૮ દ્વારો ને દ્રવ્ય કાળ આદિ પંદર દ્વારો સાથે ખૂબ જ વિસ્તારથી સમજાવ્યા છે એટલે કે સિદ્ધ સંબંધી દુંકમાં પણ સારી રીતે સમજી શકાય તેવી ઘણી વિગતો આ પ્રકરણમાં બતાવી છે.

सिद्धं सिद्धत्थसुअं, नमिउं तिहुअणपयासयं वीरं ।
सिरिसिद्धपाहुडाओ, सिद्धसरूवं किमवि वुच्छं ॥ १ ॥

અર્થ:–પ્રસિદ્ધ ત્રણ ભુવનમાં કેવલજ્ઞાનથી પ્રકાશ કરનારા સિદ્ધાર્થરાજાના પુત્ર શ્રીમહાવીરસ્વામીને નમસ્કાર કરીને શ્રી સિદ્ધપ્રાભૃતમાંથી ઉદ્ધરીને સિદ્ધભગવાનનું સ્વરૂપ સંક્ષેપથી કહીશ.

ભાવાર્થ:–સિદ્ધત્થસુઅં એ પદનો અર્થ આવી રીતે પણ થાય છે: સિદ્ધ એટલે અચલ છે અર્થ–જીવાદિ પદાર્થો શ્રુતમાં; દ્વાદશાંગરૂપ સિદ્ધાંતમાં જેના એવા અથવા સિદ્ધ થયા છે મોક્ષપ્રાપ્તિરૂપ અર્થ જેમના એવા સુત એટલે ગણધરાદિ શિષ્યો છે જેમને એવા અથવા સિદ્ધાર્થ એટલે નિષ્ઠિતાર્થ જેમના સર્વ પ્રયોજન સમાપ્ત થયા છે એવા અથવા સિદ્ધાર્થરાજાના પુત્ર મહાવીરસ્વામીને નમસ્કાર કરીને સિદ્ધભગવાનનું સ્વરૂપ કાંઈક કહીશ. જેમણે પૂર્વે બાંધેલા આઠે કર્મો ક્ષય કર્યા હોય છે, તે સિદ્ધભગવાન કહેવાય છે.

संतपयपरूवणया, दव्वपमाणं च खित्तं फुसणा य ।
कालो य अंतरं तह, भावो अप्पाबहू दारा ॥ २ ॥

અર્થ—૧ સત્ પદની પરૂપણા દ્વાર.
૨ દ્રવ્યપ્રમાણ દ્વાર. (કેટલી સંખ્યા મોક્ષમાં છે તે.)
૩ ક્ષેત્રદ્વાર (કયા ક્ષેત્રમાંથી સિદ્ધ થાય તે.)
૪ સ્પર્શના દ્વાર (સિદ્ધના જીવોને સ્પર્શના કેટલી હોય તે.)
૫ કાળદ્વાર (સિદ્ધના જીવોની સ્થિતિનો સાદિ અનંતાદિ કાળ કહેવો તે.)

૬ અંતરદ્વાર (સિદ્ધના જીવોનું અંતર કહેવું તે.)
૭ ભાવદ્વાર (સિદ્ધના જીવો કયા ભાવે વર્તે છે તે.)
૮ અલ્પબહુત્વદ્વાર (સિદ્ધના જીવોનું પરસ્પર અલ્પબહુત્વ.)

एहिँ अणंतरसिद्धा, परंपरा सन्निकरिसजुत्तेहिं ।
तेहिं विआरणिज्जा, इमेसु पनरससु दारेसु ॥ ३ ॥

અર્થ:—આ આઠ દ્વારોથી અનંતર સિદ્ધનો અને સન્નિકર્ષયુક્ત નવ દ્વારથી પરંપર સિદ્ધનો આગલી ગાથામાં કહે છે તે પંદર દ્વારમાં વિચાર કરવો.

ભાવાર્થ: ઉપરની ગાથામાં કહેલા આઠ દ્વારથી અનંતરસિદ્ધો વિચારવા.

એક સમયનું પણ જેઓને અન્તર ન હોય તે અનન્તરસિદ્ધ એટલે સિદ્ધત્વના પ્રથમ સમયમાં વર્તતા—અમુક વિવક્ષિત સમયે સિદ્ધ થયેલા તે અનન્તરસિદ્ધ કહેવાય.

અને તે આઠ દ્વાર સાથે સન્નિકર્ષ દ્વાર સહિત નવદ્વારથી પરંપરસિદ્ધ વિચારવા.

વિવક્ષિત પ્રથમ સમયે જે સિદ્ધ થયા તેની અપેક્ષાએ તેના પૂર્વના સમયે સિદ્ધ થયેલા તે પરસિદ્ધ અને તે પૂર્વસમયે સિદ્ધ થનારની અપેક્ષાએ પૂર્વના સમયે સિદ્ધ થયા તે પરંપરસિદ્ધ.

તાત્પર્ય એ છે કે અનન્તરસિદ્ધમાં અમુક એક સમયની અપેક્ષાએ વિચારવું અને પરંપરસિદ્ધમાં અમુક વિવક્ષિત સમયથી પૂર્વે પૂર્વે અનંતા ભૂતકાળ સુધીમાં થઈ ગયેલા સિદ્ધોની અપેક્ષાએ વિચારવું.
સન્નિકર્ષ એટલે સંયોગગત અલ્પબહુત્વ વિશેષ જાણવો.

પંદર દ્વારના નામ:-

खित्ते काले गइ वेअ, त्तित्थ लिंगे चरित्त बुद्धे य ।
नाणोगाहुक्कस्से, अंतरमणुसमयगणणअप्पबहू ॥ ४ ॥

અર્થ:-ક્ષેત્ર, કાળ, ગતિ, વેદ, તીર્થ, લિંગ, ચારિત્ર, બુદ્ધ, જ્ઞાન, અવગાહના, ઉત્કર્ષ, અંતર, અણુસમય, ગણના, અલ્પબહુત્વ આ ૧૫ દ્વાર છે.

ભાવાર્થ:-(૧) ક્ષેત્રદ્વાર ત્રણ પ્રકારે-ઊર્ધ્વ, અધો અને તિર્છા.
(૨) કાળદ્વાર બે પ્રકારે-ઉત્સર્પિણી અને અવસર્પિણી.
(૩) ગતિદ્વાર ચાર પ્રકારે-નારકી-તિર્યંચ-મનુષ્ય અને દેવ.
(૪) વેદદ્વાર ત્રણ પ્રકારે-સ્ત્રીવેદ-પુરુષવેદ-નપુંસકવેદ.
(૫) તીર્થદ્વાર બે પ્રકારે-તીર્થંકરનું તીર્થ, તીર્થંકરીનું તીર્થ.
(૬) લિંગદ્વાર બે પ્રકારે-દ્રવ્યલિંગ, ભાવલિંગ.
દ્રવ્યલિંગ ત્રણ પ્રકારે-ગૃહસ્થલિંગ, અન્યલિંગ, સ્વલિંગ.

(૭) ચારિત્રદ્વાર પાંચ પ્રકારે–સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત.

(૮) બુદ્ધદ્વાર ચાર પ્રકારે–બુદ્ધબોધિત, બુદ્ધિબોધિત, સ્વયંબુદ્ધ, પ્રત્યેકબુદ્ધ.

(૯) જ્ઞાનદ્વાર પાંચ પ્રકારે–મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવલજ્ઞાન.

(૧૦) અવગાહનાદ્વાર ત્રણ પ્રકારે–જઘન્યઅવગાહના, ઉત્કૃષ્ટઅવગાહના, મધ્યમઅવગાહના.

(૧૧) ઉત્કર્ષદ્વાર ચાર પ્રકારે–અનંતકાળથી સમ્યક્ત્વથી પડેલા, અસંખ્યાત કાળથી પડેલા, સંખ્યાતકાળથી પડેલા અને નહિ પડેલા

(૧૨) અંતરદ્વાર–સિદ્ધ એક થયા પછી કેટલું અંતર પડે તે.

(૧૩) અનુસમયદ્વાર–નિરંતરપણે કેટલા સમય સુધી સિદ્ધ થાય તે.

(૧૪) ગણનાદ્વાર–કેટલા સિદ્ધ થાય તેની ગણત્રી.

(૧૫) અલ્પબહુત્વદ્વાર–ઓછા વત્તા–કોણ કોણથી ઓછા અથવા વધારે છે તે.

પંદર દ્વારનું વર્ણન :–

खित्ति तिलोगे १ काले, सिज्झंति अरेसु छसु वि संहरणा ।
अवसप्पिणि ओसप्पिणि, दुतिअरगे जम्मु तिदुसु सिवं २ ॥ ५ ॥

અર્થ :–ક્ષેત્રદ્વાર–ત્રણે લોકમાંથી જીવ સિદ્ધ થાય.

કાળદ્વાર–સંહરણથી છએ આરામાં મોક્ષે જાય અને જન્મથી અવસર્પિણીમાં ત્રીજા અને ચોથા આરાના જન્મેલા ત્રીજા, ચોથા અને પાંચમા એ ત્રણ આરામાં મોક્ષે જાય. ઉત્સર્પિણીમાં બીજા, ત્રીજા અને ચોથા એ ત્રણ આરાના જન્મેલા ત્રીજા અને ચોથા બે આરામાં મોક્ષે જાય.

ભાવાર્થ :–પ્રથમ સત્પદદ્વારમાં ક્ષેત્રાદિ પંદર દ્વારોમાં અનંતરસિદ્ધ જીવોનો વિચાર.

(૧) ક્ષેત્રદ્વાર

ત્રણે લોકમાં–તેમાં ઊર્ધ્વલોકમાં પંડકવનાદિમાં, અધોલોકમાં અધોલૌકિક ગ્રામોમાં અને તિર્છાલોકમાં પંદર મનુષ્યક્ષેત્રમાં સિદ્ધ થાય છે.

સંહરણથી નદી, સમુદ્ર અને વર્ષધર પર્વતો વિગેરેમાં પણ સિદ્ધ થાય છે.

(૨) કાળદ્વાર :–

ઉત્સર્પિણી અને અવસર્પિણીરૂપ કાળ છે તેમાં સંહરણથી છએ આરામાં સિદ્ધ થાય.

કારણ કે મહાવિદેહમાં હંમેશા સુષમદુષમારૂપ એક ચોથો જ આરો વર્તે છે.

ત્યાં હંમેશા મોક્ષગમન હોવાથી ત્યાંથી સંહરણ કરાયેલા તેઓ ભરતાદિ ક્ષેત્રમાં જે આરો વર્તતો હોય, તેમાં સિદ્ધ થતા હોવાથી છએ આરામાં મોક્ષગમન થાય છે.

તીર્થંકરનો ઉત્સર્પિણી અને અવસર્પિણીમાં સુષમદુષમા અને દુઃષમસુષમારૂપ બે આરામાં જ જન્મ થાય છે અને તેઓ સિદ્ધિ પામે છે. તેમને સંહરણનો અભાવ હોવાથી બીજા આરાઓમાં તેમનું મોક્ષગમન થતું નથી.

તીર્થંકરનું અધોલોકના અધોલૌકિક ગ્રામોમાં અને તિર્ચ્છાલોકનાં પંદર કર્મભૂમિમાં સિદ્ધિગમન થાય છે.

चउगइआगय नरगइ ठिय सिव ३ वेयतिग ४ दुविहतित्थेऽवि ५ ।
गिहि-अन्न-सलिंगेसु अ ६, चरणे अहक्खाइ वट्टंता ॥ ६ ॥

અર્થ : ૩ ગતિદ્વાર :-

સામાન્યથી ચારે ગતિમાંથી મનુષ્યગતિમાં આવેલા સિદ્ધ થાય.

૪ વેદદ્વાર :-ત્રણે વેદમાં સિદ્ધ થાય.

૫ તીર્થદ્વાર :-બંને તીર્થમાં સિદ્ધ થાય.

૬ લિંગદ્વાર :-ત્રણે લિંગમાં સિદ્ધ થાય.

૭ ચારિત્રદ્વાર :-યથાખ્યાત ચારિત્રમાં વર્તતા જ સિદ્ધ થાય.

ભાવાર્થ : (૩) ગતિદ્વાર :-

વિશેષથી નરકગતિની અપેક્ષાએ પ્રથમની ચાર નરકથી આવેલા સિદ્ધ થાય.

તિર્યંચગતિની અપેક્ષાએ પૃથ્વીકાય, અપ્કાય, પ્રત્યેકવનસ્પતિકાય અને પંચેન્દ્રિય તિર્યંચમાંથી આવેલા સિદ્ધ થાય.

મનુષ્યગતિની અપેક્ષાએ સ્ત્રી, પુરુષ, નપુંસક ત્રણે વેદમાંથી આવેલા સિદ્ધ થાય. પણ તીર્થંકર તો દેવગતિમાંથી એટલે વૈમાનિક દેવમાંથી આવેલા અને નરકગતિમાંથી એટલે પ્રથમની ત્રણ નરકમાંથી આવેલા જ સિદ્ધ થાય.

વર્તમાન નયને આશ્રયીને મનુષ્યગતિમાં રહેલા જ મોક્ષ પામે.

(૪) વેદદ્વાર :-

ત્રણે વેદમાં સ્ત્રી, પુરુષ અને નપુંસકવેદમાં સિદ્ધ થાય. તેમાં પ્રત્યુત્પન્ન નયને આશ્રયીને અવેદી જ સિદ્ધ થાય. તે ભવમાં પૂર્વે અનુભવેલ વેદની અપેક્ષાએ અને બાહ્ય આકારમાત્રની અપેક્ષાએ ત્રણે વેદમાંથી સિદ્ધ થાય. તીર્થંકર તો સ્ત્રીવેદ અને પુરુષવેદે વર્તતા જ સિદ્ધ થાય.

(૫) તીર્થદ્વાર :-

તીર્થ બે પ્રકારે-(૧) તીર્થંકરે પ્રવર્તાવેલ અને (૨) તીર્થંકરીએ પ્રવર્તાવેલ એ બંને તીર્થમાં સિદ્ધ થાય.

(૬) લિંગદ્વાર :-

લિંગ બે પ્રકારે-દ્રવ્યથી અને ભાવથી. દ્રવ્યલિંગ ત્રણ પ્રકારે-ગૃહસ્થલિંગ, અન્યલિંગ અને સ્વલિંગ. એ ત્રણે લિંગે સિદ્ધ થાય અને સંયમરૂપ ભાવલિંગની અપેક્ષાએ તો સ્વલિંગે જ સિદ્ધ થાય.

(૭) ચારિત્રદ્વાર :-

ચારિત્રના પાંચ પ્રકાર-

સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત. તેમાંથી ક્ષાયિકયથાખ્યાત ચારિત્રમાં વર્તતા જ સિદ્ધ થાય (ઉપશમયથાખ્યાતમાં વર્તતા સિદ્ધ ન થાય.)

તિ ચઉ પણ પુવ્વિ તિચરણ, જિણા ૭ સયં બુદ્ધિ બુદ્ધ પત્તેયા ૮ ।
દુતિ ચઉનાણા ૯ લહુતણુ, દુહત્થ ગુરુ પણધણુસયાઓ ૧૦ ॥ ૭ ॥

અર્થ :-તે ભવમાં પૂર્વે અનુભવેલા ચારિત્રની અપેક્ષાએ ત્રણ, ચાર અથવા પાંચ ચારિત્ર પામીને સિદ્ધ થાય, તીર્થંકર તો સામાયિક, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત એ ત્રણ ચારિત્ર પામીને જ સિદ્ધ થાય.

૮ બુધદ્વાર :-

ચારે પ્રકારે સિદ્ધ થાય.

૯ જ્ઞાનદ્વાર :-

કેવલજ્ઞાને સિદ્ધ થાય અને તે ભવમાં પૂર્વે અનુભવેલ જ્ઞાનની અપેક્ષાએ બે, ત્રણ અને ચાર જ્ઞાને સિદ્ધ થાય.

૧૦ અવગાહના દ્વાર :-

જઘન્યથી બે હાથની અવગાહના અને ઉત્કૃષ્ટથી પાંચસો ધનુષ્યની અવગાહનાવાળા સિદ્ધ થાય.

ભાવાર્થ : ચારિત્રદ્વારમાં વિશેષતા :-

તે ભવમાં પૂર્વે અનુભવેલા ચારિત્રની અપેક્ષાએ કેટલાક પહેલું, ચોથું અને પાંચમું એ ત્રણ ચારિત્ર પામીને સિદ્ધ થાય.

કેટલાક પહેલું, બીજું, ચોથું અને પાંચમું એ ચાર પામીને સિદ્ધ થાય.

કેટલાક પહેલું, ત્રીજું, ચોથું અને પાંચમું એ ચાર પામીને સિદ્ધ થાય.

કેટલાક ઉપર કહેલાં પાંચે ચારિત્ર પામીને સિદ્ધ થાય. તીર્થંકર તો સામાયિક, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત એ ત્રણ ચારિત્ર પામીને જ સિદ્ધ થાય.

(૮) બુદ્ધદ્વાર :-

(૧) સ્વયંબુદ્ધ :-સ્વયં એટલે બાહ્ય હેતુ વિના જાતિસ્મરણાદિ પામીને બોધ પામેલા તે સ્વયંબુદ્ધ.

(૨) બુદ્ધિબુદ્ધ :-બુધ એટલે મલ્લિસ્વામી તીર્થંકર અથવા સામાન્ય સ્ત્રી તેમનાથી બોધ પામેલા તે બુદ્ધિબુદ્ધ.

(૩) બુદ્ધબુદ્ધ :-બુદ્ધ એટલે આચાર્યાદિ તેમનાથી બોધ પામેલા બુદ્ધબુદ્ધ.

(૪) પ્રત્યેકબુદ્ધ :-પ્રત્યેક એટલે કાંઈક બાહ્ય હેતુ જોઈને બોધ પામેલા તે પ્રત્યેકબુદ્ધ જાણવા.

વિશેષતા :-

પ્રત્યેકબુદ્ધ અને સ્વયંબુદ્ધમાં બોધિ, ઉપધિ, શ્રુત અને લિંગથી ભેદ છે, તેથી તે પ્રત્યેક એટલે જુદા વિહાર કરે પણ ગચ્છવાસીની જેમ સાથે વિચરતા નથી. સ્વયંબુદ્ધને પાત્રાદિ બાર પ્રકારની ઉપધિ હોય અને પ્રત્યેકબુદ્ધને જઘન્યથી રજોહરણ અને મુહપત્તિરૂપ બે પ્રકારની અને ઉત્કૃષ્ટથી પ્રાવરણ (વસ્ત્ર) વર્જીને નવ પ્રકારની ઉપધિ હોય.

સ્વયંબુદ્ધને પૂર્વે ભણેલું શ્રુત હોય અથવા ન હોય. જો હોય તો દેવતાલિંગ અર્પે અથવા ગુરુ પાસે અંગીકાર કરે અને એકલા વિહાર કરવા સમર્થ હોય તો તે એકલા વિહાર કરે, નહિ તો ગચ્છમાં રહે. જો પૂર્વાધીત શ્રુત ન હોય તો નિશ્ચે ગુરુ પાસે લિંગ અંગીકાર કરે અને ગચ્છનો ત્યાગ કરે જ નહિ.

પ્રત્યેકબુદ્ધને પૂર્વાધીત શ્રુત અવશ્ય હોય જઘન્યથી અગ્યાર અંગનું અને ઉત્કૃષ્ટથી કાંઈક ઊણા દશ પૂર્વનું હોય. તેમને લિંગ દેવતા અર્પે અથવા કદાચિત્ લિંગ રહિત પણ હોય.

(૯) જ્ઞાન દ્વાર:-

જ્ઞાન પાંચ પ્રકારે-(૧) મતિજ્ઞાન, (૨) શ્રુતજ્ઞાન, (૩) અવધિજ્ઞાન, (૪) મનઃપર્યવજ્ઞાન (૫) કેવળજ્ઞાન. તેમાં કેવલજ્ઞાને વર્તતા સિદ્ધ થાય.

તે ભવમાં પૂર્વે અનુભવેલ જ્ઞાનની અપેક્ષાએ કેટલાક મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન એ બે જ્ઞાની, કેટલાક મતિ, શ્રુત, અવધિ અથવા મતિ, શ્રુત અને મનઃપર્યવ એ ત્રણ જ્ઞાની અને કેટલાક મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યવ એ ચાર જ્ઞાની સિદ્ધ થાય. તીર્થંકર તો ચાર જ્ઞાની જ સિદ્ધ થાય.

(૧૦) અવગાહના દ્વાર :-

જઘન્યથી અને ઉત્કૃષ્ટથી: જઘન્યથી બે હાથની અવગાહનાવાળા અને ઉત્કૃષ્ટથી પાંચસો ધનુષ્યની અવગાહનાવાળા સિદ્ધ થાય.

મરૂદેવીમાતા આદિ પાંચસોથી અધિક પચીશ ધનુષ્યના શરીરવાળા સિદ્ધ થાય, કારણ કે મરૂદેવીની અવગાહના નાભિકુલકર તુલ્ય ૫૨૫ ધનુષ્યની હતી. 'સંઘયણ, સંસ્થાન અને ઊંચપણું કુલકરની સ્ત્રીનું કુલકર સરખું હોય છે. આ પ્રમાણે સિદ્ધપ્રાભૃતની ટીકામાં કહ્યું છે.' બે હાથની ઉપર અને પાંચસો ધનુષ્યની અંદરની મધ્યમ અવગાહનાએ વર્તતા સિદ્ધ થાય. તીર્થંકર તો જઘન્યથી સાત હાથના અને ઉત્કૃષ્ટથી પાંચસો ધનુષ્યના પ્રમાણવાળા જ સિદ્ધ થાય. બાકીના જીવો મધ્યમ અવગાહનાએ પણ સિદ્ધ થાય.

कालमणंतमसंखं, संखं चुअसम्म अचुअसम्मत्ता ११ ।
लहुगुरुअंतर समओ, छमास १२ अडसमय अव्वहिआ १३ ॥८॥

અર્થ : ૧૧ ઉત્કર્ષદ્વાર :-

સમ્યક્ત્વથી પડીને કેટલાક અનંતકાળ, કેટલાક અસંખ્યાતકાળ અને સંખ્યાતકાળ સુધી ભમીને સિદ્ધ થાય. કેટલાક સમ્યક્ત્વથી પડયા વિના પણ સિદ્ધ થાય.

૧૨ અંતરદ્વાર :

જઘન્યથી અંતર એક સમયનું અને ઉત્કર્ષથી છમાસનું અંતર પડે.

૧૩ અનુસમય એટલે નિરંતર દ્વાર :-

જઘન્યથી બે સમય સુધી અને ઉત્કૃષ્ટથી આઠ સમય સુધી નિરંતર સિદ્ધ થાય.

ભાવાર્થ :-(૧૧) ઉત્કર્ષદ્વાર :-

સમ્યક્ત્વથી પડીને કેટલાક ઉત્કૃષ્ટથી અર્ધપુદ્ગલ પરાવર્તકાળરૂપ અનંતકાળ સુધી સંસારમાં ભમીને ફરી સમ્યક્ત્વાદિ રત્નત્રય પામીને સિદ્ધ થાય. કેટલાક બીજા અનુત્કૃષ્ટથી અસંખ્યાતકાળ સુધી અને સંખ્યાતકાળ સુધી ભમીને સિદ્ધ થાય. કેટલાક સમ્યક્ત્વથી પડ્યા વિના પણ સિદ્ધ થાય.

(૧૨) અંતરદ્વાર :-

જઘન્યથી અંતર :-એક સમય

ઉત્કૃષ્ટથી અંતર :-છમાસ

(૧) અનુસમય એટલે નિરંતર દ્વાર -

જઘન્યથી બે સમય નિરંતર અને ઉત્કૃષ્ટથી આઠ સમય સુધી અવ્યવધાને નિરંતર સિદ્ધ થાય.

जहनियर इक्क अडसय १४, अणेग एगा य थोव संखगुणा १५ ।

અર્થ : ૧૪ ગણના દ્વાર : જઘન્યથી એક અને ઉત્કૃષ્ટથી એકસોને આઠ એક સમયે સિદ્ધ થાય.

૧૫ અલ્પબહુત્વદ્વાર–અનેક એટલે એક સાથે બે ત્રણ સિદ્ધ થાય તે થોડા, તેનાથી એક સમયે એક સિદ્ધ સંખ્યાતગુણા છે.

ભાવાર્થ : (૧૪) ગણનાદ્વાર–જઘન્યથી એક ઉત્કૃષ્ટથી એકસોને આઠ સિદ્ધ થાય. ઋષભદેવના નિર્વાણ સમયે એકસો આઠ એક સમયે સિદ્ધ થયા હતા.

(૧૫) અલ્પબહુત્વદ્વાર–અનેક એટલે એક સાથે બે ત્રણ સિદ્ધ થાય તે થોડા, તેનાથી એક સમયે એક સિદ્ધ સંખ્યાતગુણા, વિવક્ષિત સમયે એક એક સિદ્ધનું બાહુલ્ય પણું હોવાથી આ રીતે ક્ષેત્રાદિક પંદર દ્વારમાં સત્પદપ્રરૂપણા દ્વાર કહ્યું.

चउ उड्ढ नंदण जले, वीसपहुत्तं अहोलोए ॥ ९ ॥
इगविजय वीस अडसय, पत्तेयं कम्मभूमि तिरिलोए ।
दु दु जलहि पंडगवणे, अकम्ममहि दसय संहरणा १ ॥ १० ॥

અર્થ—૨. દ્રવ્ય પ્રમાણ દ્વારમાં ક્ષેત્રાદિ પંદર દ્વારનો વિચાર. ૧. ક્ષેત્રદ્વાર :– ઊર્ધ્વલોકે મેરૂ આદિમાં, નંદનવનમાં અને જળમાં એટલે સામાન્યથી નદી આદિમાં ચાર ચાર સિદ્ધ થાય, અધોલોકમાં વીશ પૃથક્ત્વ સિદ્ધ થાય. ૯. એક એક વિજયમાં વીશ વીશ સિદ્ધ થાય. ૫ ભરત, ૫ ઐરવત, ૫ મહાવિદેહ એ પંદર કર્મભૂમિ દરેકમાં એકસો આઠ, તિર્છાલોકમાં એકસો આઠ, સામાન્યથી સમુદ્રમાં અને પંડકવનમાં બે બે, ૫ હેમવંત, ૫ હરિવર્ષ, ૫ દેવકુરુ, ૫ ઉત્તરકુરુ, ૫ રમ્યક્, ૫ ઐરણ્યવત એ ૩૦ અકર્મભૂમિ દરેકમાં સંહરણથી દશ દશ સિદ્ધ થાય.

ભાવાર્થ—(૧) ક્ષેત્રદ્વાર–અધોલોકમાં વીશ પૃથક્ત્વ સિદ્ધ થાય. સંગ્રહણીમાં બાવીશ સિદ્ધ થાય એમ કહ્યું છે. ઉત્તરાધ્યયનમાં 'दोअवीसा अहोलोए' બે વીશ એટલે ચાલીશ. અધોલોકમાં સિદ્ધ થાય છે એમ કહ્યું છે. (અધોલોકમાં બે વિજય આવે છે તેથી) (અહીં પૃથક્ત્વ શબ્દ દ્વારા વીશથી કાંઈક અધિક સમજવા.)

ति चउत्थ अरे अडसय, पंचमए वीस दस दस य सेसे २ ।
नरगतिग भवण वण नर जोइस तिरि तिरिखिणी दसगं ॥११॥

અર્થ—**કાળદ્વાર** :–ઉત્સર્પિણી અને અવસર્પિણીના ત્રીજા અને ચોથા આરામાં એકસોને આઠ સિદ્ધ થાય. અવસર્પિણીના પાંચમા આરામાં વીશ સિદ્ધ થાય. ઉત્સર્પિણી અને અવસર્પિણી બે કાળના બાકીના આરાઓમાં દરેકમાં સંહરણથી દશ દશ સિદ્ધ થાય.

(૩) **ગતિદ્વાર** :–પહેલી ત્રણ નરક, ભવનપતિ, વ્યંતર, મનુષ્ય, જ્યોતિષી, તિર્યંચ અને તિર્યંચિણીમાંથી આવેલા દશ દશ સિદ્ધ થાય.

वेमाणिअ अट्ठसयं, हरिय छऊ पंकपुढविजल चउरो ।
जोइविमाणिनरित्थी, बीसं भवणवणथी पणगं ३ ॥ १२ ॥

અર્થ—વૈમાનિકદેવથી આવેલા એકસોને આઠ, વનસ્પતિકાયમાંથી આવેલા છ, પંકપ્રભા ચોથી નરક, પૃથ્વીકાય અને અપ્કાય એ ત્રણમાંથી આવેલા ચાર ચાર, જ્યોતિષીની દેવી, વૈમાનિકની દેવી અને મનુષ્ય સ્ત્રીથી આવેલા વીશ, ભવનપતિની દેવી અને વ્યંતરની દેવીથી આવેલા પાંચ પાંચ. સિદ્ધ થાય. આ સર્વ સંખ્યા ઉત્કૃષ્ટથી જાણવી. જઘન્યથી એક, બે, ત્રણ સિદ્ધ થાય.

वीसत्थि दस नपुंसग, पुरिसट्ठसयं नरा नरुव्वट्टा ।
इय भंगे अट्ठसयं, दस दस सेसट्ठ भंगेसु ४ ॥ १३ ॥

અર્થ : ૪ વેદદ્વાર–સ્ત્રીઓ વીશ, નપુંસક દશ અને પુરુષ એકસો આઠ સિદ્ધ થાય. દેવાદિ પુરુષમાંથી આવેલા પુરુષો એ એક ભાંગે એક સો ને આઠ સિદ્ધ થાય. બાકીના આઠ ભાંગે દશ દશ સિદ્ધ થાય.

ભાવાર્થ :–૧ પુરુષમાંથી આવી પુરુષપણે ઉત્પન્ન થએલા ૧૦૮.
૨ પુરુષમાંથી આવી સ્ત્રીપણે ઉત્પન્ન થએલા ૧૦.
૩ પુરુષમાંથી આવી નપુંસકપણે ઉત્પન્ન થએલા ૧૦.
૪ સ્ત્રીમાંથી આવી પુરુષપણે ઉત્પન્ન થએલા ૧૦.
૫ સ્ત્રીમાંથી આવી સ્ત્રીપણે ઉત્પન્ન થએલા ૧૦.
૬ સ્ત્રીમાંથી આવી નપુંસકપણે ઉત્પન્ન થએલા ૧૦.
૭ નપુંસકમાંથી આવી પુરુષપણે ઉત્પન્ન થએલા ૧૦.
૮ નપુંસકમાંથી આવી સ્ત્રીપણે ઉત્પન્ન થએલા ૧૦.
૯ નપુંસકમાંથી આવી નપુંસકપણે ઉત્પન્ન થએલા ૧૦.

આ રીતે વેદ આશ્રયિને પ્રથમ ભાંગે ૧૦૮ અને બાકીના આઠ ભાંગે દશ દશ સિદ્ધ થાય એમ સમજવું.

तित्थयरी जिण पत्तेअबुद्ध संबुद्ध दु चउ दस चउरो ५ ।
चउ दस अडसय गिहि पर, सलिंग ६ परिहारविणु ओहो ॥१४॥

અર્થ :-(૫) **તીર્થદ્વાર**–તીર્થંકરી એક સમયે બે સિદ્ધ થાય અને તીર્થંકર એક સમયે ચાર સિદ્ધ થાય.
પ્રત્યેકબુદ્ધ એક સમયે દશ સિદ્ધ થાય.
સ્વયંબુદ્ધ એક સમયે ચાર સિદ્ધ થાય.

(૬) **લિંગદ્વાર**–ગૃહસ્થલિંગે ચાર સિદ્ધ થાય, અન્યલિંગે દશ સિદ્ધ થાય, સ્વલિંગે એકસો ને આઠ સિદ્ધ થાય.

(૭) **ચારિત્રદ્વાર**–પરિહાર વિના ઓઘ એટલે જે ભાંગામાં પરિહારવિશુદ્ધિ ચારિત્રપદ ન આવે ત્યાં સામાન્યથી ૧૦૮ સિદ્ધ થાય.
તે ભાંગા આ પ્રમાણે :

સામાયિક, સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત એ ત્રિકસંયોગી ભાંગે અને સામાયિક, છેદોપસ્થાપનીય, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત એ ચતુઃસંયોગી ભાંગે એ બે ભાંગે ૧૦૮ સિદ્ધ થાય.

दस परिहारजुए ७ बुद्धिबोहिथी वीस जीव वीस पहु ८ ।
चउ महसुअ महसुअमणनाणे दस सेस दुगि ओहो ९ ॥ १५ ॥

અર્થ—પરિહારવિશુદ્ધિ સહિત ભાંગામાં દશ દશ સિદ્ધ થાય.

(૮) **બુદ્ધદ્વાર**–બુદ્ધિબોધિત સ્ત્રીઓ એક સમયે વીશ સિદ્ધ થાય. બુદ્ધિબોધિત જીવો સ્ત્રી, પુરુષ અને નપુંસકની વિવક્ષા વિના વીશ પૃથક્ત્વ સિદ્ધ થાય.

(૯) **જ્ઞાનદ્વાર**–પૂર્વે અનુભવેલ જ્ઞાનની અપેક્ષાએ મતિ અને શ્રુતજ્ઞાની ૪ સિદ્ધ થાય. મતિ, શ્રુત અને મનઃપર્યવ એ ત્રણ જ્ઞાની ૧૦ સિદ્ધ થાય. બાકીના મતિ, શ્રુત અને અવધિજ્ઞાની અને મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યવજ્ઞાની આ બે ભાંગે ૧૦૮ સિદ્ધ થાય.

ભાવાર્થ :–પરિહારવિશુદ્ધિ સહિત ભાંગા આ પ્રમાણે :–સામાયિક, પરિહાર–વિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત એ ચતુઃસંયોગી ભાંગે અને સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત એ પંચસંયોગી ભાંગે આ બંને ભાંગે દશ દશ સિદ્ધ થાય. (૮) બુદ્ધદ્વારે ગાથામાં જણાવ્યું તે સિદ્ધ પ્રાભૃતમાં કહ્યું છે. હવે વિશેષ કહે છે :-બુદ્ધબોધિત પુરુષો ૧૦૮, સ્ત્રી ૨૦ અને નપુંસક ૧૦ સિદ્ધ થાય.

मज्झ गुरु लहुवगाहण, अडसय दुग चउर अट्ठ जवमज्झे १० ।
चुअणंतकालसम्मा, अडसय चउ अदुअ दस सेसा ११-१२ ॥१६॥

અર્થ—(૧૦) અવગાહના દ્વારઃ મધ્યમ અવગાહનાવાળા ૧૦૮ સિદ્ધ થાય. ઉત્કૃષ્ટ અવગાહનાવાળા બે સિદ્ધ થાય. જઘન્ય અવગાહનાવાળા ચાર સિદ્ધ થાય. જવમધ્ય અવગાહનાવાળા આઠ સિદ્ધ થાય. (૧૧) ઉત્કૃષ્ટદ્વાર–અનંતકાળથી સમ્યક્ત્વથી પડેલા ૧૦૮ સિદ્ધ થાય. સમકિતથી નહિ પડેલા ચાર સિદ્ધ થાય અને બાકીના અસંખ્યાત કાળથી અને સંખ્યાતકાળથી સમ્યક્ત્વથી પડેલા દશ દશ સિદ્ધ થાય.

ભાવાર્થ :–જવમધ્ય એટલે ઉત્કૃષ્ટ અવગાહના પરપ ધનુષ્યની છે. તેથી અર્ધ ૨૬૨॥ ધનુષની અવગાહનાવાળા સમજવા. આગળ પણ જવમધ્ય સંજ્ઞા આવે ત્યાં

ઉત્કૃષ્ટથી અર્ધ પ્રમાણ સમજવું. ૧૨ અંતરદ્વાર–અલ્પવિષયી હોવાથી સૂત્રમાં નથી કહ્યું પણ દેખાડે છે :–

એકાદિ સમયને અન્તરે એક પણ સિદ્ધ થાય અને ઘણા પણ સિદ્ધ થાય એટલે ૧૦૮ સુધી સિદ્ધ થાય.

अड दुरहिअसय सय छनुई, चुलसी दुगसयरि सट्ठि अडयाला ।
बत्तीस इक्क दुति चउ, पण छग सग अड निरंतरिया १३ ॥ १७ ॥

અર્થ—(૧૩) અનુસમયદ્વાર–એક સમય, બે સમય, ત્રણ સમય, ચાર સમય, પાંચ સમય, છ સમય, સાત સમય અને આઠ સમય સુધી અનુક્રમે ૧૦૮, ૧૦૨, ૯૬, ૮૪, ૭૨, ૬૦, ૪૮, ૩૨ એ પ્રમાણે નિરંતર સિદ્ધ થાય.

ભાવાર્થ :–૧૦૩ થી ૧૦૮ એક સમય સુધી સિદ્ધ થાય પછી અવશ્ય અંતર પડે. ૯૭ થી ૧૦૨ નિરંતર ૨ સમય સુધી સિદ્ધ થાય પછી અવશ્ય અંતર પડે. ૮૫ થી ૯૬ નિરંતર ૩ સમય સુધી સિદ્ધ થાય પછી અવશ્ય અંતર પડે. ૭૩ થી ૮૪ નિરંતર ૪ સમય સુધી સિદ્ધ થાય પછી અવશ્ય અંતર પડે. ૬૧ થી ૭૨ નિરંતર ૫ સમય સુધી સિદ્ધ થાય પછી અવશ્ય અંતર પડે. ૪૯ થી ૬૦ નિરંતર ૬ સમય સુધી સિદ્ધ થાય પછી અવશ્ય અંતર પડે. ૩૩ થી ૪૮ નિરંતર ૭ સમય સુધી સિદ્ધ થાય પછી અવશ્ય અંતર પડે. ૧ થી ૩૨ નિરંતર ૮ સમય સુધી સિદ્ધ થાય પછી અવશ્ય અંતર પડે.

૧૪–૧૫ ગણનાદ્વાર અને અલ્પબહુત્વદ્વાર–પૂર્વે કહેલા સત્પદ પ્રરૂપણાદ્વારની જેમ સમજવું. આ રીતે ક્ષેત્રાદિ ૧૫ દ્વારે બીજું દ્રવ્યપ્રમાણદ્વાર કહ્યું.

૩–૪ ક્ષેત્ર અને સ્પર્શના દ્વાર :–

लोअग्गठिआ सिद्धा, इह बुंदिं चइय पडिहय अलोए३ ।
फुसइ अणंते सिद्धे, सव्वपएसेहि सो सिद्धो ४ ॥ १८ ॥

અર્થ—(૩) ક્ષેત્રદ્વાર :–આ મનુષ્યક્ષેત્રમાં સર્વથા શરીરનો ત્યાગ કરીને લોકના અગ્રભાગમાં સિદ્ધશિલા ઉપર રહેલા અલોકથી રોકાયેલા ત્યાં જ રહે છે. (૪) સ્પર્શના દ્વાર :–વિવક્ષિત સમયમાં સિદ્ધ થયેલ તે સિદ્ધ અનંતા સિદ્ધોને પોતાના સર્વ પ્રદેશોથી સ્પર્શે.

ભાવાર્થ :–અલોકમાં ધર્માસ્તિકાય નહિ હોવાથી જીવ ગમન કરી શકતો નથી. વિવક્ષિત સમયમાં સિદ્ધ થયેલ અનંતા સિદ્ધોને પોતાના સર્વ પ્રદેશોથી સ્પર્શે અને જે તેના દેશ પ્રદેશોવડે સ્પર્શાય તે તેના કરતાં અસંખ્યાત ગુણા જાણવા.

આ રીતે મૂલ આઠ દ્વારમાં ત્રીજું ક્ષેત્રદ્વાર અને ચોથું સ્પર્શના દ્વાર જાણવું.

૫ કાળદ્વાર :–

जत्थट्ठसयं सिज्झइ, अट्ठउ समया निरंतरं तत्थ ।
वीस दसगेसु चउरो, दु सेसि जवमज्झि चत्तारि ५ ॥ १९ ॥

અર્થ—હવે મૂળના પાંચમા કાળદ્વારમાં ક્ષેત્રાદિ ૫ંદરે દ્વારમાં જે જે સ્થાને એક સમયે ઉત્કૃષ્ટ એકસો ને આઠ સિદ્ધ થાય ત્યાં નિરંતરપણે આઠ સમયનો કાળ કહેવો. જ્યાં એક સમયમાં વીશ અથવા દશ સિદ્ધ થાય ત્યાં ચાર સમયનો નિરંતરપણે કાળ જાણવો. બાકીના સ્થાને નિરંતરપણે બે સમયનો કાળ જાણવો. યવમધ્યમાં ચાર સમયનો નિરંતરપણે કાળ જાણવો.

ભાવાર્થ :- ઉત્તર દ્વાર ૧૫ મા દરેક દ્વારે કેટલા સિદ્ધ થાય તેનો વિચાર.

૧ **ક્ષેત્રદ્વાર**– ૫ંદર કર્મભૂમિમાં આઠ સમય સુધી નિરંતરપણે સિદ્ધ થાય. હરિવર્ષાદિ ૩૦ અકર્મભૂમિમાં અને અધોલોકમાં ચારસમય સુધી નિરંતરપણે સિદ્ધ થાય. નંદનવનમાં, પાંડુકવનમાં અને લવણસમુદ્રમાં બે બે સમય સુધી નિરંતરપણે સિદ્ધ થાય.

૨ **કાળદ્વાર**– ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળના ત્રીજા અને ચોથા આરામાં આઠ આઠ સમય સુધી સિદ્ધ થાય અને બાકીના આરામાં ચાર ચાર સમય સુધી નિરંતર સિદ્ધ થાય.

૩ **ગતિદ્વાર**– દેવગતિથી આવેલા આઠ સમય સુધી સિદ્ધ થાય, બાકીની ગતિમાંથી આવેલા ચાર સમય સુધી નિરંતર સિદ્ધ થાય.

૪ **વેદદ્વાર**– પુરુષવેદી આઠ સમય સુધી અને સ્ત્રી તથા નપુંસકવેદી ચાર સમય સુધી સિદ્ધ થાય.

પુરુષવેદમાંથી આવી પુરુષવેદમાં ઉપજ્યા હોય તે ભાંગાવાળા આઠ સમય સુધી સિદ્ધ થાય. બાકીના આઠ ભાંગાવાળા ચાર ચાર સમય સુધી નિરંતરપણે સિદ્ધ થાય.

૫ **તીર્થદ્વાર**– તીર્થંકર અને તીર્થંકરીના તીર્થમાં, અતીર્થંકર સિદ્ધ (તીર્થંકર થયા સિવાયના) ઉત્કૃષ્ટથી આઠ સમય સુધી સિદ્ધ થાય. તીર્થંકર અને તીર્થંકરી બે સમય સુધી નિરંતરપણે સિદ્ધ થાય.

૬ **લિંગદ્વાર**– સ્વલિંગે આઠ સમય, અન્યલિંગે ચાર સમય અને ગૃહસ્થલિંગે બે સમય સુધી નિરંતર સિદ્ધ થાય.

૭ **ચારિત્રદ્વાર**– તે ભવમાં પૂર્વે પરિહારવિશુદ્ધિ ચારિત્ર અનુભવનાર ચાર સમય સુધી, બાકીના ચારિત્રવાળા આઠ સમય સુધી નિરંતર સિદ્ધ થાય.

૮ **બુદ્ધદ્વાર**– સ્વયંબુદ્ધ બે સમય સુધી, બુદ્ધબોધિત આઠ સમય સુધી, પ્રત્યેકબુદ્ધ અને બુદ્ધિબોધિત સ્ત્રી અને પુરુષો સામાન્યથી ચાર સમય સુધી નિરંતર સિદ્ધ થાય.

૯ **જ્ઞાનદ્વાર**– મતિ, શ્રુતજ્ઞાની બે સમય સુધી,

મતિ, શ્રુત અને મનઃપર્યવજ્ઞાની ચાર સમય સુધી,
મતિ, શ્રુત અને અવધિજ્ઞાની તથા મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યવજ્ઞાની આઠ સમય સુધી નિરંતર સિદ્ધ થાય.

૧૦ **અવગાહનાદ્વાર**– ઉત્કૃષ્ટ અને જઘન્ય અવગાહનાવાળા બે બે સમય સુધી, યવમધ્યવાળા ચાર સમય સુધી અને મધ્યમ અવગાહનાવાળા આઠ સમય સુધી નિરંતર સિદ્ધ થાય.

૧૧ **ઉત્કૃષ્ટદ્વાર**– વર્તમાનકાળે સમ્યક્ત્વથી પડેલા બે સમય સુધી,
સંખ્યાતકાળથી તથા અસંખ્યાતકાળથી સમ્યક્ત્વથી પડેલા ચાર સમય સુધી અને અનંતકાળથી સમ્યક્ત્વથી પડેલા આઠ સમય સુધી નિરંતર સિદ્ધ થાય.

૧૨ થી ૧૫ સુધીના અંતરાદિ ચાર દ્વાર અહીં ઘટે નહિ. આ રીતે પાંચમું કાળદ્વાર કહ્યું.

૬ **અંતરદ્વાર** :–

જંબૂદ્દીવે ધાયઇ, ઓહ વિભાગે ય તિસુ વિદેહેસુ ।
વાસપહુત્તં અંતર, પુક્ખરદુવિદેહ વાસહિયં ॥ ૨૦ ॥

અર્થ :– ૧ ક્ષેત્રદ્વાર–જંબૂદ્વીપમાં અને ધાતકીખંડમાં સામાન્યપણે વર્ષપૃથક્ત્વનું (૨ થી ૯ વર્ષ) અંતર જાણવું, અને વિશેષથી જંબૂદ્વીપના એક મહાવિદેહ અને ધાતકીખંડના બે મહાવિદેહ મળી ત્રણ મહાવિદેહમાં પણ તેટલું જ અંતર જાણવું. સામાન્યપણે પુષ્કરાર્ધમાં અને વિશેષથી તેના બે વિદેહમાં વર્ષથી થોડું અધિક અંતર જાણવું.

મરહેરવએ જમ્મા, કાલો જુગલીણ સંખસમસહસા ।
સંહરણ નરયતિરિએ, સમસહસા સમસયપહુત્તં ॥ ૨૧ ॥

અર્થ– ૨ **કાળદ્વાર**: ભરત અને ઐરવતક્ષેત્રમાં જન્મથી યુગલિકના કાળ જેટલું (કાંઈક ન્યૂન અઢાર કોડાકોડી સાગરોપમનું) અંતર જાણવું. અવસર્પિણીના પહેલે, બીજે અને ત્રીજે તેમજ ઉત્સર્પિણીના ચોથે, પાંચમે અને છઠ્ઠે આરે સંહરણથી સંખ્યાતા હજાર વર્ષનું અંતર જાણવું.

૩ **ગતિદ્વાર** નરકગતિમાંથી આવેલાને હજાર વર્ષનું અને તિર્યંચગતિમાંથી આવેલાને શતપૃથક્ત્વવર્ષનું અંતર જાણવું.

तिरिईसुरनरनारीसूरीहिं उवएससिद्धीलद्धीए ।
वासहिअंतर अह सयबोहीओ संखसमसहसा ॥ २२ ॥

અર્થ: તિર્યંચિણી, દેવતા, મનુષ્ય, મનુષ્યસ્ત્રી અને દેવીમાંથી આવીને ઉપદેશ-લબ્ધિથી ઉપદેશથી સિદ્ધિ પામનારને સાધિક વર્ષ અંતર જાણવું અને સ્વયંબોધીને સંખ્યાતાં હજાર વર્ષનું અંતર જાણવું.

सयमुवएसा भूजलवण सुहमीसाणपढमदुगनरया ।
थीकीवेसुं भंगट्ठगे अ संखिज्जसमसहसा ॥ २३ ॥

અર્થ: પૃથ્વીકાય, અપ્કાય અને વનસ્પતિકાયથી તથા સૌધર્મ, ઈશાનદેવલોકથી, પ્રથમની બે નરકથી આવેલા સ્વયં તથા ઉપદેશથી સિદ્ધિ પામનારને સંખ્યાતા હજાર વર્ષનું અંતર જાણવું.

૪ વેદદ્વાર: સ્ત્રીવેદી અને નપુંસકવેદી તેમજ પૂર્વે કહેલા વેદના નવ ભાંગામાંથી પ્રથમ ભાંગા સિવાયના બાકીના આઠ ભાંગે સંખ્યાતા હજાર વર્ષનું અંતર જાણવું.

ભાવાર્થ: પુરુષવેદથી આવીને પુરુષવેદી થાય તે પ્રથમ ભાંગા સિવાયના બાકીના આઠ ભાંગા લેવા.

नरवेअपढमभंगे, वरिसं पत्तेअजिणजिणीसेसा ।
संखसमसहस पुव्वासहसपिहूणंतहिअवरिसं ॥ २४ ॥

અર્થ: પુરુષવેદીને તથા પ્રથમભાંગે પુરુષવેદથી આવીને પુરુષવેદી થઈને સિદ્ધ થાય તેને એક વર્ષનું અંતર જાણવું.

૫ તીર્થદ્વાર પ્રત્યેકબુદ્ધનું સંખ્યાતા હજાર વર્ષનું અંતર, તીર્થંકરને હજાર પૃથક્ત્વ પૂર્વ (બે હજારથી ૯ હજાર પૂર્વ)નું અંતર, તીર્થંકરીને અનંતકાળનું અંતર, બાકી રહેલા સર્વ પુરુષોને એક વર્ષ અધિક ઉત્કૃષ્ટ અંતર જાણવું.

संखसमसहस गिहि, अन्नलिंग हिअ वरिस तियरण सलिंगे ।
सेस चरित्ते जुअली, बुहबोहिअ पुरिसवरिसहिअं ॥ २५ ॥

અર્થ—**૬ લિંગદ્વાર**—ગૃહસ્થલિંગે અને અન્યલિંગે સંખ્યાતા હજાર વરસનું અંતર, સ્વલિંગે એક વરસ અધિક અંતર જાણવું. **૭ ચારિત્રદ્વાર**—સામાયિક સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત એ ત્રણ ચારિત્રમાં એક વરસ અધિક અંતર, અને શેષ ચારિત્રોમાં યુગલિકકાળ જેટલું અંતર જાણવું; **૮ બુદ્ધદ્વાર**—બુદ્ધબોધિત પુરુષોને વર્ષાધિક અંતર જાણવું.

ભાવાર્થ—સામાયિક, છેદોપસ્થાપનીય, સૂક્ષ્મસંપરાય યથાખ્યાત એ ચતુષ્ક-સંયોગી અને સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત

એ પંચસંયોગી આ બન્ને ભાંગાના ચારિત્રમાં યુગલિક કાળ જેટલું એટલે અઢાર કોડા-કોડી સાગરોપમમાં કાંઇક ન્યૂન એટલું અંતર જાણવું. કારણકે એ બે સંયોગી ભંગ ભરત અને ઐરવતક્ષેત્રમાં પહેલા, છેલ્લા તીર્થંકરના તીર્થમાં જ હોય છે તેથી ઉત્કૃષ્ટ તેટલું અંતર જાણવું.

संखसमसहस सेसा, पुव्वसहस्सप्पहुत्त संबुद्धे ।
महसुअ पलियअसंखो, भागोहिजुए ऽहिअं वरिसं ॥२६ ॥

અર્થ—બાકીના બુદ્ધિબોધિત સ્ત્રીનું અને પ્રત્યેકબુદ્ધનું સંખ્યાતા હજાર વર્ષનું અંતર, અને સ્વયંબુદ્ધનું હજાર પૃથક્ત્વ પૂર્વનું અંતર જાણવું. ૯ **જ્ઞાનદ્વાર**–મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનવંતનું પલ્યોપમના અસંખ્યાતમાં ભાગનું ઉત્કૃષ્ટ અંતર અને અવધિજ્ઞાન સહિત કરતા ત્રણજ્ઞાનવંતનું વર્ષાધિક અંતર જાણવું.

सेसदुभंगे संखा, समसहसा गुरुलहूइ जवमज्झे ।
सेढीअसंखभागो, मज्झवगाहे वरिसमहिअं ॥ २७ ॥

અર્થ—બાકીના બે ભાંગા મતિ, શ્રુત, મનઃપર્યવ એ ત્રણ જ્ઞાનવંતનું અને મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ. એ ચાર જ્ઞાનવંતનું સંખ્યાતા હજાર વર્ષનું ઉત્કૃષ્ટ અંતર જાણવું. ૧૦ **અવગાહનાદ્વારે**–ઉત્કૃષ્ટ અવગાહનાએ, જઘન્ય અવગાહનાએ અને યવમધ્યમાં શ્રેણીના અસંખ્યાતમા ભાગમાં જેટલા આકાશપ્રદેશ તેટલા સમયપ્રમાણ કાળનું અંતર જાણવું, અને મધ્યમ અવગાહનાએ વર્ષાધિક અંતર જાણવું.

ભાવાર્થ—ચૌદરાજ પ્રમાણ લોકનો બુદ્ધિપૂર્વક સાતરાજ પ્રમાણ ઘન થાય. તેની એક પ્રદેશી સાતરાજ લાંબી શ્રેણી કહેવાય છે. તેના અસંખ્યાતમા ભાગમાં જેટલા આકાશપ્રદેશ હોય તેમાંથી એક એક સમયે એક એક આકાશપ્રદેશ અપહરતાં જેટલો કાળ જાય તેટલું અંતર જાણવું.

अदुअ असंखं सुअही, अणंतहिअवास सेस संखसमा ।
संतर अणंतरं इग, अणेग समसहस संखिज्जा ॥ २८ ॥

અર્થ—૧૧ **ઉત્કૃષ્ટદ્વાર**–સમકિતથી નહિ પડેલાને સાગરોપમના અસંખ્યાતમા ભાગનું અંતર જાણવું. અનંતકાળથી સમકિતથી પડેલાને વર્ષાધિક અંતર અને બાકીના અસંખ્યાતકાળથી તથા સંખ્યાતકાળથી સમકિતથી પડેલાને સંખ્યાતા વર્ષનું અંતર જાણવું. ૧૨ **અન્તરદ્વાર**–સાંતર (એક એક સમયને છોડીને થયેલા) સિદ્ધને સંખ્યાતા હજાર વર્ષનું અંતર જાણવું. ૧૩ **અનુસમયદ્વાર**–નિરંતર સિદ્ધને સંખ્યાતા હજાર વર્ષનું અંતર જાણવું. ૧૪ **ગણનાદ્વાર**–એક સિદ્ધને તથા અનેક સિદ્ધને સંખ્યાતા હજાર વર્ષનું અંતર જાણવું.

इअ गुरुअंतरमुत्तं, लहु समओ ६ भाव सव्वहिं रवइओ ७ ।
चउ दस वीसा वीसप्पहुत्त अट्ठसयं कमसो ॥ २९ ॥

सम थोव समा संखागुणिआ इय भणिअणंतरा सिद्धा ।
अह उ परंपरसिद्धा, अप्पबहुं मुत्तु भणिअत्था ॥ ३० ॥

અર્થ—આ પ્રમાણે ઉત્કૃષ્ટથી અંતર કહ્યું. જઘન્યથી દરેકનું એક સમયનું અંતર જાણવું. (આ પ્રમાણે છઠ્ઠું અંતર દ્વાર કહ્યું.)

૭ ભાવદ્વાર :

ક્ષેત્રાદિ સર્વ દ્વારો ક્ષાયિક ભાવમાં જાણવા. (આ પ્રમાણે સાતમું ભાવદ્વાર કહ્યું)

૮ અલ્પબહુત્વદ્વાર :–

ચાર, દશ, વીસ, વીશ પૃથક્ત્વ અને એકસો આઠ અનુક્રમે પરસ્પર તુલ્ય, થોડા, તેની સરખા અને સંખ્યાતગુણા જાણવા. (આ રીતે અલ્પબહુત્વદ્વાર પૂર્ણ થયું.)

ભાવાર્થ :–(૮) અલ્પબહુત્વદ્વાર :

જે તીર્થંકરો અને જળમાં તથા ઊર્ધ્વલોકાદિમાં ચાર ચાર સિદ્ધ થનારા કહ્યા છે અને હરિવર્ષાદિમાં સંહરણથી દશ દશ સિદ્ધ થનારા કહ્યા છે તે પરસ્પર તુલ્ય છે, કારણ કે ઉત્કૃષ્ટથી એક સાથે એક સમયમાં તેટલા પ્રાપ્ત થતા હોવાથી સમાન છે. તેના કરતા વીશ સિદ્ધ થનારા સ્ત્રીમાં અને દુષમઆરામાં તેમજ એક એક વિજયમાં પ્રાપ્ત થાય છે તે થોડા છે તેની સમાન વીશ પૃથક્ત્વ સિદ્ધ જાણવા. કારણ કે તે અધોલૌકિક ગ્રામમાં અને બુદ્ધિબોધિત સ્ત્રી આદિમાં હોય છે. તે વીશ સિદ્ધની તુલ્ય સમજવા. ક્ષેત્રકાળનું સ્વલ્પપણું હોવાથી અને કદાચિત સંભવ હોવાથી તેના કરતાં એકસો આઠ સિદ્ધ સંખ્યાતગુણા જાણવા. આ પ્રમાણે ક્રમ સમજવો.

આ રીતે પૂર્વે કહેલા પ્રકારથી અનન્તર સિદ્ધમાં સત્પદાદિ આઠ દ્વાર કહ્યા.

પરંપર સિદ્ધમાં સત્પદાદિ દ્વારો :

અલ્પબહુત્વ વિના બાકીના સાતદ્વાર અનન્તર સિદ્ધમા કહ્યા છે તે જ પ્રકારે જાણવા.

પરંપરસિદ્ધમાં વિશેષતા :

દ્રવ્ય પ્રમાણનાં ક્ષેત્રાદિ સર્વદ્વારોમાં અનંતા કહેવા ક્ષેત્ર અને સ્પર્શના પૂર્વની જેમ જાણવી. કાળ અનાદિઅનંત જાણવો અંતરનો અસંભવ હોવાથી અંતર ન હોય.

પરંપર સિદ્ધમાં અલ્પબહુત્વદ્વાર :

सामुद्द दीव जल थल, थोवा संखगुण थोव संखगुणा ।
उड्ढ अह तिरिअलोए, थोवा दुन्नि पुण संखगुणा ॥ ३१ ॥

અર્થ: ૧ **ક્ષેત્રદ્વાર**: સમુદ્રમાં સિદ્ધ થયેલા થોડા, દ્વીપમાં સિદ્ધ થયેલા સંખ્યાતગુણા, જળમાં સિદ્ધ થયેલા થોડા, સ્થલમાં સિદ્ધ થયેલા સંખ્યાતગુણા તથા ઊર્ધ્વલોકમાં સિદ્ધ થયેલા થોડા અને અધોલોકમાં સંખ્યાતગુણા. તેથી તિર્છાલોકમાં સંખ્યાતગુણા જાણવા.

लवणे कालोअम्मि य, जंबुद्दीवे अ धायईसंडे ।
पुक्खरवरदीवड्ढे कमसो थोवा उ संखगुणा ॥ ३२ ॥

અર્થ: લવણસમુદ્રમાં સિદ્ધ થયેલા થોડા, તેનાથી કાલોદધિમાં સંખ્યાતગુણા, તેથી અનુક્રમે જંબૂદ્વીપમાં, ધાતકીખંડમાં અને પુષ્કરવરદ્વીપાર્ધમાં સંખ્યાતગુણા જાણવા.

हिमवंते हेमवए, महहिमवं कुरूसु हरि निसढ भरहे ।
संखगुणा य विदेहे, जंबूदीवे समा सेसे ॥ ३३ ॥

અર્થ: જંબૂદ્વીપમાં બાકી રહેલા ક્ષેત્ર અને પર્વતમાં સમાન જાણવા તે કહે છે. જંબૂદ્વીપના હિમવંત પર્વતમાં અને શિખરી પર્વતમાં સિદ્ધ થયેલા થોડા, તેથી હૈમવંતક્ષેત્ર અને ઐરણ્યવતક્ષેત્રમાં સંખ્યાતગુણા. તેથી મહાહિમવંત પર્વત અને રૂક્મી પવર્તમાં સંખ્યાતગુણા, તેથી દેવકુરૂક્ષેત્રમાં અને ઉત્તરકુરૂક્ષેત્રમાં સંખ્યાતગુણા, તેથી હરિવર્ષક્ષેત્રમાં અને રમ્યક્ક્ષેત્રમાં સંખ્યાતગુણા, તેથી નિષધપર્વતમાં તથા નીલવંત-પર્વતમાં સંખ્યાતગુણા, તેથી ભરતક્ષેત્રમાં અને ઐરવતક્ષેત્રમાં સંખ્યાતગુણા, તેથી મહાવિદેહક્ષેત્રમાં સંખ્યાતગુણા જાણવા.

ભાવાર્થ: જ્યાં જ્યાં સંખ્યાતગુણા કહ્યા છે ત્યાં ત્યાં ક્ષેત્રનું બાહુલ્યપણું હોવાથી કહ્યા છે અને જે જે સ્થળે સરખા કહ્યા છે ત્યાં ત્યાં ક્ષેત્રનું સરખાપણું હોવાથી કહ્યા છે.

મહાવિદેહમાં સદા મોક્ષમાર્ગ ચાલુ હોવાથી તેમજ ક્ષેત્ર મોટું હોવાથી સૌથી વધુ સિદ્ધ થાય છે.

चुल्ल महाहिमव निसढे, हेमकुरूहरिसु भारह विदेहे ।
चउ छट्ठे साहीया, धायइ सेसा उ संखगुणा ॥ ३४ ॥

અર્થ:–ધાતકીખંડમાં ચોથા અને છઠ્ઠા સ્થાનમાં સાધિક અને બાકીના સ્થાનમાં સંખ્યાત ગુણા કહેવા. તે નીચે મુજબ. ધાતકીખંડમાં લઘુહિમવંત પર્વતમાં સિદ્ધ થયેલા થોડા, તેથી મહાહિમવંતપર્વતમાં સંખ્યાતગુણા, તેથી નિષધપર્વતમાં સંખ્યાતગુણા, તેથી હૈમવંતક્ષેત્રમાં વિશેષાધિક, તેથી દેવકુરૂમાં સંખ્યાતગુણા, તેથી હરિવર્ષક્ષેત્રમાં વિશેષાધિક, તેથી ભરતક્ષેત્રમાં સંખ્યાતગુણા, તેથી મહાવિદેહમાં સંખ્યાતગુણા, મોક્ષમાર્ગનું સ્વસ્થાન હોવાથી તેમજ ક્ષેત્રની બાહુલ્યતા હોવાથી જાણવા.

पुक्खरवरे ऽवि एवं, चउत्थठाणंमि नवरि संखगुणा ।
एसुं संहरणेणं, सिज्झंति समा य समगेसु ॥ ३५ ॥

અર્થ :–પુષ્કરાર્ધમાં પણ ધાતકીખંડની જેમ જાણવું પણ એટલું વિશેષ છે કે ચોથા સ્થાનમાં એટલે હેમવંતક્ષેત્રમાં સંખ્યાતગુણા જાણવા. હિમવંતાદિ પર્વતોમાં તો દેવાદિના સંહરણથી સિદ્ધ થાય છે. ધાતકીખંડ અને પુષ્કરાર્ધમાં બાકી રહેલા સમાન પર્વત અને ક્ષેત્રમાં સિદ્ધની સંખ્યા સમાન જાણવી.

ભાવાર્થ :–હિમવંતાદિ પર્વતોમાં મનુષ્યોની ઉત્પત્તિનો અભાવ હોવા છતાં પણ દેવાદિના સંહરણથી સિદ્ધ થાય છે. અને એ રીતે શિખરી આદિ પર્વતોમાં પણ સમજવું.

ધાતકીખંડ અને પુષ્કરાર્ધમાં રહેલા બાકીના ક્ષેત્ર પર્વતમાં આ રીતે :– જેમકે હેમવંતક્ષેત્ર જેટલા ઐરણ્યવત ક્ષેત્રમાં, દેવકુરૂ જેટલા ઉત્તરકુરૂમાં અને હિમવંતપર્વત જેટલા શિખરીપર્વતમાં અને મહાહિમવંત જેટલા રૂક્મિપર્વતમાં સિદ્ધ થાય છે.

સર્વક્ષેત્ર અને પર્વતોનું સાથે અલ્પબહુત્વ :–

जंबुनिसहंत मीसे, जं भणिअं पुव्वमहिअ बीअहिमे ।
दु ति महहिम हिमवंते, निसढ महाहिमव बिअहिमवे ॥ ३६ ॥
तिअनिसहे बिअकुरुसुं, हरिसु अ तह तइअ हेमकुरुहरिसु ।
दु दु संख एग अहिआ, कम भरह विदेह तिग संखा ॥ ३७ ॥

અર્થ :–બે સમાનક્ષેત્ર અને બે સમાન પર્વતવાળા જંબૂદ્વીપમાં નિષધપર્વત સુધી જેમ પ્રથમ કહ્યું છે તેમજ જાણવું. તેથી બીજા ધાતકીખંડના બે હિમવંતપર્વતમાં વિશેષાધિક, તેથી બીજા ધાતકીખંડના બે મહાહિમવંતપર્વતમાં સંખ્યાતગુણાં, તેથી ત્રીજા પુષ્કરાર્ધના બે હિમવંતપર્વતમાં સંખ્યાતગુણા, તેથી બીજા ધાતકીખંડના બે નિષધપર્વતમાં સંખ્યાતગુણા કે વિશેષાધિક.

(સાડત્રીશમી ગાથામાં બે બે સંખ્યાતગુણા અને એક વિશેષાધિક એમ કહેલ છે એ ક્રમ પ્રમાણે તો વિશેષાધિક જોઇએ પણ ટીકામાં દશમા સ્થાનમાં સંખ્યાતગુણા લખેલ છે.)

તેથી ત્રીજા પુષ્કરાર્ધના બે મહાહિમવંતપર્વતમાં સંખ્યાતગુણા, તેથી બીજા ધાતકીખંડના બે હૈમવંતક્ષેત્રમાં વિશેષાધિક, તેથી ત્રીજા પુષ્કરાર્ધના બે નિષધપર્વતમાં સંખ્યાતગુણા, તેથી બીજા ધાતકીખંડના બે હરિવર્ષક્ષેત્રમાં વિશેષાધિક, તેથી ત્રીજા પુષ્કરાર્ધના બે હેમવંતક્ષેત્રમાં સંખ્યાતગુણા, તેથી ત્રીજા પુષ્કરાર્ધના બે દેવકુરૂમાં સંખ્યાતગુણા, તેથી ત્રીજા પુષ્કરાર્ધના બે હરિવર્ષક્ષેત્રમાં વિશેષાધિક. એમ બે બે સંખ્યાતગુણા અને એક વિશેષાધિક જાણવા. અનુક્રમે ભરતત્રિકમાં અને મહાવિદેહત્રિકમાં સંખ્યાતગુણા જાણવા.

ભાવાર્થ :-અઢીદ્વીપમાં પર'પર સિદ્ધનું મિશ્ર અલ્પબહુત્વ

૧	જંબૂદ્વીપમાં હિમવંતપર્વતે	સિદ્ધ થયેલા	થોડા
૨	,, હિમવંતક્ષેત્રમાં	,,	સંખ્યાતગુણા
૩	,, મહાહિમવંતપર્વતમાં	,,	,,
૪	,, દેવકુરૂ ક્ષેત્રમાં	,,	,,
૫	,, હરિવર્ષ ક્ષેત્રમાં	,,	,,
૬	,, નિષધ પર્વતમાં	,,	,,
૭	ધાતકીખંડના બે હિમવંતપર્વતમાં	,,	વિશેષાધિક
૮	,, બે મહાહિમવંતપર્વતમાં	,,	સંખ્યાતગુણા
૯	પુષ્કરાર્ધમાં બે હિમવંતપર્વતમાં	,,	,,
૧૦	ધાતકીખંડના બે નિષધપર્વતમાં	,,	વિશેષાધિક
૧૧	પુષ્કરાર્ધના બે મહાહિમવંતપર્વતમાં	,,	સંખ્યાતગુણા
૧૨	ધાતકીખંડના બે હિમવંતક્ષેત્રમાં	,,	વિશેષાધિક
૧૩	પુષ્કરાર્ધના બે નિષધ પર્વતમાં	,,	સંખ્યાતગુણા
૧૪	ધાતકીખંડના બે દેવકુરૂમાં	,,	સંખ્યાતગુણા
૧૫	,, બે હરિવર્ષક્ષેત્રમાં	,,	વિશેષાધિક
૧૬	પુષ્કરાર્ધનાં બે હિમવંતક્ષેત્રમાં	,,	સંખ્યાતગુણા
૧૭	,, બે દેવકુરૂક્ષેત્રમાં	,,	,,
૧૮	,, બે હરિવર્ષક્ષેત્રમાં	,,	વિશેષાધિક
૧૯	જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં	,,	સંખ્યાતગુણા
૨૦	ધાતકીખંડના બે ભરતક્ષેત્રમાં	,,	,,
૨૧	પુષ્કરાર્ધના બે ભરતક્ષેત્રમાં	,,	,,
૨૨	જંબૂદ્વીપના મહાવિદેહમાં	,,	,,
૨૩	ધાતકીખંડના બે મહાવિદેહમાં	,,	,,
૨૪	પુષ્કરાર્ધના બે મહાવિદેહમાં	,,	,,

ઉપર જણાવેલા દ્વીપના સમાન પ્રમાણવાળા ક્ષેત્ર અને પર્વતોનું તે તે દ્વીપમાં કહ્યા પ્રમાણે સમાન પ્રમાણ જાણવું. એટલે ધાતકીખંડના એક ભરતક્ષેત્રનું કહ્યું તેટલું જ તેના બીજા ભરતક્ષેત્રનું તથા તેના બે ઐરવતક્ષેત્રનું એમ ચારે ક્ષેત્રનું જાણવું.

એવી રીતે પ્રથમ ક્ષેત્રદ્વારનું અલ્પબહુત્વ કહ્યું.

બીજા કાળદ્વારમાં અલ્પબહુત્વ :-

દુસમદુસમાઇ થોવા, દુસમ સંખગુણ સુસમદુસમાએ ।
અસ્સંખા પણ છટ્ઠે, અદ્ધિઆ તુરિઅંમિ સંખ ગુણા ॥૩૮॥

અર્થ:-કાળદ્વાર-૧ સંહરણથી અવસર્પિણીના દુષમદુષમઆરામાં સિદ્ધ થોડા. ૨ તેથી દુષમઆરામાં સંખ્યાતગુણા. ૩ તેથી સુષમદુષમઆરામાં અસંખ્યાતગુણા. (કાળનું અસંખ્યેયપણું હોવાથી.) ૪ તેથી સુષમઆરામાં વિશેષાધિક. ૫ તેથી સુષમદુષમઆરામાં વિશેષાધિક. ૬ તેથી દુષમસુષમઆરામાં સંખ્યાતગુણા જાણવા.

અવસપ્પિણિઅરએસું, એવં ઓસપ્પિણીઇ મીસે વિ ।
પરમુવસપ્પિણી દુસ્સમ, અદ્ધિઆ સેસેસુ દુસુવિસમા ॥૩૯॥

અર્થ :-અવસર્પિણીના આરાની જેમ જ ઉત્સર્પિણી આરામાં અલ્પબહુત્વ જાણવું. અવસર્પિણી ઉત્સર્પિણીરૂપ મિશ્રમાં એટલે મહાવિદેહક્ષેત્રમાં પણ તેવી જ રીતે જાણવું. પણ એટલું વિશેષ કે ઉત્સર્પિણીના દુષમઆરામાં વિશેષાધિક જાણવા. અવસર્પિણી ઉત્સર્પિણીના બાકીના આરામાં સમાન જાણવા.

ભાવાર્થ :-તે આ પ્રમાણે :-

૧ અવસર્પિણી ઉત્સર્પિણી બંનેના દુષમદુષમ આરામાં સિદ્ધ થોડા.
૨ તેથી ઉત્સર્પિણીના દુષમ આરામાં સિદ્ધ વિશેષાધિક.
૩ તેથી અવસર્પિણીના દુષમ આરામાં સિદ્ધ સંખ્યાતગુણા.
૪ તેથી અવસર્પિણી ઉત્સર્પિણી બંનેના સુષમદુષમ આરામાં અસંખ્યાતગુણા.
૫ તેથી ,, ,, ,, સુષમ આરામાં વિશેષાધિક.
૬ તેથી ,, ,, ,, સુષમસુષમ આરામાં વિશેષાધિક.
૭ તેથી ,, ,, ,, દુષમસુષમ આરામાં સંખ્યાતગુણા.
૮ તેથી અવસર્પિણીના સર્વ સિદ્ધ સંખ્યાતગુણા.
૯ તેથી ઉત્સર્પિણીના સર્વ સિદ્ધ વિશેષાધિક.

૩ ગતિદ્વાર :-

થી ૧ નર ૨ નરય ૩ તિરિત્થી ૪,
તિરિ ૫ દેવી ૬ દેવ ૭ થોવ ૧ સંખગુણા ૬ ।
ઈગ ૧ પણિંદિ ૨ થોવ ૧ સંખા ૨,
તરુ ૧ ભૂ ૨ જલ ૩ તસિદ્ધિ ૪ સંખગુણા ॥ ૪૦ ॥

અર્થ :–૧ મનુષ્યસ્ત્રીથી અનન્તર આવીને સિદ્ધ થયેલા થોડા
૨ તેથી મનુષ્યથી ,, ,, ,, ,, સંખ્યાતગુણા
૩ ,, નારકીથી ,, ,, ,, ,, ,,
૪ ,, તિર્યંચિણીથી ,, ,, ,, ,, ,,
૫ ,, તિર્યંચથી ,, ,, ,, ,, ,,
૬ ,, દેવીથી ,, ,, ,, ,, ,,
૭ ,, દેવથી ,, ,, ,, ,, ,,
૧ એકેંદ્રિયથી ,, ,, ,, ,, થોડા
૨ તેથી પંચેન્દ્રિયથી ,, ,, ,, ,, સંખ્યાતગુણા
૧ વનસ્પતિકાયથી ,, ,, ,, ,, થોડા
૨ તેથી પૃથ્વીકાયથી ,, ,, ,, ,, સંખ્યાતગુણા
૩ ,, અપ્કાયથી ,, ,, ,, ,, ,,
૪ ,, ત્રસકાયથી ,, ,, ,, ,, ,,

चउ १ ति २ दुग ३ नरय तरु ४,
मणि पं जल ६ भवण ७–८ वणिंद ९–१० जोइ ११ देविसुरा १२।
नारी १३ नर १४ रयणाए १५,
तिरिई १६ तिरि १७ णुत्तरा य १८–१९ सुरा २० ॥४९॥
दुपदमदिवदेवि ३०–३१ सुरा ३२ ३३

અર્થ—૧ ચોથી નરકથી આવીને સિદ્ધ થયેલા થોડા
૨ તેથી તેઉ કાયથી ,, ,, ,, સંખ્યાતગુણા
૩ તેથી બીજી નરકથી ,, ,, ,, ,,
૪ તેથી પર્યાપ્તા બાદર-
પ્રત્યેક વનસ્પતિથી ,, ,, ,, ,,
૫ તેથી પર્યાપ્તા બાદર પૃથ્વીકાયથી ,, ,, ,,
૬ તેથી પર્યાપ્તા બાદર અપ્કાયથી ,, ,, ,,
૭ ,, ભવનપતિની દેવીથી ,, ,, ,,
૮ ,, ભવનપતિના દેવથી ,, ,, ,,
૯ તેથી વ્યન્તરની દેવીથી સિદ્ધ થયેલા સંખ્યાતગુણા
૧૦ તેથી વ્યન્તરના દેવથી સિદ્ધ થયેલા સંખ્યાતગુણા
૧૧ ,, જ્યોતિષ્કદેવીથી ,, ,, ,,
૧૨ ,, જ્યોતિષ્ક દેવથી ,, ,, ,,

૧૩ ,, મનુષ્યસ્ત્રીથી ,, ,, ,,
૧૪ ,, મનુષ્યથી ,, ,, ,,
૧૫ ,, રત્નપ્રભા પહેલી નરકથી ,, ,, ,,
૧૬ ,, તિર્યંચિણીથી ,, ,, ,,
૧૭ ,, તિર્યંચથી ,, ,, ,,
૧૮ ,, પાંચ અનુત્તરથી ,, ,, ,,
૧૯ ,, નવ ગ્રૈવેયકથી ,, ,, ,,
૨૦ ,, અચ્યુત દેવલોકથી ,, ,, ,,
૨૧ ,, આરણ ,, ,, ,, ,,
૨૨ ,, પ્રાણુત ,, ,, ,, ,,
૨૩ ,, આનત ,, ,, ,, ,,
૨૪ ,, સહસ્રાર ,, ,, ,, ,,
૨૫ ,, શુક્ર ,, ,, ,, ,,
૨૬ ,, લાંતક ,, ,, ,, ,,
૨૭ ,, બ્રહ્મ ,, ,, ,, ,,
૨૮ ,, માહેંદ્ર ,, ,, ,, ,,
૨૯ ,, સનત્કુમાર ,, ,, ,, ,,
૩૦ તેથી ઇશાન દેવલોકની દેવીથી સિદ્ધ થયેલા સંખ્યાતગુણા
૩૧ ,, સૌધર્મ દેવલોકની દેવીથી સિદ્ધ થયેલા ,,
૩૨ ,, ઇશાન દેવલોકના દેવથી ,, ,, ,,
૩૩ ,, સૌધર્મ દેવલોકના દેવથી ,, ,, ,,

૪–૫–૬ વેદલિંગ અને તીર્થદ્વાર :–

कीवि त्थी नर ४ गिहन्ननिअलिंगे ५ ।
तित्थयरि तित्थपत्ते, समणी मुणि कमिणसंखगुणा ॥ ४२ ॥
तित्थयर तित्थपत्ते, समणी मुणिणंतसंखसंखगुणा ॥ ६ ॥

અર્થ—૪ વેદદ્વાર :–નપુંસકવેદે સિદ્ધ થયેલા થોડા
તેથી સ્ત્રીવેદે ,, ,, સંખ્યાતગુણા
તેથી પુરુષવેદે ,, ,, ,,

૫ લિંગદ્વાર :–ગૃહસ્થલિંગે સિદ્ધ થયેલા થોડા
તેથી અન્યલિંગે ,, ,, અસંખ્યાતગુણા
તેથી સ્વલિંગે ,, ,, અસંખ્યાતગુણા

૬ **તીર્થદ્વાર** :–તીર્થંકરીપણે સિદ્ધ થયેલા થોડા
તેથી એના જ તીર્થમાં પ્રત્યેકબુદ્ધસિદ્ધ સંખ્યાતગુણા.
તેથી એના જ તીર્થમાં અતીર્થંકરી–સામાન્ય સાધ્વી થઇને સિદ્ધ અને તેના જ તીર્થમાં સાધુ થઇને સિદ્ધ અનુક્રમે સંખ્યાતગુણા જાણવા.
તેથી તીર્થંકર સિદ્ધ અનંતગુણા.
તેથી તીર્થંકરના જ તીર્થના પ્રત્યેકબુદ્ધસિદ્ધ સંખ્યાતગુણા.
તેથી તેના તીર્થમાં શ્રમણીસિદ્ધ સંખ્યાતગુણા.
તેથી તેના તીર્થમાં મુનિસિદ્ધ સંખ્યાતગુણા.

૭ **ચારિત્રદ્વાર**—

परिहार चउग पणगे, छेय ति चउ सेसचरणंमि ॥ ४३ ॥
संख असंख दु संखा ७

અર્થ—૭ **ચારિત્રદ્વાર** :–છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત. આ ચાર ચારિત્રી સિદ્ધ થોડા, (અહીં છેદોપસ્થાપનીય ભગ્નચારિત્રીની અપેક્ષાનું જાણવું.) તેથી સામાયિક સહિત પાંચ ચારિત્રી સિદ્ધ સંખ્યાતગુણા. તેથી છેદો૦ સૂક્ષ્મ૦ યથા૦ આ ત્રણ ચારિત્રવાળા અસંખ્યાતગુણા. તેથી સામાયિક, છેદો૦ સૂક્ષ્મ૦ યથા૦ આ ચાર ચારિત્રવાળા સિદ્ધ અને બાકીના સામાયિક. સૂક્ષ્મ૦, યથા૦, આ ત્રણ ચારિત્રવાળા સિદ્ધ. આ બન્ને એક એકથી સંખ્યાતગુણા છે.

૮–૯ **બુદ્ધ જ્ઞાનદ્વાર**—

संपत्ते बुद्धि बुद्ध संखगुणा ८ ।
मणजुअ थोवा मइसुअ, संख चउ असंख तिग संखा ९ ॥ ४४ ॥

અર્થ—૮ **બુદ્ધદ્વાર** :–સ્વયંબુદ્ધ સિદ્ધ થોડા.
તેથી પ્રત્યેકબુદ્ધ સંખ્યાતગુણા.
તેથી બુદ્ધિબોધિત સંખ્યાતગુણા અને
તેથી બુદ્ધબોધિત સંખ્યાતગુણા.

૯ **જ્ઞાનદ્વાર** :–મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન ને મનઃપર્યવજ્ઞાને સિદ્ધ થયેલા થોડા.
તેથી મતિજ્ઞાન, અને શ્રુતજ્ઞાને સિદ્ધિ પામેલા સંખ્યાતગુણા.
તેથી મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન આ ચાર જ્ઞાને સિદ્ધ થયેલા અસંખ્યાતગુણા.
તેથી મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન આ ત્રણ જ્ઞાને સિદ્ધ થયેલા સંખ્યાતગુણા જાણવા.

૧૦–૧૧ અનુસમય અને ઉત્કૃષ્ટદ્વાર—

અડસમયસિદ્ધ થોવા, સંખિજ્જગુણા ઉ સત્તસમયાઈ ૧૦ ।
અચુઅ ચુઅ તીસુ થોવા, અસંખ સંખા અસંખા ય ૧૧ ॥ ૪૫ ॥

અર્થ—૧૦ અનુસમયદ્વાર :–આઠ સમય સુધી નિરંતર સિદ્ધ થોડા.
તેથી સાત સમય સુધી સિદ્ધ થયેલા સંખ્યાતગુણા.

એવી રીતે સમય સમયની હાનિ કરતાં બે સમય સિદ્ધ સુધી સંખ્યાતગુણા જાણવા. એક સમય સિદ્ધમાં નિરંતરપણાનો અભાવ હોવાથી તેનું અલ્પબહુત્વ નથી.

૧૧ ઉત્કૃષ્ટદ્વાર :–સમ્યક્ત્વથી નહિ પડેલા સિદ્ધ થયેલા થોડા.
તેથી સંખ્યાતકાળથી સમ્યક્ત્વથી પડીને સિદ્ધ થયેલા અસંખ્યાતગુણા
તેથી અસંખ્યાતકાળથી ,, ,, ,, ,, ,,
તેથી અનંતકાળથી ,, ,, ,, ,, ,,

૧૨–૧૩ અંતર અને અવગાહનાદ્વાર—

એગો જા જવમજ્ઝં, સંખગુણ પરા ઉ સંખગુણહીણા ।
છમ્માસંતા ૧૨ લહુ ગુરુ, મજ્ઝ તણૂ થોવ દુઅસંખા ૧૩ ॥ ૪૬ ॥

અર્થ :— **૧૨ અન્તરદ્વાર** :– છ માસના ઉત્કૃષ્ટ અંતરે સિદ્ધ થયેલા થોડા. તેથી એક સમયના અંતરે સિદ્ધ થયેલા સંખ્યાતગુણા. તેથી બે સમયના અંતરે સિદ્ધ થયેલા સંખ્યાત ગુણા. એ પ્રમાણે સમય સમય વિશેષ અંતરે સંખ્યાતગુણ યવમધ્ય સુધી (ત્રણ માસ સુધી) જાણવું. ત્યારપછી આગળ ત્રણ માસ ને એક સમયને અંતરે સિદ્ધ થયેલા સંખ્યાતગુણહીન, તેથી સમયાધિક અંતરે સિદ્ધ થયેલા સંખ્યાતગુણહીન, એ પ્રમાણે સમય સમય વિશેષ અંતરને વિષે સંખ્યાતગુણહીન કરતાં યાવત્ છ માસમાં એક સમયહીન સુધી કહેવું.
૧૩ અવગાહનાદ્વાર :–જઘન્ય અવગાહનાએ સિદ્ધ થયેલા થોડા. તેથી ઉત્કૃષ્ટ અવગાહનાએ સિદ્ધ થયેલા અને મધ્યમ અવગાહનાએ સિદ્ધ થયેલા બંને અસંખ્યાત અસંખ્યાતગુણા.

ભાવાર્થ :- ટીકામાં આટલું વિશેષ છે કે સર્વથી સાત હાથની અવગાહનાવાળા સિદ્ધ થોડા, તેથી પાંચશો ધનુષની અવગાહનાવાળા વિશેષાધિક જાણવા.

૧૪. ગણનાદ્વાર—

અટ્ઠસયસિદ્ધ થોવા, સત્તહિઅ અણંતગુણિઅ જા પન્ના ।
જા પણવીસમસંખા, એગંતા જાવ સંખગુણા ૧૪ ॥ ૪૭ ॥

અર્થ :— **ગણનાદ્વાર** – એક સમયે એકસો ને આઠ સિદ્ધ થએલા થોડા, તેથી એકસો સાત સિદ્ધ થએલા અનંતગુણા, યાવત્ પચાસ સુધી–અનંતગુણ અનંતગુણ જાણવા.

તેથી ઓગણપચાસ સિદ્ધ થયેલ અસંખ્યાતગુણા, તેથી અડતાલીશ સિદ્ધ થયેલ અસંખ્યાતગુણા, એમ અસંખ્યાતગુણ પચીશ સુધી કહેવું. તેથી ચોવીસ સિદ્ધ થએલ સંખ્યાતગુણા. તેથી ત્રેવીસ સિદ્ધ થયેલ સંખ્યાતગુણા. એમ એક એક ઓછા કરતાં બે સિદ્ધથી એક સિદ્ધ સંખ્યાતગુણ જાણવા.

અલ્પબહુત્વદ્વારમાં વિશેષતા

उम्मंथिअ उद्धट्ठिअ, उक्कडि वीरासणे निउंजे अ ।
पासिल्लग उत्ताणग, सिद्धा उ कमेण संखगुणा १५ ॥ ४८ ॥

૧૫ અલ્પબહુત્વદ્વાર—

૧ ઉન્મથિત આસને સિદ્ધ થયેલા થોડા, ૨ તેથી ઊર્ધ્વસ્થિત સિદ્ધ થએલ સંખ્યાતગુણા, તેથી, ૩ ઉત્કટ આસને ૪ વીરાસને, ૫ ન્યુબ્જાસને, ૬ એકપાસે, ૭ ઉત્તાનાસને સિદ્ધિ પામેલા અનુક્રમે સંખ્યાતગુણા જાણવા. આ રીતે પંદર દ્વારે અલ્પબહુત્વ કહ્યું.

ભાવાર્થ :— ઉન્મથિતઆસન :- અધોમુખે રહેલા પૂર્વ વૈરી પગવડે ઉપાડીને લઈ જાય ત્યારે અથવા અધોમુખ કાયોત્સર્ગે રહેલ હોય ત્યારે જે આસન હોય તે.

ઉત્કટઆસન :- બે પગના તળીયાં જમીન ઉપર રાખીને અદ્ધર બેસીને જે આસન થાય તે. **વીરાસન :-** ખુરસી ઉપર બેઠા પછી પાછળથી તે ખુરશી લઈ લઇએ અને જે આસન થાય તે.

ન્યુબ્જાસન :- બેસીને નીચે દૃષ્ટિ રાખવી એ આસને બેઠેલા તે ન્યુબ્જાસન કહેવાય છે.

પાસિલ્લગ- એક પાસે (ડાબા પડખે કે જમણા પડખે) સૂઈ રહેવું તે.

ઉત્તાનાસન - ચત્તા સૂઈ રહેવું તે.

૯ સંનિકર્ષદ્વાર—

સર્વગત અલ્પબહુત્વમાં વિશેષ જણાવવા સંનિકર્ષદ્વારથી વિચારણા

पणवीस पन्न अडसय, पण दस वीसाय ति पण दसगं च ।
संख असंख अणंत य, गुणहाणि चउट्ठआइंता ॥ ४९ ॥
इग दुग इग दुग चउ बहुणंत, बहु असंखणंतगुणहीणा ।
इय सिद्धाण सरूवं, लिहिअं देविंदसूरीहिं ॥ ५० ॥

અર્થ :— સંનિકર્ષદ્વાર :- જ્યાં જ્યાં એકસોને આઠ સિદ્ધ પામતા હોય ત્યાં આ પ્રમાણે વ્યાપ્તિ જાણવી.

એક એક સિદ્ધિ પામેલા ઘણા,

બે બે સિદ્ધિ પામેલા સંખ્યાતગુણ હીન યાવત્ પચીશ સુધી સંખ્યાતગુણ હીન જાણવા. ત્યારપછી છવીશ સિદ્ધ અસંખ્યાતગુણ હીન યાવત્ પચાશ સિદ્ધ સુધી અસંખ્યાત ગુણહીન જાણવા. તેથી એકાવન સિદ્ધ અનંતગુણહીન યાવત્ એકસો ને આઠ સુધી અનંતગુણહીન જાણવા.

જ્યાં જ્યાં વીશ સિદ્ધ થતા હોય ત્યાં આ પ્રમાણે વ્યાપ્તિ જાણવી.

એક સિદ્ધ સર્વથી અધિક તેથી બે બે સિદ્ધ સંખ્યાતગુણહીન યાવત્ પાંચ સુધી સંખ્યાતગુણ હીન જાણવા.

તેથી છ થી દશ સિદ્ધ સુધી અસંખ્યાતગુણ હીન જાણવા.

તેથી અગ્યારથી વીશ સુધી અનંતગુણહીન જાણવા.

એ પ્રમાણે અધોલોકાદિમાં જાણવું.

જ્યાં જ્યાં વીશપૃથક્ત્વ સિદ્ધ થતા હોય ત્યાં પ્રથમના ચોથા ભાગે સંખ્યાતગુણહીન, બીજા ચોથા ભાગે અસંખ્યાતગુણહીન અને ત્રીજા ચોથા ભાગેથી માંડી ઉપર દરેક સ્થાને અનંતગુણહીન જાણવા.

જ્યાં દશ દશ સિદ્ધ થતાં હોય ત્યાં

એક એક સિદ્ધ સર્વથી અધિક તેથી બે બે સિદ્ધ સંખ્યાતગુણહીન. તેથી ત્રણ ત્રણ સિદ્ધ સંખ્યાતગુણહીન તેથી ચાર ચાર સિદ્ધ અસંખ્યાતગુણહીન, તેથી પાંચ પાંચ સિદ્ધ અસંખ્યાતગુણહીન, ત્યાંથી છ સિદ્ધ અનંતગુણહીન યાવત્ દશ સિદ્ધ સુધી અનંતગુણહીન જાણવા.

યવમધ્યાદિકમાં જ્યાં જ્યાં આઠ સિદ્ધ થાય છે ત્યાં એક એક સિદ્ધ સર્વથી અધિક તેથી બેથી ચાર સુધી સંખ્યાતગુણહીન પછી પાંચથી આઠ સુધી અનંતગુણહીન જાણવા.


બે બે સિદ્ધમાં એક એક સિદ્ધ સર્વથી અધિક તેથી બે બે સિદ્ધ અનંતગુણહીન લવણાદિમાં સમજવા.

ચાર ચાર સિદ્ધને વિષે ઊર્ધ્વલોકમાં એક એક સિદ્ધ સર્વથી અધિક, તેથી બે બે સિદ્ધ અસંખ્યાતગુણ હીન, તેથી ત્રણ ત્રણ સિદ્ધ અનંતગુણહીન, તેથી ચાર ચાર સિદ્ધ અનંતગુણહીન જાણવા.

(આ રીતે દ્રવ્યપ્રમાણ ને વિસ્તારથી સંનિકર્ષદ્વાર કહ્યું. બાકીના દ્વારમાં સિદ્ધ-પ્રાભૃત ટીકાથી વિશેષ જાણવું.)

આ પ્રમાણે સિદ્ધના જીવોનું સ્વરૂપ સિદ્ધપ્રાભૃતમાંથી શ્રી દેવેન્દ્રસૂરિએ લખ્યું છે.

શ્રીસિદ્ધદંડિકા સ્તવ



પરમ કૃપાળુ પ્રથમ તીર્થપતિ દેવાધિદેવ આદિનાથ પરમાત્મા સિદ્ધ થયા પછી તેમના પુત્ર પરંપરામાં કેટલા આત્માઓ સિદ્ધ થયા અને કેટલા આત્માઓ સર્વાર્થસિદ્ધ નામના પાંચમા અનુત્તરમાં ગયા. તેની સંખ્યા બતાવી છે. આ સંખ્યા સમજી શકાય તે માટે વિસ્તારથી નીચે પ્રમાણે નામવાળા યંત્રો સરળતાથી બતાવેલ છે.

(૧) અનુલોમ સિદ્ધદંડિકા, (૨) પ્રતિલોમ સિદ્ધદંડિકા, (૩) સમસંખ્ય સિદ્ધદંડિકા, (૪) એકોત્તરા સિદ્ધદંડિકા, (૫) દ્વિકોત્તરા સિદ્ધદંડિકા, (૬) ત્રિકોત્તરા સિદ્ધદંડિકા, (૭) પ્રથમા વિષમોત્તરા, (૮) દ્વિતીયા વિષમોત્તરા.

जं उसहकेवलाओ, अंतमुहुत्तेण सिद्धगमो भणिओ ।
जा पुरिसजुगअसंखा, तत्थ इमा सिद्धदंडीओ ॥ १ ॥

અર્થ :- ઋષભદેવપ્રભુને કેવળજ્ઞાન થયા પછી અંતર્મુહૂર્ત્ત પછી મોક્ષગમન શરૂ થયું છે તે અસંખ્યાતા યુગ સુધી રહ્યું છે તેમાં જે પ્રમાણે સિદ્ધિને પામેલાની સંખ્યા છે તે કહે છે.

ભાવાર્થ :- આ અવસર્પિણી કાળમાં ત્રીજા આરાના છેડે પ્રથમ તીર્થંકર ઋષભદેવ ભગવાનને કેવળજ્ઞાન થયા પછી અન્તર્મુહૂર્તે મોક્ષમાર્ગ ચાલુ થયો, ત્યારપછી તેમના વંશમાં અસંખ્યાતા પુરુષજુગ સુધી એટલે અસંખ્યાતા પાટ સુધી મોક્ષગમન ચાલુ રહ્યું તે જણાવનાર આ સિદ્ધદંડિકા પ્રકરણ છે.

सत्तुंजयसिद्धा भरहवंसनिवई सुबुद्धिणा सिद्धा ।
जह सगरसुआणट्ठावयंमि तह किंत्तिअं थुणिमो ॥ २ ॥

અર્થ :- શત્રુંજય પર્વત ઉપર ભરતચક્રવર્તીના વંશના જે રાજાઓ સિદ્ધિપદને પામ્યા તે સિદ્ધોની સ્તુતિ સુબુદ્ધિમંત્રીના કહેવાથી જેમ સગર ચક્રવર્તીના પુત્રોએ અષ્ટાપદ પર્વત ઉપર કરી હતી તેમ હું કરું છું.

आइच्चजसाइ सिवे, चउदसलक्खा य एगु सव्वट्ठे ।
एवं जा इक्किक्का, असंख इग दुग तिगाई वि ॥ ३ ॥

અર્થ :- ભરતચક્રીના પુત્ર આદિત્યયશાદિ ચૌદલાખ રાજાઓ મોક્ષે ગયા પછી એક સર્વાર્થસિદ્ધે દેવ થયા. એવી રીતે તે એક એક અસંખ્યાતા થયા, તેમ જ એકની જેમ અંતરમાં સર્વાર્થસિદ્ધે જનારા બે બે, ત્રણ ત્રણ પણ અસંખ્યાતા થાય ત્યાં સુધી કહેવું.

ભાવાર્થ :- નાભિરાજાના પુત્ર ઋષભદેવના વંશમાં ઉત્પન્ન થયેલા ત્રણ ખંડના અધિપતિ આદિત્યયશાદિ ચૌદ લાખ રાજાઓ નિરંતર મોક્ષે ગયા એટલે એ વંશમાં ભરતપુત્ર આદિત્યયશાથી માંડીને જે જે રાજાઓ પાટે આવ્યા તે મોક્ષે ગયા, ત્યારપછી એક સર્વાર્થસિદ્ધે ગયા, ત્યારપછી ચૌદ લાખ મોક્ષે ગયા, ત્યારપછી એક સર્વાર્થસિદ્ધે ગયા, એ પ્રમાણે ચૌદ ચૌદ લાખને અંતરે એક એકની સંખ્યા અસંખ્યાતી થાય ત્યાં સુધી કહેવું. ત્યાર પછી ફરીથી ચૌદ લાખ મોક્ષે અને બે સર્વાર્થસિદ્ધે, વળી પાછા ચૌદ લાખ મોક્ષે અને બે સર્વાર્થસિદ્ધે, એવી રીતે ચૌદ ચૌદ લાખને આંતરે બે બે ની સંખ્યા અસંખ્યાત થાય ત્યાં સુધી કહેવું. ત્યારપછી ફરીથી ચૌદ લાખ મોક્ષે અને ત્રણ સર્વાર્થસિદ્ધે એમ ચૌદ લાખને અન્તરે ત્રણ ત્રણની સંખ્યા અસંખ્યાતી થાય ત્યાં સુધી કહેવું.

जा पन्नासमसंखा, तो सव्वट्ठंमि लक्खचउदसगं ।
एगो सिवे तहेव य, अस्संखा जाव पन्नासं ॥ ४ ॥

અર્થ :- યાવત્ પચાસ સુધી આંતરામાં સિદ્ધ થયેલા અસંખ્યાતા થાય ત્યારપછી સર્વાર્થસિદ્ધે ચૌદ લાખ અને એક મોક્ષે તેમજ યાવત્ અસંખ્યાતી વાર પચાસ જાય ત્યાં સુધી કહેવું.

ભાવાર્થ :- ઉપર કહેલ ત્રણ ત્રણની સંખ્યા અસંખ્યાતી થયા પછી ચૌદલાખ મોક્ષે અને ચાર સર્વાર્થસિદ્ધે એમ ચૌદ ચૌદ લાખને અંતરે ચાર ચાર અસંખ્યાતી વાર કહેવા એમ પાંચ-છ-સાત યાવત્ ૫૦ સુધી અસંખ્યાત થાય ત્યાં સુધી કહેવું.

૧ અનુલોમ સિદ્ધદંડિકાની સ્થાપના :

મોક્ષે ૧૪-૧૪-૧૪-૧૪-૧૪-૧૪-૧૪-૧૪-૧૪-૧૪-૧૪ અસંખ્યવાર
સર્વાર્થસિદ્ધે ૧-૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૦ ૨૦-૩૦-૪૦-૫૦ અસંખ્યવાર

યંત્રમાં ચૌદની સંખ્યા ચૌદ લાખ જણાવવા માટે છે અને એક, બે વિગેરે સંખ્યા આંતરે આંતરે સર્વાર્થસિદ્ધે જનારાની છે.

ત્યારપછી ચૌદ લાખ સવાર્થસિદ્ધે અને એક મોક્ષે, વળી ચૌદ લાખ સર્વાર્થસિદ્ધે એક મોક્ષે, એમ ચૌદ ચૌદ લાખ અને અંતરે એક એક સિદ્ધની સંખ્યા અસંખ્યાતી થાય ત્યાં સુધી કહેવું. ત્યારપછી ચૌદ ચૌદ લાખને અંતરે બે બે સિદ્ધની સંખ્યા અસંખ્યાતી થાય ત્યાં સુધી કહેવું. ત્યારપછી ચૌદ ચૌદ લાખને અંતરે ત્રણ ત્રણ, ચાર ચાર, પાંચ પાંચ, છ છ, સાત સાત એમ યાવત્ પચાસની સંખ્યા અસંખ્યાતી થાય ત્યાં સુધી કહેવું.

૨ પ્રતિલોમ સિદ્ધદંડિકાની સ્થાપના

મોક્ષે ૧-૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૦-૨૦-૩૦-૪૦-૫૦ અસંખ્યવાર
સવાર્થસિદ્ધે ૧૪- ૧૪- ૧૪ -૧૪- ૧૪- ૧૪- ૧૪-૧૪ -૧૪-૧૪ લાખ અસંખ્યવાર

तो दोलक्खा, मुक्खे, दुलक्ख सव्वट्ठि मुक्खि लक्खतिगं ।
इय इगलक्खुत्तरिआ, जा लक्खअसंख दोसु समा ॥ ५ ॥

અર્થ :- ત્યારપછી બે લાખ મોક્ષે, બે લાખ સર્વાર્થસિદ્ધે, ત્યારપછી ત્રણ લાખ મોક્ષે, ત્રણ લાખ સર્વાર્થસિદ્ધે, એ પ્રમાણે એક એક લાખ વધારતાં યાવત્ અસંખ્યાતા લાખ સુધી બંનેમાં સરખા કહેવા.

ભાવાર્થ :- અસંખ્યાતમી વાર પચાસ મોક્ષે ગયા પછી ચૌદ લાખ સર્વાર્થસિદ્ધે- એ પ્રમાણે આગલી ગાથામાં કહ્યા પછી બે લાખ મોક્ષે અને બે લાખ સર્વાર્થસિદ્ધે, પછી ત્રણ લાખ મોક્ષે અને ત્રણ લાખ સર્વાર્થસિદ્ધે, પછી ચાર લાખ મોક્ષે અને ચાર લાખ સર્વાર્થસિદ્ધે, એમ એક એક લાખની સંખ્યા વધારતાં બંનેમાં-મોક્ષમાં અને સર્વાર્થ-સિદ્ધમાં સરખાં સરખા કહેતાં અસંખ્યાતા લાખ થાય ત્યાં સુધી કહેવું.

૩ સમસંખ્ય સિદ્ધદંડિકાની સ્થાપના :

મોક્ષે ૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૦-૧૧-૧૨ અસંખ્યાત લાખ સુધી કહેવું
સર્વાર્થસિદ્ધે ૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૦-૧૧-૧૨ ,, ,, ,,

तो एगु सिवे सव्वट्ठि, दुन्नि ति सिवम्मि चउर सव्वट्ठे ।
इय एगुत्तरवुड्ढी, जाव असंखा पुढो दोसु ॥ ६ ॥

અર્થ :-ત્યારપછી એક મોક્ષે, બે સર્વાર્થસિદ્ધે ત્યારપછી ત્રણ મોક્ષે, ચાર સર્વાર્થસિદ્ધે, એમ એક-એકની વૃદ્ધિ કરતાં યાવત્ બંનેમાં પ્રત્યેકે અસંખ્યાતા થાય ત્યાં સુધી કહેવું.

ભાવાર્થ :- આવી રીતે ત્રણ પ્રકારની દંડિકા કહીને હવે ચાર પ્રકારની ચિત્રાંતર એટલે જુદા જુદા પ્રકારના અંતરવાળી દંડિકા કહે છે.

૧ એકાદિ એકોત્તરા - એકથી માંડીને એક એક અધિક.
૨ એકાદિ દ્વયુત્તરા - ,, ,, બે બે અધિક.
૩ એકાદિ ત્र્યુત્તરા - ,, ,, ત્રણ ત્રણ અધિક.
૪ ત્र્યાદિકા દ્વયાદિ ક્ષેપક વિષમોત્તરા - ત્રણ આદિ લઈ

બે આદિ વિષમોત્તરા એટલે જેમાં વૃદ્ધિ [ક્ષેપક]ની સંખ્યા સરખી નહીં તે.

આ ચારમાંથી પહેલી એકાદિ એકોત્તરા આવી રીતે, એક મોક્ષે જાય અને બે સર્વાર્થસિદ્ધે જાય, પછી ત્રણ મોક્ષે જાય અને ચાર સર્વાર્થસિદ્ધે જાય, પછી પાંચ મોક્ષે જાય અને છ સર્વાર્થસિદ્ધે જાય-એમ બંનેમાં અનુક્રમે એક એક વધારતાં દરેકમાં અસંખ્યાતા થાય ત્યાં સુધી કહેવું.

૪ એકોત્તરા સિદ્ધદંડિકાની સ્થાપના :

મોક્ષે ૧-૩-૫-૭-૯-૧૧-૧૩-૧૫-૧૭-૧૯-૨૧-૨૩ એમ અસંખ્યાત સુધી.
સર્વાર્થસિદ્ધે ૨-૪-૬-૮-૧૦-૧૨-૧૪-૧૬-૧૮-૨૦-૨૨-૨૪ એમ અસંખ્યાત સુધી.

इक्को मुक्खे सव्वट्ठि, तिन्नि पण मुक्खि ईअ दुरू तरिआ ।
जा दोसुऽवि अ असंखा, एमेव तिउत्तरा सेढी ॥ ७ ॥

અર્થ :- એક મોક્ષે, ત્રણ સર્વાર્થસિદ્ધે, પાંચ મોક્ષે, સાત સર્વાર્થસિદ્ધે, એ પ્રમાણે દ્વિકોત્તરા વૃદ્ધિ યાવત્ બંનેમાં અસંખ્યાત થાય ત્યાં સુધી કહેવી. એ જ પ્રમાણે ત્રિકોતરા શ્રેણી જાણવી.

ભાવાર્થ :- હવે બીજી એકાદ્વિ દ્વયુત્તરા વૃદ્ધિ કહે છે. એક મોક્ષે અને ત્રણ સર્વાર્થસિદ્ધે, પછી પાંચ મોક્ષે અને સાત સર્વાર્થસિદ્ધે એમ અનુક્રમે બે બે ની વૃદ્ધિ કરતાં બંનેમાં અસંખ્યાત થાય ત્યાં સુધી કહેવું.

૫ દ્વિકોત્તરા સિદ્ધદંડિકાની સ્થાપના :

મોક્ષે ૧-૫-૯-૧૩-૧૭-૨૧-૨૫-૨૯-૩૩-૩૭-૪૧ એમ અસંખ્યાત સુધી
સર્વાર્થસિદ્ધે ૩-૭-૧૧-૧૫-૧૯-૨૩-૨૭-૩૧-૩૫-૩૯-૪૩ એમ ,,

હવે ત્રીજી ત્રિકોત્તરા વૃદ્ધિ આ પ્રમાણે :-

એક મોક્ષે, ચાર સર્વાર્થસિદ્ધે, સાત મોક્ષે, દશ સર્વાર્થસિદ્ધે-એ પ્રમાણે અનુક્રમે ત્રણ ત્રણ વધારતાં બંનેમાં અસંખ્યાત થાય ત્યાં સુધી કહેવું.

૬ ત્રિકોત્તરા સિદ્ધદંડિકાની સ્થાપના :

મોક્ષે ૧-૭-૧૩-૧૯-૨૫-૩૧-૩૭-૪૩-૪૯-૫૫ એમ અસંખ્યાત સુધી.
સર્વાર્થસિદ્ધે ૪-૧૦-૧૬-૨૨-૨૮-૩૪-૪૦-૪૬-૫૨-૫૮ એમ અસંખ્યાત સુધી.

विसमुत्तरसेढीए, हिट्ठुवरिं ठविय अउणतीसतिआ ।
पढमे नत्थि क्खेवो, सेसेसु सया इमो खेवो ॥ ८ ॥

અર્થ :- વિષમોત્તરશ્રેણીમાં નીચે અને ઉપર એટલે એક લાઈનમાં ઓગણત્રીશ વાર ત્રણ સ્થાપન કરવા. તેમાંના પ્રથમના ત્રણમાં પ્રક્ષેપ સંખ્યા નથી. બાકીના ૨૮ મા નિરંતર આ પ્રમાણે પ્રક્ષેપ કરવો.

ભાવાર્થ :- હવે ચોથી વિષમોત્તરાની સ્થાપના જાણવાનો ઉપાય આ પ્રમાણે છે. પટ્ટિકાદ્વિમાં ૨૯ વાર ૩ નો આંક નીચે ઉપર સ્થાપવો. પ્રથમના ૩ માં કાંઈ નાખવું નહીં, બાકીના ૨૮ ત્રણમાં નિરંતર આગલી ગાથાઓમાં કહેવાય છે તે અંકનો અનુક્રમે પ્રક્ષેપ કરવો.

दुग पण नवगं तेरस, सत्तरस बावीस छच्च अट्ठेव ।
बारस चउदस- तह अडवीसा छव्वीस पणवीसा ॥ ९ ॥
एगारस तेवीसा, सीयाला सयरि सत्तहत्तरिआ ।
इग दुग सत्तासीई, इगहत्तरिमेव बासट्ठी ॥ १० ॥

अउणत्तरि चउवीसा, छायाला तह सयं च छव्वीसा ।
मेलित्तु इगंतरिआ, सिद्धिए तह य सव्वट्ठे ॥ ११ ॥

અર્થ :- બે-પાંચ-નવ-તેર-સત્તર-બાવીશ-છ-આઠ-બાર-ચૌદ-અઠ્ઠાવીસ-છવીશ-પચીશ-અગિયાર-તેવીશ-સુડતાલીશ-સીત્તેર-સીત્યોતેર-એક બે સત્યાશી ઇકોતેર બાસઠ ઓગણોત્તર ચઉવીશ છેંતાલીશ સો અને છવીશ આ પ્રમાણે અઠ્ઠાવીશ અંકો ત્રણમાં મળતાં જે જે સંખ્યા થાય તે અનુક્રમે એકાંતરે મોક્ષમાં તેમ જ સર્વાર્થસિધ્ધે જાણવી.

ભાવાર્થ :- પ્રથમ સ્થાનમાં ત્રણમાં નાખવાનું નથી એટલે ત્રણ મોક્ષે જાય, ત્યાર પછી ત્રણમાં બે વધારતાં પાંચ સર્વાર્થસિધ્ધે જાય, પછી ત્રણમાં પાંચ વધારતાં આઠ મોક્ષે જાય, પછી ત્રણમાં નવ વધારતાં બાર સર્વાર્થસિધ્ધે જાય, એવી રીતે ત્રણમાં ઉપર કહેલી સંખ્યા વધારતા જે થાય તે કહે છે :--

૩+૧૩ = ૧૬ મોક્ષે, ૩+૧૭ = ૨૦ સર્વાર્થ

૩+૨૨ = ૨૫ મોક્ષે, ૩+૬ = ૯ સર્વાર્થે, ૩+૮ = ૧૧ મોક્ષે,
૩+૧૨ = ૧૫ સર્વાર્થે, ૩+૧૪ = ૧૭ મોક્ષે, ૩+૨૮ = ૩૧ સર્વાર્થે,
૩+૨૬ = ૨૯ મોક્ષે, ૩+૨૫ = ૨૮ સર્વાર્થે, ૩+૧૧ = ૧૪ મોક્ષે,
૩+૨૩ = ૨૬ સર્વાર્થે, ૩+૪૭ = ૫૦ મોક્ષે, ૩+૭૦ = ૭૩ સર્વાર્થે,
૩+૭૭ = ૮૦ મોક્ષે, ૩+૧ = ૪ સર્વાર્થે, ૩+૨ = ૫ મોક્ષે,
૩+૮૭ = ૯૦ સર્વાર્થે, ૩+૭૧ = ૭૪ મોક્ષે, ૩+૬૨ = ૬૫ સર્વાર્થે,
૩+૬૯ = ૭૨ મોક્ષે, ૩+૨૪ = ૨૭ સર્વાર્થે, ૩+૪૬ = ૪૯ મોક્ષે,
૩+૧૦૦ = ૧૦૩ સર્વાર્થે, અને ૩+૨૬ = ૨૯ મોક્ષે જાય.

૭ પ્રથમા વિષમોત્તરા સિદ્ધદંડિકાની સ્થાપના :

મોક્ષે	૩	૮	૧૬	૨૫	૧૧	૧૭	૨૯	૧૪	૫૦	૮૦	૫	૭૪	૭૨	૪૯	૨૯
સર્વાર્થસિધ્ધે	૫	૧૨	૨૦	૯	૧૫	૩૧	૨૮	૨૬	૭૩	૪	૯૦	૬૫	૨૭	૧૦૩	

अंतिल्ल अंक आइं, ठविउं बीआइ खेवगा तह य ।
एवमसंखा नेआ, जा अजिअपिआ समुप्पन्नो ॥ १२ ॥

અર્થ : છેલ્લા આંકને આદિમાં સ્થાપીને, બીજા વિગેરે આંકમાં તે જ નાખવા યાવત્ અજિતનાથ પ્રભુના પિતા ઉત્પન્ન થયા ત્યાં સુધી અસંખ્યાતા જાણવા.

ભાવાર્થ :— આ રીતે દ્વયાદિ ક્ષેપકાંકવાળી વિષમોત્તરા અસંખ્યાતી સિદ્ધદંડિકાઓ અજિતનાથ પ્રભુના પિતા જિતશત્રુ ઉત્પન્ન થયા ત્યાં સુધી કહેવી, પણ એટલું વિશેષ કે પૂર્વે કહેલી દંડિકામાં મોક્ષનું જે છેલ્લું અંકસ્થાન હોય તે તેની પછીની દંડિકામાં સર્વાર્થસિદ્ધનું પ્રથમ સ્થાન કહેવું. તે દંડિકામાં સર્વાર્થસિદ્ધનું જે છેલ્લું અંકસ્થાન હોય તે ત્યાર પછીની દંડિકામાં મોક્ષનું પહેલું અંકસ્થાન કહેવું. એવી રીતે અસંખ્યાતી દંડિકામાં અંકસ્થાનો અનુક્રમે મોક્ષના અને સર્વાર્થસિધ્ધના જાણવા તે જ કહે છે :—

હવે પ્રથમ સિદ્ધદંડિકામાં છેલ્લું અંકસ્થાન ૨૯ નું છે તે ૨૯ ઉર્ધ્વ અને અધો અનુક્રમે ૨૯ વાર સ્થાપવા. તેમાં પ્રથમ સ્થાનમાં કાંઈ નાંખવાનું નથી માટે તેટલા સર્વાર્થસિદ્ધે જાય. ત્યારપછી દ્વિતીયાદિ અંકસ્થાનોમાં દુગ, પણુગ એ પૂર્વે કહેલી ગાથાની સંખ્યાવાળા ૨૮ અંક અનુક્રમે નાખવાથી જે સંખ્યા આવે તેટલા અનુક્રમે મોક્ષે અને સર્વાર્થસિદ્ધે જાય એમ જાણવું તે આ પ્રમાણે.

૨૯ સર્વાર્થસિદ્ધે, ૨૯+૨ = ૩૧ મોક્ષે,

૨૯+૫ = ૩૪ સર્વાર્થે, ૨૯+૯ = ૩૮ મોક્ષે, ૨૯+૧૩ = ૪૨ સર્વાર્થે,
૨૯+૧૭ = ૪૬ મોક્ષે, ૨૯+૨૨ = ૫૧ સર્વાર્થે, ૨૯+૬ = ૩૫ મોક્ષે,
૨૯+૮ = ૩૭ સર્વાર્થે, ૨૯+૧૨ = ૪૧ મોક્ષે, ૨૯+૧૪ = ૪૩ સર્વાર્થે,
૨૯+૨૮ = ૫૭ મોક્ષે, ૨૯+૨૬ = ૫૫ સર્વાર્થે, ૨૯+૨૫ = ૫૪ મોક્ષે,
૨૯+૧૧ = ૪૦ સર્વાર્થે, ૨૯+૨૩ = ૫૨ મોક્ષે, ૨૯+૪૭ = ૭૬ સર્વાર્થે,
૨૯+૭૦ = ૯૯ મોક્ષે ૨૯+૭૭ = ૧૦૬ સર્વાર્થે ૨૯+૧ = ૩૦ મોક્ષે
૨૯+૨ = ૩૧ સર્વાર્થે, ૨૯+૮૭ = ૧૧૬ મોક્ષે, ૨૯+૭૧ = ૧૦૦ સર્વાર્થે,
૨૯+૬૨ = ૯૧ મોક્ષે, ૨૯+૬૯ = ૯૮ સર્વાર્થે, ૨૯+૨૪ = ૫૩ મોક્ષે
૨૯+૪૬=૭૫ સર્વાર્થે, ૨૯+૧૦૦ = ૧૨૯ મોક્ષે, ૨૯+૨૬ = ૫૫ સર્વાર્થે.

સર્વાર્થસિક્ષે ૨૯ ૩૪ ૪૨ ૫૧ ૩૭ ૪૩ ૫૫ ૪૦ ૭૬ ૧૦૬ ૩૧ ૧૦૦ ૯૮ ૭૫ ૫૫
મોક્ષે ૩૧ ૩૮ ૪૬ ૩૫ ૪૧ ૫૭ ૫૪ ૫૨ ૯૯ ૩૦ ૧૧૬ ૯૧ ૫૩ ૧૨૯

આ દંડિકામાં છેલ્લું અંકસ્થાન ૫૫ છે તેથી ત્રીજી વિષમોત્તર દંડિકામાં આ જ આદ્ય અંકસ્થાન જાણવું. તેથી ૫૫ ઓગણત્રીશ વાર સ્થાપવા. પછી પ્રથમ અંકસ્થાનમાં પ્રક્ષેપ નથી, દ્વિતીયાદિ ૨૮ સ્થાનમાં પૂર્વે કહેલી સંખ્યા નાખવી, આ દંડિકામાં આદ્ય અંકસ્થાન ૫૫ મોક્ષે ગયેલ જાણવું. કારણ કે બીજીમાં પહેલું સર્વાર્થનું હતું ત્યાર પછી અનુક્રમે પૂર્વે કહેલી સંખ્યા વધારતાં જે જે અનુક્રમે આવે તેટલા તેટલા પ્રથમ અંકસ્થાનથી આરંભી મોક્ષે અને સર્વાર્થે અનુક્રમે જાણવા. એવી રીતે બીજી દંડિકાઓમાં જાણી લેવું.

આ પ્રમાણે અસંખ્યાતી દંડિકાઓ કરવી.

अस्संखकोडिलक्खा, सिद्धा सव्वदुगा य तह सिद्धा ।
एगभवेणं देविंद वंदिआ दिंतु सिद्धसुहं ॥ ९३ ॥

અર્થ:—અસંખ્યાત કોડ લાખ સિદ્ધ થયેલા અને સર્વાર્થે ગયેલા જાણવા કે જે એક ભવ વડે દેવેંદ્રોથી વંદાયેલા અથવા દેવેંદ્રસૂરિએ વાંદેલા થશે (મોક્ષે જશે) તે સિદ્ધો મને મોક્ષસુખ આપો.

શ્રી વિચારસપ્તતિકા

પરમાત્માના પવિત્ર શાસનમાં પૂર્વાચાર્યોએ ભવ્યજીવોના ઉપકાર માટે આગમોમાંથી પ્રકરણગ્રંથોની અનેક પ્રકારે રચના કરી છે તેમાં વિચારસપ્તતિકા પણ છે આ પ્રકરણમાં જુદા જુદા બાર વિષયો છે.

'પ્રતિમા'ના દ્વારમાં શાશ્વત-અશાશ્વત પ્રતિમાઓ અંગે મતાંતરોપૂર્વક જણાવ્યું છે, શાશ્વતી પ્રતિમાના સ્થાનમાં તિર્છાલોકના ચૈત્યોનાં સ્થાનોની વિગત કહેલી છે. 'ઈરિયાવહિયા' ના મિચ્છામિ દુક્કડમ્ પ્રસંગે ૫૬૩ જીવોના ભેદો બતાવી દીધા છે, કૃષ્ણરાજીના વિચારમાં નવલોકાંતિકનું સ્વરૂપ બતાવ્યું છે. આ રીતે આ સંપૂર્ણ પ્રકરણ વાંચવા-વિચારવા તેમજ સમજવા યોગ્ય છે.

વિશ્વની સ્થિતિનો વિચાર કરનાર શ્રી સર્વજ્ઞજિનેશ્વરને નમસ્કાર કરીને હું આ વિચારસપ્તતિકા નામના ગ્રંથનો કાંઈક સંક્ષેપથી અર્થ કહું છું.

આ સર્વજ્ઞપ્રણીત પ્રવચનમાં અનેક વિચારો રહેલા છે, પરંતુ આ ગ્રંથમાં શ્રી મલેન્દ્રસિંહસૂરીશ્વરે બાર વિચારોનો સંગ્રહ કર્યો છે.

બાર વિચારોનાં નામ–

पडिमा मिच्छा कोडी, चेइअ पासाय रविकरप्पसरो ।
पज्जत्ति किन्ह वलया, नंदी गिहिकिरिअ गुणठाणा ॥ १ ॥

અર્થ:-(૧) પ્રતિમા, (૨) મિથ્યાદુષ્કૃત, (૩) કોટિશિલા, (૪) ચૈત્ય, (૫) પ્રાસાદ, (૬) સૂર્યકિરણ પ્રસર, (૭) પર્યાપ્તિ, (૮) કૃષ્ણરાજી, (૯) વલયાકારપર્વત, (૧૦) નંદીશ્વર દ્વીપ, (૧૧) ગૃહિક્રિયા, (૧૨) ગુણસ્થાનકનો વિચાર.

ભાવાર્થ: આ બાર દ્વારોનો વિચાર આ વિચારસપ્તતિકા ગ્રંથમાં કર્યો છે:

૧ પ્રતિમા : શાશ્વતી પ્રતિમાઓની સંખ્યાનો વિચાર.
૨ મિચ્છા ઇર્યાપથિકીના મિથ્યાદુષ્કૃતની સંખ્યાનો વિચાર.
૩ કોટિશિલા-કોટિશિલાના સ્વરૂપનો વિચાર.
૪ ચૈત્ય, શાશ્વતા, સિદ્ધાયતનોની સંખ્યાનો વિચાર.
૫ પ્રાસાદ દેવોના વિમાનોના આકારનો વિચાર.
૬ રવિકિરણપ્રસર-છ દિશાઓમાં સૂર્યના કિરણો કેટલા પ્રસરે છે તેનો વિચાર.
૭ પર્યાપ્તિ – ઔદારિક, વૈક્રિય અને આહારક એ ત્રણે શરીરને આશ્રયીને છ પર્યાપ્તિઓનો વિચાર.

૮ કૃષ્ણરાજી–પાંચમા સ્વર્ગમાં રહેલી કૃષ્ણરાજીનો વિચાર.
૯ વલયાકાર પર્વત–વલયાકારે રહેલા માનુષોત્તર, કુંડલ અને રૂચક નામના ત્રણ પર્વતનો વિચાર.
૧૦ નંદીશ્વરદ્વીપ–નંદિશ્વર નામના આઠમા દ્વીપનો વિચાર.
૧૧ ગૃહિક્રિયા–શ્રાવકોની ધર્મક્રિયાની વક્તવ્યતા સંબંધી વિચાર.
૧૨ ગુણસ્થાનક–ચૌદે ગુણસ્થાનકોનો વિચાર.

૧ પ્રતિમા દ્વાર :

उसभाई जिणपडिमं इक्कं पि न्हवंतपूअयंतेहिं ।
चिंतेअव्वं एयं, भव्वेहिं विवेगमंतेहिं ॥ २ ॥

અર્થ: વિવેકી ભવ્યજીવોએ ઋષભાદિ અનેક જિનેશ્વરોની પ્રતિમામાંથી કોઈપણ એક જિનપ્રતિમાનું સ્નાત્ર કરતાં તથા પૂજન કરતાં આ પ્રમાણે વિચાર કરવો.

શાશ્વતી પ્રતિમાઓ-:

भवणवइ भवणेसु, कप्पाइ विमाण तह महीवलए ।
सासयपडिमा पनरस-कोडिसय बियत्तकोडीओ ॥ ३ ॥

पणपन्नलक्ख पणवीस सहसा पंच य सयाइं चालीसा ।
तह वणजोइसुरेसु, सासयपडिमा पुण असंखा ॥ ४ ॥

અર્થ: ભવનપતિના ભવનોમાં, અધોલોકમાં, કલ્પાદિ વિમાનોમાં, ઊર્ધ્વલોકમાં, મહીવલય એટલે તિર્ચ્છાલોકમાં, પંદર અબજ, બેતાલીશ કોડ, પંચાવન લાખ, પચીશ હજાર, પાંચસોને ચાલીશ શાશ્વતી પ્રતિમાઓ છે, તથા વ્યંતર અને જ્યોતિષિના ભુવનોમાં અસંખ્ય છે, કારણ કે તેમના નિવાસસ્થાનો જ અસંખ્યાતા છે.

ભાવાર્થ: આ વિષે બીજા ગ્રંથમાં (જગચ્ચિંતામણિ વિગેરેને વ્યંતર ને જ્યોતિષિ સિવાયના બીજા સ્થળોની શાશ્વતી પ્રતિમાઓ પંદરસો કરોડ (પંદર અબજ) બેતાલીશ કરોડ, અઠ્ઠાવન લાખ, છત્રીશ હજાર ને બેંશી કહી છે.

આ બે સંખ્યાના ફેરફારનું કારણ આ પ્રમાણે છે :

આ સંખ્યામાં ફેરફારનું કારણ આ પ્રકરણના જ ચોથા દ્વારમાં શાશ્વત ચૈત્યોની સંખ્યામાં તિર્ચ્છાલોકમાં માત્ર ૫૧૧ ચૈત્યો જ લખ્યા છે.

તિર્ચ્છાલોકમાં શાશ્વતચૈત્યો ૩૨૫૯ કહેલ છે, પરંતુ તેમાં ૫૪૩ નિર્ણીત છે. અને બાકીના ૨૭૧૬ સંદિગ્ધ છે. નિર્ણીત ૫૪૩ માં પણ અન્યત્ર કરેલા કથનને આધારે આ પ્રકરણકારે નંદીશ્વરદ્વીપના ૩૨ રતિકર ઉપર ચૈત્યો નહીં ગણીને ૫૧૧ ચૈત્યો જ

શાશ્વત ચૈત્યો અને પ્રતિમાઓની સંખ્યાનું યંત્ર. શ્લોક નં–૩–૪ પ્રકરણકારના મત પ્રમાણે.

નંબર	સ્થાન.	ચૈત્યો.	એક ચૈત્યમાં પ્રતિમાજી કેટલી	કુલ પ્રતિમાજીઓ.
૧	તીચ્છાલોક.	૨૦	૧૨૪–૧૨૪	૨૪૮૦
		૪૯૧	૧૨૦–૧૨૦	૫૮૯૨૦
૨	અધોલોકમાં	૭,૭૨ ૦૦,૦૦૦	૧૮૦–૧૮૦	૧૩,૮૯,૬૦,૦૦૦૦૦
૩	ઊર્ધ્વલોકમાં	૮૪,૯૭,૦૨૩	૧૮૦–૧૮૦	૧,૫૨,૯૪,૬૪૧૪૦
૪	વ્યંતરનિકાયમાં	અસંખ્ય		અસંખ્ય
૫	જ્યોતિષીમાં	અસંખ્ય		અસંખ્ય
	કુલ.	૮,૫૬,૯૭,૫૩૪		૧૫,૪૨,૫૫,૨૫૫૪૦

શાશ્વત ચૈત્યો અને પ્રતિમાઓની સંખ્યાનું યંત્ર. શ્લોક ૩–૪ જગચ્ચિંતામણિ સ્તોત્ર પ્રમાણે.

નંબર	સ્થાન.	ચૈત્યો.	એક ચૈત્યમાં પ્રતિમાજી કેટલી	કુલ પ્રતિમાજીઓ.
૧	તીચ્છાલોક.	૩૨૫૯ ૬૦ ૧૯૯	૧૨૦–૧૨૦/૧૨૪–૧૨૪	૩,૯૧,૩૨૦
૨	અધોલોકમાં	૭,૭૨,૦૦,૦૦૦	૧૮૦–૧૮૦	૧૩,૮૯,૬૦.૦૦૦૦
૩	ઊર્ધ્વલોકમાં	૮૪,૯૭૦૨૩	૧૮૦–૧૮૦	૧,૫૨,૯૪૪,૭૬૦
૪	વ્યંતરનિકાયમાં	અસંખ્ય		અસંખ્ય
૫	જ્યોતિષીમાં	અસંખ્ય		અસંખ્ય.
	કુલ.	૮,૫૭,૦૦૨૮૨		૧૫,૪૨,૫૮,૩.૬૦૮૦

લખ્યાં છે. તે ૫૧૧ માં નંદીશ્વરના ૨૦, કુંડળના ૪ અને રૂચકના ૪ કુલ ૨૮ ચૈત્યો ચાર દ્વારવાળા હોવાથી તેમાં ૧૨૪ પ્રતિમા છે તેથી તેમાં પ્રતિમા ૩૪૭૨ અને બાકીના ૪૮૩ ચૈત્યો ત્રણ દ્વારવાળા હોવાથી તે દરેકમાં ૧૨૦ પ્રતિમા છે તેથી તેની પ્રતિમા ૫૭,૯૬૦ મળી કુલ પ્રતિમા ૬૧,૪૩૨ થાય છે.

તિર્ચ્છાલોકના ૩૨૫૯ ચૈત્યોની પ્રતિમા ૩,૯૧,૩૨૦ કહેલ છે. તે હિસાબે ૩,૨૯,૮૮૮ ઓછી થવી જોઇએ, પણ કર્તાએ બતાવેલી સંખ્યાનો જગચિંતામણીની સંખ્યા સાથે વિશ્લેષ કરતાં ૩,૧૦,૫૪૦ ઘટે છે. આ રીતે ૧૯,૩૪૮ નો જિનબિંબની સંખ્યામાં વધારો રહે છે તે સંબંધી વિચાર કરતાં એમ સંભવે છે કે નવગ્રૈવેયક ને પાંચ અનુત્તર વિમાનમાં મળીને ૩૨૩ ચૈત્યોમાં ૧૨૦ ને બદલે ૧૮૦ માનેલ હોય તો ૩૨૩ને ૬૦ વડે ગુણતાં ૧૯,૩૮૦ જિનબિંબ વધે. ત્યારે ૩૨ નો ફેર રહે તેને માટે રૂચક અને કુંડલ-દ્વીપના ૮ ચૈત્યોમાં ૧૨૪ ને બદલે ૧૨૦ ગણેલ હોય તો એ ફેર રહે નહીં. એ રીતે પ્રકરણકારને હિસાબે નીચે પ્રમાણે ત્રણ લોકમાં જિનબિંબો સમજવા.

ઊર્ધ્વલોકમાં ૮૪,૯૭૦,૨૩ ચૈત્ય દરેકમાં જિનબિંબ ૧૮૦ પ્રમાણે કુલ ૧,૫૨,૯૪,૬૪,૧૪૦

અધોલોકમાં ૭,૭૨,૦૦,૦૦૦ ચૈત્ય દરેકમાં જિનબિંબ ૧૮૦ પ્રમાણે કુલ ૧૩,૮૯,૬૦,૦૦,૦૦૦

તિર્ચ્છાલોકમાં ૨૦ ચૈત્ય દરેકમાં જિનબિંબ ૧૨૪ પ્રમાણે ૨૪૮૦
૪૯૧ ચૈત્ય દરેકમાં જિનબિંબ ૧૨૦ પ્રમાણે ૫૮૯૨૦ } કુલ ૬૧,૪૦૦

કુલ જિનબિંબ ૧૫,૪૨,૫૫,૨૫,૫૪૦

હવે અશાશ્વતી પ્રતિમાઓનું વર્ણનઃ–

तह चेव जंबूदीवे, धायइसंडे य पुक्खरद्धे अ ।
भरहेरवयविदेहे, गामागरनगरमाईसुं ॥ ५ ॥

सुरमणुएहिं कयाओ, चेइअं गिहचेइएसुं जा पडिमा ।
उक्कोस पंचधणुसय, जाव य अंगुट्ठपव्वसमा ॥ ६ ॥

बहुकोडिकोडिलक्खा, ता उ चिय भावओ अहं सव्वा ।
समगं चिय पणमामि, न्हवेमि पूएमि झाएमि ॥ ७ ॥

અર્થઃ– તથા જંબૂદ્વીપમાં, ધાતકીખંડમાં, પુષ્કરાર્ધમાં, ભરત, ઐરવત અને મહાવિદેહક્ષેત્રમાં તથા ગ્રામમાં, ખાણોમાં, નગરાદિમાં, વિદ્યુન્માલી દેવતાએ શ્રીમહાવીર સ્વામીની પ્રતિમા બનાવી હતી તેવી તથા ભરતચક્રી વિગેરે મનુષ્યોએ કરાવેલી અષ્ટાપદપર્વત વિગેરે ઉપર રહેલી ચોવીશ તીર્થંકરોની પ્રતિમાઓ, તથા કેટલાક શ્રાવકોએ કરાવેલા દેરાસરમાં રહેલી, કેટલીક ગૃહચૈત્યોમાં રહેલી જે જે જિનપ્રતિમાઓ છે, તેઓના દેહનું પ્રમાણ ઉત્કૃષ્ટથી પાંચસો ધનુષનું અને જઘન્યથી યાવત્ અંગુષ્ઠના પર્વ જેટલું

હોય છે, તે અશાશ્વતી પ્રતિમાઓ ઘણા લાખ કોટિ કોટિ છે. તે તથા પૂર્વે કહેલી શાશ્વતી પ્રતિમાઓ, તે સર્વને હું ભાવથી સમકાળે જ પ્રણામ કરું છું. સુગંધી જલવડે સ્નાન કરાવું છું, ચંદન અને પુષ્પાદિકથી પૂજા કરું છું. તથા મનથી ધ્યાન કરું છું. આ પ્રમાણે ચિંતવવું.

૨ ઇર્યાપથિકી મિથ્યાદુષ્કૃત દ્વાર–

चउदसपय अडचत्ता, तिगहिअतिसइ सयं च अडनउअं ।
चउगइ दसगुण मिच्छा, पण सहसा छ सय तीसा य ॥ ८ ॥

અર્થ :–નરકના જીવના ચૌદ ભેદ, તિર્યંચનાં અડતાલીશ ભેદ, મનુષ્યોના ત્રણસોને ત્રણ ભેદ તથા દેવતાઓના એકસો અઠ્ઠાણુ ભેદ એ પ્રમાણે ચારે ગતિમાં ઉત્પન્ન થતા જીવોના કુલ પાંચસોને ત્રેસઠ ભેદો છે તેને ઇર્યાપથિકી દંડકની સાતમી સંપદામાં કહેલા અભિહયા વિગેરે દસ પદોથી ગુણવાથી પાંચહજાર છસોને ત્રીશ (૫૬૩૦) મિથ્યાદુષ્કૃતના સંક્ષેપથી ભેદ કહેલા છે.

જીવભેદોની સમજુતી–

नेरइआ सत्तविहा, पज्जत्तापज्जत्तणेण चउदसहा ।
अडचत्ताइ संखा, तिरिनरदेवाण पुण एवं ॥ ९ ॥

भूदग्गिवाउणंता, वीसं सेसतरु विगल अट्ठेव ।
गब्भेयर पज्जेयर जल थल नह उर भुआ वीसं ॥ १० ॥

અર્થ:–રત્નપ્રભા પૃથ્વી આદિ સાત ભેદોથી નારકીઓ સાત પ્રકારના છે, તેના પર્યાપ્ત અને અપર્યાપ્ત બે ભેદ હોવાથી ચૌદ પ્રકાર થાય છે. તથા પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને સાધારણ વનસ્પતિકાય સૂક્ષ્મ અને બાદર, પર્યાપ્ત અને અપર્યાપ્ત એમ વીશ ભેદ, બાકીના પ્રત્યેક વનસ્પતિકાય, વિકલેંદ્રિય (બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચઉરિંદ્રિય) તે ચારે પર્યાપ્ત ને અપર્યાપ્ત આઠ ભેદ, જલચર, સ્થળચર, ખેચર, ઉરપરિસર્પ અને ભુજપરિસર્પ એ પાંચે ગર્ભજ અને સંમૂર્છિમ તથા પર્યાપ્ત અને અપર્યાપ્ત એમ ચારે ગુણતાં વીશ ભેદ થાય એ સર્વે મળીને તિર્યંચના અડતાલીશ ભેદ થાય છે.

મનુષ્યના ભેદો–

पनरस तीस छपन्ना, कम्माकम्मा तहंतरद्दीवा ।
गब्भा पज्ज अपज्जा, समुच्छ अपज्जा तिसय तिन्नि ॥ ११ ॥

અર્થ :–૧૫ કર્મભૂમિ, ૩૦ અકર્મભૂમિ, ૫૬ અંતરદ્વીપ તે ૧૦૧ ક્ષેત્રમાં ગર્ભજ મનુષ્યો થાય છે. તેના પર્યાપ્ત અને અપર્યાપ્ત બે ભેદ ગણતાં ૨૦૨ ભેદ, તથા એકસો

એક ક્ષેત્રમાં સંમૂર્છિમ મનુષ્યો થાય છે તે અપર્યાપ્ત જ હોય છે તે મેળવતાં સર્વ મળીને ૩૦૩ ભેદ મનુષ્યના થાય છે.

ભાવાર્થ:-૧૫ કર્મભૂમિ:-

૫ ભરત, ૫ ઐરવત, ૫ મહાવિદેહ એ પંદર કર્મભૂમિના મનુષ્યો.

૩૦ અકર્મભૂમિ:-

૫ હેમવંત, ૫ હરિવર્ષ, ૫ રમ્યક ૫ હૈરણ્યવંત,

૫ દેવકુરૂ, ૫ ઉત્તરકુરૂ એ ત્રીશ અકર્મભૂમિના મનુષ્યો.

૫૬ અંતરદ્વીપ:-

ક્ષુદ્રહિમવંત અને શિખરી પર્વતના પર્યંત ભાગે પૂર્વ અને પશ્ચિમ બન્ને તરફ હાથીના દાંતને આકારે બે બે દાઢાઓ નીકળીને લવણસમુદ્રમાં ગયેલી છે. તે દાઢાઓ કુલ આઠ છે, તે દરેક દાઢાઓ ઉપર સાત સાત અંતરદ્વીપો છે, ત્યાં યુગલિક મનુષ્યો થાય છે તે છપ્પન અંતરદ્વીપો કહેવાય છે. ૧૫+૩૦+૫૬ = ૧૦૧

૧૦૧ ગર્ભજ પર્યાપ્ત મનુષ્ય

૧૦૧ ગર્ભજ અપર્યાપ્ત મનુષ્ય

૧૦૧ સંમૂર્છિમ અપર્યાપ્ત મનુષ્ય

---

૩૦૩ મનુષ્ય

દેવતાઓના ભેદો કહે છે-

भवणा परमा जंभय, वणयर दस पनर दस य सोलसगं ।
गह ठिइ जोइस दसगं, किव्विस तिग नव य लोगंता ॥ १२ ॥

कप्पा गेविज्जणुत्तर, बारस नव पण पजत्तमपजत्ता ।
अडनउअ सयं अभिहय-वत्तियमाइहिं दसगुणिआ ॥ १३ ॥

અર્થ:-દશ ભવનપતિ, પંદર પરમાધાર્મિક, દશ તિર્યગ્જૃંભક, આઠ વ્યંતર, આઠ વાણવ્યંતર પાંચ ચર અને પાંચ સ્થિર મળીને દશ જ્યોતિષ્ક, ત્રણ કિલ્બિષક, નવલોકાંતિક, બાર દેવલોક, નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાનના દેવો એ સર્વ મળીને નવાણું પર્યાપ્તા ને નવાણું અપર્યાપ્તા કુલ એકસોને અઠાણું ભેદો દેવોના થાય છે.

એ પ્રમાણે ચારે ગતિના મળીને પાંચસો ને ત્રેસઠ ભેદો થાય છે. તેને અભિહત, વર્તિત આદિ દશપદથી ગુણવાનાં.

अभिहयपयाइ दहगुण, पण सहसा छ सय तीसई भेआ ।
ते रागदोस दुगुणा, इक्कारस सहस दोसया सट्ठी ॥ १४ ॥

અર્થ:–ઉપર કહેલા પાંચસો તેસઠ ભેદોને અભિહત વિગેરે દશપદથી ગુણવાથી પાંચ હજાર છસોને ત્રીશ ભેદ થાય છે (૫૬૩૦ તેને રાગ–દ્વેષ બે પ્રકારે ગુણવાથી અગીયાર હજાર બસોને સાઠ (૧૧,૨૬૦) ભેદ થાય.

मणवयकाए गुणिआ, तित्तीस सहस्स सत्तसयसीया ।
करकारणानुमइए, लक्खं सहसो तिसय चाला ॥ १५ ॥

અર્થ:- તે (૧૧,૨૬૦)ને મન, વચન અને કાયાથી ગુણવાથી તેત્રીશ હજાર સાતસોને એંશી (૩૩,૭૮૦) ભેદ થાય છે. તેને પણ કરવું, કરાવવું અને અનુમોદવું એ ત્રણ કરણથી ગુણવાથી એક લાખ, એક હજાર ત્રણસોને ચાલીશ (૧,૦૧,૩૪૦) ભેદ થાય છે.

कालतिगेणं गुणिआ, ति लक्ख चउ सहस्स वीसमहिआय ।
अरिहंतसिद्धसाहु–देव य गुरु अप्पसरखीहिं ॥ १६ ॥
अट्ठारस लखाइं, चउवीस सहस्स एग्गवीसहिआ ।
इरिआमिच्छादुक्कड–पमाणमेअं सुए भणियं ॥ १७ ॥

અર્થ: તે (૧,૦૧,૩૪૦) ને ત્રણ કાળથી એટલે અતીત, અનાગત અને વર્તમાનથી ગુણવાથી ત્રણલાખ, ચારહજાર ને વીસ (૩,૦૪,૦૨૦) ભેદ થાય છે. તેને અરિહંત, સિદ્ધ, સાધુ, સમ્યગૂદૃષ્ટિ ઇંદ્રાદિ દેવો, ગુરુ અને આત્માની સાક્ષીરૂપ છ એ ગુણવાથી અઢારલાખ ચોવીસહજાર, એકસોને વીશ (૧૮,૨૪,૧૨૦) ભેદ થાય છે. આ પ્રમાણે ઇર્યાપથિકીના મિથ્યાદુષ્કૃતનું પ્રમાણ શ્રુતમાં કહેલું છે.

ભાવાર્થ: ત્રણ કાળથી એટલે અતીતકાળ સંબંધી પાપને નિંદુ છું. અનાગત ભવિષ્યકાળ સંબંધી પ્રત્યાખ્યાન કરું છું અને વર્તમાનકાળ સંબંધી પાપને સંવરું છું.

કોઇ ઠેકાણે આભોગ અને અનાભોગરૂપ બેથી ગુણવાથી છત્રીશલાખ, અડતાલીસ-હજાર, બસો ને ચાળીસ (૩૬,૪૮,૨૪૦) ભેદો કહેલા છે.

ઇર્યાપથિકીના મિથ્યાદુષ્કૃતનું પ્રમાણ

૫૬૩ જીવના ભેદ

૫૬૩×૧૦ = ૫,૬૩૦ અભિહત વગેરે દશપદ

૫,૬૩૦×૨ = ૧૧,૨૬૦ રાગ દ્વેષ

૧૧,૨૬૦×૩ = ૩૩,૭૮૦ મન, વચન, કાયા

૩૩,૭૮૦×૩ = ૧,૦૧૩૪૦ કરણ, કરાવણ, અનુમોદન

૧,૦૧૩,૪૦×૩ = ૩,૦૪,૦૨૦ અતીત, અનાગત, વર્તમાન ત્રણ કાળ.
૩,૦૪૦૨૦×૬ = ૧૮,૨૪,૧૨૦ અરિહંત, સિદ્ધ, સાધુ, સમ્યગ્દૃષ્ટિ ઇંદ્રાદિદેવો ગુરુ અને
કોઇ ઠેકાણે આત્મસાક્ષી
૧૮,૨૪,૧૨૦×૨ = ૩૬,૪૮,૨૪૦ આભોગ અને અનાભોગ

૩ કોટિશિલા દ્વાર–

जोयणपिहुलायामा, दसन्नपव्वयसमीवकोडिसिला ।
जिणछक्कतित्थसिद्धा, तत्थ अणेगा उ मुणिकोडी ॥ १८ ॥

અર્થ : ઉત્સેધ અંગુલના માપથી એક યોજન પહોળી, એક યોજન લાંબી અને એક યોજન ઊંચી (જાડી કોટિશિલા નામની ગોળશિલા ભરતક્ષેત્રના મધ્યખંડમાં મગધ દેશમાં દશાર્ણપર્વતની સમીપે છે. તે કોટિશિલા ઉપર શ્રી શાંતિનાથ જિનેશ્વરથી આરંભીને છ તીર્થંકરોના તીર્થના ત્યાં અનેક કોડ મુનિઓ સિદ્ધ થયા છે.

કોટિશિલા ઉપર સિદ્ધ થયેલાનું વર્ણન–

पढमं संतिगणहर–चक्काउहणेगसाहुपरियरिओ ।
बत्तीसजुगेहिं तओ, सिद्धा संखिज्जमुणिकोडी ॥ १९ ॥

અર્થ :—કોટિશિલા ઉપર પ્રથમ શ્રી શાંતિનાથ જિનેશ્વરના પ્રથમ ગણધર શ્રી ચક્રાયુધ અનેક સાધુ સહિત સિદ્ધિપદને પામ્યા છે. ત્યારપછી તેમની પટ્ટપરંપરામાં બત્રીશ પાટ સુધી સંખ્યાતા કરોડ મુનિઓ સિદ્ધ થયા છે.

संखिज्जा मुणिकोडी, अडवीसजुगेहिं कुंथुनाहस्स ।
अरजिण चउवीसजुगा, बारसकोडीओ सिद्धाओ ॥ २० ॥

અર્થ :—શ્રી કુંથુનાથસ્વામીના તીર્થમાં અઠ્ઠાવીશ પાટ સુધી સંખ્યાતા કરોડ મુનિઓ સિદ્ધ થયા છે. તથા શ્રી અરનાથ જિનેશ્વરના તીર્થમાં ચોવીશ પાટ સુધી બાર કરોડ મુનિઓ સિદ્ધ થયા છે.

मल्लिस्स वीसजुगा, छ कोडि मुणिसुव्वयस्स कोडितिगं ।
नमितित्थे इगकोडी, सिद्धा तेणेव कोडिसिला ॥ २१ ॥

અર્થ—શ્રી મલ્લિનાથ જિનેશ્વરના તીર્થમાં વીશ પાટ સુધી છ કરોડ સાધુઓ સિદ્ધ થયા છે. તથા શ્રી મુનિસુવ્રત જિનેશ્વરના તીર્થમાં ત્રણ કરોડ મુનિઓ સિદ્ધ થયા છે. તથા શ્રી નમિનાથ તીર્થંકરના તીર્થમાં એક કરોડ મુનિઓ સિદ્ધ થયા છે. (તે સિવાય બીજા પણ ઘણા મુનિઓ ત્યાં સિદ્ધ થયા છે) તેથી તે શિલા ઉપર કરોડો મુનિઓ સિદ્ધ થવાના કારણે તે કોટિશિલા નામે ઓળખાય છે.

કોટિશિલા ઉપાડનાર તથા તે ઉપાડવાનું પ્રમાણ :–

छत्ते सीसंमि गीवा, वच्छे कुच्छी कडीइ अरूसु ।
जाणू कहमविजाणू, नीया सा वासुदेवेहिं ॥ २२ ॥

અર્થ :—ત્રિપુષ્ટ વાસુદેવે તે શિલા વામહસ્તે ઉપાડીને મસ્તકથી ઉંચે છત્રને સ્થાને રાખી હતી, બીજા દ્વિપૃષ્ટ વાસુદેવે તે જ રીતે ઉપાડીને મસ્તક સુધી લાવી હતી. ત્રીજા સ્વયંભૂ વાસુદેવે ડોક સુધી, ચોથા પુરૂષોત્તમ વાસુદેવે વક્ષસ્થળ સુધી, પાંચમા પુરુષસિંહ વાસુદેવે ઉદર સુધી, છઠ્ઠા પુરુષપુંડરીક વાસુદેવે કટિભાગ સુધી, સાતમા દત્ત વાસુદેવે સાથળ સુધી, આઠમા લક્ષ્મણ વાસુદેવે ઢીંચણ સુધી અને નવમા કૃષ્ણ વાસુદેવે જાનુથી કાંઇક નીચે સુધી તેને ઉપાડીને ઉંચી કરી હતી.

(૪) શાશ્વત ચૈત્યદ્વાર :–

इक्कारअहिअपणसय, सासयचेइअ नमामि महिवलए ।
तीसं वासहरेसु वेयड्ढेसुं च सयरिसयं ॥ २३ ॥

અર્થ :—તિર્યગ્લોકમાં રહેલા પાંચસોને અગ્યાર શાશ્વતચૈત્યોને હું વંદના કરું છું. તે આ પ્રમાણે :–ત્રીશ વર્ષધર પર્વતો ઉપર ત્રીશ ચૈત્યો છે, (કારણકે દરેક પર્વત ઉપર એક એક ચૈત્ય છે.) તથા ૧૭૦ દીર્ઘવૈતાઢ્ય પર્વતો પર એકસો ને સીત્તેર શાશ્વત ચૈત્યો છે.

ભાવાર્થ :—ઊર્ધ્વલોકમાં જે ૮૪,૯૭,૦૨૩ ચૈત્યો તથા અધોલોકમાં ૭,૭૨,૦૦,૦૦૦ ચૈત્યો તથા વ્યંતર અને જ્યોતિષ્કોમાં અસંખ્યાતા ચૈત્યો શાશ્વતા છે. તે અન્ય ગ્રંથોમાં સ્પષ્ટ રીતે કહ્યા છે ત્યાંથી જાણવા. અહીં તો તિર્યગ્લોકમાં રહેલા ચૈત્યોનાં સ્થાનોની જ વિવક્ષા કરી છે.

તિચ્છાલોકમાં નિર્ણીત ૫૪૩ સિદ્ધાયતનો કહ્યા છે, તેમાં નંદીશ્વરદ્વીપે ૫૨ કહ્યા છે. આમાં ૨૦ કહ્યા છે તેથી ૩૨ રતિકરના ઓછા કરતાં ૫૧૧ થાય છે.

वीसं गयदंतेसु, कुरुदुमदसगे तहेव नउई अ ।
वक्खारगिरिसु असिई, पणसीई मेरुपणगंमि ॥ २४ ॥

અર્થ :—૨૦ ગજદંત પર્વતો ઉપર વીશ ચૈત્યો છે, તથા દેવકુરૂ, ઉત્તરકુરૂમાં રહેલા જંબૂવૃક્ષાદિ દશ વૃક્ષો ઉપર નેવું ચૈત્યો છે, પાંચ મહાવિદેહમાં રહેલા એંશી વક્ષસ્કાર પર્વતો ઉપર એંશી ચૈત્યો છે તથા પાંચ મેરૂપર્વતના સંબંધના પંચાશી ચૈત્યો છે.

ભાવાર્થ :—દેવકુરૂ, ઉત્તરકુરૂમાં રહેલા જંબૂવૃક્ષાદિ દશ વૃક્ષો ઉપર નેવું ચૈત્યો:–

એ વૃક્ષના મધ્યની ઊર્ધ્વ શાખા પર એક અને તે વૃક્ષની દિશાઓ તથા વિદિશાઓ મળી આઠ બાજુએ રહેલા આઠ કૂટની ઉપર એક એક ચૈત્ય હોવાથી દરેક વૃક્ષે નવ નવ ચૈત્યો થયા. તેથી દશ વૃક્ષના નેવું ચૈત્યો થયા.

પાંચ મેરૂપર્વતના પંચાશી ચૈત્યો :–

ચારે વનોમાં ચારે દિશાએ એક-એક ચૈત્ય હોવાથી સોળ અને એક ચૈત્ય ચૂલિકા પર હોવાથી દરેક મેરૂપર્વતે સત્તર સત્તર ચૈત્યો છે; તેથી પાંચ મેરૂ પર્વતના મળીને પંચાશી ચૈત્યો છે.

इसुमणुकुंडलरुअगे, चउ चउ वीसं च नंदिसरदीवे ।
अडवीस नंदिकुंडलि रुअगे सयपन्नबासयरी ॥ २५ ॥

અર્થ :—ચાર ઇષુકાર ઉપર એક એક અને માનુષોત્તર, કુંડલ અને રૂચક ઉપર ચાર ચાર ચૈત્યો હોવાથી કુલ ૧૬ ચૈત્યો છે અને નંદીશ્વરદ્વીપમાં વીશ ચૈત્યો છે.

ચૈત્યોનું પ્રમાણ :–

નંદીશ્વરના વીશ અને કુંડલ તથા રૂચકના આઠ મલીને અઠ્ઠાવીશ ચૈત્યો પૂર્વ પશ્ચિમ સો યોજન લાંબા, દક્ષિણ ઉત્તર પચાસ યોજન પહોળાં તથા બોંતેર યોજન ઊંચા છે.

अट्ठाराहिय दुसई, पन्नद्ध छत्तीस दीहपिहुलुद्धा ।
माणुसइसुगयदंत य, वक्खारवासहरमेरूसुं ॥ २६ ॥

અર્થ :—માનુષોત્તરના ચાર, ઇષુકારના ચાર, ગજદંતના વીશ, વક્ષસ્કારના બેંશી, વર્ષધરના ત્રીશ, ચૂલિકા સિવાય પાંચ મેરૂપર્વતના ચાર વનના બેંશી –એ સર્વ મળીને બસો ને અઢાર ચૈત્યો પચાસ યોજન લાંબા, પચીશ યોજન પહોળા અને છત્રીસ યોજન ઊંચા જાણવા.

पणसट्ठिअहिअ सयदुग, संपुण्णं कोसमद्ध देसूणं ।
दीहे पिहु उच्चत्ते, कुरुदुमवेअड्ढचूलासु ॥ २७ ॥

અર્થ :—દશ કુરૂક્ષેત્રમાં રહેલા જંબૂ આદિ દશ વૃક્ષોના નેવું ચૈત્યો, ૧૭૦ દીર્ઘવૈતાઢ્યો ઉપર એકસો સીતેર ચૈત્યો તથા પાંચ મેરૂની ચૂલિકાના પાંચ ચૈત્યો, એ સર્વ મળીને બસો ને પાંસઠ ચૈત્યો સંપૂર્ણ એક ગાઉ લાંબા, અર્ધ ગાઉ પહોળા અને દેશોન ગાઉ ઊંચા છે.

ભાવાર્થ :—આ પ્રમાણે સર્વે મળીને (૨૮–૨૧૮–૨૬૫) તિર્છાલોકમાં ૫૧૧ શાશ્વત ચૈત્યો છે.

તિર્છાલોકના શાશ્વત ચૈત્યોનાં સ્થાન તથા ચૈત્યોના પ્રમાણનું યંત્ર

નંબર	સ્થાન	ચૈત્યોની સંખ્યા	લંબાઇ	પહોળાઇ	ઊંચાઇ
૧	*નંદીશ્વરદ્વીપ.	૨૦	૧૦૦ યોજન	૫૦ યોજન	૭૨ યોજન
	કુંડલદ્વીપ.	૪			
	રૂચકદ્વીપ.	૪			
૨	માનુષોત્તર પર્વત	૪	૫૦ યોજન	૨૫ યોજન	૩૬ યોજન
	ઈષુકાર પર્વત	૪			
	ગજદંત પર્વત	૨૦			
	૫ મેરુ પર્વતના ૪ વન	૮૦			
	વક્ષસ્કાર પર્વત.	૮૦			
	વર્ષધર પર્વત	૩૦			
૩	જંબૂવિગેરે ૧૦ વૃક્ષો	૯૦	૧ ગાઉ	૦॥ ગાઉ	દેશોન ગાઉ
	૧૭૦ દીર્ઘ વૈતાઢ્ય	૧૭૦			
	૫ મેરૂ પર્વતની ચૂલિકા	૫			
	કુલ	૫૧૧			

* નંદીશ્વરદ્વીપમાં ૨૨ ચૈત્યો છે પણ અહીં ૨૦ કહ્યા છે તેથી ૩૨ રતિકરના અહીં ગણેલ નથી.

૧૭૦ દીર્ઘવૈતાઢયો આ પ્રમાણે :-

પાંચ મહાવિદેહની ૧૬૦ વિજય તથા પાંચ ભરત, પાંચ ઐરવત કુલ ૧૭૦ ક્ષેત્રમાં ૧૭૦ દીર્ઘ વૈતાઢયો છે.

દેવેન્દ્રસૂરિ વિગેરેએ કરેલા શાશ્વત જિનસ્તોત્રોમાં તિર્યગ્લોકમાં શાશ્વતચૈત્યો ૩૨૫૯ કહ્યા છે, તે મતાંતર જાણવું. તે વિષે ક્ષેત્રસમાસમાં કહ્યું છે કે-તિર્યગ્ લોકમાં રહેલા જિનચૈત્યોને માટે ભિન્ન ભિન્ન મતો છે. તેનો ખુલાસો ગીતાર્થ જ જાણી શકે છે.

૫ પ્રાસાદદ્વાર :—

पासाया ईसाणे, सुहमा सिद्धोववाय हरए अ ।
अभिसेअ अलंकारा, ववसाए नंदि बलिपिढं ॥ २८ ॥

અર્થ :—દેવતાના મૂળ પ્રાસાદાવતંસકથી ઇશાનખૂણામાં સુધર્મા સભા, સિદ્ધાયતન, ઉપપાત સભા, દ્રહ, અભિષેક સભા, અલંકાર સભા, વ્યવસાય સભા, નંદા પુષ્કરિણી, અને બલિપીઠ હોય છે.

ભાવાર્થ :—૧ દેવતાના મૂળ પ્રાસાદાવતંસકથી ઇશાનખૂણામાં આસ્થાનસભાની જેવી જિનેશ્વરની દાઢાથી યુક્ત એવા માણવક ચૈત્યસ્તંભાદિથી યુક્ત સુધર્માસભા હોય છે.

૨ તેની આગળ ઇશાનખૂણામાં સિદ્ધાયતન–જિનગૃહ હોય છે.

૩ તેની આગળ ઉપપાતસભા હોય છે કે જ્યાં તે તે વિમાનમાં થનારા દેવો ઉત્પન્ન થાય છે.

૪ તેની આગળ નિર્મળ જળથી ભરેલા દ્રહ હોય છે, જેમાં દેવતાઓ સ્નાન કરે છે.

૫ તેની આગળ અભિષેકસભા હોય છે, તેમાં દેવતાઓ પોતપોતાના વિમાનનાઅધિપતિને અભિષેક કરે છે.

૬ તેની આગળ અલંકારસભા હોય છે, તેમાં અભિષેક થયા પછી આવીને તે દેવોના સ્વામી અલંકાર વિગેરે ધારણ કરે છે.

૭ તેની આગળ વ્યવસાયસભા હોય છે. ત્યાં આવીને ત્યાં રહેલા શાશ્વત પુસ્તક વાંચી ધાર્મિક વ્યવસાય ગ્રહણ કરે છે.

૮ તેની આગળ નંદા પુષ્કરિણી (વાવ) હોય છે, તેમાં હાથ–પગ ધોઇને તેમાં ઉગેલા કમલો લઈ જિનભવનમાં આવી ગર્ભગૃહમાં રહેલી પાંચસો ધનુષ્યના દેહમાનની એકસો ને આઠ જિનપ્રતિમાઓની સત્તરભેદી આદિ પૂજા, સ્તુતિ, વંદના વિગેરે શક્રસ્તવ કહેવા પર્યંત કરે છે.

૯ ત્યારપછી સમગ્ર વિમાનને ચંદનના છાંટણાં નાંખીને પૂજે છે પછી નંદાપુષ્કરિણીની આગળ બલિપીઠ હોય છે, ત્યાં આવીને બલિ મૂકે છે.

દરેક વિમાનમાં આ નવ સ્થાનકો ત્રણ ત્રણ દ્વારવાળા અને મૂળ પ્રાસાદથી ઇશાન ખૂણામાં જ અનુક્રમે રહેલા હોય છે.

मुहमंड पिच्छमंडव थूभं चेइअ झओअ पुक्खरिणि ।
जम्मुत्तरपुव्वासुं, जिणभवणसमासु पत्तेअं ॥ २९ ॥

અર્થ :—પશ્ચિમ દિશા સિવાય દક્ષિણ, ઉત્તર અને પૂર્વ દિશામાં એક-એક દ્વાર હોય છે, તે ત્રણે દ્વારમાં પ્રવેશ કરતાં પ્રથમ પ્રેક્ષામંડપ તેની આગળ સ્તૂપ, ચૈત્યવૃક્ષ,

ઇંદ્રધ્વજ, પુષ્કરિણી હોય છે. આ છ પ્રકારો જિનભવનમાં તથા પાંચ સભાઓમાં દરેક દ્વારે હોય છે.

ભાવાર્થ :—પશ્ચિમ દિશા સિવાય દક્ષિણ, ઉત્તર અને પૂર્વ દિશામાં એક–એક દ્વાર હોય છે.

૧ તે ત્રણે દ્વારમાં પ્રવેશ કરતાં પ્રથમ મુખમંડપ હોય છે.

૨ તેની આગળ પ્રેક્ષામંડપ હોય છે.

૩ તેની આગળ સ્તૂપ હોય છે, તે સ્તૂપની ઉપર આઠ મંગળ હોય છે, સ્તૂપની ચારે દિશાઓમાં એક–એક મણિપીઠ હોય છે, તે દરેક મણિપીઠ ઉપર સ્તૂપની સન્મુખ અનુક્રમે ઋષભ, વર્ધમાન, ચંદ્રાનન અને વારિષેણ નામની એક–એક જિનપ્રતિમા હોય છે.

૪ તે સ્તૂપની આગળ ચૈત્યવૃક્ષ હોય છે.

૫ તેની આગળ ઇંદ્રધ્વજ હોય છે.

૬ તેની આગળ જળથી ભરેલી પુષ્કરિણી હોય છે.

આ છ પ્રકારો જિનભવનમાં તથા પાંચ સભાઓમાં દરેક દ્વારે હોય છે.

જિનભવન તથા સભા વિગેરે નવેનું પ્રમાણ તથા મુખમંડપ વિગેરેનું પ્રમાણ રાજ-પ્રશ્નીય ઉપાંગ આદિ સૂત્રોથી જાણી લેવું.

મૂળ પ્રાસાદાવતંસકનું સ્થાન :—

ओआरियलयणंमि अ, पहुणो पणसीइ हुंति पासाया ।
तिसय इगचत्त कत्थय, कत्थवि पणसट्ठि तेरसया ॥ ३० ॥

અર્થ :—તે પ્રાકારની મધ્યમાં સર્વત્ર ઉપકારિકાલયન એટલે પીઠિકાઓ હોય છે. તે સર્વ પીઠિકાઓની ઉપર વિમાનના સ્વામીના પંચાશી પ્રાસાદો હોય છે. કોઈ વિમાનમાં તે પીઠિકાઓની ઉપર ત્રણસો ને એકતાળીશ પ્રાસાદો હોય છે અને કોઈ વિમાનમાં તે પીઠિકાઓની ઉપર એક હજાર ત્રણસો ને પાંસઠ પ્રાસાદો હોય છે.

ભાવાર્થ :—સૌધર્મવિમાનમાં ચારે તરફ પ્રાકાર છે, તે ત્રણસો યોજન ઊંચો, મૂળમાં સો યોજન પહોળો, મધ્યમાં પચાસ યોજન પહોળો અને ઉપર પચીશ યોજન પહોળો છે.

ભવનપતિનિકાયના ભવનોમાં રહેલો પ્રાકાર ઊંચાઈ અને પહોળાઇમાં સૌધર્મ વિમાનના પ્રાકાર કરતાં અર્ધ પ્રમાણવાળો છે.

તે પ્રાકારની મધ્યે ઉપર કહ્યા મુજબ પીઠિકા અને પ્રાસાદો હોય છે.

પ્રાસાદોની સંખ્યા :-

मुहपासाओ चउदिसि, चउहिं ते सोलसेहिं सोलावि ।
चउसट्ठीए सावि अ, छप्पन्नेहिं दुजेसएहिं ॥ ३१ ॥

અર્થ :—મુખ્ય પ્રાસાદની ચારે દિશામાં ચાર પ્રાસાદો રહેલા છે તે પહેલી પંક્તિ, તેમાં મૂળ પ્રાસાદ ભેગો ગણતાં પાંચ પ્રાસાદ થયા. ચાર બાજુના ચાર પ્રાસાદોની ચારે દિશામાં એક એક પ્રાસાદ હોવાથી તેવા સોળ પ્રાસાદોની તે બીજી પંક્તિ, સોળ પ્રાસાદોની ચારે બાજુ ચાર-ચાર પ્રાસાદ, તે ચોસઠ પ્રાસાદોની ત્રીજી પંક્તિ, ચોસઠ પ્રાસાદોની ચારે બાજુ ચાર-ચાર પ્રાસાદ, તે ૨૫૬ પ્રાસાદોની ચોથી પંક્તિ.

ते वि अ पुण सहसेणं, चउवीसहिएण हुंति परिअरिआ ।
मूलुच्चत्तपुहुत्ता, अद्धद्धे पण वि पंतीओ ॥ ३२ ॥

અર્થ :—તે બસો ને છપ્પન પ્રાસાદોની ચારે બાજુ ચાર-ચાર પ્રાસાદ, તે એક હજાર ને ચોવીશ પ્રાસાદોની પાંચમી પંક્તિ. તે સર્વ મળીને ૧૩૬૫ થયા. આ પાંચે પંક્તિઓ મૂળ પ્રાસાદાવતંસકની ઊંચાઇ, પહોળાઈ અને લંબાઈ કરતાં અનુક્રમે અર્ધા અર્ધા પ્રમાણવાળી છે.

ભાવાર્થ :—૧ લી પંક્તિમાં ૪ પ્રાસાદ
૨ જી પંક્તિમાં ૧૬ પ્રાસાદ
૩ જી પંક્તિમાં ૬૪ પ્રાસાદ
૪ થી પંક્તિમાં ૨૫૬ પ્રાસાદ
૫ મી પંક્તિમાં ૧૦૨૪ પ્રાસાદ

૧૩૬૪
\+ ૧ મૂળપ્રાસાદ

૧૩૬૫ પ્રાસાદ

પાંચે પંક્તિઓના પ્રાસાદની લંબાઇ, પહોળઈ અને ઊંચાઇ :-

જ્યાં મૂળ પ્રાસાદાવતંસક ઊંચાઇ અને પહોળાઇમાં પાંચસો યોજનના છે ત્યાં પહેલી ચાર પ્રાસાદની પંક્તિ અઢીસો યોજનની છે.

બીજી પંક્તિના પ્રાસાદો તે કરતાં અર્ધા પ્રમાણવાળા હોય છે. ત્રીજી પંક્તિના પ્રાસાદો તે કરતાં અર્ધા પ્રમાણવાળા હોય છે, એ રીતે અનુક્રમે પાંચે પંક્તિમાં ઊંચાઈ જાણવી.

હવે દરેક વિમાનમાં પ્રાસાદોની સંખ્યા :–

तेर सय पणसट्ठाइ अ. पणपंतीहिं हुंति पासाया ।
पणसी पंतितिगेणं, तिसई इगचत्त चउहिं तु ॥ ३३ ॥

અર્થ :—વિમાનોની પાંચ પંક્તિવાળામાં એક હજાર ત્રણસો ને પાંસઠ પ્રાસાદો, ત્રણ પંક્તિ હોય છે ત્યાં પંચાશી પ્રાસાદો અને ચાર પંક્તિ હોય છે ત્યાં ત્રણસો ને એકતાલીશ પ્રાસાદો હોય છે. (અહીં ચાર પંક્તિની સંખ્યા પછી ત્રણ પંક્તિની સંખ્યા કહેવી જોઇએ, છતાં તેમ ન કર્યું. તેનું કારણ મૂળ ગાથા એવા વ્યતિક્રમથી રચેલી છે તેમ સમજવું.)

ભાવાર્થ :—વિમાનોમાં પંક્તિના સંબંધમાં ત્રણ ભેદ છે. તે આ પ્રમાણે કેટલાક વિમાનોમાં પાંચ પંક્તિ છે. કેટલાકમાં ચાર પંક્તિ છે અને કેટલાકમાં ત્રણ પંક્તિ હોય છે તેથી ઓછા પ્રાસાદોવાળા વિમાન ચારે નિકાયમાં નથી.

દિશામાં પ્રાસાદોની સંખ્યા–

पणसीई इगवीसा, पणसी पुण एगचत्त तिसईए ।
तेरससय पणसट्ठा, तिसई इगचत्त पइककुहं ॥ ३४ ॥

અર્થ :—ત્રણ પંક્તિવાળામાં દરેક દિશામાં એકવીશ એકવીશ પ્રાસાદો હોવાથી મૂળ પ્રાસાદ સહિત પંચાશી પ્રાસાદો, ચાર પંક્તિવાળામાં દરેક દિશામાં પંચાશી પંચાશી પ્રાસાદો હોવાથી મૂળ પ્રાસાદ સહિત ત્રણસો ને એકતાલીશ પ્રાસાદો, તથા પાંચ પંક્તિવાળા વિમાનોમાં દરેક દિશાઓમાં મધ્યવર્તી પ્રાસાદો સહિત ત્રણસો ને એકતાલીશ પ્રાસાદો હોવાથી એક હજાર ત્રણસો ને પાંસઠ પ્રાસાદો થાય છે.

૬ હવે કિરણપ્રસર સૂર્યનો પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ અને ઉત્તરદિશાનો વિભાગ જણાવે છે–:

पिट्ठे पुव्वा पुरओ, अवरा वलए भमंतसूरस्स ।
दाहिणकरंमि मेरू वामकरे होइ लवणोही ॥ ३५ ॥

અર્થ :—મેરૂપર્વતની ચારે તરફ પ્રદક્ષિણા ફરતા સૂર્યની પાછળ પૂર્વદિશા અને આગળ પશ્ચિમદિશા હોય છે. સૂર્યના જમણા હાથ તરફ મેરૂપર્વત રહે છે અને ડાબા હાથ તરફ લવણસમુદ્ર રહે છે.

ભાવાર્થ :—આ સૂર્યની પોતાની દિશાઓ છે, પણ લોકની દિશા નથી. લોકની દિશા સૂર્યની અપેક્ષાએ જ હોય છે. સર્વ ક્ષેત્રોમાં તે (દિશાઓ) તાપ દિશાઓ કહેવાય છે. પણ સ્વાભાવિક તો ક્ષેત્રદિશા છે તે મેરૂપર્વતમાં આવેલા રૂચકપ્રદેશોથી ઉત્પન્ન થાય છે.

રૂચકપ્રદેશ :-

મેરૂપર્વતના પૃથ્વીતળ ઉપર ચારે તરફથી બરાબર મધ્યમાં રહેલા આઠ આકાશ-પ્રદેશો છે તે રૂચકપ્રદેશ કહેવાય છે અને તે સમભૂતલને સ્થાને ગોસ્તનને આકારે ઉપર નીચે ચાર ચાર રહેલા છે. તેમાં ચારે બાજુએ બે બે પ્રદેશો છે તે ગાડાની ઉધીને આકારે આગળ વધતા વધતા છે, તે પૂર્વાદિ ચારે મહાદિશાઓ છે અને એક પ્રદેશરૂપ જે ચાર રૂચકો મુક્તાફળની શ્રેણીને આકારે રહેલા છે તે ચારે વિદિશાઓ છે. તથા ચાર પ્રદેશવાળી સમશ્રેણીએ ઊર્ધ્વ અને અધોદિશા છે.

આ રીતે જંબૂદ્વીપની જગતીમાં વિજયદ્વાર તરફ પૂર્વદિશા વૈજયન્તદ્વાર તરફ દક્ષિણદિશા, જયંતદ્વાર તરફ પશ્ચિમદિશા અને અપરાજિતદ્વાર તરફ ઉત્તરદિશા છે. આ પ્રમાણે ક્ષેત્રદિશાઓનો નિર્ણય જાણવો.

સૂર્યનો પ્રસાર–

सगचत्तसहस्स दुसई, तेवट्ठा तहिगवीससट्ठंसा ।
पुव्वावरकरपसरो, कक्के सूरा अहुत्तरउ ॥ ३६ ॥

અર્થ :—કર્કસંક્રાંતિને પહેલે દિવસે સુડતાલીશ હજાર બસો ને ત્રેસઠ યોજન તથા એક યોજનના સાઠ ભાગ કરીએ તેવા એકવીશ ભાગ ($47263\frac{21}{60}$) એટલો સૂર્યથી પૂર્વદિશામાં અને પશ્ચિમદિશામાં કિરણનો પ્રસાર છે.

ભાવાર્થ :—કર્કસંક્રાંતિના પ્રથમ દિવસે બન્ને દિશાનું મળીને ઉદય અને અસ્તનું અંતર ૯૪૫૨૬$\frac{42}{60}$ યોજન હોય છે.

असिईसऊण सहसा पणयालीसाऽह जम्मओ दीवे ।
असिइसयं लवणेऽवि अ, तित्तीससहस्स सतिभागा ॥ ३७ ॥

અર્થ :—પીસ્તાલીશહજાર યોજનમાં એકસોએંશી યોજન ઓછા એટલે ૪૪,૮૨૦ યોજન ઉત્તરદિશામાં મેરૂ સુધી કિરણો પ્રસરે છે દક્ષિણદિશામાં દ્વીપ સંબંધી ૧૮૦ યોજન અને લવણસમુદ્રમાં (૩૩,૩,૩૩$\frac{1}{3}$ ભાગ) તેત્રીશહજાર ત્રણસોતેત્રીશ યોજન તથા એક યોજનનો ત્રીજો ભાગ પ્રસરે છે.

ભાવાર્થ :—સર્વ અભ્યંતર મંડલમાં વર્તતો સૂર્ય કર્કસંક્રાંતિને પહેલે દિવસે એકસો ને એંશી યોજન જગતીથી દ્વીપની અંદર હોય છે તેથી ૪૫,૦૦૦ યોજનમાં તેટલા યોજન ઓછા = ૪૪,૮૨૦ યોજન ઉત્તરદિશામાં રવિકિરણ પ્રસર.

અને ૧૮૦ યોજન દ્વીપસંબંધી

૩૩૩૩૩$\frac{1}{3}$ યોજન.

૩૩૫૧૩$\frac{1}{3}$ યોજન દક્ષિણ દિશામાં રવિકિરણપ્રસર.

આ જ પ્રમાણે જંબૂદ્વીપમાં રહેલા બીજા સૂર્યનો પણ કિરણપ્રસર જાણી લેવો.

મકરસંક્રાંતિમાં પૂર્વ તથા પશ્ચિમ કિરણપ્રસર–

इगतीससहस्स अडसय, इगतीसा तह य तीससट्ठंसा ।
मयरे रविरस्सीओ, पुव्ववरेणं अह उ दीणे ॥ ३८ ॥

અર્થ:—એકત્રીશહજાર આઠસો ને એકત્રીશ યોજન તથા એક યોજનના સાઠીયા ત્રીશ ભાગ ૩૧૮૩૧$\frac{૩૦}{૬૦}$ યોજન કિરણનો પ્રસર મકરસંક્રાંતિમાં પૂર્વ અને પશ્ચિમ દિશામાં હોય છે. બન્ને મળીને તે દિવસે સૂર્યના ઉદય અને અસ્તનું સૂર્યના કિરણપ્રસરનું અંતર ૬૩,૬,૬૩ યોજન થાય છે.

ભાવાર્થ:—સૌથી અંદરના માંડલામાંથી બહાર નીકળતો સૂર્ય અનુક્રમે કિરણના પ્રસરમાં ઓછો થતો થતો સૌથી બહારના માંડલામાં આવે છે ત્યાં ૩૧,૮૩૧$\frac{૩૦}{૬૦}$ યોજન કિરણનો પ્રસર મકરસંક્રાંતિમાં હોય છે. ૬૩,૬૬૩ યોજન સૂર્યના ઉદય અને અસ્તનું મકરસંક્રાંતિના તે દિવસે અંતર. અહીં હંમેશાં ૧૭૨$\frac{૧૦}{૬૦}$ / $\frac{૨૪૪}{૧૮૩૩}$ યોજન કિરણપ્રસરની હાનિ થતી જાય છે.

તેમાં પૂર્વ અને પશ્ચિમ એ દરેકને માટે ભિન્ન ભિન્ન કહીએ તો તેથી અર્ધ એટલે ૮૬$\frac{૫૯}{૬૦}$ / $\frac{૩૨૨}{૧૮૩૩}$ યોજન કિરણપ્રસરની હાનિ થાય છે.

મકરસંક્રાંતિમાં ઉત્તર તથા દક્ષિણ દિશામાં કિરણપ્રસર–

लवणे तिसई तीसा, दीवेण पणचत्त सहस अह जम्मे ।
लवणम्मि जोअणतिगं, सतिभाग सहस्स तित्तीसा ॥ ३९ ॥

અર્થ:–લવણસમુદ્રમાં ત્રણસો ને ત્રીશ યોજન તથા દ્વીપસંબંધી પીસ્તાલીશ હજાર યોજન એ બન્ને મળીને ૪૫,૩૩૦ યોજન ઉત્તરદિશામાં કિરણનો પ્રસર છે તથા દક્ષિણ દિશામાં (લવણની દિશામાં) ત્રણસો ત્રીશ યોજન ઓછા કરતાં તેત્રીશ હજાર ને ત્રણ યોજન તથા એક યોજનનો ત્રીજો ભાગ ૩૩૦૦૩$\frac{૧}{૩}$ યોજન કિરણનો પ્રસર છે.

ભાવાર્થ:–સૂર્ય સૌથી બહારના માંડલામાં આવે ત્યારે તે લવણસમુદ્રમાં ૩૩૦ યોજન જાય છે.

ઊર્ધ્વ તથા અધોદિશામાં કિરણ પ્રસર.

मयरम्मि वि कक्कम्मि वि, हिट्ठा अट्ठारजोअणसयाइ ।
जोयणसयं च उड्ढे, रविकर एवं छसु दिसासु ॥४०॥

અર્થ:–મકર વિગેરે છ સંક્રાંતિમાં તથા કર્ક વિગેરે છ સંક્રાંતિમાં પણ અર્થાત્ સર્વે માંડલામાં વર્તતા સૂર્યના તેજકિરણનો પ્રસર અઢારસો યોજન સુધી નીચે

જાય છે, તથા ઊંચે સર્વે ક્ષેત્રોમાં સર્વે સૂર્યના કિરણોનો પ્રસર એકસો યોજન સુધી છે. એ પ્રમાણે છએ દિશામાં પ્રસરતા કિરણોનું પ્રમાણ કહ્યું.

ભાવાર્થ :—અઢારસો યોજન અધોદિશામાં પ્રકાશનું કારણ :-સૂર્યથી આઠસો યોજન સમભૂતલ છે અને સમભૂતલની અપેક્ષાએ એક હજાર યોજન નીચે અધોગ્રામ છે. એ બે મળીને ૧૮૦૦ યોજન સમજવા.

જંબૂદ્વીપમાં જ દક્ષિણ અને ઉત્તરમાં સર્વદા સર્વ કિરણપ્રસર :-

પइदिणमवि जम्मुत्तर, अडसत्तरिसहस सहसतइअंसो ।
उडूढह गुणवीससया, अठिया पुव्वावरा रस्सी ॥ ४१ ॥

અર્થ :—હમેશાં દક્ષિણ અને ઉત્તરના કિરણોનો પ્રસર મેળવતાં અઠ્ઠોતેર હજાર અને હજારનો ત્રીજો અંશ એટલે ત્રણસો તેત્રીશ યોજન તથા એક યોજનનો ત્રીજો ભાગ ૭૮૩૩૩$\frac{1}{3}$ યોજન કિરણ પ્રસરે છે, તથા ઊર્ધ્વ અને અધો મળીને ઓગણીશસો યોજન કિરણ પ્રસરે છે. સૂર્યથી પૂર્વમાં અને પશ્ચિમમાં સૂર્યના કિરણો અસ્થિત છે. કેમકે સર્વે માંડલામાં હાનિ–વૃદ્ધિ થાય છે.

આ પ્રમાણે સૂર્યના તેજનો પ્રસર જંબૂદ્વીપને વિષે જ જાણવો. કેમકે લવણ-સમુદ્ર, ધાતકીખંડ, કાલોદધિ સમુદ્ર, અને પુષ્કરાર્ધદ્વીપમાં સૂર્યોના તેજનો પ્રસર તો ચારે દિશામાં અધિક અધિક છે. ઊર્ધ્વ તથા અધો મળીને તો નવસો યોજન જ છે, કારણકે ત્યાં અધોગ્રામ નથી.

તેનું સ્વરૂપ મંડળ પ્રકરણમાંથી જાણી લેવું. કારણકે ત્યાં અધોગ્રામ નથી.

૭ પર્યાપ્તિ દ્વાર :-

आहारसरीरिंदिय–ऊसासवओमणो छ पज्जति ।
चउ पंच पंच छप्पिअ, इगविगलाऽमणसमणतिरिए ॥ ४२ ॥

અર્થ:–આહારપર્યાપ્તિ, શરીરપર્યાપ્તિ, ઇંદ્રિયપર્યાપ્તિ, શ્વાસોશ્વાસપર્યાપ્તિ, વચન-પર્યાપ્તિ અને મનપર્યાપ્તિ. એ છ પર્યાપ્તિ જાણવી. તેમાંથી એકેંદ્રિયને પહેલી ચાર પર્યાપ્તિ, વિકલેંદ્રિયને પહેલી પાંચ પર્યાપ્તિ, અસંજ્ઞીને પણ પાંચ પર્યાપ્તિ અને સંજ્ઞી-પંચેંદ્રિય તિર્યંચને છએ પર્યાપ્તિ હોય છે.

गब्भयमणुआणं पुण, छप्पिअ पज्जत्ति पंच देवेसु ।
जं तेसिं वयमणाण, दुवे वि पज्जत्ति समकालं ॥ ४३ ॥

અર્થ :—ગર્ભજ મનુષ્યોને છ પર્યાપ્તિ, સંમૂર્છિમ મનુષ્યો અપર્યાપ્તપણે જ મરણ પામે છે તેથી પહેલી પાંચ પર્યાપ્તિ, તથા દેવ અને ઉપલક્ષણથી નારકીઓને પાંચ

પર્યાપ્તિઓ હોય છે. કારણકે તેમને વચનપર્યાપ્તિ અને મનપર્યાપ્તિ બંને સમકાળે જ પૂર્ણ થાય છે.

પહેલા ત્રણ શરીરમાં સર્વપર્યાપ્તિઓનું કાળ પ્રમાણ :–

ઉરાલવિઉવ્વાહારે, છન્હડવિ પજ્જત્તિ જુગવમારંભે ।
તિન્હ ડવિ પઢમિગસમએ, બીઆ પુણ અંતમોહુત્તી ॥ ૪૪ ॥

અર્થ :—ઔદારિક, વૈક્રિય અને આહારક એ ત્રણે શરીરમાં છએ પર્યાપ્તિઓનો પ્રારંભ સમકાળે થાય છે અને પૂર્ણતા અનુક્રમે પામે છે. ત્રણે શરીરમાં પણ પહેલી આહારપર્યાપ્તિ એક સમયે જ પૂર્ણ થાય છે, બીજી શરીરપર્યાપ્તિ ત્રણે શરીરમાં અંતર્મુહૂર્ત્તના પ્રમાણવાળી છે.

પિહુ પિહુ અસંખસમઇઅ, અંતમુહુત્તા ઉરાલ ચઉરોડવિ ।
પિહુ પિહુ સમયા ચઉરોડવિ, હુંતિ વેઉવ્વિઆહારે ॥ ૪૫ ॥

અર્થ :—ઔદારિકશરીરમાં ત્રીજી, ચોથી, પાંચમી અને છઠ્ઠી એ ચારે પર્યાપ્તિઓ અસંખ્યાત સમયવાળા પૃથક્ પૃથક્ અંતર્મુહૂર્ત્તે પૂર્ણ થાય છે તથા વૈક્રિય અને આહારક-શરીરમાં ત્રીજી, ચોથી, પાંચમી અને છઠ્ઠી એ ચારે પર્યાપ્તિઓ પૃથક્ પૃથક્ એક એક સમયે પૂર્ણ થાય છે.

ભાવાર્થ :—મનુષ્ય અને તિર્યંચ આશ્રયિ પર્યાપ્તિનો કાળ

	ઔદારિકશરીર	વૈક્રિયશરીર	આહારકશરીર
૧ આહારપર્યાપ્તિ	૧ સમયે	૧ સમયે	૧ સમયે
૨ શરીરપર્યાપ્તિ	અંતર્મુહૂર્ત્તે	અંતર્મુહૂર્ત્તે	અંતર્મુહૂર્ત્તે
૩ ઇંદ્રિયપર્યાપ્તિ	અંતર્મુહૂર્ત્તે	૧ સમયે	૧ સમયે
૪ શ્વાસોચ્છ્વાસપર્યાપ્તિ	અંતર્મુહૂર્ત્તે	૧ સમયે	૧ સમયે
૫ વચનપર્યાપ્તિ	અંતર્મુહૂર્ત્તે	૧ સમયે	૧ સમયે
૬ મનપર્યાપ્તિ	અંતર્મુહૂર્ત્તે	૧ સમયે	૧ સમયે

દેવ અને નારકીને આશ્રયિને પર્યાપ્તિઓનો કાળ :–

છન્હડવિ સમમારંભે, પઢમા સમએડવિ અંતમોહુત્તી ।
તિ તુરિઅ સમએ સમએ, સુરેસુ પણ છટ્ઠ ઇગસમએ ॥ ૪૬ ॥

અર્થ :—દેવ અને નારકીમાં છએ પર્યાપ્તિઓનો સમકાળે પ્રારંભ થાય છે. તેમાંથી પહેલી ઓજાહાર પર્યાપ્તિ એક સમયે પરિપૂર્ણ થાય છે. બીજી શરીરપર્યાપ્તિ ત્યારપછી અંતર્મુહૂર્ત્તે પૂર્ણ થાય છે, ત્રીજી અને ચોથી પર્યાપ્તિ ત્યારપછી પૃથક્ પૃથક્ એક એક

સમયે પૂર્ણ થાય છે તથા પાંચમી વચનપર્યાપ્તિ અને છઠ્ઠી મનઃપર્યાપ્તિ એ બન્ને ત્યારપછી એક જ સમયે પૂર્ણ થાય છે. (કારણકે તેનો તેવો સ્વભાવ જ છે.)

ભાવાર્થ :—દેવ અને નારકીમાં પર્યાપ્તિનો કાળ :-

	દેવ	નારકી
૧ આહારપર્યાપ્તિ	૧ સમયે	૧ સમયે
૨ શરીરપર્યાપ્તિ	અંતર્મુહૂર્ત્ત	અંતર્મુહૂર્ત્ત
૩ ઇંદ્રિયપર્યાપ્તિ	૧ સમયે	૧ સમયે
૪ શ્વાસોચ્છ્વાસપર્યાપ્તિ	૧ સમયે	૧ સમયે
૫ ભાષાપર્યાપ્તિ ૬ મનપર્યાપ્તિ	૧ સમયે	૧ સમયે

દેવ અને નારકીને ઉત્તરવૈક્રિયમાં પણ એ જ પ્રમાણે પર્યાપ્તિઓ પૂર્ણ થાય છે.

૮ કૃષ્ણરાજીનું સ્વરૂપ :—

बंभे रिट्ठे तइअंमि, पत्थडे अट्ठ कण्हराईओ ।
इंदय चउसु दिसासुं, अख्खाडगसंठिआ दिग्घे ॥ ४७ ॥

અર્થ :—બ્રહ્મલોક નામના પાંચમા દેવલોકમાં રહેલા ત્રીજા રિષ્ટ નામના પ્રસ્તરમાં આઠ કૃષ્ણરાજીઓ છે. ઇન્દ્રક વિમાનની ચારે દિશાઓમાં બે બે કૃષ્ણરાજીઓ છે અને તે આખાટકના (અખાડાની ભૂમિ)ના સંસ્થાન જેવી લાંબી છે.

ભાવાર્થ :—પાંચમા દેવલોકના ત્રીજા પ્રસ્તરમાં આઠ કૃષ્ણરાજીઓ છે. તે સચિત્ત અને અચિત્ત પૃથ્વીના પરિણામરૂપ ભીંતને આકારે છે.

રિષ્ટ નામના ત્રીજા પ્રસ્તરમાં રહેલા ઇન્દ્રક વિમાનની ચારે દિશાઓમાં બે બે કૃષ્ણરાજીઓ છે તે આ પ્રમાણે :-પૂર્વ દિશામાં દક્ષિણ ઉત્તર લાંબી અને તીર્છી પહોળી બે કૃષ્ણરાજીઓ છે.

પશ્ચિમ દિશામાં દક્ષિણ ઉત્તર લાંબી અને તિર્છી પહોળી બે કૃષ્ણરાજીઓ છે.
ઉત્તર દિશામાં પૂર્વ પશ્ચિમ લાંબી અને તિર્છી પહોળી બે કૃષ્ણરાજીઓ છે.
દક્ષિણ દિશામાં પૂર્વ પશ્ચિમ લાંબી અને તિર્છી પહોળી બે કૃષ્ણરાજીઓ છે.

તે કૃષ્ણરાજીઓનો આકાર :-

આખાટક સંસ્થાન જેવી લાંબી છે. આખાટક એટલે પ્રેક્ષણને સ્થળે ચારે તરફ બેસવાના આસન હોય છે તે આકારે રહેલી છે.

પ્રજ્ઞપ્તિની ટીકામાં આ પ્રમાણે કહેલું છે.

લંબાઈનું પ્રમાણ :–

जोअणअसंख पोहत्ति संख ईसाणि अच्चि अचिमाली ।
वइरोअणं पहंकर, चंदाभं सूरिअ सुकाभं ॥ ४८ ॥
सुपइट्ठाभं रिट्ठं, मज्झे वट्टं बहिं विचित्तट्ठं ।
तेसिं पहु सारस्सय पमुहा तदुदुगपरिवारा ॥ ४९ ॥

અર્થ :–તે કૃષ્ણરાજીઓ અસંખ્યાતા હજાર યોજન લાંબી છે, સંખ્યાતા હજાર યોજન પહોળી છે.

આ કૃષ્ણરાજીની ઈશાન વિગેરે દિશા વિદિશાના આંતરામાં અર્ચિ, અર્ચિમાલી વૈરોચન, પ્રભંકર, ચંદ્રાભ, સુકાભ, સુપ્રતિષ્ઠાભ, રિષ્ટાભ, નામના વિમાન છે. તેમાં મુખ્ય વિમાન વર્તુલાકારે અને બહારના આઠ વિચિત્ર આકારના છે તે વિમાનોના સ્વામી સારસ્વત વિગેરે લોકાંતિક દેવતાઓ છે તેઓ બે બેના સાથે પરિવારવાળા છે.

ભાવાર્થ :–કૃષ્ણરાજીઓની લંબાઇ :–અસંખ્યાતા હજાર યોજન
" પહોળાઈ :–સંખ્યાતા હજાર યોજન
" નો વિસ્તાર (પરિધિ) :–અસંખ્યાતા હજાર યોજન

કોઈ મહર્દ્ધિક દેવતા જે ગતિથી ત્રણ ચપટી વગાડીએ તેટલી વારમાં આખા જંબૂદ્વીપની ફરતી એકવીશ વાર પ્રદક્ષિણા આપે, તે દેવતા તે જ ગતિથી પંદર દિવસે એક કૃષ્ણરાજીનું ઉલ્લંઘન કરે, પણ બીજીનું ઉલ્લંઘન કરી શકે નહિ. એટલી તે ઉંચી છે.

આ કૃષ્ણરાજીની ઇશાન વિગેરે દિશા તથા વિદિશાઓ મળી આઠે આંતરામાં એટલે બે બે રાજીની વચ્ચે ચાર દિશામાં ચાર અને બે–બે રાજીના ખૂણા ઉપર ચાર વિદિશામાં ચાર એમ આઠ વિમાનો છે, તે આ પ્રમાણે.

૧ ઉત્તર અને પૂર્વની અભ્યંતરની બે કૃષ્ણરાજીઓની વચ્ચે વિદિશામાં અર્ચિ નામનું વિમાન છે.
૨ પૂર્વ દિશાની બે કૃષ્ણરાજીની વચ્ચે અર્ચિમાલી નામનું વિમાન છે.
૩ પૂર્વ અને દક્ષિણના અભ્યંતરની બે કૃષ્ણરાજીની વચ્ચે વિદિશામાં વૈરોચન નામનું વિમાન છે.
૪ દક્ષિણની બે કૃષ્ણરાજીઓની વચ્ચે પ્રભંકર નામનું વિમાન છે.
૫ દક્ષિણ અને પશ્ચિમની અભ્યંતરની બે કૃષ્ણરાજીઓની વચ્ચે વિદિશામાં ચંદ્રાભ નામનું વિમાન છે.

૬ પશ્ચિમની બે કૃષ્ણરાજીની વચ્ચે સૂરાભ નામનું વિમાન છે.
૭ પશ્ચિમ અને ઉત્તરની અભ્યંતરની બે કૃષ્ણરાજીઓની વચ્ચે વિદિશામાં સુકાલ નામનું વિમાન છે.
૮ ઉત્તરની બે કૃષ્ણરાજીઓની વચ્ચે સુપ્રતિષ્ઠાભ નામનું વિમાન છે.
૯ તથા સર્વે કૃષ્ણરાજીઓના મધ્યભાગમાં રિષ્ટાભ નામનું વિમાન છે.

તે મુખ્ય વિમાન વર્તુલાકારે છે અને બહારના આઠ વિચિત્ર આકારના છે, કારણ કે તે આવલિકામાં રહેલા નથી. તે વિમાનોથી અસંખ્યાતા હજાર યોજન દૂર અલોક છે. તે વિમાનોના સ્વામી સારસ્વત વિગેરે લોકાંતિક દેવતાઓ છે.

દેવોનો પરિવાર :-

सत्तसय सत्त चउदस, सहसा चउदहिअ सगसहस सत्त ।
नव नवसय नव नवहिअ, अव्वाबाहागिच्चरिट्ठेसु ॥ ५० ॥

અર્થ :-સારસ્વત અને આદિત્ય બન્ને દેવોનો સાતસો ને સાત દેવોનો પરિવાર છે. અગ્નિ અને વરૂણ બન્ને દેવોનો ચૌદ હજાર ને ચૌદ દેવોનો પરિવાર છે. ગર્દતોય અને તુષિતનો સાત હજાર ને સાત દેવોનો પરિવાર છે. બાકીના અવ્યાબાધ, આગ્નેય તથા રિષ્ટ એ ત્રણેમાં દરેકને નવસો ને નવ દેવોનો પરિવાર છે.

ભાવાર્થ :-અવ્યાબાધ, આગ્નેય અને રિષ્ટ એ ત્રણેમાં દરેકને આ ગ્રંથકારના મતે નવસો ને નવ દેવોનો પરિવાર છે. તથા પ્રવચનસારોદ્ધાર વિગેરે ઘણાં ગ્રંથોમાં તો છેલ્લા ત્રણ દેવોનો મળીને નવસો ને નવ દેવોનો પરિવાર કહ્યો છે.

તે સર્વ મળીને પરિવારના દેવો ૨૪,૪૫૫ છે.

પ્રવચનસારોદ્ધારના મત પ્રમાણે ૨૨,૬૩૭ થાય છે.

નવ લોકાંતિક દેવોના નામો :-


सारस्सयमाइच्चा, वण्ही वरुणा य गद्दतोया य ।
तुसिआ अव्वाबाहा, अग्गिया चेव रिट्ठा य ॥ ५१ ॥

અર્થ :-સારસ્વત, આદિત્ય, વન્હિ, વરૂણ, ગર્દતોય, તુષિત, અવ્યાબાધ, આગ્નેય તથા રિષ્ટ આ પ્રમાણે નવ લોકાંતિક દેવો છે.

ભાવાર્થ :-તે દેવતાઓનું જઘન્ય તથા ઉત્કૃષ્ટ આયુષ્ય આઠ સાગરોપમનું છે. તથા તેઓ સાત આઠ ભવે મોક્ષે જવાના હોય છે.

કૃષ્ણરાજીઓનું પરસ્પર સ્પર્શ થવાનું સ્વરૂપ :-

पुव्वंतर जम्मबहिं, पुट्ठा जम्मंतरा बहिं वरुणं ।
तम्मज्झुत्तर बाहिं, उईणमज्झा बहिं पुव्वं ॥ ५२ ॥



આ ચિત્ર અષ્ટ કૃષ્ણ રાજીનું છે, એ કૃષ્ણરાજીઓ જ્યાં તમસ્કાય વિગેરે છે, ત્યાં એટલે બ્રહ્મલોકના ત્રીજા રિષ્ટપ્રતરે જ્યાં નવ લોકાંતિક વિમાનો ચારે દિશાવર્તી આવ્યા છે. તેના અંતરાલે દરેક દિશામાં ત્રિકોણાદિ સંયુક્ત ચતુષ્કોણાદિ બે-બેમાં જોડલે થઈને કૃષ્ણ રાજીઓ આખાને કુલ ૮ છે. તેમાં અભ્યંતર કૃષ્ણરાજી ચતુષ્કોણાકારે [અખાડાવત્] અને બાહ્ય ત્રિકોણાકારે વર્તે છે. એ કૃષ્ણરાજી વૈમાનિક દેવકૃત છે, આયામ અસંખ્ય યોજન સહસ્ર, વિષ્કંભ સંખ્યેય યો. સહસ્ર, પરિક્ષેપ અસંખ્યેય યો. સહસ્ર છે. આ કૃષ્ણરાજી પૃથ્વી પરિણામ રૂપ છે. જલપરિણામ રૂપ નહિ, તેમાં પુષ્કર જાતિ ઉત્પન્ન થાય છે.

અર્થ :-પૂર્વ દિશાની અભ્યંતર રાજી દક્ષિણની બહારની રાજીનો સ્પર્શ કરે છે. દક્ષિણની અભ્યંતર રાજી પશ્ચિમની બહારની રાજીનો સ્પર્શ કરે છે. પશ્ચિમની અભ્યંતર રાજી ઉત્તરની બહારની રાજીનો સ્પર્શ કરે છે તથા ઉત્તરની અભ્યંતર રાજી પૂર્વની બહારની રાજીનો સ્પર્શ કરે છે.

કૃષ્ણરાજીઓના આકારનો વિભાગ :-

પુવ્વાવરા છલંસા, તંસા પુણ દાહિણુત્તરા બજ્ઝા ।
અબ્ભંતર ચઉરંસા, સવ્વા વિ અ કણ્હરાઈઓ ॥૫૩॥

અર્થ :-પૂર્વ અને પશ્ચિમની બે કૃષ્ણરાજીઓ ષટ્કોણ છે, અને ઉત્તર દક્ષિણની બહારની બે કૃષ્ણરાજીઓ ત્રિકોણ છે તથા અભ્યંતરની ચારે કૃષ્ણરાજીઓ ચોરસ છે.

(૯) વલયદ્વાર :-

પુક્ખરિગારસ તેરેવ, કુંડલે રુઅગિ તેર ઠારે વા ।
મંડલિઆચલતિન્નિ ઉ, મણુઉત્તર કુંડલો રુઅગો ॥ ૫૪ ॥

અર્થ :-પુષ્કરવર દ્વીપના બહારના અર્ધભાગના પ્રારંભમાં માનુષોત્તર પર્વત, તથા જંબૂદ્વીપથી અગ્યારમો, કોઈ મતે તેરમો કુંડલદ્વીપ છે, તેના બીજા અર્ધભાગના પ્રારંભમાં કુંડલ પર્વત, તથા સંગ્રહણિના ક્રમથી તેરમો અથવા કોઈ મતે અઢારમો રુચકદ્વીપ છે, તેમાં રુચક પર્વત છે.

ભાવાર્થ :-કાલોદ સમુદ્રની બહાર વલયના આકારે રહેલો સોળ લાખ યોજનના વિસ્તારવાળો પુષ્કરવર નામનો દ્વીપ છે તેના અર્ધા ભાગના મધ્યમાં કિલ્લાના આકારે માનુષોત્તર પર્વત રહેલો છે.

કુંડલ નામના દ્વીપના અર્ધાભાગના મધ્યમાં કિલ્લાના આકારે કુંડલ પર્વત રહેલો છે અને રુચકદ્વીપના અર્ધાભાગના મધ્યમાં કિલ્લાના આકારે રુચકપર્વત રહેલો છે.

આ પ્રમાણે મંડલાચલ-વલયાકાર ત્રણ પર્વતો છે.


પર્વતોની ઊંચાઈ :-


સત્તરસય ઇગવીસા, બાયાલસહસ ચુલસિસહસુચ્ચા ।
ચઉસય તીસા કોસં, સહસં સહસં ચ ઓગાઢા ॥ ૫૫ ॥

અર્થ :-માનુષોત્તર પર્વત સત્તરસો એકવીશ યોજન ઊંચો, કુંડલ પર્વત બેંતાલીશ હજાર યોજન ઊંચો, અને રૂચક પર્વત ચોરાશી હજાર યોજન ઊંચો છે.

તે પર્વતોની ભૂમિમાં ઊંડાઇ :-

માનુષોત્તર પર્વત ચારસો ને ત્રીશ યોજન તથા એક ગાઉ અને કુંડલ તથા રુચક પર્વતો હજાર હજાર યોજન ભૂમિમાં ઊંડા છે.


માનુષોત્તર પર્વત
૪૨૪ યોજન
૧૭૨૨ યોજન
માનુષોત્તર પર્વત
૧૦૨૨ યોજન


પર્વત નો આકાર સમજવા માટે બીજો પ્રકાર
૮૪૮ યોજન
૧૭૨૨ યોજન
૨૦૪૪ યોજન
બાહ્ય પુષ્કરાર્ધ
માનુષોત્તર પર્વત
અભ્યંતર પુષ્કરાર્ધ
કાલોદધિ
લવણસમુદ્ર
જંબુદ્વીપ

માનુષોત્તર અને કુંડલપર્વતોનો વિસ્તાર :–

ભુવિ દસસય બાવીસા, મજ્ઝે સત્ત ય સયા ઉ તેવીસા ।
સિહરે ચત્તારિ સયા, ચઉવીસા મણુઅ કુંડલગા ॥ ૫૬ ॥

અર્થ :–માનુષોત્તર અને કુંડલપર્વતનો ભૂમિ ઉપર એક હજાર ને બાવીશ યોજન, મધ્યભાગમાં સાતસો ને ત્રેવીશ યોજન અને શિખર ઉપર ચારસો ને ચોવીશ યોજનનો વિસ્તાર છે.

રુચકપર્વતનો વિસ્તાર :–

દસ સહસા બાવીસા, ભુવિ મજ્ઝે સગસહસ્સ તેવીસા ।
સિહરે ચઉરો સહસા, ચઉવીસા રુઅગસેલંમિ ॥ ૫૭ ॥

અર્થ :–રૂચકપર્વત નો પૃથ્વીની સપાટી ઉપર દસ હજાર ને બાવીશ યોજન, મધ્યભાગમાં સાત હજાર ને ત્રેવીશ યોજન તથા શિખર ઉપર ચાર હજાર ને ચોવીશ યોજનનો વિસ્તાર છે.

રૂચકપર્વતના શિખરની વિશેષતા :–

રુઅગસિહરે ચઉદિસિ, વિઅસહસેગેગચઉથિઅટ્ઠ ।
વિદિસિ ચઉહ અ ચત્તા, દિસિકુમરી કૂડ સહસંકા ॥ ૫૮ ॥

અર્થ :–રૂચકપર્વતના શિખરના બીજા ભાગમાં ચારે દિશામાં સહસ્રકૂટ નામના એક એક (બધા મળીને ચાર) સિદ્ધ કૂટ છે, ચોથા ભાગમાં આઠ આઠ કૂટો છે. (કુલ બત્રીશ) તે જ ચોથા ભાગમાં વિદિશાઓમાં ચાર કૂટો છે. તે સર્વે મળીને ૩૬ સહસ્રકૂટ છે. તે ૩૬ કૂટો ઉપર તથા રુચકદ્વીપમાં જમીન ઉપર રહેલા બીજા ચાર કૂટ ઉપર ભુવનપતિ નિકાયની ચાલીશ દિક્કુમારીઓ રહે છે.


ભાવાર્થ :–વલયાકાર રૂચકપર્વતના ૪૦૨૪ યોજનના વિસ્તારવાળા શિખર ભાગના ચાર વિભાગ કરવા એટલે દરેક વિભાગ ૧૦૦૬ યોજનનો થાય છે.

તેના પ્રથમ ભાગ મૂકીને બીજા ભાગમાં પૂર્વાદિ ચારે દિશામાં સહસ્રકૂટ નામના ચાર સિદ્ધકૂટ છે.

તથા તે રૂચકપર્વતના ૧૦૦૬ યોજનના વિસ્તારવાળા ચોથા ભાગમાં દરેક દિશાએ આઠ આઠ કૂટો છે. કુલ ૩૨ છે. તે બત્રીશ દિક્કુમારીઓનાં સ્થાનો છે.

મધ્યે રહેલા ચાર સિદ્ધકૂટ સહિત તો દરેક દિશામાં નવ નવ કૂટો થાય છે. પણ ચાર સિદ્ધકૂટ ઉપર જિનેશ્વરની પ્રતિમાથી સુશોભિત સિદ્ધાયતન છે.

૧૩ મા રુચકદ્વીપમાં ૪ જિનચૈત્ય અને ૪૦ દિક્કુમારિકા



આરુચકગિરિ સિંહનિષાદી આકારનો છે તે ૮૪૦૦૦. યોજનઉંચો ૧૦૦૨૨. યોજન મૂળ વિસ્તાર અને ૭૦૨૩. યોજન મધ્ય વિસ્તાર. તથા ૪૦૨૪ યોજન શિખર વિસ્તારવાળો છે, તે શિખર વિસ્તાર ના બહારના ચોથા હજારમાં ૪ ચૈત્ય ૩૬ દિક્કુમારીકૂટ છે. અને દ્વીપના અભ્યન્તરાર્ધ ભાગમાં ૪ દિક્કુમારી કૂટ છે.

તથા તેજ ચોથા ભાગમાં વિદિશાઓમાં એક એક કુલ ચાર કૂટો છે.
તે સર્વ મળીને ૩૬ સહસ્રકૂટ છે.
તેનો મૂળમાં હજાર યોજન વિસ્તાર,
શિખર ઉપર પાંચસો યોજન વિસ્તાર અને
ઊંચાઈ-એક હજાર યોજન છે.

તે ૩૬ કૂટો તથા રૂચકદ્વીપમાં જમીન ઉપર બીજા ૪ કૂટ છે. તે ૪૦ કૂટોમાં ૪૦ દિક્કુમારીઓ પોતાના પરિવાર સહિત રહે છે.

તે પર્વતો સંબંધી વિશેષ વિચાર માનુષોત્તર :-

પઢમો સીહનિસાઈ, અદ્ધજવનિમો અ ચઉદિસિ સિહરે ।
પન્નાઈ ચઉ જિણગેહો, સયાઇ ચઉ ચેઇઆ દુન્નિ ॥ ૫૯ ॥

અર્થ :-પહેલો માનુષોત્તરપર્વત સિંહના આકાર જેવો, અર્ધા જવની જેવો છે અથવા જવના અર્ધા ઢગલા જેવો છે. વળી તે પર્વતના શિખર ઉપર ચારે દિશામાં પચાસ યોજન લાંબા, પચીશ યોજન પહોળા અને છત્રીશ યોજન ઊંચા ચાર શાશ્વત જિનચૈત્યો છે તથા કુંડલ અને રૂચકપર્વતના શિખર ઉપર ચારે દિશામાં સો યોજન લાંબા, પચાસ યોજન પહોળા અને બોંતેર યોજન ઊંચા ચાર જિનચૈત્યો છે.


ભાવાર્થ :-માનુષોત્તરપર્વત જંબૂદ્વીપની દિશા તરફ છિન્નટંક એટલે ઊંચી ભીંત જેવો સરખો-સપાટ છે અને પાછળના ભાગમાં શિખરના ભાગથી આરંભીને નીચે નીચે પહોળાઇમાં વધતો વધતો છે.

(૧૦) નંદીશ્વરદ્વીપ દ્વાર :-

તેવટ્ઠં કોડિસયં, લક્ખા ચુલસીઇ વલયવિક્કંભો ।
નંદીસરદ્વમદીવો, ચઉદિસિ ચઉ અંજણા મજ્ઝે ॥ ૬૦ ॥

અર્થ :-એક અબજ, ત્રેસઠ કરોડ અને ચોરાશી લાખ (૧,૬૩,૮૪૦૦,૦૦૦) યોજના વલયવિષ્કંભવાળો જંબૂદ્વીપથી આઠમો નંદીશ્વરદ્વીપ છે. તે દ્વીપના મધ્યભાગમાં ચારે દિશાઓમાં ચાર અંજનગિરિ રહેલા છે.

ભાવાર્થ :-આઠમો નંદીશ્વરદ્વીપ છે. તે સમગ્ર સુર અને અસુરના સમૂહને આનંદ આપનાર તથા મોટા જિનાલયો, ઉદ્યાનો, પુષ્કરિણીઓ અને પર્વતો વિગેરે પદાર્થોના સમૂહથી ઉત્પન્ન થયેલી વિભૂતિથી શ્રેષ્ઠ છે, તેથી તે નંદીશ્વર એવા સાર્થક નામવાળો છે. તે દ્વીપના મધ્યભાગમાં ચાર અંજનગિરિ રહેલા છે. તેમના નામ :- પૂર્વ દિશામાં દેવરમણ, દક્ષિણમાં નિત્યોદ્યોત, પશ્ચિમમાં સ્વયંપ્રભ અને ઉત્તરમાં રમણીય છે.



અંજનગિરિનું સ્વરૂપ:-

गोपुच्छा अंजणमय, चुलसीसहसुच्च सहसमोगाढा ।
समभुवि दससहसपिहु, सहसुवरिं तेसिं चउदिसिसु ॥ ६१ ॥

અર્થ:-તે પર્વતો ગોપુચ્છાકારે, અંજન રત્નમય છે. ચોરાશી હજાર યોજન ઊંચા, એક હજાર યોજન ઊંડા તથા પૃથ્વીની સપાટી ઉપર દસ હજાર યોજન અને ત્યાંથી ઉપર જતાં અનુક્રમે હીન થતાં એક હજાર યોજન વિસ્તારવાળા છે.

ભાવાર્થ :- ગોપુચ્છ સંસ્થાન :-

જેમ ગાયનું પૂછડું મૂળમાં સ્થૂળ હોય અને નીચે જતાં અનુક્રમે પાતળું હોય તેમ આ ચારે અંજનપર્વતો નીચે અધિક વિસ્તારવાળા અને ઉપર ઉપર અનુક્રમે થોડા થોડા વિસ્તારવાળા છે. તે પર્વતો સર્વથા નીલરત્નમય છે. તે પર્વતોની પરિધિ મૂળમાં ૩૧,૬૨૩ યોજનથી કાંઇક હીન છે અને શિખર ઉપર ૩૧૬૨ યોજનની છે.

लरकंतरिआ चउ चउ, बावी स दस य जोअणुव्विद्धा ।
लरकं दोहपिहुच्चे, तम्मज्झे दहिमुहा सोल ॥ ६२ ॥

અર્થ :-અંજનગિરિની ચારે દિશાઓમાં લાખ યોજનને અંતરે ચાર ચાર વાવો છે. (બધી મળીને સોળ વાવો છે.) તે દરેક વાવો દશ યોજન ઊંડી, લંબાઈ તથા પહોળાઈમાં લાખ લાખ યોજનની છે. તે દરેક વાવોના મધ્યમાં સોળ દધિમુખપર્વતો રહેલા છે.

ભાવાર્થ :-ચારે અંજનગિરિની ચારે દિશાઓમાં લાખ લાખ યોજનના અંતરે ચાર ચાર વાવો છે. તે નિર્મળ, શીતળ અને સ્વાદુ જળથી ભરેલી છે. તે દરેક વાવ પૂર્વ વિગેરે દિશાના અનુક્રમે અશોક, સપ્તચ્છદ, ચંપક અને આમ્રવનોથી વ્યાપ્ત છે. એટલે સર્વ મળીને ચોસઠ વનો છે. તે દરેક વાવોના મધ્યમાં સોળ દધિમુખ પર્વતો રહેલા છે.

દધિમુખપર્વતોનું વર્ણન :-

सहसोगाढा चउसट्ठि-सहसुच्चा दससहस्स पिहुला य ।
सव्वत्थ समा पल्लग-सरिसा रुप्पामया सव्वे ॥ ६३ ॥

અર્થ :-તે દરેક દધિમુખપર્વતો એક હજાર યોજન પૃથ્વીની અંદર છે. બહાર ચોસઠ હજાર યોજન ઊંચા છે, અને સર્વત્ર મૂળમાં, મધ્યમાં અને શિખરમાં સરખા દશ હજાર યોજન પહોળા છે, પ્યાલાના આકારવાળા છે અને દરેક પર્વતો રૂપામય એટલે શ્વેતવર્ણના છે.

અંજનગિરિ અને દધિમુખપર્વતો ઉપર જિનચૈત્યોનું વર્ણન :-

अंजणदहिमुहचेइअ, वीसं चउदार दीहपिहुउच्चा ।
सय पन्ना बावत्तरि, जोअण ट्ठाणंगि जिअभिगमे ॥ ६४ ॥

અર્થ :-ચારે અંજનપર્વતો ઉપર અને સોળે દધિમુખપર્વતો ઉપર એક એક ચૈત્ય હોવાથી સર્વ મળીને વીશ ચૈત્યો છે, તે દરેક ચૈત્ય ચાર ચાર દ્વારવાળા, સો યોજન પૂર્વ-પશ્ચિમ લાંબા, પચાસ યોજન ઉત્તર-દક્ષિણ પહોળા અને બોંતેર યોજન ઊંચા છે. આ પ્રમાણે વીશ સિદ્ધાયતનોનું સ્વરૂપ ઠાણાંગસૂત્રમાં અને જીવાભિગમસૂત્રમાં કહ્યું છે.

ભાવાર્થ :–અન્ય આચાર્યને મતે ચારે વિદિશામાં દરેક દધિમુખના આંતરામાં બે બે રતિકરપર્વત છે. કુલ બત્રીશ રતિકર નામના પર્વતો ઉપર પણ એક એક ચૈત્ય હોવાથી એકંદર બાવન ચૈત્યો છે.

દરેક ચૈત્યના દરેક દ્વારમાં

૧ મુખમંડપ, ૨ પ્રેક્ષામંડપ, ૩ ચૈત્યસ્તૂપ, ૪ ચૈત્યવૃક્ષ, ૫ મહેન્દ્રધ્વજ, ૬ પુષ્કરિણી, (વાવ) એ છ પદાર્થો રહેલા છે.

તેમાં મુખમંડપ અને પ્રેક્ષામંડપ સો યોજન લાંબા, પચાસ યોજન પહોળા અને સોળ યોજન ઊંચા છે. ચૈત્યસ્તૂપ સોળ યોજન લાંબા અને સોળ યોજન પહોળા છે.

ચૈત્યવૃક્ષ અને મહેન્દ્રધ્વજની પીઠિકાઓ આઠ યોજન લાંબી પહોળી છે (જીવાભિગમ ઉપાંગનાં આધારે) પુષ્કરિણી વાવો સો યોજન લાંબી પહોળી અને દશ યોજન ઊંડી છે.

આ પર્વત ઉપરની વાવોમાં મત્સ્ય વિગેરે જળચર પ્રાણીઓ છે એમ પ્રજ્ઞાપનાના ત્રીજા પદની વૃત્તિમાં કહ્યું છે.

આ પ્રમાણે વીશ સિદ્ધાયતનોનું સ્વરૂપ ઠાણાંગસૂત્રમાં અને જીવાભિગમસૂત્રમાં કહ્યું છે.

રતિકરપર્વતોનું વર્ણન :–

नंदी विदिसिं चउरो, दसिगसहस्सा पिहुच्च पाऊहे ।
झल्लरिसरिस चेइअ, रइकर ठाणंगिसुत्तम्मि ॥ ६५ ॥

અર્થ :–નંદીશ્વરદ્વીપની ચારે વિદિશામાં ચાર રતિકર પર્વતો છે, તે પર્વતો પણ ચૈત્યો સહિત, દશહજાર યોજન પહોળા, દશહજાર યોજન લાંબા, એકહજાર યોજન ઊંચા અને અઢીસો યોજન ભૂમિની અંદર, તથા ઝલ્લરી નામના વાદ્યિંત્ર જેવા વર્તુલાકારે છે. આ સર્વ હકીકત ઠાણાંગસૂત્રમાં કહેલી છે.

ભાવાર્થ :–પ્રવચનસારોદ્ધારાદિ ગ્રંથને અનુસારે તો ચાર વાવોના આંતરામાં બે બે રતિકરપર્વતો રહેલા છે. આ પ્રમાણે એક દિશામાં ચાર વાવો હોવાથી આઠ રતિકરપર્વતો છે. એક દિશામાં જેમ છે તેમ જ બીજી ત્રણ દિશામાં હોવાથી સર્વે મળીને બત્રીશ રતિકરપર્વતો સિદ્ધાયતન સહિત છે.


ગાથાર્થમાં જણાવ્યા મુજબ ચાર રતિકરપર્વતોનું તથા અન્ય આચાર્યના મતે બત્રીશ રતિકરપર્વતોનું એક સરખું જ પ્રમાણ છે.

આ પર્વતો નીચે તળેટીએ તથા ઉપર શિખરે દશહજાર યોજન સરખા પહોળા હોવાથી ઝલ્લરી નામના વાદ્યિંત્ર જેવા વર્તુલાકારે છે.

આ સર્વ હકીકત ઠાણાંગસૂત્રમાં કહેલી છે. (ટીકાવાળી પ્રતમાં ત્રીજા પાદમાં 'अचेइअ' એવો પાઠ છે અને ટીકામાં ચૈત્ય રહિત એમ અર્થ પણ કર્યો છે.)

૮. મા નંદીશ્વર માં પર શાશ્વત જિનચૈત્ય.

દરેક અંજનગિરિની ચાર દિશાએ ૪ વાપિકા, વાપિકાઓમાં ૪ દધિમુખ પર્વત અને વાપીકાઓના આંતરે આંતરે ૨-૨ રતિકર પર્વત એ સર્વની ઉપર એકેક ચૈત્ય મલીને એક દિશામાં ૧૩ ચૈત્ય ગણતાં ચારે દિશામાં પર જિનચૈત્ય.



ઊર્ધ્વલોક અને અધોલોકના સિદ્ધાયતનોનું પ્રમાણ :-

નંદીસરવ્વ ઉડ્ઢં, પન્નાસાઈ અસુરજિણભવણં ।
તયં અદ્ધં નાગાઇસુ, વંતરનગરેસુ તયં અદ્ધં ॥ ૬૬ ॥

અર્થ:- નંદીશ્વરમાં રહેલા ચૈત્યોની જેમ ઊર્ધ્વ દેવલોકમાં રહેલા સિદ્ધાયતનો સો યોજન લાંબા, પચાસ યોજન પહોળા, તથા બોંતેર યોજન ઊંચા છે. ભવનપતિમાં અસુરકુમાર નિકાયના જિનભવનો તેનાથી અર્ધા પ્રમાણવાળા, તથા નાગકુમારાદિ નવ નિકાયોમાં રહેલા ચૈત્યો તેથી પણ અર્ધા પ્રમાણવાળા તથા વ્યંતરોના નગરોમાં રહેલા ચૈત્યો તેથી પણ અર્ધા પ્રમાણવાળા છે.

ભાવાર્થ:- દેવલોકમાં રહેલા સિદ્ધાયતનોનું પ્રમાણ :-

સો યોજન લાંબા, પચાસયોજન પહોળા, બોંતેર યોજન ઊંચા છે અને ત્રણ ત્રણ દ્વારવાળા છે.

અસુરકુમાર નિકાયના સિદ્ધાયતનોનું પ્રમાણ :-
પચાસ યોજન લાંબા, પચીસ યોજન પહોળા અને છત્રીશ યોજન ઊંચા છે.
નાગકુમારાદિ નવ નિકાયના સિદ્ધયતનોનું પ્રમાણ :-
પચીસયોજન લાંબા, સાડાબારયોજન પહોળા અને અઢારયોજન ઊંચા છે.
વ્યંતરોના નગરોમાં રહેલ સિદ્ધાયતનોનું પ્રમાણ :-
સાડાબારયોજન લાંબા, સવા છયોજન પહોળા અને નવયોજન ઊંચા છે.
જ્યોતિષ્ક વિમાનોમાં અને તિર્ચ્છાલોકમાં રહેલા ચૈત્યો ભિન્ન ભિન્ન પ્રમાણવાળા છે.

(૧૧) ગૃહક્રિયાદ્વાર :-

મન્નહ જિણાણ આણં, મિચ્છં પરિહરહ ધરહ સમ્મત્તં ।
છવ્વિહ આવસયંમિ અ, ઉજ્જુત્તો હોઇ પઇંદિઅહં ॥૬૭॥

અર્થ:- ૧. જિનેશ્વરની આજ્ઞા માનવી, ૨. મિથ્યાત્વનો ત્યાગ કરવો, ૩. સમ્યક્ત્વ ધારણ કરવું, ૪. છ પ્રકારના આવશ્યકમાં પ્રતિદિન ઉદ્યમવંત થવું.

પવ્વેસુ પોસહવયં, દાણં સીલં તવો અ ભાવો અ ।
સજ્ઝાય નમુક્કારો, પરોવયારો અ જયણા ય ॥૬૮॥

૫. પર્વદિવસે પૌષધ વ્રત લેવું, ૬. દાન આપવું, ૭. શીલ પાળવું, ૮. તપ કરવો. ૯. ભાવના ભાવવી, ૧૦. સ્વાધ્યાય કરવો, ૧૧. નવકારનો જાપ કરવો, ૧૨. પરોપકાર કરવો, ૧૩. યતના કરવી.

जिणपूआ जिणथुणणं, गुरूथुइ साहंमिआण वच्छल्लं ।
ववहारस्सयसुद्धी, रहजत्ता तित्थजत्ता य ॥६९॥

અર્થ :- ૧૪. જિનેશ્વરની પૂજા કરવી, ૧૫. જિનેશ્વરની સ્તુતિ કરવી, ૧૬. ગુરુની સ્તુતિ કરવી, ૧૭. સાધર્મીવાત્સલ્ય કરવું, ૧૮. વ્યવહારની શુદ્ધિ કરવી, ૧૯. રથયાત્રા, ૨૦. તીર્થયાત્રા કરવી.

संघोवरि बहुमाणो, धम्मिअमित्ती पभावणा तित्थे ।
नवखित्ते धणवयणं, पुत्थयलिहणं विसेसेण ॥ ७० ॥

અર્થ :- ૨૧. સંઘની ઉપમ બહુમાન રાખવું ૨૨. સમાન ધર્મવાળા સાથે મૈત્રી કરવી ૨૩. શાસનની પ્રભાવના કરવી (૨૪-૩૨) નવક્ષેત્રમાં દ્રવ્યનો વ્યય કરવો ૩૩. વિશેષ કરીને પુસ્તકો લખાવવા.

परिगहमाणाऽभिग्गह, इक्कारससड्ढपडिमफासणया ।
सव्वविरईमणोरह, एमाई सड्ढकिच्चाइं ॥७१॥

અર્થ :- ૩૪. પરિગ્રહનું પ્રમાણ કરવું, ૩૫. અભિગ્રહ ધારણ કરવા, ૩૬. શ્રાવકની અગ્યાર પ્રતિમાઓ વહન કરવી અને ૩૭. સર્વવિરતિ ગ્રહણ કરવાનો મનોરથ કરવો. ઇત્યાદિ શ્રાવકોનાં કૃત્યો જાણવા.

(૧૨) ચૌદ ગુણસ્થાનક દ્વાર :-

अह चउदससु गुणेसुं, कालपमाणं भणामि दुविहं पि ।
न मरइ मरइ वि जेसुं, सह परभवुं जेहिं अप्पबहू ॥७२॥


અર્થ :- ૧. ચૌદગુણસ્થાનકોમાં જઘન્ય અને ઉત્કૃષ્ટકાળનું પ્રમાણ, ૨. જે જે ગુણસ્થાનોમાં જીવ મૃત્યુ પામે અથવા ન પામે તેનું સ્વરૂપ, ૩. જીવ જે જે ગુણસ્થાન સહિત પરભવમાં જાય તે. ૪. ગુણસ્થાનોમાં વર્તતા જીવોનું અલ્પબહુત્વ, આ પ્રમાણે ગુણસ્થાનોનાં ચાર પ્રતિદ્વારોને હું કહું છું.

(૧) પ્રતિદ્વાર: Aમિથ્યાત્વની સ્થિતિનો કાળભેદ:-

मिच्छं अणाइनिहणं, अभव्वे भव्वे वि सिवगमाजुग्गे ।
सिवगमा अणाइसंतं, साईसंतं पि तं एवं ॥ ७३ ॥

અર્થ :- જાતિભવ્ય અને અભવ્ય બન્નેને અનાદિ અનંત ભાંગે, મોક્ષગમન યોગ્ય ભવ્યજીવને અનાદિસાંત, તથા કોઇક જીવને સાદિસાંત મિથ્યાત્વ હોય છે.

ભાવાર્થ :- (૧) અનાદિ અનંત (૨) અનાદિસાંત
(૩) સાદિઅનંત (૪) સાદિસાંત
એ ચાર ભેદોમાં


૧૪ ગુણસ્થાન
૧૪ અયોગી કેવલી ગુ.
૧૩ સયોગી કેવલી ગુ.
૧૨ ક્ષીણ મોહ ગુ.
૧૧ ઉપશાન્ત મોહ ગુ.
૧૦ સૂક્ષ્મ સંપરાય ગુ.
૮ અપૂર્વકરણ (નિવૃત્તિકરણ)
૭ અપ્રમત સર્વવિરતિ
૬ પ્રમત્ત સર્વવિરતિ
૫ દેશ વિરતિ ગુ.
૩ મિશ્ર ગુણસ્થાન
૨ સાસ્વાદન ગુણસ્થાન
૧ મિથ્યાત્વ ગુણસ્થાન

અભવ્યજીવને અનાદિઅનંત ભાંગે મિથ્યાત્વ હોય છે.

તથા ભવ્યમાં પણ જે મોક્ષ પામવાને અયોગ્ય હોય=જાતિભવ્યજીવોને અનાદિ અનંત મિથ્યાત્વ હોય છે. એ પ્રથમ ભાંગે જાતિભવ્યઃ-

કેટલાક ભવ્યજીવો એવા પણ છે કે જેમને મોક્ષમાં જવાની યોગ્યતા હોવા છતાં નિગોદમાંથી બહાર નીકળાવાના જ નથી તે જાતિભવ્ય કહેવાય છે.

તથા મોક્ષ પામવાને યોગ્ય ભવ્યજીવને અનાદિ સાંત મિથ્યાત્વ હોય છે. જેમકે કોઈક જીવ મરૂદેવી માતાની જેમ સમકિત પામીને વમ્યા સિવાય તે ભવમાં જ મોક્ષે જાય, એ બીજો ભાંગો જાણવો.

તથા કોઈક જીવને સાદિસાંત મિથ્યાત્વ હોય છે.

જેમકે કોઈ જીવ શ્રી મહાવીરસ્વામી વિગેરેની જેમ સમકિત પામીને પછી ફરીથી મિથ્યાત્વ પામે છે અને ત્યાર પછી ફરીથી સમકિત પામી મોક્ષે જાય છે. એ ચોથો ભાંગો જાણવો.

સાદિ અનંત ત્રીજો ભાંગો મિથ્યાત્વના વિષયમાં હોતો નથી.

સાદિસાંત ભાંગાનો કાળપ્રમાણ :-

लहु अंतमुहू गुरूअं देसूणमवड्ढपुग्गलपरट्टं ।
सासाणं लहु समओ, आवलिछक्कं च उक्कोसं ॥ ७४ ॥

અર્થ :-તે સાદિસાંત ભાંગે મિથ્યાત્વ જઘન્યથી અંતર્મુહૂર્ત્ત તથા ઉત્કૃષ્ટથી દેશોન અર્ધપુદ્ગલપરાવર્ત સુધી રહે છે. તથા સાસ્વાદન ગુણસ્થાનકનો કાળ જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી છ આવલિકા છે.

अजहन्नमणुक्कोसं, अंतमुहू मीसगं अह चउत्थं ।
समहिअतित्तीसयरे, उक्कोसं अंतमुहु लहुअं ॥ ७५ ॥

અર્થ :-મિશ્ર ગુણ સ્થાનકનો કાળ અજઘન્યોત્કૃષ્ટ (મધ્યમ) અસંખ્ય સમયવાળા અંતર્મુહૂર્ત્તનો છે. ચોથા અવિરતિ ગુણસ્થાનકનો કાળ ઉત્કૃષ્ટથી સાધિક તેત્રીશ સાગરોપમ અને જઘન્યથી અંતર્મુહૂર્ત કાળ છે.

ભાવાર્થ :-સર્વાર્થસિદ્ધ વિમાનની સ્થિતિ તેત્રીશ સાગરોપમની છે, તેમાં એક મનુષ્યભવનું આયુષ્ય વધે છે તેથી સાધિક તેત્રીશ સાગરોપમ કહેલ છે.

'साहिअ तित्तीसायर खइअं दुगुणं खओवसमं'

ક્ષાયિકને આશ્રયિને સાધિક તેત્રીશ સાગરોપમની સ્થિતિ છે અને ક્ષાયોપશમિકને આશ્રયિને તેથી અમણી એટલે સાધિક છાસઠ સાગરોપમની સ્થિતિ છે. તે સમ્યક્ત્વ સહિત દેશવિરતિ વિગેરે ગુણસ્થાનકના અંતર્ગતપણાએ જાણવી.

देसूणपुव्वकोडी, गुरुअं च अंतमुहु देसं ।
छट्ठाइगारसंता, लहु समया अंतमुहु गुरुआ ॥ ७६ ॥

અર્થ :–પાંચમા દેશવિરતિ ગુણસ્થાનકની ઉત્કૃષ્ટ સ્થિતિ આઠ વર્ષ ન્યૂન ક્રોડ-પૂર્વની તથા જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત્તની છે ૬ થી ૧૧ પર્યંત છ ગુણસ્થાનકની જઘન્ય-સ્થિતિ એક સમયની અને ઉત્કૃષ્ટ સ્થિતિ અંતર્મુહૂર્ત્તની છે.

ભાવાર્થ :–કોઇક ક્રોડ પૂર્વના આયુષ્યવાળો જીવ આઠ વર્ષની ઉંમર થયા પછી દેશવિરતિને ગ્રહણ કરે તેથી આ પ્રમાણે સ્થિતિ જણાવી છે.

છઠ્ઠા સાતમા ગુણસ્થાનકની સાથે સ્થિતિ દેશોન ક્રોડ પૂર્વની સમજવી.

अंतमुहुत्तं एगं, अलहुकोसं अजोगिखीणेसु ।
देसूणपुव्वकोडी, गुरुअं लहु अंतमुहु जोगी ॥ ७७ ॥

અર્થ :–ચૌદમા અયોગીકેવલી અને બારમા ક્ષીણમોહ ગુણસ્થાનકની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ એક અંતર્મુહૂર્ત્તની છે તથા તેરમા સયોગી કેવલી ગુણસ્થાનકની ઉત્કૃષ્ટ સ્થિતિ નવ વર્ષ ન્યૂન ક્રોડ પૂર્વની અને જઘન્ય અંતર્મુહૂર્ત્તની છે.

૨–૩ ગુણસ્થાનકે આયુક્ષયઃ–

मीसे खीण सजोगी, न मरंत मरंतेगारसगुणेसु ।
तह मिच्छसासाणअविरइ सहपरभवगा न सेसट्ठा ॥ ७८ ॥

અર્થ :–ત્રીજા મિશ્ર ગુણસ્થાનકે, બારમા ક્ષીણમોહ ગુણસ્થાનકે તથા તેરમા સયોગીકેવલી ગુણસ્થાનકે વર્તતા જીવ મરણ પામતા નથી, બાકીના અગ્યાર ગુણસ્થાનકમાં વર્તતા જીવ મરણ પામે છે.

મિથ્યાત્વ, સાસ્વાદન અને અવિરતિ એ ત્રણ ગુણસ્થાનક સહિત જીવો પરભવમાં જાય છે. બાકીના આઠ ગુણસ્થાનકો જીવની સાથે પરભવમાં જતાં નથી.

ભાવાર્થ :–બારમા, તેરમા અને ચૌદમા ગુણસ્થાનકથી તો નિયમા મોક્ષગતિ જ છે.

૪ ગુણઠાણામાં અલ્પબહુત્વઃ–

उवसंतिजिणा थोवा, संखिज्जगुणाओ खीणमोहिजिणा ।
सुहुमनिअट्टिअनिअट्टि, तिन्नि वि तुल्ला विसेसहिआ ॥ ७९ ॥

અર્થ :–ઉપશાંતમોહ ગુણઠાણે વર્તતા જિનો સર્વથી થોડા, તેનાથી ક્ષીણમોહી જિનો સંખ્યાતગુણા, તેનાથી સૂક્ષ્મસંપરાય, અનિવૃત્તિ અને અપૂર્વકરણ એ ત્રણે ગુણઠાણે વર્તતા જીવો વિશેષાધિક અને સ્વસ્થાને તુલ્ય છે.

ભાવાર્થ :–આધારમાં આધેયનો ઉપચાર કરવાથી ગુણસ્થાનકને સ્થાને ગુણસ્થાનકમાં વર્તતા જીવો લેવા. ઉપશાંતજિનો સર્વથી થોડા, કારણ કે ઉપશમશ્રેણી પ્રતિપદ્યમાન જીવો એક સમયમાં ઉત્કૃષ્ટથી ચોપન લભ્ય થાય છે.

તેનાથી ક્ષીણમોહીજિનો સંખ્યાતગુણા,

કારણ કે ક્ષપકશ્રેણી પ્રતિ પદ્યમાન જીવો ઉત્કૃષ્ટા એક સમયે એકસો ને આઠ લભ્ય થાય છે.

આ ઉત્કૃષ્ટની અપેક્ષાએ જાણવું. જઘન્યની અપેક્ષાએ તો તેથી વિપર્યાસ પણ હોય, જેમકે ક્ષીણમોહી થોડા હોય અને ઉપશાંતમોહી તેનાથી સંખ્યાતગુણા હોય.

તેનાથી સૂક્ષ્મસંપરાય, અનિવૃત્તિ અને અપૂર્વકરણ એ ત્રણ ગુણસ્થાનકે વર્તતા જીવો વિશેષાધિક અને સ્વસ્થાને તુલ્ય છે.

जोगि अपमत्त इयरे, संखगुणा देस सासणा मिस्सा ।
अविरय अजोगि मिच्छा, चउर असंखा दुवे णंता ॥ ८० ॥

અર્થ :– તેનાથી સયોગી કેવલી સંખ્યાતગુણા, તેનાથી અપ્રમત્ત સંખ્યાતગુણા, તેનાથી પ્રમત્ત સંખ્યાતગુણા, તેનાથી દેશવિરત, સાસ્વાદન, મિશ્ર અને અવિરત એ ચારે અસંખ્યાતગુણા છે. ત્યારપછી અયોગી કેવલી અને મિથ્યાદૃષ્ટિ એ બે અનંતા છે.

ભાવાર્થ : તેનાથી સયોગી કેવલી સંખ્યાતગુણા :–

કારણ કે બે થી નવ ક્રોડ હોઈ શકે છે.

તેનાથી અપ્રમત્ત સંખ્યાતગુણા :–

કારણ કે બે હજાર ક્રોડથી નવ હજાર ક્રોડ હોઈ શકે છે.

તેનાથી પ્રમત્ત સંખ્યાતગુણા :–

કારણ કે ઘણા જીવો પ્રમાદી હોય છે, અને પ્રમત્તપણું ઘણા કાળ સુધી રહે છે.

તેનાથી દેશવિરત અસંખ્યાતગુણા :–

કારણ કે દેશવિરતિને ધારણ કરનાર તિર્યંચો અસંખ્યાતા છે.

તેનાથી સાસ્વાદની અસંખ્યાતગુણા :–

સાસ્વાદનવાળા તો કોઇવાર ન પણ હોય અને હોય ત્યારે જઘન્યથી એક, બે હોય છે, તથા ઉત્કૃષ્ટથી દેશવિરતિ કરતાં અસંખ્યાતગુણા હોય છે.

તેનાથી મિશ્ર અસંખ્યાતગુણા :–

કારણ કે સાસ્વાદનના છ આવલિકા રૂપ ઉત્કૃષ્ટ કાળ કરતાં મિશ્રનો અંતર્મુહૂર્ત સંબંધી કાળ ઘણો મોટો છે.

તેનાથી અવિરતજીવો અસંખ્યાતગુણા :–

કારણ કે તે ગુણસ્થાનક ચારે ગતિના જીવોને હોય છે.


તેનાથી અયોગીકેવળી અનંતગુણા :-

અવિરતોથી ભવસ્થ (કેવળી) અને અભવસ્થ (સિદ્ધ) એ બે પ્રકારના અયોગી અનંતગુણા હોય છે, કારણ કે સિદ્ધો અનંત છે.

તેનાથી મિથ્યાદૃષ્ટિઓ અનંતગુણા :-

કારણ કે તેમાં અનંતા વનસ્પતિકાય જીવોનો સમાવેશ થાય છે. તેઓ મિથ્યાદૃષ્ટિ જ છે.

આ પ્રમાણે ચોથું પ્રતિદ્વાર અને ગુણસ્થાનક નામનું બારમું દ્વાર પણ પૂર્ણ થયું.



ઉપસંહાર :–

चउदसगुणसोवाणे, इअ दुहरोहे कमेण रूहिऊणं ।
नरसुरमहिंदवंछिय – सिवपासाए सया वसह ॥ ८१ ॥

અર્થ :– આ પ્રમાણે હે ભવ્ય જીવો ! ચૌદગુણસ્થાનરૂપ પગથિયાં કે જે ભારે-કર્મીજીવો દુઃખે આરોહણ કરે તેવા છે, તેના ઉપર અનુક્રમે આરોહણ કરીને મનુષ્ય, દેવ અને ઇંદ્રોએ પણ ઇચ્છેલા મોક્ષરૂપ પ્રાસાદમાં જઈને નિરંતર નિવાસ કરો.

અથવા મનુષ્ય અને દેવો તથા મહેન્દ્રસિંહસૂરિએ વાંછિત એવા મોક્ષપ્રાસાદમાં શાશ્વત નિવાસ કરો.

તપગચ્છરૂપી આકાશના મધ્યમાં સૂર્ય સમાન શ્રી વિજયદેવસૂરિની આજ્ઞાથી વિનયકુશળ મુનિએ આ પ્રકરણની વૃત્તિ કરી છે.

શ્રી લોકનાલિકા દ્વાત્રિંશિકા.



ચૌદ રાજલોકમાં રહેલ લોકનાલિકાનું સ્વરૂપ એના ખંડુક, સૂચીરજ્જુ, પ્રતરરજ્જુ ઘનરજ્જુ, વગેરેનું ઊર્ધ્વ-અધો અને તિર્છાલોકને આશ્રયીને ખૂબ જ વિસ્તારથી વર્ણન કરેલ છે. કેટલી શ્રેણિમાં કેટલા ખંડુક એ સર્વવિગત સચોટ રીતે જણાવેલ છે. આ પ્રકરણ ક્ષેત્ર અને કાળ સંબંધિત છે. અંતે ઉપદેશાત્મક ગાથામાં આ પ્રકરણના અભ્યાસનો શું સાર છે ? તે જણાવીને આપણને સુંદર તત્ત્વજ્ઞાન આપી દીધું છે.

પ્રથમ બાલાવબોધકર્તાનું મંગલાચરણ :

श्रीमदाप्तं प्रणम्यादौ जगतः स्थितिदर्शकम् ।
वक्ष्ये लोकविचारस्य, वार्तिकं समयानुगम्

અર્થ :–જગતના સ્વભાવને દેખાડનારા શ્રી વીતરાગ ભગવાનને પ્રથમ નમસ્કાર કરીને લોકના વિચારનું વ્યાખ્યાન શાસ્ત્રને અનુસારે હું કહીશ.

जिणदंसणं विणा जं लोअं पूरंत जम्ममरणेहिं ।
भमइ जिओऽणंतभवे, तस्स सरूवं किमवि वुच्छं ॥ १ ॥

અર્થ :–શ્રી તીર્થંકર દેવે કહેલ સમ્યક્ત્વ દર્શન અથવા તીર્થંકરનું દર્શન, તે વિના જીવ જન્મ અને મૃત્યુ દ્વારા ચૌદરાજલોકને પૂરતાં અનંતભવ ભમે છે. તે લોકનું સ્વરૂપ કાંઈક કહું છું.

ભાવાર્થ :–લોકનું સ્વરૂપ–આકાર, લંબાઈ, પહોળાઈ, જાડાઈ વિગેરે કહે છે.

લોકના આકારનું સામાન્ય વર્ણન :–

वइसाहठाणठिअपय – कडित्थकरजुगनरागिई लोगो ।
उप्पत्तिनासधुवगुण– धम्माइछदव्वपडिपुण्णो ॥ २ ॥

અર્થ :– બે પગ પહોળા કરીને કેડ ઉપર હાથ રાખીને ઉભેલા મનુષ્યની આકૃતિને વૈશાખ સંસ્થાન કહેવાય છે. આવા આકારવાળો લોક છે. તે લોક ઉત્પત્તિ–સ્થિતિ અને નાશ ધર્મથી યુક્ત ધર્માસ્તિકાયાદિ છ દ્રવ્યોથી પરિપૂર્ણ છે.

ભાવાર્થ :– વૈશાખસંસ્થાન :– પહોળા પગવાળા સંસ્થાનને એટલે છાશ

વલોવવાના સમયે જેવો આકાર હોય તેવા આકારે બે પગે ઉભા રહી કેડ ઉપર હાથ રાખી જેવી આકૃતિ થાય તેવી મનુષ્યાકૃતિ સમજવી.

સ્ત્રી જ્યારે છાશ વલોવે છે ત્યારે બે પગ પહોળા રાખે છે અને કટિપ્રદેશને વિષે સંકીર્ણ થાય છે. વળી વલોવતાં બન્ને હાથ કટિપ્રદેશે રાખવામાં આવે છે ત્યારે બે કોણીના વચલા ભાગમાં કટિપ્રદેશથી હૃદય સુધી ચઢતો વિસ્તાર થાય છે, અને ત્યાંથી ઉપર મસ્તક તરફ સંકીર્ણ થાય છે તેમ લોક પણ મધ્યભાગથી ઉપર ચઢતાં પાંચમા દેવલોક સુધી વિસ્તાર પામેલો છે. ત્યાંથી સંકીર્ણ થાય છે તે માટે વલોવનારી સ્ત્રીના આકારનું દૃષ્ટાંત કહ્યું છે.

એવા આ લોકમાં ઉત્પત્તિ, સ્થિત અને ધ્રુવગુણવાળા (૧) ધર્માસ્તિકાય (૨) અધર્માસ્તિકાય (૩) આકાશાસ્તિકાય, (૪) પુદ્ગલાસ્તિકાય (૫) જીવાસ્તિકાય (૬) કાળ એ છ દ્રવ્યો રહેલા છે.

કેટલાક પરદર્શની એમ કહે છે કે લોક બ્રહ્માએ ઉત્પન્ન કર્યો છે, વિષ્ણુ પાલન કરે છે, મહાદેવ સંહાર કરે છે, શેષનાગ, કાચબો અને કામધેનુ તેને ધારણ કરી રહ્યાં છે એમ માને છે. પરંતુ જૈનદર્શનની માન્યતા જે છે તે આ શ્લોકમાં બતાવે છે.

केण वि न कओ न धओ–ऽणाहारो नहठिओ सयंसिद्धो ।
अहमुहमहमल्लग–ठिअलहुमल्लगसंपुडसरिच्छो ॥ ३ ॥

અર્થ :–આ લોક કોઈએ ઉત્પન્ન કર્યો નથી, કોઈએ પણ ધારણ કર્યો નથી, નિરાધાર રહેલો છે, સર્વ પદાર્થ લોકને આધારે છે, લોકાકાશને વિષે સ્થિત છે, સ્વયંસિદ્ધ છે.


બીજી રીતે લોકનો આકાર :-

ઉંધો રાખેલો જે મોટો શરાવ તેની ઉપર રાખેલ નાના શરાવના સંપુટ સરખો આ લોકનો આકાર છે.

पयतलि सग मज्झेगा, पण कुप्परि सिरतलेगरज्जु पिहू ।
सो चउदसरज्जुच्चो, माघवइतलाओ जा सिद्धी ॥ ४ ॥

અર્થ :–વૈશાખસ્થાનસ્થિત મનુષ્યને આકારે લોક કહ્યો, તે પગના તળિયાના સ્થાને ચારે દિશાએ સાત રાજ પ્રમાણ પહોળો છે; મધ્યભાગે જે પુરૂષાકારમાં નાભિનું સ્થાન છે ત્યાં એક રાજ પ્રમાણ ચારે દિશાએ પહોળો છે, બન્ને હાથની કોણીના સ્થાને પાંચ રાજ પ્રમાણ પહોળો અને મસ્તકના સ્થાને એક રાજ પ્રમાણ પહોળો છે. તે લોક માધવતી નામની સાતમી નરક પૃથ્વીના તળિયાથી ઉપર યાવત્ સિદ્ધ છે ત્યાં સુધી છે અને તે ચૌદરાજ પ્રમાણ ઉંચો છે.

ચૌદ રાજલોક


સિદ્ધો
સિદ્ધશિલા
૫. અનુત્તર
૩. ગ્રૈવેયક
૩. ગ્રૈવેયક
૩. ગ્રૈવેયક
ત્રસનાડી
રત્નપ્રભા પૃથ્વીનું દળ
૧૮૦૦૦૦ યોજન
ખાલી ૧૦ ચો.
આઠ વાણવ્યંતર-નિકાય
ખાલી ૧૦ ચો.
આઠ વ્યંતરનિકાય
ખાલી ૧૦૦ ચો.
ખાલી ૧૧૫ ૮૩⅓ ચો.
દરેક પતર 3000 ચો.
૧૦ ભવનપતિ નિકાયમાં ૭ કરોડ મીંડા
૧ મરક પૃથ્વીઓ
ખાલી
ખાલી ૧૦૦૦ ચો.
૧૮૦૦૦૦ યોજન
કિ૰
કિ૰
કિલ્બિષિક
ચર સ્થિર જ્યોતિષ્ક
દ્વીપ સમુદ્રો
ઘનોદધિ
ઘનવાત
તનવાત
આકાશ
લોક બહાર ચોતરફ
અનંત અલોક

પહોળાઇનું સ્થાન પ્રમાણ :-

સગરજ્જુ મઘવઇતલા, પએસહાણીઇ મહિઅલે એગા ।
તો વુડ્ઢિ બંભજા પણ, પણ હાણી જા સિવે એગા ॥૫॥

અર્થ :-માઘવતી સાતમી નરક પૃથ્વી તેને તળિયે ચારે દિશામાં લોક સાતરાજ પ્રમાણ પહોળો છે, ત્યાંથી પ્રદેશ પ્રદેશની હાનિ કરતાં ઉપર તિર્યગ્‌લોકનો મહીતલ આવે ત્યારે ચારે દિશામાં એક રાજ વિસ્તાર છે. ત્યાંથી ઉપર જતાં પ્રદેશ પ્રદેશની વૃદ્ધિ થાય છે, તે પાંચમું બ્રહ્મ દેવલોક છે, ત્યાં ચારે દિશાએ પાંચ રાજ પહોળો છે, ત્યાંથી પ્રદેશ પ્રદેશ ઘટે છે, તે જ્યાં સિદ્ધો છે ત્યાં ચારે દિશામાં એક રાજપ્રમાણ પહોળો છે.

ત્રસનાડીનો વિચાર :-

સગવન્નરેહ તિરિઅં, ઠવસુ પણડ્ઢં ચ રજ્જુ ચઉઅંસે ।
ઇગરજ્જુવિત્થરાયય, ચઉદસરજ્જુચ્ચ તસનાડી ॥ ૬ ॥

અર્થ :-સત્તાવન રેખા તિર્છી અને પાંચ રેખા ઊભી કરીએ, એ પ્રમાણે ઊંચપણે એક રાજના ચાર અંશ પ્રમાણ છપ્પન્ન ખંડ થાય, (કારણ કે તિર્છી સત્તાવન રેખા છે તેના અંતરમાં છપ્પન્ન ખંડ જ થાય. ઊભી પાંચ રેખા છે તેના તિર્છા ચાર ખંડુ થાય. ચાર ખંડુએ એક રાજ થાય.) તેથી ત્રસનાડી લંબાઇ ને પહોળાઈમાં એક રાજ પ્રમાણ અને ઊંચાઇમાં ચૌદરાજ પ્રમાણ જાણવી.


ભાવાર્થ :-લોકના મધ્યભાગ રૂપ ત્રસનાડીમાં બેઇન્દ્રિયાદિ ત્રસ જીવો જન્મ-મરણ પામે છે અને રહે છે, તેથી તે ત્રસનાડી કહેવાય છે. એ ત્રસનાડીની બહાર જે લોકનો વિસ્તાર છે ત્યાં સૂક્ષ્મ એકેન્દ્રિય જીવો સર્વત્ર વ્યાપીને રહેલ છે, તેમ જ પોલાણમાં બાદર વાયુકાયજીવો પણ છે.

ઊર્ધ્વલોકમાં ખંડુક :-

ઉડ્ઢે તિરિઅં ચઉરો, દુસુ છ દુસુ અટ્ઠ દસ ય ઇક્કિક્કે ।
બારસ દોસું સોલસ, દોસું વીસા ય ચઉસુ પુઢો ॥ ૭ ॥

અર્થ :-ઊર્ધ્વલોકની શ્રેણિમાં પ્રથમ રત્નપ્રભા નરક પૃથ્વીથી ઉપર જે અઠ્ઠાવીશ ખંડુક શ્રેણિ છે તેમાં લોકના મધ્યથી ઉપર પહેલી બે શ્રેણિમાં ચાર-ચાર ખંડુક, તેની ઉપર બે શ્રેણિમાં છ-છ, ત્યારપછી ઉપર એક-એક શ્રેણિમાં આઠ અને દશ, ત્યારપછી બે શ્રેણિમાં બાર-બાર, ત્યારપછી બે શ્રેણિમાં સોળ-સોળ, તેમજ ત્યારપછી ચાર શ્રેણિમાં પ્રત્યેકમાં વીશ વીશ ખંડુક છે.

લોક નાલિકા



ભાવાર્થ :-ઊર્ધ્વલોકની શ્રેણિમાં પ્રથમ રત્નપ્રભા નરક પૃથ્વીથી ઉપર અઠ્ઠાવીશ ખંડુકની શ્રેણિ :-

૨ = પહેલી બે શ્રેણિમાં ચાર-ચાર ખંડુક ત્રસનાડીના જ છે, પણ ત્રસનાડીથી બહાર નથી.

૪ = પછી બે શ્રેણિમાં છ-છ ખંડુક, ચાર ખંડુક ત્રસનાડીના અને એક એક બંને બાજુના મેળવતાં છ ખંડુક થાય.

૫-૬=પછી એક એક શ્રેણિમાં આઠ અને દશ ખંડુક,

તેમાં આઠમાં બે-બે ખંડુક બન્ને બાજુ અને ત્રસનાડીના ચાર ખંડુક અને દશમાં બંને બાજુ ત્રણ ત્રણ અને ત્રસનાડીના ચાર ખંડુક છે.

૮ = પછી બે શ્રેણિમાં બાર-બાર ખંડુક,

તેમાં બે બાજુ ચાર ચાર અને મધ્યમાં ત્રસનાડીના ચાર એમ બાર ખંડુક છે.

૧૦ = પછી બે શ્રેણિમાં સોળ સોળ ખંડુક,

તેમાં બે બાજુ છ-છ અને વચ્ચે ત્રસનાડીના ચાર એમ સોળ ખંડુક છે.

૧૪ = પછી ચાર શ્રેણિમાં વીશ-વીશ ખંડુક,

તેમાં બે બાજુ આઠ આઠ અને વચ્ચે ત્રસનાડીના ચાર ખંડુક છે.

આ રીતે ઊર્ધ્વલોકમાં પ્રદેશની વૃદ્ધિના ખંડુક કહ્યા એટલે અઠ્ઠાવીશ શ્રેણી પૈકી ચૌદ શ્રેણિના કહ્યા, હવે બાકીની ચૌદ શ્રેણિમાં હાનિના ખંડુક કહે છે. :-

पुणरवि सोलस दोसुं, बारस दोसुं च तिसु दस्स तिसु अट्ठ ।
छच्चसु दुसु चउ खंडुअ, सव्वे चउरुत्तरा तिसया ॥ ८ ॥

અર્થ :- પંદરમી તથા સોળમી એ બે શ્રેણિમાં સોળ-સોળ ખંડુક, સત્તરમી તથા અઢારમી શ્રેણિમાં બાર-બાર ખંડુક, ઓગણીશ, વીશ તથા એકવીશમી શ્રેણિમાં દશ-દશ ખંડુક, બાવીશ, ત્રેવીશ તથા ચોવીશમી શ્રેણિમાં આઠ-આઠ ખંડુક, પચીશમી તથા છવીશમી શ્રેણિમાં છ-છ ખંડુક, અને સત્તાવીશમી તથા અઠ્ઠાવીશમી એ બે શ્રેણિમાં ચાર-ચાર ખંડુક ત્રસનાડીના જ છે.

આ રીતે ઊર્ધ્વલોકની અઠ્ઠાવીશ શ્રેણિના સર્વ ખંડુક ૩૦૪ થાય છે.

હવે અધોલોક સંબંધી ખંડુકની સંખ્યા કહે છે :-

ओअरिय लोअमज्झा, चउचउठाणेसु सत्तपुढवीसु ।
चउर दस सोल वीसा, चउवीस छवीस अडवीसा ॥ ९ ॥

અર્થ :-ચૌદરાજ પ્રમાણનો મધ્ય પ્રદેશ છે ત્યાંથી અધોલોક ઉતરતાં સાત નરક પૃથ્વીમાં પ્રત્યેક ચાર ચાર શ્રેણિમાં કેટલા કેટલા ખંડુક છે તે કહે છે.

અધોલોકમાં પહેલી નરક પૃથ્વીમાં ચારે શ્રેણિમાં ચાર-ચાર ખંડુક, બીજી નરક પૃથ્વીમાં ચારે શ્રેણિમાં દશ-દશ ખંડુક,

ત્રીજી નરક પૃથ્વીમાં ચારે શ્રેણિમાં સોળ-સોળ ખંડુક,
ચોથી નરક પૃથ્વીમાં ચારે શ્રેણિમાં વીશ-વીશ ખંડુક,
પાંચમી નરક પૃથ્વીમાં ચારે શ્રેણિમાં ચોવીશ-ચોવીશ ખંડુક,

છઠ્ઠી નરક પૃથ્વીમાં ચારે શ્રેણિમાં છવીશ-છવીશ ખંડુક, સાતમી નરક પૃથ્વીમાં ચારે શ્રેણિમાં અઠ્ઠાવીશ, અઠ્ઠાવીશ ખંડુક છે.

ભાવાર્થ:-

નરક	પૃથ્વીમાં	શ્રેણિ		ખંડુક		કુલ ખંડુક
૧લી	,,	૪	×	૪	=	૧૬
૨જી	,,	૪	×	૧૦	=	૪૦
૩જી	,,	૪	×	૧૬	=	૬૪
૪થી	,,	૪	×	૨૦	=	૮૦
૫મી	,,	૪	×	૨૪	=	૯૬
૬ઠ્ઠી	,,	૪	×	૨૬	=	૧૦૪
૭મી	,,	૪	×	૨૮	=	૧૧૨
		૨૮				૫૧૨

આ રીતે સાત નરક પૃથ્વીના ૫૧૨ ખંડુક એક બાજુના (દૃષ્ટલોકના) સમજવા.

હવે વિસ્તારનું વિવરણ:-

અધોલોકમાં		પ્રમાણ	
સાતમી નરક પૃથ્વી		૭ રાજ	પહોળી
છઠ્ઠી	,,	૬।। રાજ	,,
પાંચમી	,,	૬ રાજ	,,
ચોથી	,,	૫ રાજ	,,
ત્રીજી	,,	૪ રાજ	,,
બીજી	,,	૨।। રાજ	,,
પહેલી	,,	૧ રાજ	,,

ચારે દિશામાં આ વિસ્તાર છે. એટલે પૂર્વથી પશ્ચિમાંત સુધી અને ઉત્તરથી દક્ષિણાંત સુધી એ પ્રમાણે છે.

ઊર્ધ્વલોકનો વિસ્તાર આગળ જણાવશે.

अह पणसयबारुत्तर,-खंडुअ सोलहिअ अट्ठसय सव्वे ।
धम्माइ लोगमज्झं जोयणअस्संखकोडिहिं ॥ १० ॥

અર્થ :–અધોલોકના સર્વ ખંડુક એક બાજુના પાંચસો ને બાર થાય છે, પૂર્વે ઊર્ધ્વ લોકના ત્રણસો ને ચાર કહ્યા છે, તેથી સર્વ મળીને આઠસો ને સોળ ખંડુક થાય છે.

હવે લોકના મધ્યનું સ્થાન કહે છે. ધમ્મા નામની નરક પૃથ્વીમાં અસંખ્યાત કોડિ યોજન જઇએ ત્યારે નૈશ્ચયિક મતે લોકનું મધ્ય આવે છે.

ભાવાર્થ :–વ્યવહારિક મતે મેરૂના મૂળમાં ગોસ્તનાકાર આઠ રૂચકપ્રદેશ છે ત્યાં લોકનો મધ્ય ભાગ જાણવો.

હવે તિચ્છીલોકનું પ્રમાણ અને અધોલોક, તિર્યગ્લોક તથા ઊર્ધ્વલોકમાં શું શું રહેલ છે તે કહે છે :–

सगरज्जु जोयणसया–ट्ठारस उणसगरज्जुमाण इहं ।
अहतिरिअउड्ढलोआ, निरयनरसुराइभावुल्ला ॥ ११ ॥

અર્થ :–લોકના મધ્યથી ઉપર આઠમા રાજમાં સમભૂતલાથી નવસો યોજન ઊંચો તથા નવસો યોજન નીચો એ રીતે અઢારસો યોજન પ્રમાણ તિર્યગ્લોક કહેવાય છે. તેથી એ અઢારસો યોજન ન્યૂન સાત રાજ પ્રમાણ ઊર્ધ્વલોક થાય છે. તે સાથે સાત-રાજ પ્રમાણ ઊર્ધ્વલોક થાય છે. અહીં અધોલોકમાં નારકી આદિ, તિર્યગ્લોકમાં મનુષ્યાદિ અને ઊર્ધ્વલોકમાં દેવાદિ રહેલા છે.

ભાવાર્થ :–ભવનપત્યાદિ દેવો અધોલોકમાં વસે છે તો પણ ત્યાં નારકી ઘણા છે, માટે મુખ્યવૃત્તિએ સામાન્યપણે નારક અધોલોકમાં કહ્યા છે.

હવે વિશેષથી કહે છે:–

अहलोइ निरयअसुरा, वंतरनरतिरिअजोइतरुग्गी ।
दोवुदही तिरिलोए, सुरसिद्धा उड्ढलोअम्मि ॥ १२ ॥

અર્થ :–નારકી અને અસુર–ભુવનપતિ દેવો અધોલોકમાં વસે છે, વ્યંતર, મનુષ્ય, તિર્યંચ, જ્યોતિષી, વનસ્પતિકાય, અગ્નિકાય તથા અસંખ્યાતા દ્વીપ, સમુદ્ર તિર્યગ્-લોકમાં છે, વૈમાનિક દેવો અને સિદ્ધ ઊર્ધ્વલોકમાં રહેલા છે.

ભાવાર્થ :–ગાથામાં વનસ્પતિકાય અને અગ્નિકાયના ઉપલક્ષણથી પાંચે પ્રકારના સ્થાવરો સમજવા.

इक्किक्करज्जु इक्किकनिरय सगपुढवि असुर पढमंतो ।
तह वंतर तदुवरि नर–गिरिमाई जोइसा गयणे ॥ १३ ॥

અર્થ :–એક એક રાજપ્રમાણ એક એક નરક પૃથ્વી છે એટલે સાતે નરક પૃથ્વીએ સાતરાજ રોકેલા છે. તેમાં પહેલી નરકપૃથ્વીમાં અસુર એટલે ભુવનપતિ છે. તથા ઉપરના

ભાગમાં વ્યંતર પણ પહેલી નરક પૃથ્વીમાં જ છે, તથા પ્રથમ પૃથ્વીની ઉપર મનુષ્ય, મેરૂપર્વતાદિ પદાર્થના સમૂહ છે. ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર તથા તારા એ પાંચે પ્રકારના જ્યોતિષી આકાશમાં રહેલા છે.

छसु खंडगेसु अ दुगं, चउसु दुगं छसु अ कप्पचत्तारि ।
चउसु चऊ सेसेसु अ, गेविज्जणुत्तरय सिद्धिते ॥ १४ ॥

અર્થ:–લોકના મધ્યથી ઉપર છ ખંડુકના ભાગમાં સૌધર્મ, ઇશાન બે દેવલોક છે, (એટલે લોકના મધ્યથી દોઢ રાજ ઊંચા બે દેવલોક છે.) ત્યાંથી ઉપરના ચાર ખંડુકમાં સનત્કુમાર અને માહેન્દ્ર બે દેવલોક, પછી છ ખંડુકમાં બ્રહ્મ, લાંતક, શુક્ર તથા સહસ્રાર ચાર દેવલોક, પછી ચાર ખંડુકમાં આનત, પ્રાણુત, આરણ, તથા અચ્યુત ચાર દેવલોક, બાકીના આઠ ખંડુકમાં પ્રથમ ચાર ખંડુકમાં નવ ગ્રૈવેયક તથા ઉપરના ચાર ખંડુકમાં પાંચ અનુત્તર વિમાન છે અને તેના અંતના ખંડુકના છેડે સિદ્ધ રહેલા છે.

ઊર્ધ્વલોકમાં જે દેવલોકની સ્થિતિ કહી તે અંગે આગમની સાક્ષી.

सोहम्ममि दिवड्ढा, अड्ढाइज्जा य रज्जु माहिंदे ।
चत्तारि सहस्सारे, पणऽच्चुए सत्त लोगंते ॥१५॥

અર્થ:–લોકના મધ્યથી સૌધર્મ દેવલોક સુધી દોઢ રાજ, ચોથા માહેન્દ્ર દેવલોક સુધી અઢી રાજ, આઠમા સહસ્રાર દેવલોક સુધી ચાર રાજ, બારમા અચ્યુત દેવલોક સુધી પાંચ રાજ અને લોકાંતે સાત રાજ થાય છે.

ભાવાર્થ:–ઉપર જણાવેલ અભિપ્રાય શ્રી ભગવતીસૂત્ર તથા યોગશાસ્ત્રાદિકનો છે. શ્રી આવશ્યકસૂત્રની નિર્યુક્તિ, ચૂર્ણિ અને સંઘયણી વિગેરેમાં નીચે પ્રમાણે કહેલું છે.

૧ પ્રથમના બે દેવલોક સુધી આઠમું રાજ
૧ ત્રીજા ચોથા દેવલોક સુધી નવમું રાજ
૧ પાંચમા છઠ્ઠા દેવલોક સુધી દશમું રાજ
૧ સાતમા આઠમા દેવલોક સુધી અગ્યારમું રાજ
૧ નવ–દશ–અગ્યાર–બાર દેવલોક સુધી બારમું રાજ
૧ નવ ગ્રૈવેયક સુધી તેરમું રાજ
૧ પાંચ અનુત્તર વિમાન અને સિદ્ધ–લોકાંત સુધી ચૌદમું રાજ

આ પ્રમાણે ઊર્ધ્વલોકના સાત રાજ કહ્યા છે. તત્ત્વ કેવળીગમ્ય.

પૂર્વોક્ત આગમના કથનની પુષ્ટિ :–

सम्मत्तचरणरहिआ, सव्वं लोगं कुसे निरवसेसं ।
सत्त य चउदसभाए, पंच य सुय देसविरईए ॥१६॥

અર્થ :–સમ્યક્ત્વ અને ચારિત્રથી રહિત એવા સંસારી જીવો ચૌદરાજલોકમાં (સૂક્ષ્મ તથા બાદર જીવાયોનિમાં) સંપૂર્ણ પણે સ્પર્શે છે. (એટલે ચૌદરાજમાં તિલ-માત્ર ભૂમિ પણ અણસ્પર્શેલી રહેતી નથી.)

શ્રુતજ્ઞાની–ચૌદપૂર્વીયતિ લોકના મધ્યભાગથી ઊંચે સાત રાજ સ્પર્શે છે.

દેશવિરતિ (બાર વ્રતધારી શ્રાવક) ચૌદરાજના ચૌદભાગમાંથી પાંચ ભાગ ઊર્ધ્વ-લોકના સ્પર્શે છે.

ભાવાર્થ :–સમ્યક્ત્વ એટલે દેવને વિષે દેવની શ્રદ્ધા,
ગુરુમાં ગુરુની શ્રદ્ધા અને
દયા મૂલક ધર્મમાં ધર્મની શ્રદ્ધા.

ચરણ એટલે પંચાશ્રવથી વિરમણ, પાંચ ઇન્દ્રિયનો નિગ્રહ, અનંતાનુબંધિ વિગેરે ચાર પ્રકારના ક્રોધ, માન, માયા તથા લોભરૂપ ચાર કષાયનો ત્યાગ, મનદંડ, વચનદંડ, કાયદંડની વિરતિ–એ પ્રમાણે સત્તરભેદ સંયમના છે.

શ્રુતજ્ઞાનીને સાતરાજ સ્પર્શનાનું કારણ :–

શ્રુતજ્ઞાનીની ઉત્કૃષ્ટી ગતિ સર્વાર્થસિદ્ધ સુધી છે એવું સિદ્ધાંતમાં કહ્યું છે. તે સર્વાર્થસિદ્ધ લોકના મધ્યથી કાંઇક ન્યૂન સાતરાજ છે. તે સ્તોકમાત્ર ન્યૂન હોવાથી પૂરા સાત રાજ કહ્યા છે. શાસ્ત્રમાં छउमत्थसंजयाणं उववाओ उक्कासओ अ सव्वट्ठे (છદ્મસ્થ સંયમી ઉત્કૃષ્ટથી સર્વાર્થસિદ્ધ સુધી જાય) એમ કહ્યું છે.

ટીકાવાળી પ્રતમાં (सम्मत्तचरणसहीआ) એવો પાઠ છે તેનો અર્થ ક્ષાયિક સમ્યક્ત્વ અને ક્ષાયિક ચારિત્ર સહિત કેવલી ઉત્કૃષ્ટથી સર્વલોક સંપૂર્ણપણે કેવલીસમુદ્ઘાત કરે ત્યારે સ્પર્શે છે.

દેશવિરતિધર શ્રાવકને પાંચરાજ સ્પર્શનાનું કારણ :-

શ્રાવકની ઉત્કૃષ્ટ ગતિ અચ્યુત નામના બારમા દેવલોક સુધી કહી છે. તે બારમું દેવલોક લોકના મધ્યથી પાંચ રાજ ઊંચું છે માટે પાંચ રાજ કહ્યાં છે.

સૂચિરજ્જુ, પ્રતરરજ્જુ અને ઘનરજ્જુનું પ્રમાણ :–

સાત નરકપૃથ્વીની સૂચિરજ્જુ :–

अडवीसा छव्वीसा, चउवीसा वीस सोल दस चउरो ।
सुइरज्जु सत्तपुढविसु, चउचउभइआ उ पयर घणा ॥१७॥

અર્થ :–સાતે નરકપૃથ્વીમાં અનુક્રમે અઠ્ઠાવીશ, છવીશ, ચોવીશ, વીશ, સોલ, દસ અને ચાર સૂચિરજ્જુ છે.

એ સાતે નરકપૃથ્વીના સૂચિરજ્જુનું માન જે પાંચસો બાર ખંડુક છે. તેને ચારથી ભાગતાં એકસો ને અઠ્ઠાવીશ થાય છે, તેને ચારે ભાગ આપીએ તો પ્રતરરજ્જુનું માન આવે અને તે પ્રતરરજ્જુના આંકને ચારે ભાગ આપતાં ઘનરજ્જુ આવે.

ભાવાર્થ :–નરકપૃથ્વી		સૂચિરજ્જુ
૭ મી	નરકપૃથ્વી	૨૮
૬ ઠ્ઠી	,,	૨૬
૫ મી	,,	૨૪
૪ થી	,,	૨૦
૩ જી	,,	૧૬
૨ જી	,,	૧૦
૧ લી	,,	૪
		૧૨૮

સૂચિરજ્જુ :–જે ચાર ખંડુક શ્રેણિબંધ હોય અને પહોળાઈમાં એક જ ખંડુક હોય તેને સૂચિરજ્જુ કહેવાય.

સાતમી નરકપૃથ્વી ચાર ખંડુક ઊંચી છે અને અઠ્ઠાવીશ ખંડુક તિર્છી છે એ માટે અઠ્ઠાવીશ સૂચિરજ્જુ જાણવા. એવી સર્વત્ર ભાવના ભાવવી.

પ્રતરરજ્જુ :–ચાર ચાર ખંડુક ચારે દિશાએ હોય એટલે એકરાજ લાંબો, એકરાજ પહોળો અને ૦ રાજ જાડો હોય તે પ્રતુરરજ્જુ કહેવાય છે.

પ્રતરરજ્જુને વિષે ૧૬ ખંડુક હોય.

ઘનરજ્જુ :–ચાર પ્રતરરજ્જુનું એક 'ઘનરજ્જુ' થાય છે. એક રાજ લાંબો, એક રાજ પહોળો અને એક રાજ જાડો હોય તે ઘનરજ્જુ કહેવાય છે. ઘનરજ્જુમાં સર્વ બાજુથી સરખા એવા ૬૪ ખંડુક હોય.

સૂચિરજ્જુ અને પ્રતરરજ્જુની સંખ્યા :–

अडवीससयं छसयरि, अह उड्ढं चउजुया दुसय सव्वे ।
सुइरज्जु पयररज्जु, दुतीसिगुणवीस इगवण्णा ॥ १८ ॥

અર્થ :–અધોલોકમાં પાંચસો ને બાર ખંડુક છે તેને ચારે ભાગ આપતાં એકસો ને અઠ્ઠાવીશ આવે તેટલા સૂચિરજ્જુ જાણવા. ઊર્ધ્વલોકમાં ત્રણસો ને ચાર ખંડુક છે, તેને ચારે ભાગ આપતાં છોંતેર સૂચિરજ્જુ જાણવા. બન્ને ભેગા કરીએ ત્યારે બસોને ચાર સૂચિરજ્જુ થાય.

અધોલોકના એકસો ને અઠ્ઠાવીશ સૂચિરજ્જુ ને ચારે ભાગ આપતા બત્રીશ પ્રતર-રજ્જુ થાય, ઊર્ધ્વલોકના છોંતેર સૂચિરજ્જુ ને ચારે ભાગ આપતા ઓગણીશ પ્રતરરજ્જુ થાય અને એ બંને મળીને એકાવન પ્રતરરજ્જુ થાય.

ઘનરજ્જુની સંખ્યા :–

ઘણરજ્જુ અટ્ઠ હિટ્ઠા, પઉણપણુદ્ધં ઉભે પઉણતેર ।
ઘણપયરસૂઇરજ્જુ, ખંડુઅ ચઉસટ્ઠિ સોલ ચઉ ॥ ૧૯ ॥

અર્થ :–અધોલોકના બત્રીશ પ્રતરજ્જુ છે, તેને ચારે ભાગ આપતાં આઠ આવે માટે અધોલોકમાં આઠ ઘનરજ્જુ જાણવા. ઊર્ધ્વલોકમાં ઓગણીશ પ્રતરરજ્જુ છે તેને ચારે ભાગ આપતાં પોણાપાંચ ઘનરજ્જુ આવે, બંને સાથે કરતાં પોણાતેર ઘનરજ્જુ આવે.

ઘન, પ્રતર તથા સૂચિરજ્જુનું માન :–

ચોસઠ ખંડુકનો એક ઘનરજ્જુ થાય, સોલ ખંડુકનો એક પ્રતરજ્જુ થાય અને ચાર ખંડુકનો એક સૂચિરજ્જુ થાય.

ભાવાર્થ :– લોક	સૂચિરજ્જુ	પ્રતરરજ્જુ	ઘનરજ્જુ
અધોલોક	૧૨૮	૩૨	૮
ઊર્ધ્વલોક	૭૬	૧૯	૪।।।
	૨૦૪	૫૧	૧૨।।।

આ રીતે સામાન્યથી ચતુરસ્રલોકનું માન કહ્યું. હકીકતમાં લોકનું સ્વરૂપ તો વૃત્તાકાર મલ્લકને આકારે છે, પણ વૃત્તાકારના ખંડુક યંત્રમાં લખાય નહીં માટે ચોરસ કહ્યા છે.

વૃત્તાકાર મનમાં રાખીને મનકલ્પનાથી લોકમાં ઘનરજ્જુ, પ્રતરરજ્જુ તથા સૂચિ-રજ્જુનું માન ચતુરસ્રના હિસાબે કહે છે, તેમાં પ્રથમ ઘનરજ્જુની સંખ્યા.

સયવગ્ગસંગુણે પુણ, વિસયગુણયાલ હવંતિ ઘણરજ્જૂ ।
ખડ્ઢપણહત્તરિસયં, સડ્ઢતિસટ્ઠી અહુડ્ઢ કમા ॥ ૨૦ ॥

અર્થ:–પોતપોતાના વર્ગની સાથે ગુણતાં ચોસઠ ખંડુકે એક ઘનરજ્જુ થાય છે માટે અધોલોકમાં એકસો ને સાડી પંચોતેર ઘનરજ્જુ થાય છે અને ઊર્ધ્વલોકમાં સાડી ત્રેસઠ ઘનરજ્જુ થાય છે. એ રીતે બન્ને સાથે કરીએ ત્યારે બસો ને ઓગણચાલીશ ઘનરજ્જુ થાય.

ભાવાર્થ :–પોતપોતાના વર્ગથી ખંડુકને ગુણીએ તે આ પ્રમાણે :–

		ખંડુક		ખંડુક		શ્રેણિ		ખંડુક
૭ મી	નરકપૃથ્વી	૨૮	×	૨૮	= ૭૮૪	× ૪	=	૩૧૩૬
૬ ઠ્ઠી	,,	૨૬	×	૨૬	= ૬૭૬	× ૪	=	૨૭૦૪
૫ મી	,,	૨૪	×	૨૪	= ૫૭૬	× ૪	=	૨૩૦૪
૪ થી	,,	૨૦	×	૨૦	= ૪૦૦	× ૪	=	૧૬૦૦
૩ જી	,,	૧૬	×	૧૬	= ૨૫૬	× ૪	=	૧૦૨૪
૨ જી	,,	૧૦	×	૧૦	= ૧૦૦	× ૪	=	૪૦૦
૧ લી	,,	૪	×	૪	= ૧૬	× ૪	=	૬૪
								૧૧,૨૩૨

સાતે નરકપૃથ્વીના ખંડુકનો વર્ગ કરી એકત્રિત–૧૧૨૩૨ ખંડુક

(દરેક નરકપૃથ્વીમાં નીચલી શ્રેણિએ આ ખંડુક છે અને છેલ્લી દરેકમાં ચાર–ચાર છે.)

કુલ ૧૧,૨૩૨ અધોલોકના ખંડુક.

ઊર્ધ્વલોકમાં ઘનરજ્જુના ખંડુકનો વિચાર

ઉપર લોકના મસ્તકથી શરૂ કરવું

શ્રેણિ	ખંડુક	વર્ગ	કુલખંડુક	ઉપરની શ્રેણિમાં
ઉપરની પ્રથમ	૪ × ૪ =	૧૬	૩૨	ચાર ખંડુક
બીજી	૪ × ૪ =	૧૬		ત્રસનાડીના જ છે.
ત્યારપછીનીશ્રેણિ	૬ × ૬ =	૩૬	૭૨	
બીજી	૬ × ૬ =	૩૬		

ઉપરની શ્રેણિમાં ચાર ખંડુક ત્રસનાડીના જ છે.

ત્યારપછીનીશ્રેણિ	૮ × ૮ =	૬૪	૧૯૨
બીજી	૮ × ૮ =	૬૪	
ત્રીજી	૮ × ૮ =	૬૪	
ત્યારપછીનીશ્રેણિ	૧૦ × ૧૦ =	૧૦૦	૩૦૦
બીજી	૧૦ × ૧૦ =	૧૦૦	
ત્રીજી	૧૦ × ૧૦ =	૧૦૦	
ત્યારપછીનીશ્રેણિ	૧૨ × ૧૨ =	૧૪૪	૨૮૮
બીજી	૧૨ × ૧૨ =	૧૪૪	

શ્રેણિ	ખંડુક	વર્ગ	કુલ ખંડુક
ત્યારપછીનીશ્રેણિ	૧૬ × ૧૬	= ૨૫૬	૫૧૨
બીજી	૧૬ × ૧૬	= ૨૫૬	
ત્યારપછીનીશ્રેણિ	૨૦ × ૨૦	= ૪૦૦	૧૬૦૦
બીજી	૨૦ × ૨૦	= ૪૦૦	
ત્રીજી	૨૦ × ૨૦	= ૪૦૦	
ચોથી	૨૦ × ૨૦	= ૪૦૦	
ત્યારપછીનીશ્રેણિ	૧૬ × ૧૬	= ૨૫૬	૫૧૨
બીજી	૧૬ × ૧૬	= ૨૫૬	
ત્યારપછીનીશ્રેણિ	૧૨ × ૧૨	= ૧૪૪	૨૮૮
બીજી	૧૨ × ૧૨	= ૧૪૪	
ત્યારપછીનીશ્રેણિ	૧૦ × ૧૦	= ૧૦૦	૧૦૦
ત્યારપછીનીશ્રેણિ	૮ × ૮	= ૬૪	૬૪
ત્યારપછીનીશ્રેણિ	૬ × ૬	= ૩૬	૭૨
બીજી	૬ × ૬	= ૩૬	
ત્યારપછીનીશ્રેણિ	૪ × ૪	= ૧૬	૩૨
બીજી	૪ × ૪	= ૧૬	

ઊર્ધ્વલોકના સર્વ ખંડુક ૪૦૬૪
અધોલોકના સર્વ ખંડુક ૧૧૨૩૨
ઊર્ધ્વલોકના સર્વ ખંડુક ૪૦૬૪

સર્વ મળી ૧૫૨૯૬ ખંડુક

ચોસઠ ખંડુક = ૧ ઘનરજ્જુ
૧૫૨૯૬ ÷ ૬૪ = ૨૩૯ વૃત્તાકારલોકમાં ઘનરજ્જુ
૧૧૨૩૨÷૬૪ = ૧૭૫।। અધોલોકના ઘનરજ્જુ
૪૦૬૪÷૬૪ = ૬૩।। ઊર્ધ્વલોકના ઘનરજ્જુ

૨૩૯ કુલ ઘનરજ્જુ

પ્રતરરજ્જુની સંખ્યા અને સૂચિરજ્જુ કેમ થાય ?

चउगुणिअ पयररज्जु, सत्तदुरुत्तरसय दुसयचउपण्णा ।
अह उड्ढ नव छपण्णा, सव्वे चउगुणिय सुइरज्जु ॥ २१ ॥

અર્થ :-અધોલોકમાં એકસોને સાડી પંચોતેર ઘનરજ્જુ છે, તેને ચારે ગુણતાં સાતસોને બે પ્રતરરજ્જુ થાય, ઊર્ધ્વલોકમાં સાડી ત્રેસઠ ઘનરજ્જુ છે, તેને ચારે ગુણતાં બસોને ચોપન પ્રતરરજ્જુ થાય, બન્ને લોકના કુલ નવસોને છપ્પન પ્રતરરજ્જુ થાય. એ સર્વ પ્રતરરજ્જુને ચારગણા કરતાં જે અંક આવે તે સૂચિરજ્જુનું માન જાણવું.

ભાવાર્થ :-

લોક	પ્રતરરજ્જુ
અધોલોક	૭૦૨
ઊર્ધ્વલોક	૨૫૪
કુલ	૯૫૬ પ્રતરરજ્જુ

સૂચિરજ્જુનું પ્રમાણ :-

अडबीससय अडुत्तर, दस सोला अट्ठतीस चोवीसा ।
इय संवग्गियलोए, तिह रज्जु खंडुआ ऊ इमे ॥ २२ ॥

અર્થ :-અધોલોકમાં સાતસોને બે પ્રતરરજ્જુ છે તેને ચાર ગુણા કરતાં બેહજાર આઠસો ને આઠ સૂચિરજ્જુ થાય. ઊર્ધ્વલોકમાં બસોને ચોપન પ્રતરરજ્જુ છે, તેને ચાર ગુણા કરતાં એકહજાર ને સોળ સૂચિરજ્જુ થાય. બંને લોકના કુલ ત્રણ હજાર આઠસો ને ચોવીશ સૂચિરજ્જુ થાય. આ પ્રમાણે સંવર્ગિત લોકમાં ત્રણ પ્રકારના રજ્જુ-(ઘનરજ્જુ, પ્રતરરજ્જુ તથા સૂચિરજ્જુ કહ્યા.)

ભાવાર્થ :-

લોક	સૂચિરજ્જુ
અધોલોક	૨૮૦૮
ઊર્ધ્વલોક	૧૦૧૬
કુલ	૩૮૨૪ સૂચિરજ્જુ

લોક	ઘનરજ્જુ	પ્રતરરજ્જુ	સૂચિરજ્જુ
અધોલોક	૧૭૫॥	૭૦૨	૨૮૦૮
ઊર્ધ્વલોક	૬૩॥	૨૫૪	૧૦૧૬
કુલ:-	૨૩૯	૯૫૬	૩૮૨૪

ખંડુકની સંખ્યા :-

एगारसहस दुसया, बत्तासी चउरसहसचउसट्ठी ।
अह उड्ढं सव्वे पनरसहस्सदुन्निसयछन्नउआ ॥ २३ ॥

અર્થ :-અધોલોકમાં ઉપર બતાવેલા આંકને (૨૮૦૮) ચાર વડે ગુણતાં અગીઆર હજાર બસો ને બત્રીશ ખંડુકો થાય. ઊર્ધ્વલોકના ઉપર બતાવેલા અંકને (૧૦૧૬)

ચાર વડે ગુણતાં ચારહજાર ને ચોસઠ ખંડુકો થાય. બંને સાથે કરતાં કુલ પંદર હજાર બસોને છન્નું ખંડુકો થાય.

ભાવાર્થ :-

સૂચિરજ્જુ		ખંડુક
૨૮૦૮	× ૪ =	૧૧૨૩૨
૧૦૧૬	× ૪ =	૪૦૬૪

કુલ ૧૫૨૯૬ ખંડુક

ખંડુકોની સંખ્યાની ઉત્પત્તિની સમજૂતી: –

अड छ चउवीस वीसा, सोलस दस चउ अहुट्ठ चउ छट्ठ ।
दस बार सोल वीसा, सरिसंकगुणाउ चउहि गुणे ॥ २४ ॥

અર્થ :—માઘવતી સાતમી પૃથ્વી આદિનાં જે અઠ્ઠાવીશ, છવ્વીશ, ચોવીશ, વીશ, સોલ, દસ, ચાર અંક તિર્ચ્છી શ્રેણિમાં છે, તેને પોતાના સરખે અંકે ગુણી અને પછી ચાર ગુણા કરતાં જે અંક આવે તે અધોલોકના ખંડુક જાણવા.

તથા ચાર, છ, આઠ, દશ, બાર, સોળ તથા વીશ એ અંકોને સરખે અંકે ગુણી ચાર ગુણા કરતા જે અંક આવે તે ઊર્ધ્વલોકના ખંડુક જાણવા.

ભાવાર્થ :—ગાથા નં–૨૦ મા જણાવ્યા મુજબ

અધોલોકના સર્વખંડુક	૧૧૨૩૨
ઊર્ધ્વલોકના સર્વખંડુક	૪૦૬૪

કુલ ૧૫૨૯૬ ખંડુક

વર્ગ કરવાની બીજી રીત–

चउ अडवीसा छप्पण्ण, पयरसरिसंकगुणिय पिहु मिलिए ।
समदीहपिहुव्वेहा, उड्ढमहो खंडुआ नेया ॥ २५ ॥

અર્થ :—લોકના મસ્તક ઉપર તિર્ચ્છી શ્રેણિ ચાર ખંડુકની છે. સાતમી નરક પૃથ્વીની છેલ્લી શ્રેણિ અઠ્ઠાવીસ ખંડુકોની છે. (એમ ચારથી લઈને છેલ્લી છપ્પનમી શ્રેણિ અઠ્ઠાવીશ ખંડુકોની છે) એટલે પુરૂષાકાર લોકમાં તિર્ચ્છી છપ્પન પ્રતરની શ્રેણિ છે. (આદિ તથા અંતની શ્રેણિઓનું ગ્રહણ કર્યાથી મધ્ય શ્રેણિનું પણ ગ્રહણ થાય છે.) તેમાં જે શ્રેણિમાં તિર્ચ્છી શ્રેણિના જેટલા ખંડુકો છે તેને તેટલા અંકથી ગુણીએ, જેમકે સર્વની ઉપરની મસ્તક શ્રેણિમાં ચાર ખંડુકો તિર્ચ્છા છે. ત્યારે ચારને ચારથી ગુણતાં સોળ થાય. એમ છપ્પન શ્રેણિઓને સરખે અંકે ગુણી એકઠી કરીએ ત્યારે પંદરહજાર બસોને છન્નું ખંડુકોની સંખ્યા થાય.

ખંડુકોનું પ્રમાણ :–

લંબાઈ, પહોળાઈ તથા જાડાઈમાં કુંભીની જેમ સરખા હોય એટલે પહોળા, લાંબા તથા જાડા $\frac{1}{2}$ રાજ પ્રમાણ હોય તે ખંડુક કહેવાય. એવા ઊર્ધ્વલોક તથા અધોલોકના સર્વ ખંડુકો જાણવા.

લોકનાલિકાંતર્ગત

ખંડુ–સૂચિજજુ–પ્રતરરજજુ–ઘનરજજુ સંખ્યાયંત્ર–
ઊર્ધ્વલોકે

કેટલી શ્રેણી	કેટલા ખંડુની	વર્ગિત ખંડુ	કુલ ખંડુ	સૂચિરજજુ	પ્રતરરજજુ	ઘનરજજુ
૨	૪	૧૬	૩૨	૮	૨	૦॥
૨	૬	૩૬	૭૨	૧૮	૪॥	૧)॥
૩	૮	૬૪	૧૯૨	૪૮	૧૨	૩
૩	૧૦	૧૦૦	૩૦૦	૭૫	૧૮॥॥	૪॥॥
૨	૧૨	૧૪૪	૨૮૮	૭૨	૧૮	૪॥
૨	૧૬	૨૫૬	૫૧૨	૧૨૮	૩૨	૮
૪	૨૦	૪૦૦	૧૬૦૦	૪૦૦	૧૦૦	૨૫
૨	૧૬	૨૫૬	૫૧૨	૧૨૮	૩૨	૮
૨	૧૨	૧૪૪	૨૮૮	૭૨	૧૮	૪॥
૧	૧૦	૧૦૦	૧૦૦	૨૫	૬॥	૧॥—
૧	૮	૬૪	૬૪	૧૬	૪	૧
૨	૬	૩૬	૭૨	૧૮	૪॥	૧)॥
૨	૪	૧૬	૩૨	૮	૨	૦॥
૨૮			૪૦૬૪	૧૦૧૬	૨૫૪	૬૩॥

અધોલોકે

કેટલી શ્રેણી	કેટલા ખંડુની	વર્ગિત ખંડુ	કુલ ખંડુ	સૂચિરજ્જુ	પ્રતરરજ્જુ	ઘનરજ્જુ
૪	૪	૧૬	૬૪	૧૬	૪	૧
૪	૧૦	૧૦૦	૪૦૦	૧૦૦	૨૫	૬।।
૪	૧૬	૨૫૬	૧૦૨૪	૨૫૬	૬૪	૧૬
૪	૨૦	૪૦૦	૧૬૦૦	૪૦૦	૧૦૦	૨૫
૪	૨૪	૫૭૬	૨૩૦૪	૫૭૬	૧૪૪	૩૬
૪	૨૬	૬૭૬	૨૭૦૪	૬૭૬	૧૬૯	૪૨।
૪	૨૮	૭૮૪	૧૩૩૬	૭૮૪	૧૯૬	૪૯
			૧૧૨૩૨	૨૮૦૮	૭૦૨	૧૭૫।।

ઊર્ધ્વ અધોના મળીને ૫૬ શ્રેણી

૧૫૨૬૬ ખંડું
૩૮૨૪ સૂચિરજ્જુ
૬૫૬ પ્રતરરજ્જુ
૨૩૬ ઘનરજ્જુ

વૃત્તાકાર લોકને ઘન કરવાનો વિધિ–

दाहिणपासि दुखंडा, उड्ढं वामे ठविज्ज विवरीआ ।
नाडिसहियतिरज्जू, पिहु जाया सत्त दोहुचे ॥ २६ ॥

અર્થ:—ઊર્ધ્વલોકમાં ત્રસનાડીથી દક્ષિણ બાજુએ બે ખંડ છે તે ત્રસનાડીની બહાર ડાબી બાજુએ ઊલટા કરીએ ત્યારે ત્રસનાડી સહિત ડાબી બાજુએ તિર્છા ત્રણ રાજ પહોળાઈ અને ઊંચાઈમાં સાત રાજ થાય.

ભાવાર્થ:—ઊર્ધ્વલોકમાં ત્રસનાડીથી જમણી બાજુના બે ખંડ છે તે ઊર્ધ્વલોકમાં જ્યાં કોણીનું સ્થાન છે તે મધ્યથી જોતાં બારમી શ્રેણિ છે. તે બારમી શ્રેણીથી બે ખંડ કરીએ એટલે ઉપરના ખંડમાં સોળ શ્રેણિઓ રહે એવી રીતે દક્ષિણ બાજુના જે બે

ખંડ છે, તે ઊર્ધ્વલોકમાં ત્રસનાડીની બહાર ડાબી બાજુ ઊલટા કરીએ–ઉપરના ખંડની કોણીની જે દિશા, તે મસ્તકની તરફ કરીએ, અને નીચેના ખંડની કોણીની જે દિશા તે લોકના મધ્ય તરફ કરીએ એટલે નીચેનો ખંડ ઉપરની દિશાએ તથા ઉપરનો ખંડ નીચેની દિશાએ સ્થાપીએ. ત્યારે ત્રસનાડી સહિત ડાબી બાજુએ તિર્છા ત્રણ રાજ થાય. તે આ પ્રમાણે–ત્રસનાડીથી બહાર કોણીના ઠેકાણે જમણી બાજુએ આઠ ખંડુકો તિર્છા છે તેના બે રાજ અને એક ત્રસનાડીનું રાજ એમ ત્રણ રાજ પહોળાઇએ થાય અને દીર્ઘત્વે ઊંચપણે સાત રાજ થાય.

हिट्ठाउ वामखंडे, दाहिणपासे ठविज्ज विवरीअं ।
उपरिम तिरज्जुखंड, वामे ठाणे अहो दिज्जा ॥ २७ ॥

અર્થ:—અધોલોકમાં ત્રસનાડીની ડાબી બાજુ જે ખંડ છે તેને વિપરીત સ્થાપીએ પછી ઊર્ધ્વલોકનો તિર્છો ત્રણ રાજનો ખંડ છે તે ડાબી બાજુ સ્થાપીએ એટલે ઘનલોક થાય.

ભાવાર્થ:—અધોલોકમાં ત્રસનાડીની ડાબી બાજુનો જે આખો ખંડ છે, તે વિપરીત એટલે અવળો અથવા ઊંધો ત્રસનાડીની જમણીબાજુ સ્થાપીએ, એટલે અધોલોકમાં જમણીબાજુ તિર્છા ચાર રાજ અને લંબાઇમાં સાત રાજ થાય.

તે આ પ્રમાણે–

ત્રસનાડીથી જમણી બાજુમાં અધોલોકની નીચે બાર ખંડુક છે તેના ત્રણ રાજ અને ત્રસનાડીનું એક રાજ, એમ ચાર રાજ થાય. પછી ઊર્ધ્વલોકનો તિર્છો ત્રણ રાજ પહોળો ને લાંબો સાત રાજ પ્રમાણ ખંડ છે તે અધોલોકમાં જે ત્રસનાડી છે તેની ડાબી બાજુ સ્થાપીએ એટલે સર્વત્ર પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ તથા ઉત્તર દિશાએ ઊંચાઈ તથા જાડાઈમાં સાત રાજ પ્રમાણ ઘનલોક થાય.

इय संवट्टियलोओ, बुद्धिकओ सत्तरज्जुमाणघणो ।
सगरज्जु अहिय हिट्ठा, गिण्हिअ पासाइ पूरिज्जा ॥ २८ ॥

અર્થ:—એ પ્રકારે આ સંવર્તિતલોક બુદ્ધિથી કરેલો સાત રાજ પ્રમાણ ઘન થયો. સાત ઘનરજ્જુ કરતાં લંબાઈ, પહોળાઈ તથા ઊંચાઈ જ્યાં અધિક ખંડુકો હોય તે લઈને નીચે જે જગ્યાએ ઓછું હોય તે પાસુ પૂરતા ચોરસ સાત ઘનરજ્જુ પ્રમાણ લોક થાય.

ભાવાર્થ:—આ લોકનાલિકા ચોરસ નથી, વૃત્તાકાર છે, પણ ઘનલોક વૃત્તાકાર લખાય નહીં, તેથી ચોરસ પ્રમાણ આપેલ છે,

સાતરાજ ઘનીકૃત લોકમાં ઘનરજ્જુ, પ્રતરરજ્જુ, સૂચિરજ્જુ અને ખંડુકોની સંખ્યા–

घणरज्जु तिसय तेयाल तेर बावत्तरीय पयर सूई ।
चउपन्नअडसि खंडुअ, सहसिगवीसा नवदुपन्ना ॥ २९ ॥

અર્થ :—એ સાત રાજ પ્રમાણ ઘનીકૃત ચોરસ લોકમાં ત્રણસો ને તેંતાલીશ ઘનરજ્જુ થાય. એકહજાર ત્રણશો બોંતેર પ્રતરરજ્જુ થાય. પાંચહજાર ચારસો ને અઠ્ઠાશી સૂચિરજ્જુ થાય અને એકવીશહજાર નવસોને બાવન ખંડુકો થાય.

ઘનરજ્જુ, પ્રતરરજ્જુ, સૂચિરજ્જુ અને ખંડુકો લાવવાની રીત—

સગવગ્ગે સગ ચઉ તિગ–ગુણિએ ઉભય અહ ઉડ્ઢ ખંડુ ધણા ।
છન્નઉઅસય સીયાલ, ચઉગુણિએ પયરસુઇઅંસા ॥ ૩૦ ॥

અર્થ :—એ સાત ઘનરજ્જુ પ્રમાણ સમચોરસ જે લોક છે તે સાતને સાતથી ગુણીએ ત્યારે ઓગણપચાશ થાય. તેવી ઓગણપચાસની સાત શ્રેણિ છે તેથી ઓગણપચાસને સાતથી ગુણતાં ત્રણસો ને તેંતાલીશ ઘનરજ્જુની સંખ્યા થાય. પછી ઘનરજ્જુના આંકને ત્રણ વાર ગુણી ચાર ગુણા કરીએ ત્યારે અનુક્રમે અધોલોક તથા ઊર્ધ્વલોકના પ્રતરજ્જુ, સૂચિરજ્જુ તથા ખંડુકોની સંખ્યા આવે. અધોલોકને વિષે એકસોછન્નુ ઘનરજ્જુ થાય. ઊર્ધ્વલોકને વિષે એકસોનેસુડતાલીશ ઘનરજ્જુ થાય. બંનેના મળીને થયેલા ૩૪૩ ના અંકને ત્રણવાર ચોગુણા કરતાં પ્રતરરજ્જુ, સૂચિરજ્જુ તથા ખંડકોનું માન ભિન્ન ભિન્ન થાય છે.

ભાવાર્થ :— અધોલોક તથા ઊર્ધ્વલોકના પ્રતરરજ્જુ, સૂચિરજ્જુ તથા ખંડુકોની સંખ્યા :— ૭ × ૭ = ૪૯ (૭નો વર્ગ)
૪૯ × ૭ = (સાત શ્રેણિ હોવાથી) ૩૪૩ ઘનરજ્જુ
૩૪૩ ઘનરજ્જુ × ૪ = ૧૩૭૨ પ્રતરજ્જુ
૧૩૭૨ × ૪ = ૫૪૮૮ સૂચિરજ્જુ
૫૪૮૮ × ૪ = ૨૧૯૫૨ ખંડુકો
અધોલોકમાં ઘનરજ્જુ
૭ × ૭ = ૪૯ × ૪ = ૧૯૬ ઘનરજ્જુ
ઊર્ધ્વલોકમાં ઘનરજ્જુ
૭ × ૭ = ૪૯ × ૩ = ૧૪૭ ઘનરજ્જુ
અધોલોક અને ઊર્ધ્વલોકના કુલ ઘનરજ્જુ – ૩૪૩
તેને ત્રણ વાર ચાર ગુણા કરતાં પ્રતરરજ્જુ, સૂચિરજ્જુ તથા ખંડુકોનું માન ભિન્ન ભિન્ન આવે છે.
અધોલોક તથા ઊર્ધ્વલોકના ખંડુકો વિગેરેની સંખ્યા ભિન્ન ભિન્ન સંગ્રહ દ્વારા કહે છે :—

સગચુલસી પણઅડસી, ઇગતીસછત્તીસ તિવિસબાવન્ના ।
પણ ચઉઆલજુઆ બારસદ્દસ ચઉણબઇસયદ્વહિઆ ॥ ૩૧ ॥

અર્થ :— અધોલોકમાં પ્રતર૨જ્જુ સાતસો ચોરાશી તથા ઊર્ધ્વલોકમાં પાંચસોને અઠચાશી, અધોલોકમાં સૂચિ૨જ્જુ ત્રણ હજાર એકસોને છત્રીશ તથા ઊર્ધ્વલોકમાં બે હજાર ત્રણસોને બાવન, અધોલોકમાં ખંડુકો બાર હજાર પાંચસોને ચુમ્માલીશ તથા ઊર્ધ્વલોકમાં નવ હજાર ચારસોને આઠ થાય.

ભાવાર્થ :— અધોલોકમાં ૧૯૬ ઘન૨જ્જુ × ૪ = ૭૮૪ પ્રતર૨જ્જુ
ઊર્ધ્વલોકમાં ૧૪૭ ઘન૨જ્જુ × ૪ = ૫૮૮ પ્રતર૨જ્જુ
અધોલોકના ૭૮૪ પ્રતર૨જ્જુ × ૪ = ૩૧૩૬ સૂચિ૨જ્જુ
ઊર્ધ્વલોકમાં ૫૮૮ પ્રતર૨જ્જુ × ૪ = ૨૩૫૨ સૂચિ૨જ્જુ
અધોલોકના ૩૧૩૬ સૂચિ૨જ્જુ × ૪ = ૧૨૫૪૪ ખંડુકો
ઊર્ધ્વલોકના ૨૩૫૨ સૂચિ૨જ્જુ × ૪ = ૯૪૦૮ ખંડુકો

અધોલોકને ઊર્ધ્વલોકના ૨૧,૯૫૨ સર્વ ખંડુકો

અધોલોકના સૂચિ૨જ્જુ ૩૧૩૬
ઊર્ધ્વલોકના સૂચિ૨જ્જુ ૨૩૫૨

બંનેના ૫૪૮૮ સૂચિ૨જ્જુ
અધોલોકના પ્રતર૨જ્જુ ૭૮૪
ઊર્ધ્વલોકના પ્રતર૨જ્જુ ૫૮૮


બંનેના ૧૩૭૨ પ્રતર૨જ્જુ
અધોલોકના ઘન૨જ્જુ ૧૯૬
ઊર્ધ્વલોકના ઘન૨જ્જુ ૧૪૭

બંનેના ૩૪૩ ઘન૨જ્જુ

અહીં સાત રાજ ઘનમાં ત્રણશોને તેંતાલીશ ઘનરાજ જોઇએ, પરંતુ ચૌદ રાજના તેટલા ઘનરાજ નથી; માત્ર બશોને ઓગણચાલીશ રાજ છે. તેથી એકસો ચાર ઘન૨જ્જુ અધિક જોઇએ. તેનાં ખંડુકો નથી.

(વળી એક વાત વિશેષ એ છે કે એ ઘનલોક ચોરસ કર્યો છે, અને લોક વૃત્તાકાર છે. ત્યારે ચારે દિશાના ખૂણા ઓછા થાય તેથી ચોરસ ખંડુક વિગેરેનું પ્રમાણ કહ્યું છે તેટલું પણ ન થાય, ઓછું થાય. એ ચોરસનું જે પરિમાણ કહ્યું છે તે અંતરંગ વૃત્તાકારલોકનું માન ધારીને કહ્યું છે એના નિર્ણયના વાત જ્ઞાની જાણે.)

અસંખ્યાત યોજનનું એક રાજ થાય છે. અથવા સહસ્રભાર લોહનો ગોળો કોઇ એક મહર્દ્ધિક દેવ પોતાની શક્તિથી આકાશમાં નીચે નાખે કે જે ગોળા છ માસ, છ દિવસ, છ પહોર, છ ઘડી અને છ પળ જેટલા કાળે નીચે આવીને પડે. તેટલા પ્રમાણવાળું એક રાજ થાય. એ પ્રમાણે ચારે દિશાઓમાં રાજનું પ્રમાણ જાણવું.



इय पयरलिहियवग्गियसंवट्टियलोगसारमुवलब्भ ।
सुअधम्मकित्तिअं तह, जयइ जहा भमइ न इह भिसं ॥३२॥

અર્થ :–એ પ્રમાણે છપ્પન પ્રતર છે તેનું લિખિત, વર્ગિત અને સંવર્ત્તિત એવો જે લોક તેનો સાર યથાર્થપણે લોકસ્વરૂપ સદ્‌ગુરુથી પામીને તે પ્રકારે ઉદ્યમ કર કે જેથી આ લોકમાં અનંત જન્મ–મરણ પામી અનંતવાર ફરીને ન ભમવું પડે. આ લોકની સાર કે જે શ્રુતધર્મમાં સિદ્ધાંતમાં જ્ઞાનના બળથી જ્ઞાનવાન શ્રી તીર્થંકરે કહેલો છે.

ભાવાર્થ :–લોકનાલિકા પ્રકરણમાં કહ્યા મુજબ આ લોકમાં જીવ અનંત–જન્મ મરણ પામતાં અનંતી વાર ભમ્યો છે હવે લોકનું તત્ત્વજ્ઞાન પામી જીવ તે પ્રમાણે ઉદ્યમ કરે કે જેથી ફરીને ભમવું ન પડે, આવો તીર્થંકર, સકલજીવહિતકર, પરમ પરમેશ્વરનો ભવ્ય જીવને ઉપદેશ છે.

श्रीमदाप्तोक्तविधिना लोकनालस्य वार्त्तिकं ।
धीमित्रधनराजस्य गंगाख्यतनुजाकृते ॥१॥
श्रीमत्सहजरत्नेन व्याख्यातमुदयाब्धिना ।
असंगतं यदुक्तं तद्विशोध्यं धीधनैर्भृशम् ॥२॥

શ્રીમાન્ આપ્ત (તીર્થંકર)ની કહેલી વિધિથી આ લોકનાલ પ્રકરણનું વાર્ત્તિક ધીમિત્ર (બુદ્ધિમાન) ધનરાજની ગંગા નામની પુત્રીને માટે શ્રીમાન્ સહજરત્નરૂપ ઉદયસાગરે રચેલું છે. તેમાં જે કાંઈ અસંગત કહેવાયું હોય તે બુદ્ધિરૂપી ધનવાળા વિદ્વાનોએ સારી રીતે શોધવું આ પ્રમાણે લોકનાલિકા પ્રકરણ પૂર્ણ થયું.

卐

શ્રીપુદ્ગલપરાવર્ત્તસ્તવ.

આપણો આત્મા અજ્ઞાનવશ દ્રવ્યથી-ક્ષેત્રથી-કાળથી અને ભાવથી અનંત પુદ્ગલ પરાવર્ત સુધી ભમ્યો છે.

એ પુદ્ગલ પરાવર્ત એટલે શું ? એ પણ દ્રવ્યથી-ક્ષેત્રથી-કાળથી અને ભાવથી અને તેના પણ સૂક્ષ્મ અને બાદર બે ભેદ પડતાં ૮ પ્રકાર થાય છે એનું સર્વ સ્વરુપ ૧૧ ગાથામાં કહી જીવને સંસાર પ્રત્યે નિર્વેદ જાગે તેવું વર્ણનાત્મક સ્વરૂપ કહ્યું છે. અને આ ગ્રંથના કર્તા મહાત્માએ વૈરાગ્યગર્ભિત આ સ્તવ દ્વારા પોતાનો ભવ વૈરાગ્ય ઝળહળતો બતાવી દીધો છે. આપણે પણ આ પદાર્થોને સમજીને આત્માના વિકાસ માટે આગળ વધવા પ્રયત્ન કરીએ.

श्री वीतराग ! भगवँस्तव समयालोकनं विनाऽभूवन् ।
द्रव्ये क्षेत्रे काले, भावे मे पुद्गलावर्त्ताः ॥१॥

અર્થ:-હે વીતરાગ ! તમારા સિદ્ધાંતની વિચારણા વિના મારા દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી અનંત પુદ્ગલપરાવર્ત્તો થયા.

ભાવાર્થ:-પ્રભુના સિદ્ધાંતને સમજ્યા વિના આ જીવે અનંતા પુદ્ગલ પરાવર્ત્તો સંસારમાં પરિભ્રમણ કરેલ છે.

मोहप्ररोहरोहान्नट इव भवरङ्गसङ्गतः स्वामिन् ।
कालमनन्तानन्तं, भ्रान्तः षट्कायकृतकायः ॥२॥

અર્થ:-હે સ્વામિન્ ! મોહ અજ્ઞાન તેના અંકુરાની વૃદ્ધિ થવાથી હું સંસારરૂપ નાટકશાળામાં અનંતાનંત કાળ સુધી નટની જેમ નાચ્યો. મેં ષટ્કાયમાં જુદી જુદી કાયાના શરીરો ધારણ કર્યા અને તે રૂપે સંસારમાં નાટક કર્યું.

ભાવાર્થ:-અજ્ઞાનપણાથી આ જીવે અનંતાકાળ સુધી સંસારમાં પરિભ્રમણ કરેલ છે. નટની જેમ વિવિધ પ્રકારના અવતારો પૃથ્વી, અપ્, તેઉ, વાઉ, વનસ્પતિ અને ત્રસ આ છ કાયમાં ધારણ કર્યા છે. (આ અનંતાનું સ્વરૂપ શાસ્ત્રભાષાથી સરસવ યુક્ત ચાર પ્યાલાના દૃષ્ટાંત દ્વારા અન્ય ગ્રંથથી જાણી લેવું)

પુદ્ગલ પરાવર્ત્ત ચાર પ્રકારે છે.

(૧) દ્રવ્ય (૨) ક્ષેત્ર (૩) કાળ (૪) ભાવ તેમાં પણ દરેકના બે-બે ભેદ છે. (૧) સૂક્ષ્મ (૨) બાદર એટલે આ રીતે કુલ આઠ ભેદ થાય છે.

(૧) બાદર દ્રવ્ય પુદ્ગલપરાવર્ત્ત.

(૨) સૂક્ષ્મ દ્રવ્ય પુદ્ગલપરાવર્ત્ત.

(૩) બાદર ક્ષેત્ર પુદ્ગલપરાવર્ત્ત.
(૪) સૂક્ષ્મ ક્ષેત્ર પુદ્ગલપરાવર્ત્ત.
(૫) બાદર કાળ પુદ્ગલપરાવર્ત્ત.
(૬) સૂક્ષ્મ કાળ પુદ્ગલપરાવર્ત્ત.
(૭) બાદર ભાવ પુદ્ગલપરાવર્ત્ત.
(૮) સૂક્ષ્મ ભાવ પુદ્ગલપરાવર્ત્ત.

દ્રવ્યપુદ્ગલપરાવર્ત્તનું સ્વરૂપ :–

औदारिकवैक्रिय तैजसभाषाप्राणचित्त कर्मतया ।
सर्वाणुपरिणतेर्मे स्थूलोऽभूत्पुद्गलावर्तः ॥३॥

અર્થ :–ઔદારિક, વૈક્રિય, તૈજસ, ભાષા, શ્વાસોચ્છ્વાસ, મન અને કર્મ–એ સાતે વર્ગણાના સર્વ અણુઓને પરિણમાવવાથી–ગ્રહણ કરી કરીને મૂકવા દ્વારા સ્થૂલ દ્રવ્યપુદ્ગલપરાવર્ત્ત થાય છે.

ભાવાર્થ :– ચૌદ રાજલોકમાં રહેલા સર્વ પુદ્ગલ–પરમાણુને ઔદારિક આદિ સાતે વર્ગણારૂપે સર્વનો ઉપભોગ થતાં જે કાળ જાય, તે સ્થૂલ દ્રવ્યપદ્ગલપરાવર્ત્ત કહેવાય.

૨ સૂક્ષ્મદ્રવ્ય પુદ્ગલપરાવર્ત્ત :–

तत्सप्तकैककेन च, समस्तपरमाणुपरिणतेर्यस्य ।
संसारे संसरतः सूक्ष्मो मे जिन! तदावर्त्तः ॥४॥

અર્થ :–સંસારમાં ભ્રમણ કરતો એક જીવ ચૌદરાજલોકમાં રહેલ સર્વ પરમાણુ (વર્ગણા)ને સાત પૈકી એક વર્ગણા પણે સ્પર્શીને ગ્રહણ કરીને મૂકે ત્યારે સૂક્ષ્મ દ્રવ્ય–પુદ્ગલપરાવર્ત્ત થાય.

ભાવાર્થ :—જીવને સાત વર્ગણાઓમાંથી ઔદારિક–વૈક્રિય આદિ કોઇ પણ એક જ વર્ગણા રૂપે ચૌદે રાજલોકમાં વર્તતા સર્વ પુદ્ગલપરમાણુનો ઉપયોગ થતાં જે સમય લાગે, તે સૂક્ષ્મદ્રવ્ય પુદ્ગલપરાવર્ત્ત કહેવાય.

૩ બાદરક્ષેત્ર પુદ્ગલપરાવર્ત્ત–

निरवशेषलोकदेशान्, भवे भवे पूर्वसंभवैर्मरणैः ।
स्पृशतः क्रमोत्क्रमाभ्यां, क्षेत्रे स्थूलस्तदावर्त्तः ॥ ५ ॥

અર્થ :—ચૌદરાજલોકના સમસ્ત આકાશપ્રદેશને આત્મા ક્રમથી અને ઉત્ક્રમથી મરણુવડે સ્પર્શે ત્યારે સ્થૂલ ક્ષેત્ર પુદ્ગલ પરાવર્ત્ત થાય.

ભાવાર્થ :—ચૌદ રાજલોકમાં અસંખ્ય આકાશપ્રદેશો છે, તે પ્રદેશોને જીવ મરણુ વડે ક્રમશઃ કે ક્રમ વિના પણ સંપૂર્ણ આકાશપ્રદેશોને સ્પર્શી લેતા જે સમય લાગે, તેટલા સમયને બાદરક્ષેત્ર પુદ્ગલ પરાવર્ત્ત કહેવાય.

૪ સૂક્ષ્મક્ષેત્ર પુદ્ગલપરાવર્ત્ત–

प्राग्मृत्युभिः क्रमेण च, लोकाकाशप्रदेशसंस्पर्शः ।
मम योऽजनि स स्वामिन् ! क्षेत्रे सूक्ष्मस्तदावर्त्तः ॥ ६ ॥

અર્થ :—ચૌદરાજલોકના સમસ્ત આકાશ પ્રદેશને આત્મા ક્રમથી મરણુવડે સ્પર્શે ત્યારે સૂક્ષ્મક્ષેત્ર પુદ્ગલપરાવર્ત્ત થાય.

૫ બાદરકાળ પુદ્ગલ પરાવર્ત્ત–

मम कालचक्रसमयान्, संस्पृशतोऽतीतमृत्युभिर्नाथ ! ।
अक्रमतः क्रमतश्च स्थूलः, काले तदावर्त्तः ॥ ७ ॥

અર્થ :—એક કાળચક્રના એટલે એક અવસર્પિણી અને ઉત્સર્પિણીના વીશ કોડા-કોડી સાગરોપમના સમયોને ક્રમ-ઉત્ક્રમવડે જીવ મરણુ દ્વારા સ્પર્શે, ત્યારે સ્થૂળકાળ પુદ્ગલપરાવર્ત્ત થાય છે.

ભાવાર્થ :—૧૦ કોડાકોડી સાગરોપમ = ૧ ઉત્સર્પિણી
૧૦ કોડાકોડી સાગરોપમ = ૧ અવસર્પિણી
૨૦ કોડાકોડી સાગરોપમ = ૧ કાળચક્ર

આ રીતે ૨૦ કોડાકોડી સાગરોપમના સમયોને ક્રમથી કે ક્રમ વગર સ્પર્શે અર્થાત્ ૨૦ કોડાકોડી સાગરોપમના જેટલા સમયો તેટલી વાર જીવ મરણુ પામે ત્યારે સ્થૂલકાળ પુદ્ગલપરાવર્ત્ત થાય.

૬ સૂક્ષ્મકાળ પુદ્ગલ પરાવર્ત્ત–

क्रमतस्तानेव समयान्, प्राग्भूतैर्मृत्युभिः प्रभूतैर्मे ।
संस्पृशतः सूक्ष्मोऽर्हन् ! कालगतः पुद्गलावर्त्तः ॥ ८ ॥

અર્થ :—હે અરિહંત ! એક કાળચક્રના સમયોને જીવ ઘણા કાળે ક્રમથી મરણુવડે સ્પર્શે ત્યારે સૂક્ષ્મકાળ પુદ્ગલપરાવર્ત્ત થાય.

ભાવાર્થ :—કોઈ જીવ અવસર્પિણીના પ્રથમ સમયે મરણુ પામ્યો ત્યારપછી અવસર્પિણીના બીજા સમયે મરણુ પામે તો તે સમય ગણાય, વચ્ચે દશમા સમયે મરણુ

પામે તે ન ગણાય, વળી જ્યારે તેના પછીનો ત્રીજો સમય છે તે સમયે મરણ પામે તો ગણાય, આ રીતે ઉત્સર્પિણી અને અવસર્પિણી બંનેના સમયોને ક્રમવડે જીવ જેટલા કાળે સ્પર્શી રહે ત્યારે સૂક્ષ્મકાળ પુદ્ગલપરાવર્ત્ત થાય.

૭–૮ સ્થુલ અને સૂક્ષ્મ ભાવ પુદ્ગલ પરાવર્ત્ત–

अनुभागबन्धहेतून्, समस्तलोकाभ्रदेशपरिसङ्खयान् ।
म्रियतः क्रमोत्क्रमाभ्यां, भावे स्थूलस्तदावर्त्तः ॥ ९ ॥

प्राङमरणैः सर्वेषामपि, तेषां यः क्रमेण संश्लेषः ।
भावे सूक्ष्मः सोऽभूत्त, जिनेश ! विश्वत्रयाधीश ॥ १० ॥

અર્થ:—સમસ્ત લોકાકાશના પ્રદેશ પ્રમાણ અનુભાગ બંધનાં સ્થાનોને-હેતુઓને ક્રમ–ઉત્ક્રમથી મરણ પામતો જીવ સ્પર્શે ત્યારે ભાવપુદ્ગલપરાવર્ત્ત થાય અને હે જિનેશ! હે વિશ્વત્રયાધીશ! તે સર્વ અનુભાગ બંધ સ્થાનોને ક્રમથી મરણવડે સ્પર્શે ત્યારે સૂક્ષ્મ ભાવ પુદ્ગલપરાવર્ત થાય.

ભાવાર્થ:-સૂક્ષ્મઅગ્નિકાયના જીવો અસંખ્યાતગુણા છે. તેનાથી તેમાં પ્રવેશ કરતાં પૃથ્વીકાયાદિજીવો અસંખ્યાતગુણા, તેનાથી તેમાં પૂર્વ પ્રવિષ્ટજીવો અસંખ્યાતગુણાધિક, તેનાથી સૂક્ષ્મઅગ્નિકાયની કાયસ્થિતિ અસંખ્યાતગુણાધિક, તેનાથી સંયમસ્થાનો અસંખ્યાતગુણાધિક, તેનાથી અનુભાગબંધસ્થાનો અસંખ્યાતગુણાધિક છે.

આ પ્રમાણથી આઠે કર્મપરમાણુઓના જે રસભેદો અસંખ્યાતા છે. તે કર્મ પુદ્ગલરસ વિશેષોને બાંધી બાંધીને–સ્પર્શ કરી કરીને જીવ ઉત્ક્રમથી સ્પર્શે ત્યારે સ્થૂલ ભાવ પુદ્ગલપરાવર્ત્ત થાય અને એક કર્મપુદ્ગલમાં રહેલા રસભેદને સ્પર્શે ત્યારપછી સંલગ્ન બીજા પુદ્ગલને સ્પર્શે. આ રીતે ક્રમથી આઠે કર્મના રસપુદ્ગલને મરણવડે સ્પર્શે ત્યારે સૂક્ષ્મભાવ પુદ્ગલપરાવર્ત્ત થાય છે.

ઉપસંહાર–


नानापुद्गल पुद्गलावलि परावर्त्तानन्तानहं,
पूरं पूरमियच्चिरं कियदशं बाढं दृढं नोढवान् ।
दृष्ट्वा दृष्टचरं भवन्तमधुना भक्तयार्थयामि प्रभो !
तस्मान्मोचय रोचय स्वचरणं श्रेयःश्रियं प्रापय ॥ ११ ॥

અર્થ:—અનેક પુદ્ગલ નામના કાળવડે પરમાણુઓની શ્રેણીવાળા અનંત પરાવર્તો સુધી ભમી ભમીને હે પ્રભો! હું ઘણું દુઃખ પામ્યો. હમણાં આપને દૃષ્ટિવડે જોવાથી

હું કાંક્ષિ ભક્તિથી પ્રાર્થના કરું છું કે તે દુઃખથી મને છોડાવો, આપનું ચારિત્ર મને આપના પ્રભાવથી રૂચે અને કલ્યાણલક્ષ્મીને હું પામું.

ભાવાર્થ :—શં=સુખ અશં=અસુખ (દુઃખ) અત્યંત વૈરાગ્યગર્ભિત આ પ્રાર્થના છે. ભવનિર્વેદ પામેલો જીવ પ્રભુને કહે છે કે હે નાથ! અનંતા પુદ્ગલ પરાવર્ત્તોમાં મેં અનંતા જન્મ-મૃત્યુ કર્યા. હવે આપના દર્શનને-શાસનને હું પામ્યો છું તેથી આ ભવકારાગૃહનાં દુઃખથી મને મુક્ત કરો અને ચારિત્ર પ્રાપ્તિ દ્વારા ભવનિવૃત્તિ અર્થાત્ મોક્ષપ્રાપ્તિ મને થાય, આ રીતે પ્રાર્થના ગર્ભિત આ પ્રકરણ સમાપ્ત થાય છે.

આ આઠ પ્રકારના પુદ્ગલ પરાવર્ત્તોમાંથી ચાર બાદર તો સૂક્ષ્મ સમજવા માટે જ છે અને સૂક્ષ્મમાં પણ અનંત પુદ્ગલપરાવર્ત્ત કર્યા કહેવાય છે. તે ક્ષેત્રથી સૂક્ષ્મ પુદ્ગલ પરાવર્ત્ત સમજવા.



શ્રી કાળ સપ્તતિકા

દ્રવ્યથી જીવનો વિચાર કર્યો-ક્ષેત્રથી સર્વ ક્ષેત્રોનો વિચાર કર્યો; તેવી જ રીતે કાળની અંદર છ આરાના કાળનો વિચાર છે. સામાન્યથી પલ્યોપમનું સ્વરૂપ, છ આરાનું કાળમાન, તે તે કાળમાં જીવોના આયુષ્ય આદિ દ્વારોનું વર્ણન, દશ કલ્પવૃક્ષના નામો તથા તેના કાર્ય, કુલકરની ઉત્પત્તિ તથા ત્રેસઠશલાકા પુરુષોના નામ વિગેરે તથા આવતી ઉત્સર્પિણીમાં થનારા ૨૪ તીર્થંકરોના પૂર્વભવનું સ્વરૂપ વિગેરે ભાવિ ત્રેસઠશલાકા પુરુષોના નામ વિગેરેનું વર્ણન મતાંતરો પૂર્વક કહેલ છે. કાળચક્રના બાર આરાનું સ્વરૂપ ખૂબ વિસ્તારથી કહેલ છે.

देविंदणयं विज्जाणंदमयं, धम्मकित्तिकुलभवणं ।
नमिऊण जिणं वुच्छं, कालसरूवं जहासुत्तं ॥ १ ॥

અર્થ :—દેવેંદ્રોએ નમેલા, જ્ઞાન અને આનંદમય તથા ક્ષમાદિ ધર્મ અને કીર્તિના ઉત્તમ સ્થાન સમાન શ્રી જિનેશ્વરને નમસ્કાર કરીને સુષમસુષમાદિ કાળનું સ્વરૂપ સૂત્રમાં કહ્યા મુજબ હું કહીશ.

ભાવાર્થ :- સુષમસુષમ, સુષમ, સુષમદુષમ, દુષમસુષમ, દુષમ અને દુષમદુષમ આ ૬ આરાની ૧ ઉત્સર્પિણી તથા ઉલ્ટાક્રમે આ ૬ આરાની ૧ અવસર્પિણી એ રીતે ૧૨ આરામય કાળચક્ર જાણવું.

सुहुमद्धायरदसकोडि-कोडि छअराऽवसप्पिणुसप्पिणी ।
ता दुन्नि कालचक्कं, वीसायरकोडिकोडीओ ॥ २ ॥


અર્થ :—સૂક્ષ્મઅદ્ધા સાગરોપમના દશ કોડાકોડી સાગરોપમે છ આરા અવસર્પિણીના થાય, તેમજ દશ કોડાકોડી સાગરોપમે છ આરા ઉત્સર્પિણીના થાય, તે બે મળીને વીશ કોડાકોડી સાગરોપમે એક કાળચક્ર થાય.

ભાવાર્થ :-છ પ્રકારના સાગરોપમ છે. તેમાંથી આ સૂક્ષ્મ-અદ્ધા એક પ્રકાર છે.

પલ્યોપમનું સ્વરૂપ :-

मुंडियइगाइसगदिण-कुरूनरकेसचिअमनिलजल गणिणो ।
अविसयमुसेहजोयण-पिहुच्च पल्लमिह पलिओमं ॥ ३ ॥

અર્થ :—દેવકુરૂ અને ઉત્તરકુરૂ ક્ષેત્રના મુંડિત કરેલા યુગલિકના એકથી સાત દિવસના ઉગેલા વાળથી ઠાંસીને ભરેલો, વાયુ, જળ અને અગ્નિથી વિનાશ ન થાય




એવો, ઉત્સેધ અંગુલથી એક યોજન પ્રમાણનો પહોળો, લાંબો અને ઊંચો, પ્યાલા જેવા આકારવાળો પલ્યોપમ કહેવાય.

ભાવાર્થ :—ઉત્સેધાંગુલ, પ્રમાણાંગુલ અને આત્માંગુલ એમ ત્રણ પ્રકારના અંગુલ છે. તેમાંથી અહીં ઉત્સેધાંગુલથી પ્રમાણ લેવાનું છે.

(૧) ઉત્સેધ અંગુલ :—

આઠ યવમધ્ય પ્રમાણ એક ઉત્સેધ આંગળ થાય.

ઘનવૃત્ત પ્યાલો.
પલ્યોપમના માપ માટે



(૨) પ્રમાણ અંગુલ :—

એક ઉત્સેધ આંગળથી ચારસો ગણો લાંબો અને અઢી ગણો જાડો એક પ્રમાણ અંગુલ થાય.

(૩) આત્માંગુલ :—

જે કાળે જે મનુષ્યો પોતાના આંગળના માપે એકસો ને આઠ આંગળ ઊંચા હોય, એવાઓનું આંગળ આત્માંગુલ કહેવાય.

છ પ્રકારના પલ્યોપમનું સ્વરૂપ :—

पज्जथूलकुत्तणुतणुसम, असंखदलकेसहरसुहुमथूले ।
अध्धुद्धारे खित्ते पएस वाससय-समय-समया ॥ ४ ॥

અર્થ :—પર્યાપ્ત બાદર પૃથ્વીકાયના જઘન્ય શરીર સમાન એવા અસંખ્યાત કલ્પેલા કેશખંડને સો સો વર્ષે કાઢતાં જ્યારે તે પ્યાલો ખાલી થાય, ત્યારે સૂક્ષ્મ અને બાદર અદ્ધા પલ્યોપમ થાય સમયે સમયે એક એક ખંડ કાઢતાં સૂક્ષ્મ અને બાદર ઉદ્ધાર પલ્યોપમ થાય. સ્પૃષ્ટ વાલાગ્રે સ્પર્શેલા તથા સ્પૃષ્ટ અને અસ્પૃષ્ટ વાલાગ્રે સ્પર્શેલા અને નહીં સ્પર્શેલા બધા આકાશપ્રદેશને કાઢતાં અનુક્રમે બાદર તથા સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમ થાય.

ભાવાર્થ :— આનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે.

(૧) સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ :— દેવકુરૂ અને ઉત્તરકુરૂના યુગલીયાના એકેક વાલાગ્રના પર્યાપ્ત બાદર પૃથ્વીકાયના જઘન્ય શરીર જેટલા અસંખ્યાત વાલાગ્ર કલ્પીને સો સો વર્ષે એકેક ખંડ પ્યાલામાંથી કાઢતા જ્યારે તે પ્યાલો ખાલી થાય ત્યારે સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ થાય. તેને સંપૂર્ણ ખાલી થતા અસંખ્યાત વર્ષ લાગે.

(૨) બાદર અદ્ધા પલ્યોપમ :— સો સો વર્ષે વાલાગ્રને અસંખ્યાતા કલ્પ્યા સિવાય કાઢીએ ત્યારે બાદર અદ્ધા પલ્યોપમ થાય. તેને સંપૂર્ણ ખાલી થતા સંખ્યાતા વર્ષ લાગે.

(૩) સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ :— અસંખ્યાતા ખંડ કલ્પીને સમયે સમયે એક એક ખંડ કાઢીએ ત્યારે સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ થાય. તેને સંપૂર્ણ ખાલી થતા સંખ્યાતા વર્ષ લાગે.

(૪) બાદર ઉદ્ધાર પલ્યોપમ :— સમયે સમયે વાલાગ્રને અસંખ્યાતા કલ્પ્યા સિવાય કાઢીએ ત્યારે બાદર ઉદ્ધાર પલ્યોપમ થાય. તે સંખ્યાતા સમયમાં ખાલી થઈ જાય.

(૫) બાદરક્ષેત્ર પલ્યોપમ :— અસંખ્યાત વાલાગ્ર કલ્પીને સ્પર્શેલા આકાશ-પ્રદેશને સમયે સમયે કાઢતાં પ્યાલો ખાલી થાય, ત્યારે બાદરક્ષેત્ર પલ્યોપમ થાય અને તેને ખાલી થતાં અસંખ્યાત ઉત્સર્પિણી અવસર્પિણી લાગે.

(૬) **સૂક્ષ્મક્ષેત્ર પલ્યોપમ :** વાલાગ્રે સ્પર્શેલા અને નહીં સ્પર્શેલા બધા આકાશ પ્રદેશને સમયે સમયે ક્ષાઢતાં ખ્યાલો ખાલી થાય ત્યારે સૂક્ષ્મક્ષેત્ર પલ્યોપમ થાય. તેને ખાલી થતાં અસંખ્યાત ઉત્સર્પિણી અવસર્પિણી લાગે પરંતુ બાદર કરતાં સૂક્ષ્મનું ક્ષાળ પ્રમાણ વિશેષ જાણવું. નિર્લેપકાળ ગાથા દ્વારા દર્શાવે છે :-

अस्संख संखवासा, असंखुसप्पिणि कमा सुहुममाणं ।
थूलाण संखवासा, संखसमयुसप्पिणि असंखा ॥ ५ ॥

અર્થ :- સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમનો નિર્લેપ (ખ્યાલો ખાલી થવાનો) ક્ષાળ અસંખ્યાત વર્ષનો, સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમનો નિર્લેપકાળ સંખ્યાત વર્ષનો અને સૂક્ષ્મ-ક્ષેત્ર પલ્યોપમનો નિર્લેપકાળ અસંખ્યાત ઉત્સર્પિણીનો છે. અનુક્રમે ત્રણે પ્રકારના સૂક્ષ્મનું આ માન કહ્યું, હવે બાદર અદ્ધા પલ્યોપમનો નિર્લેપકાળ સંખ્યાતા વર્ષનો, બાદર ઉદ્ધાર પલ્યોપમનો નિર્લેપકાળ સંખ્યાત સમયનો અને બાદરક્ષેત્ર પલ્યોપમનો નિર્લેપકાળ અસંખ્ય ઉત્સર્પિણી છે.

कालाउगाइ अद्धा, दीवादुद्धारि खित्त पुढवाई ।
सुहुमेण मिणसु दसकोडिकोडिपलिएहिं अयरं तु ॥ ६ ॥

અર્થ :- અવસર્પિણ્યાદિ સ્વરૂપકાળ અને દેવ, મનુષ્ય, તિર્યંચ, નારકીના આયુષ્ય તથા ભવસ્થિત્યાદિ **સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમથી અપાય,** દ્વીપ, સમુદ્ર વિગેરે **સૂક્ષ્મઉદ્ધાર પલ્યોપમે** તથા પૃથિવ્યાદિ જીવો **સૂક્ષ્મક્ષેત્ર પલ્યોપમથી અપાય.**

ત્રણે પ્રકારના દશ કોડાકોડી પલ્યોપમથી ત્રણે પ્રકારના સાગરોપમ થાય.

ભાવાર્થ :- ૧૦ કોડાકોડી પલ્યોપમ = ૧ સાગરોપમ.

સર્વત્ર ઉપયોગમાં સૂક્ષ્મ-પલ્યોપમ સાગરોપમ જ લેવું. બાદર તો માત્ર સૂક્ષ્મને સમજવા બતાવેલ છે.

છ આરાના નામ :-

सुसमसुसमा य सुसमा, सुसमदुसमा य दुसमसुसमा य ।
दुसमा य दुसमदुसमा-वसप्पिणुसप्पिणुक्कमओ ॥७॥

અર્થ :-(૧) સુષમસુષમા (૨) સુષમા (૩) સુષમદુષમા (૪) દુષમસુષમા (૫) દુષમા (૬) દુષમ દુષમા આ નામ અવસર્પિણીના છ આરાના જાણવા. તેનાથી ઉત્ક્રમે ઉત્સર્પિણીના છ આરાના નામ જાણવા.

૭ પ્રકારના પલ્યોપમનું સ્વરૂપ

ક્રમ	૭ પલ્યોપમના નામ	નિર્દેશ/કાળ	ઉદ્ધાર	ઉપયોગ
૧	બાદર અદ્ધા પલ્યોપમ	સંખ્યાતા વર્ષ	૧ યોજન પ્રમાણ રખાવામાંથી અસં.ખ્યાતા કરવા સિવાય ૧૦૦-૧૦૦ વર્ષે ૧-૧ વાલાગ્ર	સૂક્ષ્મ સમજવા માટે
૨	સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ	અસં.ખ્યાતા વર્ષ	અસં.ખ્યાતા કરીને ૧૦૦-૧૦૦ વર્ષે ૧-૧ વાલાગ્ર	અવસર્પિણ્યાદિ કાળ દેવ-મનુષ્ય-તિર્યંચ-નારકોના આયુષ્ય ભવસ્થિત્યાદિ
૩	બાદર ઉદ્ધાર પલ્યોપમ	સંખ્યાતા સમય	અસં.ખ્યાતા સમયે સમયે અસં.ખ્યાતા કરવા સિવાય સમયે ૧-૧ વાલાગ્ર	સૂક્ષ્મ સમજવા માટે
૪	સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ	સં.ખ્યાતા વર્ષ	અસં.ખ્યાતા-ઉત્સર્પિણી અસં.ખ્યાતા સમયે સમયે અસં.ખ્યાતા કરીને ૧-૧ વાલાગ્ર	દ્વીપ-સમુદ્ર-ગણના
૫	સૂક્ષ્મક્ષેત્ર પલ્યોપમ	અસં.ખ્યાતા-ઉત્સર્પિણી	સર્વઉત્કૃષ્ટ-અસંખ્યાત પ્રદેશે સમયે અસં.ખ્યાતા કરીને પાલાગ્રે	ક્ષેત્રફળ દ્વીપ/સમુદ્ર
૬	બાદરક્ષેત્ર પલ્યોપમ	સૂક્ષ્મક્ષેત્ર પલ્યોપમ	ક્ષેત્રપ્રદેશ ૧-૧ અપહરણે	ટાઢ મજ્ઝ સેમજ્ઝા
૭				

આરાનું કાળમાન :–

सागरकोडाकोडी, चउतिदुहगसमदुचत्तसहस्सूणा ।
वाससहसेगवीसा, इगवीस कमा य अरमाणं ॥ ८ ॥

અર્થ :–પહેલો આરો ચાર કોડાકોડી સાગરોપમનો, બીજો આરો ત્રણ કોડાકોડી સાગરોપમનો, ત્રીજો આરો બે કોડાકોડી સાગરોપમનો, ચોથો આરો બેંતાલીશ હજાર વર્ષ ન્યૂન એક કોડાકોડી સાગરોપમનો, પાંચમો આરો એકવીશ હજાર વર્ષનો અને છઠ્ઠો આરો એકવીશ હજાર વર્ષનો જાણવો. આ પ્રમાણે છ આરાનું માન જાણવું.

યુગલિકોનું ત્રણ આરામાં શરીર અને આહાર પ્રમાણ :–

इह तिदुइगकोसुच्चा, तिदुईगपलिआउ अरतिगम्मि कमा ।
तूअरिबोरामलमाण–भोअणा तिदुइगदिणेहिं ॥ ९ ॥

અર્થ :–ભરતક્ષેત્રમાં પહેલા ત્રણે આરાના પ્રારંભમાં અનુક્રમે યુગલીયાનું શરીર ત્રણ, બે અને એક ગાઉનું છે. આયુષ્ય અનુક્રમે ત્રણ, બે અને એક પલ્યોપમનું છે તે જ પ્રમાણે ત્રણ, બે અને એક દિવસે તુવેર, બોર અને આમળા પ્રમાણ ભોજન લે છે.

ભાવાર્થ :–ભરત ક્ષેત્રમાં

	શરીર	આયુષ્ય	આહાર
૧ લો આરો	૩ ગાઉ	૩ પલ્યો.	૩ દિવસને આંતરે તુવેર પ્રમાણ
૨ જો આરો	૨ ગાઉ	૨ પલ્યો	બે દિવસને આંતરે બોર જેટલો
૩ જો આરો	૧ ગાઉ	૧ પલ્યો	એક દિવસને આંતરે આમળા જેટલો.

तह दुछवन्नाअडवीस सयगुचउसट्ठिपिट्ठयकरंडा ।
गुणवन्ना चउसट्ठी, गुणसीदिणपालणा य नरा ॥ १० ॥

અર્થ :–પહેલા ત્રણ આરામાં અનુક્રમે બસો છપ્પન, એકસોઅઠ્ઠાવીસ અને ચોસઠ પૃષ્ઠ કરંડક–વાંસાની પાંસળીઓ અનુક્રમે હોય છે. અને અપત્યપાલના ઓગણપચાસ, ચોસઠ અને ઓગણએંશી દિવસની છે.

ભાવાર્થ :

આરા	પૃષ્ઠ કરંડક	અપત્યપાલના
૧ લો આરો	૨૫૬	૪૯
૨ જો આરો	૧૨૮	૬૪
૩ જો આરો	૬૪	૭૯

ક્રમ	નામ	પ્રમાણ	યુગલિકનું શરીર	આયુષ્ય	આહારનું પ્રમાણ	પાંસળી	અપત્યપાલના
૧	સુષમસુષમ	૪ કોડાકોડી સાગરોપમ	ત્રણ ગાઉ	૩ પલ્યોપમ	ત્રણ દિવસને આંતરે કુવેરના દાણા જેટલો	૨૫૬	૪૯ દિવસ
૨	સુષમ	૩ કોડાકોડી સાગરોપમ	બે ગાઉ	૨ પલ્યોપમ	બે દિવસને આંતરે બોર જેટલો	૧૨૮	૬૪ દિવસ
૩	સુષમદુષમ	૨ કોડાકોડી સાગરોપમ	એક ગાઉ	૧ પલ્યોપમ	એક દિવસને આંતરે આમળા જેટલો	૬૪	૭૯ દિવસ
૪	દુષમસુષમ	૪૨ હજાર વર્ષ ન્યૂન ૧ કોડાકોડી-સાગરોપમ	મનુષ્યો (૫૦૦ ધનુષ્ય)	(૧ ક્રોડ પૂર્વ)	—	—	—
૫	દુષમ	૨૧ હજાર વર્ષ	(૭ હાથ)	(૧૩૦ વર્ષ)	—	—	—
૬	દુષમદુષમ	૨૧ હજાર વર્ષ	(બે હાથ)	(૨૦ વર્ષ)	(મત્સ્યનો)	—	—

અપત્યપાલના=યુગલિકના માતા-પિતા એટલા દિવસ પ્રતિપાલના કરે છે ત્યાર પછી તેઓ સ્વયં રક્ષણ કરનારા થઈ જાય છે.

अवि सव्वजीवजुअला, निअसमहीणाउ सुरगई तह य ।
थोवकसाया नवरं, सव्वारयथलयराउमिणं ॥ ११ ॥

અર્થ :–સર્વ યુગલીયા જીવો પોતાની સમાન આયુષ્યવાળા અથવા હીન આયુષ્યવાળા દેવ-ગતિમાં ઉત્પન્ન થાય છે, તથા તે અલ્પ કષાયવાળા હોય છે.

ભાવાર્થ :–યુગલીયા જીવો પોતાનાથી અધિક આયુષ્યવાળા દેવોની ગતિમાં ઉત્પન્ન થતા નથી.

સ્થલચર જીવોનું આયુષ્ય :–

मणुआउसम गयाई, चउरंस हया अजाइ अट्ठंसा ।
गोमहिसुट्टखराई, पणंस साणाइ दसमंसा ॥१२॥

અર્થ :–છએ આરામાં મનુષ્યનું જે આયુષ્ય હોય તેટલું જ આયુષ્ય હાથી, સિંહ અને અષ્ટાપદ વિગેરેનું હોય મનુષ્યના આયુષ્યને ચોથે ભાગે અશ્વ, ખચર વિગેરેનું આયુષ્ય હોય, મનુષ્યના આયુષ્યને પાંચમે ભાગે બળદ, પાડા, ઊંટ અને ગધેડા વિગેરેનું આયુષ્ય હોય તથા મનુષ્યના આયુષ્યને દશમે ભાગે કૂતરા, વરૂ, ચિત્રા વિગેરેનું આયુષ્ય હોય છે.

ભાવાર્થ :–આ ચતુષ્પદ પહેલા ત્રણે આરામાં યુગલિક હોય છે.

ઉરઃપરિસર્પ, ભુજ પરિસર્પ તથા ખેચરનું આયુષ્ય તથા શરીર :–

उरभुअग पुव्वकोडी, पलिआसंखंस खयर पढमारे ।
कोसपुहुत्तं भुअगा, उरगा जोअणसहस्स तणू ॥१३॥

અર્થ :—પહેલા આરામાં ઉરઃપરિસર્પ એટલે સામાન્ય સર્પ, ભુજપરિસર્પ એટલે ગોધા, નોળીયા વિગેરે પૂર્વકોટિ વર્ષના આયુષ્યવાળા હોય છે, ખેચર એટલે પક્ષીઓનું આયુષ્ય પલ્યોપમના અસંખ્યાતમાં ભાગ જેટલું (અસંખ્યાતા વર્ષનું) તથા ભુજપરિસર્પનું શરીર ગાઉપૃથક્ત્વ (બે થી નવ ગાઉ સુધીનું), ઉરઃપરિસર્પનું શરીર એક હજાર યોજનનું હોય છે.

ભાવાર્થ :—આમાં ખેચર જ યુગલિક હોય છે, કારણ કે સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા યુગલિક હોતા નથી.

पक्खीसु धणुपुहुत्तं, गयाइ छक्कोस छट्ठमाहारो ।
तो कमहाणिविसेसो, नेओ सेसारएसु सुआ ॥ १४ ॥

અર્થ :— પહેલા આરામાં પક્ષીઓનું શરીર ધનુષપૃથક્ત્વ (૨ થી ૯ ધનુષ) હાથી વિગેરેનું છ ગાઉનું હોય છે તે બધા પહેલા આરાના પ્રારંભમાં છઠ્ઠને આંતરે આહાર કરે છે ત્યાર પછી બાકીના આરામાં ક્રમશઃ આયુષ્ય, દેહમાન, આહારાંતર વિગેરેની હાનિ થાય છે તે અન્ય સૂત્રથી જાણી લેવું.

ભાવાર્થ :—૧ ત્રણે આરામાં મનુષ્ય કરતાં બમણું, છ, ચાર, અને બે ગાઉનું શરીર ચતુષ્પદનું હોય છે.

૨ પહેલા આરામાં બે દિવસને આંતરે, બીજા આરામાં એક દિવસને આંતરે અને ત્રીજા આરામાં દરરોજ તિર્યંચ યુગલિકને આહાર હોય છે.

દશ પ્રકારના કલ્પવૃક્ષો :—

પાणं[૧] भायण[૨] पिज्जण[૩], रविपह[૪] दिहपह[૫] कुसुम[૬] आहारो[૭] ।
भूसण[૮] गिह[૯] वत्थासण[૧૦], कप्पदुमा दसविहा दिंति ॥ १५ ॥
ते मत्तंगा[૧] भिंगा[૨], तुडिअंगा[૩] जोइ[૪] दीव[૫] चित्तंगा[૬] ।
चितरसा[૭] मणिअंगा[૮], गेहागारा[૯] अणिअया[૧૦] (णा) य ॥ १६ ॥

અર્થ :—દશ પ્રકારના કલ્પવૃક્ષો યુગલીયા મનુષ્યને દસ વસ્તુ આપે છે :

(૧) **મત્ત ંગ** નામના કલ્પવૃક્ષો દ્રાક્ષાદિના પાણી વિગેરે પીવાની વસ્તુ આપે છે.

(૨) **ભૃંગ** નામના કલ્પવૃક્ષો સુવર્ણના થાળ, વાટકા વિગેરે ભાજનો આપે છે.

(૩) **ત્રુટિતાંગ** નામના કલ્પવૃક્ષો વાજિંત્ર સહિત બત્રીસ પાત્રબદ્ધ નાટક વિગેરે દેખાડે છે.

(૪) **જ્યોતિરંગ** નામના કલ્પવૃક્ષો રાત્રે પણ સૂર્યના ઉદ્યોત જેવી પ્રભાને પ્રગટ કરે છે.

(૫) **દીપાંગ** નામના કલ્પવૃક્ષો ઘરની અંદર દીવા જેવી પ્રભાને પ્રગટ કરે છે.

(૬) **ચિત્રાંગ** નામના કલ્પવૃક્ષો વિચિત્ર જાતિના પંચવર્ણના સુગંધી પુષ્પો તથા માળા વિગેરે આપે છે.

(૭) **ચિત્તરસ** નામના કલ્પવૃક્ષો મનોહર ષડ્રસ મિષ્ટાન્નાદિ આહાર આપે છે.

(૮) **મણ્યંગ** નામના કલ્પવૃક્ષો મણિ, મુગટ, કુંડળ, કેયૂર વિગેરે આભૂષણો આપે છે.

(૯) **ગેહાકાર** નામના કલ્પવૃક્ષો વિચિત્ર પ્રકારની ચિત્રશાળા વિગેરે સહિત સાત, પાંચ, અને ત્રણ માળના ઘરો આપે છે.

(૧૦) **અનગ્ન** નામના કલ્પવૃક્ષો નાના પ્રકારનાં વસ્ત્રો, ભદ્રાસન વિગેરે આસનો તથા શય્યા વિગેરે આપે છે.

तइआरे पलिओवम-अडंसि सेसंमि कुलगरुप्पत्ती ।
जम्मद्धभरहमज्झिम-तिभागनइसिंधुगंगंतो ॥ १७ ॥

ત્રીજા આરામાં પલ્યોપમનો આઠમો ભાગ બાકી રહે, ત્યારે કુલકરની ઉત્પત્તિ થાય છે. દક્ષિણાર્ધ ભરતક્ષેત્રના મધ્યના ત્રીજા ભાગમાં સિંધુ અને ગંગાનદીની વચ્ચે તેમનો જન્મ થાય છે.

पलिओवमदसमंसो, पढमस्साऊ तओ कमेणूणा ।
पंचसु असंखपुव्वा, पुव्वा नाभिस्स संखिज्जा ॥ १८ ॥

અર્થ :—પહેલા વિમલવાહન નામના કુલકરનું આયુષ્ય પલ્યોપમના દશમા ભાગ જેટલું હોય છે. બીજા, ત્રીજા, ચોથા, પાંચમા અને છઠ્ઠા કુલકરનું આયુષ્ય અસંખ્યાતા પૂર્વોનું જાણવું પણ અનુક્રમે ઓછું ઓછું સમજવું, તથા સાતમા નાભિકુલકરનું આયુષ્ય સંખ્યાતા પૂર્વનું (ક્રોડપૂર્વનું) જાણવું.

पढमंसो कुमरत्ते, चरिमदसंसो अ वुड्ढभावंमि ।
मज्झिल्लद्वदसंसेसु, जाण कालं कुलगराणं ॥ १९ ॥

અર્થ :—સર્વે કુલકરોના પોતપોતાના આયુષ્યના દશ દશ ભાગ કરવા. તેમાં પહેલો દશમો ભાગ કુમારપણામાં અને છેલ્લો દશમો ભાગ વૃદ્ધપણામાં તથા મધ્યમના આઠ દશાંશ કુલકરપણાનો કાળ જાણવો.

धणुसयनवअडसगसड्ढ छ छसड्ढपणपणपणीसुच्चा ।
कुलगरपियाऽवि कुलगर-समाउदेहा पिअंगुनिभा ॥ २० ॥

અર્થ :—પહેલા વિમલવાહન કુલકરનું દેહમાન નવસો ધનુષ, બીજા ચક્ષુષ્માનનું આઠસો ધનુષ, ત્રીજા યશસ્વંત કુલકરનું સાતસો ધનુષ, ચોથા અભિચંદ્ર કુલકરનું સાડા છસો ધનુષ, પાંચમા પ્રસેનજિત કુલકરનું છ સો ધનુષ, છઠ્ઠા મરૂદેવ કુલકરનું સાડા પાંચસો ધનુષ અને સાતમા નાભિકુલકરનું દેહમાન પાંચસો પચીસ ધનુષનું જાણવું. તથા કુલકરની પ્રિયાઓ પણ કુલકરની સમાન આયુષ્ય તથા ઊંચાઈવાળી હોય છે અને પ્રિયંગુ જેવી શ્યામ વર્ણવાળી હોય છે.

सविमलवाहणचक्खुमजसमं, अभिचंदओ पसेणइआ ।
मारुदेव नाभिकुलगर, तियअरगंते उसहभरहो ॥ २१ ॥

અર્થ :—વિમલવાહન, ચક્ષુષ્માન, યશસ્વંત, અભિચંદ્ર, પ્રસેનજિત્, મરૂદેવ અને નાભિકુલકર એમ સાત કુલકર થયા પછી ત્રીજા આરાને છેડે પ્રથમ તીર્થંકર ઋષભદેવ અને ભરત ચક્રવર્તીનો જન્મ થયો.

ભાવાર્થ :–ચોરાશી લાખ પૂર્વ અને નેવ્યાશી પખવાડીયા ત્રીજા આરાના બાકી રહ્યા ત્યારે ઋષભદેવ પ્રથમ તીર્થંકરનો જન્મ થયો અને ત્રીજા આરાના અડોતેર લાખ પૂર્વ અને નેવ્યાશી પખવાડીયા બાકી રહ્યા ત્યારે ભરતનામના પહેલા ચક્રવર્તીનો જન્મ થયો. (ઋષભદેવના જન્મ પછી છ લાખ પૂર્વે ભરત ચક્રવર્તી જન્મ્યા.)

चउत्थे अजिआइजिणा, तेवीस इगार चक्कि तहिं सगरो ।
मघव सणंकुमर संती, कुंथु अर सुभूम महपउमा हरिसेणजओ बंभुत्ति ॥२२॥

અર્થ :— ચોથા આરામાં અનુક્રમે અજિતાદિ ત્રેવીશ તીર્થંકર તથા અગ્યાર ચક્રવર્તી થયા તે અનુક્રમે સગર, મઘવ, સનત્કુમાર, શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ, સુભૂમ અને મહાપદ્મ તથા હરિષેણ, જય અને બ્રહ્મદત્ત નામના ચક્રવર્તી થયા.

ભાવાર્થ :— ચોથા આરાના પચાસ લાખ કરોડ સાગરોપમ ગયા પછી અજિતાદિ ત્રેવીશ તીર્થંકરો થયા.

ચક્રવર્તી		કયા ભગવાનના વખતે
સગર		અજિતનાથ
મઘવા	}	ધર્મનાથ અને શાંતિનાથની વચ્ચે
સનત્કુમાર	}	
શાંતિનાથ		તીર્થંકરના ભવમાં
કુંથુનાથ		તીર્થંકરના ભવમાં
અરનાથ		તીર્થંકરના ભવમાં
સુભૂમ		અરનાથ અને મલ્લિનાથના આંતરામાં
મહાપદ્મ		મુનિસુવ્રત અને નમિનાથના આંતરામાં
હરિષેણ		નમિનાથ અને નેમિનાથના આંતરામાં
જય		નમિનાથ અને નેમિનાથના આંતરામાં
બ્રહ્મદત્ત		નેમિનાથ અને પાર્શ્વનાથના આંતરામાં

नव बला अयल विजय भद्दा य ।
सुप्पह सुदंसणाणंद, नंदणा रामबल भद्दा ॥ २३ ॥

અર્થ :— હવે નવ બળભદ્રના નામ આ પ્રમાણે છે :–

અચળ, વિજય, ભદ્ર, સુપ્રભ, સુદર્શન, આણંદ, નંદન, રામચંદ્ર અને બળભદ્ર.

विण्हु तिविट्ठ दुविट्ठू य, सयंभु पुरिसुत्तमे पुरिससीहे ।
तह पुरिसपुंडरीए, दत्ते लक्खमण कण्हे अ ॥ २४ ॥

અર્થ :—નવ વાસુદેવ આ પ્રમાણે છે. ત્રિપૃષ્ઠ, દ્વિપૃષ્ઠ, સ્વયંભૂ, પુરુષોત્તમ, પુરૂષસિંહ, પુરુષપુંડરીક, દત્ત, લક્ષ્મણ અને નવમા કૃષ્ણ વાસુદેવ.

आसग्गीवे तारय, मेरय महुकेटभे निसुंभे अ ।
बली पहराए रावण, जरसिंधू नव पडिहरि त्ति ॥ २५ ॥

અર્થ :—નવ પ્રતિવાસુદેવ આ પ્રમાણે થયા છે–

અશ્વગ્રીવ, તારક, મેરક, મધુકૈટભ, નિશુંભ, બલિ પ્રહ્લાદ, રાવણ અને જરાસંધ.

બળદેવ	વાસુદેવ	પ્રતિવાસુદેવ	કયા પ્રભુના સમયે
અચલ	ત્રિપૃષ્ઠ	અશ્વગ્રીવ	શ્રેયાંસનાથ
વિજય	દ્વિપૃષ્ઠ	તારક	વાસુપૂજ્ય
ભદ્ર	સ્વયંભૂ	મેરક	વિમલનાથ
સુપ્રભ	પુરૂષોત્તમ	મધુકૈટભ	અનંતનાથ
સુદર્શન	પુરૂષસિંહ	નિશુંભ	ધર્મનાથ
આણંદ નંદન	પુરૂષ પુંડરિક દત્ત	બલિ પ્રહ્લાદ	અરનાથના અને મલ્લિનાથના આંતરામાં
રામચંદ્ર	લક્ષ્મણ	રાવણ	મુનિસુવ્રતસ્વામિ અને નમિનાથના આંતરામાં
બળભદ્ર	કૃષ્ણ	જરાસંધ	નેમિનાથ

एवं जिणचउवीसं, चक्की बार नव बल हरी तयरी ।
नव नारएहिं बिसयरि, सिलागपुरिसा तह इहाई ॥ २६ ॥
नर पुव्वकोडिआऊ, पंचसय धणुच्च सनयववहारा ।
पुव्वं च वासकोडी, सत्तरिलक्खा छपनसहसा ॥ २७ ॥

અર્થ :–આ પ્રમાણે ચોવીશ તીર્થંકરો, બાર ચક્રવર્તી, નવ બળદેવ, નવ વાસુદેવ, નવ પ્રતિવાસુદેવ તથા નવ નારદ એ સર્વ મળીને બહોંતેર શલાકાપુરુષ જાણવા.

ઋષભદેવ પ્રભુના સમયમાં મનુષ્યોનું આયુષ્ય પૂર્વ કોટિ વર્ષનું, શરીરની ઊંચાઈ પાંચસો ધનુષ, નીતિવાન અને ખેતી તથા વેપાર કરનારા હોય છે.

અહીં પૂર્વનું પ્રમાણ કહે છે–૭૦ લાખ, ૫૬ હજાર કરોડ વર્ષનું એક પૂર્વ થાય છે.

ભાવાર્થ:-(૧) દરેક વાસુદેવના વખતમાં એકેક નારદ થાય છે. તે સ્વર્ગે કે મોક્ષે જાય છે.

(૨) અન્યત્ર અગ્યાર રૂદ્ર સહિત ૮૩ શલાકાપુરુષ કહ્યા છે.

શલાકાપુરુષ:--જેઓએ મોક્ષમાં શલાકા–સળી ફેંકી છે અર્થાત્ જેઓ અવશ્ય મોક્ષમાં જવાના છે તે શલાકાપુરુષ કહેવાય છે.

(તીર્થંકરો સર્વે તથા ચક્રવર્તી કોઈ કોઇ તદ્ભવે જ મોક્ષે જનારા હોય છે. બીજા ત્યાર પછીના ગમે તે ભવે મોક્ષે જનારા હોય છે.)

अट्ठजवमज्झमुस्सेह–मंगुलं ते उ हत्थि चउवीसं ।
चउकरधणुदु सहस–कोसो कोसचउ जोयणयं ॥ २८ ॥

અર્થ:– આઠ યવમધ્યનું એક ઉત્સેધ અંગુલ, ચોવીસ ઉત્સેધ અંગુલનો એક હાથ, ચાર હાથનું એક ધનુષ, બે હજાર ધનુષનો એક ગાઉ તથા ચાર ગાઉનો એક યોજન થાય છે.

કુલકરની નીતિ :-

દુ દુ તિગ કુલગરનીઈ,હમધિક્કારા તઓ વિમાસાઈ ।
ચઉહા સામાઈયા, બહુહા લેહાઇવવહારો ॥ ૨૯ ॥

અર્થ:– પહેલા અને બીજા એ બે કુલકરના સમયમાં 'હા'કાર નીતિ, ત્રીજા અને ચોથા કુલકરના સમયે 'મા' નામની નીતિ અને પાંચમા, છઠ્ઠા તથા સાતમા કુલકરના સમયે 'ધિક્કાર' નામની નીતિ પ્રવર્તી, ત્યારપછી જુદી જુદી જાતની નીતિ પ્રવર્તી,

ભરત ચક્રવર્તીને સમયે શામ, દામ, ભેદ અને દંડ એ ચાર પ્રકારની નીતિ પ્રવર્તી તથા ઘણા પ્રકારનો લેખાદિ વ્યવહાર પ્રવર્ત્યો.

गुणनवइ पक्खसेसे, इह वीरो निव्वुओ चउत्थारे ।
उस्सप्पिणितइयारे, गए उ एवं पउमजम्मो ॥ ३० ॥

અર્થ: આ અવસર્પિણીના ચોથા આરાના નેવ્યાશી પખવાડીયા બાકી રહ્યા ત્યારે મહાવીરસ્વામી નિર્વાણ પામ્યા. એ જ પ્રમાણે આવતી ઉત્સર્પિણીના ત્રીજા આરાના નેવ્યાશી પખવાડીયા જશે ત્યારે પદ્મનાભનો જન્મ થશે.

कालदुगे तिचउत्था–रगेसु एगूणनवइपक्खेसु ।
सेस गएसु सिज्झंति, हुंति पढमंतिमजिणिंदा ॥ ३१ ॥

અવસર્પિણી અને ઉત્સર્પિણીરૂપ બે કાળને વિષે અનુક્રમે ત્રીજા અને ચોથા આરાના નેવ્યાશી પખવાડીયા શેષ રહે ત્યારે અને વ્યતીત થાય ત્યારે પહેલા અને છેલ્લા તીર્થંકર સિદ્ધ થાય અને ઉત્પન્ન થાય.

ભાવાર્થ :- અવસર્પિણીમાં ત્રીજા આરાના નેવ્યાશી પખવાડીયા બાકી રહે ત્યારે પહેલા તીર્થંકર સિદ્ધ થાય અને ચોથા આરાના નેવ્યાશી પખવાડીયા બાકી રહે ત્યારે છેલ્લા તીર્થંકર સિદ્ધ થાય, તે જ પ્રમાણે ઉત્સર્પિણીમાં ત્રીજા આરાના નેવ્યાશી પખવાડીયા જાય ત્યારે પહેલા જિનેશ્વરનો જન્મ થાય અને ચોથા આરાના નેવ્યાશી પખવાડીયા જાય ત્યારે છેલ્લા જિનેશ્વરનો જન્મ થાય.

(અહીં જન્મનો અર્થ ચ્યવન સમજવો.)

वीरपउमंतरं पुण, चुलसी सहस सगवास पणमासा ।
पंचमअरयनरा सगकरूच्च वीससयबरिसाऊ ॥ ३२ ॥

અર્થ :- મહાવીર પરમાત્મા અને પદ્મનાભસ્વામીનું આંતરું ચોરાશી હજાર સાત વર્ષ અને પાંચ મહિનાનું છે.

પાંચમા આરાના પ્રારંભમાં મનુષ્યો સાત હાથ ઉંચા અને એકસો ને વીશ વર્ષના આયુષ્યવાળા હોય છે.

ભાવાર્થ :- અવસર્પિણીનો પાંચમો અને છઠ્ઠો આરો ૨૧૦૦૦-૨૧૦૦૦ વર્ષનો અને ઉત્સર્પિણીનો પહેલો અને બીજો આરો ૨૧૦૦૦-૨૧૦૦૦ વર્ષનો કુલ ૮૪૦૦૦ અને અવસર્પિણીના ચોથા આરાના છેલ્લા ૮૯ પક્ષ તથા ઉત્સર્પિણીના ત્રીજા આરાના પ્રારંભના ૮૯ પક્ષ એ સર્વ મળી ૮૪૦૦૦ ને ૭ વર્ષ અને ૫ માસ થાય છે.

सुहमाइ दुपसहंता, तेवीसुदएहिं चउजुअदुसहसा ।
जुगपवरगुरू तस्सम, इगारलक्खा सहस सोल ॥ ३३ ॥

અર્થ :- સુધર્માસ્વામીથી આરંભીને દુપ્પસહસૂરિ સુધી ત્રેવીશ ઉદયમાં બે હજાર ચાર યુગપ્રધાન આચાર્યો થશે. તથા તે યુગપ્રધાન જેવા અગ્યાર લાખ સોળ હજાર બીજા આચાર્યો થશે.

एगवयारि सुचरणा समयविऊ पभावगा य जुगपवरा ।
पावयणियाइदुतिगा-इवरगुणा जुगपहाणसमा ॥ ३४ ॥

અર્થ :- જે યુગપ્રધાન આચાર્ય થશે તે સર્વે એકાવતારી, ઉત્તમ ચારિત્રવાળા, સર્વ આગમના જાણકાર અને શાસનની પ્રભાવના કરનારા થશે. તથા જે યુગપ્રધાનના જેવા આચાર્યો થશે તે પ્રાવચનિકાદિ બે, ત્રણ આદિ શ્રેષ્ઠ પ્રભાવક ગુણ યુક્ત થશે.

પ્રભાવકના આઠ પ્રકાર :–

"पावयणी धम्मकही, वाई नेमित्तिओ तवस्सी य ।
विज्जा सिद्धो य कई, अट्ठेव पभावगा भणिया ॥"

"પ્રવચનને જાણનાર, ધર્મકથા કરનાર, વાદી, નિમિત્તને જાણનાર, તપસ્વી, વિદ્યાવાળા, મંત્રસિદ્ધિવાળા અને કવિ આ આઠ પ્રકારના પ્રભાવક કહ્યા છે."

बारवरिसेहिँ गोयमु, सिद्धो वीराउ वीसहिँ सुहम्मो ।
चउसट्ठीअे जंबू, वुच्छिन्ना तत्थ दस ठाणा ॥ ३५ ॥

અર્થ :– મહાવીરસ્વામીના નિર્વાણ પછી બાર વર્ષે ગૌતમસ્વામી, વીશ વર્ષે સુધર્માસ્વામી, ચોસઠ વર્ષે જંબૂસ્વામી સિદ્ધ થયા. તે વખતે દશ સ્થાનકો વિચ્છેદ પામ્યા.

તે દશ સ્થાનક :–

मणपरमोहि पुलाए, आहारगखवगउवसमे कप्पे ।
संजमतियकेवलिसि–ज्झणा य जंबुम्मि वुच्छिन्ना ॥ ३६ ॥

અર્થ :– મનઃપર્યવજ્ઞાન, પરમાવધિ, પુલાકલબ્ધિ, આહારકલબ્ધિ, ક્ષપકશ્રેણિ, ઉપશમશ્રેણિ, જિનકલ્પ સંયમત્રિક (પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત) કેવળજ્ઞાન અને સિદ્ધિ આ દશ સ્થાનો જંબૂસ્વામીના નિર્વાણ પછી વિચ્છેદ પામ્યા છે.

પુલાકલબ્ધિની શક્તિ–

"जिणसासणपडिणियं, चुन्निज्जा चक्कवट्टिसिन्नं पि ।
कुविओ मुणी महप्पा, पुलायलद्धीइ संपन्नो ॥"

"પુલાકલબ્ધિયુક્ત એવા મુનિ જો કોપ પામે તો જિનશાસનના શત્રુરૂપ ચક્રવર્ત્તીની સેનાને પણ ચૂરી નાંખે."

सिज्जंभवेण विहिअं, दसपालिय अट्ठनवइ वरिसेहिं ।
सत्तरिसएहिं थक्का, चउ पुव्वा भद्दबाहुम्मि ॥ ३७ ॥

અર્થ :—મહાવીરસ્વામીના નિર્વાણ પછી અઠ્ઠાણુ વર્ષે શય્યંભવસૂરિએ દશ વૈકાલિકસૂત્ર રચ્યું; તથા મહાવીરસ્વામીના નિર્વાણ પછી એકસોસીત્તેર વર્ષે છેલ્લા ચાર પૂર્વ ભદ્રબાહુસ્વામી સાથે અર્થથી વિચ્છેદ પામ્યા.

तुट्ठिसु थूलभद्दे, दोसयपनरेहिँ पुव्वअणुओगो ।
सुहुममहापाणाणि अ, आइमसंघयणसंठाणा ॥ ३८ ॥

અર્થ :—વીર પ્રભુના નિર્વાણ પછી બસોને પંદર વર્ષે શ્રી સ્થૂલભદ્રસ્વામી પછી

પૂર્વનો અનુયોગ (ચાર પૂર્વ) સૂક્ષ્મમહાપ્રાણ ધ્યાન, પહેલું સંઘયણ અને પહેલું સંસ્થાન વિચ્છેદ પામ્યા.

ભાવાર્થ :—સૂક્ષ્મમહાપ્રાણધ્યાન :-જે ધ્યાનથી અંતર્મુહૂર્ત્તમાં ચૌદ પૂર્વનું આનુપૂર્વી ને પશ્ચાનુપૂર્વીએ પરાવર્તન કરવાની શક્તિ પ્રાપ્ત થાય છે તે સૂક્ષ્મમહાપ્રાણધ્યાન કહેવાય છે.

पणचुलसीइसु वयरे, दस पुव्वा अद्धकीलिसंघयणं ।
छस्सोलोहिँ अ थक्का, दुब्बलिए सड्ढनव पुव्वा ॥ ३९ ॥

અર્થ :—વીર પ્રભુના નિર્વાણ પછી પાંચસો ચોરાશી વર્ષે વજ્રસ્વામીના સમયે દશપૂર્વ, અર્ધનારાચ અને કીલિકા સંઘયણ વિચ્છેદ પામ્યા તથા છસો ને સોળ વર્ષે દુર્બલિકાપુષ્પમિત્રના સમયે સાડાનવ પૂર્વ વિચ્છેદ પામ્યા.

ભાવાર્થ :—આ ગાથામાં સંઘયણ ચોથું અને પાંચમું કહેલ હોવાથી બીજું અને ત્રીજું સંઘયણ આની પહેલાં વિચ્છેદ થવું જોઇએ. તેનો વખત અહીં કહ્યો નથી.

छव्वाससएहिँ नवु-त्तरेहिँ सिद्धिं गयस्स वीरस्स ।
रहवीरपुरे नयरे, खमाणा पाखंडिआ जाया ॥ ४० ॥

અર્થ :—વીર પ્રભુ સિદ્ધ થયા પછી છસો ને નવ વર્ષ પછી રથવીરપુર નામના નગરમાં પાખંડી દિગંબર સાધુઓ થયા. (દિગંબર મત નીકળ્યો)

तेणउअनवसएहिं, समइक्कंतेहिं वद्धमाणाओ ।
पज्जोसवण चउत्थी, कालगसूरिहिँ तो ठविआ ॥ ४१ ॥

અર્થ :—વર્ધમાનસ્વામીના નિર્વાણ પછી નવસો ને ત્રાણુ વર્ષ પછી કાલિકસૂરિએ પર્યુષણા પર્વ ચોથને દિવસે સ્થાપન કર્યું.

वीरजिणा पुव्वगयं, सव्वं पि गयं सहस्सवरिसेहिं ।
सुक्कमुणिवेअजुत्ता, विक्कमकालाओ जिणकालो ॥ ४२ ॥

અર્થ :—વીર પ્રભુના નિર્વાણથી હજાર વર્ષ પછી પૂર્વમાં રહેલું સર્વ શ્રુત વિચ્છેદ પામ્યું. વીર પ્રભુના નિર્વાણથી ચારસો ને સીત્તેર વર્ષે વિક્રમ સંવત્સર પ્રવર્ત્યો.

तेरसएहिं वीरा, होहंति अणेगहा मइ (य) विभेआ ।
बंधंति जेहिं जीवा, बहुहा कम्माइमोहणियं ॥ ४३ ॥

અર્થ :—વીર પ્રભુના નિર્વાણથી તેરસો વર્ષે અનેક પ્રકારના મતિ (ત) ના ભેદો થયા. જે ભેદોથી જીવો ઘણા પ્રકારના સંદેહાદિ મોહનીય કર્મને બાંધશે.

वीरजिणा गुणवीसं, सएहिँ पण मास बार वरिसेहिं ।
चंडालकुले होही, पाडलिपुरि समणपडिकूलो ॥ ४४ ॥

અર્થ :—વીર પ્રભુના નિર્વાણથી ઓગણીસસો અને બાર વર્ષ તથા પાંચ માસ પછી પાટલીપુર નગરમાં ચંડાળના કુળમાં સાધુનો પ્રતિકૂળ (કલંકીનો જન્મ) થશે.

चित्तट्ठंमिविट्ठिभवो, कक्की रूद्दो चउम्मुह तिनामा ।
अट्ठारट्ठारसपन्नवरिस, सिसुदिसिविजयरज्जे ॥ ४५ ॥

અર્થ :—ચૈત્ર સુદિ આઠમને દિવસે વિષ્ટિમાં તેનો જન્મ થશે. તથા તે કલ્કી, રૂદ્ર અને ચતુર્મુખ એ પ્રમાણે ત્રણ નામવાળો થશે, અઢાર વર્ષ બાલ્યાવસ્થામાં, અઢાર વર્ષ દિગ્વિજયમાં અને પચાસ વર્ષ રાજ્યમાં નિર્ગમન કરશે. કુલ છ્યાશી વર્ષનું આયુષ્ય ભોગવશે.

तं मुणिभिक्खछलंसं, मग्गंत हणिय विप्परूव हरी ।
तस्सुअ दत्तं रज्जं, पइदिणचेइयकरं ठविही ॥ ४६ ॥

અર્થ :—મુનિઓ પાસેથી ભિક્ષાનો છઠ્ઠો ભાગ માગતા એવા તે કલ્કીને બ્રાહ્મણના રૂપને ધારણ કરીને ઇંદ્ર હણશે અને હંમેશા એક નવા ચૈત્યને કરનારા, તેના પુત્ર દત્તને રાજ્યમાં સ્થાપન કરશે.

गुणवीसा सोले हिय, गहियसोरट्ठखप्परकुरज्जे ।
सो काही बहुवच्छर-अपुज्जसित्तुंजओद्धारं ॥ ४७ ॥

અર્થ :—તે દત્તરાજા ઓગણીસસોને સોળ વર્ષે સૌરાષ્ટ્ર દેશનું રાજ્ય અને તુરુષ્કનું કુરાજ્ય ગ્રહણ કરીને ઘણા વર્ષો સુધી અપૂજ્ય રહેલા શત્રુંજયના ઉદ્ધારને કરશે. (આ ઉદ્ધારની ગણના કરવામાં આવી નથી.)

तस्सुअ जिणदत्ताई-निवा नमिस्संति पाडिवयमाई ।
तइया कहं पि होही, तह जाइसरोहिनाणाई ॥ ४८ ॥

અર્થ :—તે દત્ત રાજાના પુત્ર જિનદત્ત વિગેરે રાજાઓ પ્રાતિપદ વિગેરે આચાર્યોને વંદના કરશે. તે વખતે કોઇપણ પ્રકારે કોઈ કોઈ જીવને જાતિસ્મરણ અને અવધિજ્ઞાનાદિ થશે.

ભાવાર્થ :—૪૪ થી ૪૮ મી ગાથા સુધીમાં કહેલી હકીકત ઐતિહાસિક રીતે વિચારતાં દૃશ્ય જગતમાં બનેલી લાગતી નથી.

जिणभत्तनिवाउ इगारसलक्खसोलसहस्स होहिंति ।
इहयं वरिससऊणे-गवीससहसेहिं वीरजिणा ॥ ४९ ॥

અર્થ :—વીર પ્રભુના નિર્વાણ પછી અહીં સો વર્ષ ન્યૂન એકવીશ હજાર વર્ષ સુધીમાં અગ્યાર લાખ અને સોળહજાર રાજા, જિનેશ્વર ભગવંત પ્રત્યે ભક્તિવાળા થશે.

ભાવાર્થ :—અહીં સો વર્ષ ન્યૂન કહેવાનું કારણ સમજાતું નથી.

तह सग्गचुओ सूरी, दुप्पसहो साहुणी अ फग्गुसीरि ।
नाइल सड्ढो सड्ढी, सच्चसिरी अंतिमो संघो ॥ ५० ॥

અર્થ :—એકવીશ હજાર વર્ષના અંતે સ્વર્ગથી ચ્યવીને દુપ્પસહ આચાર્ય, ફલ્ગુશ્રી સાધ્વી, નાગિલ શ્રાવક અને સત્યશ્રી શ્રાવિકા આ પ્રમાણે છેલ્લો સંઘ થશે.

एगो साहू एगा य साहुणी सावओ य सड्ढी वा ।
आणाजुत्तो संघो, सेसो पुण अट्ठिसंघाओ ॥ ५१ ॥

અર્થ :—વીતરાગની આજ્ઞા સહિત એક સાધુ, એક સાધ્વી, એક શ્રાવક, એક શ્રાવિકા એ ચાર સંઘ કહેવાય છે. બાકીના આજ્ઞા રહિત હોય તે હાડકાનો સમૂહ કહેવાય છે.

ભાવાર્થ :—'आणाए धम्मो' આજ્ઞામાં જ ધર્મ છે. આજ્ઞા રહિતને શ્રેષ્ઠ ગુણોનો અભાવ હોય છે.

दसयालियजिअकप्पा-वस्सयअणुओगदारनंदिधरो ।
सययं इंदाइनओ, छट्ठुग्गतवो दुहत्थतणू ॥ ५२ ॥

અર્થ—દશવૈકાલિક, જિતકલ્પ, આવશ્યક, અનુયોગદ્વાર અને નંદી. આ પાંચ સૂત્રને ધારણ કરનાર તથા નિરંતર ઇન્દ્રાદિ દેવોએ નમેલા એવા તે આચાર્ય થશે. તથા ઉત્કૃષ્ટ છઠ્ઠનો તપ કરનાર અને બે હાથના શરીરવાળાં થશે.

गिहि वय गुरूत्त बारस, चउ चउ वरिसो कयट्ठमो अंते ।
सोहम्मि सागराऊ, होइ तओ सिज्झिही भरहे ॥ ५३ ॥

અર્થ :—તે દુપ્પસહસૂરિ ગૃહસ્થપણામાં બાર વર્ષ, સર્વ વિરતિપણામાં ચાર વર્ષ અને આચાર્ય પદમાં ચાર વર્ષ, એમ વીશ વર્ષનું આયુષ્ય પાળી, અંતે અઠ્ઠમના તપપૂર્વક અનશન કરી સૌધર્મદેવલોકમાં એક સાગરોપમના આયુષ્યવાળા દેવ થશે ત્યાંથી ચ્યવીને ભરતક્ષેત્રમાં સિદ્ધિપદને પામશે.

सुअसूरिसंघधम्मो, पुव्वण्हे छिज्जिही अगणि सायं ।
निवविमलवाहणो सुह-ममंति नयधम्ममज्झण्हे ॥ ५४ ॥

અર્થ :— શ્રુતજ્ઞાન, સૂરિ, સંઘ અને ધર્મ એ ચાર પહેલા પ્રહરે, વિમલવાહન રાજા, સુધર્મ મંત્રી અને નીતિધર્મ આ ત્રણ મધ્યાહ્ન સમયે તથા અગ્નિ સાયંકાળે વિચ્છેદ પામશે.

तो खारग्गिसंबिल विज्जुघणा सगदिणा पिहु कुपवणा ।
वरिसिय बहुरोगिजलं, काहिंति समं गिरिथलाइं ॥ ५५ ॥

અર્થ :- ત્યારપછી ક્ષારરસવાળા જળનો મેઘ, અગ્નિ જેવા જળનો મેઘ, વિષમિશ્રિત જળનો મેઘ, અમ્લરસવાળા જળનો મેઘ, વિદ્યુત્ મેઘ, એમ પાંચ પ્રકારના મેઘ, સાત સાત દિવસ-કુલ ૩૫ દિવસ જુદી જુદી વૃષ્ટિ કરશે-ખરાબ વાયુ વાશે, ઘણા રોગ ઉત્પન્ન કરે તેવું જળ વરસશે અને પર્વત તથા સ્થળ વિગેરેને સરખા કરશે.

इंगालछारमुम्मुर-हाहाभूया तणाइरहिय मही ।
होहिंति बीयमित्तं-वेयड्ढाइसु खगाई वि ॥ ५६ ॥

અર્થ :- અંગારા, રાખ અને ભારેલા અગ્નિ જેવી તથા હા દૈવ! હવે શું થશે? એ પ્રમાણે હાહાકારવાળી, તૃણાદિથી રહિત એવી પૃથ્વી થશે. તથા વૈતાઢ્ય પર્વતાદિના બીલોમાં પક્ષી આદિ પણ બીજમાત્ર રહેશે.

ભાવાર્થ :- અહીં (પક્ષી) આદિ શબ્દથી બીજ માત્ર પશુઓ પણ બીલોમાં રહેશે.

छट्ठअरे दुकरूच्चा, बीसं वरिसाउ मच्छयाहारा ।
बिलवासी कुगइगमा, कुवन्नरूवा नरा कूरा ॥ ५७ ॥

અર્થ :- છઠ્ઠા આરામાં મનુષ્યો બે હાથ ઉંચા શરીરવાળા, વીશ વર્ષના આયુષ્યવાળા, મત્સ્યનો આહાર કરનારા, ગંગા અને સિંધુ નદીના બિલમાં વસનારા, તિર્યંચ અને નરકરૂપ કુગતિમાં જનારા, ખરાબ વર્ણ અને રૂપવાળા તથા ક્રુર પ્રકૃતિવાળા થશે.

विल्लज्जा निघसणा, खरवयणापियसुआइठिइ रहिया ।
छवरिसगब्भा इत्थी, सुदुक्खपसवा बहुसुआ य ॥ ५८ ॥

અર્થ :- તે મનુષ્યો લજ્જા રહિત, વસ્ત્ર રહિત, કઠોર વચનવાળા, માતા-પિતા ભાઈ-બહેન અને પુત્ર-કલત્રાદિના સંબંધ વિનાના થશે. તથા સ્ત્રીઓ છ વરસની વયે ગર્ભ ધારણ કરનારી, અત્યંત દુઃખે પ્રસવ કરનારી અને ઘણા પુત્ર-પુત્રીવાળી થશે.

बहुमच्छचक्कवहगंग-सिंधुपासेसु नव नव बिलाइं ।
वेयड्ढोभयपासे, बिसयरि बहुरोगिनरढाणा ॥ ५९ ॥

અર્થ :- ઘણા મત્સ્યવાળી અને રથના ચક્ર જેટલા પ્રવાહવાળી ગંગા અને સિંધુ નદીની બન્ને બાજુએ, વૈતાઢ્યની ઉત્તર અને દક્ષિણ દિશાએ, ઘણા રોગી મનુષ્યના સ્થાનભૂત નવ નવ બિલો એટલે કુલ બોંતેર બિલોમાં મનુષ્યો રહેશે.

ભાવાર્થ :- વૈતાઢ્યની ઉત્તર દિશામાં ગંગા નદીના પૂર્વ પશ્ચિમ તરફ બે કાંઠામાં નવ નવ બિલ હોવાથી અઢાર બિલ, તે જ રીતે વૈતાઢ્યની દક્ષિણ દિશામાં અઢાર બિલ

હોવાથી છત્રીશ થયા, તે જ રીતે સિંધુનદીના ચારે તરફના છત્રીશ મળીને કુલ બહોંતેર બિલ થાય છે.

अग्गिमअराइमाणं, पुव्व अरंते इहं तु छट्ठंते ।
हत्थतणु सोलवरिसाउ, अन्नहुस्सप्पिणी नवरं ॥ ६० ॥

અર્થ :– ઉત્સર્પિણીના દરેક આરાનું આયુષ્ય, દેહાદિનું માન અવસર્પિણીના આરાની જેમ વ્યુત્ક્રમથી જાણવું. ઉત્સર્પિણીમાં આદિના આરામાં જે જે દેહ આયુષ્ય વિગેરેનું માન હોય, તે અવસર્પિણીના આરાના અંતે જાણવું. અવસર્પિણીના છઠ્ઠા આરાને અંતે એક હાથનું શરીર અને સોળ વર્ષનું આયુષ્ય હોય.

ભાવાર્થ :– અવસર્પિણીનો છઠ્ઠો આરો અને ઉત્સર્પિણીનો પહેલો આરો સમાન જાણવો. એ જ રીતે અવસર્પિણીના પાંચમા આરામાં આયુષ્ય દેહાદિનું માન હોય તેટલું ઉત્સર્પિણીના બીજા આરામાં હોય. આ રીતે ઉત્સર્પિણીમાં વિપરીત રીતે જાણવું.

पुक्खलखीरघयामय–रसमेहा वरिसिहंति पढमंते ।
भूसीयलन्ननेहो–सहिरसया सत्तसत्तदिणे ॥ ६१ ॥

અર્થ :– ઉત્સર્પિણીના પહેલા આરાના અંતે અને બીજા આરાના પ્રારંભમાં પુષ્કરાવર્તમેઘ, ખીરરસમેઘ, ઘૃતરસમેઘ, અમૃતરસમેઘ, રસમેઘ આ પાંચ પ્રકારના મેઘો અનુક્રમે સાત–સાત દિવસ વરસશે તે પૃથ્વીને શીતલ, અન્નવાળી, સ્નેહસહિત, ઔષધ-સહિત અને રસવાળી કરશે.

ભાવાર્થ :– અવસર્પિણીના છઠ્ઠા આરામાં ક્ષારાદિના ખરાબ મેઘો વરસવાથી થયેલી ઈંગાલ–ક્ષારમય પૃથ્વીને સ્વાદુ, સ્વચ્છ અને હિતકારી જળ વરસવાથી શાંત કરી દેશે. આવો પુષ્કરાવર્તમેઘ દાહને ઉપશમાવે છે. ખીરરસમેઘ વરસવાથી પૃથ્વી પર ઘણા ધાન્ય નીપજે છે. ઘૃતરસમેઘ પૃથ્વીમાં સ્નિગ્ધતાને ઉત્પન્ન કરે છે. અમૃતરસમેઘ નાના-પ્રકારની ઔષધિને તેમજ નાનાપ્રકારના વૃક્ષો અને લત્તાના અંકુરાને ઉત્પન્ન કરે છે. રસમેઘ સુરસમય જલવાળો વરસે છે, તે વનસ્પતિઓમાં તિક્તાદિ પાંચ પ્રકારના રસને ઉત્પન્ન કરે છે. આ રીતે પાંચે પ્રકારના મેઘો સાત સાત દિવસ વરસે છે.

बीए उ पुराइकरो, जाइसरो विमलवाहणसुदामो ।
संगमसुपास दत्तो, सुमुहो सम्मइ कुलगर त्ति ॥ ६२ ॥

અર્થ :– બીજા આરાના અંતે નગરાદિને કરનાર જાતિસ્મરણ જ્ઞાનવંત વિમલવાહન, સુદામ, સંગમ, સુપાર્શ્વ, દત્ત, સુમુખ અને સન્મતિ–આ સાત કુલકરો થશે.

ભાવાર્થ :- સ્થાનાંગસૂત્રના સાતમા સ્થાનમાં આ પ્રમાણે કહ્યું છે-,ભરતક્ષેત્રમાં આવતી ઉત્સર્પિણીમાં (૧) મિત્રવાહન, (૨) સુભૂમ (૩) સુપ્રભ, (૪) સ્વયંપ્રભ, (૫) દત્ત, (૬) સુધર્મ, (૭) સુબંધુ-આ સાત કુલકરો થશે તે વ્યવહારાદિ ચલાવશે.

तइयाइसु उड्ढगई, जिणनारयबल दुहागई चक्की ।
अहरगइ हरिपडिहरी, चउत्थअरयाइसु अ जुअला ॥ ६३ ॥

અર્થ :—ઉત્સર્પિણીના ત્રીજા ને ચોથા આરામાં જિનેશ્વરો, નારદો અને બળદેવો ઊર્ધ્વગતિવાળા થશે. તથા ચક્રવર્તીઓ ઊર્ધ્વ અને અધો એમ બંને પ્રકારની ગતિવાળા થશે. વાસુદેવો અને પ્રતિવાસુદેવો અધોગતિવાળા થશે તથા ચોથા, પાંચમા અને છઠ્ઠા એમ ત્રણ આરામાં યુગલિયા થશે.

ભાવાર્થ :—ચોથા આરાના પ્રારંભમાં થનારા ચોવીશમા તીર્થંકર અને બારમા ચક્રવર્તી બન્ને નિર્વાણ પામ્યા પછી યુગલિકધર્મ પ્રવર્તશે.

पउमाभसूरदेवो, सुपाससयंपभसव्वअणुभूई ।
देवसुअउदयपेढाल-पुट्टिलसयकितिसुवयऽममा ॥ ६४ ॥
निकसायनिप्पुलयनिममचित्तगुत्ता समाहिसंवरिया ।
जसहरविजओ मल्लो, देवोऽणंतविरि भद्दकरो ॥ ६५ ॥

અર્થ :-આવતી ઉત્સર્પિણીમાં ભરતક્ષેત્રને વિષે ૧ પદ્મનાભ, ૨ સૂરદેવ, ૩ સુપાસ, ૪ સ્વયંપ્રભ, ૫ સર્વાનુભૂતિ, ૬ દેવશ્રુત, ૭ ઉદય, ૮ પેઢાલ, ૯ પોટ્ટિલ, ૧૦ શતકીર્તિ, ૧૧ સત્યકી, ૧૨ અમમ, ૧૩ નિષ્કષાય, ૧૪ નિષ્પુલાક, ૧૫ નિર્મમ, ૧૬ ચિત્રગુપ્ત, ૧૭ સમાધિ, ૧૮ સંવર, ૧૯ યશોધર, ૨૦ વિજય, ૨૧ મલ્લ, ૨૨ દેવ, ૨૩ અનંતવીર્ય, ૨૪ ભદ્રંકર નામના તીર્થંકર થશે.

ભાવાર્થ :—૧ **પદ્મનાભ** :-શ્રેણિકરાજાનો જીવ-જે હાલમાં પહેલી નરકમાં છે, તે ત્યાંથી ચ્યવીને શતદ્વાર નામના નગરમાં મહાપદ્મ નામે રાજા થશે, તે રાજા આવતી ચોવીશીમાં પદ્મનાભ નામના પહેલા તીર્થંકર થશે. તેનું ૭૨ વર્ષનું આયુષ્ય, સાત હાથનું શરીર, સિંહનું લાંછન થશે તે મહાપદ્મ રાજાના બીજા નામો દેવસ અને વિમળવાહન થશે. તેમનો સર્વ વૃત્તાંત મહાવીરસ્વામીની જેમ જાણવો.

૨ **સૂરદેવ** :-વર્ધમાનસ્વામીના કાકા સુપાર્શ્વ હતા, તેનો જીવ **સૂરદેવ** નામના બીજા તીર્થંકર, પાર્શ્વનાથ જેવા થશે. તેમનું ૧૦૦ વર્ષનું આયુષ્ય, નવ હાથનું શરીર અને સર્પનું લાંછન જાણવું.

૩ **સુપાર્શ્વ** :-પોટ્ટિલનો જીવ (પરંતુ ઉવવાયસૂત્રમાં કહેલ છે તે નહીં) સુપાર્શ્વ

નામના ત્રીજા તીર્થંકર, નેમિનાથ જેવા થશે. તેમનું હજાર વર્ષનું આયુષ્ય, દશ ધનુષનું શરીર અને શંખનું લાંછન જાણવું.

૪ **સ્વયંપ્રભ** :–દૃઢાયુનો જીવ, ચોથા સ્વયંપ્રભ નામના તીર્થંકર, નમિનાથ જેવા થશે. તેમનું દસહજાર વર્ષનું આયુષ્ય, પંદર ધનુષનું શરીર અને નીલકમળનું લાંછન જાણવું.

૫ **સર્વાનુભૂતિ**:–કાર્તિક શેઠનો જીવ–પાંચમા સર્વાનુભૂતિ નામના તીર્થંકર, મુનિસુવ્રતસ્વામી જેવા થશે. તેમનું ત્રીસહજાર વર્ષનું આયુષ્ય, વીશ ધનુષનું શરીર અને કચ્છપનું લાંછન જાણવું.

૬ **દેવશ્રુત** :–શંખ શ્રાવકનો જીવ–છઠ્ઠા દેવશ્રુત નામના તીર્થંકર, મલ્લિનાથ જેવા થશે. તેમનું પંચાવનહજાર વર્ષનું આયુષ્ય, પચીશ ધનુષનું શરીર અને કળશનું લાંછન જાણવું.

૭ **ઉદય** :–નંદનો જીવ–સાતમા ઉદય નામના તીર્થંકર, અરનાથ પ્રભુ જેવા થશે. તેમનું ચોરાશીહજાર વર્ષનું આયુષ્ય, ત્રીશ ધનુષનું શરીર અને નંદાવર્તનું લાંછન જાણવું.

૮ **પેઢાલ**:–સુનંદનો જીવ–આઠમા પેઢાલ નામના તીર્થંકર, કુંથુનાથ જેવા થશે. તેમનું પંચાણુંહજાર વર્ષનું આયુષ્ય, પાંત્રીશ ધનુષનું શરીર અને બોકડાનું લાંછન જાણવું.

૯ **પોટ્ટિલ** :–આનંદનો જીવ–નવમા પોટ્ટિલ નામના તીર્થંકર, શાન્તિનાથ જેવા થશે. તેમનું એક લાખ વર્ષનું આયુષ્ય, ચાલીશ ધનુષનું શરીર અને મૃગનું લાંછન જાણવું.

૧૦ **શતકીર્તિ** :–શતક શ્રાવકનો જીવ–દશમા શતકીર્તિ નામના તીર્થંકર ધર્મનાથ પ્રભુ જેવા થશે. તેમનું દશલાખ વર્ષનું આયુષ્ય, પીસ્તાલીશ ધનુષનું શરીર અને વજ્રનું લાંછન જાણવું. (આ શંખનો મિત્ર જેનું નામ પુષ્કલિ હતું તે જાણવા.)

(શ્રી હેમવીરચરિત્રમાં નવમા કેકસીના જીવ અને દસમા રેયલીના જીવ કહ્યા છે.)

૧૧ **સુવ્રત** :–સત્યકી વિદ્યાધરનો જીવ–અગ્યારમા સુવ્રત નામના તીર્થંકર, અનંતનાથ જેવા થશે. તેમનું ત્રીશલાખ વર્ષનું આયુષ્ય, પચાસ ધનુષનું શરીર અને સિંચાણાનું લાંછન જાણવું.

૧૨ **અમમ** :–દ્વારકામાં કૃષ્ણ વાસુદેવ નેમિનાથ પ્રભુના ભક્ત હતા. તે ધર્મિષ્ઠ શ્રાવક થયા હતા. અન્યદા તેમણે અઢારહજાર મુનિઓને શુદ્ધ વિધિપૂર્વક વંદના કરી ક્ષાયિકસમ્યક્ત્વ ઉપાર્જન કર્યું હતું. તે વખતે સાતમી નરકને યોગ્ય દુષ્કર્મની અપવર્તના કરીને ત્રીજી નરકને યોગ્ય કર્મદલિક કર્યા હતા અને તીર્થંકરનામ કર્મ ઉપાર્જન કર્યું હતું. એ કૃષ્ણનો જીવ–બારમા અમમ નામના તીર્થંકર, વિમળનાથ જેવા થશે. તેમનું સાંઈઠ લાખ વર્ષનું આયુષ્ય. સાંઇઠ ધનુષનું શરીર અને વરાહનું લાંછન થશે.

વસુદેવહિંડીમાં તો કૃષ્ણ ત્રીજી નરકમાંથી નીકળી, ભરતક્ષેત્રમાં શતદ્વાર નગરમાં માંડલિક રાજા થઈ, ચારિત્ર ગ્રહણ કરી તીર્થંકર નામકર્મ નિકાચિત કરી, વૈમાનિક

દેવપણે ઉત્પન્ન થઇ, ત્યાંથી ચ્યવીને અમમ નામે બારમા તીર્થંકર થશે–એમ કહ્યું છે. (નરકમાંથી સીધા તીર્થંકર થઇ શકતા નથી કારણ કે વચ્ચે કાળ વધારે છે તેથી બીજા બે ભવ થવાની જરૂર છે.)

૧૩ **નિષ્કષાય** :–બળદેવનો જીવ–તેરમા નિષ્કષાય નામના તીર્થંકર, વાસુપૂજ્ય જેવા થશે. તેમનું બહોંતેર લાખ વર્ષનું આયુષ્ય, સીત્તેર ધનુષનું શરીર અને મહિષનું લાંછન જાણવું. (કૃષ્ણના મોટા ભાઈ બળભદ્ર કૃષ્ણના (અમમ તીર્થંકરના) તીર્થમાં સિદ્ધિપદને પામવાના છે, તેથી આ તીર્થંકરના જીવ બળદેવ કહ્યા છે તે બીજા સમજવા.)

૧૪ **નિષ્પુલાક** :–રોહિણીનો જીવ–નિષ્પુલાક નામના ચૌદમા તીર્થંકર, શ્રેયાંસનાથ જેવા થશે. તેમનું ૮૪ લાખ વર્ષનું આયુષ્ય, ૮૦ ધનુષનું શરીર અને ખડ્ગીનું લાંછન જાણવું.

૧૫ **નિર્મમ** :–જેને બત્રીશ પુત્રો થયા હતા તે સુલસાનો જીવ–પંદરમા નિર્મમ નામના તીર્થંકર, શીતળનાથ જેવા થશે. તેમનું એક લાખપૂર્વનું આયુષ્ય, ૯૦ ધનુષનું શરીર અને શ્રીવત્સનું લાંછન જાણવું.

૧૬ **ચિત્રગુપ્ત** :–જેણે પ્રભુને બીજોરાપાક વહોરાવ્યો હતો તે રેવતીનો જીવ–સોળમા ચિત્રગુપ્ત નામના તીર્થંકર, સુવિધિનાથ જેવા થશે. તેમનું બે લાખ પૂર્વનું આયુષ્ય, ૧૦૦ ધનુષનું શરીર અને મગરનું લાંછન જાણવું.

૧૭ **સમાધિ** :–ગવાલિનો જીવ–સત્તરમા સમાધિ નામના તીર્થંકર, ચંદ્રપ્રભુ જેવા થશે તેમનું દશલાખ પૂર્વનું આયુષ્ય, ૧૫૦ ધનુષનું શરીર અને ચંદ્રનું લાંછન જાણવું.

૧૮ **સંવર** :–ગાગલિનો જીવ–અઢારમા સંવર નામના તીર્થંકર, સુપાર્શ્વનાથ જેવા થશે. તેમનું વીશ લાખ પૂર્વનું આયુષ્ય, બસ્સો ધનુષનું શરીર અને સ્વસ્તિકનું લાંછન જાણવું.

૧૯ **યશોધર** :–દ્વીપાયનનો જીવ–ઓગણીશમા યશોધર નામના તીર્થંકર, પદ્મપ્રભ જેવા થશે. તેમનું ત્રીશ લાખ પૂર્વનું આયુષ્ય, અઢીસો ધનુષનું શરીર અને પદ્મનું લાંછન જાણવું.

૨૦ **વિજય** :–કર્ણનો જીવ–વીશમા વિજય નામના તીર્થંકર, સુમતિનાથ જેવા થશે. તેમનું ચાલીશલાખ પૂર્વનું આયુષ્ય, ત્રણસો ધનુષનું શરીર અને ક્રૌંચનું લાંછન જાણવું.

૨૧ **મલ્લ**:–નારદનો જીવ–એકવીશમા મલ્લ નામના તીર્થંકર, અભિનંદન જેવા થશે. તેમનું પચાસલાખ પૂર્વનું આયુષ્ય, સાડાત્રણસો ધનુષનું શરીર અને કળશનું લાંછન જાણવું.

૨૨ **દેવ** :–અંબડનો જીવ–બાવીશમા દેવ નામના તીર્થંકર, સંભવનાથ જેવા થશે. તેમનું સાંઈઠલાખ પૂર્વનું આયુષ્ય, ચારસો ધનુષનું શરીર અને અશ્વનું લાંછન

જાણવું. (મહાવીરસ્વામીએ જે અંબડ સાથે સુલસાને સુખશાતાના સમાચાર કહેવરાવ્યા હતા તે અંબડ જાણવા. કોઇ ઠેકાણે ધર્મલાભ કહેવરાવ્યા હતા એમ પણ જણાવેલ છે.)

૨૩ **અનંતવીર્ય** :-દ્વારમદ્વનો જીવ-ત્રેવીશમા અનંતવીર્ય નામના તીર્થંકર, અજિતનાથ જેવા થશે. તેમનું બોંતેર લાખ વર્ષનું આયુષ્ય, સાડાચારસો ધનુષનું શરીર અને ગજનું લાંછન જાણવું. (હેમવીરચરિત્રમાં બ્રહ્મદત્તચક્રીના જીવ કહ્યા છે.)

૨૪ **ભદ્રંકર** :-સ્વાતિનો જીવ-ચોવીશમા ભદ્રંકર (ભદ્રકૃત) નામના તીર્થંકર, ચોથા આરાના પ્રારંભમાં ઋષભદેવ જેવા થશે. તેમનું ચોરાશીલાખ પૂર્વનું આયુષ્ય, પાંચસો ધનુષનું શરીર અને વૃષભનું લાંછન જાણવું.

* જિનપ્રભસૂરિકૃત પ્રાકૃત ગદ્ય દીવાળીકલ્પમાં તો આ પ્રમાણે છેઃ-ત્રીજા ઉદાયીના જીવ-સુપાર્શ્વજિન, ચોથા પોટ્ટિલના જીવ-સ્વયંપ્રભજિન, પાંચમા દૃઢાયુના જીવ-સર્વાનુભૂતિજિન, છટ્ઠા કાર્તિકના જીવ-દેવસુતજિન, સાતમા શંખના જીવ-ઉદયજિન, આઠમા આનંદના જીવ-પેઢાલજિન, નવમા સુનંદાના જીવ-પોટ્ટિલજિન, દશમા શતકના જીવ-શતકીર્તિજિન, અગ્યારમા દેવકીના જીવ-મુનિસુવ્રતજિન, બારમા કૃષ્ણના જીવ-અમમજિન, તેરમા સત્યકીના જીવ-નિષ્કષાયજિન, ચૌદમા બળદેવના જીવ-નિષ્પુલાકજિન, પંદરમા સુલસાના જીવ નિર્મમજિન, સોળમા રોહિણીના જીવ ચિત્રગુપ્તજિન, (કોઇ કહે છે કે કલ્કીના પુત્ર ચિત્રગુપ્ત), સત્તરમા રેવતીનો જીવ-સમાધિજિન, અઢારમા સત્યકના જીવ સંવરજિન, ત્રેવીશમા અરનાથ જીવ અનંતવીર્યજિન, ચોવીશમા બુદ્ધના જીવ ભદ્રંકરજિન. બાકીના ઉપર કહ્યા પ્રમાણે જાણવા. (આનો નિર્ણય બહુશ્રુત જાણે.)

તીર્થંકરના આંતરા-

सड्ढदुसय सहसा, पउणचुलसिया लक्खपणछचउपन्ना ।
समकोडिसहस, तेणूणपलिअचउभाग पलिअद्धं ॥ ६६ ॥

અર્થઃ- પહેલા પદ્મનાભના નિર્વાણથી બીજા સુરદેવનું નિર્વાણ અઢીસો વર્ષે થશે,
બીજા અને ત્રીજા જિનનું આંતરું, પોણાચોરાશી હજાર વર્ષ.
(આ આંતરું બધે નિર્વાણનું જાણવું)
ત્રીજા અને ચોથા જિનનું આંતરું પાંચ લાખ વર્ષ.
ચોથા અને પાંચમા જિનનું આંતરું, છ લાખ વર્ષ.
પાંચમા અને છટ્ઠા જિનનું આંતરું, ચોપ્પન લાખ વર્ષ.
છટ્ઠા અને સાતમા જિનનું આંતરું, કોટિસહસ્ર (હજાર કરોડ વર્ષ).
સાતમા અને આઠમા જિનનું આંતરું, કોટિસહસ્ર વર્ષ.

ન્યૂન પલ્યોપમનો ચોથો ભાગ (૦। પલ્યોપમ)
આઠમા અને નવમા જિનનું આંતરું, અર્ધ પલ્યોપમનું જાણવું.

पउणपलिऊण तिअयर, चउनवतीसचउपन्न इगकोडी।
छव्वीससहस छ छावट्ठिलक्ख वासायरसऊणा ॥ ६७ ॥

અર્થ:–નવમા અને દશમા જિનનું આંતરું, ૦।। પલ્યોપમ ન્યૂન ત્રણ સાગરોપમ.
દશમા અને અગ્યારમા જિનનું આંતરું, ચાર સાગરોપમ.
અગ્યારમા અને બારમા જિનનું આંતરું, નવ સાગરોપમ.
તેરમા અને ચૌદમા જિનનું આંતરું, ચોપ્પન સાગરોપમ.

ચૌદમા અને પંદરમા જિનનું આંતરું, છવ્વીસ હજાર, છાસઠ લાખ વર્ષ અને એકસો સાગરોપમ ન્યૂન, એક કરોડ સાગરોપમનું જાણવું. (આ બાદબાકી ચોથો આરો ૪૨ હજાર વર્ષ ન્યૂન એક કોડાકોડી સાગરોપમનો હોવાથી તે ૪૨,૦૦૦ અને પહેલાથી છઠ્ઠા પ્રભુ સુધીના આંતરાનાં ૬૫ લાખ ને ૮૪ હજાર વર્ષ મળીને સમજવી.)

नवकोडि नवइकोडी, नवसयकोडी य नवसहसकोडी।
कोडिसहसनवई नव–दसतीसपन्नकोडिलक्खा ॥६८॥

અર્થ:–પંદરમા અને સોળમા જિનનું આંતરું, નવ કરોડ સાગરોપમ.
સોળમા અને સત્તરમા જિનનું આંતરું, નેવું કરોડ સાગરોપમ.
સત્તરમા અને અઢારમા જિનનું આંતરું, નવસો કરોડ સાગરોપમ.
ઓગણીશમા અને વીશમા જિનનું આંતરું, નેવું હજાર કરોડ સાગરોપમ.
વીશમા અને એકવીશમા જિનનું આંતરું, નવ લાખ કરોડ સાગરોપમ.
બાવીશમા અને ત્રેવીસમા જિનનું આંતરું, ત્રીસ લાખ કરોડ સાગરોપમ.

ત્રેવીશમા અને ચોવીશમા જિનનુ આંતરું, પચાસ લાખ કરોડ સાગરોપમનું જાણવું.

बल वेजयंत अजिआ, धम्मो सुप्पहसुदंसणाणंदा ।
नंदण पउमा हलिणुत्ति–चक्किणो दीहदंतो अ ॥ ६९ ॥

तह गूढदंतओ सुद्धदंत, सिरिदंत–सिरिभूई सोमो।
पउम महापउम दुसमो, विमल विमलवाहण अरिट्ठो ॥ ७० ॥

અર્થ:– આવતી ચોવીશીના નવ બળદેવોનાં નામ–

૧. બળ, ૨. વૈજયંત, ૩. અજિત, ૪. ધર્મ, ૫. સુપ્રભ, ૬. સુદર્શન, ૭. આનંદ, ૮. નંદન અને ૯. પદ્મ જાણવા.

ઉત્સર્પિણીકાળની અનાગતચોવીશીનું યંત્ર

ક્રમ	નામ	કોનો જીવ	કયા તીર્થંકર સમાન	આયુષ્ય	શરીર	લાંછન	અંતર
૧	પદ્મનાભ	શ્રેણિક	મહાવીરસ્વામી	૭૨ વર્ષ	૭ હાથ	સિંહ	
૨	સુરદેવ	સુપાર્શ્વ	પાર્શ્વનાથ	૧૦૦ વર્ષ	૯ હાથ	સર્પ	૨૫૦ વર્ષે નિર્વાણ
૩	સુપાર્શ્વ	પોટ્ટિલ	નેમિનાથ	૧૦૦૦ વર્ષ	૧૦ ધનુષ	શંખ	પોણા ૮૪ હજાર વર્ષ
૪	સ્વયંપ્રભ	દઢાયુ	નમિનાથ	૧૦૦૦૦ વર્ષ	૧૫ ધનુષ	નીલકમલ	૫ લાખ વર્ષ
૫	સર્વાનુભૂતિ	કાર્તિક	મુનિસુવ્રત	૩૦૦૦૦ વર્ષ	૨૦ ધનુષ	કચ્છપ	૬ લાખ વર્ષ
૬	દેવશ્રુત	શંખ	મલ્લિનાથ	૫૫૦૦૦ વર્ષ	૨૫ ધનુષ	કલશ	૫૪ લાખ વર્ષ
૭	ઉદય	નંદ	અરનાથ	૮૪૦૦૦ વર્ષ	૩૦ ધનુષ	નંદાવર્ત્ત	હજાર કરોડ વર્ષ
૮	પેઢાલ	સુનંદ	કુંથુનાથ	૯૫૦૦૦ વર્ષ	૩૫ ધનુષ	બોકડો	હજારકરોડ વર્ષ ન્યૂન ૦। પલ્યોપમ
૯	પોટિલ	આનંદ	શાંતિનાથ	૧ લાખ વર્ષ	૪૦ ધનુષ	મૃગ	૦।। પલ્યોપમ
૧૦	શતકીર્તિ	શતક	ધર્મનાથ	૧૦ લાખ વર્ષ	૪૫ ધનુષ	વજ્ર	પોણા પલ્યોપન ન્યૂન ૩ સાગરોપમ
૧૧	સુવ્રત	સત્યકી	અનંતનાથ	૩૦ લાખ વર્ષ	૫૦ ધનુષ	સિંચાણો	૪ સાગરોપમ
૧૨	અમમ	કૃષ્ણ	વિમલનાથ	૬૦ લાખ વર્ષ	૬૦ ધનુષ	વરાહ	૯ સાગરોપમ

ક્રમ	નામ	કોનો જીવ	કયા તીર્થંકર સમાન	આયુષ્ય	શરીર	લાંછન	અંતર
૧૩	નિષ્કષાય	બળદેવ	વાસુપૂજ્યસ્વામી	૭૨ લાખ વર્ષ	૭૦ ધનુષ	મહિષ	૩૦ સાગરોપમ
૧૪	નિષ્પુલાક	રોહિણી	શ્રેયાંસનાથ	૮૪ લાખ વર્ષ	૮૦ ધનુષ	ખડ્ગી	૫૪ સાગરોપમ
૧૫	નિર્મમ	સુલસા	શીતલનાથ	૧ લાખ પૂર્વ	૯૦ ધનુષ	શ્રીવત્સ	૨૬ હજાર છાસઠ લાખ વર્ષ અને ૧૦૦ સાગ. ન્યૂન ૧ કરોડ સાગ.
૧૬	ચિત્રગુપ્ત	રેવતી	સુવિધિનાથ	૨ લાખ પૂર્વ	૧૦૦ ધનુષ	મગર	૯ કરોડ સાગ.
૧૭	સમાધિ	ગવાલી	ચંદ્રપ્રભસ્વામી	૧૦ લાખ પૂર્વ	૧૫૦ ધનુષ	ચંદ્ર	૯૦ કરોડ સાગ.
૧૮	સંવર	ગાગલિ	સુપાર્શ્વનાથ	૨૦ લાખ પૂર્વ	૨૦૦ ધનુષ	સ્વસ્તિક	૯૦૦ કરોડ સાગ.
૧૯	યશોધર	દ્વિપાયન	પદ્મપ્રભસ્વામી	૩૦ લાખ પૂર્વ	૨૫૦ ધનુષ	પદ્મ	૯૦૦૦ કરોડ સાગ.
૨૦	વિજય	કર્ણ	સુમતિનાથ	૪૦ લાખ પૂર્વ	૩૦૦ ધનુષ	ક્રૌંચ	૯૦, હજાર કરોડ સાગ.
૨૧	મલ્લ	નારદ	અભિનંદનસ્વામી	૫૦ લાખ પૂર્વ	૩૫૦ ધનુષ	કપિ	૯ લાખ કરોડ સાગ.
૨૨	દેવ	અંબડ	સંભવનાથ	૬૦ લાખ પૂર્વ	૪૦૦ ધનુષ	અશ્વ	૧૦ લાખ કરોડ સાગ.
૨૩	અનંતવીર્ય	દ્વારમદ	અજિતનાથ	૭૨ લાખ પૂર્વ	૪૫૦ ધનુષ	ગજ	૩૦ લાખ કરોડ સાગ.
૨૪	ભદ્રંકર	સ્વાતિ	ઋષભદેવ	૮૪ લાખ પૂર્વ	૫૦૦ ધનુષ	વૃષભ	૫૦ લાખ કરોડ સાગ.

હવે બાર ચક્રવર્તીઓનાં નામ કહે છે :-

૧. દીર્ઘદંત, ૨. ગૂઢદંત, ૩. શુદ્ધદંત, ૪. શ્રીદંત, ૫. શ્રીભૂતિ, ૬. સોમ, ૭. પદ્મ, ૮. મહાપદ્મ, ૯. દુસમ, ૧૦. વિમલ, ૧૧. વિમલવાહન અને ૧૨. અરિષ્ટ.

नंदी अ नंदिमित्तो, सुंदरबाहु महबाहु अइबलओ ।
महबल बलो दुविट्ठू, तिविट्ठु, इय भावि नव विण्हु ॥ ७१ ॥

અર્થ :- નવ વાસુદેવના નામ કહે છે :-

૧. નંદી, ૨. નંદીમિત્ર, ૩. સુંદરબાહુ. ૪. મહાબાહુ, ૫. અતિબલ, ૬. મહાબલ, ૭. બલ, ૮. દ્વિપૃષ્ઠ અને ૯. ત્રિપૃષ્ઠ આ પ્રમાણે નવ વાસુદેવો ભાવી કાળે થવાના છે.

भावि पडिविण्हुणो तिलय, लोहजंघो य वयरजंघो अ ।
केसरि बलि पल्हाया, अपराइय भीम सुग्गीवा ॥७२॥

અર્થ :- ભાવિકાળમાં થનારા નવ પ્રતિવાસુદેવનાં નામ-

૧. તિલક, ૨. લોહજંઘ, ૩. વજ્રજંઘ, ૪. કેશરી, ૫. બલિ, ૬. પ્રહ્લાદ, ૭. અપરાજિત, ૮. ભીમ અને ૯. સુગ્રીવ જાણવા.

इय बारसारचक्कं, कप्पो ते ऽणंत्तपुग्गलपरट्टो।
ते ऽणंतातीअद्धा, अणागयद्धा अणंतगुणा ॥७३॥

અર્થ :- આ ઉપર કહ્યા પ્રમાણે બાર આરારૂપ કાળચક્ર છે, તે એક કલ્પ કહેવાય છે. તેવા અનંતા કલ્પો જાય ત્યારે એક પુદ્ગલપરાવર્ત્ત થાય છે. તેવા પુદ્ગલપરાવર્ત્ત અતીતકાળમાં અનંતા ગયા છે, અને તેનાથી અનાગતકાળ અનંતગુણો છે.

ભાવાર્થ :- અનંત પુદ્ગલપરાવર્ત્તનનો અતીતકાળ છે અને અનાગતકાળ તેનાથી અનંતગુણો છે.

सिरिदेविंदमुणीसर-विणेअसिरिधम्मघोससूरीहिं ।
अप्पपरजाणणट्ठा, कालसरूवं किमवि भणिअं ॥ ७४ ॥

અર્થ :- તપગચ્છના શ્રી દેવેન્દ્રમુનીશ્વરના શિષ્ય શ્રી ધર્મઘોષાચાર્યે સ્વ અને પરને જાણવા માટે કાળનું સ્વરૂપ કાંઈક સંક્ષેપથી કહ્યું છે.

શ્રી વિજયવિમલગણિ વિરચિત

શ્રી ભાવ પ્રકરણ



ઉપશમ આદિ પાંચ ભાવો છે. એ ભાવોને આઠ દ્વારોમાં કેવી રીતે કયા ભાવો હોય તે વિસ્તારથી જણાવેલ છે. જે ધર્માસ્તિકાયાદિ દ્વારોમાં ભાવ કહ્યા છે તે ૮ દ્વારોની વ્યાખ્યા કરી છે પછી ઉપશમ-ક્ષાયિક ક્ષાયોપશમિક-ઔદયિક-પારિણામિક તથા સંન્નિપાતિકભાવની વ્યાખ્યા કરીને દ્વિસંયોગી-ત્રિસંયોગી ચતુઃસંયોગી પંચસંયોગી ભાંગા કેવી રીતે બને તે સમજાવીને બતાવ્યા છે. તે જ ભાવોના ઉત્તરભેદોનું પણ વર્ણન કરેલ છે.

પછી દરેક દ્વારોમાં ભાવો બતાવીને ભાવલોકપ્રકાશની જેમ અહીં પણ શક્ય વિસ્તાર કરીને ભાવની સમજણ આપી છે. આપણને કેટલા ભાવો છે? કયા જીવને કયા અને કેટલા ભાવો-કેટલા ગુણસ્થાનો વિગેરે જણાવીને આપણને સજાગ કર્યા છે. એ રીતે આ ભાવ પ્રકરણ પૂર્ણ કરેલ છે.

आणंदभरिअनयणो, आणंद पाविऊण गुरुवयणे ।
आणंदविमलसूरिं नमिउं, वुच्छामि भावे अ ॥ १ ॥

અર્થ :- આનંદથી પૂર્ણ નેત્રવાળો હું શ્રી વિજયવિમલગણિ ગુરુના વચનમાં આનંદ પામીને આનંદવિમલસૂરિને નમસ્કાર કરીને ઔપશમિકાદિ ભાવોને કહું છું.

દ્વારગાથા :-

धम्माधम्मागासा, कालो पुग्गलखंधा य कम्म गइ जीवा ।
एएसु अ दारेसु, भणामि भावे अ अणुकमसो ॥ २ ॥

અર્થ :-૧. ધર્માસ્તિકાય, ૨. અધર્માસ્તિકાય, ૩. આકાશાસ્તિકાય, ૪. કાળ, ૫. પુદ્ગલસ્કંધ, ૬. કર્મ, ૭. ગતિ અને ૮. જીવ એ આઠ દ્વારોમાં અનુક્રમે ભાવોને કહું છું.

ભાવાર્થ :—**આઠ દ્વારોની વ્યાખ્યા :- ૧. ધર્માસ્તિકાય** :-જીવ અને પુદ્ગલને ગતિ કરવામાં જે અપેક્ષા કારણ તે ધર્માસ્તિકાય.

અસ્તિકાયઃ—અસ્તિ એટલે પ્રદેશોનો સમૂહ તે અસ્તિકાય.

-જેમ પાણી માછલાને ગમન કરવામાં અપેક્ષાકારણ છે તેમ જીવ અને પુદ્ગલને ગતિ કરવામાં અપેક્ષાકારણ ધર્માસ્તિકાય છે.

એ ધર્માસ્તિકાયનો સ્કંધ ચૌદરાજલોકપ્રમાણ અને અસંખ્યાતપ્રદેશી છે.

૨. અધર્માસ્તિકાય :—જીવ અને પુદ્ગલને સ્થિર રહેવામાં જે અપેક્ષાકારણ તે અધર્માસ્તિકાય.

અધર્માસ્તિકાયનો સ્કંધ ચૌદરાજલોકપ્રમાણ અને અસંખ્યાતપ્રદેશી છે.

૩. આકાશાસ્તિકાય :—આ એટલે મર્યાદાપૂર્વક સર્વે પદાર્થો જ્યાં પ્રકાશે એટલે સર્વે દ્રવ્યો જ્યાં પોતાના સ્વભાવને પામે છે તે આકાશ, તેના પ્રદેશનો સમુદાય તે આકાશાસ્તિકાય.

સાકરને દૂધની જેમ જે જીવ અને પુદ્ગલને અવકાશ આપે તે આકાશાસ્તિકાય.

આકાશાસ્તિકાયનો સ્કંધ લોકાલોક વ્યાપી, અનંતપ્રદેશી છે.

લોક-જેમાં છ એ દ્રવ્ય હોય તે લોક અને તે ચૌદરાજ પ્રમાણ છે. તે સિવાયનો અલોકાકાશ જાણવો.

૪. કાલ:- "कलनं कालः" કાળના બે પ્રકાર છે.

(૧) વર્તનાલક્ષણ, (૨) સમયાવલિકાલક્ષણ.

વર્તનાલક્ષણ :- દ્રવ્યને તે તે રૂપે થવામાં જે પ્રયોજક તે વર્તના. આ વર્તના સમસ્ત દ્રવ્ય, ક્ષેત્ર અને ભાવ (પર્યાય) વ્યાપી છે.

સમયાવલિકાલક્ષણ :- તે અઢીદ્વીપના દ્રવ્યાદિમાં છે, તેની બહાર નથી. તે કાળ જુનાને નવો કરે અને નવાને જુનો કરે.

સમય :- સૂક્ષ્મમાં સૂક્ષ્મકાળ જે વર્તમાન મટી ભૂત કયારે થયો તથા ભવિષ્ય મટી વર્તમાન કયારે થયો તે પણ જણાય નહિ તે સમય.

આંખ બંધ કરીને ઉઘાડીએ તેટલા વખતમાં અસંખ્યાતા સમય થાય છે.

અસંખ્યાતાસમય = ૧ આવલિકા.

૫. સ્કંધ :—(**પુદ્ગલસ્કંધ**) પૂરણ, ગલન અથવા ચય, ઉપચય ધર્મવાળો તે પુદ્ગલ તેના બે અણુથી અનંતાઅણુ સુધીના બનેલા સ્કંધ કહેવાય છે.

૬. કર્મ :—આ સમસ્ત ચૌદરાજલોક કર્મવર્ગણાથી નિરંતર ઠાંસીને ભરેલો છે.

તે કર્મવર્ગણાને મિથ્યાત્વાદિ સામાન્ય હેતુથી અથવા જ્ઞાન-જ્ઞાનીનું પ્રત્યનીકપણું ઈત્યાદિ વિશેષ હેતુથી ગ્રહણ કરીને જીવ આત્મપ્રદેશની સાથે ક્ષીર-નીરની જેમ અથવા અગ્નિ અને લોહની જેમ સંબદ્ધ કરે તે કર્મ.

તે કર્મ આઠ પ્રકારના છે.

૧. જ્ઞાનાવરણીયકર્મ :—જેનાથી વસ્તુ જણાય તે અથવા વિશેષ ગ્રહણાત્મક બોધ તે જ્ઞાન, તેને આવરનાર, ગ્રહણ કરેલી કર્મવર્ગણાનો વિશિષ્ટ પુદ્ગલ સમૂહ તે જ્ઞાનાવરણીયકર્મ.

૨. દર્શનાવરણીયકર્મ :—જેનાથી દેખાય તે અથવા સામાન્ય ગ્રહણાત્મક બોધ તે દર્શન. તેનું આચ્છાદન કરનાર જે કર્મ તે દર્શનાવરણીયકર્મ.

૩. **વેદનીયકર્મ** :—જેનાથી સુખ-દુઃખનો અનુભવ થાય તે વેદનીયકર્મ.

૪. **મોહનીયકર્મ** :—સદસદ્ વિવેકમાં ભૂલે અને જેથી જીવ મોહ પામે તે મોહનીયકર્મ.

૫. **આયુષ્યકર્મ** :—એક ગતિમાંથી બીજી ગતિમાં લઇ જાય તે આયુષ્યકર્મ.

૬. **નામકર્મ** :—ગતિ આદિ પર્યાય અનુભવવા તત્પર કરે તે નામકર્મ.

૭. **ગોત્રકર્મ** :—ઊંચ-નીચનો ભેદ જેનાથી થાય તે ગોત્રકર્મ.

૮. **અંતરાયકર્મ** :—દાનાદિ લબ્ધિઓનો નાશ કરે તે અંતરાયકર્મ.

૭. **ગતિ** :—જેમાં ગમન કરાય તે ગતિ તેના પાંચ પ્રકારઃ ૧ નારકી, ૨ તિર્યંચ, ૩ મનુષ્ય, ૪ દેવ, ૫ સિદ્ધગતિ.

૮. **જીવ** :—જે જીવ્યો, જીવે છે અને જીવશે તે જીવ. જે દ્રવ્યપ્રાણ અને ભાવપ્રાણને ધારણ કરે તે જીવ.

દ્રવ્યપ્રાણ :—પાંચઇંદ્રિય, ત્રણ બળ, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય.

ભાવપ્રાણ :—જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ આત્માના ગુણો.

દ્રવ્યપ્રાણ અને ભાવપ્રાણ બંનેને ધારણ કરે તે સંસારીજીવ અને ભાવપ્રાણને ધારણ કરે તે સિદ્ધજીવ.

અહીં ગુણસ્થાનવર્તી જીવ લેવા, પણ એકેન્દ્રિયાદિ જીવો લેવા નહિ. કારણકે અહીં ગુણસ્થાનક આશ્રયિને ભાવો કહેલા છે.

આ પ્રમાણે આ આઠ દ્વારોમાં ઔપશમિકાદિભાવો અનુક્રમે કહેશે.

ચૌદ ગુણસ્થાનકોના નામ :—

मिच्छे सासण मीसे, अविरय देसे पमत्त अपमत्ते ।
निअट्टि अनिअट्टि सुहुमु-वसम खिण सजोगि अजोगिगुणा ॥ ३ ॥

અર્થ :-મિથ્યાત્વ, સાસ્વાદન, મિશ્ર, અવિરતિ, દેશવિરતિ, પ્રમત્તસંયત, અપ્રમત્તસંયત, નિવૃત્તિકરણ, અનિવૃત્તિકરણ, સૂક્ષ્મસંપરાય, ઉપશાંતમોહ, ક્ષીણમોહ, સયોગી અને અયોગી-એ ૧૪ ગુણસ્થાનક જાણવા.

ભાવાર્થ :-**ગુણસ્થાનક**ઃ-જ્ઞાન, દર્શન અને ચારિત્રની વિશુદ્ધિ અવિશુદ્ધિના, પ્રકર્ષ, અપ્રકર્ષરૂપ અધ્યવસાયના તરતમ ભેદ તે ગુણસ્થાનક.

તે અધ્યવસાય અસંખ્યાતા હોવાથી ગુણસ્થાનકના ભેદ પણ અસંખ્યાતા છે; પરંતુ સ્થૂલદૃષ્ટિથી ચૌદ ભેદ જાણવા.

૧. **મિથ્યાત્વગુણસ્થાનક** :-જ્યાં જિનેશ્વરના વચન ઉપર શ્રદ્ધા ન હોય, સત્યને અસત્ય અને અસત્યને સત્ય માને તે.

૨. **સાસ્વાદનગુણસ્થાનક** :-ઉપશમસમકિત વમીને મિથ્યાત્વે જતાં અનંતાનુબંધી કષાયના ઉદયથી જીવના જે પરિણામ થાય તે.

૩. **મિશ્રગુણસ્થાનક** :-જિનેશ્વરના વચન ઉપર જ્યાં રાગ-દ્વેષ ન હોય તે.

૪. **અવિરતિસમ્યગ્દૃષ્ટિગુણસ્થાનક**:-જ્યાં ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક આ ત્રણ પ્રકારમાંથી એક સમકિત હોય, પણ વિરતિ ન હોય તે.

૫. **દેશવિરતિગુણસ્થાનક**:-જ્યાં દેશે એટલે અંશે થોડી વિરતિ હોય તે.

૬. **પ્રમત્તસંયતગુણસ્થાનક**:-જ્યાં સર્વવિરતિ હોવા છતાં મદ્ય (અહંકાર) વિષય, કષાય, નિદ્રા, વિકથા આ પાંચ પ્રકારના પ્રમાદ હોય તે.

૭. **અપ્રમત્તસંયતગુણસ્થાનક**:-જ્યાં સર્વવિરતિ હોય અને નિદ્રાદિ પ્રમાદ રહિત હોય તે.

૮. **નિવૃત્તિકરણગુણસ્થાનક**:-જ્યાં શ્રેણિ માંડનાર જીવોના એક સરખા અધ્યવસાય ન હોય પણ ફેરફારવાળા હોય તે. બીજું નામ અપૂર્વકરણ ગુણસ્થાનક છે. જેમાં અપૂર્વસ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણિ, ગુણસંક્રમ અને સ્થિતિબંધ એ પાંચ પદાર્થો થાય તે અપૂર્વકરણ.

૯. **અનિવૃત્તિબાદરસંપરાયગુણસ્થાનક** :-જ્યાં શ્રેણિ માંડનાર સર્વ જીવોના સરખા અધ્યવસાય હોય તે.

૧૦. **સૂક્ષ્મસંપરાયગુણસ્થાનક** :-જ્યાં સૂક્ષ્મ લોભનો જ રસોદય હોય તે.

૧૧. **ઉપશાંતમોહગુણસ્થાનક**:-જ્યાં મોહનીયકર્મની સર્વ પ્રકૃતિઓ ઉપશમી હોય તે.

૧૨. **ક્ષીણમોહગુણસ્થાનક**:-જ્યાં મોહનીયકર્મની સર્વ પ્રકૃતિનો સર્વથાક્ષય થયો હોયતે.

૧૩. **સયોગીકેવલીગુણસ્થાનક**:-કેવલજ્ઞાન થયા પછી માત્ર યોગપ્રવૃત્તિ વર્તતી હોય તે.

૧૪. **અયોગીકેવલીગુણસ્થાનક** :- જ્યાં યોગપ્રવૃત્તિનો અભાવ હોય પણ હજી સિદ્ધાવસ્થા પ્રાપ્ત ન થઈ હોય તે.

આ પ્રમાણે ગુણસ્થાનકનું સંક્ષેપમાં સ્વરૂપ કહ્યું.

છ ભાવના નામો :-

उवसम खइओ मीसो, उदओ परिणाम सन्निवाओ अ ।
सव्वे जीवट्ठाणे, परिणामुदओ अजीवाणं ॥ ४ ॥

અર્થ-૧. ઔપશમિકભાવ, ૨. ક્ષાયિકભાવ, ૩. ક્ષાયોપશમિકભાવ (મિશ્રભાવ), ૪. ઔદયિકભાવ, ૫. પારિણામિકભાવ અને ભાવોના સંયોગરૂપ ૬. સંન્નિપાતિકભાવ એ સર્વે ભાવો જીવસ્થાનમાં હોય. પારિણામિક અને ઔદયિક આ બે ભાવ અજીવમાં પણ હોય.

ભાવાર્થઃ-૬ ભાવોની વ્યાખ્યાઃ-૧. ઔપશમિકભાવઃ-ઉદય બે પ્રકારે છે. ૧. રસોદય અને ૨. પ્રદેશોદય. આ બંને પ્રકારનો ઉદય જેમાં ન હોય તે ઔપશમિકભાવ.

કાળઃ—સાદિસપર્યવસિત ૧ ભાંગો. આ ભાવ બે પ્રકારે છે. ૧. ઉપશમસમકિત, ૨. ઉપશમચારિત્ર.

૨. ક્ષાયિકભાવઃ—કર્મનો અત્યંત નાશ તે ક્ષય, તેનાથી થયેલ જે ભાવ તે ક્ષાયિકભાવ. તેના નવ ભેદ છે.

કાળ-સાદિસપર્યવસિત અને સાદિઅપર્યવસિત-૨ ભાંગા.

૩. મિશ્રભાવ અથવા ક્ષાયોપશમિકભાવ :-ઉદયમાં આવેલાના ક્ષયથી તથા ઉદયમાં નહીં આવેલાના ઉપશમથી થયેલ તે મિશ્રભાવ અથવા ક્ષાયોપશમિકભાવ તેના અઢાર ભેદ છે.

કાળઃ-સાદિસપર્યવસિત, અનાદિસપર્યવસિત અને અનાદિઅપર્યવસિત આ ત્રણ ભાંગા આ ભાવમાં હોય.

૪. ઔદયિકભાવ :- શુભાશુભ પ્રકૃતિઓનું વિપાક (રસ)થી અનુભવવું તે ઔદયિકભાવ. તેના એકવીશ ભેદ છે.

કાળઃ-સાદિસપર્યવસિત, અનાદિસપર્યવસિત અને અનાદિઅપર્યવસિત કુલ ૩ ભાંગા.

૫. પારિણામિકભાવ :- જીવ અને અજીવને સ્વસ્વરૂપનો અનુભવ થવો તે પારિણામિકભાવ અથવા પોતપોતાની અવસ્થામાં રહેવું તે પારિણામિકભાવ.

કાળઃ-સાદિસપર્યવસિત, અનાદિસપર્યવસિત અને અનાદિઅપર્યવસિત. ૩ ભાંગા.

૬. સાન્નિપાતિકભાવ :-પૂર્વે કહેલા ભાવોના-સંન્નિપાતથી-સંયોગથી થયેલ તે સાન્નિપાતિકભાવ. તેના ૨૬ ભેદ છે. તે આ રીતેઃ-

દ્વિકસંયોગી ૧૦, ત્રિકસંયોગી ૧૦, ચતુઃસંયોગી ૫, પંચસંયોગી ૧ આ પ્રમાણે ૨૬ ભાંગા જાણવા.

દ્વિસંયોગી ભાંગા

૧	ઔપશમિકક્ષાયિક	૬	ક્ષાયિકઔદયિક
૨	ઔપશમિકક્ષાયોપશમિક	૭	ક્ષાયિકપારિણામિક
૩	ઔપશમિકઔદયિક	૮	ક્ષાયોપશમિકઔદયિક
૪	ઔપશમિકપારિણામિક	૯	ક્ષાયોપશમિકપારિણામિક
૫	ક્ષાયિકક્ષાયોપશમિક	૧૦	ઔદયિકપારિણામિક

ત્રિસંયોગી ભાંગા

૧.	ઔપશમિક	ક્ષાયિક	ક્ષાયોપાશમિક.	૬. ઔપશમિક	ઔદયિક પારિણામિક.
૨.	ઔપશમિક	ક્ષાયિક	ઔદયિક	૭. ક્ષાયિક	ક્ષાયોપશમિક ઔદયિક
૩.	ઔપશમિક	ક્ષાયિક	પારિણામિક.	૮. ક્ષાયિક	ક્ષાયોપશમિક પારિણામિક.
૪.	ઔપશમિક	ક્ષાયોપાશમિક	ઔદયિક.	૯. ક્ષાયિક	ઔદયિક પારિણામિક.
૫.	ઔપશમિક	ક્ષાયોપશમિક	પારિણામિક.	૧૦. ક્ષાયોપશમિક	ઔદાયિક પારિણામિક.

ચતુઃસંયોગી ભાંગા

૧	ઔપશમિક	ક્ષાયિક	ક્ષાયોપશમિક	ઔદયિક.
૨.	ઔપશમિક	ક્ષાયિક	ક્ષાયોપશમિક	પારિણામિક.
૩	ઔપશમિક	ક્ષાયિક	ઔદયિક	પારિણામિક.
૪	ઔપશમિક	ક્ષાયોપશમિક	ઔદયિક	પારિણામિક.
૫	ક્ષાયિક	ક્ષાયોપશમિક	ઔદયિક	પારિણામિક.

પંચસંયોગી ભાંગા

૧ ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔદયિક, પારિણામિક સંયોગનો અભાવ હોવાથી એકમાં સંન્નિપાત ન હોય.

જીવમાં સંભવતા છ સાન્નિપાતિક ભાંગા –

૧ ક્ષાયિકપારિણામિક દ્વિકસંયોગી→સિદ્ધને.

૨ ક્ષાયિક ઔદયિક પારિણામિક ત્રિકસંયોગી→કેવલીને.

૩ ક્ષાયોપશમિક ઔદયિક પારિણામિક ત્રિકસંયોગી→ચારે ગતિમાં.

૪ ઔપશમિક ક્ષાયોપશમિક ઔદયિક પારિણામિક ચતુઃસંયોગી→ચારે ગતિમાં.

૫ ક્ષાયિક ક્ષાયોપશમિક ઔદયિક પારિણામિક ચતુઃસંયોગી→ચારે ગતિમાં,

૬ ઔપશમિક ક્ષાયિક–ક્ષાયોપશમિક ઔદયિક–પારિણામિક પંચસંયોગી→ક્ષાયિકસમકિતી ઉપશ્રમશ્રેણિ માંડનાર મનુષ્યને

આ પ્રમાણે છ સાન્નિપાતિક ભાંગા જીવોમાં સંભવે. બાકીના વીશ ભાંગા જીવોમાં સંભવે નહિ.

અજીવને→પારિણામિક ઔદયિક બે ભાવ સંભવે, બીજા ભાવ સંભવે નહિ.

ભાવના ઉત્તરભેદ :

केवलनाणं दंसणं, खइअं सम्मं च चरणं दाणाई ।
नव खइआलद्धीओ, उवसमिए सम्मचरणं च ॥ ५ ॥

અર્થ :-કેવલજ્ઞાન, કેવલદર્શન, ક્ષાયિકસમકિત, ક્ષાયિકચારિત્ર અને દાનાદિ પાંચ લબ્ધિઓ એમ નવ ભેદ ક્ષાયિકભાવના તથા ઉપશમભાવના ઉપશમસમકિત અને ઉપશમચારિત્ર એ બે ભેદ છે.

ભાવાર્થ :-**ક્ષાયિકભાવના નવ ભેદ** :-

૧ કેવલજ્ઞાનાવરણીય કર્મના ક્ષયથી કેવલજ્ઞાન.

૨ કેવલદર્શનાવરણીય કર્મના ક્ષયથી કેવલદર્શન.

૩ દર્શનમોહનીયકર્મના ક્ષયથી ક્ષાયિકસમકિત.

૪ ચારિત્રમોહનીયકર્મના ક્ષયથી ક્ષાયિકચારિત્ર.

૫ થી ૯ પાંચ અંતરાય કર્મના ક્ષયથી દાન લબ્ધિ,લાભલબ્ધિ, ભોગલબ્ધિ, ઉપભોગલબ્ધિ અને વીર્યલબ્ધિ પાંચ ક્ષાયિકલબ્ધિ.

ઔપશમિક ભાવના બે ભેદ :-

૧. ઉપશમસમકિત :—અનંતાનુબંધી ચાર કષાય તથા સમકિતમોહનીય, મિશ્રમોહનીય, મિથ્યાત્વમોહનીય આ સાત પ્રકૃતિનો રસોદય અને પ્રદેશોદય બંને ન હોય તે ઉપશમ સમકિત પ્રથમ સમ્યક્ત્વ ઉત્પત્તિકાળે તથા ઉપશમ શ્રેણિમાં હોય છે.

૨. ઉપશમચારિત્ર :—ઉપશમશ્રેણિમાં ચારિત્રમોહનીયના ઉપશમથી હોય છે.

ક્ષયોપશમભાવના ૧૮ ભેદ :-

नाणा चउ अण्णाणा, तिण्णि य दंसणतिगं च गिहिधम्मो ।
वेअग सव्वचारित्तं, दाणाइ य मिस्सगा भावा ॥ ६ ॥

અર્થ :—ચાર જ્ઞાન, ત્રણ અજ્ઞાન, ત્રણ દર્શન, ગૃહસ્થધર્મ–દેશવિરતિ, વેદક (ક્ષયોપશમ) સમકિત, સર્વવિરતિ–ચારિત્ર અને દાનાદિક પાંચ લબ્ધિઓ. એ મિશ્રભાવના ૧૮ ભેદ જાણવા. (ક્ષયોપશમભાવનાં પર્યાય નામ મિશ્ર તથા વેદક પણ છે.)

ભાવાર્થ :—**ક્ષયોપશમભાવના અઢાર ભેદ** -:

૧–૪ કેવલજ્ઞાન સિવાયના મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ–ચાર જ્ઞાન

૫–૭ મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન – ત્રણ અજ્ઞાન

આ સાત જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમથી થાય.

૧–૧૦ ચક્ષુ, અચક્ષુ, અવધિ ત્રણદર્શન

દર્શનાવરણીયકર્મના ક્ષયોપશમથી થાય.

૧૧ વેદકસમકિત દર્શનમોહનીયકર્મના ક્ષયોપશમથી થાય.

૧૨ દેશવિરતિ

૧૩ સર્વવિરતિ ચારિત્રમોહનીયકર્મના ક્ષયોપશમથી થાય.

૧૪–૧૮ દાનાદિ પાંચ લબ્ધિ અંતરાયકર્મના ક્ષયોપશમથી હોય.

દાનાદિ પાંચ લબ્ધિઓ બે પ્રકારે હોય છે.

૧ ક્ષાયિકી – કેવલીને

૨ ક્ષાયોપશમિકી–છદ્મસ્થોને

ઔદયિકભાવના ૨૧ ભેદ :–

अन्नाणमसिद्धताऽसंजम लेसा कसाय गइ वेया ।
मिच्छं तुरिए भव्वा–भव्वत्त जियत्त परिणामे ॥ ७ ॥

અર્થ :—અજ્ઞાન, અસિદ્ધત્વ, અસંયમ, ૬ લેશ્યા, ૪ કષાય, ૪ ગતિ, ૩ વેદ, મિથ્યાત્વ એમ ૨૧ ચોથા ઔદયિક=ભાવના ભેદ છે, ભવ્યત્વ, અભવ્યત્વ અને જીવત્વ એ ત્રણ પારિણામિકભાવના ભેદ છે.

ભાવાર્થ :—**ઔદયિકભાવના ૨૧ ભેદ**

૧	જ્ઞાનાવરણીયકર્મના ઉદયથી	અજ્ઞાન
૨	આઠકર્મના ઉદયથી	અસિદ્ધત્વ
૩	પ્રત્યાખ્યાનાવરણીયના ઉદયથી	અસંયમ
૪–૯	કષાયમોહનીયકર્મના ઉદયથી– અથવા આઠેકર્મના ઉદયથી અથવા યોગપરિણામરૂપ	કૃષ્ણાદિ છ લેશ્યા (કૃષ્ણ–નીલ–કાપોત-તેજો–પદ્મ–શુક્લ)
૧૦–૧૩	કષાયમોહનીયકર્મના ઉદયથી	ચાર કષાય (ક્રોધ, માન, માયા, લોભ)
૧૪–૧૭	ગતિનામકર્મના ઉદયથી	ચાર ગતિ (દેવ–મનુષ્ય–તિર્યંચ–નરક)
૧૮–૨૦	નોકષાયમોહનીયકર્મના ઉદયથી	ત્રણ વેદ (સ્ત્રી–પુરૂષ–નપુંસક વેદ)
૨૧	મિથ્યાત્વમોહનીયકર્મના ઉદયથી	મિથ્યાત્વ

અહીં ઔદયિકભાવના પાંચનિદ્રા, સાતા, અસાતા અને હાસ્ય, રતિ વગેરે કર્મોદયથી થયેલા બીજા પણ ઘણા ભેદ જાણવા. આ પ્રકરણમાં એકવીશની સંખ્યા પૂર્વ શાસ્ત્રના અનુસારે કહેલી છે.

પારિણામિક ભાવના ૩ ભેદ :–

૧.	ભવ્યપણાનો ભાવ તે	ભવ્યત્વ
૨.	અભવ્યપણાનો ભાવ તે	અભવ્યત્વ
૩.	જીવપણાનો ભાવ તે	જીવત્વ

એએનું એ પ્રમાણે જ સદા પરિણમન છે. કારણ કે ભવ્ય તે અભવ્ય ન થાય, અભવ્ય તે ભવ્ય ન થાય અને જીવ અજીવ ન થાય.

આ રીતે પાંચ ભાવના ઉત્તરભેદ ૫૩ જાણવા.

ઔપશમિક	ક્ષાયિક	ક્ષાયોપશમિક	ઔદયિક	પારિણામિક
૨	૯	૧૮	૨૧	૩

ધર્માસ્તિકાયાદિ આઠ દ્વારોમાં ઔપશમિકાદિ ભાવો:-

आइम चउदारेसु य, भावो परिणामगो य णायव्वो ।
खंधे परिणामुदओ, पंचविहा हुंति मोहंमि ॥ ८ ॥

અર્થ :—પ્રથમના ચાર દ્વારોમાં પારિણામિક ભાવ જાણવો. સ્કંધમાં પારિણામિક અને ઔદયિકભાવ અને મોહનીયકર્મમાં પાંચે ભાવ હોય.

ભાવાર્થ :—૧. ધર્માસ્તિકાય ૨. અધર્માસ્તિકાય, ૩. આકાશાસ્તિકાય અને ૪ કાળ એ ચાર દ્વારોમાં એક પારિણામિકભાવ જ હોય.

કારણ કે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અનાદિ કાળથી આરંભી જીવ અને પુદ્ગલોને અનુક્રમે ગતિમાં તથા સ્થિતિમાં ઉપષ્ટંભ આપવાના અને અવકાશ આપવાના પરિણામમાં પરિણત છે.

તથા કાળ પણ આવલિકાદિ પરિણામમાં પરિણત હોવાથી અનાદિ પારિણામિક-ભાવમાં વર્તવાપણું છે.

પાંચમા સ્કન્ધદ્વારમાં એટલે પુદ્ગલસ્કંધમાં પારિણામિક અને ઔદયિક એ બે ભાવો હોય.

તેમાં દ્વયણુકાદિ (બે પરમાણુના બનેલા વિગેરે) સ્કંધોમાં કાળ આશ્રયિ સાદિપણું હોવાથી સાદિપારિણામિકભાવ જાણવો અને

મેરૂ વિગેરે જે સ્કન્ધો છે તે અનાદિકાળથી તે રૂપે પરિણમેલા હોવાથી અનાદિ પારિણામિક ભાવ જાણવો.

તથા જે અનંત પરમાણુના સ્કંધો છે, જેને જીવ કર્મરૂપે પરિણમાવે છે, તેનો કર્મરૂપે ઉદય હોવાથી તેવા સ્કંધોમાં ઔદયિકભાવ પણ છે તે આવી રીતે-

શરીરાદિ નામકર્મના ઉદયથી થયેલ ઔદારિકાદિ સ્કન્ધોનો ઔદારિક શરીરપણે ઉદય તે ઔદયિકભાવ જાણવો.

જે છૂટા પરમાણુઓ છે તેમાં જીવના ગ્રહણનો અભાવ હોવાથી ઔદયિકભાવ નથી, તેમાં ફક્ત પારિણામિકભાવ જ હોય છે.

૬. **કર્મદ્વાર** :—મોહનીયકર્મમાં પાંચે ભાવ હોય છે.

૧. **ઔપશમિકભાવ** :—મોહનીયકર્મની ભસ્મથી ઢંકાયેલ અગ્નિની જેમ અનુદય અવસ્થા તે ઔપશમિકભાવ. અહીં સર્વોપશમ લેવો પણ દેશોપશમ નહિ. દેશોપશમ સર્વે કર્મોમાં હોય છે.

૨. **ક્ષયોપશમભાવ** :—મોહનીયકર્મ ઉદયમાં આવ્યું તેના ક્ષયથી અને અનુદયના ઉપશમથી થયેલ ભાવ તે ક્ષયોપશમભાવ.

૩. **ક્ષાયિકભાવ** :—મોહનીયકર્મનો આત્યન્તિક એટલે ફરીથી બંધ ન થાય તેવો નાશ તે ક્ષાયિકભાવ.

૪. **ઔદયિકભાવ** :—મોહનીયકર્મનો ઉદય તે ઔદયિકભાવ. સર્વે સંસારી જીવોને આઠે કર્મનો ઉદય હોય છે.

૫. **પારિણામિકભાવ** :—જીવપ્રદેશોની સાથે સંપૂર્ણપણે એકમેક થવું તે પારિણામિકભાવ.

અથવા તે તે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને અધ્યવસાયની અપેક્ષાએ તથાપ્રકારે સંક્રમાદિરૂપે જે પરિણમન તે પારિણામિકભાવ.

આ પ્રમાણે મોહનીયકર્મમાં પાંચે ભાવ સમજવા.

શેષ ૭ કર્મોમાં ભાવ :-

दंसणनाणावरणे, विग्घे विणुवसम हुंति चत्तारि ।
वेयाउनामगोए, उवसममीसेण रहिआओ ॥ ९ ॥

અર્થ :—દર્શનાવરણીય, જ્ઞાનાવરણીય અને અંતરાયકર્મમાં ઉપશમ વિના ચાર ભાવ હોય અને વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર કર્મમાં ઉપશમ અને મિશ્ર રહિત બાકીના ત્રણ ભાવ હોય.

ભાવાર્થ :—દર્શનાવરણીય, જ્ઞાનાવરણીય અને અંતરાય એ ત્રણ કર્મમાં ઉપશમ વિના ચાર ભાવ હોય. આ કર્મોનો ઉપશમ થતો નથી માટે ઔદયિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક અને પારિણામિક એ ચાર ભાવ હોય.

તેમાં પણ કેવલજ્ઞાનાવરણીય અને કેવલદર્શનાવરણીયના વિપાકોદયના વિષ્કંભનો અભાવ હોવાથી તેના ક્ષયોપશમનો અસંભવ છે.

બાકીના ચાર કર્મ વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્રમાં ઔપશમિક અને મિશ્ર તે ક્ષાયોપશમિક એ બે વિના બાકીના ક્ષાયિક, ઔદયિક અને પારિણામિક એ ત્રણ ભાવ હોય.

કર્મ—	જ્ઞાના૦	દર્શ૦	વેદ૦	મોહ૦	આયુ૦	નામ૦	ગોત્ર૦	અંત૦
ભાવ—	૪	૪	૩	૫	૩	૩	૩	૪

૭ મું ગતિદ્વારઃ-

चउसु वि गइसु पण पण, खाइअ परिणाम हुंति सिद्धिए ।
अह जीवेसु अ भावे, भणामि गुणठाणरूवेसु ॥ १० ॥

અર્થ :—ચારે ગતિમાં પાંચ પાંચ ભાવ હોય છે. સિદ્ધગતિમાં ક્ષાયિકભાવ અને પારિણામિક એ બે ભાવો હોય છે.

ભાવાર્થ :-નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવતા એ ચારે ગતિમાં,

પાંચ ભાવો :-

૧. ઔપશમિકભાવે ઉપશમસમકિત.
૨. ક્ષાયિકભાવે ક્ષાયિકસમકિત.
૩. ક્ષાયોપશમિકભાવે ઈંદ્રિયો.
૪. ઔદયિકભાવે નરકગત્યાદિ.
૫. પારિણામિકભાવે જીવત્વાદિ.

સિદ્ધિગતિમાં ભાવો :-પાંચમી સિદ્ધિગતિમાં ક્ષાયિક અને પારિણામિક બે જ ભાવ હોય છે.

કેવળજ્ઞાનાદિ ક્ષાયિકભાવે.
જીવત્વ પારિણામિકભાવે.

ગુણસ્થાને વર્તતા જીવોમાં ભાવો :-

मीसोदयपरिणामाएएभावा भवन्ति पढमतिगे ।
अग्गे अट्ठसु पण पण, उवसम विणु हुंति खीणंमि ॥११॥

અર્થ : પહેલા ત્રણ ગુણસ્થાનકે મિશ્ર, ઔદયિક અને પારિણામિક એ ત્રણ ભાવ, પછીના આઠ ગુણસ્થાનકે પાંચ ભાવ અને ક્ષીણમોહગુણસ્થાનકે ઉપશમભાવ રહિત ચાર ભાવ હોય છે.

खइयोदयपरिणामा, तिन्नि य भावा भवन्ति चरमदुगे ।
एसिं उत्तरभेआ, भणामि मिच्छाइगुणठाणे ॥ १२ ॥

અર્થ :-ક્ષાયિક, ઔદયિક અને પારિણામિક આ ત્રણ ભાવ છેલ્લા બે ગુણઠાણે હોય છે.

ભાવાર્થ :-ગુણસ્થાનકે ભાવો :

૧-૨-૩ મિથ્યાત્વગુણસ્થાનક, સાસ્વાદનગુણસ્થાનક અને મિશ્રગુણસ્થાનકે ૩ ભાવો
૧ મિશ્ર-ક્ષયોપશમભાવે ઇન્દ્રિયાદિ.
૨ ઔદયિકભાવે ગત્યાદિ.
૩ પારિણામિકભાવે જીવત્વાદિ.

૩ થી ૮ અવિરતિ, દેશવિરતિ, પ્રમત્ત, અપ્રમત્ત, અપૂર્વકરણ, અનિવૃત્તિબાદર, સૂક્ષ્મ-સંપરાય, ઉપશાંતમોહગુણસ્થાનકે પાંચ ભાવો :

(૧) ઉપશમભાવે ઉપશમસમકિત ૪ થી ૧૧ ગુણસ્થાનક સુધી.

(૨) ક્ષાયિકભાવે ક્ષાયિકસમકિત ૪ થી ૧૧ ગુણસ્થાનક સુધી.

(૩) ક્ષયોપશમભાવે ક્ષાયોપશમિક ઇન્દ્રિયાદિ તથા.

,, ક્ષયોપશમ સમકિત ૪ થી ૭ ગુણસ્થાનક સુધી.

આગળ ૮ થી ૧૧ ચાર ગુણસ્થાનકે ક્ષયોપશમિકી ઇન્દ્રિયાદિ જ હોય છે, ક્ષયોપશમસમકિત હોતું નથી.

કારણ : સમકિતમોહનીયના ઉદયથી ક્ષયોપશમસમકિત હોય છે અને તેનો ઉદય સાતમા ગુણસ્થાનક સુધી જ હોય છે.

(૪) ઔદયિકભાવે ગત્યાદિ.

(૫) પારિણામિકભાવે જીવત્વાદિ.

૧૨ ક્ષીણમોહ ગુણસ્થાનકે ચાર ભાવો :

(૧) ક્ષયોપશમભાવે ઇન્દ્રિયાદિ

(૨) ઔદયિકભાવે ગત્યાદિ

(૩) પારિણામિકભાવે જીવત્વાદિ

(૪) ક્ષાયિકભાવે ક્ષાયિકસમકિત અને ક્ષાયિકચારિત્ર.

ઉપશમભાવ મોહનીયકર્મનો હોય છે તે મોહનીયનો ક્ષપકને દશમે ગુણસ્થાનકે સર્વથા ક્ષય થયેલ હોવાથી તે ભાવ બારમે ગુણસ્થાનકે હોતો નથી.

૧૩-૧૪ સયોગિકેવલી અને અયોગિકેવલિ ગુણસ્થાનકે.

ત્રણ ભાવો :

(૧) ક્ષાયિકભાવે કેવલજ્ઞાનાદિ.

(૨) ઔદયિકભાવે ગત્યાદિ.

(૩) પારિણામિકભાવે જીવત્વાદિ.

ગુણસ્થાનકે	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪
મૂળભાવ	૩	૩	૩	૫	૫	૫	૫	૫	૫	૫	૫	૪	૩	૩

ગુણસ્થાનકમાં ઉત્તરભેદ :

मिच्छे तह सासाणे, खाओसमिया भवंति दस भेया ।
दाणाइपणग चक्खु य, अचक्खु अन्नाण तिअगं च ॥ १३ ॥

અર્થ : મિથ્યાત્વે તથા સાસ્વાદને ક્ષાયોપશમિકભાવે દાનાદિ પાંચ (દાન, લાભ,

ભોગ, ઉપભોગ, વીર્ય,) લબ્ધિઓ, ચક્ષુદર્શન, અચક્ષુદર્શન અને અજ્ઞાનત્રિક (મતિ અજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, વિભંગજ્ઞાન) એ પ્રમાણે દશ ભેદ હોય છે.

मिस्से मिस्सं सम्मं, तिदंस दाणाइपणग नाणतिगं ।
तुरिए बारस नवरं, मिस्सच्चाएण सम्मत्तं ॥ १४ ॥

અર્થ:-મિશ્રગુણસ્થાનકે મિશ્રસમકિત, ત્રણ દર્શન, દાનાદિ પાંચ અને જ્ઞાનત્રિક એ બાર ભાવ હોય છે. ચોથે ગુણસ્થાનકે પણ બાર ભાવ હોય છે, પરંતુ એટલું વિશેષ કે મિશ્ર સ્થાને ક્ષયોપશમસમકિત હોય.

ભાવાર્થ : ત્રીજા મિશ્રગુણસ્થાનકે:-મિશ્રસમકિત, ચક્ષુદર્શન, અચક્ષુદર્શન અને અવધિદર્શન એ ત્રણ દર્શન, દાનાદિ પાંચ લબ્ધિઓ અને જ્ઞાનત્રિક એ બાર ક્ષયોપશમભાવ હોય.

અહીં જ્ઞાન અજ્ઞાનમાં કોઈવાર જ્ઞાનની, કોઈવાર અજ્ઞાનની બાહુલ્યતા હોય અથવા બંનેની સમાનતા પણ હોય.

અહીં જ્ઞાનત્રિક કહ્યું તે જ્ઞાનની બાહુલ્યતાની વિવક્ષાએ કહ્યું.

તથા અહીં અવધિદર્શન કહ્યું તે સિદ્ધાંતના મતની અપેક્ષાએ જાણવું.

ચોથા અવિરતિગુણસ્થાનકે:-મિશ્રમાં કહ્યા તે જ બાર ક્ષયોપશમભાવ હોય. ફક્ત મિશ્રસમકિતને બદલે ક્ષયોપશમસમકિત જાણવું.

सम्मुत्ता ते बारस, विरइक्खेवेण तेर पंचमए ।
छट्ठे तह सप्तमए, चउदस मणनाणखेविकए ॥१५॥

અર્થ:-ચોથા ગુણસ્થાનકે કહેલ બારભાવમાં દેશવિરતિ સહિત પાંચમે ગુણસ્થાનકે તેરભાવ હોય, છઠ્ઠે તથા સાતમે ગુણસ્થાનકે મનઃપર્યવજ્ઞાન સહિત ચૌદ ભાવ હોય.

ભાવાર્થ:-**પાંચમે ગુણસ્થાનકે તેર ભાવ**:-

પૂર્વોક્ત ૧૨ + દેશવિરતિ = ૧૩ ભાવ.

છઠ્ઠે તથા સાતમેગુણ સ્થાનકે ચૌદ ભાવ:—

પૂર્વોક્ત ૧૩ + મન : પર્યવજ્ઞાન = ૧૪ ભાવ.

પાંચમા ગુણસ્થાનકે કહેલ તેર ભાવમાંથી દેશવિરતિના સ્થાને સર્વવિરતિ જાણવું.

अट्ठमनवमदसमे, विणुसम्मत्तेण होइ तेरसगं ।
उवसंतखीणमोहे, चरित्तरहिआ य बार भवे ॥१६॥

અર્થ:-આઠમે, નવમે અને દશમે ગુણસ્થાનકે ક્ષયોપશમસમકિત રહિત તેર ભાવ તથા ઉપશાંતમોહ અને ક્ષીણમોહગુણસ્થાનકે ક્ષયોપશમભાવના ચારિત્ર રહિત બાર ભાવ હોય.

ભાવાર્થ : -૮-૯-૧૦ મે ગુણઠાણે ૧૩ ભાવ: -દર્શનત્રિક, દાનાદિ પાંચ લબ્ધિઓ, જ્ઞાનચતુષ્ક અને સર્વવિરતિ (ક્ષયોપશમભાવનું ચારિત્ર) ક્ષયોપશમસમકિત ચોથાથી સાતમા સુધીના ચાર ગુણઠાણે જ હોય.

૧૧-૧૨ મે ગુણઠાણે ૧૨ ભાવ :-

પૂર્વોક્ત ૧૩ ભાવમાંથી ક્ષયોપશમચારિત્ર રહિત ૧૨ ભાવ હોય.

૧૩ મે તથા ૧૪મે ગુણઠાણે ક્ષયોપશમભાવ જ નથી.

ગુણસ્થાનકમાં ઔદયિકભાવના ઉત્તરભેદ –

अन्नाणाऽसिद्धत्तं लेसाऽसंजम कषाय गइ वेया ।
मिच्छत्तं मिच्छत्ते, भेया उदयस्स इगवीसं ॥ १७ ॥

અર્થ : ૧ અજ્ઞાન, ૧ અસિદ્ધત્વ, ૬ લેશ્યા, ૧ અસંયમ, ૪ કષાય, ૪ ગતિ, ૩ વેદ, ૧ મિથ્યાત્વ, એ ઔદયિકભાવના ૨૧ ભેદ મિથ્યાત્વગુણસ્થાનકે હોય છે.

बियए मिच्छत्तविणा ते, वीसं भेया भवंति उदयस्स ।
तइए तुरिए दसनव, विणुअन्नाणेण णायव्वा ॥ १८ ॥

અર્થ : બીજા ગુણસ્થાનકે મિથ્યાત્વ રહિત ઔદયિકભાવના વીશ ભેદ તથા ત્રીજે અને ચોથે ગુણસ્થાનકે અજ્ઞાન વિના ઓગણીશ ભેદ જાણવા.

देसे सत्तरस नारग-गइ देवगइण अभावओ हुंति ।
तिरिगइ असंजमाओ-उदए छट्ठस्स न भवंति ॥ १९ ॥

અર્થ :-દેશવિરતિગુણસ્થાનકે નરકગતિ અને દેવગતિ વિના સત્તર ભાવ તથા પ્રમત્તગુણસ્થાનકે તિર્યંચગતિ અને અસંયમનો ઉદય ન હોવાથી પંદર ભાવ હોય.

आइतिलेसाऽभावे, बारसभेया भवंति सत्तमए ।
तेउपम्हाऽभावे, अट्ठमनवमे य दसभेया ॥ २० ॥

અર્થ :-સાતમે ગુણસ્થાનકે પ્રથમની ત્રણ લેશ્યા રહિત બાર ભેદો, તથા તેમાંથી તેજોલેશ્યા અને પદ્મલેશ્યા વિના આઠમે અને નવમે ગુણસ્થાનકે દશ ભેદ હોય.

आइमकसायतियगं, वेयतिगविणा भवंति चत्तारि ।
दसमे उवरिमतियगे, लोभविणा हुंति तिन्नेव ॥ २१ ॥
चरमगुणेऽसिद्धत्तं, मणुआणगई तहा य उदयंमि ।

અર્થ : પ્રથમના ત્રણ કષાય અને ત્રણ વેદ વિના દશમે ગુણસ્થાનકે ચાર ભાવ ૧૧-૧૨-૧૩-એમ ત્રણ ગુણસ્થાનકે લોભ વિના ત્રણ ભાવ તથા છેલ્લા ચૌદમા ગુણસ્થાનકે અસિદ્ધત્વ અને મનુષ્યગતિ એ બે ઔદયિકભાવ હોય.

ભાવાર્થ : ૧૪ ગુણસ્થાનકમાં ઔદયિકભાવો :-

૧ **મિથ્યાત્વગુણસ્થાનક :** ઉપર જણાવ્યા મુજબ ૨૧ ભાવો હોય.

૨ **સાસ્વાદનગુણસ્થાનક :** મિથ્યાત્વ વિના ૨૦ ભાવ.

કારણ : મિથ્યાત્વનો ઉદય પ્રથમ ગુણસ્થાનકે જ હોય પછી ન હોય.

૩ **મિશ્ર ગુણસ્થાનક** | અજ્ઞાન વિના ૧૯ ભાવ હોય.
૪ **અવિરતિગુણસ્થાનક** | તે આ પ્રમાણે :

૧ અસિદ્ધત્વ, ૬ લેશ્યા, ૧ અસંયમ, ૪ કષાય, ૪ ગતિ, ૩ વેદ.

૫ **દેશવિરતિ ગુણસ્થાનક :** નરકગતિ અને દેવગતિ વિના ૧૭ ભાવ હોય.

કારણ : નરકગતિ અને દેવગતિમાં ૧ થી ૪ ગુણસ્થાનક જ હોય છે.

૬ **પ્રમત્તસંયતગુણસ્થાનક :** તિર્યંચગતિ અને અસંયમ વિના ૧૫ ભાવ હોય.

કારણ : તિર્યંચગતિમાં પાંચ ગુણસ્થાનક જ હોય તથા છટ્ઠે સંયમ હોવાથી અસંયમ ન હોય.

તેથી ૧ અસિદ્ધત્વ, ૬ લેશ્યા, ૪ કષાય, ૧ મનુષ્યગતિ, ૩ વેદ એ ૧૫ ભાવ હોય.

૭. **અપ્રમત્તસંયતગુણસ્થાનક :**—ત્રણ લેશ્યા વિના બાકીના ૧૨ ભાવ હોય.

તે આ પ્રમાણે :-૧, અસિદ્ધત્વ, ત્રણ શુભ લેશ્યા, ચાર કષાય, મનુષ્યગતિ અને ત્રણ વેદ.

કારણ :-પ્રથમની ત્રણ લેશ્યાનો ઉદય છઠ્ઠા ગુણસ્થાનક સુધી જ હોય.

૮. **અપૂર્વકરણગુણસ્થાનક –** | તેજોલેશ્યા અને
૯. **અનિવૃત્તિબાદરસંપરાયગુણસ્થાનક–** | પદ્મલેશ્યા વિના બાકીના ૧૦ ભાવ હોય.

કારણ :—આઠમા ગુણસ્થાનકથી શ્રેણિનો પ્રારંભ થાય અને શ્રેણિ શુક્લલેશ્યાએ જ હોય.

૧૦. **સૂક્ષ્મસંપરાયગુણસ્થનાક :**—પ્રથમના ૩ કષાય તથા ત્રણ વેદ વિના બાકીના ૧ અસિદ્ધત્વ, શુક્લલેશ્યા, સંજ્વલનલોભ તથા મનુષ્યગતિ એ ચાર ઔદયિક ભાવ હોય.

૧૧. **ઉપશાંતમોહગુણસ્થાનક –** | સંજ્વલનલોભ વિના
૧૨. **ક્ષીણમોહગુણસ્થાનક –** | બાકીના અસિદ્ધત્વ, શુક્લલેશ્યા,
૧૩. **સયોગિકેવલીગુણસ્થાનક –** | તથા મનુષ્યગતિ એ ત્રણ ભાવ હોય.

૧૪. **અયોગિકેવલીગુણસ્થાનક :**—અસિદ્ધત્વ, મનુષ્યગતિ એ બે ભાવ હોય;

કારણ :—ત્યાં લેશ્યાનો અભાવ છે.

ગુણસ્થાનકમાં ઔપશમિક ભાવના ભેદ :-

તુરિઆઓ ઉવસંતં, ઉવસમસમ્મં ભવે પવરં ॥ ૨૨ ॥
નવમે દસમે સંતે, ઉવસમચરણં ભવે નરાણં ચ,
ખાઇગભેએ ભણિમો, ઇત્તો ગુણઠાણજીવેસુ ॥ ૨૩ ॥

અર્થ :—૪ થી ૧૧ ગુણસ્થાનક સુધી ઉત્તમ એવું ઉપશમસમકિત હોય અને ૯–૧૦–૧૧ ગુણસ્થાનકે મનુષ્યને ઉપશમચારિત્ર પણ હોય.

ભાવાર્થ :—**૧૪ ગુણસ્થાનકે ઔપશમિકભાવના ભેદ :—**

૧–૨–૩ ગુણસ્થાનકે ઔપશમિકભાવ ન હોય.

૪ થી ૮ ગુણસ્થાનકે ઔપશમિકસમ્યક્ત્વ રૂપ એક ઔપશમિકભાવ હોય.

૯–૧૦–૧૧ ગુણસ્થાનકે ઉપશમસમકિત અને ઉપશમચારિત્રરૂપ બે ઔપશમિકભાવ મનુષ્યને હોય.

૧૨–૧૩–૧૪ ગુણસ્થાનકે ઉપશમભાવ ન હોય.

ગુણસ્થાનકમાં ક્ષાયિકભાવના ઉત્તરભેદ :-

ખાઇગસંમત્તં પુણ, તુરિઆઇગુણટ્ઠગે સુએ ભણિયં ।
ખીણે ખાઇગસમ્મં, ખાઇગચરણં ચ જિણકહિઅં ॥ ૨૪ ॥

અર્થ :—ક્ષાયિકસમકિત ૪ થી ૧૧ (આઠ ગુણસ્થાનકે) ગુણસ્થાનક સુધી સૂત્રમાં કહ્યું છે તથા ક્ષીણમોહ ગુણસ્થાનકે ક્ષાયિકસમકિત તથા ક્ષાયિકચારિત્ર જિનેશ્વરે કહ્યું છે.

દાણાઈલદ્ધિપણગં, કેવલજુઅલં સમત્ત તહ ચરણં ।
ખાઇગભેઆ એએ, સજોગિચરમે ય ગુણઠાણે ॥ ૨૫ ॥

અર્થ :—સયોગી તથા અયોગી ગુણસ્થાનકે દાનાદિ પાંચ લબ્ધિઓ, કેવળજ્ઞાન અને કેવળદર્શન, ક્ષાયિકસમકિત તથા ક્ષાયિકચારિત્ર એ નવ ક્ષાયિકભાવના ભેદ હોય.

૧૪ ગુણસ્થાનકમાં ક્ષાયિકભાવના ભેદ :—

૧–૨–૩ ગુણસ્થાનકે–ક્ષાયિકભાવ ન હોય

૪ થી ૧૧ ગુણસ્થાનકે–ક્ષાયિકભાવનું સમ્યક્ત્વ જ હોય

૧૨ ગુણસ્થાનકે–ક્ષાયિકસમકિત અને ક્ષાયિકચારિત્ર એ બે ભાવ હોય,

૧૩–૧૪ ગુણસ્થાનકે–દાનાદિ પાંચ લબ્ધિ, કેવળજ્ઞાન, કેવલદર્શન, ક્ષાયિકસમકિત અને ક્ષાયિકચારિત્ર એ નવ ક્ષાયિકભાવ હોય છે.

ગુણસ્થાનકમાં પારિણામિકભાવના ભેદ :-

જીવત્તમભવ્વત્તં, ભવ્વત્તં આઇમે અ ગુણઠાણે ।
સાસણા જા ખીણંતં, અભવ્વવજ્જા ય દો ભેયા ॥ ૨૬ ॥

અર્થ :—જીવત્વ, અભવ્યત્વ અને ભવ્યત્વ એ ત્રણ ભાવ પ્રથમ ગુણસ્થાનકે હોય, સાસ્વાદનથી ક્ષીણમોહના અંત સુધી અભવ્યત્વ વર્જીને ભવ્યત્વ અને જીવત્વ બે ભાવ હોય.

चरमे दुअगुणठाणे भव्वत्तं वज्जिऊण जीवत्तं ।
एए पंच वि भावा, परूविआ सव्वगुणठाणे ॥ २७ ॥

અર્થ :—છેલ્લા બે ગુણસ્થાનકે ભવ્યત્વ વર્જીને એક જીવત્વ પારિણામિકભાવે હોય. આ રીતે આ પાંચે ભાવ સર્વ ગુણસ્થાનકે કહ્યા.

ભાવાર્થ ;—ચૌદ ગુણસ્થાનકે પારિણામિકભાવ :—

૧ લા ગુણસ્થાનકે-જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ એ ત્રણ ભાવ.

૨ થી ૧૨ ગુણસ્થાનકે-જીવત્વ અને ભવ્યત્વ એ બે ભાવ. મોક્ષગમનને અયોગ્યનો ભાવ તે અભવ્યત્વ. સાસ્વાદને આવનાર તો અવશ્ય ભવ્ય જ હોય માટે અભવ્યત્વ મિથ્યાત્વે જ હોય.

૧૩-૧૪ ગુણસ્થાનકે-જીવત્વરૂપ એક પારિણામિકભાવ હોય.

મોક્ષગમનને યોગ્યપણું તે ભવ્યત્વ. અહીં આસન્નસિદ્ધિ હોવાથી એટલે મોક્ષમાં જવાનું નિકટ હોવાથી અથવા બીજા કોઇ પણ કારણથી છેલ્લા બે ગુણસ્થાનકે ભવ્યત્વ કહ્યું નથી.

આ પ્રમાણે મિથ્યાત્વાદિ ૧૪ ગુણસ્થાનકે પાંચે ભાવો તથા તેના ઉત્તરભેદો કહ્યા.

ચૌદ ગુણસ્થાનકમાં પાંચે ભાવના કુલ ઉત્તરભેદો :—

चउतीसा बत्तीसा, तित्तीसा तह य होइ पणतीसा ।
चउतीसा तित्तीसा, तीसा सगवीस अडवीसा ॥ २८ ॥
बावीस वीस एगुण-वीस तेरस य बारस कमेण ।
एए अ सन्निवाइअ, भेया सव्वे य गुणठाणे ॥ २९ ॥

અર્થ :—૧ ચોત્રીશ, ૨ બત્રીશ, ૩ તેત્રીશ, ૪ પાંત્રીશ, ૫ ચોત્રીશ, ૬ તેત્રીશ, ૭ ત્રીશ, ૮ સત્તાવીશ, ૯ અઠ્ઠાવીશ, ૧૦ બાવીશ, ૧૧ વીશ, ૧૨ ઓગણીશ, ૧૩ તેર, અને ૧૪ બાર, અનુક્રમે સન્નિપાતિકના ભેદો સર્વ ગુણસ્થાનકે જાણવા.

ભાવાર્થ :— ૧૪ ગુણસ્થાનકે પાંચ ભાવના ઉત્તરભેદો :—

૧ મિથ્યાત્વ ગુણસ્થાનક-ઔદયિકના-૨૧, ક્ષાયોપશમિક-૧૦,દાનાદિ લબ્ધિ-૫ પહેલા બે દર્શન, અજ્ઞાનત્રિક, પારિણામિક-**૩** ભાવ. કુલ ૩૪ ભાવ.

૨ સાસ્વાદન ગુણસ્થાનકે–**૩૨ ભાવ**–મિથ્યાત્વ વિના ઔદયિકભાવના–૨૦, ક્ષાયોપશમિક ભાવ–૧૦ પારિણામિકના અભવ્યત્વ વિના–૨

૩ મિશ્રગુણસ્થાનકે–**૩૩ ભાવ**–અજ્ઞાન વિના ઔદયિકભાવના–૧૯ ભેદ. ક્ષાયોપશમિક ભાવે પૂર્વના દશ તથા મિશ્રસમકિત અને અવધિદર્શન સહિત ૧૨ ભેદ તેમાં અજ્ઞાન મિશ્રિત જ્ઞાન–૩ સમજવા. પારિણામિકભાવ–૨ ભેદ.

૪ અવિરતિ ગુણસ્થાનકે–**૩૫ભાવ**–ઉપશમભાવનું સમ્યક્ત્વ–૧, ક્ષાયિકભાવનું સમ્યક્ત્વ–૧, ક્ષાયોપશમિક ભાવના–૩ જ્ઞાન, ૩ દર્શન, ૫ લબ્ધિ અને સમ્યક્ત્વ એ ૧૨ ભેદ. ઔદયિકભાવના–પૂર્વોક્ત ૧૯ ભેદ પારિણામિકભાવ–૨.

૫ દેશવિરતિ ગુણસ્થાનકે **૩૪ ભાવ**–ઉપશમભાવ ૧ સમ્યક્ત્વ, ક્ષાયિકભાવ–૧ સમ્યક્ત્વ. ક્ષાયોપશમિકભાવ પૂર્વોક્ત ૧૨ + ૧ દેશવિરતિ=૧૩, ઔદયિકભાવ–નરકગતિ અને દેવગતિ વિના–૧૭, પારિણામિકભાવ–૨.

૬ પ્રમત્તસંયત ગુણસ્થાનકે–**૩૩ ભાવ** ઉપશમભાવ–૧ સમ્યક્ત્વ, ક્ષાયિકભાવ–૧ સમ્યક્ત્વ, ક્ષાયોપશમિકભાવ–પૂર્વના ૧૩ મા દેશવિરતિ રહિત અને સર્વવિરતિ સહિત તથા મનઃપર્યવજ્ઞાન સહિત ૧૪, ઔદયિકભાવ–પૂર્વના ૧૭ માંથી તિર્યંચગતિ અને અસંયમ વિના–૧૫ ભાવ, પારિણામિકભાવ–૨ ભાવ.

૭ અપ્રમત્તસંયતગુણસ્થાનકે **૩૦ ભાવ** ઉપશમભાવ–૧ સમ્યક્ત્વ, ક્ષાયિકભાવ–૧ સમ્યક્ત્વ, ક્ષાયોપશમિકભાવ–પૂર્વોક્ત ૧૪, ઔદયિકભાવ–પૂર્વના ૧૫ માંથી પ્રથમ ત્રણ લેશ્યા વિના–૧૨ ભાવ, પારિણામિકભાવ–૨ ભાવ.

૮ અપૂર્વકરણ ગુણસ્થાનકે–**૨૭ ભાવ** ઉપશમભાવ ૧ સમ્યક્ત્વ, ક્ષાયિકભાવ–૧, સમ્યક્ત્વ. ક્ષાયોપશમિકભાવ પૂર્વના ૧૪ માંથી ક્ષયોપશમ સમ્યક્ત્વ વિના–૧૩ ભાવ.
ઔદયિકભાવ પૂર્વના ૧૨ માંથી તેજો અને પદ્મલેશ્યા વિના–૧૦ ભાવ.
પારિણામિકભાવ–૨ ભાવ.

૯ અનિવૃત્તિ–બાદર–સંપરાય ગુણસ્થાનકે **૨૮ ભાવ** ઉપશમભાવ–૧ સમ્યક્ત્વ–૧ ચારિત્ર ૨ ભાવ, ક્ષાયિકભાવ–૧ સમ્યક્ત્વ, ક્ષયોપશમભાવ–પૂર્વોક્ત ૧૩ ભાવ, ઔદયિકભાવ –પૂર્વોક્ત ૧૦ ભાવ, પારિણામિકભાવ–૨ ભાવ.

૧૦ સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે–**૨૨ ભાવ**. ઉપશમભાવ–સમ્યક્ત્વ–ચારિત્ર–૨ ભાવ, ક્ષાયિક-ભાવ –૧ સમ્યક્ત્વ, ક્ષયોપશમભાવ–પૂર્વોક્ત ૧૩ ભાવ, ઔદયિકભાવ–અસિદ્ધત્વ, શુક્લ-લેશ્યા, સંજ્વલન લોભ, મનુષ્યગતિ–૪ ભાવ પારિણામિકભાવ–૨ ભાવ.

૧૧ ઉપશાંતમોહ ગુણસ્થાનકે–**૨૦ ભાવ**. ઉપશમભાવ–સમ્યક્ત્વ–ચારિત્ર ૨ ભાવ ક્ષાયિક-ભાવ–૧ સમ્યક્ત્વ, ક્ષયોપશમભાવ–પૂર્વોક્ત ૧૩ માંથી ક્ષાયોપશમિક ચારિત્ર વિના

૧૨ ભાવ. ઔદયિકભાવ પૂર્વોક્ત ૪ માંથી સંજ્વલન લોભ વિના–૩ ભાવ. પારિણા-મિકભાવ–૨ ભાવ.

૧૨ ક્ષીણમોહ, ગુણસ્થાનકે, ૧૯ ભાવ ઉપશમભાવ,–૨ ભાવ ન હોય. ક્ષાયિકભાવ–૧ સમ્યક્ત્વ, ૧ ચારિત્ર, ૨ ભાવ. ક્ષયોપશમભાવ–પૂર્વોક્ત–૧૨ ઔદયિકભાવ–૩ પૂર્વોક્ત. પારિણામિકભાવ–૨ ભાવ.

૧૩ સયોગી ગુણસ્થાનકે-૧૩ ભાવ ક્ષાયોપશમિકભાવ–ન હોય. ક્ષાયિકભાવ–દાનાદિ પાંચ લબ્ધિ, કેવળજ્ઞાન, કેવળદર્શન, ક્ષાયિક સમ્યક્ત્વ અને ચારિત્ર–૯ ભાવ–ઔદ-યિકભાવ–૩ ભાવ–પારિણામિકભાવ–૧ જીવત્વ.

૧૪ અયોગિ ગુણસ્થાનકે ૧૨ ભાવ–ક્ષાયિકભાવ–૯ ભાવ, પૂર્વોક્ત–ઔદયિકભાવ–શુક્લ-લેશ્યા વિના અસિદ્ધત્વ અને મનુષ્યગતિ–૨ ભાવ, પારિણામિક ભાવ–૧ જીવત્વ.

सिरि आणंदविमलसूरि, सुसिस्सेण विजयविमलेण ।
लिहियं पगरणमेयं रम्माओ पुव्वगंथाओ ॥ ३० ॥

અર્થ : શ્રી આનંદવિમલસૂરિના સુશિષ્ય વિજયવિમલ મહારાજે, રમ્ય એવા પૂર્વ ગ્રંથમાંથી ઉદ્ધરીને આ ભાવપ્રકરણ લખ્યું છે.

गुणनयन रसेन्दु मिते (१६२३) वर्षे पौषे च कृष्णपञ्चम्याम् ।
अवचूर्णिः प्रकटार्था विहितेयं विजय विमलेन ॥ १ ॥

અર્થ : ગુણ–ત્રણ, નયન–બે, રસ–છ, ઇંદુ એક એટલે ૧૬૨૩ વર્ષે પોષ વદ પાંચમના દિવસે આ ભાવ પ્રકરણની અવચૂર્ણિ પ્રકટ અર્થવાળી શ્રી વિજયવિમલ મહારાજે લખી છે.

વિજયવિમલ વિરચિત ભાવપ્રકરણ
સંપૂર્ણ

શ્રી લઘુપ્રવચનસારોદ્ધાર

(પચ્ચક્ખાણ સંબંધી કલ્પ્યાકલ્પ્ય વિચાર)

આવા વિષમકાળમાં પરમાત્માનું શાસન પ્રબળ પૂન્યોદયે પામ્યા છીએ. એ શાસનમાં આવેલા મહાપુરુષોએ સ્વ-પરના કલ્યાણ માટે જ્યાં સુધી આપણો આત્મા મુક્તિમાં નથી જતો ત્યાં સુધી કેવું જીવન જીવે કે જેથી કર્મબંધથી અટકે ? તેમાં સૌથી વધું કર્મબંધ વિષયોની આસક્તિથી થાય છે તે આસક્તિથી બચવા અને સમજપૂર્વક અવિરતિમાંથી દેશવિરતિ અને સર્વવિરત બનવા સમ્યક્જ્ઞાન થાય તે માટે ઉપયોગી એવું આ લઘુ પ્રવચનસારોદ્ધાર પ્રકરણ છે.

પચ્ચક્ખાણ ભાષ્યનાં પદાર્થોને વિશેષથી સમજાવતા આ પ્રકરણમાં શ્રી શ્રીચંદ્રમુનિવરે ખૂબ જ મહેનત કરી છે.

દશ પ્રકારના પચ્ચક્ખાણ, આગારો, અદ્ધા પચ્ચક્ખાણ, ચાર પ્રકારના આહારનું સ્વરૂપ, અણાહારી એટલે શું ? અનેક વસ્તુઓનું કાળમાન, કચ્ચા ધાન્યની યોનિ કેટલા વર્ષ છે, તે સર્વ પ્રકાર, અચિત્ત-પાણીના પ્રકાર, દ્રાક્ષ-ધાસ વિગેરેનું કાળમાન, ઉપરાંત ઉપવાસ-આયંબિલ નીવીનાં જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટ પ્રકારો પાડીને કયારે શું ઘટે, તે જણાવ્યું છે.

नमिऊण तमाइजिणं, जस्संसे सोहए जडामउडो ।
कप्पाकप्पवियारं पच्चक्खाणे भणिस्सामि ॥ १ ॥
[नत्वा तमादिजिनं, यस्यांसे शोभते जटामुकुटः ।
कल्प्याकल्प्यविचारं प्रत्याख्याने भणिष्यामि ॥ १ ॥]

અર્થ :—જેમના ખભા ઉપર જટારૂપ મુગટ શોભી રહ્યો છે એવાશ્રી **આદિજિનને**-ઋષભદેવ પરમાત્માને નમસ્કાર કરીને પચ્ચક્ખાણમાં શું કલ્પે ને શું ન કલ્પે ? તેનો વિચાર કહીશ. ૧.

શ્રી ઋષભદેવ પરમાત્માએ દીક્ષા લેતી વખતે ઇંદ્રની પ્રાર્થનાથી એક મુષ્ટિ લોચના કેશ રહેવા દઇ ચાર મુષ્ટિ લોચ કર્યો હતો, તે વખતે બાકી રાખેલ શિખાના કેશ ખભા ઉપર પડવાથી તે સુવર્ણમય શરીર ઉપર નીલરત્નમય મુકુટ જેવા લાગતા હતા, તેથી તેની શોભાની અહીં ઉપમા આપી છે.

तिविहं पच्चक्खाणं, दुतिचउविहमेयमित्थ निद्दिट्ठं ।
बहुविहममिग्गहं पुण, चउहाहारं भवे णिच्चं ॥ २ ॥
[त्रिविधं प्रत्याख्यानं, द्वित्रिचतुर्विधभेदमत्र निर्दिष्टम् ।
बहुविधममिग्रहं, पुनश्चतुर्धाहारं भवेनित्यं ॥ २ ॥

અર્થ :—અહીં પચ્ચક્ખાણ દુવિહાર, તિવિહાર અને ચૌવિહાર એમ ત્રણ પ્રકારનું કહ્યું છે, અભિગ્રહ પચ્ચક્ખાણ અનેક પ્રકારનું હોય છે, પરંતુ તે નિત્ય ચૌવિહારનું જ હોય છે. ૨.

દવ્વઓ ખિત્તઓ ચેવ. કાલઓ ભાવઓ તહા ।
પચ્ચક્ખાણં ચઉહા, णાયવ્વં નિઉણબુદ્ધીહિં ॥ ૩ ॥
[દ્રવ્યતઃ ક્ષેત્રતશ્ચૈવ, કાલતો ભાવતસ્તથા ।
પ્રત્યાખ્યાનં ચતુર્ધા, જ્ઞાતવ્યં નિપુણબુદ્ધિભિઃ ॥ ૩ ॥

અભિગ્રહ પચ્ચક્ખાણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી એમ ચાર પ્રકારે નિપુણ-બુદ્ધિવાળા વિચક્ષણપુરુષોએ જાણવું. ૩.

જં જં દવ્વં વત્થુ-મુદ્દિસ્સાણેગદવ્વઓ હોઇ ।
ખેત્તઓ સમયખિત્તં, ભાવેણાહાગહિયભંગ ॥ ૪ ॥
[યદ્યદ્રવ્યં વસ્તૂદ્દિશ્યાનેકદ્રવ્યતો ભવતિ ।
ક્ષેત્રતઃ સમયક્ષેત્ર, ભાવેન યથાગૃહિતભઙ્ગમ્ ॥ ૪ ॥]

જે જે દ્રવ્યને ઉદ્દેશીને કરાતું પચ્ચક્ખાણ, અનેક પ્રકારના દ્રવ્યને ઉદ્દેશીને **કરવામાં આવે** તે દ્રવ્યથી **અભિગ્રહ** પચ્ચક્ખાણ કહેવાય છે. સમયક્ષેત્રમાં—અઢીદ્વીપમાં જે કરાય તે **ક્ષેત્રથી** પચ્ચક્ખાણ કહેવાય છે અને યથાગૃહિત વડે કરેલું પચ્ચક્ખાણ તે **ભાવથી** કહેવાય છે.[1] ૪.

અદ્ધાઓ પુણ દસહા, ભાવપમાણેહિં વણ્ણિયં સમએ ।
અઇયા ૧ णાગય ૨ કોડી-સહિયં ૩ સાગાર ૪ મનિયટ્ટું ॥૫॥
પરિમાણં ૬ વિગઇગયં ૭, સંકેયં ૮ નિરવસેસ ૯ અદ્ધા ૧૦ ય ।
અડમેયં સવિસેસં, સંકેયં અટ્ઠહા હોઇ ॥ ૬ ॥
[અદ્ધાતઃ પુનર્દશધા, ભાવપ્રમાણૈર્વર્ણિતં સમયે ।
અતીતં ૧ અનાગતં ૨ કોટીસહિતં ૩ સાકારં૪ અનિયંત્રિતં ૫ ॥૫॥
પરિમાણં ૬ વિકૃતિગતં ૭, સંકેતં ૮ નિરવશેષં ૯ અદ્ધા ૧૦ ચ ।
અષ્ટમેદં સવિશેષં, સંકેતમષ્ટધા ભવતિ ॥ ૬ ॥

---

૧. અહીં દ્રવ્યભાવ સંબંધી ચતુર્ભંગી આ પ્રમાણે:-૧ દ્રવ્યથી ને ભાવથી સુશ્રાવકને અને મુનિને, ૨ દ્રવ્યથી ખરું પણ ભાવથી નહીં અભવ્યાદિને, ૩ ભાવથી ખરું પણ દ્રવ્યથી નહીં. અવિરતિ-સમકિતદૃષ્ટિ, સંવિજ્ઞપાક્ષિક વિગેરેને. ૪ દ્રવ્યથી પણ નહીં અને ભાવથી પણ નહીં નાસ્તિકાદિ, મિથ્યાદૃષ્ટિ, કુલિંગી વિગેરેને સમજવું.

કાળથી પચ્ચક્ખાણ (ભાવને અનુસરીને સિદ્ધાંતમાં દશ પ્રકારે વર્ણવ્યું છે તે આ પ્રમાણેઃ–અતીત ૧, અનાગત ૨, કોટિસહિત ૩, સાગાર ૪, અનિયટ્ટ[1] (અનિયંત્રિત) ૫, પરિમાણકૃત ૬, વિકૃતિગત[1] ૭, સંકેત ૮, નિરવશેષ ૯ અને અદ્ધા ૧૦. તેમાં પહેલા આઠ ભેદ તે સવિશેષ પચ્ચક્ખાણ કહેવાય, તેમાં આઠમું સંકેત પચ્ચક્ખાણ આઠ પ્રકારનું કહ્યું છે તે આ પ્રમાણે—

अंगुट्ठमुट्ठिगंठी–घरसेउस्सासथिबुगजोइक्खे ।
पच्चक्खाणविचाले–किच्चमिणमभिग्गहेसुवि य ॥ ७ ॥
[अंगुष्ठमुष्टिग्रन्थिगृहस्वेदोच्छ्वासस्तिबुकज्योतिष्कान् ।
प्रत्याख्यानान्तःकृत्यमिदमभिग्रहेष्वपि च ॥ ७ ॥]

અર્થ:— અંગુષ્ટ, મુષ્ટિ, ગ્રંથિ, ઘર, પ્રસ્વેદ, ઉચ્છ્વાસ, સ્તિબુક અને જ્યોતિષ્ક–એમ આઠ પ્રકારનું સંકેત પચ્ચક્ખાણ છે. તે પ્રત્યાખ્યાનના મધ્યમાં એટલે તેની સાથે કરાય છે અને અભિગ્રહ પચ્ચક્ખાણમાં પણ આ થાય છે.

આ આઠ પ્રકારની સમજુતી નીચે પ્રમાણે–મુઠીમાં અંગુઠો રાખીને, મુટ્ઠિ વાળીને, અથવા ગાંઠ છોડીને નવકાર ગણવાને પચ્ચક્ખાણ પારવું તે અંગુટ્ઠસહિયં, મુટ્ઠિસહિયં ને ગંટ્ઠિસહિયં કહેવાય છે. ચોથું અમુક ઘરેથી વહોરવું તે, પાંચમું પ્રસ્વેદ સુકાય નહીં ત્યાં સુધીનું, છટ્ઠું અમુક શ્વાસોશ્વાસ લેતાં સુધીનું, સાતમું અમુક સ્થાને રહેલા પાણીના બિંદુ ન સુકાય ત્યાં સુધીનું અને આઠમું આ જ્યોતિ-દીપક બળે ત્યાં સુધીનું એટલે તેટલી તેટલી મર્યાદાવાળું–એમ આઠ પ્રકાર જાણવા. ૭

पव्वविसेसे पुव्वं, कारिज्जइ जं तवं तमिह भावि ।
गुरु-गण–गिलाण–सिक्खग–तवस्सिकज्जाउलत्तेणं ॥ ८ ॥
[पर्वविशेषे पूर्वं, कार्यते यत्तपस्तदिह भावि ।
गुरूगणग्लानशैक्षकतपस्विकार्याकुलत्वेन ॥ ८ ॥]

હવે દશ પ્રકારના પચ્ચક્ખાણનું વિવરણ કરે છેઃ–ગુરુ, ગણ, ગ્લાન, બાળશિષ્ય, તપસ્વી વિગેરેના કાર્યની આકુળતાવડે પર્વવિશેષમાં થઈ શકે તેમ ન હોય, તે તપ પ્રથમ પર્વ અગાઉ કરી લેવો તે **અનાગતપચ્ચક્ખાણ** કહેવાય છે. ૮.

तेणेव हेउणा जं, किज्जइ तमइक्कमं च विण्णेयं ।
गोसे उववासाइ, काऊण य बीयदिवसे वि ॥ ९ ॥

---

૧. આ દશ પ્રકારમાંથી પચ્ચક્ખાણભાષ્યમાં અનિયટ્ટ ને વિકૃતિગત નથી. તેને બદલે અનાગાર અને નિયંત્રિત બે પ્રકાર છે. એ બંને પ્રકારના તપ આ કાળે થઇ શકતા નથી, માટે ઉપરોક્ત રીતે ગ્રન્થકારે દશ ભેદો ગણાવ્યા છે.

मोसे ति-चउआहारं, पच्चक्खाई तमेव अभत्तट्ठं ।
इय कोडीदुगमिलणे, कोडीसहियंति नामेण ॥ १० ॥
[तेनैव हेतुना यत्क्रियते, तदतिक्रमं च विज्ञेयम् ।
प्रभात उपवासादि, कृत्वा च द्वितीयदिवसेऽपि ॥ ९ ॥
प्रभाते त्रिचतुराहारं, प्रत्याख्याति तदेवाऽभक्तार्थं ।
इति कोटिद्विकमिलने, कोटिसहितमिति नाम्ना ॥ १० ॥]

ગ્લાન આદિના કારણે પર્વમાં ન થઈ શકેલ પર્વસંબંધી તપ પર્વ વ્યતીત થઇ ગયા પછી કરવો તે **અતિક્રમ (अतीत) પચ્ચક્ખાણ** કહેવાય છે. પ્રભાતે ઉપવાસાદિ કરીને બીજે દિવસ પણ પ્રભાતે બીજો તિવિહાર કે ચૌવિહાર ઉપવાસ કરે, તેમાં બે ઉપવાસની કોટી મળી જતી હોવાથી તે **કોટિસહિત** પચ્ચક્ખાણ કહેવાય છે. ૯-૧૦.

अहवा जं जं विहियं, तमसंपुण्णे करेइ जं बीयं ।
अहियं वा ऊणं वा, तं कोडीसहियमुद्दिट्ठं ॥ ११ ॥
[अथवा यद्यद्विहितं, तदसम्पूर्णे करोति यद्वितीयं ।
अधिकं वा ऊनं वा, तत्कोटिसहितमुद्दिष्टम् ॥ ११ ॥]

અથવા જે જે તપ કર્યો હોય તે સંપૂર્ણ થયા અગાઉ બીજો તપ તેથી ઊણ અથવા અધિક કરવામાં આવે તે પણ **કોટિસહિત તપ** પચ્ચક્ખાણ કહેવાય છે. ૧૧.

अमुगदिणम्मि य नियमा, कायव्वोऽमुगतवो चउत्थाइ ।
हिट्ठेण गिलाणेण व, नियट्ठियं तं जिणा बिंति ॥ १२ ॥
[अमुकदिने च नियमात्, कर्तव्यममुकं तपश्चतुर्थादि ।
हृष्टेन ग्लानेन वा, नियंत्रितं तज्जिना ब्रुवन्ति ॥१२॥]

શરીર સ્વસ્થ હોય કે ગ્લાન હોય તો પણ અમુક દિવસે ઉપવાસ આદિ અમુક તપ અવશ્ય કરવો તે તપને જિનેશ્વરો **નિયંત્રિત તપ** કહે છે. ૧૨.

अहवा चंदकलाणं, वुड्ढीहाणीहिं पक्खमुभयदिणे ।
जं कायव्वं णियतं, तं पच्चक्खाणमवि नियट्टी ॥१३॥
[अथवा चन्द्रकलानां, वृद्धिहानिभ्यां पक्षस्योभयदिने ।
यत्कर्तव्यं नियतं, तत्प्रत्याख्यानमपि नियंत्रितं ॥ १३ ॥]

અથવા ચંદ્રકળાની વૃદ્ધિ હાનિની જેમ [1]બંને પક્ષમાં જે તપ નિયમપૂર્વક ઓછોવત્તો કરવામાં આવે, તે તપને પણ **નિયંત્રિત તપ** કહે છે. ૧૩.

---

૧. શુક્લપક્ષમાં જેમ ચંદ્રની કળામાં વૃદ્ધિ થાય છે, તેમ શુક્લપક્ષમાં આહારના કવળની વૃદ્ધિ અને કૃષ્ણપક્ષમાં ચંદ્રકળાની હાનિ થાય છે, એ પ્રમાણે આહારના કવળની હાનિ જે તપમાં કરવામાં આવે તે તપને ચંદ્રકળાવૃદ્ધિહાનિરૂપ નિયંત્રિત તપ કહ્યો છે.

चउदसपुव्विसु जिणकप्पिएसु पढमम्मि चेव संघयणे ।
एयं वोच्छिण्णं चिय, पायं थेराण मो विसयं
(खलु, थेरावि तया करेसी य ॥ आव० नि० गा०१५७३) ॥१४॥
[चतुर्दशपूर्विषु जिनकल्पिकेषु प्रथमस्मिन्नेव संहनने ।
एतद्व्युच्छिन्नं खलु, स्थविरा अपि तदाऽकार्षुः ॥ १४ ॥]

આ નિયંત્રિત તપ ચૌદપૂર્વી, જિનકલ્પી અને પ્રથમ સંઘયણવાળાને માટે છે, તેથી ચૌદપૂર્વી વિગેરેનો વ્યવચ્છેદ થતાં તે તપ પણ વ્યવચ્છિન્ન થયો છે. આ તપ સ્થવિરો પણ ચૌદપૂર્વીના કાળમાં કરતા હતા. ૧૪.

चउचत्ता आगारा, तेहिं जुयं जं तमित्थं सागारं ।
आगारविरहियं पुण, भणियमणागारयं नाम ॥१५॥
[चतुश्चत्वारिंशदाकारास्तैर्युतं यत्तदत्र साकारम् ।
आकारविरहितं पुन-र्भणितमनाकारकं नाम ॥१५॥]

કુલ ચુમ્માલીશ આગારો છે. તેવા આગારવાળો જે તપ, તે **સાગારતપ** કહેવાય છે અને એવા આગાર રહિત જે તપ હોય, તે **અણાગાર તપ** કહેવાય છે. ૧૫.

चउयाला आगारा, पुरिमड्ढे सत्तेव छच्च उदगम्मि ।
एगो य चोलपट्टे, विगईए हुंति चत्तारि ।
सोलस काउस्सग्गे, छच्चेव य दंसणम्मि चत्तारि ।
एगासणम्मि भणिया, अवायपएहिं आगारा ॥ १७ ॥
[चतुश्चत्वारिंशदाकाराः, पूर्वार्धे सप्तैव षडुदके ।
एकश्च चोलपट्टे, विकृतौ भवन्ति चत्वारः ॥ १६ ॥
षोडश कायोत्सर्गे, षडेव च (सम्यग्)दर्शने चत्वारः ।
एकाशने भणिता, अपवादपदैराकाराः ॥ १७ ॥

ચુમ્માલીશ આગારમાંથી પુરિમઢ્ઢમાં સાત, પાણુસ્સના છ, ચોળપટ્ટામાં એક અને વિગયમાં ચાર આગાર હોય છે. ૧૬ (પુરિમઢ્ઢમાં અન્ન૦ સહ૦ પચ્છ૦ દિસા૦ સાહુ૦ મહ૦ સવ્વ૦ એ સાત. લેવ૦ અલેવ૦ અચ્છ૦ બહુ૦ સસિત્થ૦ અસિત્થ૦ એ છ પાણુસ્સના. લેવા૦ ગિહ૦ ઉક્ખિ૦ પડુચ્ચ૦ એ ચાર વિગયના)

સોળ આગાર કાઉસ્સગ્ગના, સમકિતમાં છ આગાર અને એકાસણામાં ચાર આગાર–એ પ્રમાણે અપવાદ પદે ૪૪ આગારો કહ્યા છે. ૧૭.

(સોળમી ગાથામાં કહેલ ૭-૬-૧ ને ૪ અને સત્તરમી ગાથામાં કહેલ ૧૬-૬-૪ એમ કુલ ૪૪ આગાર કહેલા છે.[૧])

महत्तरयागाराइ-आगारेहिं जुयं तु सागारं ।
जं किंचि पच्चक्खाणे, अन्न-सह-दुगं पि कारिज्जा ॥१८॥
[महत्तरकाकाराद्याकारैर्युतं तु साकारम् ।
यत्किंचित्प्रत्याख्याने, अन्य-सह-द्विकमपि कारयेत् ॥ १८ ॥]

જે તપ મહત્તરાગારેણું વિગેરે આગાર સહિત કરવામાં આવે તે **તપ સાગાર** કહેવાય છે, તથા કોઈપણ પચ્ચક્ખાણમાં અન્નત્થણાભોગેણું અને સહસાગારેણું એ બે આગાર પણ કરાવે. ૧૮.

दुब्भिक्ख-वित्ति-कंतार-गाढरोगाइए वि जं कुज्जा ।
संलेहणपमुहेहिं, तमणागारं जिणेहिं मयं ॥१९॥
[दुर्भिक्षवृत्तिकान्तारगाढरोगादिकेऽपि यत्कुर्यात् ।
संलेखनप्रमुखैस्तदनाकारं जिनैर्मतम् ॥१९॥]

દુર્ભિક્ષ, વૃત્તિ અને કાંતાર તેમજ ગાઢ રોગાદિ પ્રસંગે જે સંલેખણા આદિથી પચ્ચક્ખાણ કરવામાં આવે તે જિનેશ્વરોએ **નિરાગાર** પચ્ચક્ખાણ કહેલ છે.

(અહીં દુર્ભિક્ષ એટલે દુકાળ જેમાં ભિક્ષા પણ મળતી ન હોય તે, વૃત્તિ એટલે આજીવિકા ચાલે તેમ ન હોય તે અને કાંતાર-અટવીમાં પડ્યો હોય એટલે જ્યાં ફાસુક આહાર મળી શકે તેવું ન હોય તે પ્રસંગ સમજવો.) ૧૯.

दत्ती-कवल-घरोवहि-पेडाइभिक्खदव्वजोगेहिं ।
जो भत्तपरिच्चायं, करेइ परिमाणकडमेयं ॥२०॥
[दत्तिकवलगृहोपधि-पेटादिभिक्षाद्रव्ययोगैः ।
यो भक्तपरित्यागं, करोति परिमाणकृतमेतत् ॥२०॥]

જે દત્તી, કવળ, ઘર, ઉપધિ, પેટા (ગોચરીની વીથિનો ભેદ) વિગેરે, ભિક્ષા, દ્રવ્ય અને યોગ વિગેરેથી પ્રમાણ કરાયેલું હોય અને (અસંસૃષ્ટાદિ ભેદ) જેમાં તેથી વધારાના ભક્તાદિનો ત્યાગ કરવામાં આવે તે **પરિમાણકૃત પચ્ચક્ખાણ** કહેવાય છે.

---

૧. અન્નત્થ ઊસસિએણું વિગેરે બાર અને એવં આદિ શબ્દથી ચાર એમ કાઉસ્સગ્ગના સોળ આગાર સમજવા. અને સમકિતના રાયાભિઓગેણું, ગણાભિઓગેણું, બલાભિઓગેણું, દેવાભિઓગેણું. ગુરુનિગ્ગહેણં ને વિત્તિકંતારેણું-એ છ આગાર સમજવા. એકાસણામાં સાગારિઆગારેણું, આઉંટણપસારણેણું, ગુરુઅબ્ભુટ્ઠાણેણું અને પારિટ્ઠાવણિયાગારેણું-એ ચાર આગારો પ્રથમ આવેલા આગાર ઉપરાંત સમજવા.

असणं पाणं खाइम–साइममिह चउव्विहं पि वोसिरइ ।
सव्वं तं निरवसेसं, सव्वं सविसेसमण्णं च ।। २१ ।।
[अशनं पानं खादिम–स्वादिममिह चतुर्विधमपि व्युत्सृजति ।
सर्वं तन्निरवशेषं, सर्वं सविशेषमन्यच्च ।। २१ ।।]

અશન, પાન, ખાદ્દિમ ને સ્વાદ્દિમ–એમ ચારે પ્રકારના આહારને સર્વથા વોસિરાવવા –તેનો ત્યાગ કરવો, તે **નિરવશેષ તપ** કહેવાય છે. અને અન્ય સર્વ **સવિશેષ તપ** કહેવાય છે. ૨૧.

केयं गेहं सह तेण, सकेयं केयं चिंधमहवा जं ।
साकेयं संकेयं, संकियमासंकियं चउहा ।। २२ ।।
[केतं गेहं सह तेन, सकेतं केतं चिह्नमथवा यत् ।
साकेतं संकेतं, संकितमासंकितं चतुर्धा ।। २२ ।।]

કેત એટલે ઘર, તે સહિત તે સકેત અથવા કેત એટલે કોઈ ચિહ્નનો સંકેત કર્યો હોય તેવા તપને સાકેત, સંકેત, સંકિતમ ને આસંકિત એમ ચાર પ્રકારે કહ્યા છે. ૨૨.

अद्धा कालो तस्स य, पमाणमद्धं तु जं भवे तमिह ।
अद्धापच्चक्खाणं, दसभेयं पवयणे भणियं ।।२३।।
[अद्धा कालस्तस्य च, प्रमाणमद्धा तु यद्भवेत्तदिह ।
अद्धाप्रत्याख्यानं, दशभेदं प्रवचने भणितम् ।।२३।।]

અદ્ધા એટલે કાળ તેનું જે પચ્ચક્ખાણમાં પ્રમાણ કરવામાં આવે તેને અહીં **અદ્ધાપચ્ચક્ખાણ** કહેવામાં આવે છે. તેના પ્રવચનમાં દશ ભેદ (પ્રકાર) કહ્યા છે. ૨૩.

अद्धापच्चक्खाणे, कालपमाणं न नियमओ भणिओ ।
तहवि हु जहन्नकालो, मुहुत्तमित्तो मुणेयव्वो ।। २४ ।।
[अद्धाप्रत्याख्याने, कालप्रमाणं न नियमतो भणितं ।
तथापि खलु जघन्यकालो, मुहूर्तमात्रो ज्ञातव्यः ।। २४ ।।]

અદ્ધા પચ્ચક્ખાણમાં કાળનું પ્રમાણ નિયમિત (એક સરખું) કહ્યું નથી, તો પણ તેમાં જઘન્ય કાળ તો એક મુહૂર્ત્તનો એટલે બે ઘડીનો સમજવો. (તેથી ઓછો સમજવો નહીં)૨૪.

रयणीपच्चक्खाणस्स, तीरणरूवा सिहा समुद्दिट्ठा ।
नवकारेण समेया, नवकारसी पच्च चूला वा ।। २५ ।।
[रजनीप्रत्याख्यानस्य, तीरणरूपा शिखा समुद्दिष्टा ।
नवकारेण समेतां, नवकारसहितं पच्चुडा वा ।। २५ ।।]

એ નવકારસી સંબંધી અંતર્મુહૂર્ત્ત રાત્રિના પચ્ચક્ખાણને તરી જવારૂપ શિખા કહેલી છે અથવા તેને નવકાર યુક્ત નવકારશી તે પચ્ચક્ખાણની ચૂલા સમજવી. ૨૫.

नवकार–पोरसीए, पुरिमड्ढेगासणेगठाणे य ।
आयंबिलभत्तट्ठे, चरिमे य अभिग्गहो विगई ॥ २६ ॥
[नवकारसहितं१ पौरुषी २, पूर्वार्धं ३ मेकाशन ४ मेकस्थानं ५ च ।
आचाम्लं६ अभक्तार्थं७, चरिमं८ अभिग्रहः९ विकृतिः१० ॥ २६॥]

નવકારશી, પોરિસી, પુરિમઢ્ઢ, એકાસણું, એકલઠાણું, આયંબિલ, અભક્તાર્થ (ઉપવાસ), ચરિમ (સાંજના પચ્ચક્ખાણ), [1]અભિગ્રહ ને વિગઇ. (આ પ્રમાણે દશ પ્રકારના અદ્ધા પચ્ચક્ખાણ છે) ૨૬.

આગારોની સંખ્યા

दो चेव नमोक्कारे, आगारा छच्च पोरसीए उ ।
सत्तेव य पुरिमड्ढे, एगासणगम्मि अट्ठेव ॥ २७ ॥
सत्तेगट्ठाणस्स य, अट्ठेव य आंबिलम्मि आगारा ।
पंचेव अभत्तट्ठे, छप्पाणे चरिमि चत्तारि ॥ २८ ॥
पणचउरोऽभिग्गहिए, निव्वीए अट्ठ नव य आगारा ।
अप्पावरणे पंच य, हवंति सेसेसु चत्तारि ॥ २९ ॥
[द्वावेव नमस्कारे, आकारौ षट् च पौरुष्यां तु ।
सप्तैव च पूर्वार्धे, एकाशनकेऽष्टैव ॥२७॥
सप्तैकस्थानकस्य च, अष्टैव चाचाम्ले आकाराः ।
पंचैव चाभक्तार्थे, षट् पाने चरमे चत्वारः ॥२८॥
पञ्च चत्वारश्चाभिग्रहिके, निर्विकृतावष्ट नव चाकाराः ।
अप्रावरणे पंच च, भवन्ति शेषेषु चत्वारः ॥ २९ ॥]

હવે તે પચ્ચક્ખાણોમાં આગાર કેટલા હોય તે કહે છે—

નવકારશીમાં બે આગાર, પોરિસીમાં છ આગાર, પુરિમઢ્ઢમાં સાત આગાર, એકાસણામાં આઠ આગાર, એકલઠાણામાં સાત આગાર, આયંબિલમાં આઠ આગાર, અભક્તાર્થ (ઉપવાસ)માં પાંચ આગાર, પાણસ્સમાં છ આગાર, સાંજના પચ્ચક્ખાણમાં ચાર આગાર, અભિગ્રહમાં પાંચ ને ચાર આગાર, નીવીમાં આઠ ને નવ આગાર, અપ્રાવરણમાં પાંચ આગાર ને બીજા સર્વ પચ્ચક્ખાણમાં ચાર આગાર જાણવા.[2] ૨૭–૨૮–૨૯.

---

૧. અભિગ્રહ દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી ને ભાવથી એમ ચાર પ્રકારે થાય છે.

૨. આ આગારોનાં નામો તથા તેનું સ્વરૂપ પચ્ચક્ખાણ ભાષ્યમાંથી જાણી લેવું.

નવણીઓગાહિમગે, અદ્દવદહિપિસિયઘયગુડે ચેવ ।
નવ આગારા એસિં, સેસદવાણમટ્ઠેવ ॥ ૩૦ ॥
[નવનીતાવગાહિમયો અદ્રવદધિપિશિતઘૃતગુડેષુ ચૈવ ।
નવાકારા એષાં, શેષદ્રવાણામષ્ટૈવ ॥ ૩૦ ॥]

નીવીમાં આઠ અને નવ બે પ્રકારે આગાર કહ્યા છે, તે આ પ્રમાણે–માખણ અને પક્વાન–એ બે પિંડવિગયના. દહીં, માંસ, ઘી અને ગોળ, એ ચાર પિંડદ્રવવિગયના. પચ્ચક્ખાણમાં નવ આગાર સમજવા તથા બીજી દૂધ, તેલ, મદિરા અને મધ–એ ચાર દ્રવ એટલે ઢીલી વિગયના પચ્ચક્ખાણમાં (ઉક્ખિત્તવિવેગં નામનો આગાર ન હોવાથી) આઠ આગાર સમજવા. ૩૦.

નિસિપચ્ચક્ખાણં નમુ, ચઉહારં હોઇ મુણીણ નિયમેણં ।
પોરસીયાઇં સવ્વં, તિવિહં વા ચઉવ્વિહં હોઇ ॥ ૩૧ ॥
[નિશાપ્રત્યાખ્યાનં નમસ્કારસહિતં,
ચતુર્વિધાહારં ભવતિ મુનીનાં નિયમેન ।
પૌરુષિકાદિ સર્વં,
ત્રિવિધં વા ચતુર્વિધં ભવતિ ॥ ૩૧ ॥]

મુનિને રાત્રિ પ્રત્યાખ્યાન અને નવકારશી ચોવિહારમાં જ હોય છે અને પોરિસી વિગેરે સર્વ પચ્ચક્ખાણ તિવિહાર ને ચૌવિહાર હોય છે. ૩૧.

નમુ-પોરસી સડ્ઢાણં, ચઉહાહારં હોઇ પુરિમ તિવિહં વા ।
દુ-તિ-ચઉહાહારં, પુણ સડ્ઢાણં હુંતિ રયણીએ ॥૩૨॥
[નમુ–પૌરુષીશ્રાદ્ધાનાં, ચતુર્ધાહારં ભવતિ પૂર્વાર્ધં ત્રિવિધાહારં વા ।
દ્વિત્રિચતુર્ધાહારં, પુનઃ શ્રાદ્ધાનાં ભવતિ રજન્યામ્ ॥૩૨॥]

શ્રાવકને નવકારથી અને પોરિસી ચૌવિહારે હોય છે, પુરિમઢ્ઢ તિવિહારે પણ હોય છે અને રાત્રિના પચ્ચક્ખાણ દુવિહાર, તિવિહાર અને ચૌવિહાર એમ ત્રણે પ્રકારે હોય છે. ૩૨.

નિસિપચ્ચક્ખાણં પુણ, ન પારણિજ્જં મુણીણ સડ્ઢાણં ।
તિવિહાએ (હાર) પોરસીએ, પારિજ્જા તત્થ દુગવેલં ॥ ૩૩ ॥
[નિશાપ્રત્યાખ્યાનં પુનર્ન–પારણીયં મુનિમિઃ શ્રાદ્ધૈશ્ચ ।
ત્રિવિધાહારપૌરુષી ચ, પારણીયા તત્ર દ્વિકવેલં ॥૩૩॥]

રાત્રિના પચ્ચક્ખાણ[1] શ્રાવકે કે સાધુએ પારવાના નથી. તિવિહાર પોરિસી બે વાર પારવી. (એક વાર માત્ર પાણી વાપરતાં અને બીજી વાર બીજે આહાર વાપરતાં પારવી એમ સમજાય છે.) ૩૩.

अचित्तभोइयाणं, सड्ढाण मुणीण हुंति आगारा ।
पाणस्स य छच्चेव उ, निसि नो तिविहे सचित्ताणं ॥ ३४ ॥
[अचित्तभोजिनां श्राद्धानां, मुनीनां भवन्त्याकाराः ।
पानस्य च षट्चैव तु निशि नो त्रिविधे सचित्तानाम् ॥३४॥]

અચિત્તભોજી એવા શ્રાવક અને સાધુને પાણસ્સના ૬ આગાર કહેવા અને રાત્રિના પચ્ચક્ખાણમાં, તિવિહારમાં તેમજ સચિત્ત ભોજીને એ આગાર ન કહેવા. ૩૪.

नमु-पोरसी-सड्ढ-पुरिमड्ढवड्ढ-भत्तड्ढ-निव्विगइ-विगइं ।
एयाणि अपारियाणी, हवंति अहियाणि अहियाणि ॥ ३५ ॥
[नमु-पौरुषी-सार्ध-पूर्वार्धापार्धभक्तार्थनिर्विकृतिविकृतीनि ।
एतान्यपारितानि भवन्त्यधिकान्यधिकानि ॥३५॥]

નવકારશી, પોરિસી, સાડ્ઢપોરિસી, પુરિમડ્ઢ, અવડ્ઢ, ઉપવાસ, નીવી અને વિગય–એ પચ્ચક્ખાણો પાર્યા ન હોય ત્યાં સુધી અધિક અધિક થઇ શકે છે. ૩૫.

आयाममभिग्गहेग–ट्ठाणाणि पारिऊण अहियाणि ।
छट्ठट्ठममाईणि नो पुव्वसंगयं कुज्जा ॥ ३६॥
[आचाम्लाभिग्रहैकस्थानानि पारायित्वाऽधिकानि ।
षष्ठाष्टमादीनि नो पूर्वसंगतानि कुर्यात् ॥३६॥]

આચામ્લ, અભિગ્રહ અને એકલઠાણાનું પચ્ચક્ખાણ પાર્યા પછી પણ અધિક (આહાર વાપર્યા અગાઉ) પચ્ચક્ખાણ થઈ શકે છે. છટ્ઠ,[2] અટ્ઠમ વિગેરે પચ્ચક્ખાણ-પૂર્વની સંગાતે સંગત થતા નથી (જોડાતા નથી) ૩૬.

---

૧. રાત્રિના પ્રત્યાખ્યાનમાં દિવસચરિમં પચ્ચક્ખાઈ કહેવામાં આવે છે તેમાં એ મતલબ છે કે દિવસનો ચરિમ–શેષ ભાગ તે રાત્રિરૂપ લેખાય છે. એ રીતે જેમ શેષ દિવસનું પચ્ચક્ખાણ થાય છે તેમ શેષ રાત્રિનું પ્રત્યાખ્યાન કરાતું નથી, કેમકે એમ કરવાથી પ્રતિક્ષણ પ્રત્યાખ્યાન કરવાની પ્રાપ્ત થવાનો સંભવ છે.

૨. છટ્ઠ અટ્ઠમ વિગેરે પ્રત્યાખ્યાન તે દિવસે જ ભેળું લેવાય છે. જુદું લેવાતું નથી. જેમકે પ્રથમ દિવસે ઉપવાસ કરનારને બીજે દિવસે અટ્ઠમ કરવાની ઇચ્છા થાય તો છટ્ઠનું પચ્ચક્ખાણ કરે, અટ્ઠમનું કરી શકે નહીં.

सड्ढाणं दुवि(ति)हारे, चउहारं तत्थ हुंति रयणीए ।
तिविहारे तह अचित्त-भोइणो पाणगाहारं ॥ ३७ ॥
[श्राद्धानां द्वित्रिधाहारे, चतुर्धाहारं तत्र भवति रजन्याम् ।
त्रिधाहारे तथाऽचित्त-भोजिनः पानकाहारं ॥३७॥]

શ્રાવકને રાત્રે દુવિહાર, તિવિહાર અને ચૌવિહાર કરાય છે, અને અચિત્તભોજી તિવિહારવાળા શ્રાવકને સાંજે પાણહારનું પચ્ચક્ખાણ કરવાનું છે. ૩૭.

दुविहारं पुण जइणो, न हुंति कइया अभिग्गहे भयणा ।
पडिमोवहाणि सड्ढाण, मुणीण पुण पाणगाहारं ॥ ३८ ॥
[द्विविधाहारं पुनर्यते-र्न भवति कदाचिदभिग्रहे भजना ।
प्रतिमोपधाने पुनःश्राद्धानां, मुनीनां पुनः पानकाहारं ॥ ३८ ॥]

મુનિને દુવિહારનું પચ્ચક્ખાણ કદાપિ પણ હોતું નથી. અભિગ્રહ પચ્ચક્ખાણમાં તેને માટે ભજના છે. પડિમા અને ઉપધાન વહેતા શ્રાવકને અને મુનિઓને પાણહારનું પચ્ચક્ખાણ હોય છે. ૩૮.

ચાર પ્રકારના આહારનું સ્વરૂપ.

असणं ओयण-सत्तुग-मंडग-पय-रब्ब-विदल-जगाराइ ।
कंदगजाई सव्वा, खज्जगविहि सत्तविगई य ॥ ३९ ॥
[अशनमोदनसक्तुमंडकपयोरब्बाद्विदलजगार्यादि ।
कन्दजातिः सर्वा, खाद्यकविधिः सप्त विकृतयश्च ॥३९॥]

અશનમાં-ઓદન (ચોખા), સાથુઓ, માંડા, પય (દૂધ), રાબ, વિદળ (કઠોળ); જગારી (રાબવિશેષ) વિગેરે, કંદજાતિ, સર્વ પ્રકારના ખાજાં વિગેરે અને સાત વિગય તે આ પ્રમાણે-દૂધ, દહીં, ઘી, તેલ, માંસ, માખણ ને કડાવિગય (પકવાન્ન). ૩૯.

असणम्मि सत्त विगई, साइमि गुल-महु-सुरा य पाणम्मि ।
खाइमे पक्कन्नफलाणं, ओहेण य सव्व असणम्मी ॥ ४० ॥
[अशने सप्त विकृतयः, स्वादिमे गुडः मधु सुरा च पाने ।
खादिमे पक्कान्नफलानि, ओघेन च सर्वमशने ॥४०॥]

અશનમાં ઉપર કહેલી સાત વિગય, સ્વાદિમમાં ગોળ અને મધ-એ બે વિગય અને પાણમાં મદિરા. (આ પ્રમાણે દશ વિગયનો વિભાગ સમજવો.) ખાદિમમાં પકવાન્ન અને ફળ. સામાન્ય રીતે સર્વ વસ્તુ અશનમાં ગણાય છે. ૪૦.

चण–उट्ठ–मसूर–तुवरी–कुलत्थ–निप्फाव–मुग्ग–मासा य ।
चवल–कलाया–राइपमुहं दुदलं च निण्णेहं ॥ ४१ ॥
तिल-अयसि–सिलिंद–कंगू–कुद्दव–अणुयाइं सिणेहं जं ।
भण्णंति केइ दुदलं, पायं, धन्नु व्व तं सव्वं ॥४२॥
[चण–उट्ट–मसूर–तूवर–कुलत्थ–निष्पाव–मुद्ग–माषाश्च ।
चपलक–कलादो राजि (सर्षप) प्रमुखं द्विदलं च निःस्नेहं ॥४१॥
तिला–ऽतसी–शिलीन्ध्र–कंगु–कोद्रवा ऽणुकादिस्नेहं यत् ।
भणन्ति केचिद्द्विदलं प्रायो धान्यमिव तत्सर्वम् ॥ ४२ ॥]

ચણા, ગુવાર, મસૂર, તુવેર, કળથી, વાલ, મગ, અડદ, ચોળા, વટાણા અને સરસવ વિગેરે, દ્વિદળ જે નિસ્નેહ–તેલ ન નીકળે એવા હોય તે કઠોળ અને તિલ, અળસી સિલિંદ, કાંગ, કોદરા અને અણુકાદિ જેમાંથી તેલ નીકળે છે તેને પણ કેટલાક દ્વિદળ કહે છે. પ્રાયે ધાણા વિગેરે સર્વને પણ દ્વિદળ કહે છે.[1] ૪૧–૪૨.

कट्ठदल पक्कन्नं, तक्कर–दहि–दुद्धपायमीसं जं ।
जमणंतकायजायं, पत्तफलं पुप्फबीयं च ॥ ४३ ॥
पुढवीकाओ सव्वो बलझिंझप्पभिइ सव्व तिणधन्नं ।
हिंगु–लवणं उच्छुप्पभीइ असणं बहुविहं जं ॥ ४४ ॥
[काष्ठदलं पक्वान्नं, तक्रदधिदुग्धपाकमिश्रं यत् ।
यदनन्तकायजातं, पत्रफलं पुष्पबीजं च ॥ ४३ ॥
पृथ्वीकायः सर्वो बलझींझकप्रभृति सर्वतृणधान्यं ।
हिंगुलवणभिक्षुप्रभृति अशनं बहुविधं यत् ॥ ४४ ॥]

કાષ્ઠ, દલ (પાંદડા), પક્વાન્ન તથા તક્કર (તક–છાશ), દહીં અને દૂધથી મિશ્ર એવા પદાર્થો અને અનંતકાયથી ઉત્પન્ન થયેલા પત્ર, ફળ, પુષ્પ અને બીજ તથા પૃથ્વીકાયિક સર્વ પદાર્થો, બલ, ઝીંઝ વિગેરે સર્વ તૃણધાન્ય, હીંગ, લવણ (મીઠું), ઇક્ષુ (ધાન્ય વિશેષ) વિગેરે અનેક પ્રકારે અશન આહાર જાણવો. ૪૩–૪૪.

उस्सेइम संसेइम, पुप्फरसो रत्तपभिइ तणुजायं ।
आउक्काओ सव्वो, सोवीरं जवोदगाईयं ॥ ४५ ॥
उच्छुरस–मेरय–सुरासव–बप्फय–सिरिफलाइफलनीरं ।
हिम–करग–हरतणाइ, चित्तं पाणं विणिद्दिट्ठं ॥ ४६ ॥

---

१. જેમાંથી તેલ નીકળે તેવું દ્વિદળ કાચા ગોરસ (દૂધ, દહીં ને છાશ) સાથે ખાવાનો નિષેધ નથી.

[उत्स्वेदिमं संस्वेदिमं, पुष्परसः रक्तप्रभृति तनुजातं ।
अप्कायः सर्वः, सौवीरं यवोदकादिकम् ॥ ४५ ॥
इक्षुरस–मेरक–सुरासव–बाष्पक–श्रीफलादिफलनीरं ।
हिमकरक–हरिततृणादि–चित्रं पानं विनिर्दिष्टम् ॥ ४६ ॥]

આટાવાળા હાથ વિગેરેનું ધોવણ, તલ વિગેરે ધાન્યનું ધોવણ (ઊકાળેલા પાંદડા વિગેરેને સીંચેલું પાણી), પુષ્પનો રસ, શરીરમાં થયેલું રૂધિર વિગેરે, સર્વ જાતિનું પાણી, કાંજીનું પાણી, જવ ધોયાનું પાણી, શેરડીનો રસ, મેરક (એક જાતની મદિરા), સુરા (મદિરા), આસવ (અનેક જાતના), બાષ્પ જળ, શ્રીફળ વિગેરે ફળના પાણી, હિમ, કરા, બાહ્ય તૃણાદિ ઉપર રહેલા જળબિંદુ વિગેરે વિચિત્ર પાનઆહાર તરીકે કહેલા છે. ૪૫-૪૬.

भत्तोसं दंताइ, टोप्पर–खारिक्क–दक्ख–खज्जूरं ।
अंबग–फणसं चिंची, चारूलिया–पत्तसागं जं ॥ ४७ ॥
भट्ठं धन्नं सव्वं, बदाम–अक्खोड–उच्छुगंडुलिया ।
फल–पक्कन्नं सव्वं, बहुविहं खाइमं नेयं ॥ ४८ ॥
[भक्तौपं दन्त्यादि, टोप्परक–खारिक्क–द्राक्षा–खर्जूरं ।
अम्बक–फनसा–ऽम्लिका, चारूलिका–पत्रशाकं यत् ॥ ४७ ॥
भ्रष्टं धान्यं सर्वं, बदामाक्षोटेक्षुगंडिका ।
फलं पक्वान्नं सर्वं, बहुविधं खादिमं ज्ञेयम् ॥ ४८ ॥]

ભત્તોસ (શેકેલું ધાન્ય), દન્ત્યાદિ (ગુંદર અથવા દાંતે ઘસવાના ચૂર્ણ પાઉડર વિગેરે) ટોપરું, ખારેક, દ્રાક્ષ, ખજુર, આમ્ર (કેરી), ફણસ, ચિંચિ, ચારોળી, પત્રશાક (ભાજી વિગેરે) સર્વ જાતિનું ભુંજેલું ધાન્ય (દાળીયા વિગેરે), બદામ, અખરોડ, શેરડીની કાતળી, સર્વ પ્રકારના ફળ અને પકવાન્ન એમ બહુ પ્રકારે ખાદિમ જાણવું.૪૭–૪૮.

दंतवणं तंबोलं, चित्तं तुलसी–कुहेडगाईयं ।
महु–पिप्पलि–सुंठि–मरी–पणगं जाईफलाणं च ॥ ४९ ॥
एलादुगं लविंगं, अजमोयतियं तियं च अभयाणं ।
कप्पूर–कविट्ठाइ, हिंगुल–चिणयाण अडगं च ॥ ५० ॥
बिडलवण–वडिंग–वत्थुल–कंटकरूक्खाण छल्लिया सव्वा ।
फोफल–कसेल–पुक्खर–जवासपण फूलमयछल्ली ॥ ५१ ॥

तिकडुय सुगंधि धन्नय पत्त–जडी–पप्पडी–वरट्टा य ।
रसजाइभेसज्जपमुहं, साइममणेगविहं ॥ ५२ ॥
[दन्तपवनं ताम्बूलं, चित्रं तुलसीकुहेटकादिकं ।
मधुपिप्पलीसुंठीमरीचपञ्चकं, जातिफलानां च ॥४९॥
एलाद्विकं लविंग, अजमोदत्रिकं त्रिकं चाभयानां ।
कर्पूरकपित्थादि, हिंगुलचिनकानामष्टकं च ॥ ५० ॥
बिडलवणं वडिंगं वत्थुलं, कंटकवृक्षाणां त्वक्सर्वा ॥
पुगीफलकसेरूकपुष्करं, यवासकपञ्चकं पुष्पमदत्वक् ॥ ५१ ॥
त्रिकटुकं सुगन्धि धान्यकं, पत्रजटी पर्पटी वरट्टी च ।
रसजातिभैषज्यप्रमुखं, स्वादिममनेकविधं ॥५२॥]

દાતણ, અનેક પ્રકારનું તંબોળ (નાગરવેલનું પાન વિગેરે), તુળશી, કુહેડક વિગેરે (ઔષધિઓ), મધુ (જેઠીમધ), પિપ્પલી (પીપરીમૂળ), સુંઠ, મરીપંચક (તીખા વિગેરે પાંચ વસ્તુ અથવા મરીની પાંચ જાતિ), જાયફળ, એલાદ્વિક (એલચીદ્વિક અથવા બે જાતિની એલચી), લવિંગ, અજમોદત્રિક, અભયાત્રિક (હરડા, બેડા ને આંબળા અથવા ત્રણ જાતની હરડે), કપૂર, કોઠા વિગેરે, હિંગુલ (હિંગ), ચિણકબાબ વિગેરે અષ્ટક (આઠ વસ્તુ), બીડલવણ, વડિંગ, વત્થુલ, કાંટાવાળા સર્વ પ્રકારના વૃક્ષની છાલ, કોકલ (સોપારી), કસેળ (કસેળીયો), પુષ્કર, જવાસપંચક, ફૂલમદ (ફૂલનું સત્ત્વ), છાલ, ત્રિકટુ (સુંઠ–મરી–પીપર એ ૩ ભેળા કરેલા), સુગંધી (આસગંધી), ધાણા, પત્ર, જડી, પાપડી, વરટ્ટી, રસ જાતિના ઔષધ વિગેરે અનેક પ્રકારનું સ્વાદિમ જાણવું. ૪૯–૫૨

(આ ચારે પ્રકારના આહારની વસ્તુના નામો પચ્ચક્ખાણ ભાષ્યના અર્થમાં આપેલા છે.)

दुविहारे कप्पिज्जइ, पाणं साइममणेगहा सव्वं ।
तिविहारे पाणं पुण, चउहारे किमवि नो कप्पं ॥ ५३ ॥
[द्विविधाहारे कल्प्यते पानं, स्वादिममनेकधा सर्वं ।
त्रिविधाहारे पानं पुनश्चतुर्धाहारे, किमपि नो कल्प्यम् ॥५३॥]

દુવિહારમાં પાણી અને અનેક પ્રકારનું સ્વાદિમ કલ્પે, તિવિહારમાં એકલું પાણી કલ્પે અને ચૌવિહારમાં કાંઈ પણ ન કલ્પે. ૫૩.

साइमगयाणिमाणि, न कप्पए तह पसंगदोसाओ ।
गुड–लवण–हिंगु–सिंधव–जीराय–धाणा–वरट्टा य ॥५४॥

अजमोअतिय कविट्ठं, आमलगं तह कपूर कंदा य ।
अबो(अंबा) लगं च सूया, एमाइ असणम्मि ववहारो ॥५५॥
[स्वादिमगतानीमानि न कल्पन्ते तथा प्रसंगदोषात् ।
गुडलवणहिंगुसैन्धवजीरकधान्यकवरट्टाश्च ॥ ५४ ॥
अजमोदत्रिकं कपित्थं आमलकं तथा कपूरकन्दाश्च ।
अंबाडकं च सुवा एवमाद्यशने व्यवहारः ॥५५॥]

સ્વાદિમમાં ગણેલી આ વસ્તુઓ પ્રસંગ દોષ વિગેરે કારણથી દુવિહારમાં ન કલ્પે. કઈ વસ્તુઓ ન કલ્પે ? તે કહે છે–ગોળ, હીંગ, લવણ, સિંધવ, જીરુ, ધાણા, વરટ્ટા (ધાન્યવિશેષ), અજમોદત્રિક, કોઠ, આમલા, કપૂર, કુંદ, અંબાલગ, સૂયા (સુવા) ઇત્યાદિનો અશનમાં વ્યવહાર છે એટલે તે અશનાહારમાં ગણાય છે. ૫૪–૫૫.

चउहारे रयणीए, कप्पिज्जइ जाणिमाणि वत्थूणि ।
समभागकया तिहला, भूनींबोसीरचंदणयं ॥ ५६ ॥
गोमुत्तं कडुरोहिणी, वग्घी अमया य रोहिणी तुंगी ।
गुग्गुल–वया–कारीरय–लिंबपंचंग भासगणो ॥ ५७ ॥
तह आसगंधि बंभी–चीड–हलिद्दा य कुंदुरूकूड्डा ।
विसजाईय धमासो, बोलयबीया अरिट्ठा य ॥ ५८ ॥
मींढल–मजिट्ठ–कंकेल्लि–कुमारि–कंथेर–बेर–कुट्ठा य ।
कप्पासबीयपत्तय अगुरु-तुरुक्का य तंतुवडा ॥ ५९ ॥
धवक्खयरपलासाइ, कंटकरुक्खाण छल्लिया साणा (मा) ।
जं कडुयरसपरिगयं, आहारं पि हु अणाहारं ॥ ६० ॥
[चतुर्थाहारे रजन्यां कल्प्यन्ते यानिमानि वस्तुनि ।
समभागकृता त्रिफला भूनिंबोशीरचन्दनकम् ॥ ५६ ॥
गोमूत्रं कटुरोहिणी व्याघ्री अमृता च रोहिणी तुंगी ।
गुग्गुलु वचा करीरक–निंबपंचांगभस्मगणः ॥ ५७ ॥
तथाश्वगन्धी ब्राह्मी–चीडा हलिद्रा च कुन्दुरूकूड्डा ।
विषजातिश्च धमासो बोलकबीजे अरिष्टाश्च ॥ ५८ ॥
मदनफलं मंजिष्ठा–कंकेल्ली कुमारीकंथेरबेरकुष्ठाश्च ।
कर्पासबीजपत्रकमगुरुतुरुष्काश्च तंतुपटाः ॥ ५९ ॥

धवखदिरपलाशादि–कंटकवृक्षाणां त्वक् शाणा (श्यामा) ।
यत्कटुकरसपरिगतं आहारमपि खल्वनाहारम् ॥ ६० ॥]

રાત્રિએ ચૌવિહારમાં આ વસ્તુઓ કલ્પે છે. (તે અનાહારી કહેવાય છે.) તેના નામ આ પ્રમાણે–સરખે ભાગે ત્રિફળા (હરડા, બેડા ને આમળા), ભૂનિંબ, શ્રીચંદન (સુખડ), ગોમૂત્ર, કટુરોહિણી, વ્યાઘ્રી–(કંટારી), અમૃતા (ગળો), રોહિણી, તુંગી, ગુગ્ગુલ, વચા (વજ), કેરડો, લીંબડાના પાંચે અંગ (મૂળ, છાલ, કાષ્ઠ, પત્ર અને મ્હોર), સર્વ ભસ્મ, અશ્વગંધિ (આસંધ), બ્રાહ્મી, ચીડ, હળદર, કુંદુરૂકૂહા, સર્વ જાતિના વિષ, ધમાસો, બોલયના બી (બીજબોળ), અરિઠા, મીંઢળ, મજીઠ, કંકેલી, કુમારી, કંથેર, બેર, કુહા, કપાસબીજ, કપાસપત્ર, અગુરુ, તુરુષ્ક, તંતુપટા, ધવ, બેર, પલાશ વિગેરે, કાંટાવાળા વૃક્ષોની છાલ, શણ(કસ્તૂરી) અને જે કરવા રસવાળા પદાર્થ હોય તેને આહાર છતાં અનાહાર સમજવા. ૫૬–૬૦.

इच्चाइ जं अणिट्ठं, पंकुवमं तं भवे अणाहारं ।
जं इच्छाए भुंजइ, तं सव्वं हवइ आहारं ॥ ६१ ॥
[इत्यादि यदनिष्टं पंकोपमं तद्भवेदनाहारम् ।
यदिच्छया भुज्यते तत्सर्वं भवत्याहारम् ॥ ६१ ॥]

ઇત્યાદિ જે અનિષ્ટ અને પંકની ઉપમાવાળા (બેસ્વાદ) પદાર્થ હોય, તેને અનાહાર સમજવા અને જે ઇચ્છાપૂર્વક ખાઈ શકાય, તે સર્વ અનાહાર છતાં પણ આહાર સમજવા. (અનાહારીના નામો પચ્ચકખાણભાષ્ય વિગેરેમાંથી અમને જે મળ્યા છે તે પાછળ આપ્યા છે.) ૬૧.

કાળપ્રમાણ :–

अह एयाणं जं जं, कालपमाणं भणामि सव्वेसिं ।
भत्तं सिद्धं वियलं, कट्ठदलं हिंगुसहियं जं ॥ ६२ ॥
पुप्फ–फल–पत्तसायं, बीयछल्लीविणा य आमफलं ।
मंडगमपूपाइय–जललप्पसि-वडय–पप्पडया ॥ ६३ ॥
चउपहरमाणमेसिं, ओयणमड बारजाम जगराए ।
तह तक्करबलछुभिए, अहियं परिमाणमवि वुत्तं ॥ ६४ ॥
[अथैतेषां यद्यत्कालप्रमाणं भणामि सर्वेषाम् ।
भक्तं सिद्धं द्विदलं, काष्ठदलं हिंगुसहितं यत् ॥ ६२ ॥
पुष्पफलपत्रशाकं, बीजत्वक् विना चामफलम् ।
मंडकमपूपादिकं, जललपनश्रीवेटकपर्पटकानि ॥ ६३ ॥

चतुष्प्रहरमानमेषां, ओदनस्याष्टौ द्वादशयामाश्च जगार्याः ।
तथा तक्रबलिक्षिप्ते, अधिकं प्रमाणमप्युक्तं ॥ ६४ ॥]

હવે આ સર્વેનું જે જે કાળપ્રમાણ છે તે કહું છું :—રાંધેલું અનાજ, વિદળ, કાષ્ઠદળ, હિંગ સહિત જે પદાર્થ હોય તે, પુષ્પ, ફળ, પત્રશાક, બીજછાલ વિનાના કાચા ફળ, માંડા, પૂડલા, જળલાપશી, વડા, પાપડ—આ બધા પદાર્થોનું કાળમાન ચાર પ્રહરનું છે, ઓદનનું આઠ પ્રહરનું છે, જગરાનું બારપહોરનું છે, તેમ જ તક્ર વિગેરેમાં મેળવેલું હોય તો તેનું અધિક પરિમાણ (કાળમાન) કહ્યું છે. ૬૪.

दहि–तक्कर–राईणं, कंजिय–सागाण सोलजामं च ।
वासासु पक्ख हेमंति, मासुसिणु वीसदिणमाणं ॥ ६५ ॥
पक्कन्नयस्स कालो, विण्णेओ कुलिकाए पक्कन्नो ।
वासासु सगदिणं वा, चलियरसं जत्थ जं जाइ ॥ ६६ ॥
[दधितक्रराजीनां कांजिकशाकानां षोडश यामाश्च ।
वर्षासु पक्षं हेमन्ते मासं उष्णे विंशतिदिनमानम् ॥६५॥
पक्वान्नस्य कालो विज्ञेयः कुलिकायां पक्वान्नं ।
वर्षासु सप्तदिनं वा चलितरसं यत्र यद्याति ॥ ६६ ॥]

દહીં, છાશ, રાઈ અને કાંજીવાળા શાકોનું સોળ પહોર કાળમાન જાણવું. હવે પક્વાન્નનું કાળમાન કહે છે–વર્ષાઋતુમાં પંદર દિવસ, હેમંત (શિયાળા)માં મહિનો, ઉનાળામાં વીશ દિવસ—આ પ્રમાણે કાળમાન ચલિતરસ વિનાના પકવાન્નનું જાણવું. અથવા વર્ષાઋતુમાં સાત દિવસનું કાળમાન પણ કહ્યું છે. અને જ્યારે ચલિતરસ થાય ત્યારે તેનું કાળમાન પૂરું થયું જાણવું. ૬૫–૬૬.

निव्विगयं पक्कन्नं, असणजुयं तस्सिमेव परिमाणं ।
उच्छुवियारगयाणं, चलियरसे तं तहा जाण ॥ ६७ ॥
[निर्विकृतिकं पक्वान्नं, अशनयुतं तस्येदमेव परिमाणं ।
इक्षुविकारग (कृ)तानां चलितरसे तत्तथा जानीहि ॥ ६७ ॥]

વિગય વિનાના અને અશનયુક્ત એવા પકવાન્નનો આ કાળ જાણવો. અને ઇક્ષુ-વિકારગલ (શેરડીના રસ વિગેરેથી બનાવેલા) પદાર્થોનો કાળ. ચલિતરસ પ્રમાણે એટલે ચલિતરસ ન થાય ત્યાં સુધી જાણવો. ૬૭.

घय–तिल्ल–गुडाईणं, वण्ण–रस–गंध–पमुहवच्चासे ।
कालपरिमाणमुत्तं, जाणिज्जा नो तहा पायं ॥ ६८ ॥

[घृततैलगुडादीनां, वर्णरसगन्धप्रमुखव्यत्यासे ।
कालप्रमाणमुक्तं जानीयान्नो तथा प्रायः ॥ ६८ ॥]

ઘી, તેલ, ગોળ વિગેરેના વર્ણ, ગંધ, રસ પ્રમુખનો વ્યત્યાસ (ફેરફાર) થાય ત્યારે કાળપ્રમાણ પ્રાયઃ ઉપર કહ્યા પ્રમાણે ન જાણવું. ૬૮.

इत्थ य चलियरसम्मि, जीवा बेइंदिया समुच्छंति ।
पुप्फिए एगिंदिया, वट्टंति दुवे वि समगं वा ॥६९॥
[अत्र च चलितरसे जीवा द्वीन्द्रियाः संमूर्च्छन्ति ।
पुष्पिते एकेन्द्रिया वर्तन्ते द्वावपि समकं वा ॥ ६९ ॥

અહીં ચલિતરસમાં બેઇંદ્રિય જીવો ઉત્પન્ન થાય છે અને પુષ્પિત (કુગીવાળા) પદાર્થમાં એકેંદ્રિયો પણ હોય છે, અથવા સમકાળે બન્ને પ્રકારના જીવો પણ હોય છે. (અહીં એકેંદ્રિય શબ્દવડે લીલકુલ સમજવી). ૬૯.

अचित्तजले सचित्तीभवणे एगिंदिया समुच्छंति ।
अण्णरसुज्झियमिलिए, पणिंदी समुच्छिमा हुंति ॥ ७० ॥
[अचित्तजले सचित्तीभवने एकेन्द्रियाः संमूर्च्छन्ति ।
अन्नरसोज्झितमिलिते पंचेन्द्रियाः संमूर्छिमा भवन्ति ॥७०॥]

અચિત્ત જળ જ્યારે સચિત્ત થાય છે ત્યારે તેમાં એકેંદ્રિય જીવો (અપ્કાય) ઉત્પન્ન થાય છે, અને ઉજ્ઝિત (એંઠા કરેલા) અન્નરસમાં સંમૂર્ચ્છિમ પંચેંદ્રિય જીવો ઉત્પન્ન થાય છે. ૭૦.

ધાન્યોમાં યોનિ સજીવ કયાં સુધી :-

तिल-मुग्ग-मसूर-चवलय-मास-कुलत्थय-कलाय-तुवरीणं ।
वल्लाण वट्टचणयाण पंचग वरिसप्पमाणं च ॥ ७१ ॥
[तिल-मुद्ग-मसूर-चवलक-माष-कुलत्थक-कलाद-तुवरीणां ।
वल्लानां वृत्तचणकानां पञ्चवर्षप्रमाणं च ॥ ७१ ॥]

તલ, મગ, મસૂર, ચોળા, અડદ, કળથી, કલાદ, તુવેર, વાલ અને વૃત્ત ચણા (વટાણા), તેની [1]યોનિનું પ્રમાણ પાંચ વર્ષનું છે. ૭૧.

सालि-वीहि-जवं-जुगंधरी-गोहुम-तिणधन्न-तिलं-कप्पासाणं ।
वासतियं परिमाणं, तत्तो विद्धंसए जोणी ॥ ७२ ॥

---

૧. અહીં યોનિ શબ્દવડે ઉત્પત્તિ યોગ્યતા સમજવી, પણ સચિત્તપણું સમજવું નહીં.

[शालि-व्रीहि-यव-युगन्धरी, गोधूम-तृण-धान्य-तिल-कपासानां ।
वर्षत्रिकं प्रमाणं ततो विध्वंसते योनिः ॥ ७२ ॥]

ડાંગર, વ્રીહિ, જવ, જાર, ઘઉં, તૃણધાન્ય, તિલ, કપાસ-એની યોનિનું પ્રમાણ ત્રણ વર્ષનું છે. ત્યારપછી યોનિ (ઉત્પન્ન થવાની શક્તિ) નાશ પામે છે. ૭૨.

लट्ठा-कंगू-अयंसी-सण-कोडुंसग-वरट्ट-सिद्धत्था ।
रालय-कुद्दव-मेही-मूलगबीया-च वट्टा य ॥७३॥
पिहियाणं लित्ताणं, उक्कोसठिई उ सत्त वासाइं ।
होइ जहण्णेण पुणो, अंतमुहुत्तं च समग्गाणं ॥ ७४ ॥
[लट्टा-कंगू-अतसी-सण-कोद्रूसक-वरट्ट-सिद्धार्थानां ।
रालक-कोद्रव-मेथी-मूलकबीजानां च वृत्तानां च ॥ ७३ ॥
पिहितानां लिप्तानां, उत्कर्षस्थितिस्तु सप्त वर्षाणि ।
भवति जघन्येन पुनरन्तर्मुहूर्तं च समग्राणाम् ॥ ७४ ॥]

લટ્ટ (ખસખસ), કાંગ, અળશી, શણ, એક જાતિના કોદરા, વરટ્ટ (ધાન્ય વિશેષ), સરસવ, રાળ, કોદરા, મેથી, મૂળાના બીજ અને વૃત્ત (ધાન્ય વિશેષ), આ ધાન્યોથી ભરેલી કોઠી વિગેરે ઢાંકીને લીંપી રાખી હોય, તો તેની યોનિની ઉત્કૃષ્ટ સ્થિતિ સાત વર્ષની સમજવી. અને જઘન્ય સમગ્ર ધાન્યની અંતર્મુહૂર્ત્ત પ્રમાણ સમજવી. ૭૩-૭૪.

पिप्परि-खज्जूर-मिरि-मुद्दिय-अभया-बदाम-खारिका ।
एला-जाइफलं पुण, कंकोलं चारुकुलिया य ॥ ७५ ॥
विद्धंसिज्जइ, जोणी, एएसिं जलथलोवभोगेहिं ।
संघाडय-जलफलाईयाण जोणी तहाचित्ता ॥ ७६ ॥
जोयणसयं जलम्मि, थलम्मि सट्ठीए भंडसंकंती ।
वायागणिधूमेहिं, पविद्धजोणी हवइ तेसिं ॥ ७७ ॥
[पिप्पली-खर्जूर-मिरिच-मृद्वीका-ऽभया-बदाम-खारेकाः ।
एला जातिफलं पुनः कंकोलं चारुकुलिका च ॥ ७५ ॥
विध्वस्यते योनिरेषां जलस्थलोपभोगैः ।
शृंगाटकजलफलादिकानां योनिस्तथा चित्रा ॥ ७६ ॥
योजनशतं जले स्थले षष्ट्या भांडसंक्रान्त्या ।
वाताग्निधूमैः प्रविद्धयोनिर्भवति तेषाम् ॥ ७७ ॥]

પીપર, ખજુર, મરી, દ્રાક્ષ, અભયા (હરડે) બદામ, ખારેક, એલચી, જાયફળ, કંકોલ, ચારોળી-એ પદાર્થોની જળ-સ્થળના ઉપભોગવડે કરીને યોનિ નાશ પામે છે અને સંઘાટક કરેલા જળફળાદિની યોનિ વિચિત્ર પ્રકારની હોય છે. ઉપરોક્ત વસ્તુ જળમાર્ગે સો યોજન જાય ત્યારે અને સ્થળમાર્ગે સાઠ યોજન જાય ત્યારે સ્થળની ફેરફારી, વાયુ, અગ્નિ (તાપ) અને ધૂમ વિગેરેથી તેનો યોનિભાવ નાશ પામી જાય છે. ૭૫-૭૭

हरियाल-लवण-मणसिल-पूग-सेफाल-नालिकेरा य ।
एमेव अणाइन्ना, विद्धत्था अवि मुणेयव्वा ॥ ७८ ॥
सियसिंधव पासकरणी, कयहिंगुलजाई-वडिंग-नागाई ।
अचित्तजोणिया कंदा, साणाद्दयमिंढल-मंजिट्ठा ॥ ७९ ॥
[हरिताल-लवण-मनशिल-पूग-सेफाल-नालिकेराणि च ।
एवमेवानाचीर्णानि विध्वस्तान्यपि ज्ञातव्यानि ॥ ७८ ॥
श्वेतसैन्धव-पाशकरणी-कृतहिंगुलजाति-वैडिंग-नागादि ।
अचित्तयोनिकाः कन्दाः शाणादृतमदनक-मज्जिष्ठा ॥७९॥]

હરતાળ, લવણ, મણશીલ, પૂગ (સોપારી), સેફાલ અને નાળીયેર એ પદાર્થો વિધ્વસ્તયોનિવાળા થયા હોય છતાં પણ અનાચીર્ણ સમજવા-વાપરી શકાય નહીં એવા જાણવા. શ્વેતસિંધવ, વાસકરણી (ફટકડી), કૃત (મર્દન વિગેરે કરેલા) હિંગુલની જાતિ, વડિંગ, નાગાદિ, શરાણુથી વીંધાયેલ મીંઢળ અને મજીઠ અચિત્ત યોનિવાળા જાણવા. ૭૮-૭૯.

पिट्ठं मिस्समसुद्धं, पण-चउ-तियदिणपमाणमापक्खं ।
सावणासोयपोसेसु, जुअलम्मि य एस अणुओगो ॥८०॥
[पिष्टं मिश्रमशुद्धं पंचचतुस्त्रिदिनप्रमाणमापक्षं ।
श्रावणाश्विनपौषेषु युगले चैष अनुयोगः ॥ ८० ॥

શ્રાવણ અને ભાદરવો, આસો અને કાર્તિક તથા માગશર અને પોષમાં લોટ પાંચ, ચાર અને ત્રણ દિવસ સુધી મિશ્ર એટલે અશુદ્ધ સમજવો અને પછી પક્ષ સુધી અચિત્ત સમજવો એવો અનુયોગ (મહાપુરુષોનું કહેવું) છે. ૮૦.

पण-चउ-तिय जामाण, माहदुगे चित्तजुयल-जिट्ठदुगे ।
तह भज्जियधण्णाण, दालीण विपज्जए पायं ॥ ८१ ॥
[पञ्चचतुस्त्रिकं यामानां माघद्विके चैत्रयुगले ज्येष्ठद्विके ।
तथा भ्रर्जितधान्यानां दालीनां विपद्यते प्रायः ॥ ८१ ॥]

મહા અને ફાગણ, ચૈત્ર અને વૈશાખ તથા જેઠ અને અષાડ એ માસમાં પાંચ, ચાર અને ત્રણ પહોર (આટો) મિશ્ર જાણવો. તેમજ ભર્જિત (ભુંજેલ) ધાન્યનો અને દાળનો કાળ પ્રાયે તેથી વિપર્યય જાણવો. ૮૧.

चालिय–छड्डिय–तुसरहिय–सुंबे जा ताव मिस्सियं नेयं ।
लोणजुयं जं सागं, भज्जिय–तलिएण तं सुद्धं ॥ ८२ ॥
[चालित–छर्दित–तुषरहितं शुम्बे यावत्तावन्मिश्रितं ज्ञेयम् ।
लवणयुतं यत् शाकं भ्रर्जिततलितेन तच्छुद्धं ॥ ८२ ॥]

ચાળેલ, છડેલ, ફોતરાં રહિત કરેલ અને જ્યાં સુધી સુપડામાં હોય ત્યાં સુધી ધાન્ય-મિશ્ર (સચિત્તયુક્ત) જાણવું અને લૂણ સહિત ભુંજેલું અને તળેલું શાક શુદ્ધ જાણવું. ૮૨.

अन्ने भणंति भज्जिय–धण्णाणं पक्कतलियमिव कालो ।
सग–पणदस–दसदिणं, वासाइसु मिस्सलोणस्स ॥ ८३ ॥
[अन्ये भणन्ति भ्रर्जितधान्यानां पक्वतलितमिव कालः ।
सप्त पञ्चदश दश दिनानि वर्षादिषु मिश्रलवणस्य ॥ ८३ ॥

અન્ય આચાર્યો કહે છે કે–ભુંજેલા ધાન્યનો પકાવેલા અને તળેલા પ્રમાણે કાળ સમજવો અને લૂણથી મિશ્ર કરેલનો વર્ષાઋતુમાં સાત દિવસ, શીયાળામાં પંદર દિવસ અને ઉનાળામાં દશ દિવસનો કાળ જાણવો. ૮૩.

अंतमुहुत्तं मोयस्स, चोवीसं जाम धाउपत्तगयं ।
गोमुत्तं जइ केवलमह साइमं रसविवज्जासे ॥ ८४ ॥
[अन्तर्मुहूर्तं मोकस्य चतुर्विंशतिर्यामा धातुपात्रगतम् ।
गोमूत्रं यदि केवलमथ स्वादिमं रसविपर्यासे ॥ ८४ ॥]

મૂત્રનો અંતર્મુહૂર્ત્ત કાળ સમજવો અને ધાતુપાત્રમાં જો કેવળ ગોમૂત્ર રાખ્યું હોય તો ચોવીશ પહોરનો કાળ જાણવો, પણ જો તેના રસનો વિપર્યાસ થઇ જાય તો તેને સ્વાદ્વિમ સમજવું. ૮૪.

खाइमि तले विच्चासे, ति–चउ–पण जामपुसिणनीरस्स ।
वासाइसु तम्माणं, फासुजलस्सावि एमेव ॥ ८५ ॥
[खादिमे तलिते रसविपर्यासे त्रयः चत्वारः पंच यामा उष्णनीरस्य ।
वर्षादिषु तन्मानं प्रासुकजलस्याप्येमेव ॥ ८५ ॥]

તળેલા પદાર્થને પણ રસાદિનો વિપર્યાસ થયે છતે ખાદ્વિમ સમજવું. હવે ઉષ્ણ

જળનો વર્ષાદિ ઋતુમાં ત્રણ, ચાર અને પાંચ પહોરનો કાળ જાણવો, એટલે વર્ષાઋતુમાં ત્રણ પહોરનો, શિયાળામાં ચાર પહોરનો અને ઉનાળામાં પાંચ પહોરનો, બીજી રીતે પ્રાસુક કરેલા જળનો કાળ પણ એ જ પ્રમાણે ઋતુભેદે ભિન્નભિન્ન જાણવો. ૮૫.

उस्सेइम संसेइम, तंदुलनीरं तिलोदगं वावि ।
तुस–जव–आयामं वा, सोवीरं सुद्धवियडं च ॥ ८६ ॥
अंबकविट्ठाऽऽमलगं, अंबाडग माउलिंग खज्जूरं ।
दक्खा दाडिम कयरं, चिंचा नालियर कोलजलं ॥ ८७ ॥
पुव्वतियं भत्तट्ठे, छट्ठे तिल–तुस–जवोदगं भणियं ।
आयामं सोवीरं, अट्ठमे उसिणनीरं च ॥ ८८ ॥
[उत्स्वेदिमं संस्वेदिमं तन्दुलनीरं तिलोदकं वापि ।
तुष-यवाचामं वा सोवीरं शुद्धविकटं च ॥ ८६ ॥
आम्र–कपित्थामलकाम्बाडक–मातुलिंग–खर्जूराणां ।
द्राक्षा–दाडिम–करीराम्लिका–नालीकेर–कोलजलं ॥ ८७ ॥
पूर्वत्रिकमभक्तार्थे षष्ठे तिल–तुष–यवोदकं भणितं ।
आचामं सौवीरमष्टमे (तपसि) उष्णनीरं च ॥ ८८ ॥]

ઉસ્સેઇમ, સંસેઇમ (અર્થ પ્રથમ આવી ગયો છે.) તંદુલનીર (ચોખા ધોયાનું પાણી), તિલોદક, તુસ, જવનું પાણી, આયામ, સોવીર અને શુદ્ધ પાણી (ત્રણ ઉકાળાવાળું પાણી), આમ્ર, કોઠ, આંમળા, અંબાડક, માતુલિંગ (બીજોરુ), ખજુર, દ્રાક્ષ, દાડમ, કેર, ચિંચા (આંબલી), નાળિયેર અને કોલ (બોરના ઠળીયા)નું જળ, એમાંથી એક ઉપવાસમાં પૂર્વે કહેલા પૈકી પ્રથમના ત્રણ પ્રકારના પાણી કલ્પે, છઠ્ઠમાં તલ, તુષ અને જવનું પાણી કલ્પે અને અઠ્ઠમમાં આયામ, સોવીર અને ઉષ્ણ જળ કલ્પે. ૮૬–૮૮.

अच्छमसित्थं गलियं, तियदंडुक्कलिय-परिमियमलेवं ।
पर(वि)कडजई(तवस्सी)ण कप्पइ, न कप्पई अण्णमुरुदोसा ॥८९॥
[अच्छमसिक्थं गलितं त्रिदंडोत्कलितं परिमितमलेपं ।
परकृतं यती (विकटतपस्वि)नां कल्पते न कल्पतेऽन्यदुरुदोषात् ॥ ८९ ॥]

ત્રણ ઉપવાસથી વધારે તપવાળા મુનિને નિર્મળ, સિક્થ (દાણા) વિનાનું, ગળેલું, ત્રણ ઉકાળાએ ઉકાળેલું, પરિમિત અને અલેપ જળ અન્યનું કરેલું કલ્પે; અન્ય જળ ન કલ્પે, કારણ કે તેમાં ઘણા દોષનો સંભવ છે. ૮૯.

उस्सेइम संसेइम, तंदुल–तिल–तुस–जवाण नीरं च ।
आयामं सोवीरं, सुद्धं वियडं जलं नवहा ॥ ९० ॥
[उत्स्वेदिमं संस्वेदिमं तन्दुल–तिल–तुष–यवानां नीरं च ।
आचामं सौवीरं शुद्धं विकटं जलं नवधा ॥ ९० ॥]

ઉસ્સેઇમ, સંસેઇમ, તંદુલ, તિલ, તુષ અને જવનું પાણી, આયામ, સોવીર અને શુદ્ધ એમ અચિત્ત જળના નવ પ્રકાર છે. ૯૦.

तिहला तमालपत्तं, मुत्थय–कुट्ठं च खयरमाईहिं ।
फासुकयं खज्जाइहिं, कारणओ कप्पणिज्जं तु ॥ ९१ ॥
[त्रिफला–तमालपत्र–मुस्तक–कुष्ठ–खदिरादिभिः ।
प्रासुकीकृतं खाद्यादिभिः कारणतः कल्पनीयं तु ॥ ९१ ॥]

ત્રિફળા, તમાલપત્ર, મોથ (નાગરમોથ), કોઠ (કઠ), ખેર વિગેરે નાંખીને પ્રાસુક કરેલું તથા ખાદ્યાદિકથી કરેલું પ્રાસુક જળ કારણે કલ્પી શકે છે. ૯૧.

जिट्ठतवेऽभत्तट्ठे, पडिमुवहाणेसु अभिग्गहायामे ।
सड्ढाणं चिय कप्पइ, उण्हजलं अणसणेवि तहा ॥ ९२ ॥
[ज्येष्ठतपस्यभक्तार्थे प्रतिमोपधानेषु अभिग्रहाचाम्ले ।
श्राद्धानामेव कल्पते उष्णजलमनशनेपि तथा ॥ ९२ ॥]

જ્યેષ્ઠ (ત્રણ ઉપવાસથી વધારે) તપમાં, પ્રતિમા કરનારને, અભિગ્રહમાં અને આચામ્લમાં શ્રાવકોને ઉષ્ણજલ જ કલ્પે છે. તેમજ અનશનમાં પણ ઉષ્ણજલ જ કલ્પે છે. ૯૨.

फल–चिंचोदगमिगजाममायामं धण्णनीर मुहुत्तितिगं ।
उच्छुरसे सोवीरे, जामदुगं धोयणंतमुहु ॥ ९३ ॥
[फलचिंचोदकमेकयामं आचामं धान्यनीरं मुहूर्तत्रिकम् ।
इक्षुरसे सौवीरे यामद्विकं धावनमन्तर्मुहूर्तम् ॥ ९३ ॥]

ફળ તથા આંબલી વિગેરેના પાણીનો કાળ એક પહોરનો, આયામ અને ધાન્યના નીરનો ત્રણ મુહૂર્ત્તનો, શેરડીના રસનો અને સોવીરનો બે પહોરનો અને બીજા ધોયણાનો અંતર્મુહૂર્ત્ત કાળ જાણવો. ૯૩.

वण्ण–रस–गंध–पज्जवभेयविमिस्सं खु हवइ फासुजलं ।
सक्कर–गुड–खंडाइवत्थुविभेएहि परिणमियं ॥ ९४ ॥
[वर्ण–रस–गन्ध–पर्यवभेदविमिश्रं खलु भवति प्रासुकजलम् ।
शर्करा–गुडखंडादिवस्तुविभेदैः परिणामितम् ॥ ९४ ॥

વર્ણ, રસ, ગંધ અને પર્યાયના ફેરફારવાળું પાણી નિશ્ચયે કરી પ્રાસુક (અચિત્ત) થાય છે. તેમજ સાકર, ગોળ અને ખાંડ વિગેરે વસ્તુ વિશેષે કરી પરિણામ પમાડેલું પાણી પણ પ્રાસુક થાય છે. ૯૪.

गो-एलग-महिसीणं, खीरं पण-अड-दसदिणाणुवरि सुद्धं ।
तिदिणाणुवरि बलद्धी, नवप्पसूयाण एमेव ॥ ९५ ॥
[गवेडका-महिषीणां क्षीरं पञ्चाष्टदशदिनानामुपरि शुद्धम् ।
त्रिदिनानामुपरि बलद्धी नवप्रसूतानामेवमेव ॥ ९५ ॥]

ગાય, બકરી અને ભેંશનું દૂધ (તેના પ્રસવ પછી) પાંચ, આઠ અને દશ દિવસ પછી શુદ્ધ સમજવું. એ જ પ્રમાણે નવપ્રસૂતાની બલદ્ધી (બળી) ત્રણ દિવસ પછી શુદ્ધ સમજવી. ૯૫.

चउपहरोवरि जायं, दहि सुद्धं हवइ कप्पणिज्जं च ।
तक्करजुयखीरेयी, बीयदिणे होइ सा कप्पा ॥ ९६ ॥
[चतुष्प्रहरोपरि जातं दधि शुद्धं भवति कल्पनीयं च ।
तक्रयुता क्षैरेयी द्वितीयदिने भवति सा कल्प्या ॥ ९६ ॥

(દૂધ મેળવ્યા પછી) ચાર પહોર ઉપરાંત થયેલું દહીં શુદ્ધ અને કલ્પનીય થાય છે અને તક્રયુક્ત ક્ષીર (દૂધપાક તથા ખીર) બીજે દિવસે કલ્પે છે. ૯૬.

निण्णीरं तिलमिस्सं, संधाणं तह वियारियफलाणं ।
अचित्तभोइणो पुण, कप्पइ तक्करमणु(वु)ग्गलियं ॥ ९७ ॥
[निर्नीरं तैलमिश्रं सन्धानं तथा विदारितफलानाम् ।
अचित्तभोजिनः पुनः कल्पते तक्रमनु(मप्यु)द्गलितं ॥९७॥]

પાણી વિનાનું અને તેલથી મિશ્ર અથાણું તથા વિદારિત (કાપેલા) ફળો અને ગળેલી છાશ અચિત્તભોજીને પણ કલ્પે છે. ૯૭.

निच्छल्लि-निब्बीयं, फलमामगमामुहुत्तवरिकयं ।
विदलं तक्करमिस्सं, न कप्पमुसणीकएण विणा ॥ ९८ ॥
[निस्त्वग्निर्बीजं फलमामकमामुहूर्तोपरिकृतं ।
विदलं तक्रमिश्रं न कल्प्यमुष्णीकृतेन विना ॥ ९८ ॥]

છાલ વિનાનું અને બીજ વિનાનું કાચું ફળ (શસ્ત્ર પરિણત) એક મુહૂર્ત્ત પછી કલ્પે છે, અને છાશ વિગેરે ઉષ્ણ કર્યા-વિનાનું હોય તો તેમાં મેળવેલું વિદળ (સ્નેહ-વિનાનું કઠોળ) કલ્પે નહીં. ૯૮.

मोयाफलं पंडोली, घोसाडफलं च रुक्खगुंदाइ ।
तप्पडिबद्धं जं नो, हवइ तं कप्पमचित्तं ॥ ९९ ॥
[मोचाफलं पटोलीघोषातफलं च वृक्षगुन्दरादि ।
तत्प्रतिबद्धं यत् नो भवति तत् कल्प्यमचित्तं ॥ ९९ ॥]

મોયાફળ (કદલીફળ), પંડોળી (લઘુદ્રાક્ષા), ઘોસાડ ફળ[1] અને વૃક્ષનો ગુંદર કે જે તત્પ્રતિબદ્ધ ન હોય તે કલ્પ્ય અને અચિત્ત સમજવા. ૯૯.

ઉપવાસના ત્રણ પ્રકાર.

उक्किट्ठ–जहन्न–मज्झिमभेएहिं होइ तिविहमभत्तट्ठं ।
चउहार–सचित्तपरिच्चाएणुक्किट्ठभेएण ॥ १०० ॥
तिविहारेण जहन्ने, मज्झिमए कयसचित्तवावारो ।
तत्थाणाहारवत्थू , कप्पइ सव्वा वि रयणीए ॥ १०१ ॥
[उत्कृष्ट–जघन्य–मध्यमभेदैर्भवति त्रिविधमभक्तार्थम् ।
चतुर्धाहार–सचित्तपरित्यागेनोत्कृष्टभेदेन ॥ १०० ॥
त्रिविधाहारेण जघन्यं मध्यमके कृतसच्चित्तव्यापारः ।
तत्रानाहारवस्तूनि कल्पन्ते सर्वाण्यपि रजन्याम् ॥ १०१ ॥]

અભક્તાર્થ (ઉપવાસ) ઉત્કૃષ્ટ, જઘન્ય અને મધ્યમ–એમ ત્રણ પ્રકારે હોય છે. તેમાં ચોવિહાર અને સચિત્તના ત્યાગવાળો ઉત્કૃષ્ટ જાણવો, ત્રિવિહારવાળો જઘન્ય જાણવો અને સચિત્તનો ઉપયોગ કરનારો મધ્યમ જાણવો. (અહીં બાહ્યઉપભોગ સમજવો. પણ પાન ન સમજવું.) તે ત્રણે પ્રકારના અભક્તાર્થમાં રાત્રિએ અનાહારી સર્વ વસ્તુ કલ્પે છે. ૧૦૦–૧૦૧.

આયંબિલના ત્રણ પ્રકાર.

आयंबिलमवि तिविहं, उक्किट्ठ–जहन्न–मज्झिमभेएहिं ।
निण्णेहं जं वियलं पू (सू)वाई पकप्पए तत्थ ॥ १०२ ॥
[आचाम्लमपि त्रिविधमुत्कृष्ट–जघन्य–मध्यमभेदैः ।
निःस्नेहं यद्विदलं अपू (सू)पादि च प्रकल्पते तत्र ॥१०२॥]

આયંબિલ પણ ઉત્કૃષ્ટ, જઘન્ય અને મધ્યમ–એમ ત્રણ પ્રકારે કહ્યું છે. તેમાં નિઃસ્નેહ (જેમાંથી તેલ ન નીકળે તેવું) દ્વિદળ ધાન્ય, રોટલી (દાળ) વિગેરે કલ્પે છે. ૧૦૨.

---

૧. ઘીસોડાં (ઘાસાડિયા ટીંડારાની વેલ.)

सियसिंधव-सूंठि-मिरि-मेही सोवच्चलं च बिडलवणं ।
हिंगु-सुगंधिसुयाइं, पकप्पए साइमं वत्थू ।। १०३ ।।
[श्वेतसैन्धव-सुंठिमिरिच-मेथिसौवर्चलं च बिडलवणं ।
हिंगुसुगन्धिसुवादि प्रकल्पते स्वादिमं वस्तु ।। १०३ ।।]

શ્વેત સિંધવ, સુંઠ, મરી (તીખાં), મેથી, કાળું નિમક (સંચળ), બિડલવણ, હીંગ, સુગંધી સુવા વિગેરે સ્વાદિમ વસ્તુઓ કલ્પે છે. ૧૦૩.

कारणजाएण जईण, असणं सिद्धं हविज्ज तिमियं वा ।
पिट्ठं जलेण रद्धं, घुग्घुरि ठुट्ठाइ सिद्धेणं (णं) ।।१०४।।
[कारणजातेन यतीनां अशनं सिद्धं भवेत्तिमितं वा ।
पिष्टं जलेन राद्धं घुर्घुरीठुट्ठादि सिद्धान्नम् ।। १०४ ।।]

મુનિને કારણ આવે રાંધેલું અથવા ભીંજવેલું અશન, પાણીમાં રાંધેલ લોટ (ઘેંશ વિગેરે) ઘુઘરી, ટેઠવા વિગેરે સિદ્ધાન્ન કલ્પે છે. ૧૦૪.

पप्पड–वडया रुक्खा, सिद्धा तिमणीकया हवइ कप्पा ।
भज्जियधण्णं तिणधण्ण कट्ठदलं सिणेहविगलं जं ।। १०५ ।।
[पर्पट–वटकानि रूक्षाणि सिद्धानि स्तीमनीकृतानि भवन्ति कल्प्यानि ।
भ्रज्जितधान्यं तृणधान्यं काष्ठदलं स्नेहविकलं यत् ।। १०५ ।।]

લુખા (તેલ વિનાના) પાપડ, વડી, રાંધ્યા પછી ઢીલા થયેલા (સિદ્ધ તિમનીકૃત) કલ્પ્ય હોય છે, તેમજ ભુંજેલ ધાન્ય, ખડધાન્ય (તૃણ ધાન્ય) કાષ્ઠદળ જે તેલ રહિત હોય તે કલ્પે છે. ૧૦૫.

सव्वाणं धण्णाणं, पिहुया दुद्धेण सिद्ध साइमयं ।
वेसण–वग्घाराई, हलिद्दपभिई अकप्पं च ।। १०६ ।।
[सर्वेषां धान्यानां पृथुका दुग्धेन सिद्धं स्वादिमम् ।
वेसण–व्युद्घारितादि, हरिद्राप्रभृत्यकल्प्यं च ।।१०६।।]

સર્વ ધાન્યના પોંક, દૂધમાં રાંધેલી સ્વાદિમ વસ્તુ કહેવાય છે તે અને વેસણ, વઘારેલ વસ્તુ વિગેરે અને હળદર વિગેરે (સ્વાદવાળી વસ્તુ) સર્વ અકલ્પ્ય છે. ૧૦૬.

जं तिमिउं काउं, नो सक्कइ तं तं न कप्पइ रयाइ ।
पायं हिंगु न कप्पइ, दुकयदोसप्पसंगओ जम्हा ।।१०७।।
[यत्तिमितीकर्तुं न शक्यते, तत्तन्न कल्पते रतादि ।
प्रायो हिंगुर्न कल्पते, द्विकृतदोषप्रसंगतो यस्मात् ।। १०७ ।।]

જે રક્તાદિ એટલે કઠણ માંડા, ખાખરા, પાપડ વિગેરે આર્દ્ર કરી શકાતા નથી તે આંબેલમાં અકલ્પ્ય છે અને પ્રાયે હિંગ પણ (ઉત્કૃષ્ટ) આંબેલમાં કલ્પતી નથી, કારણ કે તેમાં વિકૃતરૂપ દોષનો સંભવ છે. ૧૦૭.

दंतवणं तंबोलं, कायव्वं नेव अंबिलम्मि तवे ।
जलभिन्नमणाहारं, कप्पइ सव्वं पि तत्थ ठिए ॥१०८॥
[दन्तपवनं ताम्बूलं, कर्तव्यं नैवाचाम्ले तपसि ।
जलभिन्नोऽनाहारः कल्पते, सर्वोपि तत्र स्थिते ॥१०८॥]

દાતણ કરવું અને તંબોલ ખાવું તે આંબેલના તપમાં કલ્પતું નથી અને જળ-ભિન્ન અનાહારી વસ્તુઓ સર્વે ત્યાં બેઠા બેઠા કલ્પે છે. ૧૦૮.

सोवीरमुसिणजलं, कप्पइ नो अण्णमेस विहि पायं ।
सोवीरं सिद्धपिट्ठं, निण्णेहं विगलमुक्किट्ठे ॥ १०९ ॥
[सौवीरमुष्णजलं कल्पते नो अन्यदेष विधिः प्रायः ।
सौवीरं सिद्धपिष्टं निःस्नेहं विदलमुत्कृष्टे ॥१०९॥

ઉત્કૃષ્ટ આયંબિલમાં સૌવીર અને ઉષ્ણજળ કલ્પે છે, અન્ય જળ કલ્પતું નથી એવો પ્રાયે વિધિ છે. તેમ જ ઉત્કૃષ્ટ આયંબિલમાં સૌવીર સિદ્ધપિષ્ટ અને નિઃસ્નેહ વિદળ (કલ્પે છે.) ૧૦૯.

मज्झम्मि घुग्घुरियाइं, हिंगुप्पमुहाण कप्पणे भयणा ।
भज्जियधण्णाईयं, सव्वं पि पकप्पइ जहन्ने ॥११०॥
[मध्ये घुर्घुरिकादिहिंगुप्रमुखानां कल्पने भजना ।
भ्रर्जितधान्यादिकं सर्वमपि प्रकल्पते जघन्ये ॥ ११० ॥]

મધ્યમ આયંબિલમાં ઘુગ્ઘુરી વિગેરે અને હિંગ વિગેરે ભજનાએ કલ્પે છે, અને જઘન્ય આયંબિલમાં ભુંજેલ ધાન્ય વિગેરે સર્વે કલ્પે છે.

दु–ति–चउ अंगुलमाणं, नीरं जइ हवइ सिद्धभत्तुवरि ।
आयंबिलं विसुद्धं, हविज्ज तो सव्वकट्ठहरं ॥१११॥
[द्वि–त्रि–चतुरंगुलमानं, नीरं यदि भवति सिद्धभक्तोपरि ।
आचाम्लं विशुद्धं भवेत्ततः. सर्वकष्टहरम् ॥१११॥]

રાંધેલા અનાજ (ભાત)ની ઉપર બે, ત્રણ કે ચાર અંગુલ પ્રમાણ પાણી હોય તો તે (ખાનારનું) આયંબિલ વિશુદ્ધ કહેવાય છે અને તે સર્વ કષ્ટને હરનાર છે. ૧૧૧.

जगरा–जीरय जुत्तं, ओयणमिह कप्पए जईण पुणो ।
सड्ढाणं नो कप्पइ, तूयरि लट्ठाइयं वि पुणो ॥ ११२ ॥

[जगारी जीरकयुक्तमोदनमिह कल्पते यतीनां पुनः ।
श्राद्धानां नो कल्पते तूवरीलट्टादिकमपि पुनः ॥ ११२ ॥]

જગારી અને જીરા યુક્ત ઓદન અહીં (અયંબિલમાં) સાધુને કલ્પે છે. શ્રાવકને તે અને તુવરી તથા વટાણા લટ્ટાદિક પણ કલ્પતું નથી. ૧૧૨.

નીવિના ત્રણ પ્રકાર.

निव्विगयं पुण तिविहं, इग-बीयासणेगठाण-दत्तितवे ।
वग्घारियतीमण-खज्जग-विगइगयं नोवभुंजेइ ॥ ११३॥
[निर्विकृतिकं पुनस्त्रिविधं एकद्वयासनैकस्थानदत्तितपांसि-
व्युद्घारिततीमनखाद्यकविकृतिगतं नोपभुनक्ति ॥ ११३ ॥]

નીવિ પણ (ઉત્કૃષ્ટાદિ) ત્રણ પ્રકારની છે અને એકાસણું, બેસણું અને એકલઠાણું– એ ત્રણ પ્રકારનું તપ છે, દત્તિની સંખ્યારૂપ પણ તપ છે. તેમાં વઘારેલું તિમન, ખાજા અને વિકૃતિકૃત (નીવિયાતા) ખવાતા નથી. ૧૧૩.

अत्थ अलेवं भुंजइ, खाइमवत्थू वि नोवभुंजेइ ।
उक्किट्ठं निव्विगई, मज्झिमओ खाइमं भुंजे ॥११४॥
तत्थ जहन्ने सव्वं, विगइगयं भुंजए अ कारणओ ।
संपइ इगासणंमि य, किज्जइ निव्विगयपच्चक्खाणं ॥ ११५ ॥
[अत्रालेपं भुनक्ति, खादिमवस्त्वपि नोपभुज्जीत ।
उत्कृष्टा निर्विकृतिः, मध्यमतः खादिमं भुञ्जयात् ॥११४॥
तत्र जघन्ये सर्वं, विकृतिगतं भुंक्ते च कारणतः ।
सम्प्रत्येकाशने च क्रियते, निर्विकृतिकं प्रत्याख्यानं ॥ ११५ ॥

અહીંયા ઉત્કૃષ્ટ નીવિમાં અલેપ દ્રવ્ય ખવાય, ખાદિમ વસ્તુ ન ખવાય, મધ્યમ નીવિમાં ખાદિમ વસ્તુ ખવાય, અને જઘન્ય નીવિમાં કારણે સર્વ વિકૃતિકૃત (નીવિયાતા) ખવાય. સાંપ્રતકાળે એકાસણા સાથે નીવિનું પચ્ચક્ખાણ કરાય છે. ૧૧૪–૧૧૫

सोवीरमुसिणनीरं, पकप्पए तिविहनिव्विगइयम्मि ।
पायं सचित्तचाओ, किज्जइ बहुदिणतवे भयणा ॥ ११६ ॥
[सौवीरमुष्णनीरं, प्रकल्पते त्रिविधनिर्विकृतिके ।
प्रायः सचित्तत्यागः क्रियते, बहुदिनतपसि भजना ॥ ११६ ॥]

ત્રણે પ્રકારની નીવિમાં સૌવીર અને ઉષ્ણ જળ કલ્પે છે. પ્રાયે સચિત્તનો ત્યાગ કરાય છે. બહુ દિવસના તપમાં ભજનાએ કરાય છે. ૧૧૬.

રઇયં પગરણમેયં, મુણીણમાહારભેયનાણટ્ઠં ।
સિરિસિરિચંદમુણીંદેણ, હેમસૂરીણ સીસેણ ॥ ૧૧૭ ॥
[રચિતં, પ્રકરણમેતન્મુનીનામાહારભેદજ્ઞાનાર્થમ્ ।
શ્રીશ્રીચન્દ્રમુનીન્દ્રેણ, શ્રીહેમસૂરીણાં શિષ્યેણ ॥ ૧૧૭ ॥]

આ પ્રકરણ **શ્રી હેમચંદ્રસૂરિ**ના શિષ્યશ્રી શ્રી **ચંદ્રમુનીંદ્રે** મુનિને આહારના કલ્પ્યાકલ્પ્ય વિભાગને જાણવા માટે રચ્યું છે.

ચાર આહાર વિશે

પચ્ચક્ખાણભાષ્યની ચાર આહાર સંબંધી ગાથા ૨.

અસણે મુગ્ગોઅણસત્તુ-મંડપયખજ્જરબ્બકંદાઈ ।
પાણે કંજિયજવકયરકક્કોડોદગસુરાઇજલં ॥ ૧૪ ॥
ખાઇમે ભત્તોસફલાઇ, સાઇમે સુંઠિજીરઅજમાઇ ।
મહુગુલતંબોલાઈ, અણહારે મોયનિંવાઈ ॥ ૧૫ ॥

૧ **અસણ**—મગ વગેરે સર્વ કઠોળ ૧, ભાત વગેરે સર્વ જાતિના ચોખા, તંદુલ, ઘઉં વગેરે સર્વ જાતિના ધાન્ય ૨, સાથવો વગેરે (જુવાર, મગ વગેરેને શેકીને તેનો બનાવેલો લોટ) ૩, માંડા વગેરે (પુડા, પોળી, રોટલી, રોટલા વગેરે) ૪, દૂધ વગેરે (દહીં, ઘી, તેલ વગેરે) ૫, ખાજાં વગેરે (સર્વ જાતિનાં પકવાન્ન, મોદક વગેરે) ૬, રાબ વગેરે (સર્વ જાતિની ઘેંશ) ૭, અને કંદ વગેરે (સર્વ વનસ્પતિનાં કંદમૂળ-ફળાદિકના રંધાયેલાં શાક વગેરે) ૮–એ સર્વ અશનમાં ગણાય છે. આ આઠ પ્રકારમાં સર્વ અશનનો સમાવેશ છે.

૨ **પાણ**—પાણીમાં કાંજીનું પાણી (છાશની આછ), જવનું પાણી (જવનું ધોવણ), કેરનું પાણી (કેરનું ધોવણ) અને કર્કોટકનું તે કાકડી, ચીભડાં વગેરે ફળોની અંદર રહેલું અથવા તેનાં ધોવણનું પાણી તથા મદિરા વગેરે. એ સર્વ જાતિનાં પાણી પાણુ-આહારમાં ગણાય છે; પરન્તુ તિવિહારના પચ્ચક્ખાણવાળાને એ પાણી કલ્પે નહિ. તેને તો નદી, કૂવા તળાવ વગેરેનાં પાણી કે જે કર્પૂરાદિ અન્ય પદાર્થવડે મિશ્ર થયેલ ન હોય તેવાં શુદ્ધ પાણી જ કલ્પે છે, અને કર્પૂર, દ્રાક્ષ, એલાઇચી આદિ સ્વાદિમ વસ્તુ-ઓથી મિશ્ર કરેલા પાણી સ્વાદિમમાં ગણાય છે તે દુવિહારમાં કલ્પે છે.

૩ **ખાદિમ** :—જે વસ્તુ ખાવાથી ક્ષુધાની પૂર્ણ શાંતિ ન થાય પણ કંઈક સંતોષ થાય તેવી વસ્તુઓ ખાદિમમાં ગણાય છે. તેના નામ આ પ્રમાણે: શેકેલાં ધાન્ય એટલે

મમરા, પહુવા, ચણા, દાળીઆ, મગ વગેરે તથા ખજૂર, ખારેક, નાળીએર, બદામ, દ્રાક્ષ, કાજુ વગેરે મેવા, કેરી, ચીભડાં, તરબૂચ, ખડબુજ વગેરે ફળો, શેરડી વગેરે, તથા કોઠવડી, આમળા ગંઠી, આંબાગોળી, કોઠીપત્ર, લીંબુઇપત્ર વગેરે ખાદિમમાં ગણાય છે, તે દુવિહારમાં કલ્પે નહિ.

૪ **સ્વાદિમ**—વસ્તુઓના નામઃ સૂંઠ, હરડે, પીપર, મરી, જીરૂ, અજમો, જાયફળ, જાવંત્રી, કાથો, ખેરવટી, જેઠીમધ, કેશર, નાગકેશર, તમાલપત્ર, એલચી, લવિંગ, બીડલવણ, અજમોદ, પીપરીમૂળ, ચીણિકબાબા, મોથ, કાંટાસેલીઓ, કપૂર, હરડાં, બેડાં, બાવળની છાલ, ધાવડીની છાલ, ખેરની છાલ, ખીજડાની છાલ તથા તેના પત્ર, સોપારી, હીંગ, જવાસામૂળ, બાવચી, તૂળશી, કચૂરો, તજ, સંચળ, પુષ્કરમૂળ, તથા તંબોળ (નાગરવેલનું પાન), વરીયાળી, સુવા ઇત્યાદિ સ્વાદિમ પદાર્થો દુવિહારમાં કલ્પે છે. આમાંથી જીરૂ અને અજમાને કેટલાક આચાર્યો ખાદિમમાં પણ ગણે છે.

તથા મધ, ગોળ, ખાંડ ને સાકર પણ સ્વાદિમમાં ગણાય છે, પરન્તુ એ તૃપ્તિ કરનાર હોવાથી દુવિહારમાં કલ્પે નહિ.

આ ચારે ભેદોમાં જણાવેલી બધી વસ્તુ ભક્ષ્ય જ છે તેમ જાણવું નહિ. માત્ર વસ્તુસ્વરૂપનિરૂપણ કર્યું છે.

૫ **અણાહારી**—વસ્તુઓનાં નામ :-લીંબડાંનાં પાંચ અંગ (પત્ર, છાલ, કાષ્ઠ, ફળ, ફૂલ વગેરે), ગોમૂત્ર વગેરે મૂત્રો, ગળો, કડૂ, કરીઆતુ, અતિવિષ, ચીડ, રાખ, હળદર, ઉપલેટ, વજ, હરડા, બેડા ને આમળા સમભાગે હોય તો, બાવળની છાલ, ધમાસો, નાહી, આસંધિ, રીંગણી, એળીઓ, ગૂગળ, બોરડી, કંથેરી, ખેરમૂળ, કુંઆર, મજીઠ, બોળ, ચિત્રક, કુંદરૂ, કટકડી, ચીમેડ, થુઅર (થોર) આકડો ઇત્યાદિ જે વસ્તુઓ અનિષ્ટ સ્વાદવાળી હોય તેને અણાહારી જાણવી.

આમાંની કેટલીક વસ્તુ સ્વાદિમમાં પણ ગણાય છે.

———

અણાહારી દવાઓ

અણાહારી વસ્તુઓના નામો અમને જુદે જુદે સ્થળેથી મળ્યા છે તે—

૧ અગર.
૨ અફીણ.
૩ અતીવિષની કળી.
૪ અર્કાદિ પંચ.
૫ અંબર.
૬ આસધ.
૭ આછી.
૮ એળીચેા.
૯ ઇંદ્રાણીમૂળ(ઇંદ્રવારુણીમૂળ).
૧૦ ઉપલેટ.
૧૧ ઊજવળી.
૧૨ કસ્તૂરી.
૧૩ કડુ.
૧૪ કરીયાતુ.
૧૫ કડાછાલ.
૧૬ કરણમૂળ.
૧૭ કપાસમૂળ.
૧૮ કેરડામૂળ.
૧૯ કંથેરમૂળ.
૨૦ કુંવાર.
૨૧ કીંદરૂ.
૨૨ કીકેા ઇંટાલેા.
૨૩ ખારેા.
૨૪ ખેરસાર.
૨૫ ખેરમૂળ.
૨૬ ખેારાસાણી વજ.
૨૭ ગળેા.
૨૮ ગુગળ.
૨૯ ગૌમુત્રાદિ મૂત્રેા.
૩૦ ઘેાડાવજ.
૩૧ ચીત્રાછાલ.
૩૨ ચીમેડ.
૩૩ ચીડ.
૩૪ ચેાપચીની.
૩૫ ચુનેા.
૩૬ જવખાર.
૩૭ ઝેરી કેાપરુ (નાળીચેર).
૩૮ ઝેરી ગેાટલી.
૩૯ ટંકણખાર.
૪૦ ડાભમૂળ.
૪૧ તગર.
૪૨ તંબાકુ.
૪૩ ત્રિફળા (હરડાં–બેડા અને આંબળા સરખે ભાગે.)
૪૪ દારૂલ.
૪૫ ધમાસેા.
૪૬ નઇકંદ.
૪૭ પુવાડ.
૪૮ બેડાની છાલ.
૪૯ ફટકડી.
૫૦ બેારછાલ.
૫૧ બેારમૂળ.

૫૨ બાવળછાલ.
૫૩ બોજકણ (બુચકણ)
૫૪ બીયાનું લાકડું (બોલબીયાં.)
૫૫ બોળ.
૫૬ મલીયાગરૂ.
૫૭ મજીઠ.
૫૮ રાખ.
૫૯ લોરીંગણી ઊભી ને બેઠી.
૬૦ રોહિણીછાલ.
૬૧ લીંબડાના પંચાંગ (મૂળ-છાલ-કાષ્ઠ-પત્ર-મોર.)
૬૨ વખમો.
૬૩ સુખડ.
૬૪ સુરોખાર.
૬૫ સાજીખાર.
૬૬ હરડેછાલ.
૬૭ હળદર.
૬૮ હીમજ.
૬૯ કેશર.
૭૦ કણીયર.
૭૧ ખારેકના ઠળીઆ.
૭૨ જેઠીમધનું મૂળ.
૭૩ રીંગણી.
૭૪ થોર.
૭૫ આકડાની સુકી જડ.
૭૬ કુંવાડીઆના બી.

આ સિવાય સર્વ અનિષ્ટસ્વાદવાળી વસ્તુઓ.

卐

આ અણાહારી પદાર્થો રાત્રે ચૌવિહાર પચ્ચક્ખાણવાળાંને કલ્પે છે... તિવિહારના પચ્ચક્ખાણવાળાને મુઠસી આદિ ચૌવિહાર પચ્ચક્ખાણ કરવાથી તે કલ્પી શકે છે.



સમયસાર :–



સમયસાર નામનાં આ પ્રકરણમાં જીવ-અજીવ આદિ નવ તત્ત્વોનું સુંદર સ્વરૂપ બતાવ્યું છે, અને તે પણ પદ્યબદ્ધ અધ્યાયની રચના કરીને તત્ત્વાર્થનાં સૂત્રની જેમ સંકલના કરી છે, જેથી અર્થ સારી રીતે સમજી શકાય. સાત અધ્યાયમાં નવ તત્ત્વ અને છેલ્લા ત્રણ અધ્યાયમાં જ્ઞાન-દર્શન-ચારિત્ર અને વ્રતોની આરાધના-વિરાધનાનાં ફળનું સ્વરૂપ બતાવ્યું છે.

આ પ્રકરણમાં પુણ્ય અને પાપ તત્ત્વનો સમાવેશ બંધ તત્ત્વમાં કરવાથી સાત તત્ત્વો કહ્યા છે. આઠ પ્રકારનાં કર્મોનાં બંધ હેતુઓનું વિવરણ, સંવર તત્ત્વના ૫૭ ભેદોનું વિવરણ, બાર પ્રકારનાં તપનું વિવરણ, અને મોક્ષ તત્ત્વમાં એક સમયે કેટલા સિદ્ધ થાય ? તે અંગે ૫૪ પ્રકાર વિગેરેનું યોગ્ય વિસ્તાર-પૂર્વક વર્ણન કરેલ છે.

આ નવ તત્ત્વનાં બોધ માટે ઉપયોગી પ્રકરણનાં અધ્યયન દ્વારા આત્મ-વિકાસ સાધી શકાય.

सव्वन्नू मोक्खमग्गंति, चउव्वग्गंमि उत्तमं ।
सुहं जओ तिवग्गम्मि, दिट्ठमेगंतिअं न हु ॥ १ ॥

સર્વજ્ઞો ચાર વર્ગમાં મોક્ષવર્ગને ઉત્તમ કહે છે; કારણ કે બાકીના ત્રણ વર્ગથી એકાંતિક સુખની (મોક્ષસુખની) પ્રાપ્તિ થતી નથી. ૧.

धम्माउ हेमनिअलो–वमं जीवा समज्जिउं ।
पुण्णकम्मं भवे ठंति, सुहाभासेण गव्विआ ॥ २ ॥

ધર્મવર્ગના આરાધનથી જીવો સોનાની બેડી જેવા પુણ્યને ઉપાર્જન કરે છે. તે પુણ્યકર્મ પોતાથી થતાં સુખાભાસવડે ગર્વિત જીવોને સંસારમાં રાખે છે એટલે પર્યટન કરાવે છે. ૨.

अत्थाउ पयडं चेव, वहबंधाइअं दुहं ।
लहंता किर दीसंति, अज्जणे रक्खणेऽवि अ ॥ ३ ॥

અર્થવર્ગના આરાધનથી જીવો પ્રગટપણે વધબંધનાદિ દુઃખને પામે છે; તેમજ અર્થના ઉપાર્જન માટે તથા રક્ષણ માટે પણ દુઃખો સહે છે. ૩.

लसंतसुहलेसस्स, पेरंतविरसस्स य ।
कहं पसंसा कामस्स, जुत्ता दुग्गइहेउणो ? ॥ ४ ॥

દુર્ગતિના હેતુરૂપ **કામવર્ગની** પ્રશંસા તો કેમ કરાય ? કે જે પ્રારંભમાં લેશ સુખને આપે છે, પરંતુ પરિણામે વિરસ છે-અત્યંત દુઃખ આપનાર છે. ૪.

तम्हाऽणंतसुहं खीण–समग्गदुहसंतइं ।
मोक्खं चिअ पसंसंति, जरामरणवज्जिअं ॥ ५ ॥

તેથી અનંત સુખમય, સમગ્ર દુઃખની શ્રેણિનો જેમાં ક્ષય છે એવા અને જરા-મરણથી રહિત એવા **મોક્ષવર્ગની** જ પ્રશંસા કરાય છે. ૫.

लहंति तं पुणो सम्म–न्नाणदिट्ठिचरित्तओ ।
आराहियाउ काऊण, सव्वकम्मक्खयंजिआ ॥ ६ ॥

સમ્યગ્ જ્ઞાન, દર્શન અને ચારિત્રના આરાધનવડે જ સર્વ કર્મનો ક્ષય કરીને જીવો તેવા મોક્ષને પામે છે. ૬.

પ્રથમ અધ્યાય જીવ નિરૂપણ

तत्थ सव्वन्नुपरूविआणं जहट्ठियाणं तत्ताणं जे अवबोहे तं सम्मन्नाणंति भण्णइ ॥ तत्ताणि पुण सत्त पण्णत्ताणि, तंजहा–जीवा अजीवा आसवे बंधे संवरे निज्जरा मोक्खे अ ।

તેમાં સર્વજ્ઞ ભગવંતે પ્રરૂપેલા તત્ત્વોના યથાસ્થિત બોધને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. તે તત્ત્વો સાત કહેલ છે. તેનાં નામ આ પ્રમાણે–જીવ, અજીવ, આશ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ.

ભાવાર્થ :-સુખદુઃખરૂપ ઉપયોગ લક્ષણવંત જીવ ૧, તેથી વિપરીત લક્ષણવંત અજીવ ૨, જે વડે કર્મ આવે તે શુભાશુભ કર્મ ઉપાદાન હેતુક હિંસા, અસત્યાદિ આશ્રવ ૩, જીવ તેમજ કર્મનો અત્યંત સંબંધ તે બંધ ૪, સમિતિગુપ્તિવડે આશ્રવ નિરોધ તે સંવર ૫, સ્થિતિપરિપાકથી કે તપથી કર્મનું અંશતઃ ખરવું તે નિર્જરા ૬, સકલકર્મના ક્ષયથી સ્વઆત્મામાં જે અવસ્થાન તે મોક્ષ ૭.

तत्थ जीवा दुविहा, तंजहा–सिद्धा संसारिणो अ ॥ तत्थ सिद्धा अणंतनाणदंसण-वीरिअसोक्खलक्खणएगसहावभावाओ एगविहावि अणंतरपच्छिमभवरूवोवाहिभेआओ पन्नरसविहा,

तंजहा–तित्थसिद्धा १ अतित्थसिद्धा २ तित्थगरसिद्धा ३ अतित्थगरसिद्धा ४ सयंबुद्धसिद्धा ५ पत्तेअबुद्धसिद्धा ६ बुद्धबोहिअसिद्धा ७ इत्थिलिंगसिद्धा ८ पुरिस-लिंगसिद्धा ९ नपुंसगलिंगसिद्धा १० सलिंगसिद्धा ११ अन्नलिंगसिद्धा १२ गिहि-लिंगसिद्धा १३ एगसिद्धा १४ अणेगसिद्धा य १५ ॥

તેમાં જીવ બે પ્રકારે છેઃ સિદ્ધ અને સંસારી. તેમાં સર્વસિદ્ધ અનંત જ્ઞાન, દર્શન, વીર્ય અને સુખરૂપ એકસ્વભાવવાળા હોવાથી એક પ્રકારના છે, પરંતુ તે અનંતર એવા પાછલા (પૂર્વ) ભવરૂપ ઉપાધિના ભેદથી પંદર પ્રકારે છે. તે આ પ્રમાણે–

તીર્થસિદ્ધ ૧, અતીર્થસિદ્ધ ૨, તીર્થંકરસિદ્ધ ૩, અતીર્થંકરસિદ્ધ ૪, સ્વયંબુદ્ધસિદ્ધ ૫, પ્રત્યેકબુદ્ધસિદ્ધ, ૬, બુદ્ધબોધિતસિદ્ધ ૭, સ્ત્રીલિંગસિદ્ધ ૮, પુરુષલિંગસિદ્ધ ૯, નપુંસકલિંગસિદ્ધ ૧૦, સ્વલિંગસિદ્ધ ૧૧, અન્યલિંગસિદ્ધ ૧૨, ગૃહીલિંગસિદ્ધ ૧૩, એકસિદ્ધ ૧૪ અનેકસિદ્ધ ૧૫.

ભાવાર્થ :–આ પંદર ભેદના અર્થ આ પ્રમાણે–૧. ચતુર્વિધ સંઘરૂપ તીર્થ પ્રવર્ત્યા પછી સિદ્ધિપદ પામે તે તીર્થસિદ્ધ, ૨. તીર્થની પ્રવૃત્તિ થયા અગાઉ મરુદેવીમાતાની જેમ તેમજ તીર્થના અભાવ વખતે જે સિદ્ધિપદ પામે તે અતીર્થસિદ્ધ, ૩. તીર્થંકર થઇને સિદ્ધિપદ પામે તે તીર્થંકરસિદ્ધ, ૪. તીર્થંકર થયા સિવાય સામાન્યકેવળીપણે સિદ્ધિપદ પામે તે અતીર્થંકરસિદ્ધ, ૫. તીર્થંકરની જેમ પોતાની મેળે બોધ પામીને સિદ્ધ થાય તે સ્વયંબુદ્ધસિદ્ધ, ૬. અમુક નિમિત્તવડે બોધ પામીને સિદ્ધિપદ પામે તે પ્રત્યેકબુદ્ધસિદ્ધ, ૭. અન્યથી બોધ પામીને સિદ્ધ થાય તે બુદ્ધબોધિતસિદ્ધ, ૮. સ્ત્રીલિંગે સિદ્ધ થાય તે સ્ત્રીલિંગસિદ્ધ, ૯ પુરુષલિંગે સિદ્ધ થાય તે પુરુષલિંગસિદ્ધ, ૧૦. કૃતનપુંસકલિંગે સિદ્ધ થાય તે નપુંસકલિંગસિદ્ધ (જન્મનપુંસક સિદ્ધિપદ પામતા નથી), ૧૧. મુનિવેષે સિદ્ધ થાય તે સ્વલિંગસિદ્ધ, ૧૨. અન્ય તાપસાદિ વેષે કેવળજ્ઞાન પામી સિદ્ધિપદ પામે તે અન્યલિંગસિદ્ધ, ૧૩. ગૃહસ્થપણે કેવળજ્ઞાન પામીને સિદ્ધ થાય તે ગૃહલિંગસિદ્ધ, ૧૪. એક સમયે એક સિદ્ધ થાય તે એકસિદ્ધ, અને ૧૫. એક સમયે અનેક સિદ્ધિપદને પામે તે અનેકસિદ્ધ જાણવા.

संसारिणो पुण एगविहदुविहाइभेएहिं अणेगहा पण्णत्ता तंजहा–
एगविहा सव्वेसिंपि सामन्नेणं उवओगलक्खणभावाओ ।

હવે સંસારી જીવોના એકવિધ, દ્વિવિધ ઇત્યાદિ અનેક પ્રકાર કહ્યા છે. તે આ પ્રમાણે–

સર્વ જીવ સામાન્યે જ્ઞાનદર્શનરૂપ ઉપયોગલક્ષણ સ્વભાવવાળા હોવાથી એક પ્રકારના જાણવા.

दुविहा तसा थावरा य । अहवा संववहारिआ असंववहारिआ य ॥ तत्थ जे अणाइकालाओ आरब्भ सुहुमनिगोएसुं चिअ चिट्ठंति न कयाइ तसाइभावं पत्ता ते असंववहारिआ । जे पुण सुहुमनिगोएहिंतो निग्गया सेसजीवेसु उप्पन्ना ते संववहारिआ । ते अ पुणोऽवि सुहुमनिगोअत्तं पत्ताबि संववहारिअ चिअ भण्णंति ।

દ્વિવિધ–ત્રસ અને સ્થાવર અથવા સંવ્યવહારી અને અસંવ્યવહારી. તેમાં જે જીવો અનાદિ કાળથી સૂક્ષ્મનિગોદમાં રહેલા છે, કદાપિ પણ ત્રસાદિ ભાવને પામ્યા નથી તે અસંવ્યવહારી અને જે જીવો સૂક્ષ્મનિગોદમાંથી નીકળીને અન્ય યોનિમાં ઉત્પન્ન થયા હોય તે સંવ્યવહારી. તે જીવો ફરીને કદી સૂક્ષ્મનિગોદમાં જાય તો પણ સંવ્યવહારી જ કહેવાય.

तिविहा थीपुंनपुंसगवेअभेएणं संजयअसंजयसंजयासंजयभेएण वा। भव्वाभव्वजाइभव्वविगप्पेण वा ॥ तत्थ भव्वा सिद्धिगइजोग्गा, इअरे अभव्वा, जाइभव्वा पुण ते जे जाईए भव्वा न उण कयावि सिज्झिहिंति । भणिअं च–

" सामग्गिअभावाओ, ववहारिअरासिअप्पवेसाओ । भव्वावि ते अणंता, जे सिद्धिसुहं न पावंति ॥ १ ॥"

જીવો ત્રણ પ્રકારે–સ્ત્રી, પુરુષ અને નપુંસકવેદના ભેદથી જાણવા. તેમ જ [૧]સંયત, અસંયત અને સંયતાસંયતના ભેદથી પણ ત્રણ પ્રકારે જાણવા. વળી ભવ્ય, અભવ્ય અને જાતિભવ્ય–એમ પણ ત્રણ પ્રકારના સમજવા. તેમાં સિદ્ધિગમનને યોગ્ય તે ભવ્ય, સિદ્ધિગમનને અયોગ્ય તે અભવ્ય અને ત્રીજા જાતિએ ભવ્ય છતાં પણ કદાપિ મોક્ષે જવાના નથી તે. કહ્યું છે કે–સામગ્રીના અભાવથી વ્યવહારરાશિમાં નહીં પ્રવેશ કરનારા એવા અનંતા ભવ્યજીવો છે કે જે સિદ્ધિસુખને પામવાના જ નથી.

चउविहा नारयाइगइचउक्कभावओ ।

નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવ એમ જીવો ચાર પ્રકારે જાણવા.

पंचविहा इगदुतिचउपंचिंदिअत्तेणं ।

જીવો પાંચ પ્રકારે–એકેન્દ્રિય, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચૌરિંદ્રિય અને પંચેંદ્રિય.

छव्विहा पुढवीआउतेउवाउवणप्फइतसकायकप्पणाए ।

જીવો છ પ્રકારે–પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય અને ત્રસકાયરૂપ જાણવા.

सत्तविहा जहा–किण्हाइछल्लेसापरिणया, अजोगिकेवलित्त अलेसा य।

જીવ સાત પ્રકારે–કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ અને શુક્લ–એ છ લેશ્યાપરિણત અને સાતમા અલેશી એટલે ચૌદમા અયોગી ગુણઠાણાવાળા જાણવા.

अट्ठविहा जहा–अंडया १ पोअया २ जराउआ ३ रसया ४ संसेइमा ५ संमुच्छिमा ६ उब्भिआ ७ उववाइआ य ८ ।

જીવ આઠ પ્રકારે–૧. અંડજ[૧], ૨, પોતજ[૨], ૩. જરાયુજ[૩], ૪. રસજ[૪], ૫. સંસ્વેદજ[૫], ૬. સંમૂર્છિમ[૬], ૭. ઉદ્ભેદજ[૭], અને ૮. ઉપપાતજ[૮] જાણવા. આ આઠે

૧. સંયત–મુનિ, અસંયત–સંયમ વિનાના, સંયતાસંયત–દેશવિરતિ.

પ્રકાર ત્રસ જીવોને લગતા છે. અથવા આઠ પ્રકાર ચાર ગતિના જીવો પર્યાપ્તા ને અપર્યાપ્તારૂપ જાણવા.

ભાવાર્થ:–૧. અંડજ એટલે ઈંડાથી ઉત્પન્ન થયેલા પક્ષીઓ, ગરોળી, મત્સ્ય, સર્પ વિગેરે, ૨. પોતજ એટલે પોતરૂપે–ઓર વિના ઉત્પન્ન થાય તે હાથી, વાગોળ, ચામાચીડીયા વિગેરે. ૩. જરાયુજ–ફરતી ઓરવાળા ગર્ભજ ગાય, ભેંસ, બકરી, ઘેટી, વિગેરે તિર્યંચ અને મનુષ્યો. ૪. રસજ–ચલિતરસમાં તથા મદિરા, કાળવ્યતીત થયેલ છાશ વિગેરેમાં ઉત્પન્ન થનારા બેઇંદ્રિય જીવો, ૫. સંસ્વેદજ–પરસેવાથી ઉત્પન્ન થતા માંકડ, જૂ વિગેરે. ૬. સંમૂર્છિમા–**મનુષ્યના ચૌદ સ્થાનક વિગેરેમાં ઉત્પન્ન થનારા** અને તીડ, માખી, કીડી વિગેરે, ૭. ઉદ્ભેદજ–જમીન ભેદીને ઉત્પન્ન થનારા પતંગીયા, ખંજરીટ વિગેરે. ૮. ઉપપાતજ–નારકી અને દેવતા.

नवविहा जहा–पुढवी१ आऊ२ तेऊ३ वाऊ४ वणस्सई५ बितिचउपंचिंदिआ ९ य।

જીવ નવ પ્રકારે-૧. પૃથ્વી, ૨. અપ, ૩. તેઉ, ૪. વાઉ, ૫. વનસ્પતિ, ૬. બેઇંદ્રિય, ૭. તેઇંદ્રિય, ૮. ચૌરિંદ્રિય અને ૯. પંચેંદ્રિય જાણવા.

एए चिय पंचिंदिआणं सन्नि–असन्निभेअचिंताए दसविहा।

જીવ દશ પ્રકારે–ઉપરના નવ પ્રકારમાં પંચેંદ્રિયના સંજ્ઞી અસંજ્ઞી એમ બે પ્રકાર કરવાથી દશ પ્રકાર જાણવા.

एक्कारसहा जहा–सुहुमबायरत्तेणं दुभे आ एगिंदिआ २ बितिचउरिंदीआ ५ जलथलनहयरभेआ पंचिंदिअतिरिआ ८ मणुआ ९ देवा १० नारया य ११॥

જીવ અગ્યાર પ્રકારે–સૂક્ષ્મ અને બાદર એકેંદ્રિય ૨, બેઇંદ્રિય, તેઇંદ્રિય અને ચૌરિંદ્રિય ૫, જળચર, થળચર ને ખેચર–એમ ત્રણ પ્રકારના તિર્યંચપંચેંદ્રિય ૮, નારકી ૯, મનુષ્ય ૧૦ અને દેવતા ૧૧.

बारसविहा पुण पुव्वदंसिआणं छक्कायाणं पज्जत्तापज्जत्तेणं ॥ १२॥

જીવ બાર પ્રકારે–પૂર્વે કહેલા પૃથ્વીકાયાદિ છકાયના જીવો પર્યાપ્તા અને અપર્યાપ્તા એમ બાર પ્રકારે જાણવા.

तेरसविहा जहा–एगे सुहुमनिगोअरूवे असंववहारिए भेए बारस संववहारिआ य। ते अ इमे–पुढवीआउतेउवाउनिगोआ सुहुमबायरत्तेणं दुदुभेआ पत्तेयवणप्फई तसा य।१३।

જીવ તેર પ્રકારે–એક સૂક્ષ્મનિગોદરૂપ અવ્યવહારી અને બાર પ્રકારે વ્યવહારી તે આ પ્રમાણે–પૃથ્વી, પાણી, તેઉ, વાઉ ને નિગોદ (વનસ્પતિ). તેના સૂક્ષ્મ અને બાદર બે બે ભેદ હોવાથી દશ, પ્રત્યેક વનસ્પતિ ૧૧ અને ત્રસ ૧૨ એમ અવ્યવહારી મળી કુલ તેર પ્રકારના જાણવા.

चउद्दसविहा जहा-सुहुमबायरा एगिंदिआ २ बितिचउरिंदिआ ५ असन्नि-सन्निभेआ पंचिंदिआ ७ एए सत्तवि पज्जत्ता अपज्जत्ता य ॥१४॥

अहवा मिच्छदिट्ठी १ सासायणसम्मदिट्ठी २ सम्मामिच्छदिट्ठी ३ अविरय-सम्मदिट्ठी ४ देसविरए ५ पमत्तसंजए ६ अपमत्तसंजए ७ निअट्टिबायरसंपराए ८ अनिअट्टिबायरसंपराए ९ सुहुमसंपराए १० उवसंतकसायवीअरायछउमत्थे ११ खीण-कसायवीअरायछउमत्थे १२ सजोगिकेवली १३ अजोगिकेवली अ त्ति १४ चउद्दस-गुणट्ठाणवट्टित्तेणं चउद्दसहा जीवा। एवं बुद्धिमन्तेहिं सिद्धान्ताणुसारेण अणेगहा जीवभेआ परूविअव्वा ।

જીવ ચૌદ પ્રકારે–સૂક્ષ્મ અને બાદર, એકેંદ્રિય, બેઇંદ્રિય તેઇંદ્રિય, ચઉરિંદ્રિય અને સંજ્ઞી ને અસંજ્ઞી બે પ્રકારનાં પંચેંદ્રિય–એ સાત પર્યાપ્તા અને સાત અપર્યાપ્તા મળી ચૌદ પ્રકારના જાણવા.

અથવા જીવો ચૌદ ગુણસ્થાનકમાં વર્તતા હોવાથી જીવના ચૌદ પ્રકાર સમજવા. ૧. મિથ્યાદૃષ્ટિ, ૨. સાસ્વાદનસમકિતદૃષ્ટિ, ૩. સમ્યક્‌મિથ્યાદૃષ્ટિ, ૪ અવિરતિ સમકિત-દૃષ્ટિ, ૫. દેશવિરતિ, ૬. પ્રમત્તસંયત, ૭. અપ્રમત્તસંયત, ૮. નિવૃત્તિબાદરસંપરાય ૯. અનિવૃત્તિબાદરસંપરાય, ૧૦. સૂક્ષ્મસંપરાય, ૧૧. ઉપશાંતકષાય વીતરાગ છદ્મસ્થ, ૧૨ ક્ષીણકષાય વીતરાગ છદ્મસ્થ, ૧૩. સયોગીકેવળી, ૧૪. અયોગીકેવળી.

આ પ્રમાણે બુદ્ધિમાનોએ સિદ્ધાંતને અનુસારે અનેક પ્રકારે જીવોના ભેદો કહ્યા છે.

अह एएसिं जीवाणं संखेवेणं भवट्ठिई परूविज्जइ, तंजहा–पुढवीए बावीस-वाससहस्साइं ठिई पण्णत्ता, जलस्स सत्तवाससहस्सा, अगणिस्स तिण्णि दिणाणि, वाउस्स पत्तेअवणस्सइणो अ तिण्णि दस य वाससहस्साइं ॥ एसा सव्वावि बायर-पज्जत्ताणं एएसिं उक्कोसा ठिई ।

એ જીવોની સંક્ષેપથી ભવસ્થિતિ (એક ભવનું ઉત્કૃષ્ટ આયુષ્ય) કહે છે.—

પૃથ્વીકાયની બાવીશ હજાર વર્ષની, અપ્‌કાયની સાત હજાર વર્ષની, તેઉકાયની ત્રણ અહોરાત્રની, વાઉકાયની ત્રણ હજાર વર્ષની, પ્રત્યેક વનસ્પતિકાયની દશ હજાર વર્ષની, સર્વ બાદર પર્યાપ્ત એકેંદ્રિયની આ ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવી.

अह पज्जत्ताणं बेइंदियाईणं भण्णइ–बेइंदिआणं बारस वासा, तेइंदिआणं अउणा-वन्नदिणाणि, चउरिंदिआणं छम्मासा ।

હવે પર્યાપ્તા બેઇંદ્રિયાદિની સ્થિતિ કહે છે :—

બેઇંદ્રિયની બાર વરસની, તેઇંદ્રિયની ૪૯ દિવસની અને ચઉરિંદ્રિયની છ માસની. ઉત્કૃષ્ટ સ્થિતિ એટલે આયુ સમજવું.

असन्निपंचिंदिअतिरियाणं जलयराणं पुव्वकोडी, थलयराणं खयराणं च चउरासीई बावत्तरी अ वाससहस्साइं ।

અસંજ્ઞી તિર્યંચ પંચેંદ્રિયમાં જળચરની ક્રોડ પૂર્વની, સ્થળચરની ૮૪,૦૦૦ વર્ષની અને ખેચરની ૭૨,૦૦૦ વર્ષની ઉત્કૃષ્ટ ભવસ્થિતિ છે.

सन्निपंचिंदिअतिरिआणं जलयरथलयरखयराणं जहासंखं पुव्वकोडी, पलिओवमतिगं, पलिओवमासंखभागे अ । गब्भयमणुआणं तिन्नि पलिओवमाणि ।

जहन्ना पुण सव्वेसिंपि अंतोमुहुत्तं । सव्वेसिं अपज्जत्ताणं उक्कोसावि अंतोमुहुत्तं । सव्वेसिं सुहुमाणं निगोआणं तु बायराणंपि पज्जत्ताणंपि तहेव । सुरनेरइआणं उक्कोसा तित्तीसं सागरोवमाणि, जहन्ना दसवाससहस्साणि ।

સંજ્ઞીતિર્યંચપંચેંદ્રિયમાં જળચરની ક્રોડ પૂર્વની, સ્થળચરની ત્રણ પલ્યોપમની અને ખેચરની પલ્યોપમના અસંખ્યાતમા ભાગની છે. ગર્ભજ મનુષ્યની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ પલ્યોપમની છે.

ઉપરોક્ત સર્વ જીવોની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત્તની છે. સર્વ અપર્યાપ્તાની ઉત્કૃષ્ટ સ્થિતિ પણ અંતર્મુહૂર્ત્તની છે. સર્વ સૂક્ષ્મ અને બાદર નિગોદ પર્યાપ્તાની સ્થિતિ ઉત્કૃષ્ટ પણ અંતર્મુહૂર્ત્તની છે. દેવ અને નારકીની ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીશ સાગરોપમની છે અને જઘન્ય સ્થિતિ દશ હજાર વર્ષની છે.

ओगाहणा पुण पत्तेअवणप्फइवज्जाणं सव्वेसिं एगिंदिआणं अंगुलस्स असंखिज्जे भागे । पत्तेअवणप्फईणं जोअणसहस्सं साहिअं । बेइंदिआणं बारस जोअणाणि । तेइंदियाणं तिण्णि कोसा । चउरिंदिआणं चउरो कोसा । असन्निसन्निपंचिंदिअतिरिआणं जोअणसहस्सं । सन्निमणुआणं तिण्णि कोसा । एसा सव्वावि पज्जत्ताणं उक्कोसा ओगाहणा भणिआ । पज्जत्ताणं जहन्ना अपज्जत्ताणं । तु दुविहावि अंगुलाऽसंखेज्जभागे ।

देवाणं सत्त रयणी । नेरइआणं पंचधणुसयाणि ।

ठिइओगाहणाविसया विसेसा कायठिई पाणा पज्जत्तीओ लेसाओ इच्चाइअं सुअसागराओ विआणिअव्वं ।

હવે સર્વ જીવોની અવગાહના (શરીરપ્રમાણ) કહે છે :-

પ્રત્યેક વનસ્પતિકાય વિના બીજા સર્વ એકેંદ્રિયની અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગની છે. પ્રત્યેક વનસ્પતિની ઉત્કૃષ્ટ અવગાહના એક હજાર યોજન સાધિક છે.

બેઇંદ્રિયની બાર યોજનની, તેઇંદ્રિયની ત્રણ ગાઉની અને ચઉરિંદ્રિયની ચાર ગાઉની છે. અસંજ્ઞી અને સંજ્ઞીતિર્યંચ પંચેન્દ્રિયની ઉત્કૃષ્ટ અવગાહના એક હજાર યોજનની છે. સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્યની ત્રણ ગાઉની છે. આ બધી અવગાહના પર્યાપ્તાની ઉત્કૃષ્ટી જાણવી.

પર્યાપ્તાની જઘન્ય અને અપર્યાપ્તાની જઘન્ય ઉત્કૃષ્ટ બંને પ્રકારની અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગની છે.

દેવોની ઉત્કૃષ્ટ સાત હાથની અને નારકીની ઉત્કૃષ્ટ પાંચસો ધનુષ્યની છે.

આયુને અવગાહના સંબંધી વિશેષ હકીકત તથા કાયસ્થિતિ, પ્રાણ, પર્યાપ્તિ અને લેશ્યા વિગેરેની હકીકત શ્રુતસમુદ્રમાંથી (અન્ય ગ્રંથોથી) જાણવી.

इआणिं मिच्छदिट्ठिपभिईणं चउद्दसण्हं गुणठाणाणं ठिइकाले दंसिज्जइ । मिच्छत्तस्स तिविहे ठिइकाले पण्णत्ते, तंजहा-अणाइअणंते १ अणाइसंते २ साइसंते अ ३ । तत्थ अभव्वा पढमे भंगे, भव्वा दुइअतइएसु । अणाइमिच्छदिट्ठीस्स भव्वस्स सम्मत्तलाभे मिच्छत्तस्स अंतभावाओ अणाइसंतत्तं । जे पुण लद्धसम्मत्ते मिच्छत्तं गच्छइ, मिच्छत्ते अ जहन्नेणं अंतोमुहुत्तं उक्कोसेणं देसूणमद्धपुग्गलपरिअट्टं ठाऊणं पुणोवि सम्मत्तं पयाइ, तस्स साइसंतं मिच्छत्तंति ॥

હવે મિથ્યાદૃષ્ટિ વિગેરે ચૌદ ગુણઠાણાની સ્થિતિ કહે છે:-પ્રથમ મિથ્યાદૃષ્ટિ ગુણઠાણાની સ્થિતિ ત્રણ પ્રકારે કહી છે. ૧. અનાદિઅનંત, ૨. અનાદિસાંત અને ૩. સાદિસાંત. તેમાં અભવ્યને આશ્રયિને અનાદિઅનંત સ્થિતિ જાણવી અને ભવ્યને આશ્રયિને બીજી ને ત્રીજી સ્થિતિ જાણવી. અનાદિ મિથ્યાદૃષ્ટિ ભવ્યને પ્રથમ સમ્યક્ત્વનો લાભ થાય ત્યારે મિથ્યાત્વનો અંત થતો હોવાથી અનાદિ સાંત સમજવી અને લબ્ધસમકિતી જીવ પાછો મિથ્યાત્વે જાય અને ત્યાં જઘન્ય અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ દેશ ન્યૂન અર્ધ પુદ્ગલપરાવર્ત સુધી રહીને ફરીને સમકિત પામે ત્યારે મિથ્યાત્વની સ્થિતિ સાદિસાંત સમજવી.

सासायणं छावलीपमाणं, तं च अणंताणुबंधिकसाओदए उवसमिअसम्मत्तं वमंतस्स मिच्छत्तमपत्तस्स भवइ ॥

अविरयसम्मत्तस्स ठिइकाले साहिआइं तित्तीसं सागरोवमाइं ॥
देसविरयस्स सजोगिकेवलिणो अ देसूणा पुव्वकोडी ।

अजोगिकेवलिस्सलहुपंचक्खरुच्चारमेत्तं मीसस्स पमत्ताईणं च सत्तण्हं अंतोमुहुत्तं । एसे उक्कोसओ ठिइकाले ॥

जहन्नओ पुण सासायणस्स पमत्ताईणं च छण्हं एक्के समए। अजोगिकेवलिस्स अजहन्नुक्कोसे पुव्वुत्ते चिअ काले ॥ सेसाणं छण्हं अंतोमुहुत्तं ॥

સાસ્વાદનની સ્થિતિ છ આવળીની છે. તે ઉપશમસમકિતને વમતાં અનંતાનુબંધીનો ઉદય વખતે મિથ્યાત્વને ન પામે ત્યાં સુધીને માટે સમજવી.

અવિરતિસમકિતદૃષ્ટિ ગુણઠાણાની ઉત્કૃષ્ટ સ્થિતિ સાધિક તેત્રીશ સાગરોપમની સમજવી.

દેશવિરતિ ગુણઠાણાની અને સયોગીકેવળી ગુણઠાણાની ઉત્કૃષ્ટ સ્થિતિ દેશ ન્યૂન ક્રોડ પૂર્વની જાણવી.

અયોગી કેવળીની પાંચ લઘુ અક્ષરના ઉચ્ચાર કાળપ્રમાણ સ્થિતિ જાણવી. મિશ્ર અને [1]પ્રમત્તાદિ સાત ગુણઠાણાની (છઠ્ઠાથી બારમા સુધીની) સ્થિતિ અંતર્મુહૂર્ત્તની જાણવી. આ બધી ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવી.

જઘન્ય સ્થિતિ સાસ્વાદનની અને પ્રમત્તાદિ છ ગુણઠાણાની એક સમયની જાણવી. અયોગી કેવળી ગુણઠાણાની અજઘન્યોત્કૃષ્ટ સ્થિતિ પૂર્વે કહ્યા પ્રમાણે જાણવી. ચૌદમાની જેમ બારમા ગુણસ્થાનકની સ્થિતિ પણ જઘન્ય અને ઉત્કૃષ્ટ સરખી જ છે. બાકીના છ ગુણઠાણાની (મિથ્યાત્વ, મિશ્ર, અવિરત, દેશવિરત, ક્ષીણમોહ અને સયોગીકેવળીની) જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત્તની જાણવી.

બીજો અધ્યાય અજીવનિરૂપણ

अजीवा पंचविहा पण्णत्ता, तंजहा—धम्मत्थिकाए १ अधम्मत्थिकाए २ आगासत्थिकाए ३ पुग्गलत्थिकाए ४ काले ५ अ ॥ एए पंचवि जीवत्थिकाएण समं छ दव्वाइं भण्णंति ।

અજીવ પાંચ પ્રકારના કહ્યા છે ૧. ધર્માસ્તિકાય, ૨. અધર્માસ્તિકાય, ૩. આકાશાસ્તિકાય, ૪. પુદ્ગલાસ્તિકાય અને ૫. કાળ. આ પાંચની સાથે જીવાસ્તિકાયને ભેળવીએ ત્યારે છ દ્રવ્ય થાય છે.

सव्वेऽवि उप्पायनासठिइसहावा । कालं विणा पएसबाहुल्लेणं अत्थिकाया। पुग्गलवज्जं अरूविणो। जीववज्जं अचेअणा अकत्तारा अ ।

તે સર્વ ઉત્પત્તિ, નાશ અને સ્થિતિસ્વભાવવાળા છે. કાળ વિનાનાં પાંચ દ્રવ્યોમાં ઘણાં પ્રદેશો હોવાથી અસ્તિકાય કહેવાય છે. પુદ્ગલ સિવાયના પાંચે અરૂપી છે. જીવ વિનાના પાંચે અચેતન અને અકર્ત્તા છે.

---

૧. છઠ્ઠા-સાતમા ગુણઠાણાનો પ્રત્યેકનો ઉત્કૃષ્ટકાળ અંતર્મુહૂર્ત્તનો છે. પરન્તુ તે બંનેનો ભેગો ગણીએ તો દેશ ન્યૂનક્રોડ પૂર્વનો થઈ શકે છે.

तत्थ गइपरिणयाणं जीवपुग्गलाणं गइउवट्ठंभनिमित्तं धम्मत्थिकाए। ठिइपरिणयाणं ठिइउवट्ठंभहेऊ अधम्मत्थिकाए । अवगाहदायगभागासं । पूरणगलणधम्माणो पुग्गला । ते अ फरिसरसगंधवण्णोववेआ ।

सद्दबंधमेअसंट्ठाण अंधयारायवुज्जोअच्छायासुहुमत्तथूलत्तसरूवा । कम्मसरीर-मणभासाआणपाणसुहदुक्खजीविअमरणोवग्गहहेऊ नायव्वा । काले वट्टणापरिणामाइ-लक्खणे । जीवा नाणदंसणलक्खणा ।

તેમાં ગતિપરિણત જીવ અને પુદ્ગલને ગતિમાં ઉપષ્ટંભક ધર્માસ્તિકાય છે. સ્થિતિ-પરિણત જીવ પુદ્ગલને સ્થિતિમાં ઉપષ્ટંભક અધર્માસ્તિકાય છે. અવકાશને આપનાર આકાશાસ્તિકાય છે. પૂરણ ગલન સ્વભાવવાળા પુદ્ગલાસ્તિકાય છે. તે પુદ્ગલાસ્તિકાય વર્ણ, ગંધ, રસ અને સ્પર્શયુક્ત હોય છે.

પુદ્ગલ શબ્દ, બંધ, ભેદ, સંસ્થાન, અંધકાર, આતપ, ઉદ્યોત, છાયા, સૂક્ષ્મત્વ, સ્થૂળત્વના સ્વરૂપવાળું છે. તેને કર્મ, શરીર, મન, ભાષા, આનપાન (શ્વાસોચ્છ્વાસ), સુખ–દુઃખ અને જીવિત–મરણના ઉપગ્રહહેતુભૂત જાણવું. કાળ વર્તના અને પરિણામાદિ લક્ષણવાળો છે. જીવ જ્ઞાન દર્શન લક્ષણવાળો છે.

धम्माधम्मागासाणि दव्वट्ठयाए एक्किकाणि । पुग्गला अद्धासमया जीवा य अणंता ।

ધર્મ, અધર્મ અને આકાશ દ્રવ્યાર્થપણે એક–એક છે. પુદ્ગલ, કાળના સમય અને જીવો અનંતા છે.

पएसट्ठयाए धम्माधम्माणं एगजीवस्स य लोगागासतुल्ला असंखा पएसा । आगासस्स अणंता । पुग्गलाणं परमाणुवज्जाणं संखिज्जा असंखिज्जा अणंता य ।

પ્રદેશાર્થપણે ધર્માધર્મના અને એક જીવના પ્રદેશો લોકાકાશના પ્રદેશતુલ્ય અસંખ્ય કહ્યા છે. આકાશના (લોકાલોકના) અનંતા પ્રદેશો છે. પરમાણું વર્જીને પુદ્ગલો (સ્કંધો) સંખ્યાતા, અસંખ્યાતા અને અનંતા પ્રદેશોના બનેલા હોય છે.

धम्माधम्मा कसिणे लोगे चिट्ठंति । आगासं लोगे अलोगेऽवि ॥ जोइसि-अगइकिरिआकए कालेमाणुस्सलोगे। पुग्गला जीवा य सव्वलोगे। एगाइपएसावगाहिणो पुग्गला, लोगासंखिज्जभागाइअवगाहिणो जीवा ।

ધર્મ અને અધર્મ સમગ્ર લોકમાં રહેલા છે. આકાશ લોક અને અલોક–બન્નેમાં છે. જ્યોતિષીની ગતિક્રિયાથી ઉત્પન્ન થતો સમય[૧], આવળી, મુહૂર્ત આદિ કાળ મનુષ્ય-લોકમાં જ છે. પુદ્ગલો અને જીવો લોકમાં સર્વત્ર છે.

---

૧. કેવળીની બુદ્ધિએ એકના બે વિભાગ કલ્પી ન શકાય તેવો કાળવિભાગ તે સમય સમજવો.

एए चिअ धम्माइआ पंच अजीवा सपडिभेआ चउद्दस हवंति, तंजहा–धम्मा-धम्मागासाणं दव्व १ देस २ पदेस ३ कप्पणाए तिण्णि तिण्णि भेआ एवं नव, दसमे काले, पुग्गलाणं च खंध १ देस २ पएस ३ परमाणु ४ लक्खणा चउरो भेआ।

આકાશના એકાદિ પ્રદેશને અવગાહીને રહેલા પુદ્ગલસ્કંધો હોય છે. દરેક જીવો લોકના અસંખ્યાતમા ભાગમાં અસંખ્ય આકાશપ્રદેશોને અવગાહીને રહેલા છે.

એ ધર્માધર્માદિ પાંચ પ્રકારના અજીવોના પ્રતિભેદ ચૌદ થાય છે. તે આ પ્રમાણે–ધર્માધર્મને આકાશના દ્રવ્ય, દેશ ને પ્રદેશની કલ્પનાએ ત્રણ ત્રણ ભેદ હોવાથી નવ, દશમો કાળ અને પુદ્ગલના સ્કંધ, દેશ પ્રદેશ[1] અને પરમાણુ એમ ચાર ભેદ હોવાથી કુલ ચૌદ ભેદ થાય છે.

		સ્કંધ	દેશ	પ્રદેશ	પરમાણુ
૧	ધર્માસ્તિકાય	૧	૧	૧	
૨	અધર્માસ્તિકાય	૧	૧	૧	
૩	આકાશાસ્તિકાય	૧	૧	૧	
૪	પુદ્ગલાસ્તિકાય	૧	૧	૧	૧
૫	કાળ	વર્તના પર્યાય સ્વરૂપ-૧			

ત્રીજો અધ્યાય આશ્રવ નિરૂપણ.

सुभासुभकम्मोवादाणनिदाणं आसवे। से बायालीसविहे पण्णते, तंजहा–पंच इंदिआणि, चउरो कसाया पंच अव्वयाणि, तिण्णि जोगा, पणवीसं किरिआओत्ति

શુભાશુભ કર્મને ગ્રહણ કરવાનાં કારણોને આશ્રવ કહેવાય છે. તેના બેંતાળીશ ભેદ કહ્યા છે. તે આ પ્રમાણે :—પાંચ ઇંદ્રિયો, ચાર કષાય, પાંચ અવ્રત, ત્રણ યોગ અને પચીશ ક્રિયા–એમ ૪૨ ભેદ છે.

तत्थ इंदिआणि फरिसणाईणि। कसाया कोहादओ। अव्वयाणि हिंसाईणि। जोगा मणवयणकायाणं वावारा

---

૧. સ્કંધથી છૂટા નહીં પડેલા પરમાણુ તે પ્રદેશ અને છૂટા પડેલા તે પરમાણુ કહેવાય છે. કેવળીની બુદ્ધિએ પણ એકના બે વિભાગ કલ્પી ન શકાય તેને પ્રદેશ અથવા પરમાણુ જાણવો.

તેમાં સ્પર્શેન્દ્રિય વિગેરે ઇંદ્રિયો, ક્રોધ વિગેરે કષાયો, હિંસા વિગેરે અવ્રતો, મન, વચન, કાયાનો વ્યાપાર તે યોગ અને પચીશ ક્રિયા.

કિરિઆઓ જહા–કાઇઆ ૧ અહિગરણિઆ ૨ પાઓસિઆ ૩ પારિતાવણિઆ ૪ પાણાઇવાઇઆ ૫ આરંભિઆ ૬ પારિગ્ગહિઆ ૭ માયાવત્તિયા ૮ મિચ્છાદંસણવત્તિયા ૯ અપ્પચ્ચક્ખાણકિરિઆ ૧૦ દિટ્ઠિઆ ૧૧ પુટ્ઠિઆ ૧૨ પાડુચ્ચિયા ૧૩ સામંતોવણિવાઇઆ ૧૪ નેસત્થિઆ ૧૫ સાહત્થિઆ ૧૬ આણવણિઆ ૧૭ વેઆરણિઆ ૧૮ અણાભોગવત્તિઆ ૧૯ અણવકંખવત્તિયા ૨૦ પઓગકિરિઆ ૨૧ સમુદાણકિરિઆ ૨૨ પેજ્જવત્તિયા ૨૩ દોસવત્તિયા ૨૪ ઇરિયાવહિઆ ૨૫ ય । એવં સામન્નેણં પરૂવિઆ આસવા ।

૧. કાયિકી–કાયાને અયતનાએ પ્રવર્તાવતા જે ક્રિયા લાગે તે.
૨. અધિકરણિકી–ઘંટી અને ખડ્ગ આદિ અધિકરણ દ્વારા જીવોને હણવાથી જે ક્રિયા લાગે તે.
૩. પ્રાદ્વેષિકી–જીવ અને અજીવ ઉપર દ્વેષ કરવાથી જે ક્રિયા લાગે તે.
૪. પારિતાપનિકી–પોતાને અને પરને પરિતાપ ઉપજાવવાથી જે ક્રિયા લાગે તે.
૫. પ્રાણાતિપાતિકી–એકેંદ્રિયાદિક જીવોને હણવા હણાવવાથી જે ક્રિયા લાગે તે.
૬. આરંભિકી–ખેતી આદિ આરંભ કરવા કરાવવાથી જે ક્રિયા લાગે તે.
૭. પારિગ્રહિકી–ધનધાન્યાદિ પરિગ્રહ મેળવતાં અને તેના પર મૂર્છા રાખતાં જે ક્રિયા લાગે તે.
૮. માયાપ્રત્યયિકી–કપટવડે અન્યને છેતરવાથી જે ક્રિયા લાગે તે.
૯. મિથ્યાદર્શનપ્રત્યયિકી–જિનવચનની અશ્રદ્ધા કરવાથી તથા વિપરીત પ્રરૂપણા કરવાથી જે ક્રિયા લાગે તે.
૧૦. અપ્રત્યાખ્યાનિકી–અવિરતિના કારણે પ્રત્યાખ્યાન ન કરવાથી તથા સર્વ વસ્તુને ન તજવાથી જે ક્રિયા લાગે તે.
૧૧. દૃષ્ટિકી–કૌતુકથી અશ્વ આદિને જોવાથી જે ક્રિયા લાગે તે.
૧૨. સ્પૃષ્ટિકી (પૃચ્છિકી)–રાગાદિવડે સ્ત્રી, પુરુષ અને સુકુમાળ વસ્તુને સ્પર્શ કરવાથી જે ક્રિયા લાગે તે. અથવા રાગાદિ વડે પૂછવાથી જે ક્રિયા લાગે તે.
૧૩. પ્રાતીત્યકી–બીજાને ઘેર હાથી, ઘોડા વિગેરે દેખી ઈર્ષ્યા કરવાથી જે ક્રિયા લાગે તે.
૧૪. સામંતોપનિપાતિકી–પોતાના અશ્વ આદિને જોવા આવેલા લોકોને પ્રશંસા કરતાં સાંભળી હર્ષ ધારણ કરવાથી જે ક્રિયા લાગે તે. અથવા ઘી, તેલ વિગેરેના ભાજનો ઉઘાડા રાખવાથી જે ક્રિયા લાગે તે.
૧૫. નૈસૃષ્ટિકી–રાજાદિના આદેશથી યંત્રશસ્ત્રાદિ ઘડાવવાથી જે ક્રિયા લાગે તે.

૧૬. સ્વાહસ્તિકી–નોકરને કરવા યોગ્ય કાર્ય અભિમાનથી પોતાને હાથે કરવાથી ક્રિયા લાગે તે.

૧૭. આનયનિકી અથવા આજ્ઞાપનિકી–કોઇની પાસે કાંઇ વસ્તુ મંગાવવાથી જે ક્રિયા લાગે તે. અથવા જીવ અજીવને આજ્ઞા કરવાથી જે ક્રિયા લાગે તે.

૧૮. વિદારણિકી–જીવ–અજીવને વિદારણ કરવાથી જે ક્રિયા લાગે તે. અથવા કોઇના અછતા દોષ પ્રગટ કરી તેની માનપૂજાનો નાશ કરવાથી જે ક્રિયા લાગે તે.

૧૯. અનાભોગિકી–ઉપયોગ વિના શૂન્યપણાથી ઊઠતાં, બેસતાં કે ગમનાદિ કરતાં જે ક્રિયા લાગે તે.

૨૦. અનવકાંક્ષાપ્રત્યયિકી–આલોક–પરલોક વિરુદ્ધ કાર્ય કરવાથી અથવા વીતરાગકથિત વિધિમાં અનાદર કરવાથી જે ક્રિયા લાગે તે.

૨૧. પ્રાયોગિકી–મન, વચન, કાયાના અશુભ વ્યાપારથી જે ક્રિયા લાગે તે.

૨૨. સામુદાનિકી–કોઈપણ પાપકાર્ય એવી રીતે કરે કે જેથી આઠે કર્મનું સમુદાયપણે ગ્રહણ થાય તે.

૨૩. પ્રેમિકી–માયા તથા લોભથી બીજાને પ્રેમ ઉપજાવવાથી જે ક્રિયા લાગે તે.

૨૪. દ્વેષિકી–ક્રોધ અને માંનથી એવાં ગર્વિત વચન બોલે કે જેથી અન્યને દ્વેષ ઉત્પન્ન થાય તે.

૨૫. ઇર્યાપથિકી–કેવળીને માત્ર કાયયોગવડે બે સમયનો બંધ થાય છે તે.

इण्हिं विसेसेणं नाणावरणाइनिस्साए परूविज्जंति । तंजहा–नाणदंसणविसया पओसनिण्हवमच्छरंतरायासायणोवघाया नाणदंसणावरणाणं आसवा

હવે વિશેષથી જ્ઞાનાવરણીય આદિનાં આશ્રવોને કહે છે :–

જ્ઞાન, દર્શનના વિષયમાં (જ્ઞાન, દર્શન, જ્ઞાની અને દર્શની પ્રત્યે) પ્રદ્વેષ, નિન્હવ (અપલાપ); મત્સર, અંતરાય, (ભાત પાણી વગેરેનો), આશાતના અને ઉપઘાત કરવો તે જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીયના આશ્રવ જાણવા. (તેથી જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મ બંધાય છે).

देवपूआगुरुभत्तिसरागसंजमदेससंजमपत्तदाणदयाखमाबालतवअकामनिज्जराओ सायवेअणीअस्स । दुक्खसोगतावअक्कंदणवहपरिदेवणाणि सपरोभयत्थाणि असायवेअणीअस्स

દેવપૂજા ગુરુભક્તિ, સરાગસંયમ, દેશ–સંયમ, પાત્રદાન, દયા, ક્ષમા, બાલતપ અને અકામ નિર્જરાથી સાતાવેદની બંધાય છે. દુઃખ, શોક, સંતાપ, આક્રન્દ, વધ, પરિદેવના (અફસોસ) વગેરે સ્વ, પર અને ઉભયને ઉત્પન્ન કરવાથી અસાતાવેદની બંધાય છે.

जिणसुअसंघदेवधम्मावण्णवायउम्मग्गदेसणमग्गनासणाणि दंसणमोहस्स । कसाओदयाओ तिव्वे परिणामे चारित्तमोहस्स

જિન (સામાન્ય કેવળી), શ્રુત, સંઘ, દેવ (તીર્થંકર) અને ધર્મ તેના અવર્ણવાદ બોલવાથી, ઉન્માર્ગની દેશના દેવાથી અને માર્ગનો નાશ કરવાથી દર્શનમોહનીય કર્મ બંધાય છે. કષાયના ઉદયથી થતા અશુભ તીવ્ર પરિણામથી ચારિત્રમોહનીય કર્મ બંધાય છે.

पंचिंदिअवहमंसाहारबहुआरंभपरिग्गहा नेरइआउअस्स । अट्टज्झाणससल्लत्तगूढचित्तत्ताणि तिरिआउअस्स । अप्पारंभपरिग्गहत्तमद्दवअज्जवमज्झिमपरिणामा मणुआउस्स । सरागसंजमदेससंजमअकामनिज्जराबालतवकल्लाणमित्तसंजोगसम्मत्ताणि देवाउअस्स

પંચેંદ્રિયનો વધ, માંસાહાર, બહુ આરંભ ને બહુ પરિગ્રહથી નારકીનું આયુષ્ય બંધાય છે. આર્ત્તધ્યાન, સશલ્યપણું, ગૂઢ ચિત્ત વગેરેથી તિર્યંચનું આયુષ્ય બંધાય છે. અલ્પારંભ, પરિગ્રહ, માર્દવ, આર્જવ અને મધ્યમ પરિણામથી મનુષ્યનું આયુષ્ય બંધાય છે. સરાગસંજમ, દેશસંજમ, અકામનિર્જરા, બાલતપ, કલ્યાણમિત્રનો સંયોગ અને સમ્યક્ત્વથી દેવગતિનું આયુષ્ય બંધાય છે.

सरलत्तसंसारभीरुत्तसाहम्मिअभत्तिखमाओ सुहनामस्स, विवरीआ असुहनामस्स । अरिहंतवच्छल्लाई वीसं आसवा तित्थगरनामस्स ।

સરલતા, સંસારભીરુતા, સાધર્મિકની ભક્તિ અને ક્ષમા વગેરેથી શુભનામકર્મ બંધાય છે. તેથી વિપરીત વર્તનવડે અશુભનામકર્મ બંધાય છે. અરિહંતવાત્સલ્યાદિ વીસ સ્થાનકના સેવનથી તીર્થંકરનામકર્મ બંધાય છે.

मयरहिअत्तविणीअत्तगुणवंतपसंसाओ उच्चगोअस्स, विवरीआ नीअगोअस्स ।

નિરભિમાનતા, વિનય અને ગુણવંતની પ્રશંસાથી ઉચ્ચગોત્ર બંધાય છે અને તેથી વિપરીત વર્તનવડે નીચગોત્ર બંધાય છે.

जिणपूआविग्घकरणहिंसाईआ विग्घस्स ।

एए अ पइकम्मं पडिनिअया आसवा ठिइअणुभागबंधाविक्खाए विण्णेआ ।

જિનપૂજાદિ ધર્મકાર્યમાં વિઘ્ન કરવાથી અને હિંસાદિકથી અંતરાયકર્મ બંધાય છે.

આ પ્રમાણે દરેક કર્મના પ્રતિનિયત આશ્રવો છે, તે સ્થિતિબંધ અને અનુભાગબંધની અપેક્ષાએ સમજવા.

पगइपएसबंधाविक्खाए पुण अविसेसेणं सव्वेऽवि सव्वकम्माणं आसवा भवंति । जओ सिद्धंते अट्ठविहे सत्तविहे छव्विहे एगविहे वा बंधे भणिए, नो पुण पडिनिअयस्स कम्मस्स बंधे । तत्थ मिच्छदिट्ठिपभिईणं अपमत्तंताणं मीसवज्जाणं आउबंधे

अट्ठविहे, अन्नहा सत्तविहे। मिस्सनियट्टिअनियट्टिबायराणं सत्तविहे। सुहुमसंपरायस्स मोहाउवज्जे छव्विहे। उवसंतमोहाईणं तिण्हं सायस्स च्चिअबंधाओ एगविहे। अजोगिकेवली अबंधगे।

પ્રકૃતિબંધ અને પ્રદેશબંધની અપેક્ષાએ તો સામાન્યથી સઘળાં કર્મના આશ્રવો થાય છે. કારણ કે સિદ્ધાંતમાં અષ્ટવિધ, સપ્તવિધ, ષડ્વિધ અને એકવિધબંધ કહેલ છે. પ્રતિનિયત (પ્રત્યેક) કર્મના બંધની હકીકત જુદી કહી નથી.

તેમાં મિથ્યાદૃષ્ટિથી માંડીને અપ્રમત્ત ગુણઠાણા સુધીના જીવો (મિશ્રને વર્જીને) જ્યારે આયુષ્ય બાંધે ત્યારે અષ્ટવિધબંધ કરે છે, અન્યથા સપ્તવિધબંધ કરે છે. મિશ્ર, નિયટ્ટીબાદર ને અનિયટ્ટી બાદર ગુણઠાણાવાળા સપ્તવિધબંધ કરે છે. સૂક્ષ્મસંપરાય ગુણઠાણે મોહનીય અને આયુકર્મને વર્જીને ષટ્વિધ કર્મબંધ હોય છે. ઉપશાંતમોહાદિ ત્રણ (૧૧-૧૨-૧૩) ગુણઠાણે એકવિધ (સાતાવેદનીયનો જ) બંધ હોય છે અને અયોગીકેવળી અબંધક છે.

ચોથો અધ્યાય બંધ નિરૂપણ

मिच्छादंसणअविरइपमायकसायजोगेहिं बंधहेऊहिं जीवस्स कम्मपुग्गलाणं सिलेसे बंधे। से चउव्विहे पण्णत्ते. तंजहापगइबंधे १ ठिइबंधे २ अणुभागबंधे ३ पएसबंधे ४ अ।

મિથ્યાદર્શન, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ-એ પાંચ મૂળબંધ હેતુવડે જીવ અને કર્મપુદ્ગલનો જે સંબંધ તેને બંધ કહે છે. તે બંધ ચાર પ્રકારે કહ્યો છે. ૧. પ્રકૃતિબંધ, ૨. સ્થિતિબંધ, ૩. અનુભાગબંધ ને ૪. પ્રદેશબંધ.

तत्थ नाणावरणदंसणावरणवेयणिज्जमोहआउनामगोत्तंतरायाणं नाणच्छायणाई जे सहावे सा पगई।

તેમાં જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, મોહ, આયુ, નામ, ગોત્ર ને અંતરાય-એ નામના આઠ પ્રકારનાં કર્મોનો જ્ઞાનને આચ્છાદન કરવા વિગેરે જે સ્વભાવ તે પ્રકૃતિબંધ જાણવો.

ठिई कम्मदलिअस्स कालनिअमणं तंजहा-नाणदंसणावरणवेअणिज्जंतरायाणं उक्कोसा ठिई पत्तेअं तीसं सागरोवमकोडाकोडीओ, सत्तरी मोहस्स, वीसं नामगोआणं,

आउस्स पुण तित्तीसं सागरोवमाणि। जहन्ना ठिई वेअणीअस्स बारस मुहुत्ता, नाम-गोत्ताणं अट्ठट्ठ, सेसाणं अंतोमुहुत्तं।

सुहासुहाणं सुरनरतिरिआउवज्जाणं सव्वाणं कम्मपयडीणं जिट्ठट्ठिई अइसंकिलेसेण बज्झइ जहन्ना विसोहीएत्ति।

કર્મના ફળનું કાળનિયમન તે સ્થિતિબંધ જાણવો. તે આ પ્રમાણે–જ્ઞાનાવરણી, દર્શનાવરણી, વેદનીય અને અંતરાય–એ ચાર કર્મની પ્રત્યેકની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીશ કોડાકોડ સાગરોપમની, મોહનીયકર્મની સીત્તેર કોડાકોડ સાગરોપમની, નામ અને ગોત્ર-કર્મની વીશ કોડાકોડ સાગરોપમની અને આયુકર્મની તેત્રીશ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવી.

જઘન્યસ્થિતિ વેદનીયકર્મની બાર મુહૂર્ત્તની, નામ અને ગોત્રકર્મની આઠ મુહૂર્ત્તની અને બાકીના પાંચ કર્મની અંતમુહૂર્ત્તની જાણવી.

દેવ, મનુષ્ય અને તિર્યંચના આયુ વિના બાકીની શુભાશુભ કર્મપ્રકૃતિઓની જ્યેષ્ઠ સ્થિતિ અત્યંત સંક્લેશે બંધાય છે અને જઘન્યસ્થિતિ અત્યંત વિશુદ્ધિએ બંધાય છે.

अणुभागे अणुभावे विवागे रसेत्ति एगट्ठा। से असुहाणं पयडीणं निंब व्व असुहे सुहाणं उच्छु व्व सुहे त्ति।

અનુભાગ, અનુભાવ, વિપાક અને રસ–એ એકાર્થ શબ્દો છે. તે રસ અશુભ પ્રકૃતિનો લીંબડાના રસ જેવો (કટુ) અશુભ હોય છે. શુભ પ્રકૃતિનો શેરડીના રસ જેવો શુભ (મિષ્ટ) હોય છે. આ પ્રમાણે કર્મ પ્રકૃતિઓનો શુભાશુભ રસનો વિભાગ કહ્યો છે.

पयडीणं सुहासुहविभागे परूविज्जइ।

सायवेअणीअं १। सुरनरतिरिआणं आउआइं ३। उच्चगोअं १। सत्तत्तीसं नामपयडीओ ३७, तंजहा–मणुआणं गई १, आणुपुव्वी अ २, देवाणं गई ३, आणुपुव्वी अ ४, पंचिंदिअजाई ५, ओरालिआईणि पंच सरीराणि १०, आइल्लाणं तिण्हं तिण्णि अंगोवंगाणि १३, पढमं संहणणं १४, पढमं संठाणं १५, सुहा वण्ण १६, गंध १७, रस १८, फासा १९, सुहविहगगई २०, अगुरुलहु २१, पराघाय २२, ऊसासा २३, ऽऽयवु २४, ज्जोअ २५, निम्माण २६, तित्थयराणि २७ तसदसगं च ३७, एआओ सुहाओ बायालीसं पुण्णपयडिउत्ति रूढाओ।

હવે બેંતાળીશ શુભ પ્રકૃતિઓ જે પુણ્યપ્રકૃતિ કહેવાય છે, તેનાં નામકહે છે:— ૧. સાતાવેદનીય, ૨–૩–૪. દેવ, નર ને તિર્યંચનું આયુ, ૫. ઉચ્ચગોત્ર અને ૩૭

નામકર્મની પ્રકૃતિઓ તે આ પ્રમાણેઃ—૧. મનુષ્યગતિ, ૨. મનુષ્યાનુપૂર્વી, ૩. દેવગતિ, ૪. દેવાનુપૂર્વી, ૫. પંચેંદ્રિય જાતિ, ૬ થી ૧૦ ઔદારિકાદિ પાંચે શરીર (ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ). ૧૧-૧૩. પ્રથમનાં ત્રણ શરીરનાં અંગોપાંગ, ૧૪. પ્રથમ સંઘયણ (વજ્રઋષભનારાચ) ૧૫. પ્રથમ સંસ્થાન (સમચતુરસ્ર) ૧૬-૧૯. શુભ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ, ૨૦. શુભ વિહાયોગતિ, ૨૧. અગુરુલઘુ, ૨૨. પરાઘાત, ૨૩. ઉચ્છ્વાસ, ૨૪. આતપ, ૨૫. ઉદ્યોત, ૨૬. નિર્માણ અને ૨૭. તીર્થંકરનામકર્મ તથા ૨૮-૩૭ ત્રસાદિદશ (ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, સ્થિર, શુભ, સુભગ, સુસ્વર, આદેય ને યશકીર્તિ) આ ૩૭ મેળવતાં ૪૨.

पंच नाणावरणाणि ५, नव दंसणावरणाणि ९, मिस्ससम्मत्ताणं बंधाभावाओ छव्वीसमेए मोहे २६, पंच अंतरायाणि ५ एआओ पणयालीसं ४५ घाइचउक्कपयडीओ। असायवेअणीयं १ । नेरइआउअं १ । नीअगोअं १ ।

चउतीसं नामपयडीओ, तंजहा—तिरिआणं गई १, आणुपुव्वी अ २, नेरइआणं गई ३, आणुपुव्वी अ ४, एगिंदिआईओ चउरो जाईओ ८, पढमवज्जाणि पंच संहणणाणि १३, पंच संठाणाणि अ १८, असुहा वण्णगंधरसफासा २२, असुहविहगगई २३ उवघायं २४, थावरदसगं च ३४ । एवं सव्वग्गेणं असुहाओ बासीई पावपयडिउत्ति भण्णंति ।

હવે અશુભ પ્રકૃતિ કે જે પાપપ્રકૃતિ કહેવાય છે. તે ૮૨ છે તેનાં નામ આ પ્રમાણે-પાંચ જ્ઞાનાવરણીય, નવ દર્શનાવરણીય, મિશ્રમોહનીય અને સમકિત મોહનીયનો બંધ થતો ન હોવાથી મોહનીયકર્મની ૨૬. પાંચ અંતરાય-એ ૪૫ પ્રકૃતિઓ ચાર ઘાતીકર્મની અને ૧ અસાતાવેદનીય, ૧ નીચગોત્ર, ૧ નારકીનું આયુ અને ૩૪ નામકર્મની એમ ૩૭ ચાર અઘાતીકર્મની કુલ ૮૨ સમજવી.

નામકર્મની ૩૪ આ પ્રમાણે :—તિર્યંચગતિ ૧, તિર્યંચ આનુપૂર્વી ૨, નરકગતિ ૩, નરકાનુપૂર્વી ૪, એકેંદ્રિયાદિ ચાર જાતિ ૮, પ્રથમ વર્જીને પાંચ સંઘયણ ૧૩, પ્રથમ વર્જીને પાંચ સંસ્થાન ૧૮, અશુભ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ ૨૨. અશુભ વિહાયોગતિ ૨૩. ઉપઘાત ૨૪ અને સ્થાવરદશક (સ્થાવર, સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ, અશુભ, દુર્ભગ, અસ્થિર, દુઃસ્વર, અનાદેય અને અયશકીર્તિ) મળી ૩૪, એમ કુલ ૮૨.

निंबुच्छुपमुहाणं सहजे रसे एकट्ठाणिए, से चिअ दुतिचउभागपमाणे कढिए एकभागावसेसे दुट्ठाणिआईए होइ, एसा उवमा पयडिरसस्स मणिआ ।

હવે રસબંધની હકીકત કહે છે. લીંબડો અને ઇક્ષુ વિગેરેનો સહજ રસ એકઠાણીઓ

સમજવો અને તેનો બીજો, ત્રીજો અને ચોથો ભાગ ઉકાળીને ઓછો કરવાથી જે ભાગ અવશેષ રહે તેને બેઠાણીયો, ત્રણઠાણીયો અને ચઉઠાણીયો જાણવો. સ્વાભાવિક રસ એકઠાણીયો હોય તેને ઉકાળીને અર્ધ રાખવો તે બેઠાણીયો, ત્રીજો ભાગ શેષ રહે તે ત્રણઠાણીયો અને ચાર ભાગમાંથી ત્રણ ભાગ જતાં બાકી એક ભાગ શેષ રહે તે ચોઠાણીયો સમજવો. જેમકે :—શેર, ૦।।શેર, ૦।શેર ને ૬ પૈસાભાર અને પાશેર આ ઉપમા પ્રકૃતિના રસની જાણવી.

पव्वयभूमिवालुयाजलरेहातुल्लेहिं कसाएहिं असुहाणं जहाकमं चउतिदुइक्कट्ठाणिए रसे बज्झइ। सुहाणं तु वालुआजलरेहातुल्लेहिं चउट्ठाणिए भूमिरेहातुल्लेहिं तिट्ठाणिए, पव्वयरेहातुल्लेहिं दुट्ठाणिए, एकट्ठाणिए नत्थि।

[1]પર્વત, ભૂમિ, વાલુકા અને જળરેખા સમાન અશુભ કષાયથી અનુક્રમે ચઉઠાણીયો, ત્રણઠાણીયો, બેઠાણીયો અને એકઠાણીયો રસ બંધાય છે. શુભ કર્મનો વાળુકા અને જળરેખા સમાન કષાયથી ચઉઠાણીયો, ભૂમિરેખા સમાન કષાયથી ત્રણઠાણીયો અને પર્વતરેખા સમાન કષાયથી બેઠાણીયો રસ બંધાય છે. શુભપ્રપ્રકૃતિનો એકઠાણીયો રસ હોતો નથી.

चउसंजलणपंचंतरायपुंवेअमइसुयओहिमणनाणचक्खुअचक्खुओहि। दंसणावरणरूवाओ सत्तरसपयडीओ इगदुतिचउट्ठाणिअरसाओ, सेसाओ सुहाओ असुहाओ अ दुतिचउट्ठाणिअरसाओ निद्दिट्ठाओ। संकिलेसेणं असुहाणं पयडीणं तिव्वे रसे भवइ, विसोहीए मंदे। सुहाणं पुण विसोहीए तिव्वे, संकिलेसेणं मंदेत्ति।

ચાર સંજ્વલન, પાંચ અંતરાય, પુરુષવેદ, મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યવજ્ઞાનાવરણ, ચક્ષુ, અચક્ષુ અને અવધિદર્શનાવરણ એ સત્તર પ્રકૃતિનો એક, બે, ત્રણ અને ચારઠાણીયો રસ હોય છે, અને બાકીની શુભ અને અશુભ પ્રકૃતિનો બે, ત્રણ અને ચોઠાણીયો રસ કહ્યો છે. સંક્લેશથી અશુભ પ્રકૃતિનો તીવ્ર રસ બંધાય છે અને વિશુદ્ધિથી મંદરસ બંધાય છે. શુભ પ્રકૃતિનો વિશુદ્ધિથી તીવ્ર અને સંક્લેશથી મંદરસ બંધાય છે.

पएसा कम्मवग्गणादलिअसरूवा ॥ इह खलु जीवे निअसव्वपएसेहिं अभव्वाणंतगुणपएसनिप्फन्ने सव्वजीवाणंतगुणरसच्छेओववेए एगपएसोगाढे अभव्वाणंतगुणे कम्मवग्गणाखंधे पइसमयं गिण्हेइ ॥ गिण्हित्ता तम्मज्झाओ थोवं दलिअं आउस्स, तओ विसेसाहिअं परोप्परं तुल्लं नामगोत्ताणं, तओ विसेसाहिअं परोप्परं तुल्लं

---

૧. આ પર્વતાદિ ઉપમાઓ કર્મગ્રંથમાં અનંતાનુબંધિ વિગેરે ચાર પ્રકારના કષાય અંગે ઘટાવી છે.

णाणावरणदंसणावरणंतरायाणं, तओ विसेसाहिअं मोहस्स, तओ विसेसाहिअं वेअणी-अस्स विभएत्ता निअएसेसु खीरनीरनाएणं अग्गिलोहपिंडनाएणं वा संबंधेइ ॥

પ્રદેશ એટલે કર્મવર્ગણાના દળિયા સમજવા. અહીંયાં જીવ નક્કી પોતાના સર્વ આત્મપ્રદેશોવડે અભવ્યથી અનંતગુણા પ્રદેશથી નિષ્પન્ન થયેલા અને સર્વ જીવથી અનંતગુણા રસાણુવાળા, આત્માના એક-એક અભિન્ન પ્રદેશાવગાઢ એવા અભવ્યથી અનંતગુણા કર્મવર્ગણાના સ્કંધને પ્રતિસમયે ગ્રહણ કરે છે. ગ્રહણ કરીને તેમાંથી થોડા દળીયા આયુકર્મરૂપે અને તે કરતાં વિશેષાધિક પરંતુ પરસ્પર તુલ્ય પ્રદેશો નામ અને ગોત્રકર્મરૂપે, તે કરતાં વિશેષાધિક પરંતુ પરસ્પર તુલ્ય જ્ઞાનાવરણ દર્શનાવરણ અને અંતરાયકર્મરૂપે, તે કરતાં વિશેષાધિક મોહનીય કર્મરૂપે અને તે કરતાં વિશેષાધિક [1]વેદનીય કર્મરૂપે આપીને વહેંચીને-પરિણમાવીને પોતાના આત્મપ્રદેશને વિષે ક્ષીરનીર ન્યાયે અથવા અગ્નિ અને લોહપિંડના ન્યાયે સંબંધવાળા કરે છે.

एसा कम्मदलिअस्स अट्ठभागकप्पणा अट्ठविहबंधगेसु । सत्तविहाइबंधगेसु सत्त-भागाइकप्पणा कायव्वा ॥

આ કર્મદલિકની આઠ ભાગની કલ્પના જ્યારે જીવ અષ્ટવિધકર્મ બંધક હોય ત્યારે સમજવી. સપ્તવિધ બંધક હોય ત્યારે સાત ભાગની કલ્પના કરવી. (ચઉવિધ બંધક હોય ત્યારે ચાર ભાગની કલ્પના કરવી અને એકવિધ બંધક હોય, ત્યારે જેટલી કર્મ-વર્ગણા ગ્રહણ કરે તે બધી સાતાવેદનીયરૂપે પરિણમે એમ સમજવુ.)

पयडिपएसबंधाणं जोगा हेऊ । ठिइअणुभागबंधाणं कसाया ॥

પ્રકૃત અને પ્રદેશબંધના હેતુ યોગ છે, તથા સ્થિતિબંધ અને અનુભાગબંધના હેતુ કષાય છે, અર્થાત્ યોગવડે પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ કરે છે તથા કષાયવડે સ્થિતિબંધ અને અનુભાગબંધ કરે છે.

पुट्ठ १ बद्ध २ निधत्त ३ निकाइअ ४ मेअभिन्ने वा चउव्विहे बंधे ॥

સ્પૃષ્ટ, બદ્ધ, નિધત્ત અને નિકાચિત એવા ચાર ભેદથી ચાર પ્રકારનો પણ બંધ કહ્યો છે. સાધારણપણે બાંધેલ કર્મ તે **સ્પૃષ્ટ**-મિચ્છાદુક્કડં આપવાથી છૂટી શકે તે. તેથી તીવ્ર અધ્યવસાયે બાંધેલ કર્મ તે **બદ્ધ**-પશ્ચાત્તાપ વિગેરે કરવાથી-આલોયણા લેવા વિગેરેથી છૂટે તે. તેથી તીવ્રતર અધ્યવસાયે બાંધેલ કર્મ તે. **નિધત્ત**-ગુરુએ કહ્યા પ્રમાણે તપસ્યા વિગેરે કરવાથી મહાપ્રયાસે છૂટે તે. અને પ્રાયે જે કર્મનો વિપાક મહાંદુઃખરૂપ

---

[1] વેદનીયકર્મની સ્થિતિ ઓછી હોવા છતાં તેને વધારે ભાગ મળવાનો કારણ તે વિશેષ-સ્પષ્ટપણે વેદાય છે માટે-

ભોગવવો જ પડે તે **નિકાચિત** કર્મ જાણવું. (અન્યત્ર છૂટી સોય, દોરે બાંધેલી સોય, કાટ ખાઈને મળી ગયેલી સોય ને તપાવી ટીપીને લોહરૂપ કરી નાખેલી સોયનું દૃષ્ટાંત આપેલ છે.)

પાંચમો અધ્યાય સંવરતત્ત્વ નિરૂપણ

आसवाणं निरोहे संवरे पण्णत्ते ॥ से अ समिइगुत्तिपरीसहजइधम्मभावणा चरित्तेहिं कम्मपुग्गलादाणसंवरणाओ सत्तावन्नविहे भवइ ॥

આશ્રવના નિરોધને સંવર કહ્યો છે. સમિતિ ૫, ગુપ્તિ ૩, પરિષહ ૨૨, યતિધર્મ ૧૦, ભાવના ૧૨ અને ચારિત્ર ૫ થી કર્મપુદ્ગલોના ગ્રહણનો સંવર (નિરોધ) થતો હોવાથી સંવર તત્ત્વના ૫૭ ભેદ થાય છે. તેમાં ઇર્યાસમિતિ વિગેરે પાંચ સમિતિ, ત્રણ યોગના નિગ્રહરૂપ ત્રણ ગુપ્તિ, ક્ષુધાદિ બાવીશ પરિષહ, ક્ષમા આદિ દશ પ્રકારનો યતિ-ધર્મ, અનિત્યતા વિગેરે બાર પ્રકારની ભાવના અને સામાયિકાદિ પાંચ પ્રકારનું ચારિત્ર- એમ કુલ ૫૭ ભેદ સમજવા.

तत्थ इरियाईओ समिईओ पंच ॥ जोगनिग्गहरूवाओ गुत्तीओ तिण्णि ॥ खुहाइआ परीसहा बावीसं ॥ खंतिप्पमुहे दसविहे जइधम्मे ॥ अणिच्चयाइआओ दुवालस भावणाओ ॥ सामाइआइं पंच चारित्ताइं ॥

તેનું વર્ણન આ પ્રમાણે :—૧. ઇર્યાસમિતિ, ૨. ભાષાસમિતિ, ૩. એષણાસમિતિ, ૪. આદાનભંડમત્તનિક્ષેપણાસમિતિ, ૫. પારિષ્ઠાપનિકાસમિતિ–એ પાંચ સમિતિ. ૧. મનગુપ્તિ, ૨. વચનગુપ્તિ ને ૩. કાયગુપ્તિ–એ ત્રણ ગુપ્તિ. ૧. ક્ષુધા, ૨. પિપાસા (તૃષા), ૩. શીત, ૪. ઉષ્ણ, ૫. ડંશ, ૬. અચેલ, ૭. અરતિ, ૮. સ્ત્રી, ૯. ચર્યા, ૧૦. નિષદ્યા, ૧૧. શય્યા, ૧૨. આક્રોશ, ૧૩. વધ, ૧૪. યાચના, ૧૫. અલાભ, ૧૬. રોગ, ૧૭. તૃણસ્પર્શ, ૧૮. મળ, ૧૯. સત્કાર, ૨૦. પ્રજ્ઞા, ૨૧. અજ્ઞાન, ૨૨. સમકિત–આ બાવીશ પરિષહ. દશ પ્રકારનો યતિધર્મ–ક્ષમા, આર્જવ, માર્દવ, મુક્તિ (નિર્લોભતા), તપ, સંયમ, સત્ય, શૌચ (અદત્તત્યાગ), અકિંચન ને બ્રહ્મચર્ય. બાર ભાવના આ પ્રમાણે–૧. અનિત્ય, ૨. અશરણ, ૩. સંસાર, ૪. એકત્વ, ૫. અન્યત્વ, ૬. અશુચિ, ૭. આશ્રવ, ૮. સંવર, ૯. નિર્જરા, ૧૦. લોકસ્વભાવ, ૧૧. બોધિદુર્લભ અને ૧૨. ધર્મભાવના. પાંચ પ્રકારના ચારિત્ર–૧. સામાયિક. ૨. છેદોપસ્થાપનીય, ૩. પરિહારવિશુદ્ધિ, ૪. સૂક્ષ્મ-સંપરાય ને ૫, યથાખ્યાત. એમ ૫-૩-૨૨-૧૦-૧૨-૫ કુલ ૫૭ ભેદ સંવરના જાણવા.

છઠ્ઠો અધ્યાય નિર્જરાતત્ત્વ નિરૂપણ

अणुभूअरसाणं कम्मपुग्गलाणं परिसडणं निज्जरा ॥ सा दुविहा पण्णत्ता, सकामा अकामा य ॥ तत्थ अकामा सव्वजीवाणं ॥

અનુભત રસવાળા (જેનું ફળ ભોગવાઇ ગયું છે એવા) કર્મપુદ્ગલોનું જે પરિશાટન (આત્માથી છૂટા પડવું) તેને નિર્જરા કહી છે. તેના [૧]સકામા અને [૨]અકામા એમ બે પ્રકાર કહ્યા છે. અકામ નિર્જરા સર્વ જીવોને હોય છે.

तथाहि–एगिंदिआइआ तिरिआ जहासंभवं छेअभेयसीउण्हवासजलग्गिछुहापिवासाकसंकुसाईहिं, नारगा तिविहाए वेअणाए, मणुआ छुहापिवासावाहिदालिद्दचारगनिरोहाइणा, देवा पराभिओगकिब्बिसिअत्ताइणा असायवेअणीअं कम्ममणुभविउं परिसाडिति त्ति तेसिं अकामनिज्जरा ॥

તે આ પ્રમાણે– એકેંદ્રિયાદિ **તિર્યંચોને** યથાસંભવ છેદન, ભેદન, શીત, ઉષ્ણ, વર્ષા, જળ, અગ્નિ, ક્ષુધા, તૃષા, કશ (ચાબુક) અને અંકુશ ઇત્યાદિ વડે, **નારકીને** ત્રણ પ્રકારની (ક્ષેત્ર સંબંધી, પરમાધામી સંબંધી અને અન્યોન્યકૃત એવી) વેદનાવડે, **મનુષ્યને** ક્ષુધા, પિપાસા, વ્યાધિ, દારિદ્ય અને ચારકનિરોધ (કેદખાનામાં પડવું) વિગેરેથી અને **દેવોને** પરની સેવા અને કિલ્બિષિકતા વિગેરેથી અસાતાવેદની કર્મ અનુભવાય છે અને તેથી તેનો (કર્મનો) પરિશાટ થાય છે, તેને અકામનિર્જરા સમજવી.

सकामनिज्जरा पुण निज्जराहिलासीणं अणसण १ ओमोअरिआ २ भिक्खायरिआ ३ रसच्चाय ४ कायकिलेस ५ पडिसंलीणया ६ भेअं छव्विहं बाहिरं, पायच्छित्तं १ विणय २ वेआवच्चे ३ सज्झाय ४ झाण ५ काउसग्ग ६ भेअं छव्विहमब्भंतरं च तवं तवेंताणं ॥

નિર્જરાના અભિલાષી જીવોને અનશન ૧, ઊનોદરી ૨, [૩]ભિક્ષાચર્યા ૩, રસત્યાગ ૪, કાયક્લેશ ૫ અને પ્રતિસંલીનતા ૬–એમ છ પ્રકારના બાહ્ય તથા પ્રાયશ્ચિત્ત ૧, વિનય ૨, વૈયાવૃત્ત્ય ૩, સ્વાધ્યાય ૪, ધ્યાન ૫, અને કાયોત્સર્ગ ૬–એમ છ પ્રકારના અભ્યંતર કુલ બાર પ્રકારનો તપ કરવાથી સકામનિર્જરા થાય છે. તે તપોનું વર્ણન નીચે પ્રમાણે છે–

ઉપવાસ, છઠ્ઠ, અટ્ઠમાદિ તપ કરવો તે અનશન ૧, આહાર કરતાં ઓછું ખાવું તે ઊનોદરી ૨, સર્વ વસ્તુનો સંક્ષેપ કરવો, ઓછી વાપરવી, ચૌદ નિયમ ધારવા તે વૃત્તિસંક્ષેપ ૩, છ વિગયમાંથી એક, બે કે તેથી વધારે વિગયનો દરરોજ ત્યાગ કરવો તે

---

૧. ઇચ્છાપૂર્વક બાર પ્રકારનાં તપવડે જે થાય તે સકામનિર્જરા. ૨. ઇચ્છા વગર કષ્ટાદિક સહન કરવાવડે જે થાય તે અકામનિર્જરા. ૩. અન્યત્ર આને વૃત્તિસંક્ષેપ તપ કહ્યો છે.

રસત્યાગ ૪, લોચ કરાવવો, ઊઘાડે પગે ચાલવું વિગેરે કાયાને કષ્ટ આપવું તે કાયક્લેશ ૫, અને અંગોપાંગને જેમ અને તેમ સંકોચીને રાખવા તે સંલીનતા ૬–આ છ પ્રકારનો બાહ્ય તપ સમજવો.

કોઈ પણ પ્રકારનો નાનો યા મોટો દોષ લાગ્યો હોય તેનું પ્રાયશ્ચિત્ત ગુરુ પાસે લેવું તે પ્રાયશ્ચિત્તતપ ૧, જ્ઞાન, દર્શન, ચારિત્રનો ને ઉપચારથી ગુરુ આદિનો વિનય કરવો તે વિનયતપ ૨, આચાર્ય, ઉપાધ્યાય વિગેરેની વૈયાવચ્ચ કરવી–સેવાભક્તિ કરવી તે વૈયાવચ્ચતપ, ૩, વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા ને ધર્મકથા–એ પાંચ પ્રકારનો સ્વાધ્યાય કરવો તે સ્વાધ્યાયતપ, ૪, શુભધ્યાન ધ્યાવવું તે ધ્યાનતપ ૫ અને કર્મક્ષય નિમિત્તે દશ, વીશ વિગેરેલોગસ્સનો કાયોત્સર્ગ કરવો તે કાયોત્સર્ગ તપ ૬–આ છ પ્રકારનો અભ્યંતર તપ–કુલ બાર પ્રકારનો તપ કરવાથી સકામનિર્જરા થાય છે. નિકાચિતકર્મ પણ તપવડે ખપી જાય છે.

સાતમો અધ્યાય મોક્ષતત્ત્વ નિરૂપણ.

घाइचउक्कखएणं उप्पन्नकेवलनाणदंसणस्स कसिणकम्मक्खए मोक्खे पण्णत्ते ॥

ચાર ઘાતિકર્મના ક્ષયથી ઉત્પન્ન થયું છે કેવળજ્ઞાન અને કેવળદર્શન જેને એવા જીવોને સર્વ કર્મના ક્ષયથી જે પ્રાપ્ત થાય તેને મોક્ષ કહે છે.

खीणकम्माओ अ गउरवाभावाओ नाहो गच्छंति ॥ जोगपओगाभावाओ न तिरिअं गच्छंति ॥ निस्संगत्ताओ गयलेवालाउफलं व, बंधच्छेदाओ एरंडफलं व, पुव्वपओगाओ धणुविमुक्कउसु व्व, तहागइपरिणामाओ धूम व्व उड्ढं गच्छंति ॥ लोगंते अ चिट्ठंति ॥ धम्मत्थिकायाभावेणं न परओ गई ॥

સઘળાં કર્મોનો નાશ થવાથી ગૌરવનો અભાવ થવાને કારણે તે જીવો નીચે જતા નથી અને યોગપ્રયોગનો અભાવ થવાથી તિર્ચ્છા જતા નથી, પણ ગતલેપવાળા અલાબુ (તુંબડા)ની જેમ નિઃસંગપણાથી, એરંડફળની જેમ બંધનો છેદ થવાથી, ધનુષથી છૂટેલા બાણની જેમ પૂર્વ પ્રયોગથી અને ધૂમ્રની જેમ તથાપ્રકારના ગતિપરિણામથી ઊર્ધ્વગમન કરે છે અને લોકાંતે જઈને રહે છે. અલોકમાં ધર્માસ્તિકાયનો અભાવ હોવાથી આગળ ગતિ થતી નથી.

तत्थ य सासयं निरुवमं सहावजं सुखं अणुहवंति ॥ सुरासुरनराणं सव्वद्धापिंडिआइं सोक्खाइं जस्साणंतभागे न भवंति ॥

ત્યાં શાશ્વત, નિરૂપમ અને સ્વાભાવિક સુખ અનુભવે છે. સુર, અસુર અને મનુષ્યોના સર્વકાળના સુખને એકત્ર કરીએ તો પણ સિદ્ધના સુખને અનંતમે ભાગે પણ થતું નથી.

ते अ सिद्धा संतपयपरूवणाइहिं नवहिं अणुओगदारेहिं परूविअव्वा ॥

તે સિદ્ધોની સત્પદ પ્રરૂપણાદિ નવ અનુયોગદ્વારવડે પ્રરૂપણા કરવી. તે નવ દ્વારનું સ્વરૂપ આ પ્રમાણે—

૧. સત્પદપ્રરૂપણા, ૨. દ્રવ્યપ્રમાણ, ૩. ક્ષેત્ર, ૪. સ્પર્શના ૫. કાળ, ૬, અંતર, ૭. ભાગ, ૮ ભાવ ને ૯ અલ્પબહુત્વ.

૧. પ્રથમ સત્પદદ્વારનો વિચાર કરતાં મોક્ષપદ વિદ્યમાન છે, પણ કાલ્પનિક નથી. ૨. દ્રવ્યપ્રમાણનો વિચાર કરતાં સિદ્ધના જીવો અનંતા છે. ૩. ક્ષેત્ર સંબંધી વિચાર કરતાં એક સિદ્ધની તેમજ સર્વ સિદ્ધોની અવગાહના લોકના અસંખ્યાતમા ભાગના ક્ષેત્રની છે. ૪. સ્પર્શના અવગાહના કરતા અધિક છે, કારણ કે સિદ્ધ સર્વ બાજુના આકાશપ્રદેશને ફરસીને રહેલા છે. ૫. કાળ એટલે સ્થિતિ. એક સિદ્ધ આશ્રયિને સાદિ અનંત છે અને સર્વ સિદ્ધ આશ્રયિને અનાદિઅનંત છે. ૬. અંતર છે જ નહીં એટલે કે એક વાર સિદ્ધ થયા પછી ફરીને તેને સંસારમાં આવીને સિદ્ધ થવાનું જ નથી તેથી અંતર નથી. ૭. ભાગનો વિચાર કરતાં સર્વ જીવોના અનંતમે ભાગે છે. ૮. ભાવ ક્ષાયિક અને પારિણામિક બે છે. ક્ષાયિક ભાવે જ્ઞાન દર્શનાદિ છે અને પારિણામિક ભાવે જીવત્વ છે. ૯. અલ્પબહુત્વનો વિચાર કરતાં ત્રણ વેદ આશ્રી સર્વથી થોડા નપુસંકલિંગે સિદ્ધ થયા છે અને તેથી સંખ્યાતગુણા સ્ત્રીલિંગે સિદ્ધ થયા છે અને તેથી સંખ્યાતગુણા પુરુષલિંગે સિદ્ધ થયા છે. આ પ્રમાણે નવ દ્વાર સમજવા.

એક સમયે ઉત્કૃષ્ટ કેટલા સિદ્ધ થાય તેની સંખ્યા

૧–૨–૩ નરકના નીકળ્યા	૧૦–૧૦	પૃથ્વીકાય–અપ્કાયના નીકળ્યા	૪–૪
ચોથી નરકના નીકળ્યા	૪	વનસ્પતિકાયના નીકળ્યા	૬
ગર્ભજ તિર્યંચ પંચેંદ્રિયના		જઘન્ય અવગાહનાવાળા	૪
સ્ત્રી કે પુરુષ જાતિના નીકળ્યા	૧૦–૧૦	મધ્યમ અવગાહનાવાળા	૧૦૮
મનુષ્ય પુરુષના નીકળ્યા	૧૦	સમુદ્રમાં	૨

મનુષ્ય સ્ત્રીના નીકળ્યા	૨૦
ભવનપતિદેવના નીકળ્યા	૧૦
ભવનપતિ દેવીના નીકળ્યા	૫
વ્યંતરદેવના નીકળ્યા	૧૦
વ્યંતરદેવીના નીકળ્યા	૫
જ્યોતિષીદેવના નીકળ્યા	૧૦
જ્યોતિષી દેવીના નીકળ્યા	૨૦
વૈમાનિકદેવના નીકળ્યા	૧૦૮
વૈમાનિકદેવીના નીકળ્યા	૨૦
અહીં નીકળ્યા એટલે તેમાંથી નીકળીને મનુષ્ય થયેલા સમજવા.	
સ્વલિંગે (મુનિવેષે)	૧૦૮
અન્યલિંગે	૧૦
ગૃહીલિંગે	૪
સ્ત્રીલિંગે	૨૦
પુરુષલિંગે	૧૦૮
નપુંસકલિંગે	૧૦
ઊર્ધ્વલોકમાં	૪
અધોલોકમાં (કુબડી વિજય હોવાથી)	૨૦
તિર્છાલોકમાં	૧૦૮
ઉત્કૃષ્ટ અવગાહનાવાળા	૨
નદી પ્રમુખ શેષ જળમાં	૩
તીર્થ પ્રવર્ત્યા પછી	૧૦૮
અતીર્થમાં (તીર્થ પ્રવર્ત્યા અગાઉ)	૧૦
તીર્થંકર	૨૦
અતીર્થંકર	૧૦૮
સ્વયંબુદ્ધ	૪
પ્રત્યેકબુદ્ધ	૧૦
બુદ્ધબોધિત	૧૦૮
એક સિદ્ધ એક સમયે	૧
અનેક સિદ્ધ એક સમયે	૧૦૮
દરેક વિજયમાંથી	૨૦-૨૦
ભદ્રશાળ, નંદન ને સોમનસ વનમાંથી	૪-૪
પાંડુક વનમાંથી	૨
અકર્મભૂમિ દરેકમાંથી-	
અપહરણવડે આવેલા તે	૧૦
કર્મભૂમિ દરેકમાંથી	૧૦૮
૧-૨-૫-૬ આરામાં અપહરણથી	૧૦
ત્રીજા ચોથા આરામાં	૧૦૮
ઉત્સર્પિણી અવસર્પિણીમાં	૧૦૮
નોઉત્સર્પિણી નોઅવસર્પિણીમાં (મહાવિદેહમાં)	૧૦૮

આઠમો અધ્યાય સમ્યગ્જ્ઞાનદર્શનની પ્રરૂપણા

एआणि सत्त तत्ताणि बंधंतब्भूआणं पुण्णपावाणं विभिन्नत्तविवक्खाए नवावि भण्णंति ॥ संखेवेणं वित्थरेण व तेसिं अवबोहे सम्मन्नाणं

આ પ્રમાણે સાત તત્ત્વો છે, તેમાં બંધના અંતર્ભૂત ગણેલા પુણ્ય પાપને જો જુદા ગણવામાં આવે તો નવ તત્ત્વ થાય છે. સંક્ષેપે અથવા વિસ્તારે તે તત્ત્વોનો જે અવબોધ તે સમ્યગ્જ્ઞાન કહેવાય છે.

तं च आभिणिबोहिअ १ सुअ २ ओहि ३ मणपज्जव ४ केवलनाण ५–भेएहिं पंचहा नायव्वं ।

તે જ્ઞાન આભિનિબોધિક ૧, શ્રુત ૨, અવધિ ૩, મનઃપર્યવ ૪ અને કેવળજ્ઞાન ૫ પાંચ પ્રકારે–એમ છે.

तेसिं चिअ तत्ताणं सद्दहणं सम्मद्दंसणं नाणस्स हेऊ ।। तं च कस्सइ कम्मोवसमाईहिं गुरूवएसाइनिरवेक्खयारूवेणं निसग्गेणं उप्पज्जइ । कस्सइ कम्मोवसमाइसब्भावे गुरूवएसजिणपडिमादंसणाइबाहिरउवट्ठंभरूवेणं अहिगमेणं ।

તે તત્ત્વોની જે સદ્દહણા તે સમ્યગ્દર્શન કહેવાય છે. તે સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાનનો હેતુ છે. તે દર્શન (સમકિત) કોઈ જીવને કર્મના ઉપશમાદિથી ગુરુના ઉપદેશાદિ વિના નિસર્ગે (સ્વભાવે) ઉત્પન્ન થાય છે અને કોઈક જીવને કર્મના ઉપશમાદિનો સદ્ભાવ હોય અને ગુરુઉપદેશ, જિનપ્રતિમાના દર્શનાદિ બાહ્ય નિમિત્તરૂપ અધિગમવડે થાય છે.

तस्स य सम्मद्दंसणस्सतिण्णि भेआ पण्णत्ता, तंजहा–उवसमिअं १ खओवसमियं २ खइअं ३ च .

તે સમ્યગ્દર્શનના ત્રણ ભેદ કહ્યા છે. તે આ પ્રમાણે–ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક.

तत्थ उवसमिअं उवसमसेढीए अणंताणुबंधिकसायाणं मिच्छत्तमीसम्मत्तलक्खणस्स दंसणतिगस्स य उवसमे भवइ ।।

अहवा जे अणाइमिच्छदिट्ठी जीवे अहापवत्तकरणेणं अज्झवसायविसेसेणं पलिओवमासंखिज्जभागहीणसागरोवमकोडाकोडिठिइआणि सत्त कम्माइं काउं अपुव्वकरणेणं विभिन्नदुब्भेअगंठी अनिअट्टिकरणेणं अंतोमुहुत्तकालमाणं वेअणिज्जमिच्छत्तमोहणीअदलिआऽभावरुवं अंतरकरणं अरेइ, तम्मि अ कए मिच्छत्तमोहणीस्स ठिइदुगं हवइ–पढमा वेइज्जमाणा ठिई अंतोमुहुत्तपमाणा, दुइआ अंतरकरणाओ उवरिं सेसा ठिइ त्ति ।

अंतोमुहुत्तेण य पढमठिईए वेइआए अंतरकरणस्स पढमे चिअ समए मिच्छतदलिओदयाऽभावाओ तवस्स जीवस्स उवसमिअं सम्मत्तं संपज्जइ । उव्वलिअसम्मत्तमीसपुंजस्स वामिच्छदिट्ठिस्स ।

તેમાં ઉપશમશ્રેણીમાં ઉપશમસમકિત અનંતાનુબંધી ચાર કષાય, મિથ્યાત્વ, મિશ્ર તથા સમકિત મોહનીય એ ત્રણ દર્શનમોહનીય–એમ કુલ ૭ પ્રકૃતિના ઉપશમવડે થાય છે.

અથવા જે અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવ યથાપ્રવૃત્તકરણરૂપ અધ્યવસાયવિશેષથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ હીન કોડાકોડિ સાગરોપમ પ્રમાણ સાત કર્મની સ્થિતિ કરીને, અપૂર્વકરણવડે દુર્ભેદ ગ્રંથિ ભેદીને, અનિવૃત્તિકરણવડે અંતર્મુહૂર્ત્ત કાળમાં વેદવા યોગ્ય મિથ્યાત્વમોહનીય દલિકના અભાવરૂપ અંતરકરણ કરે છે. તે જ્યારે કરે, ત્યારે મિથ્યાત્વમોહનીય કર્મની સ્થિતિ બે પ્રકારની થાય છે. તેમાં પહેલી, વેદાતી એવી અંતર્મુહૂર્ત્ત પ્રમાણ નાની સ્થિતિ અને બીજી અંતરકરણની ઉપરની મોટી સ્થિતિ.

અંતર્મુહૂર્ત્ત પ્રમાણ પહેલી સ્થિતિને વેદીને અંતરકરણના પહેલે જ સમયે મિથ્યાત્વદલિકના ઉદયનો અભાવ થવાથી તે જીવને ઔપશમિક સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. અથવા ઉદ્વલિત કરેલ છે સમ્યક્ત્વ અને મિશ્રના પુંજ જેણે એવા મિથ્યાદૃષ્ટિને પણ પ્રાપ્ત થાય છે:

एवं च लद्धेणं उवसमिअसम्मत्तेणं ओसहविसेसकप्पेणं मयणकोद्दवकप्पं मिच्छत्तमोहणीअं विसोहिज्जमाणं तिहा भवइ, तंजहा–सुद्धं १ अद्धविसुद्धं २ अविसुद्धं ३ च । एए अ सुद्धाइआ पुंजा तत्तसद्दहणउदासीणत्तविवरीअसद्दहणजणणाओ जहाकमं सम्मत्त १ मीस २ मिच्छत्त ३ रूवा भण्णंति

એ પ્રમાણે પ્રાપ્ત થયેલા ઔષધ વિશેષરૂપ ઉપશમસમ્યક્ત્વથી મદનકોદ્રવ સમાન મિથ્યાત્વમોહનીયના દળીયાને વિશુદ્ધ કરતાં તે દળીયાં ત્રણ પ્રકારના થાય છે. તે આપ્રમાણે– શુદ્ધ, અર્ધવિશુદ્ધ અને અવિશુદ્ધ. તે શુદ્ધાદિ પુંજ તત્ત્વસદ્દહણા, ઉદાસીનતા અને વિપરીત સદ્દહણાને ઉત્પન્ન કરે તેવા હોવાથી અનુક્રમે સમકિત, મિશ્ર અને મિથ્યાત્વરૂપ કહેવાય છે.[1]

जयाणं सुद्ध पुंजे उदेइ तया खओवसमिअं सम्मत्तं भण्णइ ॥ उइण्णस्स मिच्छत्तस्स खयाओ अणुइण्णस्स उवसमाओ ॥ इहं च मिच्छत्तमीसपुंजे सुद्धपुंजे च पडुच्च विक्खंभिओदयत्तं अवणीयमिच्छत्तसहावत्तं च उवसमे दट्ठव्वे ॥

જ્યારે તે ત્રણ પુંજમાંથી શુદ્ધપુંજ ઉદયમાં આવે છે, ત્યારે ક્ષાયોપશમિક સમકિત કહેવાય છે, તેમાં ઉદીર્ણ મિથ્યાત્વનો ક્ષય અને અનુદીર્ણનો ઉપશમ હોય છે. અહીં (ક્ષયોપશમ સમકિતમાં) મિથ્યાત્વ અને મિશ્રપુંજના ઉદયને રોકી દેવારૂપ અને શુદ્ધપુંજમાંથી મિથ્યાત્વસ્વભાવને દૂર કરવારૂપ ઉપશમ જાણવો.

खइअं पुण खीणाणंताणुबंधिकसायस्स पुंजतिगे खीणे हवइ ॥ खाइअस्स आरंभगा संखिज्जवासाउआ मणुअ च्चिअ नायव्वा

ચાર અનંતાનુબંધી કષાય અને ત્રણ પુંજનો ક્ષય કરવાથી ક્ષાયિક સમકિત પ્રાપ્ત થાય છે. તેના આરંભક સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા મનુષ્યો જાણવા.

---

૧ શુદ્ધ પુંજ તત્ત્વશ્રદ્ધા ઉત્પન્ન કરે છે, અર્ધશુદ્ધ પુંજ ઉદાસીન રાખે છે અને અશુદ્ધ પુંજ વિપરીત શ્રદ્ધા ઉત્પન્ન કરે છે.

एअं च तिविहंपि सम्मत्तं वेमाणिएसुं आइमनरयपुढवितिगे संखिज्जा संखिज्जाउमणुएसुं असंखिज्जाउतिरिएसुं च लब्भइ ॥ सेसदेवनारएसुं संखिज्जाउसन्निपणिदितिरिएसुं च उवसमिअखओवसमिआइं ॥ एगदुतिचउरिंदिआणं असन्निपंचिंदिआणं च एएसिं तिण्हं मज्झाओ एगंपि नत्थि ॥

ત્રણે પ્રકારના સમ્યક્ત્વ વૈમાનિકમાં, પહેલી ત્રણ નરકપૃથ્વીમાં, સંખ્યાતા અસંખ્યાતા આયુષ્યવાળા મનુષ્યમાં અને અસંખ્યાતા આયુષ્યવાળા તિર્યંચમાં હોય છે અને બાકીના દેવોમાં, બાકીની નારકીમાં અને સંખ્યાતા આયુષ્યવાળા સંજ્ઞીપંચેંદ્રિય તિર્યંચમાં ઔપશમિક અને ક્ષાયોપશમિક એ બે સમકિત હોય છે (એટલે તેમાં ક્ષાયિક સમકિત હોતું નથી) એકેંદ્રિય, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચઉરિંદ્રિય અને અસંજ્ઞીપંચેંદ્રિય જીવો, તે ત્રણેમાંથી એક પણ સમકિત પ્રાપ્ત કરી શકતા નથી.

અધ્યાય નવમો સમ્યક્ ચારિત્રનિરૂપણ

सावज्जजोगविरई . सम्मं चारित्तं पण्णत्तं ॥ तं च दुविहं तंजहा-सव्वओ देसओ अ ॥

સાવદ્યયોગની વિરતિને સમ્યક્ચારિત્ર કહ્યું છે. તેના બે પ્રકાર છે. સર્વથી અને દેશથી.

तत्थ सव्वओ भरहेरावयपढमंतिमतित्थयराणं पंच महव्वयाइं । मज्झिमतित्थयराणं महाविदेहतित्थयराणं च परिग्गहविरईए मेहुणविरई सिद्ध त्ति चत्तारि ॥

તેમાં સર્વથી ભરત અને ઐરવત ક્ષેત્રમાં પહેલા અને છેલ્લા તીર્થંકરના સમયમાં પાંચ મહાવ્રતરૂપ ચારિત્ર હોય છે અને મધ્યના બાવીશ તીર્થંકરના સમયમાં તથા મહાવિદેહ ક્ષેત્રમાં સર્વ તીર્થંકરોના સમયે પરિગ્રહની વિરતિમાં મૈથુનવિરતિનો સમાવેશ કરવાથી ચાર મહાવ્રતરૂપ ચારિત્ર હોય છે.

तस्स य चरणस्स पंच समिईओ तिण्णि गुत्तीओ मायाओ ॥ एआहिंतो चरणस्स जणणपालणविसोहणभावाओ।

તે ચારિત્રની પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિરૂપ આઠ માતાઓ છે, કેમકે તેનાથી ચારિત્રનો જન્મ, ચારિત્રનું પાલન અને ચારિત્રની વિશુદ્ધિ થાય છે.

मेआ पुण सामाइअ १ छेओवट्ठावण २ परिहारविसुद्धिअ ३ सुहुमसंपराय ४ अहक्खाय ५ नामाणो पंच दट्ठव्वा ॥ दुइअतइआ मेआ भरहेरावयपढमंतिमतित्थयरतित्थेसु च्चिअ भवंति ॥ एअं सव्वचरणं अणगारीणं ।

તે ચારિત્રના સામાયિક ૧, છેદોપસ્થાપન ૨, પરિહારવિશુદ્ધિ ૩, સૂક્ષ્મસંપરાય ૪ અને યથાખ્યાત ૫ નામના પાંચ ભેદો છે. તેમાંથી બીજો અને ત્રીજો ભેદ[1] ભરત અને ઐરવત ક્ષેત્રમાં પહેલા અને છેલ્લા તીર્થંકરને સમયે જ હોય છે. આ સર્વથા ચારિત્ર અનગારી મુનિઓને હોય છે.

एअंमि असमत्थाणं अगारीणं देसचरणं ॥ तत्थ य पंच अणुव्वयाणि, तिण्णि गुणव्वयाणि, चत्तारि सिक्खावयाणि । सव्वग्गेणं दुवालस वयाणि ॥

સર્વથા ચારિત્ર પાળવાને અસમર્થ એવા અગારીને એટલે ગૃહસ્થને દેશચારિત્ર હોય છે. તેમાં પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત એમ સર્વ મળીને બાર વ્રત હોય છે.

दुविहतिविह १, दुविहदुविह २, दुविहएगविह ३, एगविहतिविह ४, एगविहदुविह ५, एगविहएगविह ६ लक्खणा एक्केक्कवए छब्भंगा । दुगतिगाइसंजोगे पडुच्च अवरावरवयछब्भंगसंवेहेणं जहुत्तरं छग्गुणा

૧. દ્વિવિધ ત્રિવિધ-વચન અને કાયાવડે કરવું નહીં, કરાવવું નહીં, અનુમોદવું નહીં. ૨. દ્વિવિધ દ્વિવિધ-વચન અને કાયાવડે કરવું નહીં, કરાવવું નહીં. ૩. દ્વિવિધ એકવિધ-વચન અને કાયાવડે કરવું નહીં. ૪. એકવિધ ત્રિવિધ-કાયાવડે કરવું નહીં, કરાવવું નહીં, અનુમોદવું નહીં. ૫. એકવિધ દ્વિવિધ-કાયાવડે કરવું નહીં, કરાવવું નહીં. ૬. એકવિધ એકવિધ-કાયાવડે કરવું નહીં. (ત્રિવિધના ભંગ શ્રાવકને માટે હોતા નથી.) એમ દરેક વ્રતના છ-છ ભાંગા થાય છે. બે ત્રણ વિગેરે વ્રતોના સંયોગને કારણે પરસ્પર વ્રતના છ ભંગના સંવેધથી યથોત્તર છગુણા ભેદ થાય છે.

उड्ढुड्ढं एगुत्तरएगाई ठविअ उवरि उवरि खिव ।
पुण पुण अंतेक्कपयं मुंचंतो हुंति संजोगा ॥ १ ॥

इअगाहाभणिअकरणलद्धाए वयाणं एक्कगदुगाइसंजोगसंखाए गुणिएसु अ तेसु देसचरणस्स भंगसंखा हवइ ॥

ઉપર ઉપર એકથી માંડીને ઉત્તરોત્તર એક એકની વૃદ્ધિએ આંક લખવા અને પ્રત્યેક વ્રતમાં ઉપરના અંકનો પ્રક્ષેપ કરવો. પછી એક એકની હાનિ કરતાં જે સંખ્યા આવે તેટલા સંયોગી ભાંગા જાણવા.

આ ગાથામાં કહેલા કરણવડે લબ્ધવ્રતોના એકદ્વિકાદિ સંયોગવડે ગુણવાથી દેશચારિત્રના ભાંગાની જે સંખ્યા આવે છે, તે આ પ્રમાણે :—

---

૧ છેદોપસ્થાપનીય અને પરિહારવિશુદ્ધિ.

એકસંયોગી	૧૨	પંચસંયોગી	૭૯૨	નવસંયોગી	૨૨૦
દ્વિકસંયોગી	૬૬	ષટ્સંયોગી	૯૨૪	દશસંયોગી	૬૬
ત્રિકસંયોગી	૨૨૦	સપ્તસંયોગી	૭૯૨	અગ્યારસંયોગી	૧૨
ચતુઃસંયોગી	૪૯૫	અષ્ટસંયોગી	૪૯૫	બારસંયોગી	૧

સટીક શ્રાવકવ્રતભંગ પ્રકરણમાં વિસ્તારથી બતાવેલી છે.

एएसिंभंगाणं पडिवन्नुत्तरगुणअविरयसम्मद्दिट्ठिलक्खणभंगदुगसहियाणं संखागाहा,

તે પ્રમાણે ભાંગા કરતાં અને છેવટે તેમાં ઉત્તરગુણ તથા અવિરતિસમ્યગ્દૃષ્ટિરૂપ બે ભાંગા ઉમેરવાથી આ પ્રમાણે સંખ્યા આવે છેઃ—

વ્રતના દ્વિકસંયોગી ભાંગા-૬૬

1	2	3
વ્રત – વ્રત-	વ્રત – વ્રત-	વ્રત – વ્રત-
પહેલું-બીજુ	બીજુ – ત્રીજુ	ત્રીજુ – ચોથુ
પહેલું-ત્રીજુ	બીજુ – ચોથુ	ત્રીજુ – પાંચમુ
પહેલું-ચોથુ	બીજુ – પાંચમુ	ત્રીજુ – છટ્ઠું
પહેલું-પાંચમુ	બીજુ – છટ્ઠું	ત્રીજુ – સાતમુ
પહેલું-છટ્ઠું	બીજુ – સાતમુ	ત્રીજુ – આઠમુ
પહેલું-સાતમુ	બીજુ – આઠમુ	ત્રીજુ – નવમુ
પહેલું-આઠમુ	બીજુ – નવમુ	ત્રીજુ – દશમુ
પહેલું-નવમુ	બીજુ – દશમુ	ત્રીજુ – અગીયારમુ
પહેલું-દશમુ	બીજુ – અગીયારમુ	ત્રીજુ – બારમુ
પહેલું-અગીયારમુ	બીજુ – બારમુ	
પહેલું-બારમુ		
ભાંગા-૧૧	**ભાંગા-૧૦**	**ભાંગા-૯**

4	5	6
વ્રત – વ્રત-	વ્રત – વ્રત-	વ્રત – વ્રત-
ચોથુ – પાંચમુ	પાંચમુ – છટ્ઠું	છટ્ઠું – સાતમુ
ચોથુ – છટ્ઠું	પાંચમુ – સાતમુ	છટ્ઠું – આઠમુ
ચોથુ – સાતમુ	પાંચમુ – આઠમુ	છટ્ઠું – નવમુ
ચોથુ – આઠમુ	પાંચમુ – નવમુ	છટ્ઠું – દશમુ
ચોથુ – નવમુ	પાંચમુ – દશમુ	છટ્ઠું – અગીયારમુ
ચોથુ – દશમુ	પાંચમુ – અગીયારમુ	છટ્ઠું – બારમુ
ચોથુ – અગીયારમુ	પાંચમુ – બારમુ	
ચોથુ – બારમુ		
ભાંગા-૮	**ભાંગા-૭**	**ભાંગા-૬**

7	8	9
વ્રત – વ્રત – ભાંગા	વ્રત – વ્રત – ભાંગા	વ્રત – વ્રત – ભાંગા
સાતમું – આઠમું –૧	આઠમું – નવમું –૧	નવમું – દશમું –૧
સાતમું – નવમું	આઠમું – દશમું	નવમું – અગીઆરમું
સાતમું – દશમું	આઠમું – અગીઆરમું	નવમું – બારમું
સાતમું – અગીયારમું	આઠમું – બારમું	**ભાંગા-૩**
સાતમું – બારમું	**ભાંગા-૪**	
ભાંગા-૫		

10	11
વ્રત – વ્રત – ભાંગા	વ્રત – વ્રત – ભાંગા
દશમું – અગીઆરમું–૧	અગીઆરમું – બારમું–૧
દશમું – બારમું	**ભાંગા-૧**
ભાંગા-૨	

કુલ–૬૬

जहा–तेरहकोडिसयाइं, चउरासी कोडि बारस य लक्खा ।
सत्तासीइ सहसा, दुन्नि सया दोहिं अब्भहिआ ॥ १ ॥

૧૩૮૪,૧૨,૮૭;૨૦૨, તેરસો ચોરાશી કરોડ, બાર લાખ સતાશી હજાર બસો ને બે.

सम्मत्तलाभकम्मट्ठिईए पलिओवमपुहत्ते खविए देसचरणं लहंति तओऽवि संखिज्जसागरेसुं खविएसुं सव्वचरणं ॥

સમ્યક્ત્વનો લાભ થયા પછી અંતઃકોટાકોટિ સાગરોપમરૂપ સાત કર્મની સ્થિતિમાંથી પલ્યોપમપૃથક્ત્વ સ્થિતિ ઘટે (ખપે) ત્યારે જીવ દેશચારિત્ર પામે છે. અને તેમાંથી સંખ્યાતા સાગરોપમની સ્થિતિ ઘટે (ખપે) ત્યારે સર્વ વિરતિ ચારિત્ર પામે છે.

દશમો અધ્યાય આરાધનાવિરાધનાફળનિરૂપણ

मरगयपउमरागाइलोगपसिद्धरयणेहिंतो विसिट्ठगुणं एअंरयणतिगं वुच्चइ ॥ एएसिं तिण्हंपि वरोप्पराविक्खाए मोक्खलक्खणं फलं साहिज्जइ, न निरविक्खयाए ॥ नाणचरणजुतेऽवि दंसणरहिए अंगारमद्दए अभव्वे त्ति सुव्वइ, नाणदंसणजुत्तावि चरणरहिआ कण्हसेणिअसच्चइपमुहा अहरगइं पत्ता । तम्हा तिण्हंपि संजोगे सलाहिज्जइ । परमरिसिभासिअं–जहा

મરકત અને પદ્મરાગ વિગેરે લોકપ્રસિદ્ધ રત્નોથી વિશિષ્ટ ગુણવાળું આ (જ્ઞાન,

દર્શન, ચારિત્ર) રત્નત્રિક કહ્યું છે. તે ત્રણે પરસ્પરની અપેક્ષાએ (સાથે મળીને) મોક્ષસ્વરૂપ ફળને આપે છે, નિરપેક્ષપણે (છૂટા છૂટા) આપતા નથી. જ્ઞાન અને ચારિત્ર-યુક્ત છતાં પણ દર્શન (સમકિત) રહિત એવા અંગારમર્દકાચાર્ય અભવ્ય સંભળાય છે. જ્ઞાનદર્શનયુક્ત છતાં પણ ચારિત્ર રહિત એવા કૃષ્ણ, શ્રેણિક અને સત્યકિ પ્રમુખ અધો-ગતિને પામ્યા છે તેથી ત્રણેનો સંયોગ શ્લાઘનીય છે, પરમ ઋષિભાષિત આ પ્રમાણે છેઃ—

हयं नाणं कियाहीणं, हया अन्नाणओ किया ।
पासंतो पंगुलो दड्ढो, धावमाणो अ अंधओ ॥ १ ॥
संजोगसिद्धीएँ फलं वयंति, न हु एगचक्केण रहो पयाइ ।
अंधो अ पंगू अ वणे समेच्चा, ते संपउत्ता नयरं पविट्ठा ॥ २ ॥

અર્થ—ક્રિયારહિત જ્ઞાન હણાયેલું છે, (નિષ્ફળ છે) અને જ્ઞાનરહિત ક્રિયા પણ હણાયેલી છે. પાંગળો (અગ્નિને) જોવા છતાં પણ બળી જાય છે, અને આંધળો જેમ તેમ દોડવા છતાં (અગ્નિમાં) પડીને બળી જાય છે. ૧. પણ બન્ને સાથે થયા તો નગરમાં પહોંચ્યા. તેમ—જ્ઞાન—દર્શન—અને ચરિત્રનાં સંયોગથી સિદ્ધિ ફળ કહેલું છે, કેમકે એકચક્રવડે રથ ચાલી શકતો નથી. ૨.

एअं रयणत्तिग उक्कोसाए आराहणाए आराहित्ता तेणेव भवग्गहणेणं, मज्झिमाए तीहिं, जहन्नाए अट्ठहिं भवग्गहणेहिं सिज्झंति, बुज्झंति, मुच्चंति, परिनिव्वाइंति, सव्वदुक्खाणमंतं करिंति ॥

विराहित्ता चाउरंतं संसारकंतारं अणुपरिअट्टंति ॥ तम्हा अणंतसुक्खकंखीहिं एअस्स आराहणाए च्चिअ उज्जमेअव्वंति एसे अट्ठे परमट्ठे ॥

એ રત્નત્રિકને ઉત્કૃષ્ટ આરાધનાવડે આરાધવાથી તે જ ભવે, મધ્યમપણે આરાધવાથી ત્રીજે ભવે અને જઘન્યપણે આરાધવાથી આઠમે ભવે સિદ્ધ થાય છે, બુદ્ધ થાય છે. કર્મથી મૂકાય છે, પરિનિર્વાણને પામે છે અને સર્વ દુઃખનો અંત કરે છે.

તે રત્નત્રિકની વિરાધના કરવાથી ચારગતિરૂપ સંસાર અટવીમાં વારંવાર પર્યટન કરે છે, માટે અનંત સુખના ઇચ્છુકે આની આરાધનાને વિષે સતત ઉદ્યમ કરવો એ જ અર્થ છે; એ જ પરમાર્થ છે.

जा तित्थेसरसासणे कुसलया नाणंति तं वुच्चए,
जा तत्थेव रुई अईव विमला सद्दंसणं तं पुणो ।
चारित्तं तु हविज्ज तं विरमणं सावज्जजोगेहिं जं,
एअं भो ! रयणत्तिगं सिवफलं गिण्हेह सव्वे अणा ! ॥ १ ॥

તીર્થેશ્વરના શાસનમાં કુશળપણું તે જ્ઞાન કહેવાય છે, તેમાં જે અત્યંત નિર્મળ રુચિ તે દર્શન કહેવાય છે અને સાવદ્યયોગથી સર્વથા વિરમવું તે ચારિત્ર કહેવાય છે. એ રત્નત્રયના આરાધનાવડે હે ભવ્ય જીવો! મોક્ષફળને ગ્રહણ કરો.

समयस्स सारमेअं, अप्पपराणुग्गहाय संगहिअं ।
जाणइ मन्नइ पालइ, जो तस्स करट्ठिया सिद्धी ॥ २ ॥

આ સિદ્ધાંતનો સાર સ્વપરના અનુગ્રહ માટે સંગ્રહીત કરવામાં આવ્યો છે. તેને જે જાણે, માને અને પાળે તેને સિદ્ધિ હાથમાં રહેલી થાય છે.

लोआण देवचंद व्व, हिया पउमप्पहा जिणेसपया ।
देवाणंदसमुन्नइहेऊ सययं सिवं दिंतु ॥ ३ ॥

મેઘ અને ચંદ્રની જેમ લોકને હિત કરનારા, પદ્મની જેવી (ઉજ્જ્વળ) કાંતિવાળા અને દેવોને પંચકલ્યાણકાદિ પ્રસંગે આનંદની ઉન્નતિ કરવાના હેતુરૂપ એવા શ્રી જિનેશ્વરના ચરણકમળ તમને સતત મોક્ષને આપનારા થાઓ.


આ ગાથામાં આ પ્રકરણના કર્તા દેવાનંદસૂરિએ પોતાના ગુરુ પદ્મપ્રભ આચાર્ય સાથે પોતાનું નામ પણ સૂચવ્યું છે.

॥ इति समयसार प्रकरणं ॥



જીવાભિગમ સંગ્રહણીમાં

આવતા પદાર્થોનું યંત્ર



૬ પ્રકારના જીવો આશ્રયી ૨૩ દ્વારોનું યંત્ર

જીવના ભેદ	૧ શરીર	૨ અવગાહના	૩ સંઘયણ	૪ સંસ્થાન	૫ કષાય	૬ સંજ્ઞા	૭ લેશ્યા	૮ ઇંદ્રિય
સૂક્ષ્મપૃથ્વીકાય	૩ ઔદારિક તૈજસ. કાર્મણ	જ. અંગુલનો ઉ. અ.ભા.	છેવટ્ટું	હુંડક (મસૂર-ચંદ્ર)	૪	૪	૩ કૃષ્ણા, નીલ, કા પોત	સ્પર્શેન્દ્રિય
બાદરપૃથ્વીકાય	૩	જ. અંગુલનો ઉ. અ.ભા.	છેવટ્ટું	હુંડક (મસૂર-ચંદ્ર)	૪	૪	તેજો સહિત ૪	સ્પર્શેન્દ્રિય
સૂક્ષ્મઅપ્કાય	૩	જ. અંગુલનો ઉ. અ.ભા.	છેવટ્ટું	સ્તિબુકાકાર	૪	૪	પ્રથમની ૩	સ્પર્શેન્દ્રિય
બાદરઅપ્કાય	૩	જ. અંગુલનો ઉ. અ.ભા.	છેવટ્ટું	સ્તિબુકાકાર	૪	૪	૪	સ્પર્શેન્દ્રિય
સૂક્ષ્મવનસ્પતિકાય (૧) પ્રત્યેક	૩	જ. અંગુલનો ઉ. અ.ભા.	છેવટ્ટું	અનિયત સંસ્થાન	૪	૪	૩	સ્પર્શેન્દ્રિય
બાદરવનસ્પતિકાય (૧) પ્રત્યેક	૩	જ. અં.અ. ઉ. સાધિક ૧ હજાર યો.	છેવટ્ટું	અનેક સંસ્થાન	૪	૪	૪	સ્પર્શેન્દ્રિય
(૨) સાધારણ	૩	જ. અંગુલનો ઉ. અસં.	છેવટ્ટું	અનેક સંસ્થાન	૪	૪	૩	સ્પર્શેન્દ્રિય
ગતિત્રસ સૂક્ષ્મતેઉકાય	૩	જ. અંગુલનો ઉ. અસં.	છેવટ્ટું	સોયના આકારે	૪	૪	૩	સ્પર્શેન્દ્રિય
બાદરતેઉકાય	૩	જ. અંગુલનો ઉ. અસં.	છેવટ્ટું	સોયના આકારે	૪	૪	૩	સ્પર્શેન્દ્રિય
સૂક્ષ્મવાઉકાય	૩	જ. અંગુલનો ઉ. અસં.	છેવટ્ટું	પતાકા આકારે	૪	૪	૩	સ્પર્શેન્દ્રિય

જીવના ભેદ	૯ સમુદ્‌ઘાત	૧૦ સંજ્ઞિ	૧૧ વેદ	૧૨ પર્યાપ્તિ	૧૩ દૃષ્ટિ	૧૪ દર્શન	૧૫ જ્ઞાન	૧૬ યોગ
સૂક્ષ્મપૃથ્વીકાય	૩ વેદના, કષાય, મરણ	અસંજ્ઞિ	નપુંસક	પ્રથમની ૪	મિથ્યાદૃષ્ટિ	અચક્ષુ	૨ મતિઅજ્ઞાન શ્રુત અજ્ઞાન	કાયયોગ
બાદરપૃથ્વીકાય	૩ વેદના, કષાય, મરણ	અસંજ્ઞિ	નપુંસક	પ્રથમની ૪	મિથ્યાદૃષ્ટિ	અચક્ષુ	૨ મતિઅજ્ઞાન શ્રુત અજ્ઞાન	કાયયોગ
સૂક્ષ્મઅપ્‌કાય	૩ વેદના, કષાય, મરણ	અસંજ્ઞિ	નપુંસક	પ્રથમની ૪	મિથ્યાદૃષ્ટિ	અચક્ષુ	૨ મતિઅજ્ઞાન શ્રુત અજ્ઞાન	કાયયોગ
બાદરઅપ્‌કાય	૩ વેદના કષાય મરણ	અસંજ્ઞિ	નપુંસક	પ્રથમની ૪	મિથ્યાદૃષ્ટિ	અચક્ષુ	૨ મતિઅજ્ઞાન શ્રુત અજ્ઞાન	કાયયોગ
સૂક્ષ્મવનસ્પતિકાય	૩ વેદના કષાય મરણ	અસંજ્ઞિ	નપુંસક	પ્રથમની ૪	મિથ્યાદૃષ્ટિ	અચક્ષુ	૨ મતિઅજ્ઞાન શ્રુત અજ્ઞાન	કાયયોગ
બાદરવનસ્પતિકાય (૧) પ્રત્યેક	૩ વેદના, કષાય, મરણ	અસંજ્ઞિ	નપુંસક	પ્રથમની ૪	મિથ્યાદૃષ્ટિ	અચક્ષુ	૨ મતિઅજ્ઞાન શ્રુત અજ્ઞાન	કાયયોગ
(૨) સાધારણ	૩ વેદના, કષાય, મરણ	અસંજ્ઞિ	નપુંસક	પ્રથમની ૪	મિથ્યાદૃષ્ટિ	અચક્ષુ	૨ મતિઅજ્ઞાન શ્રુત અજ્ઞાન	કાયયોગ
ગતિત્રસ સૂક્ષ્મતેઉકાય	૩ વેદના, કષાય, મરણ	અસંજ્ઞિ	નપુંસક	પ્રથમની ૪	મિથ્યાદૃષ્ટિ	અચક્ષુ	૨ મતિઅજ્ઞાન શ્રુત અજ્ઞાન	કાયયોગ
બાદરતેઉકાય	૩ વેદના, કષાય, મરણ	અસંજ્ઞિ	નપુંસક	પ્રથમની ૪	મિથ્યાદૃષ્ટિ	અચક્ષુ	૨ મતિઅજ્ઞાન શ્રુત અજ્ઞાન	કાયયોગ
સૂક્ષ્મવાઉકાય	૩ વેદના, કષાય, મરણ	અસંજ્ઞિ	નપુંસક	પ્રથમની ૪	મિથ્યાદૃષ્ટિ	અચક્ષુ	૨ મતિઅજ્ઞાન શ્રુત અજ્ઞાન	કાયયોગ

જીવના ભેદ	૧૭ ઉપયોગ	૧૮ કિમાહાર	૧૯ ઉપપાત	૨૦ સ્થિતિ	૨૧ સમુદ્‌ઘાતથી ચ્યવન	૨૨ ગતિ	૨૩ આગતિ	વિશેષ
સૂક્ષ્મપૃથ્વીકાય	સાકાર નિરાકાર	દ્રવ્યાદિ ૪ આશ્રયી	પ.અ.સંખ્યાતાયુ મનુષ્ય તિર્યંચ	અંતર્મુહુર્ત	મરણ અન્યપણ	૨	૨	પ્રત્યેક શરીરી લોકાકાશના પ્રદેશ સમાન
બાદરપૃથ્વીકાય	સાકાર નિરાકાર	૬ દિશાનો	પ.અ.સંખ્યાતાયુ મનુષ્ય તિર્યંચ	જઘન્ય અંત. ઉ. ૨૨૦૦૦ વર્ષ	મરણ અન્યપણ	૨	૩	પ્રત્યેક શરીરી અસંખ્યાતા
સૂક્ષ્મઅપ્કાય	સાકાર નિરાકાર	દ્રવ્યાદિ ૪ આશ્રયી	પ.અ.સંખ્યાતાયુ મનુષ્ય તિર્યંચ	જ અંત. ઉ. અંત	મરણ અન્યપણ	૨	૨	પ્રત્યેક શરીરી અસંખ્યાતા
બાદરઅપ્કાય	સાકાર નિરાકાર	૬ દિશાનો	પ.અ.સંખ્યાતાયુ મનુષ્ય તિર્યંચ	જ અંત. ઉ.૭૦૦૦ વર્ષ	મરણ અન્યપણ	૨	૩	પ્રત્યેક શરીરી અસંખ્યાતા
સૂક્ષ્મવનસ્પતિકાય	સાકાર નિરાકાર	દ્રવ્યાદિ ૪ આશ્રયી	પ.અ.સંખ્યાતાયુ મનુષ્ય તિર્યંચ	જ. અંત. ઉ. અંત.	મરણ અન્યપણ	૨	૨	અપરિત્તા અનંતા
બાદરવનસ્પતિકાય (૧) પ્રત્યેક	સાકાર નિરાકાર	૬ દિશાનો	પ.અ.સંખ્યાતાયુ મનુષ્ય તિર્યંચ	જ અંત. ઉ.૧૦,૦૦૦ વર્ષ	મરણ અન્યપણ	૨	૩	અસંખ્યાતા
(૨) સાધારણ	સાકાર નિરાકાર	૬ દિશાનો	પ.અ.સંખ્યાતાયુ મનુષ્ય તિર્યંચ	જ. અંત. ઉ. અંત.	મરણ અન્યપણ	૨	૨	અનંતા
ગતિત્રસ સૂક્ષ્મતેઉકાય	સાકાર નિરાકાર	દ્રવ્યાદિ ૪ આશ્રયી	પ.અ.સંખ્યાતાયુ મનુષ્ય તિર્યંચ	જ. અંત. ઉ. અંત.	મરણ અન્યપણ	૧	૨	પ્રત્યેક અસંખ્યાતા
બાદરતેઉકાય	સાકાર નિરાકાર	૬ દિશાનો	પ.અ.સંખ્યાતાયુ મનુષ્ય તિર્યંચ	જ. અંત. ઉ.૩ દિવસ	મરણ અન્યપણ	૧	૨	પ્રત્યેક અસંખ્યાતા
સૂક્ષ્મવાઉકાય	સાકાર નિરાકાર	દ્રવ્યાદિ ૪ આશ્રયી	પ.અ.સંખ્યાતાયુ મનુષ્ય તિર્યંચ	જ. અંત. ઉ. અંત.	મરણ અન્યપણ	૧	૨	પ્રત્યેક અસંખ્યાતા

જીવના ભેદ	૧ શરીર	૨ અવગાહના	૩ સંઘયણ	૪ સંસ્થાન	૫ કષાય	૬ સંજ્ઞા	૭ લેશ્યા	૮ ઇંદ્રિય
બાદરવાઉકાય	૪ (વૈક્રિય સહિત)	જ. }અંગુલનો ઉ. }અસં.ભાગ	છેવટ્ઠું	પતાકા આકારે	૪	૪	૩	સ્પર્શેન્દ્રિય
ઉદારત્રસ }પર્યાપ્ત બેઇંદ્રિય }અપર્યાપ્ત	૩	જ. અં.અ. ઉ. ૧૨ યોજન	છેવટ્ઠું	હુંડક	૪	૪	પ્રથમની ૩	સ્પર્શેન્દ્રિય ૨સ
તેઇંદ્રિય	૩	જ. અં.અ. ઉ. ૩ ગાઉ	છેવટ્ઠું	હુંડક	૪	૪	૩	૩ સ્પર્શન, ૨સના, ઘ્રાણ
ચઉરિંદ્રિય	૩	જ. અં.અ. ઉ. ૪ ગાઉ	છેવટ્ઠું	હુંડક	૪	૪	૩	૪ સ્પર્શન, ચક્ષુ, ૨સના, ઘ્રાણ,
પંચેંદ્રિય નારકી	૩ વૈક્રિય તૈજસ કાર્મણ	જ. અં.અ. ઉ. ૫૦૦ ધનુ ઉ.વૈ. જ. અં.સ. ઉ.૧૦૦૦ ધ.	-	હુંડક	૪	૪	પહેલી -બીજીમાં કાપોત ત્રીજીમાં કાપોત-નીલ ચોથીમાં નીલ પાંચમીમાં નીલ-કૃષ્ણ છઠ્ઠીમાં કૃષ્ણ સાતમીમાં પરમ કૃષ્ણ	૫
તિર્યંચ પંચેંદ્રિય સંમૂર્ચ્છિમ જલચર	૩	જ. અં.અ. ઉ. ૧૦૦૦ યો.	છેવટ્ઠું	હુંડક	૪	૪	૩	૫
સંમૂર્ચ્છિમ ચતુષ્પદ	૩	જ. અં.અ. ઉ. ગાઉ પૃથ.	છેવટ્ઠું	હુંડક	૪	૪	૩	૫
સંમૂર્ચ્છિમ ઉરપરિસર્પ	૩	જ. અં.અ. ઉ. ૧૨ યોજન	છેવટ્ઠું	હુંડક	૪	૪	૩	૫
સંમૂર્ચ્છિમ ભુજપરિસર્પ	૩	જ. અં.અ. ઉ. ધનુષપૃથ.	છેવટ્ઠું	હુંડક	૪	૪	૩	૫

જીવના ભેદ	૯ સમુદ્‌ઘાત	૧૦ સંજ્ઞિ	૧૧ વેદ	૧૨ પર્યાપ્તિ	૧૩ દૃષ્ટિ	૧૪ દર્શન	૧૫ જ્ઞાન	૧૬ યોગ
બાદરવાઉકાય	૪ (વૈક્રિય સહિત)	અસંજ્ઞિ	નપુંસક	પ્રથમની ૪	મિથ્યાદૃષ્ટિ	અચક્ષુ	૨ મતિઅજ્ઞાન શ્રુતઅજ્ઞાન	કાયયોગ
ઉદારત્રસ બેઇન્દ્રિય	૩	અસંજ્ઞિ	નપુંસક	પ્રથમની ૫	મિથ્યા, સમ્યક્ ૨	અચક્ષુ	૨ જ્ઞાન ૨ અજ્ઞાન	કાયયોગ, વચનયોગ ૨
તેઇંદ્રિય	૩	અસંજ્ઞિ	નપુંસક	પ્રથમની ૫	મિથ્યા સમ્યક્	અચક્ષુ	૨ જ્ઞાન ૨ અજ્ઞાન	૨
ચઉરિંદ્રિય	૩	અસંજ્ઞિ	નપુંસક	પ્રથમની ૫	મિથ્યા સમ્યક્	૨ {અચક્ષુ, ચક્ષુ	૨ જ્ઞાન ૨ અજ્ઞાન	૨
પંચેંદ્રિય નારકી	૩	સંજ્ઞિ	નપુંસક	૬	૩	૩ {ચક્ષુ, અચક્ષુ અવધિ	૩ જ્ઞાન ૩ અજ્ઞાન	૩
તિર્યંચ પંચેંદ્રિય સંમૂર્ચ્છિમ જલચર	૩	અસંજ્ઞિ	નપુંસક	૫	૨ {મિથ્યા. સમ્યક્	૨ {અચક્ષુ, ચક્ષુ	૨ જ્ઞાન ૨ અજ્ઞાન	૨
સંમૂર્ચ્છિમ ચતુષ્પદ	૩	અસંજ્ઞિ	નપુંસક	૫	૨ {મિથ્યા. સમ્યક્	૨ {અચક્ષુ, ચક્ષુ	૨ જ્ઞાન ૨ અજ્ઞાન	૨
સંમૂર્ચ્છિમ ઉરપરિસર્પ	૩	અસંજ્ઞિ	નપુંસક	૫	૨ {મિથ્યા[૧] સમ્યક્	અચક્ષુ	૨ અજ્ઞાન	૨
સંમૂર્ચ્છિમ ભુજપરિસર્પ	૩	અસંજ્ઞિ	નપુંસક	૫	૨	૨ {ચક્ષુ, અચક્ષુ	૨ જ્ઞાન ૨ અજ્ઞાન	૨

૧. આશાલિક સર્પોનિયમા મિથ્યાદૃષ્ટિ હોય છે.

જીવના ભેદ	૧૭ ઉપયોગ	૧૮ કિમાહાર	૧૯ ઉપપાત	૨૦ સ્થિતિ	૨૧ સમુદ્‌ઘાતથી ચ્યવન	૨૨ ગતિ	૨૩ આગતિ	વિશેષ
બાદરવાઉકાય	સાકાર નિરાકાર	૬ દિશાનો	પ.અ.સંખ્યાતાયુ મનુષ્ય તિર્યંચ	જ. અંત ઉ.૩૦૦૦ વર્ષ	મરણ અન્યપણ	૧	૨	પ્રત્યેક શરીરી અસંખ્યાતા
ઉદારત્રસ બેઇન્દ્રિયા	સાકાર નિરાકાર	૬ દિશાનો	દેવ-નારક-અસંખ્યાત આયુ. યુગલિક સિવાય તિર્યંચ મનુ.	જ. અંત. ઉ.૧૨ વર્ષ	સમુદ્‌ઘાતથી સમુદ્‌ઘાતવિના	૨	૨	પ્રત્યેક શરીરી અસંખ્યાતા
તેઇંદ્રિય	સાકાર નિરાકાર	૬ દિશાનો	દેવ-નારક-અસંખ્યાત આયુ. યુગલિક સિવાય તિર્યંચ મનુ.	જ. અંત. ઉ.૪૯ દિવસ	સમુદ્‌ઘાતથી સમુદ્‌ઘાતવિના	૨	૨	પ્રત્યેક શરીરી અસંખ્યાતા
ચઉરિંદ્રિય	સાકાર નિરાકાર	૬ દિશાનો	દેવ-નારક-અસંખ્યાત આયુ. યુગલિક સિવાય તિર્યંચ મનુ.	જ. અંત. ઉ.૬ માસ	મરણ અન્યપણ	૨	૨	પ્રત્યેક શરીરી અસંખ્યાતા
પંચેંદ્રિય નારકો	સાકાર નિરાકાર	૬ દિશાનો	સંખ્યાતાયુ અસંખ્યાતાયુ મનુષ્ય તિર્યંચ	જ. ૧૦હજાર વર્ષ ૩૩ સાગરોપમ	મરણ અન્યથા પણ	૨	૨	અસંખ્યાતા
તિર્યંચ પંચેંદ્રિય સંમૂર્ચ્છિમ જલચર	સાકાર નિરાકાર	૬ દિશાનો	સં. મનુષ્ય તિર્યંચ	જ. અંત. ઉ.ક્રોડપૂર્વવર્ષ	સમુદ્‌ઘાતથી સમુદ્‌ઘાતવિના	૪	૨	પ્રત્યેક શરીરી અસંખ્યાતા
સંમૂર્ચ્છિમ ચતુષ્પદ	સાકાર નિરાકાર	૬ દિશાનો	સં. મનુષ્ય તિર્યંચ	જ. અંત. ઉ. ૮૪૦૦૦ વર્ષ	સમુદ્‌ઘાતથી સમુદ્‌ઘાતવિના	૪	૨	પ્રત્યેક શરીરી અસંખ્યાતા
સંમૂર્ચ્છિમ ઉરપરિસર્પ	સાકાર નિરાકાર	૬ દિશાનો	સ. મનુષ્ય તિર્યંચ	જ. અંત. ઉ. ૭૨,૦૦૦ વર્ષ	સમુદ્‌ઘાતથી સમુદ્‌ઘાતવિના	૪	૨	પ્રત્યેક શરીરી અસંખ્યાતા
સંમૂર્ચ્છિમભુજપરિસર્પ	સાકાર નિરાકાર	૬ દિશાનો	સ. મનુષ્ય તિર્યંચ	જ. અંત. ઉ. ૪૨,૦૦૦ વર્ષ	સમુદ્‌ઘાતથી સમુદ્‌ઘાતવિના	૪	૨	પ્રત્યેક શરીરી અસંખ્યાતા

જીવના ભેદ	૧ શરીર	૨ અવગાહના	૩ સંઘયણ	૪ સંસ્થાન	૫ કષાય	૬ સંજ્ઞા	૭ લેશ્યા	૮ ઇંદ્રિય
સંમૂર્ચ્છિમ ખેચર	૩	જ. અં. અસં. ઉ. ધનુષ્યપૃથ.	છેવટ્ટું	હુંડક	૪	૪	૩	૫
ગર્ભજ જલચર	૪ વૈક્રિયસહિત	જ. અં.અ. ઉ. ૧૦૦૦ યો.	૬	૬	૪	૪	૬	૫
ગર્ભજ ચતુષ્પદ	૪ વૈક્રિયસહિત	જ. અં.અ. ઉ. ૬ ગાઉ	૬	૬	૪	૪	૬	૫
ગર્ભજ ઉરપરિસર્પ	૪ વૈક્રિયસહિત	જ. અં.અ. ઉ. ૧૦૦૦ યો.	૬	૬	૪	૪	૬	૫
ગર્ભજ ભુજપરિસર્પ	૪ વૈક્રિયસહિત	જ. અં.અ. ઉ. ગાઉ પૃથ.	૬	૬	૪	૪	૬	૫
ગર્ભજ ખેચર	૪ વૈક્રિયસહિત	જ. અં.અ. ઉ. ધનુષ્યપૃથ.	૬	૬	૪	૪	૬	૫
સંમૂર્ચ્છિમ	૩	જ. અં.અ. ઉ. અં.અં.	છેવટ્ટું	હુંડક	૪	૪	૩ પ્રથમની	૫
ગર્ભજ	૫	જ.અં.અ. ઉ. ૩ ગાઉ	૬	૬	૪	૪	૬	૫
દેવ	૩ વૈક્રિય તૈજશ કાર્મણ	ભવધારણીય જ.અં.અ. ઉ.૭ હાથ ઉ.વૈક્રિય જ.અં.અ. ઉ.૧ લાખ યો.		સમચતુરસ્ર ઉ.વૈ.અનેક પ્રકારે	૪	૪	૬	૫

જીવના ભેદ	૯ સમુદ્‌ઘાત	૧૦ સંજ્ઞિ	૧૧ વેદ	૧૨ પર્યાપ્તિ	૧૩ દૃષ્ટિ	૧૪ દર્શન	૧૫ જ્ઞાન	૧૬ યોગ
સંમૂર્ચ્છિમ ખેચર	૩	અસંજ્ઞિ	નપુંસક	૫	૨	૨	૨ જ્ઞાન ૨ અજ્ઞાન	૨
ગર્ભજ જલચર	૫ વૈક્રિય તૈજ. સહિત	સંજ્ઞિ	૩	૬	૩	૩	૩ જ્ઞાન ૩ અજ્ઞાન	૩
ગર્ભજ ચતુષ્પદ	૫ વૈક્રિય તૈજ. સહિત	સંજ્ઞિ	૩	૬	૩	૩	૩ જ્ઞાન ૩ અજ્ઞાન	૩
ગર્ભજ ઉરપરિસર્પ	૫ વૈક્રિય તૈજ. સહિત	સંજ્ઞિ	૩	૬	૩	૩	૩ જ્ઞાન ૩ અજ્ઞાન	૩
ગર્ભજ ભુજપરિસર્પ	૫ વૈક્રિય તૈજ. સહિત	સંજ્ઞિ	૩	૬	૩	૩	૩ જ્ઞાન ૩ અજ્ઞાન	૩
ગર્ભજ ખેચર	૫ વૈક્રિય તૈજ. સહિત	સંજ્ઞિ	૩	૬	૩	૩	૩ જ્ઞાન ૩ અજ્ઞાન	૩
સંમૂર્ચ્છિમ	૩ વેદના, કષાય, મરણ	અસંજ્ઞિ	નપુંસક	૫	મિથ્યાદૃષ્ટિ	અચક્ષુ	૨ અજ્ઞાન	કાયયોગ
ગર્ભજ	૭ બધા	સંજ્ઞિ અસંજ્ઞિ	૩ વેદ	૬	૩	૪	૫ જ્ઞાન ૩ અજ્ઞાન	૩
દેવ	વેદના, કષાય, મરણ, વૈક્રિય, તૈજશ-૫	સંજ્ઞિ અસંજ્ઞિ	૨ વેદ સ્ત્રી પુરુષ	૬	૩	૩ { ચક્ષુ અચક્ષુ અવધિ	૩ જ્ઞાન ૩ અજ્ઞાન	૩

જીવના ભેદ	૧૭ ઉપયોગ	૧૮ કિમાહાર	૧૯ ઉપપાત	૨૦ સ્થિતિ	૨૧ સમુદ્‌ઘાતથી ચ્યવન	૨૨ ગતિ	૨૩ આગતિ	વિશેષ
સંમૂર્ચ્છિમ ખેચર	સાકાર નિરાકાર	૬ દિશાનો	સં.આયુ. મનુષ્ય તિર્યંચ	જ. અંત. ઉ. ૭૨૦૦૦ વર્ષ	સમુદ્‌ઘાતથી સમુદ્‌ઘાતવિના	૪	૨	પ્રત્યેક શરીરી અસંખ્યાતા
ગર્ભજ જલચર	સાકાર નિરાકાર	૬ દિશાનો	સંખ્યાતા આયુ. ચારેગતિ	જ. અંત. ઉ.ક્રોડ પૂર્વ	સમુદ્‌ઘાતથી સમુદ્‌ઘાતવિના	૪	૪	પ્રત્યેક શરીરી અસંખ્યાતા
ગર્ભજ ચતુષ્પદ	સાકાર નિરાકાર	૬ દિશાનો	૪ ગતિ	જ. અંત. ઉ.૩ પલ્યો.	સમુદ્‌ઘાતથી સમુદ્‌ઘાતવિના	૪	૪	પ્રત્યેક શરીરી અસંખ્યાતા
ગર્ભજ ઉરપરિસર્પ	સાકાર નિરાકાર	૬ દિશાનો	૪ ગતિ	જ. અંત. ઉ.ક્રોડ પૂર્વ	સમુદ્‌ઘાતથી સમુદ્‌ઘાતવિના	૪	૪	પ્રત્યેક શરીરી અસંખ્યાતા
ગર્ભજ ભુજપરિસર્પ	સાકાર નિરાકાર	૬ દિશાનો	૪ ગતિ	જ. અંત. ઉ.ક્રોડ પૂર્વ	સમુદ્‌ઘાતથી સમુદ્‌ઘાતવિના	૪	૪	પ્રત્યેક શરીરી અસંખ્યાત
ગર્ભજ ખેચર	સાકાર નિરાકાર	૬ દિશાનો	૪ ગતિ	જ. અંત, ઉ. પલ્યો.અસં.ભાગ	સમુદ્‌ઘાતથી સમુદ્‌ઘાતવિના	૪	૪	પ્રત્યેક શરીરી અસંખ્યાતા
સંમૂર્ચ્છિમ	સાકાર નિરાકાર	૬ દિશાનો	૨ ગતિ મનુષ્ય તિર્યંચ	જ અંત. ઉ. અંત	મરણ સ. અન્યથા	૨	૨	પ્રત્યેક શરીરી અસંખ્યાતા
ગર્ભજ	સાકાર નિરાકાર	૬ દિશાનો	૪ ગતિ	જ. અંત. ઉ. ૩ પલ્યો	સમુદ્‌ઘાતથી અન્યથા	૪ અને સિદ્ધિગતિ	૪	પ્રત્યેક શરીરી સંખ્યાતા
દેવ	સાકાર નિરાકાર	૬ દિશાનો	૨ ગતિ મનુષ્ય તિર્યંચ	જ. ૧૦ હજાર વર્ષ ઉ.૩૩ સાગ.	સમુદ્‌ઘાતથી અન્યથા	૨	૨	પ્રત્યેક શરીરી અસંખ્યાતા

